શ્રી સોમધર્મગણિ વિરચિત

ઉપદેશ સપ્તતિ

(ભાષાંતર)



સંપાદક

મુનિ પુણ્યકીર્તિ વિ. મ.સા.

શ્રી સોમધર્મગણિ વિરચિત

ઉપદેશ સપ્તતિ

(ભાષાંતર)

✤ આશીર્વાદ ✤

સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવેશ શ્રી
વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજા

○ સંપાદક ○

પરમશ્રદ્ધેય પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્
વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન
સમતાનિધિ પૂજ્ય મુનિરાજશ્રી દર્શનભૂષણ વિજય મ. સા. ના શિષ્યરત્ન
વિદ્વદ્વર્ય પૂજ્ય મુનિરાજશ્રી દિવ્યકીર્તિ વિ. મ. સા. ના શિષ્યરત્ન
પૂ. મુનિરાજશ્રી પુણ્યકીર્તિ વિ. મ. સા.

✦ પ્રકાશક ✦

સન્માર્ગ પ્રકાશન

શ્વે. મૂ. તપ. જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રીલીફ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન-ફેક્સ : ૨૫૩૫ ૨૦૭૨
Email : sanmargp@icenet.net

ઉપદેશ સપ્તતિ
(ભાષાંતર)

મૂલ્ય : રૂ. ૧૧૫-૦૦
પ્રથમ આવૃત્તિ : વિ. સં. ૨૦૬૦ ● નકલ : ૧૦૦૦

આ પુસ્તક જ્ઞાનનિધિમાંથી છપાયેલ હોવાથી શ્રાવકોને ઉપયોગ કરવો હોય તો સંપૂર્ણ અથવા યોગ્ય નકરો ભરી ઉપયોગ કરવો.

સંપર્કસ્થાન – પ્રાપ્તિસ્થાન

: અમદાવાદ :

સન્માર્ગ પ્રકાશન કાર્યાલય

: મુંબઈ :

સન્માર્ગ પરિવાર
૩૦૯, ફિનીક્સ બિલ્ડીંગ, પ્રાર્થના સમાજ, ૪૫૭, એસ. વી. પી. રોડ,
મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : (O) 2388 3420

: સુરત :

વિપુલ ડાયમંડ
205-206, આનંદ, બીજે માળ, જદાખાડી,
મહીધરપુરા, સુરત-૩૯૫૦૦૩. ફોન : (O) 2421205, (R) 2220405

..... આભાર ....

ઉપદેશ સપ્તતિ

(ભાષાંતર)

પુસ્તક પ્રકાશનનો લાભ લેનાર

સૂરિરામ-જિતમૃગાઁક-મહોદયસૂરીશ્વરજી કૃપાપાત્ર
સુવિશાલગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્
વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજાના સદુપદેશથી

❖ ❖ ❖

શ્રી ભેરુલાલજી કનૈયાલાલજી કોઠારી રિલીજીયસ ટ્રસ્ટ
ચંદનબાળા, વાલકેશ્વર, મુંબઈ-૬ એ જ્ઞાનનિધિમાંથી
આ પુસ્તકનો સંપૂર્ણ લાભ લીધો છે.

આપે કરેલી શ્રુતભક્તિની અમો હાર્દિક અનુમોદના કરીએ છીએ અને ભવિષ્યમાં પણ આપ ઉત્તરોત્તર ઉત્તમ કક્ષાની શ્રુતભક્તિ કરતા રહો એવી શુભેચ્છા પાઠવીએ છીએ.

લિ. સન્માર્ગ પ્રકાશન

|| ટીંટોઈમંડનશ્રીમુહરીપાર્શ્વનાથાય નમઃ ||

|| નમોનમઃ ગુરુરામચન્દ્રસૂરયે ||

પ્રસ્તાવના

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનમાં આત્માનું જોડાણ મોક્ષની સાથે થાય તે માટે ચાર અનુયોગ દર્શાવ્યા છે. (૧) દ્રવ્યાનુયોગ, (૨) ગણિતાનુયોગ, (૩) ચરણકરણાનુયોગ, (૪) ધર્મકથાનુયોગ.

આ ચાર અનુયોગ પૈકી આ ગ્રંથ ધર્મકથાનુયોગ છે. જેમાં દેવ-ગુરુ અને ધર્મ રૂપી તત્ત્વત્રયીની ઓળખ અને આરાધના સુંદર થાય તે માટે પાંચ વિભાગ દ્વારા જુદા જુદા ઉપદેશ જણાવ્યા છે.

પ્રથમ વિભાગ : દેવપૂજા અધિકાર - જેમાં ૨૪ ઉપદેશ છે.

બીજો વિભાગ : તીર્થ અધિકાર - જેમાં ૧૭ ઉપદેશ છે.

ત્રીજો વિભાગ : ગુરુતત્ત્વ અધિકાર - જેમાં ૫ ઉપદેશ છે.

ચોથો વિભાગ : સામાન્ય ધર્મ અધિકાર - જેમાં ૧૨ ઉપદેશ છે.

પાંચમો વિભાગ : ગૃહસ્થ ધર્મ અધિકાર - જેમાં ૧૭ ઉપદેશ છે.

શ્રીમદ્ વિજય સોમધર્મગણિ મહારાજાની આ સુંદર કૃતિ છે. આ ગ્રંથના બોધ દ્વારા જીવો દેવ-ગુરુ-ધર્મ રૂપ તત્ત્વત્રયીની શ્રદ્ધા કરી સમ્યગ્દર્શનને નિર્મલ બનાવે અને મારા સમ્યગ્દર્શનની નિર્મલતા થાય, એ જ સદાની શુભાભિલાષા.

– મુનિ પુણ્યકીર્તિવિજય

ચંદનબાળા

વૈ. સુ. ૧

અનુક્રમણિકા

પ્રથમ દેવપૂજા અધિકાર	પેજ
ઉપદેશ : ૧ પરમાત્માના અતિશય	૧-૫
ઉપદેશ : ૨ સમ્યક્ત્વ - ખેડૂતની કથા	૬-૧૦
ઉપદેશ : ૩ નેમનાથ-ગિરનાર-અંબિકા કથા	૧૧-૧૪
ઉપદેશ : ૪ પૂજા અભિગ્રહ - ધનદ કથા	૧૫-૧૮
ઉપદેશ : ૫ અષ્ટપ્રકારી પૂજા - વરસેન કથા	૧૯-૨૨
ઉપદેશ : ૬ જિનવંદન - નંદી મણિકાર કથા	૨૩-૨૬
ઉપદેશ : ૭ અલ્પપૂજા - મહાફળ - કુમારપાલ પૂર્વભવ	૨૭-૩૦
ઉપદેશ : ૮ અજ્ઞાન ભાવવાળી પૂજા - દેવપાલક કથા	૩૧-૩૩
ઉપદેશ : ૯ જિનપ્રતિમા દર્શન - શય્યંભવસૂરિ કથા	૩૪-૩૭
ઉપદેશ : ૧૦ દેખાદેખી વડે કરેલી પૂજા - પોપટયુગલ કથા	૩૮-૪૨
ઉપદેશ : ૧૧ ક્રોધ સહિત પૂજા - વામન કથા	૪૩-૪૬
ઉપદેશ : ૧૨ વાજિંત્ર પૂજા - રાવણ કથા	૪૭-૫૦
ઉપદેશ : ૧૩ દ્રવ્ય પૂજા - નમિ વિનમિ કથા	૫૧-૫૪
ઉપદેશ : ૧૪ દુષ્ટ પુષ્પપૂજા - ભૂવલ્લભનરેંદ્ર કથા	૫૫-૫૭
ઉપદેશ : ૧૫ દીપક પૂજા કરી તેનાથી ઘરકામ કરે - ઊંટડી કથા	૬૧-૬૩
ઉપદેશ : ૧૬ જિનપૂજા ફળ - અશોક માલિક કથા	૬૧-૬૩
ઉપદેશ : ૧૭ સર્વ દેવ પ્રત્યે ભક્તિ - શ્રીધર કથા	૬૪-૬૭
ઉપદેશ : ૧૮ પૂજા નહિ કરવા ઉપર - જિણહ કથા	૬૮-૭૧
ઉપદેશ : ૧૯-૨૦ દેવદ્રવ્યનો ઉપભોગ - બે ભાઈની કથા	૭૨-૭૬
ઉપદેશ : ૨૧ આપત્તિમાં પણ પૂજા - વેપારીની કથા	૭૭-૮૦
ઉપદેશ : ૨૨ મત્સર ન કરવો - કુંતલાની કથા	૮૧-૮૩
ઉપદેશ : ૨૩ કમળ પૂજા - વૃદ્ધ સ્ત્રીની કથા	૮૪-૮૭
ઉપદેશ : ૨૪ ભાવ વિના પ્રણામનું પણ ફળ - શ્રેષ્ઠી પુત્ર કથા	૮૮-૯૦

બીજો તીર્થ અધિકાર

ઉપદેશ : ૧ ગિરનાર તીર્થ કથા ૯૧-૯૫
ઉપદેશ : ૨ જિર્ણોદ્ધાર - વાગ્ભટ્ટ આમ્રભટ કથા ૯૬-૯૯
ઉપદેશ : ૩ ભરૂચ તીર્થ ૧૦૦-૧૦૪
ઉપદેશ : ૪ અર્બુદગિરિ તીર્થ ૧૦૫-૧૦૮
ઉપદેશ : ૫ અર્બુદગિરિ - વસ્તુપાલ તેજપાલ ૧૦૯-૧૧૩
ઉપદેશ : ૬ જીરાવલા તીર્થ ૧૧૪-૧૧૮
ઉપદેશ : ૭ ફલોધિ તીર્થ ૧૧૯-૧૨૨
ઉપદેશ : ૮ આરાસણ ૧૨૩-૧૨૭
ઉપદેશ : ૯ કલિકુંડ તીર્થ ૧૨૮-૧૩૦
ઉપદેશ : ૧૦ અંતરિક્ષ પાર્શ્વનાથ ૧૩૧-૧૩૩
ઉપદેશ : ૧૧ કુલ્પાક તીર્થ ૧૩૪-૧૩૭
ઉપદેશ : ૧૨ સ્થંભન તીર્થ ૧૩૮-૧૪૧
ઉપદેશ : ૧૩ જિર્ણોદ્ધારનું ફળ ૧૪૨-૧૪૫
ઉપદેશ : ૧૪ શત્રુંજય તીર્થનો મહિમા ૧૪૬-૧૫૦
ઉપદેશ : ૧૫ શ્રી શત્રુંજયાદિ તીર્થ - જગડુશા ૧૫૦-૧૫૩
ઉપદેશ : ૧૬ શ્રી શત્રુંજય તીર્થ - ભરત ચક્રવર્તી કથા ૧૫૪-૧૫૮
ઉપદેશ : ૧૭ શ્રી શત્રુંજય તીર્થ - આંભૂ કથા ૧૫૯-૧૬૧

ત્રીજો ગુરુતત્ત્વાધિકાર

ઉપદેશ : ૧ ગુરુગુણ પ્રશંસા - પદ્મશેખર રાજાની કથા ૧૬૨-૧૬૪
ઉપદેશ : ૨ ગુરુવંદન - કૃષ્ણ મહારાજાની કથા ૧૬૫-૧૬૯
ઉપદેશ : ૩ પાદલિપ્તાચાર્ય કથા ૧૭૦-૧૭૩
ઉપદેશ : ૪ ધર્મઘોષસૂરિ - પેથડ કથા ૧૭૪-૧૭૮
ઉપદેશ : ૫ શાસનમાં દીપક સમાન જિનપ્રભસૂરિ કથા ૧૭૯-૧૮૪

ચોથો સામાન્ય ધર્મતત્ત્વાધિકાર

ઉપદેશ : ૧ નવકારનો મહિમા - શ્રીદેવની કથા ૧૮૫-૧૮૮
ઉપદેશ : ૨ ક્ષમાપના - કુંભારની કથા ૧૮૯-૧૯૨
ઉપદેશ : ૩ ક્રોધનું ફળ - સૂર કથા ૧૯૩-૧૯૬

ઉપદેશ : ૪ મદ-માનનું ફળ - ઉજ્ઝિત કથા ૧૯૭-૨૦૧
ઉપદેશ : ૫ માયાનું ફળ - પાપબુદ્ધિ વણિક કથા ૨૦૨-૨૦૫
ઉપદેશ : ૬ લોભનું ફળ - સાગર શ્રેષ્ઠી કથા ૨૦૬-૨૧૦
ઉપદેશ : ૭ લજ્જાદિ ગુણનું ફળ - ઘોડાની કથા ૨૧૧-૨૧૫
ઉપદેશ : ૮ ઈર્ષ્યાનું ફળ - બ્રાહ્મણોની કથા ૨૧૬-૨૧૮
ઉપદેશ : ૯ વાણીની કળા - ડામરદૂત કથા ૨૧૯-૨૨૩
ઉપદેશ : ૧૦ ન્યાયનું ફળ - યશોવર્મા કથા ૨૨૪-૨૨૯
ઉપદેશ : ૧૧ પર્વ દિવસની મહત્તા - સૂર્યયશ કથા ૨૩૦-૨૩૫
ઉપદેશ : ૧૨ વિધિની મહત્તા - ધનદશ્રેષ્ઠી કથા ૨૩૬-૨૩૯

પાંચમો ગૃહસ્થ ધર્માધિકાર

ઉપદેશ : ૧ ધર્મ એ હિતકર - ભદ્રશેખર રાજાની કથા ૨૪૦-૨૪૩
ઉપદેશ : ૨ દયાનું ફળ - કબૂતરની કથા ૨૪૪-૨૪૭
ઉપદેશ : ૩ ધર્મમાં દૃઢતા - કુલાનંદ શ્રેષ્ઠી કથા ૨૪૮-૨૫૧
ઉપદેશ : ૪ જયણાનું ફળ - મૃગસુંદરી કથા ૨૫૨-૨૫૬
ઉપદેશ : ૫ કડવા વચનનું ફળ - બંધુદત્ત બંધુમતી કથા ૨૫૭-૨૬૧
ઉપદેશ : ૬ ત્રિકાળ પૂજા આવશ્યકની મહત્તા - જગતસિંહ કથા ૨૬૨-૨૬૬
ઉપદેશ : ૭ સોગંદ ન ખાવા - મદનસિંહ કથા ૨૬૭-૨૭૧
ઉપદેશ : ૮ ધન હરણનું ફળ - સુથાર પત્નીની કથા ૨૭૨-૨૭૬
ઉપદેશ : ૯ વિષયમાં આસક્તિ - ચકોર શ્રેષ્ઠી તાપસ કથા ૨૭૭-૨૮૦
ઉપદેશ : ૧૦ પરિગ્રહ સંતોષ - શૂર-શૃંગારસુંદરી કથા ૨૮૧-૨૮૪
ઉપદેશ : ૧૧ રાત્રિભોજન ત્યાગ - ત્રણ મિત્રના દૃષ્ટાંત ૨૮૫-૨૮૮
ઉપદેશ : ૧૨ સામાયિકનું ફળ - કેસરી કથા ૨૮૯-૨૯૨
ઉપદેશ : ૧૩ પ્રતિક્રમણના પ્રકાર - સજ્જન કથા ૨૯૩-૨૯૬
ઉપદેશ : ૧૪ પૌષધનું ફળ - સુદત્ત કથા ૨૯૭-૩૦૧
ઉપદેશ : ૧૫ સંપત્તિનું ફળ - સુપાત્રમાં દાન - ભદ્રક શ્રેષ્ઠી કથા ૩૦૨-૩૦૫
ઉપદેશ : ૧૬ સાધર્મિક વાત્સલ્યનું ફળ - દંડવીર્ય કથા ૩૦૬-૩૦૯
ઉપદેશ : ૧૭ જ્ઞાનદ્રવ્ય સાધારણ દ્રવ્ય - કર્મસાર પુણ્યસાર કથા ૩૧૦-૩૧૬
પ્રશસ્તિ - ૩૧૬-૩૧૮

ઉપદેશ સપ્તતિ

।। अर्हम् ।।

।। टीण्टोइमण्डनश्रीमुहरीपार्श्वनाथाय नमः ।।

।। श्रीमत्सोमधर्मगणिविरचिता उपदेशसप्ततिका ।।

श्रीसोमसुन्दरगुरूज्ज्वलकीर्त्तिपूरः, श्रीवर्द्धमानजिन एष शिवाय वः स्तात् ।
भव्या भवन्ति सुखिनो यदुदाहृतं श्रीचारित्ररत्नममलं परिपालयन्तः ।।१।।

श्रीरत्नशेखरगुरुप्रवरा जयन्तु, नैकक्षमाधरनिषेव्यपदारविन्दाः ।
एदंयुगीनमुनिषु प्रवरक्रियेषु, श्रीसार्वभौमपदवीं दधतेऽधुना ये ।।२।।

कथाप्रबन्धादिषु भूरिविस्तरे-ष्वनादरं ये दधतेऽल्पमेधसः ।
हिताय तेषामुपदेशसप्ततिः, प्रारभ्यते सर्वजनोपयोगिनी ।।३।।

सम्यक्त्वमूलं देवादि-तत्त्वत्रयमुदाहृतम् ।
तस्य स्वरूपं ज्ञातव्यं, सम्यग्ध्येयं च तत्त्रिधा ।।४।।

देवतत्त्वे गुरौ तत्त्वे, धर्म्मतत्त्वे तृतीयके ।
द्वावेको द्वौ च वक्ष्यन्ते-ऽधिकारा अत्र पञ्च तु ।।५।।

॥ અર્હમ્ ॥

॥ ટીંટોઈમંડનશ્રીમુહરીપાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રીમત્સોમધર્મગણિવિરચિત ઉપદેશસપ્તતિકા ॥

૧. શ્રી ચંદ્ર સમાન સુંદર, વિશાળ (અને) ઉજ્જ્વળ કીર્તિને પૂરનાર એવા આ વર્ધમાનસ્વામી તમારા કલ્યાણને માટે થાઓ. જેઓએ કહેલા નિર્મલ શ્રી ચારિત્રરત્નનું પાલન કરતા ભવ્ય પ્રાણીઓ સુખી થાય છે. ૧.

બીજી રીતે અર્થ -

શ્રી સોમસુંદર ગુરુરાજની ઉજ્જ્વલ કીર્તિઓને (કીર્તિઓની ઉણપને) પૂરી દેનારા એવા આ વર્ધમાનસ્વામી તમારા કલ્યાણને માટે થાઓ. જેઓએ કહેલા નિર્મલ શ્રી ચારિત્રરત્નનું પાલન કરતાં ભવ્યપ્રાણીઓ સુખી થાય છે.

૨. અનેક ક્ષમાધરો વડે (ક્ષમાને ધારણ કરનારાઓ વડે) સેવવા યોગ્ય છે ચરણરૂપી કમલો જેમના, શ્રેષ્ઠ ક્રિયા કરવાવાળા આ યુગના મુનિઓને વિષે જેઓ હમણાં ચક્રવર્તી પદવીને ધારણ કરે છે, તે શ્રી રત્નશેખર નામના શ્રેષ્ઠ એવા ગુરુભગવંત જય પામો. ૨.

૩. ઘણા વિસ્તારવાળા કથાના પ્રબંધાદિમાં જે અલ્પબુદ્ધિવાળા પ્રાણીઓ અનાદરને ધારણ કરે છે. (જો આ ગ્રંથનો ઘણો વિસ્તાર કરવામાં આવે તો અલ્પબુદ્ધિવાળા જીવો આ ગ્રંથ પ્રત્યે આદરને બદલે અનાદરને ધારણ કરે) તેથી તે અલ્પબુદ્ધિવાળા પ્રાણીઓના હિતને માટે સર્વ લોકોને ઉપયોગી એવી ઉપદેશની સપ્તતિ (ઉપદેશસપ્તતિકા ગ્રંથ) પ્રારંભ કરાય છે. ૩.

૪. દેવાદિ તત્ત્વત્રયીને સમ્યક્ત્વનું મૂળ (દેવતત્ત્વ, ગુરુતત્ત્વ, ધર્મતત્ત્વ, તત્ત્વત્રયી) કહેલ છે. તેનું સ્વરૂપ જાણવા યોગ્ય છે અને (મન-વચન-કાયા એમ) ત્રણ પ્રકારે સારી રીતે ધ્યાન કરવા યોગ્ય છે. ૪.

૫. દેવતત્ત્વમાં, ગુરુતત્ત્વમાં, ત્રીજા ધર્મતત્ત્વમાં (અનુક્રમે) બે, એક અને બે એમ અહીં પાંચ અધિકારો કહેવાશે. ૫.

पूजाचतुर्विंशतिकाऽत्र वाच्या, प्राच्ये कियत्तीर्थनुतिर्द्वितीये ।
गुरुस्तृतीये द्विविधश्च धर्म-स्तुर्ये तथा पञ्चमकेऽधिकारे ।।६।।

अर्हद्गुणस्मृतिध्यान-यात्राचैत्यस्तवार्चनैः ।
सद्धर्म्मगुरुसेवाद्यैः, सम्यक्त्वस्थिरता भवेत् ।।७।।

प्रायः कुटुम्बधनधान्यसुवर्णरत्न-प्रायेषु वस्तुषु नृणां सुलभो विवेकः ।
सद्देवधर्म्मगुरुतत्त्वविवेचने तु, केषाञ्चिदेव मतिरुल्लसितं तनोति ।।८।।

विधीयमानं गुणवज्जनार्चनं, पुंसामसीमास्तनुते सुसम्पदः ।
गुणाश्च सम्पूर्णतया जिनं विना, न स्युस्ततोऽर्च्यो भविकैर्जिनेश्वरः ।।९।।

यज्जन्मावसरे देवा, देव्योऽनाकारिता अपि ।
आगत्य सर्वे कुर्वन्ति, प्रौढोत्सवपरम्पराः ।।१०।।

ज्ञानदर्शनचारित्रप्रमुखा सद्गुणावली ।
विलक्षणाऽन्यदेवेभ्यो, येषां जागर्त्त्यऽनुत्तरा ।।११।।

तथाहि -

छत्रत्रयं शिरोदेशे, पार्श्वयोश्चामरावली ।
नवग्रही च पादान्ते, देवस्याऽन्यस्य नेक्ष्यते ।।१।।

मण्डपाष्टशतं चैत्ये, स्थित्यै वप्रत्रयी वरा ।
गत्यै स्वर्णनवाम्भोजी, देवस्याऽन्यस्य नेक्ष्यते ।।२।।

धर्म्मचक्रं पुरो भास्वत्, पृष्ठे भामण्डलं पुनः ।
उच्चैरिन्द्रध्वजो व्योम्नि, देवस्यान्यस्य नेक्ष्यते ।।३।।

૬. અહીં પ્રથમ અધિકારમાં ચોવીશ જિનેશ્વરોની પૂજા, બીજા અધિકારમાં કેટલાક તીર્થની સ્તુતિ (નમસ્કાર, પ્રશંસા), ત્રીજા અધિકારમાં ગુરુ, ચોથા અધિકારમાં તેમજ પાંચમાં અધિકારમાં બે પ્રકારનો ધર્મ કહેવા યોગ્ય છે. ૬.

૭. અરિહંત પરમાત્માના ગુણોનું સ્મરણ-ધ્યાન-યાત્રા (યાત્રાત્રિક) ચૈત્યવંદન-પૂજા-સદ્ધર્મ (સુધર્મ)-સુગુરુની સેવા વગેરે વડે સમ્યક્ત્વમાં સ્થિરતા થાય છે. ૭.

૮. પ્રાયઃ કરીને કુટુંબ, ધન-ધાન્ય-સુવર્ણ-રત્ન વગેરે વસ્તુઓમાં લોકોને વિવેક સુલભ (સારી રીતે) થાય છે. વળી સુદેવ-સુધર્મ-સુગુરુતત્ત્વના વિચારમાં કેટલાક લોકોની જ મતિ ઉલ્લસિત થાય છે. ૮.

૯. ગુણવાનોની કરાતી પૂજા લોકોની સારી સંપત્તિને અમર્યાદિત (પુણ્યાનુબંધી પુણ્યવાળી) વિસ્તારે છે અને સંપૂર્ણપણે ગુણો જિનેશ્વર વિના (બીજા કોઈમાં) નથી, તેથી ભવ્ય પ્રાણીઓ વડે જિનેશ્વર પરમાત્મા જ પૂજવા યોગ્ય છે. ૯.

૧૦. જેમના જન્મ સમયે દેવો અને દેવીઓ નહિ બોલાવવા છતાં પણ આવીને દેદીપ્યમાન ઉત્સવોની પરંપરા કરે છે. ૧૦.

૧૧. જેઓની જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે ઉત્તમોત્તમ સદ્ગુણોની શ્રેણીઓ અન્ય દેવોથી વિલક્ષણ (જુદા લક્ષણવાળી) પ્રગટ છે. ૧૧.

તે આ પ્રમાણે -

૧. (પરમાત્માના) મસ્તકના ભાગમાં ત્રણ છત્ર, બન્ને બાજુ (રત્નજડિત સુવર્ણમય દાંડીવાળા) ચામરોની શ્રેણી અને પગને અંતે (તળીયે) નવ ગ્રહો હોય છે. તે અન્ય દેવને વિષે જોવા મળતી નથી. ૧૨.

૨. સમવસરણમાં એકસો આઠ સ્તંભ, બેસવા માટે શ્રેષ્ઠ ત્રણ ગઢ, ગતિ માટે સુવર્ણના નવ કમળો અર્થાત્ પરમાત્મા જ્યાં જ્યાં પગ મૂકે તે-તે ઠેકાણે પહેલેથી જ સુવર્ણમય કમળ ગોઠવાઈ જાય છે.) જે અન્ય દેવોને વિષે જોવા મળતા નથી. ૧૩.

૩. (પરમાત્માનો) આગળ તેજસ્વી (દેદીપ્યમાન) ધર્મચક્ર પાછળના ભાગમાં ભામંડલ વળી આકાશમાં ઉંચો-ઈન્દ્રધ્વજ અન્ય દેવને વિષે જોવા મળતો નથી. ૧૪.

जयत्यतिशयश्रेणी, यदीया जगदद्भुता ।
लक्षणानां दशशती, येषामष्टाधिका पुनः ।।१२।।

यदुक्तं -

चउरो जम्मप्पभिई, इक्कारस कम्मसंखए जाए ।
नवदस य देवजणिए, चउतीसं अइसए वंदे ।।१।।

तेषां च देहोऽद्भुतरूपगन्धो, निरामयः स्वेदमलोज्झितश्च ।
श्वासोऽब्जगन्धो रुधिरामिषं तु, गोक्षीरधाराधवलं ह्यविस्रम् ।।२।।

आहारनीहारविधिस्त्वदृश्य-श्चत्वार एतेऽतिशयाः सहोत्थाः ।
क्षेत्रे स्थितिर्योजनमात्रकेऽपि, नृदेवतिर्यग्जनकोटिकोटेः ।।३।।

वाणी नृतिर्यक्सुरलोकभाषा-संवादिनी योजनगामिनी च ।
भामण्डलं चारु च मौलिपृष्ठे, विडम्बिताऽहर्पतिमण्डलश्रि ।।४।।

साग्रे च गव्यूतिशतद्वये रुजा, वैरेतयो मार्यतिवृष्ट्यवृष्टयः ।
दुर्भिक्षमन्यस्वकचक्रतो भयं, स्यान्नैत एकादश कर्म्मघातजाः ।।५।।

खे धर्म्मचक्रं चमराः सपाद-पीठं मृगेन्द्रासनमुज्ज्वलं च ।
छत्रत्रयं रत्नमयध्वजोऽहि-न्यासे च चामीकरपङ्कजानि ।।६।।

वप्रत्रयं चारु चतुर्मुखाङ्गता, चैत्यद्रुमोऽधोवदनाश्च कण्टकाः ।
द्रुमानतिर्दुन्दुभिनाद उच्चकै-र्वातोऽनुकूलः शकुनाः प्रदक्षिणाः ।।७।।

૧૨. વળી જેઓને એક હજારને આઠ લક્ષણવાળી જગતમાં અદ્ભુત એવી અતિશયની શ્રેણી જય પામે છે. ૧૫.

જે કહ્યું છે -

૧. જન્મથી પ્રાપ્ત થયેલ ચાર, કર્મના નાશથી ઉત્પન્ન થયેલ અગિયાર અને દેવથી ઉત્પન્ન થયેલ ઓગણીશ (એમ) ચોત્રીશ અતિશયથી યુક્ત એવા પરમાત્માને હું વંદન કરું છું. ૧૬.

૨. તેઓનો દેહ અદ્ભુતરૂપ અને અદ્ભુત ગંધવાળો, રોગરહિત તથા પરસેવા અને મલથી રહિત હોય છે. કમળની સુગંધ જેવો શ્વાસોશ્વાસ અને ગાયના દૂધની ધારા જેવો સફેદ (ઉજ્જ્વલ) રૂધિર (લોહી) માંસ પવિત્ર હોય છે. ૧૭.

૩. આહાર અને નિહારની વિધિ (ક્રિયા) અદૃશ્ય હોય છે. (અર્થાત્ બીજા કોઈને પણ ન દેખાય તેવી) આ ચાર અતિશયો સાથે ઉત્પન્ન થનાર છે. (હવે કર્મના ક્ષયથી ઉત્પન્ન થનારા અગ્યાર અતિશયો શરૂ થાય છે.) કોડાકોડીની સંખ્યાવાળા મનુષ્ય, દેવ (અને) તિર્યંચો એક યોજન માત્ર જ ક્ષેત્રમાં સમાઈ શકે છે. ૧૮.

૪. (જેમની) વાણી મનુષ્ય-તિર્યંચ અને દેવ પોતપોતાની ભાષામાં સમજી શકે એવી (સંવાદિની), એક યોજન સુધી જનારી એટલે-એક યોજન સુધીમાં જે પ્રાણી હોય તે બધાને સંભળાઈ શકે એવી હોય છે તથા મસ્તકના પાછળના ભાગમાં સૂર્યના પડલની શોભાને વિડંબણા પમાડે એવું સુંદર ભામંડલ હોય છે. ૧૯.

૫. સવાસો યોજન સુધી રોગ, વૈર, ઈતિયો, મારિ, અતિવૃષ્ટિ-અવૃષ્ટિ, દુકાળ, સ્વચક્ર (પોતાના રાજાનો) પરચક્ર (અન્ય રાજા)થી ભય હોતો નથી. આ અગ્યાર અતિશયો કર્મના નાશથી ઉત્પન્ન થનારા છે. ૨૦.

૬. આકાશમાં ધર્મચક્ર, ચામરો, પાદપીઠ સહિત, ઉજ્જ્વલ સિંહાસન, ત્રણ છત્ર (રત્નજડિત સુવર્ણમય), રત્નમય ધ્વજ અને પરમાત્મા જ્યાં જ્યાં ચરણ ધરે ત્યાં ત્યાં સુંદર કમળો હોય છે. ૨૧.

૭. સુંદર (મનોહર) ત્રણ ગઢ, ચાર મુખપણું, અશોકવૃક્ષ, ઉંધા મુખવાળા કાંટાઓ, વૃક્ષોનું નમન, ઉચ્ચ પ્રકારે દુંદુભિનાદ, અનુકૂલ પવન અને પ્રદક્ષિણા આપતા પક્ષીઓ હોય છે. ૨૨.

गन्धाम्बुवर्षं बहुवर्णपुष्प-वृष्टिः कचश्मश्रुनखाऽप्रवृद्धिः ।
चतुर्विधाऽमर्त्यनिकायकोटि-र्जघन्यभावादपि पार्श्वदेशे ।।८।।

ऋतूनामिन्द्रियार्थाना-मनुकूलत्वमित्यमी ।
एकोनविंशतिर्दैव्या-श्चतुस्त्रिंशच्च मीलिताः ।।९।।

येषां पञ्चाऽधिकत्रिंश-द्वचनातिशयाः पुनः ।
भ्राजन्तेऽष्टाङ्गयोगश्च, येषां तादात्म्यमीयिवान् ।।१३।।

यथावस्थितवस्तूनां, व्यवस्थापनतत्परम् ।
अनेकान्तमतं येषां, जागर्त्यद्यापि सिंहवत् ।।१४।।

लोकेषु शान्तिकाद्यं, यञ्च चतुस्त्रिंशिकादिलिखनेन ।
स जिनातिशयानां खलु, महिमा तत्संख्यया ज्ञेयः ।।१५।।

इति सदतिशयसमृद्धिं, प्रतिप्रभातं जिनाधिनाथानाम् ।
ये संस्मरन्ति मनुजा-स्ते स्युः श्रेयोभिराढ्यतमाः ।।१६।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे
श्रीजिनातिशयरूपमाङ्गल्योपदेशः प्रथमः ।।१।।

૮. સુગંધિત પાણીની વૃષ્ટિ, ઘણા વર્ણવાળા પુષ્પોની વૃષ્ટિ, નહિ વધતા એવા મસ્તક તથા દાઢી-મૂછના વાળ તથા નખ, ઓછામાં ઓછા ચારે નિકાયના કરોડો દેવતાઓ પોતાની પાસે રહેનારા હોય છે. ૨૩.

૯. દેવો વડે કરાયેલા આ ઓગણીશ અતિશયો ઋતુ અને ઈન્દ્રિયોના વિષયોને અનુકૂલ હોય છે. સર્વ મળી ચોત્રીસ અતિશયો હોય છે. ૨૪.

૧૩. વળી જેમના પાંત્રીસ વાણીના અતિશયો શોભે છે અને જેમને આઠ અંગવાળો યોગ (=યમ-નિયમ-આસન-પ્રાણાયામ-પ્રત્યાહાર-ધારણા-ધ્યાન-સમાધિ=આઠ અંગ છે.) એકીપણાને પામ્યો છે. ૨૫.

૧૪. યથાર્થ સ્વરૂપે રહેલ વસ્તુઓની (અનેક અપેક્ષાઓ વડે સિદ્ધ કરવાની) વ્યવસ્થા કરવામાં તત્પર એવો જેઓનો અનેકાન્ત મત આજે પણ સિંહની જેમ વિદ્યમાન છે. ૨૬.

૧૫. અને લોકોમાં જે (તિજય પહુત્તમાં ૧૭૦ આંકડાનો યંત્ર આવે છે, તે જ રીતે ચોત્રીસ (૩૪) આંકડાનો પણ યંત્ર શાંતિ આદિ માટે સફલ બને છે.) ચોત્રીસી આદિના લેખનથી શાંતિકાર્ય વગેરે થઈ રહ્યા છે, એ મહિમા ખરેખર જિનેશ્વરના અતિશયોની તેટલી સંખ્યાના કારણે જાણવો. ૨૭.

૧૬. એ પ્રમાણે જે મનુષ્યો રોજ સવારે અતિશયોની સમૃદ્ધિનું સ્મરણ કરે છે. તેઓ કલ્યાણ વડે ઘણા સમૃદ્ધ થાઓ. ૨૮.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં શ્રી જિનેશ્વર પરમાત્માના અતિશયના સ્વરૂપવાળો માંગલિકરૂપ પ્રથમ ઉપદેશ છે. ॥

"उपदेश-२"

भो भव्या ! यदि वः शिवं जिगमिषा सम्यक्त्वमेकं तदा,
स्वस्वान्ते ध्रियतां स्थिरं किमपरैर्बाह्यक्रियाडम्बरैः ।

अन्तःसागरकोटिकोटिविहितायुर्वर्जकर्मस्थितौ ।
यल्लभ्यं प्रतिभूश्च मोक्षविषये तस्मिन् कथं नादरः ? ।।१।।

बलादपि श्राद्धजनस्य दीयते, सद्दर्शनं सर्वसुखैकजन्मभू ।
व्यदीधपद्वीरजिनस्तदुद्यमं, श्रीगौतमेनापि न किं कृषीवले ? ।।२।।

एकदा श्रीमहावीरः, कल्पद्रुरिव जङ्गमः ।
प्रोचे कुर्वन् तु विहारं, मार्गे श्रीगौतमं प्रति ।।१।।

यः पुरः प्रेक्ष्यते वत्स !, वराकोऽयं कृषीवलः ।
त्वत्तस्तस्य महांल्लाभो, भावी तद्गच्छ सत्वरम् ।।२।।

तत्तथेति प्रतिपद्य, गौतमस्तत्र जग्मिवान् ।
आलापितो हली भद्र !, समाधिस्तव वर्त्तते ।।३।।

कस्मात्करोषि पापानि, हलं[1] वाहयसि मुधा ।
वराकौ वृषभावेतौ, दुर्बलौ मा कदर्थय ।।४।।

कथं पापकुटुम्बार्थ-मात्माऽनर्थे निपात्यते ? ।
तपस्यापोतमादाय, तदुत्तर भवाम्बुधिम् ।।५।।

---

१. "हलं वाहय मा मुधा" इत्यपि ।।

"ઉપદેશ-૨"

૧. હે ભવ્ય પ્રાણીઓ ! જો તમારી મોક્ષમાં જવાની ઈચ્છા હોય, તો એકમાત્ર સમ્યકૃત્વને સ્થિરતાપૂર્વક પોતાના અંતરમાં ધારણ કરો. અન્ય બાહ્યક્રિયાના આડંબર વડે કરીને શું ?

આયુષ્યકર્મ સિવાય બીજા કર્મોની અંતઃકોડાકોડી-સાગરોપમની સ્થિતિ હોતે છતે મોક્ષના વિષયમાં સાક્ષીભૂત જે (સમ્યક્ત્વ) મેળવવા યોગ્ય છે તે (સમ્યક્ત્વ)માં કેમ આદર ન કરે ? ૨૯.

૨. સર્વ સુખને જન્મ આપનાર સમ્યગ્દર્શન બળાત્કારથી પણ શ્રદ્ધાળુ માણસને અપાય છે. શ્રી વીર પરમાત્માએ શ્રી ગૌતમ ગણધર વડે શું ખેડૂતને વિષે તે ઉદ્યમ ન કરાવરાવ્યો ? ૩૦.

૧. એક વખત કલ્પવૃક્ષ સમાન જંગમ તીર્થપતિ શ્રી મહાવીર પરમાત્માએ વિહાર કરતાં માર્ગમાં શ્રી ગૌતમ ગણધરને કહ્યું. ૩૧.

૨. હે વત્સ ! જે આ નગર દેખાય છે તેમાં આ ખેડૂત ગરીબ છે. તેને તારાથી મહાન લાભ થશે. તેથી તું જલ્દીથી જા. ૩૨.

૩. તે વચનને તે પ્રમાણે સ્વીકારીને ગૌતમ ગણધર તે ગામમાં ગયા. ખેડૂતને બોલાવ્યો. હે ભદ્ર ! તને સમાધિ વર્તે છે ? ૩૩.

૪. તું શા માટે પાપોને કરે છે અને ફોગટ હળને ખેડે છે ? બિચારા દુર્બલ એવા આ બન્ને બળદોને પીડા ન આપ. ૩૪.

૫. પાપી એવા કુટુંબના ભરણપોષણ માટે તું (તારા) આત્માને દુર્ગતિમાં શા માટે પાડે છે ? તું તપરૂપી નૌકાને ગ્રહણ કરીને સંસારરૂપી સમુદ્રને તરી જા. ૩૫.

इति तद्वाक्यपीयूषै-र्दवदग्ध इव द्रुमः ।
सिक्तः समुल्लसत्प्रीति-रभूदिति च तं जगौ ।।६।।

अहं विप्रो वसाम्यत्रा-ऽऽसन्नग्रामेऽतिनिर्द्धनः ।
पापश्रेण्य इवाध्यक्षाः, सन्ति मे सप्त कन्यकाः ।।७।।

वज्राग्निकल्पा पत्नी मे, तया दग्धः करोमि किम् ? ।
दुष्पूरोदरपूर्त्यर्थं, मूढैः किं न विधीयते ? ।।८।।

अतः परं त्वमेवासि, भ्राता माता पिताऽथवा ।
यदादिशसि तत् कुर्वे, करिष्ये नान्यथा वचः ।।९।।

ततोऽर्पितः साधुवेषः, स्वीचक्रे सोऽपि तं तदा ।
चचाल तं सहादाय, गौतमोऽभिजिनं मुदा ।।१०।।

सोऽवादीद्गम्यते कुत्र ?, गुरवो यत्र सन्ति मे ।
भवतामपि पूज्यानां, ये पूज्यास्ते तु कीदृशाः ? ।।११।।

तस्याग्रेऽर्हद्गुणाः प्रोक्ता-स्तेन सम्यक्त्वमर्जितम् ।
विशिष्य तु जिनेन्द्रस्य, समृद्धेरवलोकनात् ।।१२।।

क्रमेण यावदद्राक्षीत्, श्रीवीरं सपरिच्छदम् ।
तावत्तस्य हृदि द्वेषः, कोऽप्यभूदतिदारुणः ।।१३।।

गौतमः प्राह वन्दस्व, श्रीजिनं सोऽपि तं जगौ ।
अयं गुरुस्त्वदीयश्चे-त्तदा मे न प्रयोजनम् ।।१४।।

૬. એ પ્રમાણે દાવાનળ રૂપી અગ્નિ વડે બળી ગયેલા (પણ) તેમના વચન રૂપી અમૃત વડે સિંચાયેલા વૃક્ષની જેમ (વૃક્ષ અગ્નિ વડે બળી ગયા પછી ફરીથી પાણી વડે સિંચન કરવામાં આવે તો વૃદ્ધિને પામે છે. તેમ) સારી રીતે ઉલ્લાસ પામતી એવી પ્રીતિવાળો (ખેડૂત) થયો અને ગૌતમ ગણધરને કહ્યું. ૩૬.

૭. હું અત્યંત નિર્ધન ગરીબ બ્રાહ્મણ છું. અહીં નજીકના ગામમાં રહું છું. મારે પ્રત્યક્ષ પાપની શ્રેણીઓની જેવી સાત કન્યાઓ છે. ૩૭.

૮. વજરૂપી અગ્નિસમાન મારી પત્ની છે. તેનાથી દઝાયેલો (કંટાળી ગયેલો) હું શું કરું ? દુઃખે કરીને પૂરાય એવા પેટને પૂરવા માટે મૂઢ પ્રાણીઓ વડે શું ન કરાય ? (અર્થાત્ જે પાપકાર્ય વગેરે કરવું પડે તે કરે.) ૩૮.

૯. હવેથી તમે જ મારા શ્રેષ્ઠ ભાઈ, માતા અથવા પિતા છો. આપ જે આદેશ કરશો તે હું કરીશ. આપના વચનને નિષ્ફળ નહીં કરું. ૩૯.

૧૦. ત્યારબાદ (ગૌતમ ગણધર વડે તે ખેડૂતને) સાધુવેષ અપાયો. તે ખેડૂતે પણ ત્યારે સાધુવેષને સ્વીકાર્યો. ત્યારબાદ હર્ષપૂર્વક તે ખેડૂતને સાથે લઈને ગૌતમ ગણધર જિનેશ્વર તરફ (મહાવીર પરમાત્મા જ્યાં વિચરે છે.) ત્યાં ચાલ્યા. ૪૦.

૧૧. તેણે (ખેડૂતે) કહ્યું. તમે ક્યાં જાઓ છો ? (ગૌતમ ગણધર ભગવંતે કહ્યું.) જ્યાં મારા ગુરુ ભગવંત છે (ત્યાં જઈએ છીએ.) (ખેડૂત બોલ્યો) આપ જેવા પૂજ્યોના (ગુરુઓના) પણ જે પૂજ્ય (ગુરુ) છે તે કેવા પ્રકારના હશે ? ૪૧.

૧૨. તે ખેડૂતની આગળ અરિહંત પરમાત્માના ગુણો કહેવાયા (સાંભળતાં). વિશેષ પ્રકારે પરમાત્માની સમૃદ્ધિના અવલોકનથી ખેડૂત વડે સમ્યક્ત્વ પ્રાપ્ત કરાયું. ૪૨.

૧૩. જેટલામાં અનુક્રમે પર્ષદાથી યુક્ત શ્રી વીર પરમાત્માને જુએ છે, તેટલામાં તે ખેડૂતના હૃદયમાં અતિભયંકર દ્વેષ પેદા થયો. ૪૩.

૧૪. ગૌતમસ્વામીએ કહ્યું. શ્રી જિનેશ્વર ભગવંતને તું વંદન કર. તે ખેડૂતે પણ તેમને (ગૌતમસ્વામીને) કહ્યું કે, જો આ તમારા ગુરુ હોય તો મારે કોઈ પ્રયોજન નથી. ૪૪.

गृहाण वेषं यास्यामि, शिष्यो नास्मि तवाप्यहम् ।
इत्युक्त्वा त्यक्तवेषोऽसौ, मुष्टिं बद्ध्वा प्रनष्टवान् ।।१५।।

हसन्ति सर्वेऽपीन्द्राद्या-स्तादृक्तच्चेष्टितेक्षणात् ।
अहो ! उपार्जितः शिष्यो, वरीयानिन्द्रभूतिना ।।१६।।

पप्रच्छ गौतमो वीरं, मनाग् लज्जितमानसः ।
किमिदं कारितं स्वामिन् !, तत्त्ववार्त्तां निवेदय ।।१७।।

ग्रन्थिभेदः कृतोऽनेन, वत्सार्हद्गुणचिन्तनैः ।
[1]लाभस्तवाभूदस्यैष, द्वेषो यन्मयि तत् शृणु ।।१८।।

पुरा पोतनकग्रामे, प्रजापतिनृपाङ्गजः ।
अभूवं वासुदेवोऽहं, त्रिपृष्ठ इति विश्रुतः ।।१९।।

अश्वग्रीवो महाराज-स्तदा प्रत्यर्द्धचक्रभृत् ।
त्रिपृष्ठहस्तात्तन्मृत्युं, निमित्तज्ञोऽन्यदाब्रवीत् ।।२०।।

त्रिपृष्ठस्योपरि (ष्टात्तु) तदा, द्वेषमेष भृशं वहन् ।
चक्रे तन्मारणोपायान्, विफलास्ते तु जज्ञिरे ।।२१।।

शालिक्षेत्रेऽन्यदा तस्य, सिंहः कोऽपि बलोत्कटः ।
करोत्युपद्रवं हन्तुं, न केनापि स पार्यते ।।२२।।

तद्वारकेण रक्षन्ति, नृपा मुख्यनृपाज्ञया ।
प्रजापतिक्षितिपते-रन्येद्युर्वारकोऽभवत् ।।२३।।

---

१. "लाभस्तथाभू-" इत्यपि । २. प्रतिवासुदेवः । ३. युग्मम् ।।

૧૫. વેષને (સાધુવેષને) આપ ગ્રહણ કરો. હું જાઉં છું. હું તમારો પણ શિષ્ય નથી. એ પ્રમાણે કહીને સાધુવેષનો ત્યાગ કરેલ એ મુઠ્ઠી બાંધીને ત્યાંથી દોડ્યો. ૪૫.

૧૬. તે ખેડૂતની તેવા પ્રકારની ચેષ્ટાને જોવાથી સર્વે પણ ઈન્દ્ર વગેરે હસે છે. અહો ! ઈન્દ્રભૂતિ વડે શ્રેષ્ઠ શિષ્ય ઉપાર્જન કરાયો. ૪૬.

૧૭. કંઈક લજ્જિત મનવાળા ગૌતમસ્વામીએ વીર પરમાત્માને પૂછ્યું. હે સ્વામિન્ ! આ શું કરાયું ? તેના રહસ્યને વિગતવાર સમજાવીને કહો. ૪૭.

૧૮. (વીર પરમાત્માએ કહ્યું) હે વત્સ ! અરિહંતના ગુણોનું ચિંતન કરવાથી એના (ખેડૂત) વડે ગ્રંથિભેદ કરાયો. આવા પ્રકારનો તને લાભ થયો. આ ખેડૂતને મારા પર જે દ્વેષ છે તેનું કારણ તું સાંભળ. ૪૮.

૧૯. પહેલા પોતનક ગામમાં પ્રજાપતિ રાજાનો પુત્ર હું ત્રિપૃષ્ઠ વાસુદેવ એ પ્રમાણે પ્રખ્યાત હતો. ૪૯.

૨૦. ત્યારે અશ્વગ્રીવ મહારાજા પ્રતિવાસુદેવ હતા. એક વખત જ્યોતિષીએ કહ્યું, ત્રિપૃષ્ઠના હાથથી તેનું મૃત્યુ છે (થશે). ૫૦.

૨૧. ત્યારે ત્રિપૃષ્ઠની ઉપર આ અશ્વગ્રીવ મહારાજા ઘણા દ્વેષને વહન કરતો તેને (ત્રિપૃષ્ઠ વાસુદેવને) મારવા માટે ઘણા ઉપાયોને કર્યા, પરંતુ તે ઉપાયો નિષ્ફળ થયા. ૫૧.

૨૨. તેના શાલિક્ષેત્ર (જ્યાં ચોખાનો પાક વધારે થાય એવું ક્ષેત્ર) માં એક વખત અત્યંત બલવાન એવો કોઈ એક સિંહ ઉપદ્રવને કરે છે. તેને હણવા માટે કોઈ પણ સમર્થ નથી. ૫૨.

૨૩. મુખ્ય રાજાની આજ્ઞા વડે સામાન્ય રાજાઓ વારાફરતી તે (શાલિક્ષેત્ર)નું રક્ષણ કરે છે. એક વખત પ્રજાપતિ રાજાનો વારો હતો. ૫૩.

निषिध्य पितरं तत्र, त्रिपृष्ठो रक्षितुं ययौ ।
वेगवत्तरमारुह्य, रथं सारथिसंयुतः ।।२४।।

तेनालापितमात्रोऽसौ, सिंहस्तं प्रत्यधावत ।
क्षमन्ते पौरुषोपेता, रेकारं किमु भूस्पृशाम् ? ।।२५।।

शुक्तिसंपुटवद्द्वेधा, कृत्वा तस्यौष्ठयामलम् ।
विदार्यार्द्धमृतं चक्रे, सिंहं स प्रौढविक्रमः ।।२६।।

कृतो जयजयाराव, आसन्नव्यन्तरामरैः ।
निनिन्द स्वं पुनः सिंहो, नृमात्रेण हतो हहा ! ।।२७।।

तदा मधुरया वाचा, सारथिस्तमसान्त्वयत् ।
भविता वासुदेवोऽयं, रङ्कमात्रमिदं नहि ।।२८।।

पुरुषेन्द्रस्य हस्तेन, चेन्मृतः किं विषीदसि ? ।
मर्त्यलोके ह्ययं सिंह-स्तिर्यग्योनौ पुनर्भवान् ।।२९।।

इति हृष्टस्तया वाचा, मृतः सिंहः समाधिना ।
भ्रामं भ्रामं भवाम्भोधौ, ते त्रयोऽप्यभवन्क्रमात् ।।३०।।

त्रिपृष्ठजीवो यः सोऽहं, सिंहजीवः कृषीवलः ।
भवांश्च सारथेर्जीवः, तदिदं भवनाटकम् ।।३१।।

त्वया मधुरया वाचा, यदसौ प्रीणितः पुरा ।
मया हतो वराकस्तु, स्नेहवैरे ततस्त्वम् ।।३२।।

---

૨૪. ત્યાં પિતાને અટકાવીને ત્રિપૃષ્ઠ વાસુદેવ સારથિની સાથે અત્યંત વેગવાળા રથમાં આરૂઢ થઈને રક્ષણને માટે ગયો. ૫૪.

૨૫. તેના વડે માત્ર બોલાવાયેલ આ સિંહ ત્રિપૃષ્ઠ વાસુદેવની તરફ દોડતો આવ્યો. અરેરે ! શું સત્ત્વથી યુક્ત ભૂમિ પર રહેલાને સહન કરે ? ૫૫.

૨૬. અત્યંત બલવાન એવા તેણે (વાસુદેવે) જેમ શુક્તિસંપુટના બે ભાગ કરે તેમ તે સિંહના બન્ને હોઠોને ફાડીને અધમૂઓ કર્યો. ૫૬.

૨૭. નજીકમાં રહેલા વ્યંતર દેવો વડે જય જયકાર કરાયો. હા ! ખેદની વાત છે કે સામાન્ય માણસ વડે હું હણાયો, એ પ્રમાણે સિંહે પોતાની નિંદા કરી. ૫૭.

૨૮. ત્યારે મધુર વચનો વડે સારથિએ તેને (સિંહને) સાંત્વના આપી. આ વાસુદેવ થશે. આ સામાન્ય માણસ નથી. ૫૮.

૨૯. જો તું પુરુષમાં ઈન્દ્ર સમાન એવા પુરુષેન્દ્રના હાથથી મરાયો છે, તો તું શા માટે ખેદને કરે છે ? મૃત્યુલોકમાં (તિર્ચ્છાલોકમાં) ખરેખર આ સિંહ છે. વળી તમે તિર્યંચ યોનિમાં સિંહ છો. ૫૯.

૩૦. એ પ્રમાણે તે (સારથિ)ના વચનોથી હર્ષ પામેલો સિંહ સમાધિપૂર્વક મૃત્યુને પામ્યો. ભવરૂપી સમુદ્રમાં ભમતા-ભમતા તે ત્રણે પણ અનુક્રમે (આ પ્રમાણે) થયા. ૬૦.

૩૧. તે ત્રિપૃષ્ઠનો જીવ તે હું, સિંહનો જીવ (તે) ખેડૂત અને સારથિનો જીવ (તે) તમે. તે આ ભવનું નાટક છે. ૬૧.

૩૨. તારા વડે મધુર વાણી દ્વારા જે આ પહેલા ખુશ થયેલ વળી મારા વડે બિચારો આ હણાયો. તેથી આ સ્નેહ અને વૈર થયા. ૬૨.

यास्यत्येष हली तु पुद्गलपरावर्त्तार्द्धमध्ये शिवं,
त्वत्तो दर्शनमाप्तवान् द्विघटिकं तेनोद्यमः कारितः ।
तद्भो भव्यजना ! श्रुत्वेन्द्रप्रमुखा इति व्यतिकरं जाता दृढा दर्शने,
भवद्भिरपि तच्चित्ते चिरं स्थाप्यताम् ।।३३।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे
सम्यक्त्वोपरि हालिकोपदेशो द्वितीयः ।।२।।

૩૩. બે ઘડી જેટલા સમયમાં ઉદ્યમ કરાયેલ તેના (ખેડૂત) વડે તારાથી (ગૌતમ ગણધરથી) સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરાયું. વળી એ ખેડૂત અર્ધ પુદ્ગલપરાવર્ત્તકાલમાં મોક્ષમાં જશે. એ પ્રમાણે વૃત્તાંતને સાંભળીને ઈન્દ્ર વગેરે સમ્યગ્દર્શનમાં દૃઢ શ્રદ્ધાવાળા થયા. તેથી હે ભવ્ય પ્રાણીઓ ! તમારા વડે પણ તે સમ્યગ્દર્શનને ચિત્તમાં લાંબા કાળ સુધી સ્થાપન કરાય. (ધારણ કરાય.) ૬૩.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં
સમ્યક્ત્વ ઉપર ખેડૂતનો બીજો ઉપદેશ છે. ॥

"उपदेश-३"

श्रीवीतरागस्मरणैकताना, भवन्ति ये ते सुखभाजनं स्युः ।
यथाम्बिका रैवतदैवतं श्री-नेमिं स्मरन्ती भवति स्म देवी ।।१।।

सुराष्ट्रविषये कोटी-नारनाम्नि पुरेऽभवत् ।
सोमभट्ट इति ख्यातो, मिथ्यादृग् द्विजपुङ्गवः ।।१।।

देवशर्माख्यभूदेव-तनया विनयान्विता ।
अम्बिका तस्य भार्याऽभू-दभङ्गसुभगाकृतिः ।।२।।

परं सा श्राविका शील-सम्पन्ना परमार्हती ।
तयोर्द्वयोरपि प्रीति-स्तेन मन्दायते भृशम् ।।३।।

तथापि तेन सार्द्धं सा, भुञ्जाना भोगजं सुखम् ।
तनयौ जनयामास, शुभङ्करविभङ्करौ ।।४।।

अन्यदा पर्वणि क्वापि, सज्जीभूते च भोजने ।
श्वश्वामन्यत्र जग्मुष्यामम्बिकैव गृहेऽभवत् ।।५।।

तत्र चावसरे प्राप्तौ, साधू तैरशनादिभिः ।
पुण्यवत्या तया स्वैरं, सभक्तिप्रतिलाभितौ ।।६।।

यतः -

उत्तमपत्तं साहू, मज्झिमपत्तं तु सावया भणिया ।
अविरयसम्मद्दिट्ठि, जहन्नपत्तं मुणेयव्वं ।।१।।

"ઉપદેશ-૩"

૧. શ્રી વીતરાગ પરમાત્માનું સ્મરણ કરવામાં જેઓ એકચિત્ત થાય છે તેઓ સુખને પામનારા થાય. જેમ ગિરનાર પર્વતના સ્વામી શ્રી નેમિનાથ ભગવાનનું સ્મરણ કરતી અંબિકા (અધિષ્ઠાયિકા) દેવી થઈ. ૬૪.

૧. સૌરાષ્ટ્ર દેશમાં કોટીનાર નામના નગરમાં સોમભટ્ટ નામે પ્રસિદ્ધ મિથ્યાદૃષ્ટિ શ્રેષ્ઠ બ્રાહ્મણ હતો. ૬૫.

૨. તેને દેવશર્મા નામના રાજાની પુત્રી વિનયથી યુક્ત, પરિપૂર્ણ પાંચે ઈન્દ્રિયથી રૂપવાળી, અંબિકા નામની પત્ની હતી. ૬૬.

૩. તે (અંબિકા) શીલ ગુણથી યુક્ત તેમજ શ્રેષ્ઠ શ્રાવિકા હતી. તેથી કરીને (તે બન્ને જુદા જુદા ધર્મને માનનારા હોવાથી) તે બન્નેની પ્રીતિ ઘણી મંદ રહે છે. ૬૭.

૪. તો પણ તે (સોમભટ્ટ)ની સાથે ભોગથી ઉત્પન્ન થયેલ સુખને ભોગવતી તે અંબિકાએ શુભંકર અને વિભંકર નામના બે પુત્રોને જન્મ આપ્યા. ૬૮.

૫. એક વખત પર્વના દિવસે ભોજન તૈયાર થયે છતે તેની સાસુ અન્યત્ર ગયે છતે ઘરમાં અંબિકા એકલી જ હતી. ૬૯.

૬. તે અવસરે પધારેલ બે સાધુઓને પુણ્યવાન એવી તે અંબિકા વડે પોતાની ઈચ્છાપૂર્વક ભક્તિથી તે ભોજન વડે લાભ લેવાયો. ૭૦.

જે કારણથી -

૧. સાધુ એ ઉત્તમ પાત્ર છે. શ્રાવકો મધ્યમ પાત્ર કહેલા છે. વળી, અવિરત સમ્યગ્દૃષ્ટિ જઘન્ય પાત્ર જાણવા યોગ્ય છે. ૭૧.

गलद्रसं मधूकं दृष्ट्वा भोजं प्रति धनपालोक्तिरपि यथा -

यदास्ति पात्रं न तदास्ति वित्तं, यदास्ति वित्तं न तदास्ति पात्रम् ।
एवं हि चिन्तापतितो मधूको, मन्येऽश्रुपाते रुदनं करोति ।।१।।

महुअदुमोवि हु रोयइ, फलोदएणावि पत्तरहिएण ।
नूणं अभव्वजीवा, दाणावसरं न पावंति ।।१।।

पत्तसरीरा जे फलइं, [1]सहीयते सुंदरचूअ ।
पत्तविहूणा जे फलइं, ते अ महू अमहू अ ।।२।।

आगच्छन्त्येव सा श्वश्रू-स्तद्वृत्तं ज्ञापिता रयात् ।
कयाचित्प्रातिवेश्मिक्या, रुष्टा चुक्रोश तामिति ।।७।।

किमकारि त्वया पापे !, गृहमभ्याटितं मम ।
विनाशितानि धान्यानि, तदरे ! याहि मद्गृहात् ।।८।।

एवं तयाऽम्बिकाक्रुष्टा, लात्वा पुत्रौ च तौ लघू ।
प्रच्छन्नं निर्ययौ गेहा-न्मरणे कृतनिश्चया ।।९।।

उज्जयन्तपतिश्रीम-न्नेमिध्याननिबद्धधीः ।
पिपासिताभ्यां पुत्राभ्या-मियं नीरमयाच्यत ।।१०।।

भूमिं विदार्य पादाभ्यां, नीरमाकृष्य निर्म्मलम् ।
पुत्रौ पायितवत्येषा, निजशीलानुभावतः ।।११।।

---

१. सखीयते ।

ઝરતા એવા રસવાળા મહુડાના ઝાડને જોઈને ભોજરાજા પ્રતિ ધનપાલ કવિ પણ કહે છે. તે આ પ્રમાણે -

૧. જ્યારે પાત્ર છે ત્યારે ધન નથી, જ્યારે ધન છે ત્યારે પાત્ર નથી. એ પ્રમાણે ખરેખર ચિંતામાં પડેલ મહુડાનું ઝાડ આંસુ સારવા વડે રૂદન કરે છે. એમ હું માનું છું. ૭૨.

૧. મહુડાનું વૃક્ષ પણ ફલને પ્રાપ્ત કરતે છતે પણ પાંદડારહિત હોવાથી રડે છે. ખરેખર અભવ્ય જીવો દાનના અવસરને પામતા નથી. ૭૩.

૨. પાંદડા સહિત મધુર એવું જે આંબાનું વૃક્ષ ફળે છે, તે મિત્ર જેવું આચરણ કરે છે અને પાંદડા વિનાનું જે (આંબાનું ઝાડ) ફળે છે તે મધુર હોવા છતાં પણ અમધુર છે. ૭૪.

૭. (બહારથી) જલ્દી આવતી એવી તે સાસુને કોઈક પાડોસન વડે તે વૃત્તાંતને જણાવાયું, રૂષ્ટ એવી તે સાસુએ તે અમ્બિકા પ્રત્યે આ પ્રમાણે આક્રોશ કર્યો. ૭૫.

૮. હે પાપિણી ! તારાં વડે આ શું કરાયું ? મારા ઘરને અભડાઈ દીધું (કલંકિત કર્યું), ધાન્યનો વિનાશ કર્યો. અરે ! તું મારા ઘરમાંથી જા. ૭૬.

૯. એ પ્રમાણે સાસુથી આક્રોશ કરાયેલી અને મરણનો કર્યો છે નિશ્ચય જેણે એવી તે અંબિકા બન્ને નાના પુત્રોને લઈને ગુપ્ત રીતે ઘરમાંથી બહાર ગઈ. ૭૭.

૧૦. ગિરનાર પર્વતના સ્વામી શ્રી નેમિનાથ પરમાત્માના ધ્યાનમાં ધારણ કરાયેલ બુદ્ધિવાળી અમ્બિકા પાસે પાણી પીવાની ઈચ્છાવાળા બન્ને પુત્રો વડે પાણી મંગાયું. ૭૮.

૧૧. આ અંબિકાએ પોતાના શીલના પ્રભાવથી બન્ને પગ વડે ભૂમિને ખોદીને નિર્મલ એવું જલ કાઢીને પુત્રોને પાયું. ૭૯.

एवं बुभुक्षितावेतौ, शीलस्यैव प्रभावतः ।
निष्पाद्य फलितं चूतं, सुहितौ विदधेतमाम्[*] ।।१२।।

अथ प्राप्तो गृहे सोम-भट्टोऽपि ब्राह्मणाग्रणीः ।
भार्यामपश्यन्नप्राक्षी-न्मातरं सा गता क्व तु ? ।।१३।।

सदौर्मनस्यं साप्याह, तत्स्वरूपं च मूलतः ।
उद्धाट्यालोकते याव-दन्नभाण्डानि स द्विजः ।।१४।।

तावत्तान्यन्नपूर्णानि, वीक्ष्य विस्मितमानसः ।
सानुतापः क्षणादानु-पदिकोऽभूत्तदऽध्वना ।।१५।।

क्वेदं कलत्ररत्नं मे, भावीति विमृशन्मुहुः ।
त्वरितत्वरितं गच्छं-स्तामपश्यत् प्रियां पुरः ।।१६।।

यावदाह्वयते गाढ-शब्दैर्मा याहि हे प्रिये ! ।
न ते किञ्चित्करिष्यामि, विरूपमिति भाषिते ।।१७।।

अम्बिकापि तमायान्तं, वीक्ष्य विश्वासदुष्टधीः ।
कदर्थयित्वा मामेष, मारयिष्यत्यसंशयम् ।।१८।।

चिन्तयन्तीति निर्माय, शरणं नेमिनं जिनम् ।
पपात कूपे सौत्सुक्य-मादाय तनयावपि ।।१९।।

भट्टोऽपि किमिदं देवि !, त्वया पामरचेष्टितम् ।
कृतमित्युच्चरन् भूय-स्तत्रैव पतितः क्षणात् ।।२०।।

---

[*] "तराम्" इत्यपि ।।

૧૨. એ પ્રમાણે શીલના જ પ્રભાવથી ફલવાળા આંબાના ઝાડને પ્રાપ્ત કરીને (અમ્બિકાએ) ભૂખ્યાં થયેલા તે બન્ને પુત્રોને સંતુષ્ટ કર્યા. ૮૦.

૧૩. હવે બ્રાહ્મણોમાં અગ્રણી એવો સોમભટ્ટ પણ ઘરે આવ્યો. પોતાની પત્નીને નહિં જોતા માતાને પૂછ્યું. તે ક્યાં ગઈ ? ૮૧.

૧૪. અસ્વસ્થ ચિત્તવાળી તેણીએ (સાસુએ) પણ તે વૃતાન્તને શરૂઆતથી કહ્યું. અને તે બ્રાહ્મણ જેટલામાં ભોજનના વાસણોને ઉઘાડીને જુએ છે. ૮૨.

૧૫. તેટલામાં તે વાસણોને ભોજનથી પૂર્ણ ભરેલા જોઈને વિસ્મય મનવાળો, પશ્ચાત્તાપ સહિત શીઘ્ર અમ્બિકાના પગલાની પાછળ-પાછળ તે માર્ગ વડે ગયો. ૮૩.

૧૬. મારું આ સ્ત્રીરત્ન ક્યાં હશે ? એ પ્રમાણે વારંવાર વિચારતો, જલ્દી-જલ્દી જતો આગળ પ્રિયા (અંબિકા)ને જોઈ. ૮૪.

૧૭. જેટલામાં ઉંચા અવાજ વડે (અંબિકા) ને બોલાવે છે. હે પ્રિયે ! તું ન જા. હું તારું ક્રાંઈ પણ ખરાબ કરીશ નહીં. એ પ્રમાણે કહેતે છતે - ૮૫.

૧૮. વિશ્વાસ વડે દુષ્ટ (થઈ છે મતિ જેની) બુદ્ધિવાળી અંબિકા પણ તે (પતિ) ને આવતો જોઈને કદર્થના કરીને મને આ (પતિ) મારશે. એમાં શંકા નથી. ૮૬.

૧૯. એ પ્રમાણે વિચાર કરતી તે અમ્બિકા શ્રી નેમિનાથ પરમાત્માના શરણને સ્વીકારીને બંને પુત્રોને લઈને ઉત્સુકતા સહિત કૂવામાં પડી. ૮૭.

૨૦. હે દેવી ! તારા વડે આ પામર ચેષ્ટા શા માટે કરાઈ ? એ પ્રમાણે વારંવાર બોલતો સોમભટ્ટ પણ ક્ષણમાત્રમાં ત્યાં (કૂવામાં) જ પડ્યો. ૮૮.

श्रीनेमिशासने रक्षा-कारिणी विघ्नवारिणी ।
अम्बिका व्यन्तरी जाता, भट्टस्तस्यास्तु वाहनम् ।।२१।।

तस्या निदेशतस्तस्मिन्, सिंहरूपविधायिनि ।
आरूढा क्रीडति स्वैरं, शिरस्थजिनमूर्तियुक् ।।२२।।

बहुश्रुतेभ्य आकर्ण्य, किञ्चिद् दृष्ट्वा च किञ्चन ।
प्रबन्धादौ मयाऽलेखि, सम्बन्धोऽयं प्रबोधकृत् ।।२३।।

एवं जिनध्यानपरायणायाः, श्रीअम्बिकाया अवधार्य वृत्तं ।
भो भव्यलोकाः विलसद्विवेकाः !, सदा जिनध्यानपरा भवन्तु ।।२४।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे सम्यक्त्वोपरि तृतीय उपदेशः ।।३।।

૨૧. અંબિકા, શ્રી નેમિનાથ પરમાત્માના શાસનમાં રક્ષા કરવાવાળી, વિઘ્નોને નાશ કરવાવાળી વ્યન્તરી દેવી થઈ. વળી સોમભટ્ટ તેનું વાહન થયો. ૮૯.

૨૨. તેના (અંબિકાના) આદેશથી સિંહના રૂપને કરતે છતે તેના ઉપર આરૂઢ થયેલી, મસ્તક ઉપર રહેલ જિનેશ્વર પરમાત્માની મૂર્તિવાળી (અંબિકા) ઈચ્છાપૂર્વક ક્રીડાને કરે છે. ૯૦.

૨૩. બહુશ્રુતો પાસેથી કાંઈક સાંભળીને અને કંઈક જોઈને બોધને કરનાર આ સમ્બન્ધ મારા વડે કથાના વિસ્તારની આદિમાં લખાયું. ૯૧.

૨૪. એ પ્રમાણે જિનેશ્વર પરમાત્માના ધ્યાનમાં પરાયણ અંબિકાના વૃત્તાંતને અવધારીને વિવેકને વિશેષ પ્રકારે ઈચ્છતા એવા, હે ભવ્ય પ્રાણીઓ ! હમેશાં જિનેશ્વર ભગવાનના ધ્યાનમાં લીન થાઓ. ૯૨.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના પ્રથમ અધિકારમાં સમ્યક્ત્વ ઉપર ત્રીજો ઉપદેશ છે. ॥

"उपदेश-४"

दुःखिनोऽपि न परित्यजन्ति ये, श्रीजिनार्चनविधावभिग्रहम् ।
धर्म्मकर्म्मणि रताः सुखान्विता-स्ते भवन्ति धनदः पुरा यथा ।।१।।

पुरा शङ्खपुरे श्रेष्ठी, धनदो धनदोपमः ।
आसीन्नरपतेर्मान्यः, पात्रमुद्दामसम्पदाम् ।।१।।

क्रमात्तस्याऽभवन्पुत्राश्चत्वारश्चतुराशयाः ।
त्रिवर्गाराधनप्राप्त-सर्वाङ्गीणमहोदयाः ।।२।।

न्यायोपात्तानि वित्तानि, सफलीकर्त्तुमुद्यतः ।
तत्राकारयदुत्तुङ्गं, स श्रेष्ठी जिनमन्दिरम् ।।३।।

कुटुम्बभारमारोप्य, सुतेषु वितनोत्ययम् ।
त्रिःपूजाद्विःप्रतिक्रान्तिप्रमुखं धर्म्ममार्हतम् ।।४।।

अथाभाग्यवशादस्य, वित्तं तुत्रोट मन्दिरे ।
न पुनर्जिनधर्म्मस्य, लवोऽपि हृदयान्तरे ।।५।।

तुच्छप्रकृतयः पुत्राः, किन्तु धर्म्मावहीलनाम् ।
कुर्वाणाः पितरं प्राहु-र्धर्म्मादेव धनं गतम् ।।६।।

पिता प्राह न वत्साः ! भो, वचनं वाच्यमीदृशम् ।
लोकेऽपि श्रूयते येन, यतो धर्म्मस्ततो जयः ।।७।।

ततो निर्द्रव्यतादुःखी, मानम्लानिभिया क्वचित् ।
ययौ शाखापुरे तत्रा-प्येष धर्म्मं मुमोच न ।।८।।

"ઉપદેશ-૪"

૧. દુઃખી એવા પણ-જેઓ શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજાની વિધિમાં ગ્રહણ કરેલ અભિગ્રહનો ત્યાગ કરતા નથી. ધર્મ કાર્યમાં તત્પર એવા તેઓ જેમ પહેલા ધનદ (નામનો શ્રેષ્ઠી) થયો તેમ સુખી થાય છે. ૯૩.

૧. પહેલા શંખપુર નગરમાં કુબેરની ઉપમાવાળો, રાજાને માન્ય અને વિશાળ સંપદાને પાત્ર ધનદ નામનો શ્રેષ્ઠી હતો. ૯૪.

૨. અનુક્રમે તેને ચતુર હૃદયવાળા દેવ-ગુરુ-ધર્મની આરાધનાથી પ્રાપ્ત થયેલ સર્વ રીતે સારી ચઢતી વાળા ચાર પુત્રો હતા. ૯૫.

૩. ન્યાયથી ઉપાર્જન કરેલ ધનને સફળ.કરવામાં ઉદ્યમવાળા તે શ્રેષ્ઠીએ ત્યાં (પોતાના ગામમાં) અત્યંત ઊંચું જિનમંદિર કરાવ્યું. ૯૬.

૪. કુટુંબનો ભાર પુત્રોને સોંપીને આ શ્રેષ્ઠી ત્રિકાલ પૂજા અને ઉભયટંક પ્રતિક્રમણ વિગેરે અરિહંત પરમાત્માએ પ્રરૂપેલ ધર્મને કરે છે. ૯૭.

૫. હવે ભાગ્યના વશથી આ શ્રેષ્ઠીના ઘરમાં ધન ખૂટ્યું. વળી હૃદયમાં જિનધર્મનો અંશ પણ ઓછો થયો નથી. ૯૮.

૬. પરંતુ તુચ્છ પ્રકૃતિ (સ્વભાવ) વાળા પુત્રોએ ધર્મની અવહેલનાને કરતાં પિતાને કહ્યું કે - ધર્મથી જ (આપણું) ધન ગયું. ૯૯.

૭. પિતાએ કહ્યું, હે પુત્રો ! આવા પ્રકારનું વચન ન બોલવું જોઈએ, જેથી લોકમાં પણ સંભળાય છે કે જ્યાં ધર્મ છે ત્યાં જ જય છે. ૧૦૦.

૮. ત્યારપછી નિર્ધન હોવાથી દુઃખી, માન-સન્માન ઓછું થવાથી ભય વડે(અપમાનની ભીતિવાળો) તે શ્રેષ્ઠી ક્યારેક શાખાપુર નગરમાં ગયો, ત્યાં પણ ધર્મને મૂક્યો નહીં. ૧૦૧.

गतागतं वितन्वानः, स्वप्रासादे प्रतिप्रगे ।
चिन्तां चकार पुत्राणां, चैत्यस्यानिच्छतामपि ।।९।।

चतुर्मासीदिनेऽन्येद्यु-स्तस्य चैत्येऽभ्युपेयुषः ।
मालिन्या ढौकितं पुष्प-चतुस्सरकमेकया ।।१०।।

वित्ताभवात्कथं गृह्णा-म्यहमेतत्तयापि सः ।
भाषितः किमिदं वाच्यं, सर्वमेतत्तवैव यत् ।।११।।

त्वदीयकवलैरेव, वयं वृद्धिमुपागताः ।
त्वदपत्यसमा देव !, परकीयमिहास्ति किम् ? ।।१२।।

इति प्रोच्य तया तस्मि-न्नर्पिते सोऽपि तं मुदा[१] ।
गृहीत्वाऽभ्यर्च्य देवं च, तदग्रे समुपाविशत् ।।१३।।

गुरुप्रदत्तश्रीमन्त्र-स्मरणैकाग्रमानसः ।
यावत्तिष्ठत्ययं श्रेष्ठी, तावद्देवः पुरोऽभवत् ।।१४।।

अवादीच्च कपर्द्याख्यो, यक्षोऽहं वृषभप्रभोः ।
सेवको भद्र ! याचस्व, सर्वं यत्ते विलोक्यते ।।१५।।

श्रेष्ठ्यप्युवाच मे वित्त-स्पृहा कापि न तादृशी ।
पुत्राणां किन्तु धर्म्मस्य, स्थैर्यार्थं किञ्चिदर्थ्यसे ।।१६।।

या मयाद्य जिनेन्द्रस्य, पूजा निर्व्याजभक्तितः ।
निर्मिता तत्फलं देहि, प्रसन्नो मे भवान् यदि ।।१७।।

---

१. "तदा" इत्यपि ।

૯. પોતાના મહેલમાં રોજ સવારે ગમનાગમનને વિસ્તારતા એવા શ્રેષ્ઠીએ ચૈત્યને નહિ ઈચ્છતા એવા પણ પુત્રોની ચિંતા કરી. ૧૦૨.

૧૦. એક વાર ચૌમાસીના દિવસે ચૈત્યમાં જતા એવા તેને એક માલણ વડે ચાર સેરવાળી (ચાર લાઈનવાળી) પુષ્પોની માળા અપાઈ. ૧૦૩.

૧૧. (શ્રેષ્ઠીએ કહ્યું -) ધનના અભાવથી હું શી રીતે ગ્રહણ કરું ? તેણી (માલણ) વડે પણ તેને કહેવાયું - આ પ્રમાણે શા માટે બોલો છો ? આ સર્વે જે છે તે તમારું જ છે. ૧૦૪.

૧૨. હે દેવ ! તમારા કોળીયાઓ વડે (ધન વડે) અમે વૃદ્ધિને પામ્યા છીએ. અમે તમારા પુત્ર સમાન છીએ. અહીં શું પારકું છે ? (અર્થાત બધું આપનું જ છે.) ૧૦૫.

૧૩. એ પ્રમાણે કહીને તેણી વડે ધનદને માળા અર્પણ કરાયે છતે ધનદશ્રેષ્ઠી પણ હર્ષ-પૂર્વક માળાને ગ્રહણ કરીને અને પરમાત્માની પૂજા કરીને પરમાત્માની આગળ બેઠા. ૧૦૬.

૧૪. જેટલામાં આ શ્રેષ્ઠી ગુરુભગવંતે આપેલ શ્રી નવકારમંત્રના સ્મરણમાં એકાગ્રચિત્તવાળા થાય છે તેટલામાં દેવ પ્રગટ થયો. ૧૦૭.

૧૫. અને તેણે (દેવે) કહ્યું, જે સર્વ તમને દેખાય છે તે હું આદિનાથ ભગવાનનો સેવક કપર્દિ નામે યક્ષ છું. હે ભદ્ર ! (તમારે શું જોઈએ છે તે) તમે માગો. ૧૦૮.

૧૬. શ્રેષ્ઠીએ પણ કહ્યું - મને ધનની તેવા પ્રકારની કોઈ પણ સ્પૃહા નથી. પરંતુ પુત્રોની ધર્મની સ્થિરતા માટે (પુત્રો પણ ધર્મપ્રત્યે શ્રદ્ધાવાળા થાય તે માટે) કંઈક પ્રાર્થના કરાય છે. ૧૦૯.

૧૭. મારા વડે આજે જિનેશ્વર પરમાત્માની જે પૂજા કોઈ પણ જાતની અપેક્ષા વિના ભક્તિથી કરાઈ. જો આપ મારા પર પ્રસન્ન હો તો તેનું ફલ મને આપો. ૧૧૦.

सुरः प्राह न देवेन्द्रो-ऽप्यस्या दातुं फलं प्रभुः ।
अपि त्रैलोक्यराज्यं यद्दीयमानं तृणायते ।।१८।।

एकापि पूजा जैनेन्द्री, दुर्लभान्यपि लम्भयेत् ।
कल्पवल्ल्या अदेयं किं ?, किमज्ञेयं च योगिनाम् ? ।।१९।।

परं चतुर्षु कोणेषु, मन्दिरे तव भाविनः ।
सौवर्णाः कलशा द्रव्य-भृता मदुपदीकृताः ।।२०।।

इदं कुसुममात्रस्य, फलं जानीहि निश्चितम् ।
वैतरागी यतः पूजा, दत्ते मोक्षसुखान्यपि ।।२१।।

इत्युक्त्वान्तर्हिते देवे, श्रेष्ठी स्वं सौधमागतः ।
उवाच पुत्रान् भो भद्राः !, धर्म्मः कस्माद्विमुच्यते ? ।।२२।।

अविधेयाश्रयास्तेऽपि, प्रत्यूचुस्तं क्रुधाकुलाः ।
रे ! जरन्मूर्ख एवासि, कदर्थयसि किं पुनः ? ।।२३।।

व्यवसायेऽपि नोत्साहः, फलाऽभावे भवेन्नृणाम् ।
कः सन्दिग्धफले धर्म्मे-[१]ऽभियोगं कुरुते सुधीः ? ।।२४।।

ततोऽप्युवाच रे मूर्खाः !, कथं शीघ्रं फलोदयः ।
वृक्षोऽपि रोपितः काले, फलं यच्छति नारतः[२] ।।२५।।

---

१. संबन्धम् ।

२. न शीघ्रतः ।।

૧૮. દેવે કહ્યું, દેવેન્દ્ર પણ આનું (પૂજાનું) ફલ આપવાને માટે સમર્થ નથી. (આ પૂજાનું ફલ) અપાતું એવું ત્રણ લોકનું રાજ્ય પણ તૃણ સમાન મનાય છે. ૧૧૧.

૧૯. જિનેશ્વર પરમાત્મા સમ્બન્ધી કરાયેલી એક પણ પૂજા દુર્લભ એવી સામગ્રીને પણ પ્રાપ્ત કરાવે છે. કલ્પ વેલડી વડે શું ન અપાય ? અને યોગીઓ વડે (કેવલજ્ઞાનીઓને) શું ન જણાય. ૧૧૨.

૨૦. પરંતુ તમારા ઘરમાં ચારે ખૂણામાં ધનથી ભરેલા ભાવિ સુવર્ણ કલશો મારા વડે ભેટ રૂપે કરાયા છે. (સ્થાપન કરાયા છે.) ૧૧૩.

૨૧. આ ફૂલ માત્ર (પૂજા)નું ફલ તું નિશ્ચિત જાણ. જે કારણથી વીતરાગ સમ્બન્ધી (પરમાત્માની) પૂજા મોક્ષ સુખોને પણ આપે છે. ૧૧૪.

૨૨. એ પ્રમાણે કહીને દેવ અદૃશ્ય થયે છતે શ્રેષ્ઠી પોતાના મહેલમાં આવ્યો. પુત્રોને કહ્યું હે ભદ્રો ! તમારા વડે ધર્મ શા કારણથી મૂકાય છે ? ૧૧૫.

૨૩. આશ્રય વગરના, ક્રોધથી આકુલ થયેલા તે પુત્રોએ પણ તે શ્રેષ્ઠીની પ્રતિ કહ્યું, અરે ! વૃદ્ધ એવો તું મૂર્ખ જ છે. વળી તું કેમ કદર્થના કરાવે છે ? ૧૧૬.

૨૪. લોકોને ફલની પ્રાપ્તિના અભાવવાળા વ્યવસાયમાં પણ ઉત્સાહ હોતો નથી. (તો પછી) ફલના સંદેહવાળા ધર્મમાં કયો બુદ્ધિમાન પુરુષ સંબંધ કરે ? ૧૧૭.

૨૫. ત્યાર પછી શ્રેષ્ઠીએ પણ કહ્યું - અરે મૂર્ખો ! (ધર્મના) ફલનો ઉદય શીઘ્ર શી રીતે થાય ? વૃક્ષો પણ જે સમયે રોપાય છે તે સમયે ફળને આપે છે, પહેલાં નહિ. ૧૧૮.

पक्षान्तः स्यात्फलं चेत्त-त्सेव्यो धर्मोऽन्यथा तु नो ।
श्रुत्वेति तातवाणीं ते, किञ्चिद्धर्मोद्यमं व्यधुः ।।२६।।

तातोऽन्यदाऽवदद्वत्साः !, कोणेष्वेषु चतुर्ष्वपि ।
खनित्वाऽद्य विलोकध्वं, श्रीधर्म्मफलमुज्ज्वलम् ।।२७।।

श्रुत्वेति तैस्तथा कृत्वा, स्वर्णरत्नौघपूरिताः ।
स्वपुण्यानीव मूर्त्तानि, स्वर्णकुम्भा निरीक्षिताः ।।२८।।

सौवर्णकलशप्राप्ति-प्रीतास्तेऽपि ततो भृशम् ।
स्थिरचित्ताः प्रसन्नास्याः, श्रीधर्म्मं बहु मेनिरे ।।२९।।

अथ पुत्रयुतः श्रेष्ठी, पुनः स्वं नगरं ययौ ।
प्रान्ते तु व्रतमादाय, क्रमात्सुगतिभागभूत् ।।३०।।

एवं श्रीवीतरागस्य, पूजां कुरुत भो जनाः !।
यथा मोक्षसुखश्रीणां, यूयं भवथ भाजनम् ।।३१।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे पूजोपदेशश्चतुर्थः ।।४।।

૨૬. જો પંદર દિવસ પછી પણ (ધર્મના) ફલની પ્રાપ્તિ થાય તો આ ધર્મ સેવવા યોગ્ય છે અન્યથા નહિ. એ પ્રમાણે પિતાની વાણીને સાંભળીને તે પુત્રોએ ધર્મમાં થોડા ઉદ્યમને કર્યો. ૧૧૯.

૨૭. એક વખત પિતાએ કહ્યું. હે પુત્રો ! આજે ચારે ખૂણામાં ખોદીને તમે શ્રી જિનેશ્વર પરમાત્માના ધર્મના ઉજ્જવળ એવા ફળને જુઓ. ૧૨૦.

૨૮. એ પ્રમાણે સાંભળીને તેઓ (પુત્રો) વડે તે પ્રમાણે કરીને સુવર્ણરત્નના સમૂહથી ભરેલા પોતાના પુણ્યની જેમ સાક્ષાત્ સુવર્ણ કલશો જોવાયા. ૧૨૧.

૨૯. સુવર્ણ કલશોની પ્રાપ્તિથી ઘણા ખુશ થયેલા સ્થિર ચિત્તવાળા, પ્રસન્ન મુખવાળા તે (પુત્રો) પણ ત્યાર પછી શ્રી જિન ધર્મ પ્રત્યે ઘણા શ્રદ્ધાવાળા થયા. ૧૨૨.

૩૦. હવે પુત્રો સહિત શ્રેષ્ઠી ફરીથી પોતાના નગરમાં ગયો. અંતે વ્રતને ગ્રહણ કરીને અનુક્રમે સદ્ગતિને ભજનાર થયો. (અર્થાત્ સદગતિમાં ગયો.) ૧૨૩.

૩૧. હે ભવ્યજનો ! એ પ્રમાણે શ્રી વીતરાગ પરમાત્માની પૂજાને કરો કે, જેથી મોક્ષરૂપી લક્ષ્મીના તમે ભાજન થાઓ. ૧૨૪.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં પૂજાનો ઉપદેશ ચોથો છે. ॥

"उपदेश-५"

अष्टप्रकारां मनुजा जिनार्चनां, सृजन्तु सिध्यन्ति यथाष्टसिद्धयः ।
सहोदरा अष्ट यथा महर्द्धय-श्छित्त्वाष्टकर्म्माणि शिवश्रियं श्रिताः ।।१।।

विदेहे पुष्कलावत्यां, विजये पुण्डरीकिणी ।
पुरी पवित्रा तत्राऽस्ति, वरसेनाऽभिधो नृपः ।।१।।

षट्खण्डमण्डितां पृथ्वीं, साधयित्वा भुजोर्जितैः ।
स चक्रवर्त्ती सञ्जातो, विक्रमी विनयी नयी ।।२।।

अन्यदा सुयशास्तत्र, तीर्थकृत्समवासरत् ।
चक्रवर्त्त्यपि तत्राऽगात्, श्रोतुं तद्देशनामिति ।।३।।

जागर्त्ति यावदिह कालभुजङ्गमो न, पञ्चाननः स्वपिति यावदयं च कामः ।
यावद्विवेकपिहितास्ति च मोहरात्रि-र्निर्गच्छ संसृतिवनात्रिभृतोऽङ्ग तावत् ।।४।।

अत्रान्तरे समायाताः, सर्वाभ्यधिकरोचिषः ।
अष्टौ केऽपि सुरा भाभि-र्भूषयन्तो भुवस्तलम् ।।५।।

अथ नाट्यविधिं धर्म्म-देशनान्ते जिनाग्रतः ।
द्वात्रिंशद्भेदभङ्गीभिः, कृत्वा पृच्छन्ति ते जिनम् ।।६।।

अस्माकं भविता मोक्षः, कदा [१]स्वामिंस्तदादिश ।
किं वा पूर्वभवेऽकारि, पुण्यमेवंविधा यतः ।।७।।

१. "स्वामिन् ! ममादिश" "स्वामिंस्त्वमादिश" इत्यपि ।।

"ઉપદેશ-૫"

૧. જેવી રીતે આઠ સિદ્ધિઓ સિદ્ધ થાય (પ્રાપ્ત થાય) તેમ મનુષ્યો પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કરે, જેમ મહાન (ઘણી) ઋદ્ધિવાળા આઠે ભાઈઓએ આઠ કર્મનો ક્ષય કરીને મોક્ષરૂપી લક્ષ્મીનો આશ્રય કર્યો. ૧૨૫.

૧. મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નામની પવિત્ર નગરી છે ત્યાં વરસેન નામનો રાજા છે. ૧૨૬.

૨. ભુજાના બળ વડે છ ખંડની અખંડ (સંપૂર્ણ) પૃથ્વીને જીતીને તે પરાક્રમવાળો, વિનયવાળો, ન્યાયસંપન્ન ચક્રવર્તી થયો. ૧૨૭.

૩. એક વખત સુયશા તીર્થંકર ત્યાં પધાર્યા. ચક્રવર્તી પણ ત્યાં તેમની દેશનાને સાંભળવાને માટે ગયો. ૧૨૮.

૪. જ્યાં સુધી અહીં કાળરૂપી સર્પ જાગ્યો નથી, જ્યાં સુધી આ સિંહરૂપી કામ સૂતો છે અને જ્યાં સુધી મોહરૂપી રાત્રિ વિવેક વડે ઢંકાયેલી છે તેટલામાં હે જીવ ! તું સંસારરૂપી વનમાંથી નીકળી જા. ૧૨૯.

૫. એટલામાં સર્વ પ્રાણીઓથી અધિક કાંતિવાળા કોઈ પણ આઠ દેવતા આવ્યા (અને પોતાની) કાંતિ વડે પૃથ્વી તલને વિભૂષિત કરતા હતા. ૧૩૦.

૬. હવે ધર્મદેશનાને અંતે જિનેશ્વર પરમાત્માની આગળ બત્રીશ પ્રકારના ભાંગા વડે નાટકની વિધિને કરીને તેઓ જિનેશ્વર પરમાત્માને પૂછે છે. ૧૩૧.

૭. હે સ્વામિન્ ! અમારો મોક્ષ ક્યારે થશે ? અથવા પૂર્વભવમાં શું (કાર્ય) કરાયું ? કે જેથી આવા પ્રકારનું પુણ્ય બંધાયું. તે આપ જણાવો. ૧૩૨.

वरसेनोऽपि शुश्रूषु-स्तेषां पूर्वभवादिकम् ।
स्वामिना कथ्यमानां तत्-कथामाकर्णयेदिति ।।८।।

पुरा हि धातकीखण्डे, महालयपुरे वरे ।
इभ्यः सुदत्त इत्यासी-त्पत्नी तस्य तु रुक्मिणी ।।९।।

धनो १ ऽथ विमलः २ शङ्ख ३, आरक्षो ४ वरसेनकः ५ ।
शिवश्च ६ वरुणश्चैव, सुयशा ८ श्चाष्ट तत्सुताः ।।१०।।

अन्येद्युरष्टभेदायाः, पूजायाः फलमुत्तमम् ।
व्याख्यायमानं सूरीन्द्रैः, शृण्वन्ति स्मेति ते मुदा ।।११।।

वरगंध[1]धूव[2] चुक्खक्खएहिं[3] कुसुमेहिं[4] पवरदीवेहिं[5] नेवेज्ज[6] फल[7]
जलेहिं ८, जिणपूआ अट्ठहा भणिआ ।।१२।।

जो पूएइ तिसंज्झं, जिणिंदरायं सयावि गयदोसं ।
सो तइयभवे सिज्झइ, अहवा सत्तट्ठमे जम्मे ।।१३।।

इत्यादिदेशनां श्रुत्वा, तैरष्टाभिरपि स्फुटम् ।
संभूयैकैकभेदस्य, नियमः प्रत्यपद्यत ।।१४।।

तेषु प्राच्यः पवित्रात्मा, प्रातरानयते पयः ।
श्रीजिनस्याभिषेकाय, निर्म्मलं निजचित्तवत् ।।१५।।

चन्दनं स्वर्णकच्चोले, न्यस्य मर्दितकेसरम् ।
कर्पूरवासितं कृत्वा, द्वितीयः पुनरानयेत् ।।१६।।

૮. તેઓના પૂર્વભવ વગેરેને સાંભળવાની ઈચ્છાવાળા વરસેન પણ સ્વામી વડે (પરમાત્મા વડે) કહેવાતી તે કથાને સાંભળે છે. તે આ પ્રમાણે - ૧૩૩.

૯. પહેલા ધાતકી ખંડમાં શ્રેષ્ઠ એવા મહાલયપુર નામના નગરમાં સુદત્ત નામે શ્રેષ્ઠી હતો. વળી તેને રુક્મિણી નામની પત્ની હતી. ૧૩૪.

૧૦. હવે ૧. ધન ૨. વિમલ ૩. શંખ ૪. આરક્ષ ૫. વરસેન ૬. શિવ ૭. વરૂણ અને ૮. સુયશા નામે તેના આઠ પુત્રો હતા. ૧૩૫.

૧૧. એક વાર આચાર્ય ભગવંત વડે કહેવાતા અષ્ટપ્રકારી પૂજાના ઉત્તમ ફળને તેઓએ આનંદ વડે સાંભળ્યું. ૧૩૬

૧૨. શ્રેષ્ઠ ગંધ (ચંદન) ૨. ધૂપ ૩. ચોખા (અક્ષત) ૪. પુષ્પ વડે ૫. શ્રેષ્ઠ દીપક વડે ૬. નૈવેધ ૭. ફલ ૮. જલ વડે - એમ આઠ પ્રકારે જિનેશ્વર પરમાત્માની પૂજા કહેવાઈ. ૧૩૭.

૧૩. હંમેશા માટે નાશ પામ્યા છે દોષ જેમનામાંથી એવા જિનેશ્વરને જે ત્રિકાળ પૂજે છે તે ત્રીજે ભવે સિદ્ધ થાય છે અથવા સાતમે કે આઠમે ભવે મોક્ષમાં જાય છે. ૧૩૮.

૧૪. એ પ્રમાણે દેશના સાંભળીને તે આઠે પુત્રો વડે પણ એકઠા મળીને (પૂજાના) એક-એક ભેદનો નિયમ સ્વીકાર કરાયો. ૧૩૯.

૧૫. તે (પુત્રો) માં પવિત્ર છે આત્મા જેનો એવો પ્રથમ પુત્ર શ્રી જિનેશ્વર પરમાત્માના અભિષેકને માટે પ્રાતઃકાળમાં પોતાના ચિત્તની જેમ નિર્મળ જલને લાવે છે. ૧૪૦.

૧૬. વળી બીજો પુત્ર ઘસાયેલ કેસરવાળા ચંદનને સુવર્ણ પાત્રમાં સ્થાપન કરીને કર્પૂર વડે સુગંધિત કરીને લાવે છે. ૧૪૧.

कर्पूरागुरुकक्कोलकस्तूरीसिल्हकादिकाम् ।
समग्रां धूपसामग्रीं, तृतीयः प्रीतितः सृजेत् ।।१७।।

चतुर्थः शालिगोधूम-प्रमुखानुज्ज्वलच्छवीन् ।
अक्षतानक्षतं सौख्य-मिच्छुर्देवाय ढौकते ।।१८।।

चम्पकाशोकपुन्नाग-शतपत्राम्बुजादिकैः ।
गुञ्जद्विरेफैः पुष्पौघैः, पूजां पञ्चम आचरेत् ।।१९।।

षष्ठस्तु बान्धवो दीपं, कुरुते घृतपूरितम् ।
निराकर्त्तुमिव स्वीयं, तमस्तोमस्य विस्तरम् ।।२०।।

नानाजातीयपक्वान्न-परमान्नादिढौकनैः ।
नित्यं कृतार्थमात्मानं, निर्मिमीते तु सप्तमः ।।२१।।

बीजपूरकजम्बीर-पूगीफलपुरस्सराम् ।
नालिकेरफलैराढ्यां, फलालीं ढौकतेऽष्टमः ।।२२।।

एवमेकैकभेदेन, मध्याह्नेऽष्टविधाममी ।
कुर्वन्तोऽर्चा स्वपरयोः, सम्यक्त्वं निश्चलं व्यधुः ।।२३।।

अभिग्रहममुं तेषां, सर्वदाप्यनुतिष्ठताम् ।
पञ्चविंशतिलक्षाणि, पूर्वाणां व्यतिचक्रमुः ।।२४।।

अथ मासावधि प्रान्तेऽनशनं प्रतिपाल्य ते ।
पूर्णायुष्काः सुरा यूयं, जाताः शुक्रसुरालये ।।२५।।

૧૭. ત્રીજો પુત્ર કર્પૂર, અગરુ, કંકુ, કસ્તૂરી, સિલ્હક (સલ્લકી) વગેરે ધૂપની સંપૂર્ણ સામગ્રીને પ્રીતિથી બનાવે છે. ૧૪૨.

૧૮. જેનો ક્યારેય પણ નાશ નહીં થાય એવા અક્ષત સુખને પામવાની ઈચ્છાવાળો ચોથો પુત્ર ઉજ્જવલ કાન્તિવાળા (સારા) ચોખા - ઘઉં વગેરે દેવને (પરમાત્માને) અર્પણ કરે છે. ૧૪૩.

૧૯. પાંચમો પુત્ર ચંપા, અશોક, ગુંજારવ કરતાં ભમરાઓવાળા સો પાંદડાવાળા કમળ વગેરે પુષ્પોના સમૂહ વડે (પરમાત્માની) પૂજા કરે. ૧૪૪.

૨૦. છઠ્ઠો ભાઈ પોતાના આત્મામાં ફેલાયેલ અજ્ઞાનના સમૂહના વિસ્તારને દૂર કરવા માટે ઘી વડે પરિપૂર્ણ દીપક (પૂજાને) કરે છે. ૧૪૫.

૨૧. વળી સાતમો (પુત્ર) અનેક જાતિના ઉત્તમ મિષ્ટાન્ન ખીર વગેરેને અર્પણ કરવા વડે નિત્ય પોતાના આત્માને કૃતાર્થ કરે છે. ૧૪૬.

૨૨. આઠમો (પુત્ર) બીજોરુ, દાડમ, સોપારીપૂર્વક નાળિયેરના ફળ વગેરેથી યુક્ત ફૂલની શ્રેણીને પરમાત્માની સમક્ષ ધરે છે. ૧૪૭.

૨૩. એ પ્રમાણે એક એક પ્રકારની પૂજા વડે મધ્યાહ્ન કાલની આઠ પ્રકારની પૂજાને કરતા આ પુત્રોએ (ભાઈઓએ) સ્વ-પરનું સમ્યકત્વ દ્રઢ કર્યું. ૧૪૮.

૨૪. હંમેશાં આ અભિગ્રહના આચરતા એવા તેઓના પચીસ લાખ પૂર્વો વ્યતીત થયા. ૧૪૯.

૨૫. અંતે એક માસનું અનશન સ્વીકારી આયુષ્યને પૂર્ણ કરી હવે તમે મહાશુક્ર દેવલોકમાં દેવો થયા. ૧૫૦.

ततश्च्युत्वा विदेहेषु, विजयेऽत्रैव भोः सुराः ! ।
भविष्यथ नृपा यूयं, प्रौढदोःस्थामशालिनः ।।२६।।

तत्राप्यन्ते परिव्रज्या-मुपादाय गतस्पृहाः ।
अवाप्य केवलज्ञानं, यूयं यास्यथ निर्वृतिम् ।।२७।।

श्रुत्वेति वरसेनाद्या, अष्टधार्चाभवं फलम् ।
मुहुर्मुहुः श्लाघमाना, जिनं नत्वा गृहं ययुः ।।२८।।

इत्यष्टभेदपूजा-फलं निशम्य प्रमोदपूर्णहृदः ।
तत्रैव कुरुत यत्नं, यदि वो मुक्तिस्पृहा भवति ।।२९।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे पञ्चम उपदेशः ।।५।।

૨૬. હે દેવો ! ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં અહીં જ પુંડરિકિણી વિજયમાં અત્યંત પરાક્રમથી શોભતા એવા તમે રાજા થશો. ૧૫૧.

૨૭. ત્યાં પણ નિઃસ્પૃહી એવા તમે અંતે સંયમ ગ્રહણ કરી કેવલજ્ઞાન પામી મોક્ષમાં જશો. ૧૫૨.

૨૮. એ પ્રમાણે વરસેન વિગેરે અષ્ટપ્રકારી પૂજાથી થનાર ફલને સાંભળી વારંવાર પ્રશંસા કરતા પરમાત્માને નમસ્કાર કરીને ઘેર ગયા. ૧૫૩.

૨૯. એ પ્રમાણે અષ્ટપ્રકારી પૂજાના ફલને સાંભળીને પ્રમોદપૂર્ણ હૃદયવાળા તમને જો મોક્ષ મેળવવાની ઈચ્છા હોય તો ત્યાં જ પ્રયત્ન કરો. ૧૫૪.

॥ એ પ્રમાણે ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં પાંચમો ઉપદેશ છે. ॥

"उपदेश-६"

भवन्ति पुंसां जिनपादवन्दना-ऽभिसन्धिमात्रादपि सौख्यसम्पदः ।
विवन्दिषुर्वीरजिनं स दर्दुरो-ऽप्यभून्महर्द्धिस्त्रिदशो यथा दिवि ।।१।।

पुरे राजगृहे नन्दि-मणिकारः समृद्धियुक् ।
श्रीवीराद्धर्म्ममासाद्य, तमेवं कुरुतेऽन्वहम् ।।१।।

सामायिकप्रतिक्रान्ति-पौषधप्रमुखाः क्रियाः ।
मुमुक्षुरिव कुर्वाणः, समयं गमयत्यऽसौ ।।२।।

गृहीतपौषधो ग्रीष्मे-ऽन्यदा रात्रौ तृषार्दितः ।
उपवासत्रयप्रान्ते, स इत्थं ह्यचिन्तयत् ।।३।।

वापीकूपादिकान् वारि-पूरितान् कारयन्ति ये ।
तेषामेव प्रशस्या श्रीः, सर्वजन्तूपकारिणी ।।४।।

पौषधं पारयित्वाथ, प्रातर्निर्मितपारणः ।
कारयामासिवानेष, वापीमनुपमाकृतिम् ।।५।।

सत्रागारमठान् देवकुलानि विपिनानि च ।
तस्यां द्रव्यव्ययेनापि, सर्वतो निरमापयत् ।।६।।

तत्रासक्तमना धर्म्मे, सञ्जातशिथिलादरः ।
प्रान्ते तु षोडशासाध्य-व्याधिपीडाविसंस्थुलः ।।७।।

षोडश रोगाश्चैवमुक्ताः -

"ઉપદેશ-૬"

૧. જિનેશ્વર ભગવંતના ચરણોમાં વંદન કરવામાં જોડાવા માત્રથી પણ પુરુષોને સુખ-સંપતિઓ પ્રાપ્ત થાય છે. જેમ કે વીર જિનેશ્વરને વંદન કરવાની ઈચ્છાવાળો દેડકો પણ દેવલોકમાં ઘણી ઋદ્ધિવાળો દેવ થયો. ૧૫૫.

૧. પહેલા રાજગૃહ નગરમાં નંદી નામનો મણિકાર (મણિનો વેપારી) સમૃદ્ધિથી નંદી યુક્ત હતો. શ્રી વીર પરમાત્માથી ધર્મને પામીને હંમેશાં તે જ ધર્મને કરે છે. ૧૫૬.

૨. આ સામાયિક-પ્રતિક્રમણ-પૌષધ વિગેરે ક્રિયાને કરતો મોક્ષની ઈચ્છાવાળા (સર્વ કર્મથી મૂકાવાની ઈચ્છાવાળા) ની જેમ સમય પસાર કરે છે. ૧૫૭.

૩. એક વખત ઉનાળામાં અઠ્ઠમ તપને અંતે (અઠ્ઠમમાં) પૌષધ ગ્રહણ કરેલ રાત્રિના સમયે તૃષાથી પીડાતા તેણે હૃદયમાં એ પ્રમાણે વિચાર્યું. ૧૫૮.

૪. જેઓ જલથી પૂર્ણ વાવ-કૂવા વિગેરેને કરાવે છે. તેઓની જ સર્વ પ્રાણીઓને ઉપકારી એવી લક્ષ્મી વખાણવા લાયક છે. ૧૫૯.

૫. પૌષધ પારીને (જયણા કરીને) સવારે પારણું કરેલ આ (મણિકારે) સુંદર આકૃતિવાળી વાવ કરાવી. ૧૬૦.

૬. તેમાં ચારે બાજુ યજ્ઞશાલા, મઠ, દેવકુલિકાઓ, જંગલોને દ્રવ્યના વ્યયવડે પણ નિર્માણ કરાવરાવ્યા. ૧૬૧.

૭. તેમાં (વાવ વિગેરેમાં) આસક્ત મનવાળો તે ધર્મને વિષે અલ્પ આદરવાળો થયો. અંતે સોળ અસાધ્ય રોગની પીડાથી આકુલ-વ્યાકુલ થયો. ૧૬૨.

સોળ રોગો આ પ્રમાણે કહેવાયેલા છે –

कासे १ सासे २ जरे ३ दाहे ४, कुच्छिसूले ५ भगंदरे ६ ।
अरसा ७ अजीरए ८ दिट्ठी ९, पुट्ठिसूले १० अरोअए ।।१।।

कंडू १२ जलोअरे १३ सीस १४, कन्नवेअण १५ कुट्ठए १६ ।
सोल एए महारोगा, आगमंमि विआहिआ ।।२।।

वापीविमोहितस्वान्तो, मृत्वा तस्यामभूदयम् ।
दर्दुरः कर्म्मभिः को न, विडम्ब्येत सुधीरपि ? ।।८।।

वापीं दृष्ट्वाऽन्यदा जाति-स्मृतिं प्राप स दर्दुरः ।
अवज्ञातस्य धर्म्मस्य, ही ममाभूदिदं फलम् ।।९।।

ततो विरक्तः षष्ठादि, कुर्वन् पारणके पुनः ।
वाप्यामत्ति जनस्नानात्, प्रासुकं मृत्तिकोदकम् ।।१०।।

अन्यदोद्यानमायातं, तत्र वीरजिनेश्वरम् ।
लोकोक्त्या दर्दुरः श्रुत्वा, वन्दितुं निर्ययौ ततः ।।११।।

अथ श्रेणिकभूपालः, श्रीवीरं नन्तुमुत्सुकः ।
चलन्परिवृतः सैन्यै-र्नगरान्निरगाद्बहिः ।।१२।।

दर्दुरोऽपि चलन्मार्गे, नृपाश्वखुरमर्दितः ।
मृत्वा सौधर्म्मकल्पेऽभू-द्दर्दुराङ्काभिधः सुरः ।।१३।।

सामानिकानां चत्वारः, सहस्रास्तस्य जज्ञिरे ।
सर्वं तदनुमानेन, ज्ञातव्यं सम्पदादिकम् ।।१४।।

૧. ૧ कासे=ખાંસી, ઉધરસ ૨. सासे=શ્વાસ ૩. जरे=જરા ૪. दाहे=દાહ રોગ, આખા શરીરમાં બળતરા થવી. ૫. कुच्छिसूले=પેટમાં શૂળનો રોગ. ૬. भगंदरे= ભગંદર રોગ (ગુદા અને વૃષણની વચ્ચે થતું ગુમડું) ૭. अरसा=મસા ૮. अजीरए= મંદાગ્નિ, અજીર્ણ (પાચનશક્તિ અલ્પ) ૯. दिट्ठी=દૃષ્ટિ રોગ, ૧૦. पुट्ठिसूले=પીઠમાં શૂલની પીડા ૧૧. अरोअए=(ખાવાની) અરુચિ. ॥૧॥ ૧૬૩.

૨. ૧૨ कंडू=શરીરને ખણવું, ખજોળવું, જેમાં કાયમ ખણ્યા કરાય એવો રોગ ૧૩. जलोअरे=જલોદર રોગ, પેટમાં પાણીનો ભરાવ. ૧૪. सीस=મસ્તકનો રોગ, ૧૫. कन्नवेअण=કાનની વેદના ૧૬. कुट्ठए=કોઢ રોગ, આ સોળ મહારોગો શાસ્ત્રમાં કહેવાયેલા છે. ૧૬૪.

૮. વાવમાં મોહિત હૃદયવાળો મરીને આ તેમાં (વાવમાં) દેડકો થયો. કયો બુદ્ધિમાન પણ પુરુષ કર્મો વડે વિડમ્બના નથી પામતો ? ૧૬૫.

૯. એક વખત વાવ જોઈને તે દેડકો જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. ખરેખર ધર્મની અવગણનાનું મને આ ફળ પ્રાપ્ત થયું. ૧૬૬.

૧૦. તેથી (ત્યાર પછી) વૈરાગ્ય પામેલ છઠ્ઠ વગેરે કરતો પારણામાં વાવમાં લોકોના સ્નાનથી થયેલ અચિત માટી અને પાણી વાપરે છે. (ખાય છે.) ૧૬૭.

૧૧, એક વખત શ્રી વીર પરમાત્મા ઉદ્યાનમાં પધારેલ છે (એ પ્રમાણે) લોકોના કહેવાથી સાંભળીને તે દેડકો વંદન કરવા માટે નીકળ્યો. ૧૬૮.

૧૨. હવે સૈન્ય વડે પરિવરેલા, શ્રી વીર પરમાત્માને વંદન કરવા માટે ઉત્સુકતાવાળા શ્રેણિક રાજા ચાલતા નગરની બહાર નીકળ્યા. ૧૬૯.

૧૩. માર્ગમાં ચાલતા રાજાના ઘોડાની ખુરથી મર્દન કરાયેલ દેડકો પણ મરીને સૌધર્મ દેવલોકમાં દર્દુરાંક નામે દેવ થયો. ૧૭૦.

૧૪. તેને ચાર હજાર સામાનિક દેવો થયા, તેના અનુમાન વડે તેની બીજી પણ સંપત્તિ વિગેરેને જાણવી. ૧૭૧.

तत्राप्यवधिना ज्ञात्वा, वीरं वन्दितुमागतः ।
अतुच्छच्छविसम्भार-च्छादितापरदीधितिः ।।१५।।

स्वस्वस्थाननिविष्टेषु, शक्रक्ष्मापादिषु प्रभुः ।
गिरा योजनगामिन्या, प्रारेभे धर्म्मदेशनाम् ।।१६।।

स्थित्वा जिनान्तिकेऽन्येषां, कुष्ठिरूपं च दर्शयन् ।
व्यलिम्पत वपुर्जैनं, स दिव्यैश्चान्दनैः रसैः ।।१७।।

श्रेणिकाद्यास्तु जानन्ति, कुष्ठी कोऽप्येष दुष्टधीः ।
आः ! करोति स्वदेहोत्थ-रसिकाभिर्विलेपनम् ।।१८।।

इतो बहिर्गतः पापी, श्रीजिनाशातनाकरः ।
मारणीयो मया नून-मिति दध्यौ नृपस्तदा ।।१९।।

इतश्च स जिन १ क्ष्मापा २-ऽभय ३ शौकरिकान् ४ क्षुत
कृतपूर्व्विण उद्दिश्य, क्रमाद्वाक्यान्यमून्यवक् ।।२०।।

सद्यो म्रियस्व १ जीव त्वं २, चिरं जीव म्रियस्व वा ३ ।
मा जीव मा म्रियस्वेति ४, ततो रुष्टो भृशं नृपः ।।२१।।

देशनान्ते क्षणात्तस्मिन्, विद्युदुद्योतवद्गते ।
अप्राक्षीद्भूपतिर्वीरं, कोऽयं कुष्ठी ? प्रभो ! वद ।।२२।।

तत्राप्याशातनामेवं, यश्चकार दुराशयः ।
एतावत्समुदायेऽपि, शीर्षच्छेद्यः स निश्चितम् ।।२३।।

૧૫. અત્યંત કાંતિના સમૂહથી યુક્ત ઢાંકી દીધો છે સૂર્ય જેણે એવો તે દેવ ત્યાં પણ અવધિજ્ઞાન વડે જાણીને શ્રી વીર પરમાત્માને વંદન કરવા માટે આવ્યો. ૧૭૨.

૧૬. પ્રભુએ યોજનાગામિની વાણી વડે પોતપોતાના સ્થાને બિરાજમાન ઈન્દ્ર-રાજા વિગેરેને વિષે ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો. ૧૭૩.

૧૭. જિનેશ્વર પરમાત્માની (વીર જિનની) સમીપમાં રહીને બીજા પ્રાણીઓને કોઢિયાનું રૂપ બતાવતા તેણે (દેવે) દિવ્યચંદનના રસ વડે જિનેશ્વર પરમાત્માના શરીરને વિલેપન કર્યું. ૧૭૪.

૧૮. શ્રેણિક મહારાજા વિગેરે જાણે છે કે આ દુષ્ટ બુદ્ધિવાળો કોઈક કોઢિયો છે. અહો ! પોતાનાં દેહથી નીકળેલ પરૂ વડે વિલેપન કરે છે. ૧૭૫.

૧૯. અહીંથી બહાર ગયા પછી જિનેશ્વર પરમાત્માની આશાતનાને કરનાર તે પાપી મારા વડે ખરેખર મારવા યોગ્ય છે. એ પ્રમાણે ત્યારે રાજાએ વિચાર્યું. ૧૭૬.

૨૦. અહીં તે (દેવ) ૧. જિન ૨. રાજા (શ્રેણિક) ૩. અભયકુમાર ૪. શૌકરિક કસાઈની પ્રતિ પૂર્વે કરાયેલ છીંકને ઉદ્દેશીને અનુક્રમે આ વાક્યોને બોલ્યો. ૧૭૭.

૨૧. ૧. તું જલ્દી મર ૨. તું જીવ ૩. લાંબા કાલ સુધી જીવ અથવા મર ૪. જીવ નહીં અથવા મર નહીં. તેથી રાજા ઘણો ક્રોધાયમાન થયો. ૧૭૮.

૨૨. દેશનાના અંતે ક્ષણ માત્રમાં વીજળીના પ્રકાશની જેમ તે કોઢિયો ગયે છતે રાજાએ શ્રી વીર પરમાત્માને પૂછ્યું. હે પ્રભો ! આ કોઢીયો કોણ હતો ? તે કહો. ૧૭૯.

૨૩. આટલી સભામાં પણ દુષ્ટ આશયવાળા જેણે (કોઢિયાએ) આપની પણ આ પ્રમાણે આશાતના કરી. નિશ્ચયે તેનું મસ્તક છેદવા યોગ્ય છે. ૧૮૦.

जिनोऽप्युवाच राजेन्द्र !, नाऽयमाशातनाकरः ।
चान्दनेन रसेनैष, किन्तु चक्रे विलेपनम् ।।२४।।

वाक्यानि यानि सोऽवादी-त्तद्भावार्थमपि प्रभुः ।
उवाच श्रेणिकादीनां, तत्सम्बन्धं च मूलतः ।।२५।।

उक्तं च -

केसिं च वरं मरणं, जीवियमन्नेसिमुभयमन्नेसिं ।
दद्दुरदेविच्छाए, अहियं केसिंवि उभयंपि ।।१।।

इतश्च्युत्वा विदेहेषु, मोक्षमेष गमिष्यति ।
श्रुत्वेति विस्मयोत्फुल्ला, लोकाः स्वस्वगृहं ययुः ।।२६।।

जिनेशध्यानमात्रस्य, श्रुत्वेति फलमुत्तमम् ।
तत्रैव क्रियतां यत्नो, निर्वृतिर्वो भवेद्यथा ।।२७।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे षष्ठ उपदेशः ।।६।।

૨૪. જિનેશ્વરે પણ કહ્યું કે - હે રાજેન્દ્ર ! આ આશાતનાને કરનાર નથી, પરંતુ એણે ચંદનના રસ વડે વિલેપન કર્યુ છે. ૧૮૧.

૨૫. જે વાક્યો તે (દેવે) કહ્યા, તેના ભાવાર્થને પણ અને શ્રેણિક વગેરેના તેના સાથેના સંબંધને મૂળથી પ્રભુએ કહ્યો. ૧૮૨

કહ્યું છે કે -

૧. દર્દુર દેવની ઈચ્છાથી કેટલાકનું મરણ સારું હોય, કેટલાકનું જીવન, કેટલાકનું મરણ અને જીવન (બંને સારા) અને કેટલાકના મરણ અને જીવન બંને અહિત કરનાર છે.

૨૬. અહીંથી ચ્યવીને એ મહાવિદેહમાં મોક્ષમાં જશે. એ પ્રમાણે સાંભળીને વિસ્મયથી પ્રફૂલ્લિત થયેલા લોકો પોતપોતાના ઘરે ગયા. ૧૮૩.

૨૭. જિનેશ્વર પરમાત્માના ધ્યાન માત્રનું ફલ ઉત્તમ છે એ પ્રમાણે સાંભળીને ત્યાં જ યત્ન કરો. જેથી તમારો મોક્ષ થાય. ૧૮૫.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં છઠ્ઠો ઉપદેશ છે. ॥

"उपदेश-७"

अल्पापि पूजा विहिता जिनेशितुः, फलं महत्किं न तनोति देहिनाम् ? ।
कूष्माण्डवल्ली तनुकापि यच्छति, स्फारं फलं स्वाश्रितमानवेषु यत् ।।१।।

गूर्जरत्राभुवि त्राता, कुमारः परमार्हतः ।
अत्र चौलुक्यभूपालो, दृष्टान्तः परिकीर्त्यते ।।२।।

मालवान्तः क्वचित्पल्ल्या-मभूज्जैत्र इति श्रुतः ।
क्षत्रियः परलुण्टाक-चरटैः परिवारितः ।।१।।

मुष्णात्यनेकशः सार्थान्, पुष्णाति व्यसनान्यपि ।
भद्रप्रकृतिरप्येष, चौरसंसर्गदूषितः ।।२।।

अन्यदा जेसलो नाम, सार्थपः क्वापि पत्तने ।
गच्छन् [1]कथञ्चिद्विज्ञात-श्चरटैस्तैः सुदुर्म्मदैः ।।३।।

परःशतवणिक्पुत्रै-र्व्यवसायार्थिभिर्युतः ।
सहस्रैर्दशभिः प्रौढ-पृष्ठौहां च सवस्तुभिः ।।४।।

जैत्रस्तैश्चरटैः सर्वं, सार्थलोकमलुण्टयत् ।
सार्थपोऽप्युच्छलन्मन्युः, पुनः स्वं नगरं ययौ ।।५।।

तत्र विज्ञप्य राजानं, तस्यादाय बलं बहु ।
जघान पल्लीमागत्य, चरटानुत्कटानपि ।।६।।

---

१. ज्ञातः कथञ्चित्तु ।।

"ઉપદેશ-૭"

૧. જેમ કોડાની વેલડી નાની હોવા છતાં પણ પોતાને આશ્રિત માનવોને વિષે વિશાલ ફળને આપે છે. તેમ જિનેશ્વર પરમાત્માની કરાયેલી અલ્પ પણ પૂજા પ્રાણીઓને શું મહાન ફલને નથી આપતી ? ૧૮૬.

૨. અરિહંત પરમાત્માના ઉપાસક કુમારપાલ રાજા ગુજરાત દેશમાં રક્ષક હતા. અહીં કુમારપાલ ચૌલુક્ય વંશના રાજાનું દૃષ્ટાંત કહેવાય છે. ૧૮૭.

૧. માલવદેશમાં કોઈક પલ્લીમાં બીજા માણસોને લૂંટનાર એવા ચોરો વડે પરિવરેલ જૈત્ર એ પ્રમાણે પ્રસિદ્ધ ક્ષત્રિય હતો. ૧૮૮.

૨. ભદ્ર સ્વભાવવાળો આ (જૈત્ર) ચોરોના સંગથી દૂષિત થયેલ અનેકવાર સાર્થને લૂંટે છે: વ્યસનોને પણ પોષે છે. ૧૮૯.

૩. એક વખત કોઈક ગામમાં જતો જેસલ નામનો સાર્થપતિ, અત્યંત દુષ્ટ મદવાળા એવા તે ચોરો વડે કોઈક રીતે ઓળખાયો. ૧૯૦.

૪. વ્યાપાર કરવાના અર્થી એવા સોથી અધિક વણિક પુત્રોથી યુક્ત અને પ્રૌઢ (મજબૂત) એવી પીઠવાળા બળદોના દશહજાર વાહનોથી સહિત (તે જેસલ સાર્થપતિ ઓળખાયો - જણાવાયો.) ૧૯૧.

૫. જૈત્રે તે ચોરો વડે સાર્થના સર્વ લોકોને લૂંટાયા. સાર્થપતિ પણ ઉછળતા ક્રોધવાળો ફરીથી પોતાના નગરમાં ગયો. ૧૯૨.

૬. ત્યાં રાજાને વિનંતી કરીને તેના (રાજાના) ઘણા સૈન્યને લઈને પલ્લીમાં આવીને ૩૦૮૨ એવા ચોરોને હણ્યા. ૧૯૩.

जैत्रस्य तनयं बाल-मपि हत्वातिनिर्दयः ।
वालयित्वा निजं द्रव्यं, पुनः स्वं नगरं ययौ ।।७।।

बालहत्याविधायित्वा-त्तत्र राज्ञा स तर्ज्जितः ।
वैराग्यात्तापसीं दीक्षा-मादाय विदधे तपः ।।८।।

जैत्रोऽथ जीविताकाङ्क्षी, तदानीं सङ्कटात्ततः ।
नंष्ट्वा कथञ्चिदप्यागा[१]-दुरङ्गबलपत्तने ।।९।।

तत्र निःशम्बलत्वेन, दुःखी दारिद्र्यपीडितः ।
तस्थौ कर्म्मकरत्वेन ओढरव्यवहारिणः ।।१०।।

श्रीयशोभद्रसूरीणा-मुपदेशमनारतम् ।
श्रावं श्रावमसौ जज्ञे, सधर्म्महृदयो मनाक् ।।११।।

न हन्मि जन्तून्निर्मन्तू-न्न जल्पाम्यनृतं तथा ।
इत्याद्यभिग्रहांस्तस्य, पार्श्वे जग्राह स क्रमात् ।।१२।।

अन्यदा वार्षिके पर्व-ण्योढरोऽभ्यर्चितुं जिनम् ।
सार्द्धं जैत्रेण सद्वस्त्रो, जगाम जिनमन्दिरे ।।१३।।

तत्र पूजापरान्वस्त्रा-भरणाद्यैरलङ्कृतान् ।
लोकानालोक्य जैत्रोऽपि, मनस्येवमचिन्तयत् ।।१४।।

अहो ! प्राक्पुण्ययोगेन, भवेऽत्र सुभगा अमी ।
आगाम्यपि भवो ह्येषां, भावी भद्रङ्करः खलु ।।१५।।

---

१. "गाद् दूरमचलपत्तने" इत्यपि ।।

૭. જૈત્રના પુત્ર એવા બાળકની પણ હત્યા કરીને પોતાનું દ્રવ્ય મળવીને અત્યંત નિર્દય એવો તે જેસલ ફરીથી પોતાના નગરમાં ગયો. ૧૯૪.

૮. બાળહત્યાને કરવાથી ત્યાં (પોતાના ગામમાં) રાજા વડે તે (જેસલ) તિરસ્કાર કરાયો, વૈરાગ્યથી તાપસી દીક્ષાને ગ્રહણ કરીને તપ કર્યું. ૧૯૫.

૯. હવે જીવવાની ઈચ્છાવાળો જૈત્ર તે સમયના સંકટોથી કોઈપણ રીતે નાસી જઈને ઉરંગબલ નગરમાં ગયો. ૧૯૬.

૧૦. ત્યાં મુસાફરીનું ભાથું ન હોવાથી દુઃખી, દરિદ્રતાથી પીડાતો ઓઢર નામના વ્યાપારીને ત્યાં સેવક તરીકે રહ્યો. ૧૯૭.

૧૧. પ. પૂ. આ. ભ. શ્રી યશોભદ્રસૂરીના ઉપદેશને નિરંતર સાંભળતાં-સાંભળતાં આ થોડો ધર્મયુક્ત હૃદયવાળો થયો. ૧૯૮.

૧૨. નિરપરાધી પ્રાણીઓને હું નહીં હણું, તેમ જ અસત્ય વચન નહીં બોલું, વગેરે અભિગ્રહોને ક્રમસર આચાર્ય ભગવંત પાસે તેણે ગ્રહણ કર્યા. ૧૯૯.

૧૩. એક વખત વાર્ષિક પર્વમાં સારા વસ્ત્રવાળો ઓઢર નામનો વ્યાપારી જૈત્રની સાથે જિનેશ્વર પરમાત્માની પૂજા કરવા માટે જિનમંદિરમાં ગયો. ૨૦૦.

૧૪. ત્યાં વસ્ત્ર આભૂષણાદિ વડે અલંકૃત પૂજામાં તત્પર લોકોને જોઈને જૈત્રે પણ મનમાં એ પ્રમાણે વિચાર્યું. ૨૦૧.

૧૫. અહો ! પૂર્વના પુણ્યના યોગથી આ લોકમાં આ સદ્‌ભાગ્યવાળા થયા. એઓનો આગામી પણ ભવ કલ્યાણને કરનાર થાય. ખરેખર (એમનું) ભવિષ્ય કલ્યાણ કરનારું છે. ૨૦૨.

माघेऽप्येवमुच्यते -

हरत्यघं सम्प्रति हेतुरेष्यतः, शुभस्य पूर्वाचरितैः कृतं शुभैः ।
शरीरभाजां भवदीयदर्शनं, व्यनक्ति कालत्रितयेऽपि योग्यताम् ।।१।।

विष्णुं प्रति नारदोक्तिः -

जिनेन्द्रमहमप्याशु, पूजयामि ततो ध्रुवम् ।
यतो जिनेन्द्रपूजैव, प्रतिभूः सर्वसम्पदाम् ।।१।।

विमृश्येति पुरा द्यूत-जितैर्नवकपर्दकैः ।
आत्मीयैरेव पुष्पाणि, गृहीत्वाऽर्चितवान् जिनान् ।।१६।।

शुभाभिसन्धिपूतात्मोपवासं चापि तद्दिने ।
व्यधाद्गुरुमुखेनैष, भक्तिरङ्गतरङ्गितः ।।१७।।

मृत्वा क्रमात्स सञ्जातो, गूर्जरत्रानरेश्वरः ।
भूपः कुमारपालाख्यः, श्रावकः परमार्हतः ।।१८।।

ओढरोऽभूदुदय(?)नो, जयसिंहस्तु सार्थपः ।
हेमसूरिर्यशोभद्रः, एवं ते क्रमशोऽभवन् ।।१९।।

[१]कौङ्कणे च महाराष्ट्रे[२], [३]कीरे जालन्धरे[४] पुनः ।
[५]सपादलक्षे मेवाडे[६], [७]दीपे कासीतटे[८] तथा ।।२०।।

[९]कर्णाटे [१०]गूर्जरे [११]लाटे, सौराष्ट्रे[१२], [१३]कच्छसैन्धवे ।
[१४]उच्चायां चैव [१५]भम्भेर्यां [१६]मारवे [१७]मालवे तथा ।।२१।।

इत्यष्टादशदेशेषु, कलिकालेऽपि कश्मले ।
प्रावीवृतदमारिं यः, पुरा केनाप्यकारिताम् ।।२२।।

માઘમાં પણ એ પ્રમાણે કહેવાય છે -

૧. પૂર્વે શુભ કાર્યના આચરણ વડે કરાયેલું પુણ્ય ભવિષ્યના શુભનો હેતુ છે અને હમણાં પાપનું હરણ કરે છે. ત્રણે કાળમાં પણ આપનું દર્શન પ્રાણીઓની યોગ્યતાને સ્પષ્ટ કરે છે. ૨૦૩.

વિષ્ણુની પ્રતિ નારદ કહે છે -

૨. જે કારણથી જિનેશ્વર પરમાત્માની પૂજા જ સર્વસંપત્તિની સાક્ષી છે. તે કારણથી નિશ્ચયે હું પણ શીઘ્ર જિનેન્દ્રની પૂજા કરું છું. ૨૦૪.

૧૬. એ પ્રમાણે વિચાર કરીને જુગારમાં જીતાયેલ પોતાની જ નવકોડીવડે પુષ્પોને ગ્રહણ કરીને જિંનેશ્વર પરમાત્માને પૂજ્યા. ૨૦૫.

૧૭. ગુરુના મુખવડે ભક્તિના રંગથી ઉછાળા મારતા હૃદયવાળા શુભની અભિસંધિથી પવિત્ર થયો છે આત્મા જેનો એવા એણે (જૈત્રે) તે દિવસે ઉપવાસ પણ કર્યો. ૨૦૬.

૧૮. અનુક્રમે મરીને તે અરિહંત પરમાત્માનો પરમ શ્રાવક કુમારપાલ નામે ગુજરાત દેશનો રાજા થયો. ૨૦૭.

૧૯. ક્રમે કરીને ઓઢર તે ઉદાયન મંત્રી, સાર્થપતિ જેસલ તે જયસિંહ અને આચાર્ય યશોભદ્ર તે આચાર્ય હેમચંદ્રસૂરિ એ પ્રમાણે તેઓ થયા. ૨૦૮.

૨૦. કોંકણ, મહારાષ્ટ્ર, કીર, જાલન્ધર, સપાદલક્ષ, મેવાડ, દીપ તે પ્રમાણે કાસી તટમાં ૨૦૯.

૨૧. કર્ણાટક, ગુજરાત, લાટ, સૌરાષ્ટ્ર, કચ્છ, સૈન્ધવ, ઉચ્ચા, ભંભીરા, મારવાડ તેમજ માલવામાં (એ અઢાર દેશ). ૨૧૦.

૨૨. એ પ્રમાણે જેણે અઢાર દેશોમાં પાપી એવા કલિકાળમાં પણ જે પહેલા કોઈના વડે પણ નહિ કરાયેલો એવો અમારિ પટહ ફેલાવ્યો. ૨૧૧.

यदुक्तम् -

पूर्वं वीरजिनेश्वरेऽपि भगवत्याख्याति धर्म्मं स्वयं,
प्रज्ञावत्यभयेऽपि मन्त्रिणि न यां कर्त्तुं क्षमः श्रेणिकः ।
अक्लेशेन कुमारपालनृपतिस्तां जीवरक्षां
व्यधा-द्यस्यास्वाद्य[१] वचः सुधां स जयतु श्रीहेमचन्द्रो गुरुः ।।१।।

स्वस्ति श्रीमती पत्तने नृपगुरुं श्रीहेमचन्द्रं मुदा,
स्वःशक्रः प्रणिपत्य विज्ञपयति स्वामिंस्त्वया सुकृतम् ।

चन्द्रस्याङ्कमृगे यमस्य महिषे यादस्सु यादःपते-
र्विष्णोर्मत्स्यवराहकच्छपकुले देवाभयं तन्वता ।।२।।

यावज्जीवमिति श्रीमद्धर्म्मैकच्छत्रतां सृजन् ।
यो भावी गणभृत्प्राच्यः, पद्मनाभजिनेशितुः ।।२३।।

इत्यल्पपूजापि जिनेश्वराणां, भवेदमन्दाभ्युदयैकहेतुः ।
अतः समग्रेऽपि हि धर्म्मकार्ये, सैवानिशं मुख्यतया विधेया ।।२४।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे सप्तम उपदेशः ।।

* "संभार्याम्" इत्यपि । १. "ऽऽसाद्य" इत्यपि ।।

જે કહેવાયેલું છે કે -

૧. પહેલા ઐશ્વર્ય વિગેરે ગુણોથી યુક્ત વીર પરમાત્મા ધર્મને કહેતે છતે પણ બુદ્ધિશાળી અભયકુમાર મંત્રી હોતે છતે પણ જેને (જે જીવદયાને) કરવાને માટે શ્રેણિક મહારાજા સમર્થ ન થયા.

તે જીવરક્ષાને જેમના વચનામૃતનો આસ્વાદ કરીને કુમારપાલ રાજાએ સહજ રીતે કરાવી. તે શ્રી હેમચન્દ્ર ગુરુ જય પામો. ૨૧૨.

૨. કલ્યાણકારી લક્ષ્મીથી યુક્ત એવા પાટણમાં કુમારપાલ રાજાના ગુરુ શ્રી હેમચન્દ્રસૂરી ને હર્ષપૂર્વક સ્વર્ગલોકના ઈન્દ્ર પ્રણામ કરીને વિદિત કરે છે, હે સ્વામિ ! તમારા વડે આ સારું કરાયું કે -

હે દેવ ! અભયને વિસ્તારતા આપના વડે મૃગમાં ચન્દ્રને સ્થાન અપાયું, પાડા ઉપર યમને સ્થાન અપાયું, જળ-જંતુઓને વિષે જળ-જંતુઓના અધિપતિને સ્થાન અપાયું, મત્સ્ય વરાહ કાચબા ઉપર વિષ્ણુને સ્થાન અપાયું. ૨૧૩.

૨૩. યાવજ્જીવ (જીવનપર્યંત) શ્રીમદ્ પરમાત્માના ધર્મની એકછત્રતાનું સર્જન કરતાં જે પદ્મનાભ પરમાત્માના પ્રથમ ગણધર થશે. ૨૧૪.

૨૪. એ પ્રમાણે જિનેશ્વર પરમાત્માની અલ્પ પણ પૂજા અત્યંત કલ્યાણનું એકમાત્ર હેતુ થાય છે. એ કારણથી પણ ધર્મકાર્યમાં તે (જિનપૂજા) જ સઘળા હંમેશા મુખ્યપણે કરવા યોગ્ય છે. ૨૧૫.

॥ એ પ્રમાણે ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં સાતમો ઉપદેશ છે. ॥

"उपदेश-८"

अज्ञानभावादपि पूजितो जिनो, विश्राणयत्यात्मपदं नृणां यतः ।
अरण्यमध्यस्थितबिम्बपूजकः, स देवपालोऽपि हि मुक्तिमाप्तवान् ।।१।।

कस्यचिच्छ्रेष्ठिनो भृत्यो, देवपालोऽन्यदा वने ।
चारयन्महिषीरर्ह-द्विम्बमेकं व्यलोकत ।।१।।

अजानन्नपि तत्तत्त्वं, समीपतटिनीजलैः ।
प्रक्षाल्य पूजयामास, तद्विम्बं कुसुमादिभिः ।।२।।

अपूजिते (मया)ऽस्मिन्न मया, भोक्तव्यमिति निश्चयम् ।
कृत्वा समाधिसम्पन्नो, गमयामास वासरान् ।।३।।

वर्षारम्भेऽन्यदा नद्यां, पूरे जातेऽतिदुस्तरे ।
तस्थौ गेहे तदेकाग्र-स्तत्र गन्तुमशक्नुवन् ।।४।।

अस्मद्गेहेऽपि बिम्बानि, सन्ति तान्येव पूजय ।
श्रेष्ठिनेत्युच्यमानोऽपि, न भुङ्क्ते स्म स कर्म्मकृत् ।।५।।

अथ सप्तदिनप्रान्ते, नदीपूरेऽपसर्पिते ।
यावद्विम्बान्तिके याति, तावत्सिंहं ददर्श सः ।।६।।

तं भयङ्करमप्येषो-ऽवगणय्य शृगालवत् ।
तं देवं पूजयामास, किं न सिध्यति सत्त्वतः ? ।।७।।

तन्निश्चयेन सन्तुष्ट-स्तदधिष्ठायकः सुरः ।
प्राप्तः प्रत्यक्षतां प्राह, वरं वृणु महाशय ! ।।८।।

"ઉપદેશ-૮"

૧. જે કારણથી અજ્ઞાનભાવથી પણ કરાયેલ જિનેશ્વર પરમાત્માની પૂજા લોકોને મોક્ષપદને આપે છે. (જેમ કે) જંગલમાં રહેલ ભગવાનની પ્રતિમાને પૂજનાર તે દેવપાલ પણ મુક્તિને પામ્યો. ૨૧૬.

૧. કોઈક શ્રેષ્ઠિના સેવક (નોકર) દેવપાલે એક વખત વનમાં બળદોને ચરાવતા અરિહંત પરમાત્માની એક પ્રતિમાને જોઈ. ૨૧૭.

૨. તત્ત્વને નહિં જાણતા પણ તેણે નજીકની નદીના જલ વડે પ્રક્ષાલ કરીને પુષ્પ વિગેરેથી તે પ્રતિમાની પૂજા કરી. ૨૧૮.

૩. આ પરમાત્માની પૂજા કર્યા વિના મારા વડે ભોજન કરવા યોગ્ય નથી. (અર્થાત્ હું ભોજન નહીં કરું) એ પ્રમાણે નિશ્ચય કરીને સમાધિપૂર્વક દિવસો પસાર કરવા લાગ્યો. ૨૧૯.

૪. વર્ષાઋતુના આરંભમાં એક વખત નદીમાં અત્યંત દુઃખે તરી શકાય એવું મોટું પૂર આવતે છતે અભિગ્રહમાં એકાગ્ર બનેલો જંગલમાં જવા માટે અસમર્થ એવો તે ઘરે રહ્યો. ૨૨૦.

૫. અમારા ઘરમાં પણ પરમાત્માની પ્રતિમાઓ છે. તેમની જ પૂજા કરી લે. શ્રેષ્ઠી વડે એ પ્રમાણે કહેવાતે છતે પણ તે નોકર ભોજન કરતો નથી. ૨૨૧.

૬. હવે સાત દિવસ પછી નદીનું પૂર દૂર થયે છતે જ્યારે તે (જંગલમાં રહેલ) પ્રતિમાની નજીકમાં જાય છે તેટલામાં તેણે સિંહને જોયો. ૨૨૨.

૭. એણે (દેવપાલે) ભયંકર એવા સિંહની પણ શિયાળની જેમ અવગણના કરીને તે પ્રતિમાની પૂજા કરી. સત્ત્વથી શું સિદ્ધ થતું નથી ? ૨૨૩.

૮. તેના (દેવપાલના પૂજાના) નિશ્ચય વડે ખુશ થયેલ તે (પ્રતિમા) નો અધિષ્ઠાયક દેવ પ્રત્યક્ષ થયો (અને) કહ્યુ, હે મહાન આશયવાળા ! તું વરદાન માગ. ૨૨૪.

देवपालोऽभ्यधाद्राज्यं, मह्यं देहि सुरोऽब्रवीत् ।
सप्तमे दिवसे राज्यं, तव भावि न संशयः ।।९।।

तत्रैवाऽवसरे राजा, निष्पुत्रो मृतिमाप्तवान् ।
प्रधानैः पञ्चदिव्यानि, प्रकट्यन्ते स्म तत्क्षणात् ।।१०।।

सुरोक्तदिवसे तस्य, प्रसुप्तस्य, तरोस्तले ।
आगत्य तानि दिव्यानि, राज्यं प्राज्यमहं ददुः ।।११।।

साम्राज्ये तस्य जातेऽपि, केचनाज्ञां न मन्वते ।
कुर्वते प्रत्युतावज्ञां, नूनं कर्मकरो ह्यसौ ।।१२।।

देवपालोऽपि तं देव-मुपेत्येति व्यजिज्ञपत् ।
अलमेतेन राज्येन, वरं भृत्यत्वमेव मे ।।१३।।

देवोऽभ्यधात्कु(?)म्भकार-पार्श्वान्मृन्मयहस्तिनम् ।
कारयित्वा तमारुह्य, व्रजेस्त्वं राजपाटिकाम् ।।१४।।

एवं कृते तवावज्ञा, भाविनी न मनागपि ।
देवपालस्तथा चक्रे, सर्वत्राज्ञा ततोऽभवत् ।।१५।।

अस्थापयच्च तद्बिम्बं, प्रासादे निजकारिते ।
प्राचीननृपतेः पुत्री, तस्य भार्या बभूवुषी ।।१६।।

पुराद्बहिः स्थितं कञ्चि-द्वृद्धं वीक्ष्यान्यदा तु सा ।
गवाक्षस्था गता मूर्च्छा, पश्यतोऽपि क्षमापतेः ।।१७।।

૯. દેવપાલે કહ્યું. મને રાજ્ય આપો. દેવે કહ્યું, સાતમા દિવસે તને રાજ્ય મળશે, તેમાં સંશય નથી. ૨૨૫.

૧૦. તે જ સમયે પુત્ર રહિત એવો રાજા મૃત્યુને પામ્યો. તે ક્ષણથી પ્રધાનો વડે પાંચ દિવ્યો પ્રગટ કરાયા. ૨૨૬.

૧૧. દેવે કહેલ દિવસે (સાતમા દિવસે) વૃક્ષની નીચે સુતેલા તેને પાંચ દિવ્યોએ આવીને શ્રેષ્ઠ મહિમાવાળું રાજ્ય આપ્યું. ૨૨૭.

૧૨. તેને રાજાપણું પ્રાપ્ત થયે છતે પણ કેટલાક તેની આજ્ઞા માનતા નથી. પરંતુ ઉલ્ટી (તેની) અવજ્ઞા કરે છે કે ખરેખર આ તો નોકર છે. ૨૨૮.

૧૩. દેવપાલે પણ તે દેવને બોલાવીને એ પ્રમાણે વિનંતી કરી આ રાજ્યવડે સર્યું. (એના કરતાં તો) મારું સેવકપણું જ શ્રેષ્ઠ છે. ૨૨૯.

૧૪. દેવે કહ્યું - કુંભારની પાસેથી માટીનો હાથી કરાવીને તેના પર આરૂઢ થઈને તું રાજવાટિકામાં જા. ૨૩૦.

૧૫. એ પ્રમાણે કરવાથી તારી થોડી પણ અવજ્ઞા નહીં થાય. દેવપાલે એ પ્રમાણે કર્યું. ત્યાર પછી સર્વત્ર તેની આજ્ઞા થઈ. ૨૩૧.

૧૬. પોતે બંધાવેલ મહેલમાં તે (જંગલમાં રહેલી) પ્રતિમાની સ્થાપના કરાવી અને પ્રાચીન રાજાની (પહેલાના રાજાની) પુત્રી તેની પત્ની થઈ. ૨૩૨.

૧૭. એક વખત ગામથી બહાર રહેલ કોઈક વૃદ્ધને જોઈને ઝરૂખામાં રહેલી રાણી તે રાજા જોતે છતે પણ મૂર્છાને પામી. ૨૩૩.

आलापयत्सचैतन्यां, पुनस्तां मेदिनीश्वरः ।
सापि तं वृद्धमाकार्य, स्वस्वरूपं जगाविति ।।१८।।

अहमेतस्य वृद्धस्या-भवं प्राच्यभवे प्रिया ।
एतद्बिम्बार्चया देव !, त्वत्प्रियात्र भवेऽभवम् ।।१९।।

बहूक्तेऽपि मया नैष, देवं पूजितवान्विभो ! ।
तादृश्येवास्य तेनेय-मवस्थाद्यापि दृश्यते ।।२०।।

यदुक्तम् -

अडविहिं पत्ती नई, जल होइ नवूढा हत्थ ।
अज्रो एह कबाडीइं, अज्रवि सा जिअ व्रत्थ ।।१।।

प्रत्यभिज्ञाय तां तैस्तै-रभिज्ञानैर्निजां प्रियाम् ।
वृद्धोऽपि देवपूजादि-धर्मकार्यरतोऽभवत् ।।२१।।

देवपालनरेन्द्रोऽपि, स्वप्रासादे पुरीजनैः ।
नित्यं प्रवर्तयामास, ध्वजपूजादिकोत्सवान् ।।२२।।

पालयित्वा चिरं राज्यं, प्रान्ते व्रतपवित्रितः ।
तया च भार्यया युक्तः, स भूपः प्राप निर्वृतिम् ।।२३।।

श्रुत्वेति रङ्कमात्रेऽपि, तादृक् साम्राज्यवैभवम् ।
श्रीजिनेन्द्रस्य पूजायां, कः स्यान्मन्दादरः पुमान् ? ।।२४।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारेऽष्टम उपदेशः ।।८।।

૧૮. રાજાએ ફરીથી ચેતનાવાળી એવી તેણીને બોલાવી. તેણીએ પણ તે વૃદ્ધને બોલાવીને પોતાના સ્વરૂપને એ પ્રમાણે કહ્યું. ૨૩૪.

૧૯. પૂર્વ ભવમાં હું આ વૃદ્ધની પત્ની હતી. હે દેવ ! આ પરમાત્માની પ્રતિમાની પૂજા કરવા વડે આ ભવમાં હું તમારી પત્ની થઈ છું. ૨૩૫.

૨૦. હે વિભો ! મારા વડે ઘણું કહેવાયે છતે પણ એણે પરમાત્માની પ્રતિમાની પૂજા ન કરી તેથી આજે પણ આની (વૃદ્ધની) આવી દશા દેખાય છે. ૨૩૬.

જે કહ્યું છે કે –

૧. અટવીમાં નવી વહી રહેલી નદી પ્રાપ્ત થઈ છે. પાણી હાથમાં છે. હે આર્ય ! આજે પણ આ કુત્સિતં (બિચારી) વાડીની એની એ જ પરાભૂત અવસ્થા છે. (કારણ કે વાડી નદી પાસે જાય, તો પોતે લીલીછમ બને ને ? આ મારા પતિએ પરમાત્માને પૂજ્યા હોય, તો પોતે મારા જેવા બની શકે ને ?) ૨૩૭.

૨૧. તે - તે જ્ઞાન વડે પોતાની પ્રિયાને ઓળખીને વૃદ્ધ પણ દેવપૂજા વિગેરે ધર્મકાર્યમાં તત્પર બન્યો. ૨૩૮.

૨૨. દેવપાલ રાજાએ પણ નગરના લોકોની સાથે પોતાના મહેલમાં ધ્વજા-પૂજા વિગેરે ઓચ્છવોને હંમેશા કરાવ્યા. ૨૩૯.

૨૩. ઘણા કાલ સુધી રાજ્યનું પાલન કરીને અંતે વ્રતથી પવિત્ર થયેલ પત્ની યુક્ત તે રાજા મોક્ષને પામ્યો. ૨૪૦.

૨૪. ગરીબ માત્રને વિષે પણ તેવા પ્રકારના રાજ્યના વૈભવને સાંભળીને જિનેશ્વર પરમાત્માની પૂજામાં કયો પુરુષ અલ્પ આદરવાળો થાય ? ૨૪૧.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં આઠમો ઉપદેશ છે. ॥

"उपदेश-९'

जिनेन्द्रचन्द्रप्रतिमा तरीयते, निमज्जतां प्राणभृतां भवाम्बुधौ ।
तद्दर्शनादेव यतः प्रपन्नवान्, शय्यंभवः सूरिवरः सुदर्शनम् ।।१।।

श्रीजम्बूस्वामिनः शिष्याः, प्रभवस्वामिनोऽन्यदा ।
गच्छे सङ्घे च शिष्यार्थ-मुपयोगं वितेनिरे ।।१।।

तथाविधसुपात्रस्य, तस्मिन्ननुपलब्धितः ।
ददुस्तदुपयोगं ते, परकीयेऽपि दर्शने ।।२।।

तदा शय्यंभवं भट्टं, यज्ञनिर्म्मापणोद्यतम् ।
पुरे राजगृहेऽद्राक्षुः, श्रुतज्ञानोपयोगतः ।।३।।

सर्वविद्यागुणोपेतं, योग्यं तमवधार्य ते ।
प्राहिण्वन् शिक्षयित्वा स्वं, साधुयुग्मं तदन्तिके ।।४।।

ताभ्यां शय्यंभवोऽश्रावि, तत्र श्लोकार्द्धमीदृशम् ।
अहो ! कष्टमहो ! कष्टं, तत्त्वं न ज्ञायते पुनः ।।५।।

तयोरिति वचः श्रुत्वा, दध्यौ भट्टोऽपि विस्मितः ।
नूनमेतौ महात्मानौ, जातु नासत्यवादिनौ ।।६।।

तत्किमप्यत्र यत्तत्त्वं, तन्न विद्मो जडा वयम् ।
ततः पप्रच्छ यज्वानं, सोऽप्येवं तमभाषत ।।७।।

प्रष्टव्यमत्र किं नाम, यज्ञादेव यदात्मनाम् ।
रोगशान्तिः प्रजालाभो, विघ्नध्वंसश्च निश्चितम् ।।८।।

"ઉપદેશ-૯"

૧. ચંદ્રરૂપી જિનેશ્વર પરમાત્માની પ્રતિમા ભવરૂપી સમુદ્રમાં ડૂબેલા પ્રાણીઓને તારે છે. જે કારણથી જે જિનપ્રતિમાના દર્શનથી જ શ્રેષ્ઠ એવા શય્યંભવ સૂરી સમ્યગ્દર્શનને પામ્યા. ૨૪૨.

૧. શ્રી જંબૂસ્વામીના શિષ્ય શ્રી પ્રભવસ્વામીએ એક વખત ગચ્છમાં અને સંઘમાં શિષ્ય માટે ઉપયોગ મૂક્યો. ૨૪૩.

૨. તેવા પ્રકારના સુપાત્રનો તેમાં અભાવ હોવાથી બીજા દર્શનમાં પણ તેમણે ઉપયોગ મૂક્યો. ૨૪૪.

૩. ત્યારે શ્રુતજ્ઞાનના ઉપયોગથી રાજગૃહ નગરમાં યજ્ઞના નિર્માણમાં તત્પર એવા શય્યંભવ ભટ્ટને જોયા. ૨૪૫.

૪. સર્વ વિદ્યાગુણોથી યુક્ત તેને (શય્યંભવસૂરિને) યોગ્ય જાણીને તેઓએ પોતાના બે સાધુને શિક્ષણ આપીને તેમની (શય્યંભવ ભટ્ટ) પાસે મોકલ્યા. ૨૪૬.

૫. તે બન્ને પાસેથી શય્યંભવે - અહો ! ખેદની વાત છે, અહો ! ખેદની વાત છે (કે) (તમારા વડે) તત્ત્વ જણાતું નથી. એ પ્રમાણે અડધો શ્લોક સાંભળ્યો. ૨૪૭.

૬. તે બન્નેના એ પ્રમાણે વચનો સાંભળીને વિસ્મય પામેલ ભટ્ટે વિચાર્યું. ખરેખર આ બે મહાત્માઓ ક્યારેય પણ અસત્ય બોલનાર ન હોય. ૨૪૮.

૭. અહીં જે કાંઈ તત્ત્વ (રહસ્ય) છે તે જડબુદ્ધિવાળા અમે જાણતા નથી. ત્યાર પછી યજ્ઞ કરનારને પૂછયું. તેણે (યજ્ઞકર્તાએ) પણ તેને એ પ્રમાણે કહ્યું. ૨૪૯.

૮. અહીં શું પૂછવા યોગ્ય છે ? યજ્ઞથી જ પ્રાણીઓના રોગની શાંતિ, પ્રજાનું હિત અને વિઘ્નોનો નાશ નિશ્ચિત છે. ૨૫૦.

अश्रद्दधानस्तद्वाचं, खड्गमुत्पाट्य सोऽवदत् ।
करिष्ये त्वच्छिरश्छेदं, नोचेत्सत्यं वचो वद ।।९।।

तत्त्वं वाच्यं शिरश्छेदे, इति वेदवचः स्मरन् ।
यज्वा जगाद भो भट्ट !, योऽयमध्वरकीलकः ।।१०।।

तस्याधोभागभूम्यन्तर्निहिता प्रतिमार्हतः ।
विद्यते तत्प्रभावेण, क्षीयते विघ्नसन्ततिः ।।११।।

वैतालव्यन्तरप्रेत-शाकिनीराक्षसादयः ।
[1]अवश्यमध्वरं घ्नन्ति, प्रतिमामार्हतीं विना ।।१२।।

बाह्यस्तु विस्तरः शेषः, सर्वोऽप्युदरपूर्त्तये ।
आडम्बरं विना लोको, बालिशो नहि मन्यते ।।१३।।

खानयित्वा ततस्तत्र, गृहीत्वाऽर्चां जिनेशितुः ।
भट्टो जगाम शालायां, नत्वाऽपृच्छच्च तान् गुरून् ।।१४।।

किंलक्षणः किंस्वरूपो, देवोऽयमभिधा तु का ? ।
ईदृक्षाः स्युः कियन्तश्च, सर्वमावेद्यतां प्रभो ! ।।१५।।

रागादिविजयी तेजो-मयो मुक्तिपदस्थितः ।
देवः श्रीशान्तिनाथोऽयं, जिनानां षोडशः पुनः ।।१६।।

चतुर्विंशतिरीदृक्षा, भवन्तीत्यादिसूरिभिः ।
निवेद्यमाने तां भट्टो, दर्शं दर्शं व्यचिन्तयत् ।।१७।।

प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं, वदनकमलमङ्कः कामिनीसङ्गशून्यः ।
करयुगमपि यत्ते शस्त्रसम्बन्धवन्ध्यं, तदसि जगति देवो वीतरागस्त्वमेव ।।१८।।

सूरयोऽप्यूचिरे वेदपुराणादिष्वपीक्ष्यते ।
जिनस्यैव हि देवत्वं, यजुर्वेदवचो यथा ।।१९।।

---

१. "अधमा अ-" इत्यपि ।।

૯. તેના (યજ્ઞકર્તાના) વચન પર અશ્રદ્ધાવાળા તેણે તલવારને ઉપાડીને કહ્યું. જો સાચું નહિ બોલે તો તારું મસ્તક છેદી નાંખીશ. ૨૫૧.

૧૦. મસ્તકનો છેદ થવા આવે તો તત્ત્વ કહેવું જોઈએ, એ પ્રમાણે વેદવચનનું સ્મરણ કરતો યજ્ઞકર્તા બોલ્યો. હે ભટ્ટ ! જે આ યજ્ઞનો ખીલો છે. ૨૫૨.

૧૧. તેની નીચેની ભૂમિમાં અરિહંત પરમાત્માની પ્રતિમા સ્થાપન કરાયેલી વિદ્યમાન છે. તેના પ્રભાવથી વિઘ્નોની પરંપરા નાશ પામે છે. ૨૫૩.

૧૨. અરિહંત પરમાત્માની પ્રતિમા વિના વૈતાલ-વ્યંતર-પ્રેત-શાકિની-રાક્ષસ વિગેરે અવશ્ય યજ્ઞનો નાશ કરે છે. ૨૫૪.

૧૩. (પ્રતિમા વિના) બાકી તો બહારનો વિસ્તાર છે. સર્વ પણ ઉદરની પૂર્તિને માટે છે. આડંબર વિના મૂર્ખ લોકો પણ માનતા નથી. ૨૫૫.

૧૪. ત્યાર પછી ત્યાં ખોદાવીને પરમાત્માની પ્રતિમાને ગ્રહણ કરીને શય્યંભવ ઉપાશ્રયમાં ગયા અને નમસ્કાર કરીને તે ગુરુને પૂછ્યું. ૨૫૬.

૧૫. આ દેવનું લક્ષણ શું છે ? સ્વરૂપ શું છે ? શું નામ છે ? અને આવા પ્રકારના (દેવ) કેટલા થયા ? હે પ્રભો ! તે સર્વ જણાવો. ૨૫૭.

૧૬. રાગાદિ શત્રુઓ પર વિજય મેળવેલ, તેજથી યુક્ત, મોક્ષપદને પ્રાપ્ત કરેલ જિનેશ્વરોમાં આ સોળમા શ્રી શાંતિનાથ ભગવાન છે. ૨૫૮.

૧૭. આવા પ્રકારના ચોવીસ ભગવાન છે વગેરે આચાર્ય ભગવંત વડે નિવેદન કરાયે છતે તે શય્યંભવ ભટ્ટ તે પ્રતિમાને જોતો-જોતો વિચારવા લાગ્યો. ૨૫૯.

૧૮. પ્રશમરસમાં ડૂબેલા, પ્રસન્ન દૃષ્ટિવાળા, કમલના ચિહ્ન જેવા મુખવાળા, કામિનીના સંગથી રહિત, જેમના બન્ને હાથ પણ શસ્ત્રના સંબંધથી રહિત છે, તેથી તમે જ જગતમાં વીતરાગદેવ છો. ૨૬૦.

૧૯. આચાર્ય ભગવંતે પણ કહ્યું કે વેદ પુરાણાદિમાં પણ ખરેખર જિનેશ્વર પરમાત્માનું જ દેવપણું જોવાય છે. એ પ્રમાણે યજુર્વેદનું વચન છે. ૨૬૧.

जिनप्रमाणाङ्गुलादर्वी ॐ त्रैलोक्यश्रीप्रतिष्ठितान् चतुर्विंशतितीर्थंकरान् ऋषभाद्यान् वर्द्धमानान्तान् सिद्धान् शरणं प्रपद्यामहे ।

नागपुराणे -

अष्टषष्टिषु तीर्थेषु, यात्रया यत्फलं भवेत् ।
आदिनाथस्य देवस्य, स्मरणेनापि तत्फलम् ।।१।।

वास्तुविद्यायां -

प्रासादमण्डपच्छत्र-पर्यङ्कासनसद्ग्रहैः ।
निर्दोषदृष्ट्या मूर्त्या च, देवो नैव जिनात्परः ।।१।।

इति वेदपुराणोक्ताः, श्रुत्वा युक्तीरनेकशः ।
सम्यक्त्वं प्राप मिथ्यात्वं, विषवत्त्यक्तवानसौ ।।२०।।

तदैवोत्पन्नवैराग्यः, संसारासारतां विदन् ।
साधानां गृहिणीं मुक्त्वा, तत्पार्श्वे व्रतमग्रहीत् ।।२१।।

अधीत्य सर्वपूर्वाणि, प्राप्ताचार्यपदः क्रमात् ।
श्रीमान् शय्यंभवः सूरि-र्विजहार महीतले ।।२२।।

मनकं तनुकायुष्कं, ज्ञात्वा प्रव्राज्य च प्रभुः ।
दशवैकालिकग्रन्थं, स्वकृतं योऽध्यजीगपत् ।।२३।।

इति भूरितरं कालं, प्रबोध्य भविकव्रजम् ।
वीरादष्टाङ्क ९८ संख्येऽब्दे, स स्वःसाम्राज्यमन्वभूत् ।।२४।।

एवं जिनेन्द्रप्रतिमापि शुद्ध-प्रबोधहेतुर्भवतीति विज्ञाः ।
विज्ञाय तामेव यजन्तु येन, सृजेत् स्पृहां निर्वृतिकामिनी वः ।।२५।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे नवम उपदेशः ।।९।।

૧. ઋષભદેવથી મહાવીરસ્વામી સુધીના જિનેશ્વરોની પ્રતિમાના પ્રમાણસરથી આંગળીઓ લાંબી હતી. ત્રણ લોક સંબંધી લક્ષ્મીને પ્રાપ્ત કરેલ, ઋષભાદિથી માંડી શ્રી વર્ધમાનસ્વામી પર્યંત ચોવીશ તીર્થંકરોનું, સિદ્ધોનું શરણ અમે સ્વીકારીએ છીએ. ૨૬૨.

નાગપુરાણમાં -

૧. અડસઠ તીર્થોની યાત્રા વડે જે ફલ મળે છે તે ફલ આદિનાથ પરમાત્માના સ્મરણવડે પણ પ્રાપ્ત થાય છે. ૨૬૩.

વાસ્તુવિદ્યામાં -

૧. પ્રાસાદ, (દહેરાસર), રંગમંડપ, છત્ર, પર્યંકાસન ગ્રહણ કરવા વડે, નિર્દોષ દૃષ્ટિવાળી એવી મૂર્તિ વડે જિનેશ્વર પરમાત્મા વિના બીજો કોઈ દેવ નથી. ૨૬૪.

૨૦. એ પ્રમાણે વેદ અને પુરાણમાં કહેવાયેલ અનેક યુક્તિઓ સાંભળીને વિષની જેમ મિથ્યાત્વને ત્યાગ કરતો એ સમ્યક્ત્વને પામ્યો. ૨૬૫.

૨૧. ત્યારે જ ઉત્પન્ન થયેલ વૈરાગ્યવાળો, સંસારની અસારતાને જાણતો, ગર્ભિણી સ્ત્રીને મૂકીને તેમની પાસે વ્રતને ગ્રહણ કર્યું. ૨૬૬.

૨૨. બધા પૂર્વોને ભણીને અનુક્રમે આચાર્યપદને પ્રાપ્ત કરેલ શ્રીમાન્ શય્યંભવસૂરીશ્વરજી મહારાજાએ પૃથ્વી પર વિહાર કર્યો. ૨૬૭.

૨૩. આચાર્ય ભગવંતે મનકનું આયુષ્ય અલ્પ જાણીને અને (તેને) દીક્ષા આપીને પોતે રચેલ દશવૈકાલિક ગ્રંથ જેમણે મનકને ભણાવ્યો. ૨૬૮.

૨૪. આ પ્રમાણે ઘણા કાળ સુધી ભવ્ય જીવોના સમુદાયને પ્રતિબોધ કરીને વીર પરમાત્મા પછી ૯૮ (અઠ્ઠાણું) વર્ષ ગયે છતે તેમણે સ્વર્ગનું સામ્રાજ્ય અનુભવ્યું. ૨૬૯.

૨૫. એ પ્રમાણે જિનેશ્વરની પ્રતિમા પણ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનું કારણ થાય છે. એ પ્રમાણે જાણીને બુદ્ધિમાન પુરુષો તેની (જિનપ્રતિમાની) જ પૂજા કરો. જેથી તમારી મોક્ષ પામવાની ઈચ્છા સર્જાય. (પૂર્ણ થાય.) ૨૭૦.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં નવમો ઉપદેશ છે. ॥

"उपदेश-१०"

गतानुगत्यापि विधीयमाना, पूजा परां सम्पदमादधाति ।
चटत्प्रकर्षां प्रतिजन्म लक्ष्मीं, यथाऽऽप्य कीरोऽपि बभूव चक्री ।।१।।

वैताढ्यपर्वतोद्याने, क्वचिद्देवकुले वरे ।
अस्ति विद्याधरैः पूज्या, प्रतिमा काचिदार्हती ।।१।।

तथाविधां च तां दृष्ट्वा, कीरयोर्युग्ममन्यदा ।
आरण्यैः पत्रपुष्पाद्यैः, शुभभावमपूजयत् ।।२।।

इति भूरितरं कालं, सम्यक्त्वं प्राप्य पूजया ।
अभूतां प्रथमे कल्पे, सुभगौ सुरदम्पती ।।३।।

इतश्च रमणीयाख्ये, विजये जनसङ्कुले ।
श्रीमन्दिरे पुरे राजा, नरशेखरसंज्ञकः ।।४।।

प्रिया कीर्त्तिमती तस्य, कीरजीवस्ततश्च्युतः ।
अभूत्तदीयस्तनयो, नाम्ना तु मणिकुण्डलः ।।५।

नगर्यां विजयावत्यां, तत्रैव विजये तदा ।
रत्नचूडः क्षमापालो, महादेवी तु तत्प्रिया ।।६।।

कीरीजीवस्तयोः पुत्री, पुरन्दरजसेत्यभूत् ।
चित्रपट्टेऽन्यदा तस्याः, कुमारो रूपमैक्षत ।।७।।

प्राचीनभवसम्बन्धात्, गाढव्यामूढमानसः ।
तामुत्सवैः पितृभ्यां स, प्रेमतः पर्यणाय्यत ।।८।।

"ઉપદેશ-૧૦"

૧. ગતાનુગતિ વડે (એક-બીજાની દેખાદેખી) કરાયેલી પરમાત્માની પૂજા શ્રેષ્ઠ સંપત્તિને આપે છે. જેમ પોપટ પણ દરેક જન્મમાં ચડતા પ્રકર્ષવાળી લક્ષ્મીને પામીને ચક્રવર્તી થયો. ૨૭૧.

૧. વૈતાઢ્યપર્વતના ઉદ્યાનમાં કોઈક શ્રેષ્ઠ દેવકુલમાં વિદ્યાધર વડે પૂજનીય કોઈક અરિહંત પરમાત્માની પ્રતિમા છે. ૨૭૨.

૨. એક વખત પોપટયુગલે તેવા પ્રકારની તે પ્રતિમાને જોઈને જંગલી પત્ર-પુષ્પ વિગેરેથી શુભભાવપૂર્વક પૂજા કરી. ૨૭૩.

૩. એ પ્રમાણે ઘણા સમય સુધી પૂજા કરવા વડે સમ્યક્ત્વ પામીને પ્રથમ દેવલોકમાં સારા ઐશ્વર્યવાળા દેવ-દેવી થયા. ૨૭૪.

૪. અને આ બાજુ રમણીય નામની વિજયમાં લોકોથી વ્યાપ્ત શ્રી મન્દિર નગરમાં નરશેખર નામનો રાજા હતો. ૨૭૫.

૫. તેની (નરશેખર રાજાની) કીર્તિમતી નામે પત્ની હતી. પોપટનો જીવ ત્યાંથી ચ્યવીને મણિકુણ્ડલ નામે તેનો પુત્ર થયો. ૨૭૬.

૬. તે જ વિજયમાં વિજયવતી નગરીમાં ત્યારે રત્નચૂડ રાજા અને તેની પત્ની મહાદેવી હતી. ૨૭૭.

૭. પોપટીનો જીવ તેમની પુત્રી પુરન્દરજસા નામે થઈ. એક વખત ચિત્રપટમાં કુમારે તેણીના (પુરન્દરજસાના) રૂપને જોયું. ૨૭૮.

૮. પૂર્વભવના સંબંધથી અત્યંત વ્યામોહ પામેલ મનવાળો તે (કુમાર) માતાપિતાથી ઉત્સવો વડે હર્ષપૂર્વક તેણીની સાથે પરણાવાયો. ૨૭૯.

तौ तत्रापि भवे प्रीतौ, चिरं गार्हस्थ्यधारिणौ ।
प्रान्ते तु व्रतमादाय, स्वर्गे जग्मतुरश्रमम् ।।९।।

मणिकुण्डलजीवस्तु, च्युत्वा तस्मात्सुरालयात् ।
विजयेऽथ महाकच्छे, विजयादिपुरे वरे ।।१०।।

महासेननृपस्यासी-ल्ललिताङ्गाभिधः सुतः ।
तत्रैव विजया रम्या, पुरी परमभूषणा ।।११।।

पुरन्दरजसाजीवः, पूर्णकेतुनरेशितुः ।
तत्र पुत्री समुत्पन्ना, नाम्ना कमलल्लोचना ।।१२।।

मनोऽभिममतभर्त्तारं, सा वरीतुं समुत्सुका ।
प्रतिज्ञामेवमाधत्त, व्यक्तां सर्वसखीपुरः ।।१३।।

ज्योतिर्विद्या नभोगामि-विमानरचनापि च ।
राधावेधकला सर्प-विषनिग्रहणं तथा ।।१४।।

एतेष्वेकतमेनापि, प्रकारेणापि योऽधिकः ।
भर्त्तारं तं करिष्येऽह-मन्यथा वह्निरस्तु मे ।।१५।।

अथ प्रतिज्ञामेतस्याः, श्रुत्वा सोत्साहमानसाः ।
राजन्यास्तनयास्तत्त-त्कलाभ्यासं वितेनिरे ।।१६।।

अथ स्वयंवरे तस्याः, प्रारब्धे समहोत्सवम् ।
ललिताङ्गमुखास्तत्र, कुमारा उपतस्थिरे ।।१७।।

राधावेधे कुमारेण, साधिते सा नृपाङ्गजा ।
वरमालां गले तस्य, यावन्न्यस्यति सम्मदात् ।।१८।।

૯. ત્યાં પણ લાંબા કાલ સુધી ગૃહસ્થધર્મને ધારણ કરનારા તે બન્ને પ્રીતિવાળા થયા. અંતે વ્રતને ગ્રહણ કરીને સહજતાથી સ્વર્ગમાં ગયા. ૨૮૦.

૧૦. હવે મણિકુણ્ડલનો જીવ તે દેવલોકમાંથી ચ્યવીને મહાકચ્છ વિજયમાં શ્રેષ્ઠ વિજયાદિપુર નગરમાં - ૨૮૧.

૧૧. મહાસેન રાજાનો પુત્ર લલિતતાંગ નામે થયો. ત્યાં જ (મહાકચ્છ વિજયમાં) મનોહર અત્યંત સુશોભિત વિજયા નગરી છે. ૨૮૨.

૧૨. પુરન્દરજસાનો જીવ પૂર્ણકેતુ રાજાને ત્યાં કમલલોચના નામે પુત્રી તરીકે ઉત્પન્ન થયો. ૨૮૩.

૧૩. મન-પસંદ પતિને વરવા માટે ઉત્સુક એવી તેણીએ પોતાની બધી સખીઓ આગળ આ પ્રમાણે પ્રગટ પ્રતિજ્ઞાને ધારણ કરી. ૨૮૪.

૧૪. ૧. જ્યોતિષવિદ્યા ૨. આકાશગામી વિદ્યા ૩. વિમાન રચના ૪. રાધાવેધ તેમ જ ૫. સાપના વિષનો નિગ્રહ - ૨૮૫.

૧૫. એમાં એક પણ કલામાં જે અધિક હોય તેને હું પતિ કરીશ. અન્યથા મને અગ્નિ થાઓ. ૨૮૬.

૧૬. હવે આની પ્રતિજ્ઞાને સાંભળીને ઉત્સાહિત મન વાળા ક્ષત્રિય રાજપુત્રોએ તે તે કલાનો અભ્યાસ કર્યો. ૨૮૭.

૧૭. હવે મહોત્સવપૂર્વક તેણીનો સ્વયંવર પ્રારંભ થયે છતે લલિતાંગ વિગેરે કુમારો ઉપસ્થિત થયા. ૨૮૮.

૧૮. કુમાર વડે રાધાવેધ સધાયે છતે તે રાજપુત્રી અત્યંત હર્ષથી તેના (લલિતાંગના) ગળામાં જેટલામાં વરમાળા નાખે છે. ૨૮૯.

तावत्केनाप्यपाहारि, कन्यका खेचरेण सा ।
ज्योतिर्बलेन केनापि, तन्मार्गोऽथ निरूपितः ।।१९।।

आकाशगामुकं कश्चि-द्विमानं च विनिर्ममे ।
ललिताङ्गादयस्तेन, तस्याः पृष्ठे दधाविरे ।।२०।।

खेचरस्तैरधिक्षिप्तः, कन्यां तां विजने क्वचित् ।
विमुच्य योद्धुमारेभे, हतस्तावदयं च तैः ।।२१।।

यावत्कन्यान्तिके गत्वा, विमाने तां क्षिपन्ति ते ।
तावत्सर्पेण सा दृष्टा, वैषम्यं कर्म्मणां हहा ! ।।२२।।

ततः शिक्षितविद्येन, तन्मध्यस्थनरेण सा ।
केनापि जीविता सर्वे, तामादाय ततोऽचलन् ।।२३।।

कुर्वन्ति कलहं मार्गे, गच्छन्तस्ते पुरं प्रति ।
इयं ममैव भवित्ते-त्येवं प्रेमनियन्त्रिताः ।।२४।।

अथ तत्र पुरे प्राप्ताः, विवदन्ते तथैव ते ।
भूपश्चिन्तातुरः प्राह, मन्त्रिणं किं करिष्यते ? ।।२५।।

सोऽपि बुद्धिमतां धुर्यः, पप्रच्छ विजने कनीम् ।
अमीषां रोचते मध्ये, कस्तुभ्यमिति मे वद ।।२६।।

ललिताङ्गो ममाभीष्टो, मन्त्री श्रुत्वेति तद्वचः ।
अकारयत्पुरीबाह्य-प्रदेशे महतीं चिताम् ।।२७।।

૧૯. તેટલામાં કોઈક વિદ્યાધરવડે તે કન્યા હરણ કરાઈ. જ્યોતિષવિદ્યાના બળવાળાં કોઈક વડે તેનો માર્ગ જણાવાયો. ૨૯૦.

૨૦. કોઈકે આકાશગામી વિમાન રચ્યું અને લલિતાંગ વિગેરે તે વિમાન વડે તેની પાછળ દોડ્યા. ૨૯૧.

૨૧. લલિતાંગાદિ વડે તિરસ્કૃત કરાયેલા ખેચરે તે કન્યાને કોઈક નિર્જન સ્થળમાં મૂકીને યુદ્ધને માટે આરંભ કર્યો અને તેઓ (લલિતાંગાદિ) વડે આ (વિદ્યાધર) હણાયો. ૨૯૨.

૨૨. જેટલામાં કન્યાની પાસે જઈને તેને (કન્યાને) વિમાનમાં મૂકે છે તેટલામાં તેણી સર્પ વડે ડસાઈ, અહો ! કર્મોનું વિષમપણું (કેવું છે ?) ૨૯૩.

૨૩. ત્યાર પછી તેઓની મધ્યે રહેલ વિદ્યાને શીખેલ એવા કોઈ માણસ વડે તે (કન્યા) જીવિત કરાઈ. સર્વે (લલિતાંગાદિ) તેણીને લઈને ત્યાંથી ચાલ્યા. ૨૯૪.

૨૪. આ મારી જ થશે એ પ્રમાણે પ્રેમથી વશ થયેલા તેઓ (લલિતાંગાદિ) નગર તરફ જતાં માર્ગમાં કલહ કરે છે. ૨૯૫.

૨૫. હવે ત્યાં નગરમાં પહોંચેલા તેઓ તે પ્રમાણે જ વિવાદ કરે છે. ચિંતાતુર રાજાએ મંત્રીને કહ્યું. શું કરાશે ? ૨૯૬.

૨૬. બુદ્ધિશાળીઓમાં અગ્રેસર એવા તેણે (મંત્રીએ) પણ એકાન્તમાં કન્યાને પૂછ્યું. આ રાજકુમારોમાં તને કોણ પસંદ છે ? એ મને કહે. ૨૯૭.

૨૭. લલિતાંગ મને પસંદ છે એ પ્રમાણે તેના (કમલ લોચનાના) વચનોને સાંભળીને મંત્રીએ નગરીની બહારના ભાગમાં મોટી ચિતાને કરાવી. ૨૯૮.

आकार्य राजपुत्रांस्तान्, बभाषे मन्त्रिपुङ्गवः ।
मन्यध्वं किं न भो भद्राः !, ज्वलिष्यत्यन्यथा कनी ।।२८।।

मिथो मात्सर्यसंसक्त-मानसैस्तैरमानिते ।
चितायामविशत्कन्या, ललिताङ्गोऽपि पृष्ठतः ।।२९।।

अपरे तु त्रयस्तुच्छ-स्नेहास्तत्रैव संस्थिताः ।
हाहाकारपरो लोको, मिथः कोलाहलं व्यधात् ।।३०।।

तावन्मन्त्रिनियुक्तेन !, नरेण प्रकटीकृतम् ।
चिताधस्तनभूभागे, सुरङ्गविवरं रयात् ।।३१।।

प्रविश्य तद्युगं तत्र, ययौ मन्त्रिगृहे पुनः ।
प्रच्छन्नं कुरुते तत्र, स्नानपानादिकाः क्रियाः ।।३२।।

राजपुत्रास्त्रयस्ते तु, किञ्चित्सानुशयाशयाः ।
साहसं ललिताङ्गस्य, प्रशंसन्ति पदे पदे ।।३३।।

मन्त्रिणा ते पुनः पृष्टाः, युगलं तत्कदाचन ।
प्राप्नोति जीवितव्यं चेत्, ततस्तत्परिणाय्यते ।।३४।।

तेऽप्यूचुरत्र का पृच्छा ?, विवादं न वयं पुनः ।
करिष्याम इहार्थे तु, साक्षी सर्वोऽपि पूर्जनः ।।३५।।

प्रादुरासीत्ततो मन्त्रि-वाक्यात्तद्युगलं पुनः ।
पितृभ्यां च तयोस्तेने, पाणिग्रहमहोत्सवः ।।३६।।

૨૮. શ્રેષ્ઠ મંત્રીએ તે રાજપુત્રોને બોલાવીને કહ્યું - હે ભદ્રો ! તમે શા માટે માન્ય નથી કરતા ? અન્યથા (જો તમે માન્ય ન કરો તો) કન્યા બળી જશે. ૨૯૯.

૨૯. પરસ્પર માત્સર્ય વડે રંગાયેલ મનવાળા તેઓ નહીં માનતે છતે કન્યાએ ચિતામાં પ્રવેશ કર્યો. પાછળથી લલિતાંગે પણ ચિતામાં પ્રવેશ કર્યો. ૩૦૦.

૩૦. બીજા પણ તુચ્છ સ્નેહવાળા ત્રણે ત્યાં જ રહ્યા. હાહાકાર કરવામાં તત્પર લોકોએ પરસ્પર કોલાહલ કર્યો. ૩૦૧.

૩૧. તેટલામાં મંત્રી વડે નીમેલ માણસ વડે ચિતા પ્રગટ કરાઈ. ચિતાની નીચેની પૃથ્વીના ભાગમાં સુરંગનું બારણું ઉઘાડું કરાયું. ૩૦૨.

૩૨. પ્રવેશ કરીને તે જોડકું મંત્રીના ઘરમાં ગયું. વળી ત્યાં ગુપ્ત રીતે સ્નાન-પાનાદિક ક્રિયા કરે છે. ૩૦૩.

૩૩. કંઈક પશ્ચાતાપના આશયવાળા તે ત્રણે રાજપુત્રો લલિતાંગના સાહસની પગલે પગલે પ્રશંસા કરે છે. ૩૦૪.

૩૪. મંત્રી વડે તેઓ ફરીથી પૂછાયા. તે જોડકું કદાચ જીવતું થાય તો પછી તે પરણાવાય ? ૩૦૫.

૩૫. તેઓએ (ત્રણે રાજકુમારોએ) પણ કહ્યું - આમાં શું પૂછો છો ? વળી અમે વિવાદ નહીં કરીશું ? અહીં સર્વે પણ નગરના લોકો સાક્ષી માટે છે. ૩૦૬.

૩૬. ત્યાર પછી મંત્રીના વાક્યથી તે યુગલ ફરીથી પ્રગટ થયું અને માતા-પિતા વડે તે બન્નેનો વિવાહ-મહોત્સવ કરાયો. ૩૦૭.

तां पङ्कजाक्षीमादाय, ललिताङ्गः पुरे निजे ।
जगाम सुखमक्षामं, बुभुजे च तया समम् ।।३७।।

तौ तत्रापि भवे प्रीतौ, दिवं प्रव्रज्य जग्मतुः ।
[1]एवं तयोः प्रतिभवं, सुखाद्वैतमजायत ।।३८।।

दशमेऽथ भवे कीर-जीवः पीवरपुण्यवान् ।
विदेहे पुण्डरीकिण्यां, चक्रवर्त्ती बभूव सः ।।३९।।

कीरीजीवः पुनस्तस्य, मन्त्री मैत्रीपवित्रितः ।
चिरं राज्यसुखान्येतौ, स्नेहादनुबभूवतुः ।।४०।।

प्रान्ते प्राच्यभवान् ज्ञानि-पार्श्वे विज्ञातपूर्विणौ ।
प्रव्रज्य केवलज्ञान-मवाप्य च शिवं गतौ ।।४१।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे दशम उपदेशः ।।१०।।

---

१. प्रतिभवं तयोरवं ।

૩૭. કમલ સમાન લોચનવાળી તેને લઈને લલિતાંગ, પોતાના ગામમાં ગયો. તેણીનીં સાથે અત્યંત સુખને ભોગવે છે. ૩૦૮.

૩૮. ત્યાં પણ તે બન્ને પ્રીતિવાળા થયા. પ્રવજ્યા ગ્રહણ કરીને દેવલોકમાં ગયા. એ પ્રમાણે તે બન્નેના દરેક ભવ અત્યંત સુખવાળા થયા. ૩૦૯.

૩૯. હવે દશમા ભવમાં તે પોપટનો જીવ શ્રેષ્ઠ પુણ્યવાળો મહાવિદેહ ક્ષેત્રમાં પુંડરિકિણી નગરીમાં ચક્રવર્તી થયો. ૩૧૦.

૪૦. મૈત્રીથી પવિત્ર થયેલ પોપટીનો જીવ તેનો મંત્રી થયો. લાંબા (ઘણા) કાળ સુધી રાજ્ય સુખોને સ્નેહથી અનુભવ્યા છે. ૩૧૧.

૪૧. અંતે જ્ઞાનીની પાસે પૂર્વભવોને જાણેલ તે બન્ને પ્રવજ્યા ગ્રહણ કરીને કેવલજ્ઞાન પામીને મોક્ષમાં ગયા. ૩૧૨.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના પ્રથમ અધિકારમાં દશમો ઉપદેશ છે. ॥

"उपदेश-११"

क्रोधोदयेऽप्यर्हति पूज्यमाने, भवेत्सुबोधिः सुलभो नराणाम् ।
दृष्टान्तमत्र प्रकटं वदन्ति, तं वामनं श्रेष्ठिवरं कवीन्द्राः ।।१।।

नगर्यां वामनस्थल्यां, वामनः श्रेष्ठिपुङ्गवः ।
अभूत्कोटीध्वजः किन्तु, प्रकृत्येर्ष्यालुरुद्धतः ।।१।।

प्रासादं पुण्यशालां च, निर्माप्य स्वगृहान्तिके ।
धर्मकर्म करोत्येष, लक्ष्मीफलमिदं खलु ।।२।।

रत्नस्वर्णप्रवालादि-वस्तूनां तस्य पेटिकाः ।
अब्धिद्विप ८४ मिताः सन्ति, कुञ्चिकातालकैर्युताः ।।३।।

निरुद्यमा निरुत्साहाः, व्यवसायादिकर्म्मसु ।
दुर्विनीताः पशुप्राया-श्चत्वारस्तस्य नन्दनाः ।।४।।

कदाचित्तालकं दत्वा, मूर्खास्तत्रैव कुञ्चिकाम् ।
विस्मारयन्ति श्रेष्ठी तु, निर्भर्त्सयति तान् भृशम् ।।५।।

परं किमपि तच्छिक्षा, सुतानां लालगीति न ।
दुःशिष्याणामिवाप्तस्यो-पदेशः पुण्यपेशलः ।।६।।

संमुखं स्वपितुर्यत्तत्[1], ते हि जल्पन्ति दुर्धियः ।
कलहं कुर्वतां तेषा-मेवं गच्छन्ति वासराः ।।७।।

गच्छन् देवगृहेऽन्येद्युः, श्रेष्ठी पूजयितुं जिनान् ।
ग्रहीतुं चन्दनं यावत्, पेटामेकां विलोकते ।।८।।

---

१. "स्ते तु यत्तत् ज-" "स्तेऽपि यत्तज्ज-" इत्यादि ।

"ઉપદેશ-૧૧"

૧. ક્રોધના ઉદયમાં પણ અરિહંત પરમાત્માની પૂજા કરતે છતે માણસોને સમ્યકત્વ સુલભ થાય છે. અહીં જ્ઞાનીઓ શ્રેષ્ઠીવર્ય એવા તે વામનનું દૃષ્ટાંત સ્પષ્ટ રીતે કહે છે. ૩૧૩.

૧. વંથલી નગરમાં કરોડની ધ્વજાવાળો વામન નામનો શ્રેષ્ઠીપુરુષ હતો. પરંતુ સ્વભાવ વડે ઈર્ષ્યાળુ અને ઉદ્ધત હતો. ૩૧૪.

૨. આ (શ્રેષ્ઠી) પોતાના ઘરની પાસે દહેરાસર અને ધર્મશાળા (ઉપાશ્રય) બનાવીને ધર્મકાર્ય કરે છે. ખરેખર લક્ષ્મીનું ફલ આ છે. ૩૧૫.

૩. તેની પાસે રત્ન-સુવર્ણ-પ્રવાલ વિગેરે વસ્તુઓની તાળા-ચાવી સહિત ચોરાશી (૮૪) દ્વીપ સમુંદ્ર પ્રમાણ પેટીઓ છે. ૩૧૬.

૪. વ્યાપાર વિગેરે કાર્યમાં ઉત્સાહ અને ઉદ્યમ વિનાના દુર્વિનીત પ્રાયઃ પશુ સમાન તેને ચાર પુત્રો છે. ૩૧૭.

૫. કોઈક વખત તાળુ મારીને મૂર્ખ એવા તેઓ (પુત્રો) ચાવી ત્યાં જ ભૂલી જાય છે. વળી શ્રેષ્ઠી તેઓને (પુત્રોને) ઘણું લડે છે. ૩૧૮.

૬. પરંતુ મહાપુરુષોના સુંદર પુણ્યશાળી ઉપદેશ જેમ દુષ્ટ શિષ્યોને અસર કરતા નથી તેમ સારી એવી કોઈ પણ શ્રેષ્ઠીની શિક્ષા પુત્રોને અસર કરતી નથી. ૩૧૯.

૭. દુષ્ટ બુદ્ધિવાળા તે (પુત્રો) પોતાના પિતાની સામે જેમ-તેમ બોલે છે. એ પ્રમાણે કલેશ કરતાં તેઓના દિવસો પસાર થાય છે. ૩૨૦.

૮. એક દિવસ દહેરાસરમાં પરમાત્માની પૂજા કરવા માટે જતો શ્રેષ્ઠી જેટલામાં ચંદનને ગ્રહણ કરવા માટે એક મોટી પેટીને જુએ છે. ૩૨૧.

प्राग्वद्विस्मारितास्ताव-त्कुञ्चिकास्तासु वीक्ष्य सः ।
अभूत्क्रोधोद्धतः ताम्रलोचनः स्फुरदोष्ठकः ।।९।।

अहो ! सुतानां मूर्खत्व-महो ! हृदयशून्यता ।
पुनः पुनरिति ध्यायन्, क्रमाद्देवगृहं ययौ ।।१०।।

गृहे गत्वाऽद्य दुष्पुत्रां-स्तदहं मूर्खशेखरान् ।
नूनं निर्वासयिष्यामि, किमेभिः पापहेतुभिः ।।११।।

गयउं कडेवर देवहरि, मनमेल्हेवेवि णु हट्टि ।
दुहलाहां एकू नही, सूनी हुई ससट्टि ।।१।।

इत्यादि चिन्तयन्नेव, स देवाऽर्चा वितेनिवान् ।
परं पुत्रेषु दौरात्म्यं, न तत्याज [2]सुधीरयम् ।।१२।।

पूजाया अवसाने तु, कुर्वाणश्चैत्यवन्दनाम् ।
विधाय प्रणिधानं तु, भूमौ भालमलीलगत् ।।१३।।

दैवयोगात्तथावस्थः, पञ्चत्वं प्राप्तवानसौ ।
प्राणिनां प्राणितव्यं हि, तरङ्गतरलं यतः ।।१४।।

पुरे तत्रैव मृत्वाऽसौ, श्वपाकोऽभूदमुष्य तु ।
पूजानुभावा(?)न्मानुष्यं, दुर्ध्यानाच्च कुयोनिता ।।१५।।

चण्डालस्य कुले सोऽथ, शैशवातिक्रमे क्रमात् ।
सम्प्राप्तयौवनः स्वीयं, कुटुम्बं परिपालयेत् ।।१६।।

---

२. "कुधीरयम्" इत्यादि ।।

૯. તેટલામાં તેમાં (પેટીમાં) પહેલાની જેમ ભૂલાયેલી ચાવીઓને જોઈને લાલ આંખવાળો ફરકતા-ફરકતા હોઠવાળો તે શ્રેષ્ઠી ક્રોધથી ઉદ્ધત થયો. ૩૨૨.

૧૦. અહો ! પુત્રોનું મૂર્ખપણું (કેવું ?) અહો ! હૃદયની શૂન્યતા (કેવી ?) વારંવાર એ પ્રમાણે વિચારતો તે શ્રેષ્ઠી અનુક્રમે દહેરાસરમાં ગયો. ૩૨૩.

૧૧. આજે ઘરમાં જઈને મૂર્ખોમાં અગ્રેસર એવા દુષ્ટ પુત્રોને બહાર કઢાવીશ, ખરેખર પાપના હેતુભૂત એવા આ પુત્રો વડે શું ? ૩૨૪.

૧. કલેવર દેવગૃહમાં ગયું. મનને ખરેખર હાટ - (દુકાન) માં મેલ્યું. બે પ્રકારના લાભમાંથી એકે ન થયો, એ સટ્ટો સૂનો - (નકામો-ફોગટ) થયો. (અર્થાત્ પરમાત્મા પાસે જઈને જે વસ્તુ બદલામાં મેળવવા જેવી હતી એ પણ ન મેળવી શક્યો અને બજારમાં જઈને જે વસ્તુ બદલામાં મેળવવા જેવી હતી એ પણ ન મેળવી શક્યો અર્થાત્ ઉભયત્ર સોદો નકામો ગયો. ૩૨૫.

૧૨. વિગેરે વિચાર કરતા એવા તે શ્રેષ્ઠીએ પરમાત્માની પૂજા કરી પરંતુ સારી બુદ્ધિવાળા એણે (શ્રેષ્ઠી) પુત્રોને વિષે દુષ્ટપણાનો (ક્રોધનો) ત્યાગ કર્યો નહીં. ૩૨૬.

૧૩. પૂજા પૂર્ણ થયે છતે ચૈત્યવંદના કરતો મન-વચન-કાયાની એકાગ્રતાને ધારણ કરીને ભૂમિ પર મસ્તક અડાડ્યું. ૩૨૭.

૧૪. ભાગ્યવશથી તે જ અવસ્થાવાળો તે મૃત્યુ પામ્યો. જે કારણથી ખરેખર પ્રાણીઓનું જીવિતવ્ય મોજાઓની જેમ ચંચળ છે. ૩૨૮.

૧૫. આ (શ્રેષ્ઠી) મરીને તે જ નગરમાં ચંડાળ થયો. આ પરમાત્માની પૂજાના પ્રભાવથી મનુષ્યપણું અને દુર્ધ્યાનથી ખરાબ યોનિ પામ્યો. ૩૨૯.

૧૬. હવે ચંડાળના કુલમાં બાળપણ ઓળંગતે (છતે) અનુક્રમે યૌવન પામેલ તે પોતાના કુટુમ્બનું પાલન કરે છે. ૩૩૦.

चौर्य्यव्यसनवानेष, क्रमाज्ज्ञातोऽतिदुष्टधीः ।
दुष्पूरोदरकार्ये हि, मूढाः किं किं न कुर्वते ? ।।१७।।

गृहे गृहे स चौर्यार्थं, स्वार्थाय विहितोद्यमः ।
प्रयाति परकीयाणि, द्रव्याणि जरिहर्त्ति च ।।१८।।

अन्यदा प्राग्भवावासं, स्तेयार्थं प्रविवेश सः ।
तादृग्गृहस्वरूपं च, दृष्ट्वा जातिस्मृतिं ययौ ।।१९।।

अन्तःस्वान्तसमुद्भूत-क्रोधदष्टरदच्छदः ।
सुतान्वीक्ष्य स तादृक्षा-न्मनस्येवं विमृष्टवान् ।।२०।।

हाहा ! विनाशितं गेहं, वित्तं निर्गमितं मम ।
आलस्योपहतैरेतैः, साम्राज्यं कुनृपैरिव ।।२१।।

शिक्षामिदानीमेतेषां, तथा कुर्वे यथा पुनः ।
नैवंविधं वितन्वन्ती-त्यादि यावत्स चिन्तयेत् ।।२२।।

तावज्जागरिताः पुत्राः, दृष्ट्वा चण्डालतस्करम् ।
रे दुष्ट ! किमिदं चक्रे, पापिष्ठानिष्टदर्शन ! ।।२३।।

इत्यादि यत्तज्जल्पन्तः, प्रत्येकं ते चपेटया ।
प्राग्भवाभ्यासतस्तेन, क्रोधाध्मातेन जघ्निरे ।।२४।।

निबध्योपनृपं नीत-स्तैः स भूपोऽपि तं जगौ ।
किमेतदिति सोऽप्याह, स्वस्वरूपं सविस्तरम् ।।२५।।

૧૭. ચોરીના વ્યસનવાળો આ અનુક્રમે અત્યંત દુષ્ટ બુદ્ધિવાળો થયો, ખરખર મૂઢ પ્રાણીઓ દુઃખે કરીને પૂરાય એવા પેટ માટે (આજીવિકા માટે) શું શું કરતા નથી ? (અર્થાત્ જે-જે પાપકાર્ય કરવું પડે તે કરે.) ૩૩૧.

૧૮. પોતાના અર્થે ચોરી કરવા માટે કરાયેલ ઉદ્યમવાળો તે ઘરે-ઘરે જાય છે અને બીજાના ધનનું હરણ કરે છે. ૩૩૨.

૧૯. એક વખત તેણે પૂર્વભવના ઘરમાં ચોરી કરવા માટે પ્રવેશ કર્યો અને તેવા પ્રકારનું ઘરનું સ્વરૂપ જોઈને જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. ૩૩૩.

૨૦. હૃદયમાં ઉત્પન્ન થયેલ ક્રોધથી કચકચાવતા દાંત અને હોઠવાળો તે તેવા પ્રકારના પુત્રોને જોઈને મનમાં એ પ્રમાણે વિચારવા લાગ્યો. ૩૩૪.

૨૧. ખેદની વાત છે કે આલસથી દૂષિત થયેલ ખરાબ રાજાઓ વડે જેમ સામ્રાજ્ય વિનાશ પામે છે તેમ આ પુત્રો વડે મારું ઘર નાશ કરાયું અને ધન ખોવાયું. ૩૩૫.

૨૨. હમણા એઓને (પુત્રોને) તે પ્રમાણે શિક્ષા કરું કે જેથી ફરીથી આવા પ્રકારની પરિસ્થિતિ ન કરે વિગેરે જેટલામાં તે ચિંતવે. ૩૩૬.

૨૩. તેટલામાં જાગેલા પુત્રોએ ચંડાળ ચોરને જોઈને કહ્યું, અરે દુષ્ટ ! આ શું કર્યું ? હે પાપી ! તારું દર્શન પણ અનિષ્ટ છે. ૩૩૭.

૨૪. વિગેરે જેમ-તેમ બોલતા દરેકને થપ્પડ વડે કરીને પૂર્વભવના અભ્યાસથી અત્યંત ક્રોધથી ધમેલા ચોર ચંડાળ વડે તેઓ (પુત્રો) હણાયા. ૩૩૮.

૨૫. તેઓ વડે (પુત્રો વડે) ચોરને બાંધીને રાજાની પાસે લઈ જવાયો. રાજાએ પણ તેને (ચોરને) કહ્યું. આ શું છે ? તેણે પણ પોતાના સ્વરૂપને વિસ્તારસહિત એ પ્રમાણે કહ્યું. ૩૩૯.

चमत्कृतो नृपः प्राह, तं निजां भुङ्क्ष्व सम्पदम् ।
सोऽप्याह गृहवासेऽस्मिन्, रमते न मनो मम ।।२६।।

ततो नृपतिपुत्राद्याः, प्रबुद्धास्तच्चरित्रतः ।
सोऽपि श्रीधर्ममाराध्य, क्रमात् सुगतिभागभूत् ।।२७।।

अथ ते चिन्तयाञ्चक्रुः, पुत्रा हृदयचक्षुषा ।
अहो ! कियदुपक्रान्तं, पित्राऽस्माकं हितेच्छुना ।।२८।।

विमृश्येति समस्तास्ते, तातोक्तविहितादराः ।
ऐहिकामुष्मिके कार्ये, सोद्यमं विदधुर्मनः ।।२९।।

इति रोषजुषापि निर्मिता, जिनपूजा विफला बभूव न ।
तदहो ! जिनपूजने जनाः !, प्रयतध्वं शिवसौख्यकांक्षिणः ! ।।३०।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे एकादश उपदेशः ।।११।।

૨૬. ચમત્કાર પામેલ રાજાએ તેને (ચોરને) કહ્યું, તું પોતાની સંપત્તિ ભોગવ. તે (ચોરે) પણ કહ્યું, આ ગૃહવાસમાં મારું મન આનંદ પામતું નથી. ૩૪૦.

૨૭. ત્યાર પછી તેના વૃત્તાંતથી રાજા-પુત્રો વિગેરે બોધ પામ્યા. તે (ચોર) પણ શ્રી ધર્મની આરાધના કરીને અનુક્રમે સદ્ગતિને ભજનાર થયો. ૩૪૧.

૨૮. હવે તે પુત્રો હૃદય ચક્ષુ વડે વિચારવા લાગ્યા. અહો ! અમારા હિત ઈચ્છનાર પિતા વડે કેટલો બધો (ઘણો) ઉપકાર કરાયો. ૩૪૨.

૨૯. એ પ્રમાણે વિચારીને પિતાએ કહેલ વચન પર આદરવાળા સઘળા તે પુત્રોએ આલોક અને પરલોકના કાર્યમાં ઉદ્યમ સહિત મનને કર્યું. ૩૪૩.

૩૦. એ પ્રમાણે રોષ સહિત પણ કરાયેલી જિનપૂજા નિષ્ફળ ન થઈ. તેથી અહો ! મોક્ષસુખને પામવાની ઈચ્છાવાળા લોકો ! જિનપૂજામાં પ્રયત્ન કરો. ૩૪૪.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં અગ્યારમો ઉપદેશ છે ॥

"उपदेश-१२"

नादपूजां वितन्वन्ति ये मानवाः, श्रीजिनेन्दोः स्थिरस्फीतभावोद्यताः ।
तीर्थकृत्त्वं लभन्तेऽद्भुतं ते यथा, रावणो राक्षसानामधीशः पुरा ।।१।।

अस्ति लङ्कापुरी यत्र, त्रिकुटो नाम पर्वतः ।
दुर्गायते समुद्रस्तु, परिखोपमतां दधौ ।।१।।

आढ्यंभविष्णुर्विद्याभि-स्तत्र रावणभूपतिः ।
त्रिखण्डविजयी विश्व-कण्टको राक्षसाधिपः ।।२।।

तस्य मन्दोदरी भार्या, चतुःषष्टिकलास्पदम् ।
शीलरूपादयो यस्याः, गुणा वर्ण्याः सुरैरपि ।।३।।

तया सह विमानेन, प्रस्थितो रावणोऽन्यदा ।
यात्रायै सर्वतीर्थाना-मात्मपावनहेतवे ।।४।।

क्रमेणाष्टापदं प्राप्त-श्चतुर्विंशतितीर्थपान् ।
स्वस्ववर्णप्रमाणाद्यै-रुपेतान् पर्यपूपुजत् ।।५।।

दृष्ट्वाऽथ धरणेन्द्रं स, प्राप्तं तत्र महामनाः ।
अपृच्छत् पर्वतः कोऽयं, चैत्यं केन च कारितम् ? ।।६।।

अवादीद्धरणोऽप्येवं, रावणाग्रे सविस्तरम् ।
अष्टापदस्य माहात्म्यं, केवलज्ञानिभाषितम् ।।७।।

तथा च श्रीजिनप्रभसूरिपादाः -

"ઉપદેશ-૧૨"

૧. સ્થિર અને સુંદર ભાવમાં (ઉત્કૃષ્ટ એકાગ્રતામાં) તત્પર એવા જે મનુષ્યો ચંદ્રમા સમાન શ્રી જિનેશ્વર પરમાત્માની વાંજિત્ર પૂજા કરે છે તેઓ પૂર્વે રાક્ષસના સ્વામી રાવણની જેમ અદ્દ્ભુત તીર્થંકર નામકર્મને બાંધે છે. ૩૪૫.

૧. જ્યાં લંકા નામની નગરી છે ત્યાં ત્રિકુટ નામનો પર્વત કિલ્લા જેવું આચરણ કરે છે અને પરિખા (ખાઈની) ઉપમાને પામેલો સમુદ્ર છે. ૩૪૬.

૨. ત્યાં ત્રણ ખંડને જીતનાર, વિશ્વમાં કંટક સમાન રાક્ષસોનો અધિપતિ રાવણ નામનો રાજા વિદ્યાવડે ધનવાન (વિદ્વાન) હતો. ૩૪૭.

૩. ચોસઠ કલાના સ્થાનભૂત જેના શીલ-રૂપ વિગેરે ગુણો દેવતાઓ વડે પણ વખાણાયેલા છે એવી મંદોદરી નામની તેની પત્ની હતી. ૩૪૮.

૪. એક વંખત આત્માને પવિત્ર કરવાના હેતુથી (આત્મશુદ્ધિ માટે) સર્વ તીર્થોની યાત્રા કરવા માટે રાવણે તેણીની (મંદોદરીની) સાથે વિમાન વડે પ્રયાણ કર્યું. ૩૪૯.

૫. અનુક્રમે અષ્ટાપદ તીર્થમાં ગયેલા તેણે પોતપોતાના વર્ણ પ્રમાણાદિ વડે યુક્ત ચોવીશ તીર્થંકરોની વિશેષ પ્રકારે પૂજા કરી. ૩૫૦.

૬. સુંદર મનવાળા રાવણે (અષ્ટાપદ પર્વત પર) ત્યાં આવેલ ધરણેન્દ્રને જોઈને પૂછ્યું, આ કયો પર્વત છે ? અને દહેરાસર કોના વડે કરાવાયેલું છે ? ૩૫૧.

૭. ધરણેન્દ્રે પણ કેવલજ્ઞાની વડે કહેવાયેલા અષ્ટાપદ તીર્થના મહિમાને વિસ્તારપૂર્વક રાવણની આગળ કહ્યો.

શ્રી જિનપ્રભસૂરીશ્વરજી મહારાજાના શ્લોકો તે પ્રમાણે છે : - ૩૫૨.

यस्मिन्नष्टापदभू-दष्टापदमुख्यदोषलक्षहरः ।
अष्टापदाभ ऋषभः, स जयत्यष्टापदगिरीशः ।।१।।

ऋषभसुता नवनवतिर्बाहुबलिप्रभृतयः प्रवरयतयः ।
यस्मिन्नभजन्नमृतं, स जयत्यष्टापदगिरीशः ।।२।।

अभजन्निर्वृतियोगं, वियोगभीरव इव प्रभोः समकम् ।
यत्रर्षिदशसहस्राः, स जयत्यष्टापदगिरीशः ।।३।।

रत्नत्रयमिव मूर्त्तं, स्तूपत्रितयं चितित्रयस्थाने ।
यत्रास्थापयदिन्द्रः, स जयत्यष्टापदगिरीशः ।।४।।

भरतोऽरचयच्चैत्यं, योजनदीर्घं तदर्धपृथुमानम् ।
क्रोशत्रयोच्चमुच्चैः, स जयत्यष्टापदगिरीशः ।।५।।

स्वस्वाकृतिमितिवर्णा-ङ्कवर्णितान् वर्त्तमानजिनराजान् ।
भरतो वर्णितवानिह, स जयत्यष्टापदगिरीशः ।।६।।

भरतेन मोहसिंहं, हन्तुमिवाष्टापदः कृतोऽष्टपदः ।
शुशुभेऽष्टयोजनो यः, स जयत्यष्टापदगिरीशः ।।७।।

यस्मिन्ननेककोट्यो, महर्षयो भरतचक्रवर्त्याद्याः ।
सिद्धिं साधितवन्तः, स जयत्यष्टापदगिरीशः ।।८।।

क्षालयितुमिव स्वैनो, जैनो यो गङ्गयाश्रितः परितः ।
सन्ततमुल्लोलकरैः, स जयत्यष्टापदगिरीशः ।।९।।

૧. જ્યાં આઠ પગથિયા (પાજ) છે અને જ્યાં મુખ્ય આઠ કર્મરૂપ દોષોને દૂર કરનારા તથા સુવર્ણ સમાન કાંતિવાળા એવા ઋષભદેવ પરમાત્મા બિરાજમાન થયા, તે-અષ્ટાપદ ગિરીન્દ્ર જય પામે છે. ૩૫૩.

૨. શ્રેષ્ઠ યતિ એવા બાહુબલી વિગેરે ઋષભદેવના નવ્વાણું પુત્રો જેના ઉપર નિર્વાણને પામ્યા. તે અષ્ટાપદ પર્વત જય પામે છે. ૩૫૪.

૩. જાણે સ્વામીના વિયોગથી ભય પામેલા હોય તેવા દશહજાર મુનિઓ પ્રભુની સાથે જ્યાં નિર્વાણ યોગને પામ્યા. તે અષ્ટાપદ પર્વત જય પામે છે. ૩૫૫.

૪. જેની ઉપર ઈન્દ્ર મહારાજાએ (પ્રભુ, ગણધર, મુનિની) ત્રણ ચિતાના સ્થાને જાણે સાંક્ષાત્ રત્નત્રય ન હોય એવા ત્રણ સ્તૂપ કરાવ્યા. તે અષ્ટાપદ પર્વત જય પામે છે. ૩૫૬.

૫. જેની ઉપર એક યોજન લાંબુ, અડધો યોજન પહોળું, ત્રણ કોશ ઉંચું, દહેરાસર ભરત મહારાજાએ રચ્યું. તે અષ્ટાપદ પર્વત જય પામે છે. ૩૫૭.

૬. અહીં ભરત મહારાજાએ પોતપોતાની આકૃતિ, પ્રમાણ, વર્ણ અને લાંછનથી ઓળખાતા વર્તમાન જિનેશ્વરોના બિમ્બોને રચ્યા, તે અષ્ટાપદ પર્વત જય પામે છે. ૩૫૮.

૭. ભરત મહારાજા વડે મોહરૂપી સિંહને હણવા માટે જાણે આઠ પગ (પર્વતપક્ષે પાજ) વાળો અષ્ટાપદ પ્રાણી સર્જાયો (એક-એક યોજનવાળી એક-એક પાજ એમ) આઠ યોજનવાળો જે અષ્ટાપદ શોભી ઉઠ્યો, તે અષ્ટાપદ પાજ પર્વત જય પામે છે. ૩૫૯.

૮. જેની ઉપર ભરત ચક્રવર્તી વિગેરે અનેક કરોડ મહાન ઋષિઓએ સિદ્ધિને સાધી. (અર્થાત્ મોક્ષ પામ્યા) તે અષ્ટાપદ પર્વત જય પામે છે. ૩૬૦.

૯. જાણે પોતાના અપરાધને ધોઈ નાખવા હંમેશાં ઉછાળતા મોજાઓ રૂપી હાથો દ્વારા ગંગાએ જૈન એવા જે પર્વતનો ચોતરફથી (ચારે બાજુથી) આશ્રય કર્યો છે તે અષ્ટાપદ પર્વત જય પામે છે. ૩૬૧.

यत्र जिनतिलकदाना-द्दमयन्त्यापे कृतानुरूपफलम् ।
भाले भास्वत्तिलकं, स जयत्यष्टापदगिरीशः ।।१०।।

चतुरश्चतुरोऽष्टादश, द्वौ चापाच्यादिदिक्षु जिनराजान् ।
यत्र स्तौति शिवार्थी, स जयत्यष्टापदगिरीशः ।।११।।

एता एकादशगाथाः श्रीतीर्थकल्पे ।।

श्रुत्वेति गिरिमाहात्म्यं, दशग्रीवः प्रमोदवान् ।
गीतनृत्यविधिं तत्र, प्रारेभे भार्यया समम् ।।८।।

नृत्यं मन्दोदरी वीणावादनं च दशाननः ।
जिनाग्रे चक्रतुः प्रीत्या, धरणेन्द्रे पुरस्थिते ।।९।।

अथ नाट्यरसोत्कर्षे, जाते प्रीतिपदे नृणाम् ।
तुत्रोट तन्त्री(तुत्रोट)वीणायाः, सम्पत्तिरिव पापिनः ।।१०।।

रावणो रसभङ्गं तं, विज्ञाय भुजकोटरात् ।
आचकर्ष स्नसामेकां, प्रलम्बामविलम्बतः ।।११।।

संयोज्य तत्र तामाशु, वीणां प्राग्वदवीवदत् ।
तस्योपरि तदा देवाः, पुष्पवर्षं वितेनिरे ।।१२।।

रावणस्तीर्थकृत्कर्म्म, तदोपार्ज्ञयदद्भुतम् ।
किं न दत्ते यतो जैनी, भक्तिः कल्पलताधिका ।।१३।।

सन्तुष्टो धरणेन्द्रोऽपि, तस्मै पुण्यवते ददौ ।
अमोघविजयां शक्तिं, त्रैलोक्यजयकारिणीम् ।।१४।।

एवं तत्र स्नात्रनृत्यो[१]त्सवोघैः, सर्वे जन्म स्वं कृतार्थं विधाय ।
जग्मुः स्वस्वस्थानके प्राणिवर्गा-स्तस्मादेवं पूजनीया जिनेन्द्राः ।।१५।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे द्वादश उपदेशः ।।१२।।

---

१. "त्सवाद्यैः" इत्यपि ।

૧૦. જ્યાં જિનેશ્વર ભગવંતને (રત્ન) તિલકને અર્પણ કરવાથી દમયન્તી વડે કરેલ કાર્યના અનુરૂપ ફળ સ્વરૂપ (પોતાના) કપાળમાં ચળકતાં તિલકને પ્રાપ્ત કરાયું. તે અષ્ટાપદ પર્વત જય પામે છે. ૩૬૨.

૧૧. જ્યાં દક્ષિણ-પશ્ચિમ વિગેરે ચારે દિશાઓમાં ચાર-આઠ દસ અને બે એમ જિનેશ્વરોને, મોક્ષને પામવાની ઈચ્છાવાળો બુદ્ધિશાળી સ્તુતિ કરે છે. તે અષ્ટાપદ પર્વત જય પામે છે.

આ અગ્યાર શ્લોક શ્રી તીર્થકલ્પમાં છે. ૩૬૩.

૮. એ પ્રમાણે ગિરિ (પર્વત) ના મહિમાને સાંભળીને ખુશ થયેલા રાવણે ત્યાં પત્નીની સાથે ગીત (સ્તવના) નૃત્યવિધિનો આરંભ કર્યો. ૩૬૪.

૯. ધરણેન્દ્ર સામે (હાજર) હોતે છતે પરમાત્માની આગળ પ્રીતિપૂર્વક મંદોદરીએ નૃત્ય અને રાવણે વીણાવાદન કર્યું. ૩૬૫.

૧૦. હવે માણસોને પ્રીતિના સ્થાનભૂત નાટકમાં રસની વૃદ્ધિ થયે છતે પાપીઓની સંપત્તિની જેમ વીણાનો તાર તૂટ્યો. ૩૬૬.

૧૧. રાવણે તે રસમાં ભંગ કરશે એમ જાણીને વિલંબ કર્યા વિના ભુજારૂપી ગુફામાંથી એક લાંબી નસ ખેંચી. ૩૬૭.

૧૨. તે સમયે જલ્દીથી તે નસને જોડીને વીણાને પહેલાની જેમ વગાડી, ત્યારે દેવોએ તેની (રાવણની) ઉપર પુષ્પવૃષ્ટિ કરી. ૩૬૮.

૧૩. ત્યારે રાવણે અદ્‌ભુત એવું તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું (બાંધ્યું), જે કારણથી કલ્પવૃક્ષથી પણ અધિક જિનેશ્વર સંબંધી ભક્તિ શું ન આપે ? (અર્થાત્ બધું જ આપે.) ૩૬૯.

૧૪. સંતુષ્ટ થયેલ ધરણેન્દ્રે પણ પુણ્યવાન એવા તે રાવણને ત્રણ લોકમાં જય પમાડનારી અમોઘ વિજયા (નિશ્ચય વિજય પ્રાપ્ત કરાવનાર) શક્તિ આપી. (અમોઘ વિજયા શક્તિ નામનું શસ્ત્ર આપ્યું.) ૩૭૦.

૧૫. એ પ્રમાણે ત્યાં સ્નાત્ર-નૃત્ય વિગેરે ઉત્સવો વડે સર્વ લોકો પોતાનો જન્મ સફલ કરીને પોતપોતાના સ્થાને ગયા. તેથી જિનેન્દ્રો આ પ્રમાણે પૂજનીય છે. ૩૭૧.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના પ્રથમ અધિકારમાં બારમો ઉપદેશ છે. ॥

"उपदेश-१३"

द्रव्यतोऽपि विहिता जिनपूजा, स्याच्छुभायतिकृते तनुभाजाम् ।
श्रीनमिं च विनमिं च मुनीन्द्राः, प्राहुरुत्तमनिदर्शनमत्र ।।१।।

अस्त्ययोध्या पुरी तत्र, स्वामी श्रीवृषभध्वजः ।
ऐहिकामुष्मिका येन, व्यवहाराः प्रवर्त्तिताः ।।१।।

भरतप्रमुखाः जाताः, शुभोदर्कधियः सुताः ।
शतशाखतया तस्य, कुटुम्बं ववृधे प्रभोः ।।२।।

२त्र्यशीतिपूर्वलक्षाणि, प्रकाश्य सकलाः कलाः ।
विभज्य राज्यं पुत्रेषु, दत्त्वा हित्वा परिग्रहम् ।।३।।

प्रभुश्चैत्रासिताष्टम्यां, चातुर्मौष्टिकलोचकृत् ।
प्रवव्राज सुराधीश-कृतोत्सवपरम्परः ।।४।।

ततः कच्छमहाकच्छा-दयः प्रौढकुलोद्भवाः ।
चतुःसहस्रप्रमिता-स्तमनु प्राव्रजन् प्रभुम् ।।५।।

परं ते स्वामिवत् कष्टं, घोरं निर्मातुमक्षमाः ।
जटिलीभूतमूर्द्धानः, क्रमाज्जाता जटाधराः ।।६।।

गङ्गादिसरितां तीरे, कृतसेवालभक्षणाः ।
कालं निर्गमयामासु-र्लज्जया वेषधारिणः ।।७।।

स्वामी तु प्रासुकाहारा-ऽप्राप्त्या नित्यमुपोषितः ।
विजहार भुवं मौन-व्रतवान्वीतदूषणः ।।८।।

---

२. "अशीति-" इत्यपि ।।

"ઉપદેશ-૧૩"

૧. દ્રવ્યથી પણ કરાયેલી જિનપૂજા પ્રાણીઓના શુભ ભવિષ્યને માટે થાય. મુનીન્દ્રોએ શ્રી નમિ અને વિનમિનું ઉત્તમ દૃષ્ટાંત અહીં કહેલું છે. ૩૭૨.

૧. અયોધ્યા નામની નગરી છે ત્યાં શ્રી વૃષભધ્વજ સ્વામી છે. જેના વડે આ લોક અને પરલોક સંબંધી વ્યવહાર પ્રવર્તાયો. ૩૭૩.

૨. ભરત વિગેરે શ્રેષ્ઠ બુદ્ધિવાળા પુત્રો થયા. સો શાખાઓ વડે તે સ્વામીનું કુટુંબ વધ્યું. ૩૭૪.

૩. ત્ર્યાશી લાખ પૂર્વ પર્યંત સઘળી કલાઓને પ્રકાશિત કરીને રાજ્યનો વિભાગ કરીને પુત્રોને રાજ્ય આપીને પરિગ્રહનો ત્યાગ કરીને - ૩૭૫.

૪. ઈન્દ્ર મહારાજાએ કરેલ ઉત્સવની પરંપરાવાળા પરમાત્માએ ચૈત્ર વદી આઠમને દિવસે ચાર મુષ્ટિ લોચ કરતાં પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ૩૭૬.

૫. ત્યાર પછી પ્રૌઢ કુલોમાં ઉત્પન્ન થયેલા કચ્છ - મહાકચ્છ વિગેરે ચાર હજારે તે પ્રભુની સાથે પ્રવજ્યા ગ્રહણ કરી. ૩૭૭.

૬. પરંતુ તેઓ પરમાત્માની જેમ ઘોર કષ્ટને સહન કરવા માટે અસમર્થ હતા. જટા રૂપે કરાયું છે મસ્તક જેનું એવા તે અનુક્રમે જટાને ધારણ કરનારા તાપસો થયા. ૩૭૮.

૭. વેષને ધારણ કરનારાઓએ લજ્જા વડે ગંગા વિગેરે નદીઓના કિનારે સેવાલનું ભક્ષણ કરનારા એવા તેઓએ કાળને પસાર કર્યો. ૩૭૯.

૮. નાશ પામી ગયા છે દોષો જેમાંથી એવા, મૌનને ધારણ કરનારા, અચિત આહારની પ્રાપ્તિ નહીં થવાથી નિત્ય ઉપવાસિત એવા પરમાત્માએ પૃથ્વી પર વિહાર કર્યો. ૩૮૦.

यदा श्रीऋषभो दानं, दत्तवान् वार्षिकं जने ।
तदा कच्छमहाकच्छ-सुतौ देशान्तरे गतौ ।।९।।

नाम्ना नमिविनम्याख्यौ, प्राप्तवन्तौ निजे गृहे ।
तादृक् स्वरूपं विज्ञाय, तातपार्श्वे समीयतुः ।।१०।।

पृष्टं च ताभ्यां किमिदं युवाभ्यामारब्धमेतावपि तत्स्वरूपम् ।
सर्वं यथावृत्तमवोचतां त-द्यातां गृहे श्रीभरतोऽस्ति राज्यदः ।।११।।

साभिमानतया चक्रु-रवज्ञां भरतेशितुः ।
स्वाम्येव राज्यदाता नः, सर्वसाधारणो हि सः ।।१२।।

इत्युक्त्वा तौ नमस्कृत्य, ततो यातौ वनान्तरे ।
यत्रास्ति प्रतिमानिष्ठः, स्वामी श्रीऋषभप्रभुः ।।१३।।

प्रातः पानीयमानीय, प्रक्षाल्य चरणौ प्रभोः ।
पूजयित्वाम्बुजैः स्वामिन् !, राज्यं देहीति वादिनौ ।।१४।।

निष्कोशखड्गहस्तौ तौ, पार्श्वयोरुभयोरपि ।
दत्तदृष्टी प्रभोः सेवा-सावधानौ बभूवतुः ।।१५।।

एवं वितन्वतोः सेवां, तयोरन्येद्युरराययौ ।
धरणेन्द्रमहाराजो, नमस्कर्तुं जिनेश्वरम् ।।१६।।

तथाविधौ च तौ दृष्ट्वा, सेवाकर्मणि लालसौ ।
बभाषे भो महाभागौ !, स्वाम्येष खलु निर्ममः ।।१७।।

૯. જ્યારે શ્રી ઋષભદેવ સ્વામીએ વાર્ષિક દાન આપ્યું ત્યારે કચ્છ-મહાકચ્છના બે પુત્રો અન્ય દેશમાં ગયા હતા. ૩૮૧.

૧૦. નમિ-વિનમિ પુત્રો પોતાના ઘરે આવ્યા. તેવા પ્રકારનું સ્વરૂપ જાણીને પોતાના પિતાની પાસે ગયા. ૩૮૨.

૧૧. તેઓ વડે પૂછાયું, તમારા વડે આ શું આરંભ કરાયું. આ બન્નેએ પણ તે સર્વ સ્વરૂપને જે પ્રમાણે થયું તે પ્રમાણે કહ્યું. તેથી પિતાએ કહ્યું તમે બન્ને ઘરે જાઓ. તમને રાજ્ય આપનાર શ્રી ભરત છે. ૩૮૩.

૧૨. સર્વ સાધારણ તે સ્વામી જ અમારા રાજ્યદાતા છે. તેઓએ અભિમાનપૂર્વક ભરત મહારાજાની અવજ્ઞા કરી. ૩૮૪.

૧૩. એ પ્રમાણે કહીને તે બન્ને નમસ્કાર કરીને ત્યાંથી જ્યાં શ્રી ઋષભદેવ સ્વામી પ્રતિમા ધ્યાને છે એવા બીજા વનમાં ગયા. ૩૮૫.

૧૪. સવારમાં પાણી લાવીને પરમાત્માના બન્ને ચરણોનું પ્રક્ષાલન કરીને કમળ વડે પૂજા કરીને બંન્ને (નમિ-વિનમિ) એ પ્રમાણે બોલ્યા - હે સ્વામી ! રાજ્ય આપો. ૩૮૬.

૧૫. હાથમાં કોશ રહિત તલવારવાળા એવા તે બન્ને પરમાત્માની બન્ને બાજુ (પરમાત્મા સન્મુખ) દૃષ્ટિને ધારણ કરનારા (તે બન્ને) પરમાત્માની સેવામાં તત્પર થયા. ૩૮૭.

૧૬. એ પ્રમાણે તે બન્ને પરમાત્માની સેવાને કરતે છતે એક દિવસ ધરણેન્દ્ર મહારાજા જિનેશ્વરને નમસ્કાર કરવા માટે આવ્યા. ૩૮૮.

૧૭. તે બન્નેને તેવા પ્રકારે પૂજા-સેવાના કાર્યમાં તત્પર જોઈને (ધરણેન્દ્રે) કહ્યું - હે મહાભાગ્યશાળીઓ ! ખરેખર આ સ્વામી નિર્મોહી છે. ૩૮૯.

दत्ते न किञ्चित्कस्मैचि-न्न तुष्यति न रुष्यति ।
किमर्थं सेव्यते ह्येष, भवद्भ्यां भवतृष्णया ।।१८।।

सरोषतर्ज्जनं ताव-प्यूचतुर्द्धरणं प्रति ।
स्वमार्गे गच्छ भोः पान्थ !, चिन्तया किं करोषि नः ।।१९।।

अवादीत् धरणो नाहं, पथिकः किन्तु नागराट् ।
राज्यादि दाता याचेथां, तद्युवां यद्विलोक्यते ।।२०।।

त्रैलोक्यं यच्छसि त्वं चे-न्न कार्यं तदपि त्वया ।
यदि दास्यति तद्दाता, स्वाम्येव खलु नापरः ।।२१।।

भक्तिस्थैर्यमिति ज्ञात्वा-ऽवातरत्स्वामिनो मुखे ।
तुष्टो भवद्भ्यामेषोऽहं, साम्राज्यं गृह्यतामिदम् ।।२२।।

इति प्रोच्य स वैताढ्या-ऽधिपत्यं प्रददे तयोः ।
अष्टघ्नषट् ४८ सहस्राणि, प्रौढविद्याश्च विश्रुताः ।।२३।।

दत्त्वैवं राज्यविद्यादि-सम्पदं धरणस्तयोः ।
निजं स्थानमगात्ताव-प्येवं तुष्टुवतुर्जिनम् ।।२४।।

जय त्रिजगतीजन्तु-जातनिर्वाहकारक ! ।
जय प्रथमतीर्थेश !, जय संसारतारक ! ।।२५।।

अथ प्रथमनाथं तौ, प्रणत्य गगनाङ्गणे ।
उत्पत्य यातौ वैताढ्ये, राजधानीं च चक्रतुः ।।२६।।

૧૮. કોઈને કાંઈ પણ આપતા નથી, ખુશ થતા નથી, ક્રોધ કરતા નથી. ભવની તૃષ્ણા વડે તમારા બન્ને વડે ખરેખર આ (પરમાત્મા) શા માટે પૂજાય છે ? ૩૯૦.

૧૯. ધરણેન્દ્ર તરફ રોષ સહિત તિરસ્કાર કરતા એ બન્નેએ પણ કહ્યું - હે મુસાફર ! તું પોતાના રસ્તે જા. ચિંતા વડે તું અમારું શું (કાર્ય) કરે છે ? ૩૯૧.

૨૦. ધરણેન્દ્રે કહ્યું. જે જોવાય છે, તે હું મુસાફર નથી કિન્તુ રાજ્ય વિગેરે આપનાર નાગરાજ છું. તેથી તમે બંને માગો. ૩૯૨.

૨૧. જો તું ત્રૈલોક્યને આપે છે તો પણ તારા વડે અમારે કાર્ય નથી. અમને જો આપશે તો તે દાતા (સ્વામી) જ છે. ખરેખર બીજો કોઈ સ્વામી નથી. ૩૯૩.

૨૨. એ પ્રમાણે ભક્તિની સ્થિરતાને જાણીને ધરણેન્દ્ર સ્વામીના મુખમાં અવતર્યો. તમારા બન્નેથી હું ખુશ છું. આ સામ્રાજ્યને ગ્રહણ કરો. ૩૯૪.

૨૩. એ પ્રમાણે કહીને તેણે તે બન્નેને વૈતાઢ્યનું આધિપત્ય અને આઠથી ગુણાયેલ છ - અડતાલીસ (૪૮) હજાર પ્રખ્યાત પ્રૌઢ વિદ્યાઓ આપી. ૩૯૫.

૨૪. એ પ્રમાણે ધરણેન્દ્ર રાજ્ય-વિદ્યા-સંપતિ વિગેરે તે બન્નેને આપીને પોતાના સ્થાને ગયો અને તે બન્ને પણ આ પ્રમાણે પરમાત્માની સ્તુતિ કરવા લાગ્યા. ૩૯૬.

૨૫. ત્રણ જગતના પ્રાણીઓના સમૂહનો નિર્વાહ કરનાર પરમાત્મા જય પામો, પ્રથમ તીર્થંકરનો જય થાઓ. સંસાર સાગરથી તારનારા એવા પરમાત્મા જય પામો. ૩૯૭.

૨૬. હવે તે બન્ને પ્રથમ તીર્થંકર પરમાત્માને પ્રણામ કરીને આકાશમાં ઉડીને વૈતાઢ્ય પર્વત પર ગયા અને રાજધાનીને કરી. ૩૯૮.

क्रमेण षष्टिः पञ्चाश-द्दक्षिणोत्तरपार्श्वयोः ।
नगराणि पुनस्ताभ्यां, निवेश्यन्ते स्म तद्गिरौ ।।२७।।

साधयित्वाखिलान् देशान्, वशीकृत्य च राजकम् ।
जातौ विद्याधराधीशौ, प्रौढदोःस्थामधारिणौ ।।२८।।

प्रान्ते श्रीजिनपादान्ते, प्रव्रज्यां प्राप्य निर्वृतौ ।
साधुकोटिद्वयीयुक्तौ, श्रीशत्रुञ्जयपर्वते ।।२९।।

अन्यत्राप्युक्तं -

मुणिणोवि तुहल्लीणा, नमिविनमी खेयराहिवा जाया ।
गुरुआण चलगसेवा, न निप्फला होइ कइआवि ।।१।।

इत्थं कृताप्यैहिकभोगतृष्णया, भक्तिर्जिनेन्दोर्ददते तनूमताम् ।
यदैहिकामुष्मिकसत्फले ततो, यतध्वमत्रैव जनाः ! शिवैषिणः ! ।।३०।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे त्रयोदश उपदेशः ।।१३।।

૨૭. વળી વૈતાઢ્ય પર્વત પર બન્ને બાજુ દક્ષિણ અને ઉત્તર દિશામાં અનુક્રમે સાઠ અને પચાસ નગરો તે બે વડે સ્થાપન કરાયા. ૩૯૯.

૨૮. સઘળા દેશોને જીતીને અને રાજાને વશ કરીને અત્યંત શક્તિશાળી અત્યંત પરાક્રમને ધારણ કરનારા વિદ્યાધરોના સ્વામી થયા. ૪૦૦.

૨૯. અંતે શ્રી જિનેશ્વર પરમાત્મા પાસે પ્રવજ્યાને ગ્રહણ કરી. શ્રી શત્રુંજય પર્વત પર બે ક્રોડ મુનિઓ સહિત નિર્વાણ પામ્યા. ૪૦૧.

અન્યત્ર પણ કહ્યું છે -

૧. તમારા ધ્યાનમાં તત્પર નમિ-વિનમિ મુનિઓ પણ ખેચરોના અધિપતિ (સ્વામી) થયા. મોટા પુરુષોના ચરણની સેવા ક્યારે પણ નિષ્ફળ થતી નથી. ૪૦૨.

૩૦. આ લોક સમ્બન્ધી ભોગતૃષ્ણા વડે એ પ્રમાણે કરેલી પરમાત્માની ભક્તિ પ્રાણીઓને (ફળ) આપે છે. આલોક અને પરલોકમાં ફળ હોતે છતે મોક્ષની ઈચ્છાવાળા હે પ્રાણીઓ ! તમે અહીં જ યત્ન કરો. ૪૦૩.

॥ એ પ્રમાણે ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં તેરમો ઉપદેશ છે. ॥

हस्तात् प्रस्खलितं क्षितौ निपतितं लग्नं तथा पादयो-
र्यन्मूर्ध्वोर्ध्वगतं धृतं कुवसनैर्नाभेरधो यद्धृतम् ।
स्पृष्टं दुष्टजनैर्घनैरभिहतं यद्दूषितं कीटकै-स्त्याज्यं
तत्कुसुमं फलं दलमपि श्राद्धैर्जिनार्चाक्षणे ।।१।।

पुष्पैरेवंविधैः पूजां, ये कुर्वन्ति जिनेशितुः ।
तेषां हीनकुले जन्म, भूवल्लभनरेन्द्रवत् ।।२।।

पत्तने कामरूपाख्ये, चण्डालस्य कुलेऽभवत् ।
दन्तयुक्तः सुतः प्राच्य-कर्मणामनुभावतः, ।।१।।

अरिष्टमिति विज्ञाय, जनन्या त्याजितो बहिः ।
स बालकः क्रमात्तत्र, तत्रत्यनृप आययौ ।।२।।

दृष्टश्च रूपवान् बालो, दयार्द्रीभूतचेतसा ।
ग्राहितः परिवारेण, पालितः शिक्षितोऽपि च ।।३।।

भूमौ पतितलब्धत्वात्, स भूवल्लभसंज्ञकः ।
कलाः समस्ताः शिक्षित्वा, स जातः सर्ववल्लभः ।।४।।

अपुत्रिणा नृपेणाऽथ, स राज्ये विनिवेशितः ।
कक्षीकृता स्वयं दीक्षा, काले ज्ञानी बभूव च ।।५।।

अथाऽन्यदा स राजर्षि-रुत्पन्नामलकेवलः ।
पुत्रस्य प्रतिबोधाय, प्राप्तस्तत्रैव पत्तने ।।६।।

"ઉપદેશ-૧૪"

૧. હાથથી વિખરાયેલું, ભૂમિ પર પડેલું, બે પગમાં લાગેલું (અડેલું), મસ્તક ઉપર ધારણ કરેલું, ખરાબ વસ્ત્ર વડે ધારણ કરેલ, નાભિથી નીચે રાખીને લાવેલ, દુષ્ટ પુરુષો વડે સ્પર્શ કરાયેલ, કુહાડાદિ વડે હણાયેલ (તોડાયેલ), કીડાઓ વડે દૂષિત થયેલ, જેના ભાગ કર્યા હોય તેવું પુષ્પ અને ફળ પણ શ્રાવકો વડે જિનેશ્વર પરમાત્માની પૂજામાં ત્યાગ કરવા યોગ્ય છે. ૪૦૪.

૨. જેઓ આવા પ્રકારના પુષ્પો વડે પરમાત્માની પૂજા કરે છે તેઓનો ભૂવલ્લભનરેન્દ્રની જેમ હલકા કુલમાં જન્મ થાય છે. ૪૦૫.

૧. કામરૂપ નામના નગરમાં પૂર્વ કર્મના પ્રભાવથી ચંડાળના કુળમાં દાંતવાળો પુત્ર થયો. ૪૦૬.

૨. આ ખરાબ ભાગ્યવાળો છે એ પ્રમાણે જાણીને માતા વડે તે બાળક બહાર કઢાયો. અનુક્રમે ત્યાં ત્યાંનો રાજા આવ્યો. ૪૦૭.

૩. દયા વડે ભીંજાયેલા ચિત્તવાળા રાજા વડે રૂપવાન બાલક જોવાયો અને ગ્રહણ કરાયો. પરિવાર વડે પાલન કરાયો અને શિક્ષણ પણ અપાયો. ૪૦૮.

૪. ભૂમિ પર પડેલો પ્રાપ્ત થવાથી ભૂવલ્લભ નામવાળો તે સર્વ કળાઓને શીખીને સર્વ લોકોને પ્રિય બન્યો. ૪૦૯.

૫. હવે પુત્ર રહિત રાજા વડે તે (બાળક) રાજ્યમાં સ્થાપન કરાયો. (રાજાએ) સ્વયં દીક્ષા સ્વીકારી અને કાળે જ્ઞાની થયા. ૪૧૦.

૬. હવે નિર્મલ એવું કેવલજ્ઞાન ઉત્પન્ન થયેલ તે રાજર્ષિ પુત્રને પ્રતિબોધ કરવા માટે એક વખત તે જ નગરમાં આવ્યા. ૪૧૧.

राजापि सपरीवारो, वन्दितुं प्राप्तवान्मुनिम् ।
व्याजहार मुनिर्धर्मं, संसारासारतामयम् ।।७।।

सा मातङ्ग्यपि तत्रागात्, नृपं दृष्ट्वा च मोहिता ।
प्रस्रवन्ती पयः पुत्र-स्नेहो हि दुरतिक्रमः ।।८।।

तथारूपां च तां दृष्ट्वा, नृपः पप्रच्छ तं मुनिम् ।
केयं कथं च मोहः, एतस्यामपि हे मुने ! ।।९।।

मुनिः प्राह कुमारेयं, तव माता यतो मया ।
त्वं बहिष्यतितो लेभे, राज्यं चाऽपुत्रिणा ददे ।।१०।।

नृपः प्राह कुतो हीन-कुले मे तात ! सम्भवः ।
कथं वा राज्यसम्प्राप्तिः, सर्वमेतन्निवेदय ।।११।।

मुनिः प्राह महाराज !, प्राग्भवे त्वं महर्द्धिकः ।
श्रावकः समभूः सर्व-व्यवहारिशिरोमणिः ।।१२।।

दानध्यानतपःपूजा-पौषधावश्यकादिभिः ।
चिरं प्रभावनां चक्रे, भवान् श्रीजिनशासने ।।१३।।

निर्विवेकतया किन्तु, ह्यस्तनैः पतितैरपि ।
सद्गन्धैरथ दुर्गन्धैः, पुष्पैः श्रीजिनमार्चयत् ।।१४।।

कदाचिन्निर्म्मितस्नानो, जातु स्नानविवर्जितः ।
दुर्वस्त्रो वा सुवस्त्रो वा, प्रायो देवमपूजयत् ।।१५।।

૭. રાજા પણ પરિવાર સહિત તે મુનિને વંદન કરવા માટે આવ્યો. મુનિ ભગવંતે સંસારની અસારતામય ધર્મ કહ્યો. ૪૧૨.

૮. તે ચંડાળ માતા (જન્મ આપનાર માતા) પણ ત્યાં ગઈ અને રાજાને જોઈને ઝરતા દુધવાળી તેણી મોહિત થઈ. ખરેખર પુત્રનો સ્નેહ અત્યંત દુઃખેથી ઓળંગી શકાય એવો હોય છે. ૪૧૩.

૯. તેવા સ્વરૂપવાળી તેણીને જોઈને રાજાએ તે મુનિને પૂછ્યું, હે મુનિ ! આ કોણ છે ? અને આને વિષે મને મોહ શા માટે થાય છે ? ૪૧૪.

૧૦. મુંનિએ કહ્યું - હે કુમાર ! આ તારી માતા છે. કારણ કે બહાર પડેલો તું મારા વડે મેળવાયો, તને પુત્ર રહિત એવા મારા વડે (તને) રાજ્ય અપાયું. ૪૧૫.

૧૧. રાજાએ કહ્યું - હે પિતાજી ! હીનકુલમાં મારો જન્મ અથવા રાજ્યની પ્રાપ્તિ શી રીતે સમ્ભવે ? આ સર્વ સમજાવીને કહો. ૪૧૬.

૧૨. મુનિએ કહ્યું - હે મહારાજ ! પૂર્વ ભવમાં તું ઘણી ઋદ્ધિવાળો, સર્વ વ્યવહારીઓમાં આગેવાન શ્રાવક હતો. ૪૧૭.

૧૩. તમે શ્રી જિનશાસનમાં દાન-ધ્યાન-તપ-પૂજા-પૌષધ આવશ્યક ક્રિયા વિગેરે વડે ઘણા કાળ પર્યંત પ્રભાવના કરી. ૪૧૮.

૧૪. પરંતુ વિવેક રહિતપણા વડે આગલે દિવસે ભૂમિ પર સુગન્ધી દુર્ગન્ધી પુષ્પો વડે શ્રી જિનેશ્વર પરમાત્માને પૂજ્યા. ૪૧૯.

૧૫. ક્યારેક સ્નાન કરેલ, ક્યારેક સ્નાન કર્યા વિના, પ્રાયઃ સારા અથવા ખરાબ વસ્ત્રો ધારણ કરીને પરમાત્માની પૂજા કરી. ૪૨૦.

जातु प्रमादतः पूजा, जायते विधिवर्जिता ।
भवेत्तदा तु स्वीकार्यं, प्रायश्चित्तं गुरूदितम् ।।१६।।

अनालोचिततत्पाप-श्चण्डालस्य कुले भवान् ।
जातो बभूव राज्यं तु, श्रीजिनार्चानुभावतः ।।१७।।

श्रुत्वेति मुदितस्वान्तो, जातजातिस्मृतिर्नृपः ।
अवादीद्देहि मे तात !, दीक्षां मोक्षफलप्रदाम् ।।१८।।

राज्यभारं सुते न्यस्य, प्रतिपन्नव्रतस्ततः ।
अतिचारपरीहारात्, क्रमात्सद्गतिभागभूत् ।।१९।।

इत्यल्पधीभिर्विहितापि पूजा, विधिं विना श्रीत्रिजगत्प्रभूणाम् ।
फलं प्रदत्ते खलु तुच्छमेव, ततो यतध्वं विधिमार्ग एव ।।२०।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे चतुर्दश उपदेशः ।।१४।।

૧૬. કદાચ પ્રમાદથી વિધિ રહિત પૂજા થાય ત્યારે ગુરુ ભગવંતે કહેલ પ્રાયશ્ચિત સ્વીકારવું જોઈએ. ૪૨૧.

૧૭. તે પાપની આલોચના ન કરવાથી તમે ચંડાળના કુલમાં ઉત્પન્ન થયા. વળી શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજાના માહાત્મ્યથી રાજ્ય પ્રાપ્ત થયું. ૪૨૨.

૧૮. એ પ્રમાણે સાંભળીને આનંદિત હૃદયવાળા, ઉત્પન્ન થયેલ જાતિ સ્મરણ જ્ઞાનવાળા તે રાજાએ કહ્યું. હે પિતાજી ! મને મોક્ષફલને આપનારી દીક્ષા આપો. ૪૨૩.

૧૯. પુત્રને વિષે રાજ્યનો ભાર સોંપીને સ્વીકારેલા વ્રતવાળા ત્યારબાદ અતિચારનો ત્યાગ કરવાથી સદ્ગતિને ભજનાર થયા. ૪૨૪.

૨૦. એ પ્રમાણે અલ્પબુદ્ધિવાળા પ્રાણીઓ વડે ત્રણ જગતના સ્વામીની વિધિરહિત કરાયેલી પૂજા ખરેખર તુચ્છ ફલને જ આપે છે. તેથી વિધિ માર્ગમાં જ પ્રયત્ન કરો. ૪૨૫.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં ચૌદમો ઉપદેશ છે. ॥

"उपदेश-१५"

विधाय दीपं जिनपुङ्गवाना-मग्रेऽथ सर्वं निजगेहकृत्यम् ।
तेनैव चेन् मन्दमतिः करोति, प्राप्नोति मूर्खः स कुयोनिभावम् ।।१।।

अरविन्दपुरे राजा-ऽजितसेन इति श्रुतः ।
तत्रैव वसति श्रेष्ठी, देवसेनो वणिग्वरः ।।१।।

कुर्वाणो धर्मकर्माणि, श्रद्दधानोऽर्हतां वचः ।
दीनादिषु ददद्दानं, समया कुरुते स्म सः ।।२।।

औरभ्रिकोऽस्ति तत्रैक-स्तद्गेहान्मोहमोहिता ।
आयाति श्रेष्ठिनो गेहे, काचिदुष्ट्री प्रतिप्रगे ।।३।।

स तु तां कुट्टयामास, लकुटैः कृपयोज्झितः ।
न तिष्ठति तथाप्येषा, तद्गेहागमनं विना ।।४।।

ततो जग्राह तां श्रेष्ठी, मूल्येनापि कृपापरः ।
प्रमोदमेदुरा सापि, सुखेनास्थात्तदोकसि ।।५।।

अन्येद्युस्तत्पुरे प्रापु-राचार्या धर्म्मसूरयः ।
राजादिलोकसर्वोऽपि, वन्दितुं तत्र चाययौ ।।६।।

श्रीधर्म्मदेशना चक्रे, सूरिभिर्धर्म्मभूरिभिः ।
पप्रच्छ करभीवृत्तं, श्रेष्ठी धर्म्मिष्ठमानसः ।।७।।

गुरुः प्रोवाच भो वत्स !, तवैषा जननी ह्यऽभूत् ।
प्राग्भवे मनसोऽभीष्टा, पूज्या स्वजनसन्ततेः ।।८।।

"ઉપદેશ-૧૫"

૧. તીર્થંકર પરમાત્માની આગળ દીપકપૂજા કરીને જો મંદબુદ્ધિવાળો તે જ દીપક વડે પોતાના ઘરનું સર્વ કાર્ય કરે છે તો તે મૂર્ખ ખરાબ યોનિપણાને પામે છે. ૪૨૬.

૧. અરવિંદપુરમાં રાજા અજિતસેન એ પ્રમાણે પ્રખ્યાત હતો. તે જ નગરમાં વ્યાપારીઓમાં શ્રેષ્ઠ દેવસેન શ્રેષ્ઠી વસે છે. ૪૨૭.

૨. ધર્મ કાર્યને કરતો, અરિહંત પરમાત્માના વચન પર શ્રદ્ધા ધારણ કરતો, ગરીબોને વિષે દાન આપતો તે સમય પસાર કરતો હતો. ૪૨૮.

૩. ત્યાં (અરવિંદપુરમાં) એક ઔરભ્રિક (ઊંટ વગેરે વેચીને જીવનાર) ઊંટનો માલિક છે. તેના ઘરથી અત્યંત મોહ પામેલી કોઈક ઉંટણી રોજ સવારે શ્રેષ્ઠિના ઘરે આવે છે. ૪૨૯.

૪. દયા રહિત તેણે (ઉંટણીના માલિકે) લાકડી વડે તેણીને મારી. તો પણ આ (ઉંટણી) તેના શ્રેષ્ઠીના ઘરે આવ્યા વિના રહેતી નથી. ૪૩૦.

૫. ત્યારબાદ કરુણામાં તત્પર શ્રેષ્ઠીએ મૂલ્ય વડે પણ તેણીને ગ્રહણ કરી (ખરીદી). અત્યંત હર્ષવાળી તેણી પણ સુખપૂર્વક તેના ઘરમાં રહી. ૪૩૧.

૬. એક દિવસ તે નગરમાં આચાર્ય ભ. ધર્મસૂરીશ્વરજી મ.સા. પધાર્યા. રાજા વિગેરે સર્વ લોકો પણ ત્યાં વંદન કરવા માટે આવ્યા. ૪૩૨.

૭. ઘણા ધર્મવાળા (શ્રેષ્ઠ આચરણવાળા) શ્રી ધર્મસૂરી આચાર્ય ભગવંત વડે ધર્મદેશના કરાઈ. ધાર્મિક મનવાળા શ્રેષ્ઠીએ ઉંટણીના વૃત્તાન્તને પૂછ્યું. ૪૩૩.

૮. ગુરુ ભગવંતે કહ્યું - હે વત્સ ! પૂર્વ ભવમાં દરેકના મનને સંતોષ આપનારી, પરિવારના લોકોને પૂજ્ય એવી આ તારી માતા હતી. ૪૩૪.

सदापि धर्म्मानुष्ठान-निष्णातमतिवैभवा ।
नित्यं स्वगृहबिम्बाग्रे, दीप्रं दीपं करोत्यसौ ।।९।।

परं तेनैव दीपेन, गृहकार्याणि चक्रुषी ।
अनालोचिततत्पापा, सैवेत्थमुदपद्यत ।।१०।।

अत्र कः प्रत्ययः श्रेष्ठि-पृष्टः सूरिः पुनर्जगौ ।
निधिर्न्यासीकृतो योऽभूत्, त्वत्पित्रा गृहकोणके ।।११।।

स प्राप्तो न त्वया भद्र !, बहुशोऽपि विलोकितः ।
तं चैषा वेत्ति ते माता, प्राग्भवाभ्यासयोगतः ।।१२।।

सापि ज्ञानिवचः श्रुत्वा, जातिस्मरणवत्यभूत् ।
सोऽपि नत्वा मुनिं तां च, लात्वा स्वगृहमागतः ।।१३।।

तां च पप्रच्छ हे मात-र्निधानं मे प्रदर्शय ।
सापि प्रमुदिता तस्मै, निधिस्थानमदर्शयत् ।।१४।।

ततो विरक्तः संसारात्, स श्रेष्ठी तद्धनं समम् ।
व्ययीकृत्य सुपात्रादौ, भवस्थितिमचिन्तयत् ।।१५।।

अहो ! मातापि मे जाता, करभी कर्म्मयोगतः ।
तदलं क्लेशकोटीनां, निमित्तेन गृहेण मे ।।१६।।

कृतं परिच्छदेनापि, परमार्थैकशत्रुणा ।
विमृश्येति प्रवव्राज, तेषामेवान्तिके कृती ।।१७।।

૯. હંમેશા પણ ધર્મકાર્યમાં નિષ્ણાત બુદ્ધિના વૈભવવાળી આ રોજ પોતાના ઘરમાં જિનેશ્વર પરમાત્માના બિંબ આગળ દેદીપ્યમાન (તેજસ્વી) દીપકને કરે છે. ૪૩૫.

૧૦. પરંતુ તે જ દીપક વડે ઘરનું કાર્ય કર્યું. તે પાપની આલોચના (પ્રાયશ્ચિત) ન કરેલ તેણી આ પ્રમાણે ઉત્પન્ન થઈ. ૪૩૬.

૧૧. અહીં ખાતરી શું ? શ્રેષ્ઠી વડે પૂછાયેલ આચાર્ય ભગવંતે કહ્યું - તારા પિતા વડે ઘરના ખૂણામાં જે ધન દટાયેલું હતું. ૪૩૭.

૧૨. હે ભદ્ર ! તારા વડે ઘણું જોવાયું પણ તે (ધન) પ્રાપ્ત ન થયું અને પૂર્વ ભવના અભ્યાસના યોગથી આ તારી માતા તેને (ધનને) જાણે છે. ૪૩૮.

૧૩. જ્ઞાની (આચાર્ય ભગવંત) ના વચન સાંભળીને તેણી પણ જાતિ સ્મરણ જ્ઞાનવાળી થઈ. તે (શ્રેષ્ઠી) પણ મુનિને નમસ્કાર કરીને અને તેણીને (ઉંટણીને) લઈને પોતાના ઘરે આવ્યો. ૪૩૯.

૧૪. અને તેણીને પૂછ્યું -હે માતા ! ખજાનો મને બતાવ. હર્ષવાળી તેણીએ પણ નિધાનની જગ્યા તેને બતાવી. ૪૪૦.

૧૫. ત્યાર પછી સંસારથી વૈરાગ્ય પામેલ તે શ્રેષ્ઠીએ તે ધનને એકી સાથે સુપાત્ર વિગેરેમાં વ્યય કરીને ભવસ્થિતિને વિચારી. ૪૪૧.

૧૬. અહો ! કર્મના ઉદયથી (યોગથી) મારી માતા પણ ઉંટણી થઈ. કરોડો ક્લેશના નિમિત્તભૂત ઘર વડે મારે સર્યું. ૪૪૨.

૧૭. પરમાર્થમાં એક શત્રુભૂત એવા પરિવાર વડે પણ સર્યું. એ પ્રમાણે વિચારીને પોતાના પિતાની પાસે શ્રેષ્ઠીએ દીક્ષા લીધી. ૪૪૩.

साप्युष्ट्र्यपि कियत्कालं, भ्रान्त्वात्र भवकानने ।
लब्ध्वा प्रौढकुले जन्म, सिद्धिं यास्यत्यसंशयम् ।।१८।।

कारंकारं दीपपूजामपीत्थं, सा स्त्री जाता यद्वदुष्ट्री वराकी ।
भो भो भव्यप्राणभाजस्तदेवं, युक्तो जैनाभ्यर्चने वो विवेकः ।।१९।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे पञ्चदश उपदेशः ।।१५।।

૧૮. તે ઉંટણી પણ કેટલોક કાળ ભવરૂપી જંગલમાં ભમીને અહીં પ્રૌઢ કુલમાં જન્મ મેળવીને નિશ્ચયે મોક્ષમાં જશે. એમાં સંશય નથી. ૪૪૪.

૧૯. એ પ્રમાણે દીપપૂજાને પણ વારંવાર કરતી તે સ્ત્રી જે પ્રમાણે બિચારી ઉંટણી થઈ, અરે ! અરે ! હે ભવ્યપ્રાણીઓ ! જિનેશ્વરની પૂજામાં તમારે વિવેક રાખવા યોગ્ય છે. ૪૪૫.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં પંદરમો ઉપદેશ છે. ॥

"उपदेश-१६"

चेतः पुनाति घनकर्म्मवनं लुनाति, स्वर्गं ददाति शिवसम्पदमादधाति ।
पुण्योदयं वितनुते सुखानि, श्रीजैनपूजनमिदं किल किं न दत्ते ? ।।१।।

मिथ्यादृग्भव्यभावेन, पूजां कृत्वा जिनेशितुः ।
अशोको मालिको लेभे-ऽद्भुतां सौख्यपरम्पराम् ।।२।।

महाराष्ट्रे महाराष्ट्रे, ग्रामे हल्लूरनामनि ।
मिथ्यादृग् भद्रकस्वान्तो, बभूवाशोकमालिकः ।।१।।

अन्यदा पर्वणि क्वापि, श्राद्धैरेष विनिर्मिताम् ।
दृष्ट्वा जिनेशितुः पूजां, मनस्येवमचिन्तयत् ।।२।।

वस्त्रं पवित्रं परिधाय ये श्री-जिनं यजन्ते भुवि ते प्रशस्याः ।
न मादृशाः किन्तु सदा दरिद्राः, न धर्म्मगन्धोऽपि यदीयचित्ते ।।३।।

आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि,
नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या ।
जातोऽस्मि तेन जनबान्धव ! दुःखपात्रं,
यस्मात्क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ।।४।।

निर्भाग्यं स्वं ततो निन्दं-स्तदैवोत्पन्नवासनः ।
विक्रीतोऽद्धरितैः पुष्पै-र्नवभिर्जिनमार्चयत् ।।५।।

एलाभिधपुरे राजा, जितारिर्नयतत्परः ।
प्रिया तस्याभवन्नाम्ना, श्रीकान्ता शीलशालिनी ।।६।।

"ઉપદેશ-૧૬"

૧. જિનપૂજા મનને પવિત્ર કરે છે. કઠોર કર્મના સમૂહને કાપે છે. સ્વર્ગને આપે છે. શિવ (મોક્ષ) સંપત્તિને ધારણ કરે છે. પુણ્યના ઉદયને વિસ્તારે છે, તો આ શ્રી જિનપૂજા ખરેખર સુખોને શા માટે ન આપે ? ૪૪૬.

૨. અશોક માલિક મિથ્યાદૃષ્ટિએ ભવ્ય ભાવના વડે જિનેશ્વર પરમાત્માની પૂજા કરીને અદ્ભુત સુખની પરંપરાને મેળવી. ૪૪૭.

૧. મોટા રાજ્યસ્વરૂપ મહારાષ્ટ્ર દેશમાં હલ્લૂર નામના ગામમાં ભદ્રક હૃદયવાળો અશોક માલિક મિથ્યાદૃષ્ટિ હતો. ૪૪૮.

૨. એક વખત પર્વના દિવસે ક્યાંક શ્રાવકો વડે કરાયેલી જિનેશ્વર પરમાત્માની પૂજાને જોઈને મનમાં એ પ્રમાણે વિચાર્યું. ૪૪૯.

૩. જેઓ પવિત્ર વસ્ત્રને ધારણ કરીને શ્રી જિનને પૂજે છે, તેઓ પૃથ્વી પર વખાણવા લાયક છે. પરંતુ જેના ચિત્તમાં ધર્મની ગંધ પણ નથી. એવા હમેશાં દરિદ્રી મારા જેવા વખાણવા લાયક નથી. ૪૫૦.

૪. હે લોકોનું હિત કરનારા ! તમોને કોઈ પણ ભવને વિષે સાંભળ્યા પણ છે, પૂંજ્યા પણ છે અને દીઠા પણ છે, પરંતુ જિનભક્તિ વડે કરીને ચિત્તને વિષે નિશ્ચે ધારણ કરેલા નથી. તેથી હું દુઃખનું ભાજન થયો છું, કારણ કે ભાવરહિત ક્રિયાઓ (શ્રવણ-પૂજન-દર્શનાદિ) વિશિષ્ટ ફલ આપતી નથી. ૪૫૧.

૫. ત્યારબાદ ઉત્પન્ન થઈ છે ભાવના જેને એ પોતાના નિર્ભાગ્યને નિંદતો, વેચ્યા પછી બાકી રહેલા નવપુષ્પો વડે પરમાત્માની પૂજા કરી. ૪૫૨.

૬. એલાભિધપુરમાં નીતિમાં તત્પર જિતારિ નામે રાજા (હતો) તેને શીલના સ્વભાવવાળી શ્રી કાન્તા નામે પત્ની હતી. ૪૫૩.

तत्रैवास्ति वणिग्मुख्यो, धनदत्तो महर्द्धिकः ।
स मृत्वा मालिकस्तस्य, पुण्ययोगात्सुतोऽभवत् ।।७।।

नाम्ना दत्तः स विख्यातो, द्वितीये जन्मनि क्रमात् ।
नवानां द्रम्मलक्षणा-मीश्वरो बहुसम्मतः ।।८।।

तत्रापि जन्मनि श्रीम-ज्जिनपूजादिकर्म्मणि ।
एकतानमनाः प्राप, भोगान् रोगविवर्ज्जितान् ।।९।।

पुनस्तत्र पुरे मृत्वा, बभूवेभ्यो गुणाकरः ।
नवानां द्रम्मकोटीना-मीशस्तार्त्तयिके भवे ।।१०।।

मृत्वा स्वर्णपुरे स्वर्ण-नवलक्षीविभुः पुनः ।
भवे चतुर्थे सञ्जातः, स इभ्यः श्रीधराभिधः ।।११।।

पञ्चमेऽथ भवे ग्रामे, तत्रैव कमलाकरः ।
महेभ्यः स्वर्णकोटीनां, नवानामीश्वरोऽभवत् ।।१२।।

अथ षष्ठभवे रत्न-पुरे श्रेष्ठी बभूव सः ।
रत्नानां नवलक्षाणां, स्वामी रत्नाङ्गदाभिधः ।।१३।।

नवानां रत्नकोटीना-मीशोऽसौ सप्तमेऽभवत् ।
महेभ्यो भुवनानन्द-दाता भुवनशेखरः ।।१४।।

वल्लवक्ष्मापतेः पुत्रो, बभूवाष्टमजन्मनि ।
नाम्ना सुनन्दनो ग्राम-नवलक्षीपतिर्नृपः ।।१५।।

૭. તે જ નગરમાં વેપારીઓમાં મુખ્ય, ઘણી ઋદ્ધિવાળો ધનદત્ત (શ્રેષ્ઠી) છે. તે અશોક માલિક મરીને પુણ્યયોગથી તેનો (ધનદત્તનો) પુત્ર થયો. ૪૫૪.

૮. અનુક્રમે બીજા જન્મમાં નવ લાખનો (દ્રમ્મ=નિષ્ક=સોનામહોરનો સોળમો ભાગ) સ્વામી ઘણા લોકો વડે માન્ય તે દત્ત નામે પ્રખ્યાત હતો. ૪૫૫.

૯. તે જન્મમાં પણ શ્રી જિનેશ્વરની પૂજાદિ કાર્યમાં એકાગ્ર મનવાળા તેણે રોગ રહિત ભોગોને પ્રાપ્ત કર્યા. ૪૫૬.

૧૦. ફરીથી મરીને ત્રીજા ભવમાં તે જ નગરમાં નવ કરોડ દ્રમ્મનો સ્વામી ગુણાકર શ્રેષ્ઠી થયો. ૪૫૭.

૧૧. ફરીથી મરીને ચોથા ભવમાં સ્વર્ણપુરમાં તે નવ લાખ સુવર્ણનો સ્વામી શ્રીધર નામે શ્રેષ્ઠી થયો. ૪૫૮.

૧૨. હવે પાંચમા ભવમાં તે જ ગામમાં નવ કરોડ સુવર્ણનો સ્વામી કમલાકર નામે મહાન શ્રેષ્ઠી થયો. ૪૫૯.

૧૩. હવે છઠ્ઠા ભવમાં રત્નપુરમાં નવ લાખ રત્નોનો સ્વામી રત્નાંગદ નામે તે શ્રેષ્ઠી થયો. ૪૬૦.

૧૪. સાતમા ભવમાં આ નવ કરોડ રત્નોનો સ્વામી લોકમાં આનંદ આપનાર ભુવનશેખર નામે મોટો શ્રેષ્ઠી થયો. ૪૬૧.

૧૫. આઠમા ભવમાં વલ્લવ રાજાનો પુત્ર નવલાખ ગામનો સ્વામી સુનંદ નામે રાજા થયો. ૪૬૨.

ततः स नवमे जन्म-न्यासीन्नवनिधीश्वरः ।
जितशत्रुरिति क्ष्मापः, पूजाफलमिदं कियत् ।।१६।।

सोऽन्यदा नृपतिः श्रुत्वा, पार्श्वे पार्श्वजिनेशितुः ।
निजपूर्वभवान्मूला-ज्ज्ञातिस्मृतियुतोऽभवत् ।।१७।।

श्रीपार्श्वसन्निधौ दीक्षां, गृहीत्वोग्रतपःपरः ।
अनुत्तरे सुरो जज्ञे, राज्यं प्राप्य च सेत्स्यति ।।१८।।

उक्तं च -

पूर्वं नवाङ्गं नवभिः प्रसूनैः, पूजा कृताऽशोककमालिकेन ।
ततो नवस्वेष भवेषु लक्ष्मीं, नवां नवां प्राप शिवर्द्धिमन्ते ।।१।।
इत्यशोकवनमालिकसत्का, सत्कथा बुधजना विनिशम्य ।
वीतरागपदपङ्कजपूजा-मेव निर्मलधियो वितनुध्वम् ।।१९।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे षोडश उपदेशः ।।१६।।

૧૬. ત્યાર બાદ તે નવમા ભવમાં નવનિધિનો સ્વામી જિતશત્રુ એ પ્રમાણે રાજા થયો. પૂજાના ફળની સામે આ કેટલું ? (કાંઈ નથી) ૪૬૩.

૧૭. એક વખત તે રાજા શ્રી પાર્શ્વનાથ પરમાત્મા પાસે પોતાના પૂર્વભવોને શરૂઆતથી સાંભળીને જાતિસ્મરણ જ્ઞાનવાળો થયો. ૪૬૪.

૧૮. શ્રી પાર્શ્વનાથ પરમાત્મા પાસે દીક્ષા ગ્રહણ કરીને ઉગ્ર તપમાં તત્પર તે અનુત્તર દેવલોકમાં દેવ થયો અને રાજ્ય પામીને સિદ્ધ થશે. ૪૬૫.

અને કહ્યું છે કે -

૧. અશોક માલિક વડે પ્રથમ નવ પુષ્પ વડે નવ અંગની પૂજા કરાઈ. ત્યાર પછી નવ ભવમાં નવી-નવી લક્ષ્મીને (અને) અંતે મોક્ષરૂપી ઋદ્ધિને પામ્યો. ૪૬૬.

૧૯. એ પ્રમાણે નિર્મળ બુદ્ધિવાળા લોકો અશોકવનના અશોક માલિક સંબંધી સત્કથાને વિશેષ પ્રકારે સાંભળીને વીતરાગ પરમાત્માના ચરણકમળની પૂજાને જ વિસ્તારે. (કરે.) ૪૬૭.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના પ્રથમ અધિકારમાં સોળમો ઉપદેશ છે. ॥

"उपदेश-१७"

गुणदोषाऽपरिज्ञाना-त्सर्वदेवेषु भक्तिमान् ।
यः स्यात् श्रीधरवत् पूर्वं, स तु नैवाश्नुते सुखम् ।।१।।

निष्काङ्क्षमानसः साक्षा-ल्लभते स्वर्गसम्पदः ।
पश्चाद्यथा स एवेह, त्यक्ताकाङ्क्षोऽभवत्सुखी ।।२।।

पुरे गजपुराभिख्ये, बभूव श्रीधरो वणिक् ।
प्रकृत्या भद्रको मुग्धो, यत्र तत्राभिलाषवान् ।।१।।

अन्यदेति मुनेः पार्श्वे, सोऽशृणोन्मसृणाशयः ।
श्रीजिनार्चारतः प्राणी, प्राप्नोति फलमीप्सितम् ।।२।।

श्रुत्वैतत्कारयित्वा च, प्रतिमामार्हतीं सुधीः ।
त्रिसन्ध्यं पूजयामास, श्रीधरो भक्तिनिर्भरः ।।३।।

धूपोत्क्षेपपरोऽन्येद्यु-रग्रहीदित्यभिग्रहम् ।
अनिष्ठितेऽस्मिन् धूपे हि, नेतः स्थानाच्चलाम्यहम् ।।४।।

अथाऽकस्मादहिस्तत्र, निर्गतो दैवयोगतः ।
तं तथानिश्चलात्मानं, दुष्टो दशति यावता ।।५।।

जिनार्चानिश्चयात्तुष्टा, तावच्छासनदेवता ।
सर्प्पमुत्सारयामास, श्रीधरात्तं तथास्थितात् ।।६।।

तुष्टास्मीति ततोऽवादी-द्देवी तं श्रीधरं प्रति ।
यदेवं दृढता बाढं, तव श्रीजिनपूजने ।।७।।

तद्गृहाण मणिं लक्ष्मी-प्रदमेनं भवानहो ! ।
पूर्णप्रतिज्ञः सोऽप्येवं, जगृहेऽन्तर्हिता च सा ।।८।।

"ઉપદેશ-૧૭"

૧. જે ગુણદોષને નહીં જાણવાથી પહેલા સર્વ દેવોને વિષે (પ્રત્યે) ભક્તિવાળો હોય તે ખરેખર શ્રીધરની જેમ સુખને નથી જ ભોગવતો. ૪૬૮.

૨. નિઃસ્પૃહી મનવાળો પ્રત્યક્ષ સ્વર્ગની સંપત્તિ મેળવે છે. પાછળથી ત્યાગ કરેલ આકાંક્ષાવાળો તે જ અહીં સુખી થાય છે. ૪૬૯.

૧. ગજપુર નામના નગરમાં સ્વભાવ વડે સરલ, ભોળો જ્યાં-ત્યાં અભિલાષાવાળો શ્રીધર નામે વેપારી હતો. ૪૭૦.

૨. એક વખત મુનિની પાસે મનોહર આશયવાળા તેણે એ પ્રમાણે સાંભળ્યું, શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજામાં રક્ત પ્રાણી ઈચ્છિત ફલને પામે છે. ૪૭૧.

૩. નિર્મલ બુદ્ધિવાળા, ભક્તિથી પૂર્ણ શ્રીધરે આ સાંભળીને અરિહંત પરમાત્માની પ્રતિમા કરાવીને ત્રણે સંધ્યાએ (ત્રિકાળ) પૂજા કરી. ૪૭૨.

૪. ધૂપ ઉવેખવામાં તત્પર તેણે એક દિવસ એ પ્રમાણે અભિગ્રહને ગ્રહણ કર્યો કે ધૂપ પૂર્ણ થયા વિના હું આ સ્થાનથી ચાલીશ (હાલીશ) નહિ. ૪૭૩.

૫. હવે ભાગ્ય યોગથી ત્યાં એકાએક સાપ નીકળ્યો. તે પ્રમાણે નિશ્ચલ એવા તેને દુષ્ટ (સર્પ) જેટલામાં ડસે છે. ૪૭૪.

૬. તેટલામાં જિનપૂજાના નિશ્ચયવાળા તે પ્રમાણે સ્થિર રહેલા શ્રીધરથી ખુશ થયેલ શાસનદેવતાએ સર્પને ઉંચે ફેંક્યો. ૪૭૫.

૭. શ્રી જિનની પૂજામાં જે આ પ્રમાણે તારી અત્યંત દૃઢતા છે. તેથી હું ખુશ છું. એ પ્રમાણે દેવીએ તેને કહ્યું. ૪૭૬.

૮. અહો ! લક્ષ્મીને આપનાર આ મણિને ગ્રહણ કરો. પૂર્ણ પ્રતિજ્ઞાવાળા તેણે પણ એ પ્રમાણે ગ્રહણ કર્યો અને દેવી અદ્રશ્ય થઈ. ૪૭૭.

रत्नानुभावतो लक्ष्मी-र्वर्द्धतेऽस्य यथा यथा ।
जिनपूजादरोऽप्यस्य, स्पर्द्धयेव तथा तथा ।।९।।

अथाऽन्यदिवसेऽश्रौषी-न्मनीषी कस्यचिद्वचः ।
यथाऽस्मिन्पूजिते यक्षे, प्राप्यते फलमीप्सितम् ।।१०।।

श्रीधरोऽपि ततस्तस्य, यक्षस्यार्च्चामचीकरत् ।
अतृप्तः पूजयामास, तामप्यासनमण्डिताम् ।।११।।

एवं लोकोक्तिश्चण्डीं, गणेशं चाप्यपूजयत् ।
क्व विवेकोऽवकाशः स्यात्, गुणदोषाऽवजानताम् ।।१२।।

अन्यदा गृहसर्वस्वे, तस्करैर्मुषिते सति ।
संक्षुब्धमानसो यावत्तावद्रत्नं विलोकते ।।१३।।

तावद्देवीवरप्राप्त-मदृष्ट्वा तं महामणिम् ।
दुःखितः श्रीधरो जज्ञे, विज्ञमन्योऽपि सर्वदा ।।१४।।

पद्मापि रत्नाभावेन, समस्ता तद्गृहाद्गता ।
भोजनस्यापि सन्देहः, पपात प्रतिवासरम् ।।१५।।

ततो देवाग्रतस्तस्थौ, दिनत्रयमुपोषितः ।
दिने तृतीये तेऽप्याहुः, प्रत्यक्षीभूय तत्पुरः ।।१६।।

किमर्थमस्मानस्मार्षी-स्त्वमेवं लङ्घनोद्यतः ।
यूयं मम मनोऽभीष्टं, कुरुध्वमिति सोऽप्यवक् ।।१७।।

कुलदेवी ततोऽवादीत्, दुष्टनिष्ठुरमानस ! ।
रे दुष्ट ! शीघ्रमुत्तिष्ठ, याहीदानीं ममाग्रतः ।।१८।।

૯. જેમ-જેમ મણિરત્નના પ્રભાવથી આની લક્ષ્મી વધે છે, તેમ-તેમ સ્પર્ધાની હરીફાઈની જેમ આનો જિનપૂજા પ્રત્યે આદર પણ વધે છે. ૪૭૮.

૧૦. હવે એક દિવસ બુદ્ધિશાળી એવા તેણે કોઈના વચન સાંભળ્યા. જેમ આ યક્ષની પૂજા કરતે છતે ઈચ્છિત ફળ મેળવાય છે. ૪૭૯.

૧૧. ત્યારબાદ શ્રીધરે પણ તે યક્ષની પૂજા કરી. અતૃપ્ત (એવા શ્રીધરે) આસન પર બિરાજમાન તે દેવીને પણ પૂજી. ૪૮૦.

૧૨. એ પ્રમાણે લોકોક્તિથી ચંડીદેવી અને ગણેશની પણ પૂજા કરી. ગુણદોષને નંહીં જાણનારને વિવેકનો અવકાશ ક્યાંથી હોય ? ૪૮૧.

૧૩. એક વખત ચોરો વડે ઘરનું સર્વસ્વ (ધન) ચોરાયે છતે અત્યંત આકુલ-વ્યાકુલ મનવાળો જ્યાં-ત્યાં રત્નોને જુએ છે. ૪૮૨.

૧૪. તેટલામાં દેવીના વરદાનથી પ્રાપ્ત થયેલ તે મહામણિને નહીં જોઈને હંમેશાં પોતાને હોંશિયાર માનતો પણ શ્રીધર દુઃખી થયો. ૪૮૩.

૧૫. મણિરત્નના અભાવથી સઘળી લક્ષ્મી પણ તેના ઘરમાંથી ગઈ. દરરોજ ભોજનની પણ શંકા આવી પડી. ૪૮૪.

૧૬. ત્યાર પછી દેવની સમક્ષ ત્રણ ઉપવાસ કરીને રહ્યો. ત્રીજે દિવસે તેની (શ્રીધરની) આગળ પ્રત્યક્ષ થઈને તેઓએ કહ્યું. ૪૮૫.

૧૭. લાંઘણ કરવામાં ઉદ્યત તેં આ પ્રમાણે અમને શા માટે યાદ કર્યા, તમે મારા મનનું ઈચ્છિત કરો. એ પ્રમાણે તેણે (શ્રીધરે) પણ કહ્યું. ૪૮૬.

૧૮. ત્યારબાદ કુલદેવીએ કહ્યું. દુષ્ટતાથી નિષ્ઠુર મનવાળા અરે દુષ્ટ ! જલ્દી ઉભો થા, હમણાં મારી આગળથી તું ચાલી જા. ૪૮૭.

दास्यन्त्येते तवाभीष्टं, देवाः सेवापरेण ये ।
त्वयानीता गृहे भक्ति-बहुमानपुरस्सरम् ।।१९।।

स्मितपूर्वं भणन्ति स्म, ततो देवाः परस्परम् ।
गणेशश्चण्डिकां प्रोचे, भक्तेऽभीष्टप्रदा भव ।।२०।।

चण्ड्यपि प्राह यक्षोऽयं, दाताऽभीष्टानि यः स्वयम् ।
निविष्ट आसने प्रौढे, ममादौ पूज्यतेऽनिशम् ।।२१।।

यक्षोऽपि दक्षोऽभाषिष्ट, दात्री शासनदेवता ।
यया पूर्वमपि दत्तं, रत्नमपूर्ववैभवम् ।।२२।।

एवं देवगिरं श्रुत्वा, परिहासपुरस्सरा ।
विषण्णं श्रीधरं प्राह, जिनगृह्या महासुरी ।।२३।।

पश्य भो भद्र ! यद्देवै-रमीभिरखिलैरपि ।
अन्योऽन्याऽमर्षसम्पृक्तै-स्तवोपेक्षा व्यधीयत ।।२४।।

ततः सर्वानिमांस्त्यक्त्वा, जिनमेकाग्रचित्ततः ।
पूजय त्वं यतोऽमुष्मिन् !, पूजिते सर्वसिद्धयः ।।२५।।

यज्ञिताचरितैः सर्वै-र्देवैर्देवत्वमाप्यते ।
ततः समग्रदेवाना-मयमेवाऽत्र दैवतम् ।।२६।।

इत्यवेत्य निराकाङ्क्षो, यक्षादीनाह सादरम् ।
कृत्वा प्रसादं मद्गेहात्, यूयं यात निजं पदम् ।।२७।।

૧૯. સેવામાં તત્પર એવા તારા વડે જે દેવો ભક્તિ અને બહુમાનપૂર્વક ઘરમાં લવાયા. તે (દેવો) તારા ઈચ્છિતને આપશે. ૪૮૮.

૨૦. ત્યાર બાદ દેવોએ પરસ્પર હસતા-હસતા કહ્યું. ગણેશે ચંડિકાદેવીને કહ્યું. ભક્તને વિષે ઈચ્છિતને આપનારી થા. ૪૮૯.

૨૧. ચંડિકા દેવીએ પણ કહ્યું - જે આ યક્ષ સ્વયં ઈચ્છિતોને આપનાર છે. પ્રૌઢ આસન પર બિરાજિત હંમેશાં મારી પહેલા પૂજાય છે. ૪૯૦.

૨૨. કુશલ યક્ષે પણ કહ્યું - શાસનદેવી દાતારી છે. જેણી વડે પહેલા પણ અપૂર્વ વૈભવ સ્વરૂપ રત્નને અપાયું. ૪૯૧.

૨૩. એ પ્રમાણે દેવની વાણીને સાંભળીને જિનેશ્વર પર ભક્તિવાળી એવી મહાદેવીએ હાસ્યપૂર્વક ખેદ પામેલ શ્રીધરને કહ્યું. ૪૯૨.

૨૪. હે ભદ્ર ! તું જો. પરસ્પર ઈર્ષ્યાથી યુક્ત આ સઘળા દેવો વડે પણ તારી ઉપેક્ષા કરાઈ. ૪૯૩.

૨૫. તેથી આ સર્વેનો (દેવોનો) ત્યાગ કરીને તું જિનેશ્વર પરમાત્માને એકાગ્ર ચિત્તથી પૂજ. જેથી આ પરમાત્મા પૂજાતે છતે સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય. ૪૯૪.

૨૬. આચારથી જિતાયેલા સર્વ દેવો વડે જે દેવપણું પ્રાપ્ત (અપાય છે) કરાય છે. તેથી સઘળા દેવોના પણ આ દેવ છે. ૪૯૫.

૨૭. એ પ્રમાણે જાણીને આંકાક્ષારહિત (શ્રીધરે) યક્ષ વિગેરેને આદરપૂર્વક કહ્યું - મહેરબાની કરીને મારા ઘરમાંથી તમે પોતાના સ્થાને જાઓ. ૪૯૬.

ततो निश्चलचित्ताय, श्रीधराय पुनर्ददौ ।
शासनस्य सुरी हृष्टा, रत्नकोटीरनेकशः ।।२८।।

ततस्त्रिरर्हत्पदपूजया सृजन्, दानैश्च लक्ष्मीः सफला निजार्जिताः ।
प्रान्ते परिव्रज्य विमुक्तिसुन्दरी-वक्षस्थले हारतुलामयं दधौ ।।२९।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे सप्तदश उपदेशः ।।१७।।

૨૮. ત્યારબાદ ખુશ થયેલી શાસનદેવીએ નિશ્ચલ ચિત્તવાળા શ્રીધરને ફરીથી અનેકવાર કરોડ રત્ન આપ્યા. ૪૯૭.

૨૯. ત્યારબાદ પોતે ઉપાર્જન કરેલ લક્ષ્મીને ત્રણે કાળ અરિહંત પરમાત્માની પૂજા દ્વારા દાન વડે સફલ કરતો અંતે પ્રવજ્યા ગ્રહણ કરીને મોક્ષરૂપી સુંદરીને વક્ષસ્થલમાં હારની સમાન ધારણ કરી. ૪૯૮.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં સત્તરમો ઉપદેશ છે. ॥

"उपदेशः-१८"

नैकाग्रचित्ताः परितन्चते ये, सुश्रावकाः श्रीजिनराजपूजाम् ।
ते हास्यपात्रं विदुषां भवन्ति, श्राद्धो यथाभूञ्जिणहाभिधानः ।।१।।

धवलक्कपुरे श्रीश्री-मालज्ञातिशिरोमणिः ।
जाहापुत्रोऽभवत् श्रेष्ठी, जिणहाख्योऽतिदुर्गतः ।।१।।

घृतकर्पासतैलाद्यं, विक्रीयात्मोदरंभरिः ।
चकाराजीविकां किन्तु, जिनधर्मविवर्जितः ।।२।।

अन्यदाऽभयदेवाख्य-सूरिभ्यो धर्म्ममार्हतम् ।
श्रुत्वा भक्तामरस्तोत्रं, स पपाठ स्वभक्तितः ।।३।।

नित्यं तत्त्रिः परावृत्त्य, श्रीपार्श्वं परिपूज्य च ।
कृत्वा च धर्म्मकर्त्तव्यं, स चक्रे सफलं जनुः ।।४।।

शाखापुरेऽन्यदा तस्य, प्राप्तस्य स्मरतो निशि ।
त्रयस्त्रिंशं महावृत्तं, तुष्टा चक्रेश्वरी ततः ।।५।।

काव्यं चेदम् -

इत्थं यथा तव विभूतिरभूज्जिनेन्द्र !, धर्मोपदेशनविधौ न तथा परस्य ।
यादृक्प्रभा दिनकृतः प्रहतान्धकारा, तादृक् कुतो ग्रहगणस्य विकाशिनोऽपि ।।१।।

जयप्रदं वश्यकरं, गृहाण मणिमुत्तमम् ।
इत्युक्त्वा सा तिरोधत्त, सोऽपि हस्ते बबन्ध तम् ।।६।।

"ઉપદેશ-૧૮"

૧. એકાગ્ર ચિત્તવાળા જે સુશ્રાવકો શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજાને વિસ્તારતા (કરતા) નથી. તેઓ જિણહ નામનો શ્રાવક જેમ થયો તેમ પંડિતોમાં હાંસીને પાત્ર થાય છે. ૪૯૯.

૧. ધવલક્કપુરમાં (ધોળકામાં) શ્રી શ્રીમાળી જ્ઞાતિમાં શિરોમણિ જાહાનો પુત્ર જિણહ નામનો શ્રેષ્ઠી અત્યંત ગરીબ હતો. ૫૦૦.

૨. ઘી-કપાસ-તેલ વિગેરે સંપત્તિને વેચીને પોતાનું પેટ ભરનાર તેણે આજીવિકા કરી. પરંતુ તે જિનધર્મથી રહિત હતો. ૫૦૧.

૩. એક વખત અભયદેવસૂરી નામના આચાર્ય ભગવંત પાસે અરિહંત પરમાત્માના ધર્મને સાંભળીને તેણે ભક્તિપૂર્વક ભક્તામર સ્તોત્રને ભણ્યું. ૫૦૨.

૪. રોજ ભક્તામર સ્તોત્રને ત્રણ વાર પરાવર્તન કરીને (બોલીને) શ્રી પાર્શ્વનાથ ભગવાનની પૂજા કરીને અને ધર્મકાર્ય કરીને તેણે જન્મ સફલ કર્યો. ૫૦૩.

૫. એક વખત શાખાપુરમાં આવેલા તેને (ભક્તામર સ્તોત્રના) તેત્રીશમા શ્લોકનું રાત્રિમાં સ્મરણ કર્યું. તેથી ચક્રેશ્વરી દેવી ખુશ થઈ. ૫૦૪.

અને આ કાવ્ય છે -

૧. હે જિનેન્દ્ર ! ધર્મોપદેશની વિધિમાં (ધર્મ વ્યાખ્યાન કરતી વખતે) એ પૂર્વોક્ત પ્રકારની તમારી અતિશયરૂપ સંપદા જે પ્રકારે હતી. તે પ્રકારે અન્ય દેવોની નથી. કેમ કે પ્રકર્ષે કરીને હણ્યો છે અંધકાર જેણે એવી સૂર્યની જેવી કાંતિ પ્રકાશિત થયેલ પણ ગ્રહોના સમૂહની ક્યાંથી હોય ? ૫૦૫.

૬. વિજયને પ્રદાન કરનાર, વશ કરનાર ઉત્તમ મણિને ગ્રહણ કરો, એ પ્રમાણે કહીને તે (દેવી) અન્તર્ભૂત થઈ. તેણે (જિણહે) પણ તેને (મણિને) હાથમાં બાંધ્યો. ૫૦૬.

प्रातस्तत्रत्यकृत्यानि, विधाय स्वपुरं प्रति ।
आगच्छन्नेष मार्ग्गे तु, रुरुधे तस्करैस्त्रिभिः ।।७।।

बाणत्रयेण तान् हत्वा, लीलया स्वपुरं ययौ ।
अचिन्त्यो मणिमन्त्रादि-महिमा यत उच्यते ।।८।।

श्रुत्वा तद्वृत्तमाकार्य, पत्तने भीमभूभुजा ।
अभाणि जिणहो भद्र !, दुष्करं कृतवानसि ।।९।।

तदा च धनवस्त्राद्यैः, स हीनोऽपि सभाजनैः ।
दृष्टः कण्ठीरव इव, प्राज्यशौण्डीर्यमण्डितः ।।१०।।

तदा च तस्य निष्कोशे, मण्डलाग्रे महीभुजा ।
समर्प्यमाणे सेनानीः, शत्रुशल्योऽब्रवीदिति ।।११।।

खण्डउं तासु समप्पीइं, जसु खंडइ अभ्यास ।
जिणहा इक्क समीप्पइं, तिलतोलं कप्पास ।।१।।

जिणहः प्राह -

असिधर धणुधरकुंतधर सत्तिधराय बहू अ ।
सत्तुसल्ल रणसूर नर विरलति जणणि पसूय ।।१।।

राजा प्राह-साधूक्तम् । यतः -

अश्वः शस्त्रं शास्त्रं, वीणा वाणी नरश्च नारी च ।
पुरुषविशेषं प्राप्ता, भवन्ति योग्या अयोग्याश्च ।।१।।

૭. સવારે ત્યાંના કાર્યને કરીને પોતાના નગર તરફ આવતો આ માર્ગમાં ત્રણ ચોરો વડે રોકાયો. ૫૦૭.

૮. ત્રણ બાણ વડે તેઓને હણીને આનંદપૂર્વક તે પોતાના નગરમાં ગયો. જે કારણથી મણિ-મંત્રાદિનો મહિમા અચિંત્ય કહેવાય છે. ૫૦૮.

૯. નગરમાં ભીમરાજા વડે તે વૃતાંતને સાંભળીને જિણહને બોલાવીને કહેવાયું. હે ભદ્ર ! તેં દુષ્કર (કાર્ય) કર્યું. ૫૦૯.

૧૦. ત્યારે ધન વસ્ત્રાદિ વડે હીન એવો પણ તે સભાજનો વડે અત્યંત બળથી યુક્ત સિંહની જેમ જોવાયો. ૫૧૦.

૧૧. ત્યારે રાજા વડે તેને મ્યાનરહિત તલવાર અર્પણ કરાયે છતે શત્રુને શલ્ય સમાન સેનાપતિએ તેને એ પ્રમાણે કહ્યું. ૫૧૧.

૧. જેને તલવારમાં અભ્યાસ હોય તેને તલવાર અપાય જિણહને (તો) ફક્ત તલ-ત્રાજવું અને કપાસ અપાય. ૫૧૨.

જિણહે કહ્યું -

૨. તલવારને ધરનારા, ધનુષ્યને ધરનારા, ભાલાને ધરનારા, શક્તિમાનના શસ્ત્રને ધારણ કરનારા ઘણા બધા હોય છે. હે શત્રુશલ્ય ! માતાએ પ્રસવેલા મનુષ્યમાં રણમાં શૂરવીર પુરુષ વિરલ જ હોય છે. ૫૧૩.

રાજાએ કહ્યું - સારું કહ્યું. જે કારણથી -

૧. પુરુષ વિશેષને પ્રાપ્ત થયેલ ઘોડા, હથિયાર, આગમ, વીણા, વચન, મનુષ્ય અને સ્ત્રી યોગ્ય અને અયોગ્ય હોય છે. ૫૧૪.

ततो भीमनृपस्तं त्रिः, पर्यधापयदुज्ज्वलैः ।
पट्टकुलैः सुवर्णाद्यं, प्रभूतं च ददौ मुदा ।।१२।।

खड्गं विकोशं सैन्यं च, धवलक्कपुरेशिताम् ।
दत्त्वा तं व्यसृजद्राजा, सोऽपि स्वं पुरमाययौ ।।१३।।

ततः प्रभृति चौराणां, नामापि खलु निष्ठितम् ।
गूर्ज्जरत्राक्षितौ तस्मिन्, रक्षके दण्डनायके ।।१४।।

अन्यदा चारणः कोऽपि, तत्परीक्षाचिकीर्षया ।
करभं चोरयामास, धृतोऽसौ जिणहाजनैः ।।१५।।

आनीय दर्शितो दण्डे-शाय पूजां वितन्वते ।
स्वामिन्नेतस्य चौरस्य, दण्डः क इति कथ्यताम् ।।१६।।

अङ्गुलीसंज्ञया सोऽपि, तेभ्यस्तं वध्यमादिशत् ।
चारणोऽवसरज्ञोऽथ, तं प्रत्येवमभाषत ।।१७।।

इक जिणहा नइं जिणवरह, न मिलइं तारोतार ।
जेण अमारण पूजीइं, ते किम मारणहार ।।१८।।

श्रुत्वेति विस्मितः स्वान्ते, स्मितपूर्वं मुमोच तम् ।
चौर्यं न जातुकार्यं च, त्वयेति तमशिक्षयत् ।।१९।।

चारणोऽप्याह -

૧૨. ત્યારબાદ ભીમરાજાએ તેને ત્રણ વાર ઉજ્જવલ રેશમી વસ્ત્ર પહેરાવ્યા અને હર્ષપૂર્વક ઘણું સુવર્ણ વિગેરે આપ્યું. ૫૧૫.

૧૩. મ્યાનરહિત ખુલ્લી તલવાર અને સૈન્ય અને ધોલકાનું રાજાપણું આપીને તેને વિદાય કર્યો. તે પણ પોતાના નગરમાં આવ્યો. ૫૧૬.

૧૪. ત્યારબાદ તે ગુજરાત દેશમાં પૃથ્વી પર રક્ષણ કરનાર, દંડનાયક (મંત્રી) હોતે છતે ચોરોનું નામ પણ ખરેખર સમાપ્ત થયું. ૫૧૭.

૧૫. એક વખત તેની પરીક્ષા કરવાની ઈચ્છાથી કોઈક પણ ચારણે ઉંટને ચોર્યું. જિણહના માણસો વડે એ પકડાયો. ૫૧૮.

૧૬. પૂજા કરતા એવા મંત્રીને તે (ચોર) લાવીને બતાવાયો. હે સ્વામી ! આ ચોરને કયો (શું) દંડ ? એ પ્રમાણે કહો. ૫૧૯.

૧૭. તેણે પણ તેઓને આંગળીના ચિહ્ન વડે તેને (ચોરને) માટે વધનો આદેશ આપ્યો. હવે અવસરને જાણનાર ચારણે તેની પ્રત્યે એ પ્રમાણે કહ્યું. ૫૨૦.

૧૮. જિણહે પરમાત્માને નમસ્કાર કર્યો પણ તારોતાર મળ્યો નહીં. (અર્થાત્ ભાવપૂર્વક નમસ્કાર ન કર્યો.) જે કારણથી નહીં મારનારને (પરમાત્માને) જે પૂજે તે મારણહાર કેમ થાય ? ૫૨૧.

૧૯. એ પ્રમાણે સાંભળીને હૃદયમાં વિસ્મયવાળા તેણે હાસ્યપૂર્વક તેને છોડ્યો તારા વડે ક્યારે પણ ચોરી કરવી યોગ્ય નથી. એ પ્રમાણે તેને શિક્ષણ આપ્યું. ૫૨૨.

ચારણે પણ કહ્યું -

इक्का चोरी सा जिकिय, जा खोलडइं न माइं ।
बीजी चोरी जे करइं, चारण चोर न थाइं ।।१।।

देव ! त्वया वणिग्मात्रे-णापि सर्वेऽपि तस्कराः ।
कथं विनाशिता एषा, परीक्षाद्य मया कृता ।।२०।।

ततो दत्त्वा बहुद्रव्यं, स्वस्थाने प्रेषयत्स तम् ।
स्वयं त्वेकमनाः पूजां, कृत्वा भुक्त्याद्यसाधयत् ।।२१।।

एवं सुभटकोटीषु, प्राप्तः कोटीरतामसौ, ।
महीं निष्कण्टकां कुर्वन्, श्रावकः परमोऽभवत् ।।२२।।

शुल्कं पोट्टलिकानां च, स मुमोच कृपापरः ।
ततोऽनु नगरे तत्र, सा [1]व्यवस्थाप्रतोऽभवत् ।।२३।।

अद्यापि यः समादत्ते, करं तेभ्यो हठादपि ।
महाजनविरोधित्वात्, स चिरं नैव नन्दति ।।२४।।

एवमेष जिणहाभिधो वणिक्, स्वान्ययोरुपकृतौ कृतादरः ।
धर्मकृत्यनिरतश्चिरं क्रमात्, प्राप्तवान् सुगतिमद्भुतर्द्धिकः ।।२५।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारेऽष्टादश उपदेशः ।।१८।।

---

१. "ततो-इत्यपि" ।।

૧. જે ખોળામાં માઈ નથી એવી, તૈયારી પૂર્વકની એક ચોરી કરી છે. બીજી ચોરી (એ સિવાયની ચોરી) જે કરે એવો ચોર ચારણ ન બને (અર્થાત્ જો સંતાડી શકાય તેવી ચોરી મારે કરવી હોત તો કરભને શા માટે ઉઠાવત ? એટલે આપ સમજી લો કે ખોળામાં ન સમાઈ શકે એવી ચોરી જે મેં કરી છે એ ફક્ત પરીક્ષા માટે જ. એવો આપ વિશ્વાસ રાખજો.) ૫૨૩.

૨૦. હે દેવ ! વેપારી માત્ર એવા તારા વડે સર્વે ચોરો શી રીતે વિનાશ કરાયા. (તે) મારા વડે આજે આ પરીક્ષા કરાઈ. ૫૨૪.

૨૧. ત્યારબાદ તેને ઘણું ધન આપીને પોતાના સ્થાને મોકલતા એકાગ્રચિત્તવાળા સ્વયં તેણે પૂજા કરીને ભોજનાદિ મેળવ્યું. ૫૨૫.

૨૨. એ પ્રમાણે કરોડો સૈનિકોમાં અગ્રેસરપણું પામેલો, પૃથ્વીને કાંટાઓ રહિત કરતો શ્રેષ્ઠ શ્રાવક થયો. ૫૨૬.

૨૩. કૃપામાં તત્પર એવા તેણે કપડાના પોટલાના કરને માફ કર્યો. ત્યારબાદ તે નગરમાં તે વ્યવસ્થા પહેલેથી થઈ. ૫૨૭.

૨૪. જે આજે પણ તેઓ પાસેથી બલાત્કારથી કરને ગ્રહણ કરે છે. તે વેપારીઓનું વિરોધીપણું હોવાથી ઘણા કાળ પર્યન્ત આનંદ પામતો નથી. ૫૨૮.

૨૫. પોતાને અને બીજાને વિષે ઉપકાર કરવામાં આદરવાળો, ધર્મકાર્યમાં તત્પર તથા અદ્‌ભુત ઋદ્ધિવાળા જિણહ નામના વેપારીએ અનુક્રમે સદ્‌ગતિને પ્રાપ્ત કરી. ૫૨૯.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં અઢારમો ઉપદેશ છે. ॥

कुर्वन्ति देवद्रविणोपभोगं, ये ते नरा दुर्गतिगामिनः स्युः ।
कथानकान्यत्र बहूनि सन्ति, तथापि दिग्मात्रमुदाह्रियेत ।।१।।

इह खलु एकान्तश्रीदेवगुरुभक्तिकारकेण विशुद्धश्रीसम्यक्त्वमूलद्वादशव्रत-धारकेण सुश्रावकेण देवसम्बन्धिद्रव्योपभोगः सर्वथा न कार्यः, स्वपरसमय-निषिद्धत्वाद् बहुदोषसंभवाच्च ।

देवद्रव्येण या वृद्धि-र्गुरुद्रव्येण यद्धनम् ।
तद्धनं कुलनाशाय, मृतोऽपि नरकं व्रजेत् ।।१।।

एकमपि कटुकतुम्बीबीजं भारसहस्रप्रमाणमपि गुडं विनाशयति ।
विषस्य लवोऽपि परमान्नभृतं स्थालं सर्वेषामनुपयोगि किं न विधत्ते ? ।

दृश्यन्ते च केऽपि मूर्खा देवद्रव्येण व्यवसायादि कुर्वन्तः, कदाचिन्निर्द्धनत्वे जाते देवद्रव्यसाराविधायिभिस्तद्द्रव्यपश्चान्मार्ग्गणे एवं वदन्तो यथा न सन्ति सम्प्रत्यस्मत्पार्श्वे द्रम्माः, पितृस्थानीयो वाऽस्माकं जिनः, नहि पितृधनं पुत्राणां किमप्यनादेयम्, इत्यादियत्तत्प्रलापिनो वराकास्तेऽनन्तानन्तसंसारक्लेशभाजनं भवन्ति । केचित्तु धनवन्तोऽपि महत्त्वस्पृहयालवः प्रभूतसमुदायमध्ये बहुद्युम्नपरि-हितेन्द्रमाला लभ्यीकृत्य बहुदेवद्रव्या अपि तन्मार्ग्गणे दीनमेव भाषन्ते, मनसापि तदर्प्पणं न वाञ्छन्ति । देवस्य किमपत्यानि क्षुधा म्रियमाणानि सन्ति । देवस्तव किमधिको मम किं न्यूनो, यदा विलोकयिष्यते तदानीमर्प्पयिष्यामि, इत्यादि कालक्षेपमेव कुर्व्वाणा उल्लुण्ठवादिनस्तेऽपि तेषामेव पङ्क्तौ निवेशनीयाः ।।

अत्र भ्रातृद्वयोदाहरणम् -

"ઉપદેશ-૧૯-૨૦"

૧. જેઓ દેવદ્રવ્યનો ઉપભોગ કરે છે તે માણસો દુર્ગતિમાં જનારા હોય છે. (થાય.) અહીં કથાઓ ઘણી છે. તો પણ દિશાસૂચન ઉદાહરણ અપાય છે. ૫૩૦.

૧. અહીં ખરેખર એકાંતે શ્રી દેવ-ગુરુની ભક્તિ કરનાર, વિશુદ્ધ શ્રી સમ્યક્ત્વ મૂલ બારવ્રતને ધારણ કરનાર સુશ્રાવક વડે પોતાના અને પરશાસ્ત્રમાં નિષેધ કરેલો હોવાથી અને ઘણા દોષોની સંભાવના હોવાથી દેવસંબંધી દ્રવ્યનો ઉપભોગ કોઈ પણ રીતે ન કરવો જોઈએ. ૫૩૧.

૧. દેવદ્રવ્ય વડે જે વૃદ્ધિ થાય અથવા ગુરુદ્રવ્ય વડે જે ધન (ધનવાન) થાય તે ધન કુલના નાશ માટે થાય છે. (અને) મરેલો પણ તે નરકમાં જાય. ૫૩૨.

૧. કડવી તુંબડીનું એક પણ બીજ હજાર ભાર પ્રમાણ ગોળનો નાશ કરે છે. શું વિષનો અંશ પણ બધાના ખીરથી ભરેલ થાળને નિરર્થક નથી કરતો ? (કરે છે.) ૫૩૩.

કેટલાક મૂર્ખાઓ દેવદ્રવ્ય વડે વ્યાપારાદિ કરતાં દેખાય છે, અને કદાચિત નિર્ધનપણું ઉત્પન્ન થયે છતે દેવદ્રવ્યની સારસંભાર કરનારાઓ વડે દ્રવ્ય પાછું માગ્યે છતે એ પ્રમાણે બોલતા હોય છે કે જેમ અમારી પાસે ધન નથી અથવા પરમાત્મા અમારા પિતાના સ્થાને છે. પિતાનું ધન પુત્રોને આપવા યોગ્ય ન હોય વિગેરે જેમ-તેમ બોલતાં બિચારા તેઓ અનંતાનંત કાળ સુધી સંસારમાં ક્લેશને ભજનારા થાય છે. વળી કેટલાક ધનવાન પણ મોટી ઈચ્છાવાળા મોટા સમુદાયની મધ્યમાં ઘણા ધનથી પહેરી છે ઈન્દ્રમાલા જેને એવું ઘણું દેવદ્રવ્ય મેળવીને (દેવા પેઠે કરીને) તેના આપવામાં હીનતાપૂર્વક વચનો બોલે છે. મનથી પણ તેને આપવાને ઈચ્છતા નથી. દેવના સંતાનો શું ભૂખે મરી જાય છે. તને શું દેવ અધિક પ્રિય છે ? મને શું ઓછા પ્રિય છે ? જ્યારે અવસર દેખાશે ત્યારે હું અર્પણ કરીશ. એ પ્રમાણે સમયને પસાર કરતા કપટી એવા તેઓ પણ તેઓની શ્રેણીમાં રાખવા યોગ્ય છે. ૫૩૩.

અહીં બે ભાઈનું દૃષ્ટાન્ત છે -

विश्वपुरे क्षेमङ्करो राजा तस्य युगन्धरः पुत्रः । सोऽन्यदा वने कस्यापि मुनेः केवलज्ञानोत्सवं देवैः क्रियमाणं दृष्ट्वा सञ्जातजातिस्मृतिस्तदैवोत्पन्नवैराग्यो देवतादत्तवेषः प्रवव्राज । वन्दितो राजाद्यैः विजहार वसुन्धरावलये । चकार भूयांस्यपि तपांसि । अन्यदा तस्य मुनेः शुक्लध्यानाऽधिरूढस्याऽवधिज्ञानमुत्पेदे । आगतस्तत्रैव पुरे । राजादयो वन्दितुं गताः । प्रारब्धा तेनापि धर्म्मदेशना तत्र चावसरे कोऽपि कुष्ठी सर्वरोगराजधानीव, मक्षिकाणां पितृगृहमिव, पदे पदे बालकाद्यैरपि कर्करादिभिरुपहन्यमानस्तत्र प्राप्तः । राजादयश्च तादृशदुर्दशानिपतितं दृष्ट्वा तस्य प्राच्यभवं मुनेः पार्श्वे पृच्छन्ति । मुनिः प्राह - कुसुमपुरे नन्दनागदेवौ द्वौ भ्रातरौ । वृद्धो व्यवहारे शुद्धः, अपरस्तु विपरीतः । अन्यदा तन्नगराधिपेन स्वकारितजिनमन्दिरे देवद्रव्यरक्षणाय नियुक्तौ, स्वशक्त्या सारां कुरुतः । अन्यदा नागदेवः क्षीणधनोऽन्तरान्तरा निर्लज्जतया स्वल्पं स्वल्पं तु देवद्रव्यं भुङ्क्ते । वृद्धभ्राता तु -

जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।
भक्खंतो जिणदव्वं, अणंतसंसारिओ होइ ।।१।।

जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।
रक्खंतो जिणदव्वं, परित्तसंसारिओ होइ ।।२।।

जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।
वड्ढंतो जिणदव्वं, तित्थयरत्तं लहइ जीवो ।।३।।

૧. વિશ્વપુરમાં ક્ષેમંકર રાજા હતો. તેને યુગંધર પુત્ર હતો. એક વખત દેવો વડે જંગલમાં કરાતા કોઈ મુનિના કેવલજ્ઞાનના ઉત્સવને જોઈને ઉત્પન્ન થયેલ જાતિસ્મરણ જ્ઞાનવાળા, ત્યારે જ ઉત્પન્ન થયેલ વૈરાગ્યવાળા, દેવતાએ આપેલ વેષવાળા એવા તેણે પ્રવજ્યા ગ્રહણ કરી. રાજા વિગેરે વડે વંદન કરાયેલ (તેણે) પૃથ્વીમંડલ પર વિહાર કર્યો. ઘણા તપોને પણ કર્યા. એક વખત શુકલ ધ્યાનમાં આરૂઢ થયેલ તે મુનિને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તે જ ગામમાં આવ્યા. રાજા વિગેરે વંદન કરવા માટે ગયા. તેમના (મુનિ) વડે પણ ધર્મદેશના પ્રારંભ કરાઈ. તે અવસરે કોઈ એક કોઢિયો સર્વ રોગોની રાજધાનીની જેમ, માખીઓના સ્મશાનની જેમ, પગલે-પગલે બાલકાદિ વડે પણ પત્થર વિગેરેથી મરાતો (પ્રહાર કરાતો) ત્યાં આવ્યો. તેવા પ્રકારની દુર્દશામાં પડેલા તેને જોઈને રાજા વિગેરે તેના (કોઢીયાના) પૂર્વભવને મુનિને પૂછે છે. મુનિ બોલ્યા - કુસુમપુરમાં નંદ અને નાગદેવ બે ભાઈઓ હતા. મોટો ભાઈ વ્યવહારમાં શુદ્ધ હતો. વળી બીજો (નાનો ભાઈ) વિપરીત હતો. એક વખત તે નગરના રાજા વડે પોતે બનવાયેલ જિનમંદિરના દેવદ્રવ્યના રક્ષણ માટે નિયુક્ત કરાયા. પોતાની શક્તિ પ્રમાણે દેવદ્રવ્યની સંભાળ રાખે છે. એક વખત નાગદેવ ક્ષીણ ધનવાળો નિર્લજ્જતાથી થોડું - થોડું દેવદ્રવ્ય ભોગવે છે. વળી મોટાભાઈ વડે (કહેવાયું). ૫૩૪.

૧. જિનેશ્વર પરમાત્માના પ્રવચનની વૃદ્ધિ કરનાર, જ્ઞાન-દર્શન વિગેરે ગુણોની પ્રભાવના કરનાર એવા જિનેશ્વર ભગવંતના દ્રવ્યનું (દેવદ્રવ્યનું) ભક્ષણ કરનાર અનંતસંસારી થાય છે. ૫૩૫.

૨. જિનેશ્વર પરમાત્માના પ્રવચનની વૃદ્ધિ કરનાર, જ્ઞાન-દર્શન વિગેરે ગુણોની પ્રભાવના કરનાર એવા જિનેશ્વર ભગવંતના દ્રવ્યનું (દેવદ્રવ્યનું) રક્ષણ કરનાર સંસારથી પાર પામનાર થાય છે. ૫૩૬.

૩. જિનેશ્વર પરમાત્માના પ્રવચનની વૃદ્ધિ કરનાર, જ્ઞાન-દર્શન વિગેરે ગુણોની પ્રભાવના કરનાર એવા જિનેશ્વર ભગવંતના દ્રવ્યનું (દેવદ્રવ્યનું) ની વૃદ્ધિ કરનાર આત્મા (જીવ) તીર્થંકરપણું મેળવે છે. ૫૩૭.

इत्यादि बहुप्रकारश्रीआगमोक्तवाचोयुक्तिभिर्निवारितोऽपि यावता लघुर्न तिष्ठति तावता वृद्धश्चिन्तयति स्म प्रातर्भूपाय निवेदयिष्यामीति । अत्रान्तरे अकस्माच्छूलेन रात्रौ मृतः व्यवहारिणः सुतो जातः । तत्र भवे भव्यान् भोगान् भुक्त्वा प्रान्ते व्रतं लात्वा प्राणतकल्पे देवो जातः । एवं सप्तभवान् दीक्षामाराध्य अच्युतादिषु देवत्वेन समुत्पद्य च क्रमेण सोऽहं युष्मत्पुत्रो युगन्धरो जातः । नागदेवस्तु तस्मिन्नेव भवे विज्ञातस्वरूपः सन् राजादिभिर्भृशं गर्हितः । भक्षितदेवद्रव्यपदे गृहीतगृहसर्वस्वश्च प्रान्ते षोडशवर्षाणि रोगार्त्तः शेषद्रव्यार्प्पणाय सुतानां कथयित्वा मृतः । पूर्वाभ्यासतश्च प्रतिभवं तथैव कुर्वन् सप्तसु नरकेषु तिर्यग्भवान्तरितो भ्रामं भ्रामं एष वराकः कुष्ठी जातः । यदुक्तं -

भक्खणे देवदव्वस्स, परत्थीगमणेण य ।
सत्तमं नरयं जंति, सत्तवाराउ गोअमा ! ।।१।।

इति श्रुत्वा स कुष्ठी जातिस्मृतिं प्राप्य आलोचितसकलपापः, प्रान्ते प्रपन्नानशनो मृत्वाऽच्युते देवो जातः । क्रमेण महाविदेहे मोक्षंगमी । स च युगन्धरराजर्षिरपि क्रमेण सिद्धिसौधमध्यास्त ।।

परसमयोक्तमप्युदाहरणं यथा -

प्रभास्वे मा मतिं कुर्यात्, प्राणैः कण्ठगतैरपि ।
अग्निदग्धाः प्ररोहन्ति, प्रभादग्धाः पुनर्नहि ।।१।।

૧. વિગેરે શાસ્ત્રમાં કહેલ વચનોની યુક્તિઓ વડે અટકાવેલ પણ નાનો ભાઈ જેટલામાં અટકતો નથી તેટલામાં મોટા ભાઈએ વિચાર્યું કે સવારે હું રાજાને નિવેદન કરીશ એ પ્રમાણે. એટલામાં અકસ્માત શૂલથી પીડા થવાથી રાત્રિમાં મૃત્યુ પામેલ (મોટો ભાઈ) વેપારીનો પુત્ર થયો. તે ભવમાં શ્રેષ્ઠિ ભોગોને ભોગવીને અંતે વ્રત ગ્રહણ કરીને પ્રાણત દેવલોકમાં દેવ થયો. એ પ્રમાણે સાત ભવો પર્યંત સંયમની આરાધના કરીને અચ્યુત વિગેરે દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થઈને અનુક્રમે તે હું તમારો પુત્ર યુગંધર થયો. વળી નાગદેવ તે જ ભવમાં વિશેષ પ્રકારે જાણેલ સ્વરૂપવાળો રાજાદિ વડે ઘણો તિરસ્કારાયો. દેવદ્રવ્યનું ભક્ષણ કરેલ સ્થાનમાં અને ઘરનું સર્વસ્વ (રાજાએ) ગ્રહણ કરેલ અંતે સોળ વર્ષ પર્યંત રોગોથી પીડાતો બાકી (શેષ) રહેલ દ્રવ્યના અર્પણને માટે પુત્રોને કહીને મરણ પામ્યો. પૂર્વ ભવના અભ્યાસથી દરેક ભવમાં તે પ્રમાણે જ કરતો સાતમી નારકીમાં અને વચ્ચે - વચ્ચે (આંતરામાં) તિર્યંચના ભવોમાં ભમતો-ભમતો આ બિચારો કોઢીયો થયો. જે કહ્યું છે કે - ૫૩૮.

૧. હે ગૌતમ ! દેવદ્રવ્યના ભક્ષણમાં અને પરસ્ત્રીગમન વડે સાત વાર (જીવ) સાતમી નારકીમાં જાય છે. ૫૩૯.

૨. એ પ્રમાણે સાંભળીને તે કોઢીયો જાતિસ્મરણ જ્ઞાન પામીને સઘળા પાપોની આલોચના કરેલ અને અંતે અનશન સ્વીકારેલ મરણ પામી અચ્યુત દેવલોકમાં દેવ થયો. મહાવિદેહ ક્ષેત્રમાં જઈ અનુક્રમે મોક્ષમાં જશે અને તે યુગંધર રાજર્ષિ પણ અનુક્રમે સિદ્ધિ રૂપી મહેલને પામ્યો. ૫૪૦.

પરશાસ્ત્રમાં પણ ઉદાહરણ કહેલ છે તે આ પ્રમાણે -

૧. પ્રાણો કંઠ પર્યંત આવતે છતે (મરણ આવતે છતે) પણ દેવદ્રવ્ય (ધાર્મિક દ્રવ્ય) માં મતિ (ઈચ્છા) ન કરવી જોઈએ. વળી અગ્નિ વડે બળેલા વૃક્ષો (ફરીથી) ઉગે છે પરન્તુ ધાર્મિક દ્રવ્યથી બળેલા નહિ. (અર્થાત્ અગ્નિવડે એકવાર વૃક્ષ બળી ગયું હોય તો જો પુનઃ પાણી દ્વારા એનું સિંચન કરવામાં આવે તો વૃક્ષ ફરીથી પણ ઉગે પરંતુ ધાર્મિક દ્રવ્યનું ભક્ષણ કરનાર વ્યક્તિનો નિસ્તાર જલ્દી થતો નથી. ઘણા ભવો પર્યંત એને દુર્ગતિમાં ભટકવું પડે છે.) ૫૪૧.

पुरा जगत्त्रयाभीष्ट-नामा श्रीरामभूपतिः ।
यदा पुर्यामयोध्यायां, साम्राज्यं पर्यपालयत् ।।१।।

तदैकः कुक्कुरः कश्चिन्निविष्टो राजवर्त्मनि ।
केनचिद्ब्रह्मपुत्रेण, कर्करेण हतः श्रुतौ ।।२।।

श्वा निर्यल्लोहितो न्याय्य-स्थानं गत्वा निविष्टवान् ।
भूपेनाहूय पृष्टोऽवग्, निरागाः किमहं हतः ? ।।३।।

तद्घातकं ब्रह्मपुत्रं, तत्रानाय्य नृपोऽब्रवीत् ।
असौ त्वद्घातको ब्रूहि, कोऽस्य दण्डो विधास्यते ।।४।।

श्वाऽवोचदस्य रुद्रस्य, माठापत्ये नियोज्यताम् ।
क एष दण्डो राज्ञेति, भाषितः श्वा पुनर्जगौ ।।५।।

प्रागहं सप्त जन्मभ्यः, पूजयित्वा सदाशिवम् ।
देवस्वभीत्या प्रक्षाल्य, पाणी भोजनमाचरम् ।।६।।

स्त्यानाज्यमन्यदा लिङ्गपूरणे लोकढौकितम् ।
विक्रीणानस्य काठिन्या-न्नखान्तः प्राविशन्मम ।।७।।

विलीनमुष्णभक्तेना-ऽजानता तन्मयाहृतम् ।
तेन दुष्कर्म्मणा सप्त-कृत्वो जातोऽस्मि मण्डलः ।।८।।

सप्तमेऽस्मिन् भवे राजन् !, जात जातिस्मृतिर्मम ।
अधुना त्वत्प्रभावेण, जाता वाग्मम मानुषी ।।९।।

૧. પહેલા જ્યારે ત્રણ જગતને ઈષ્ટ શ્રી રામ નામના રાજા અયોધ્યા નગરીમાં રાજ્યનું પાલન કરતા હતા. ૫૪૨.

૨. ત્યારે કોઈ એક કૂતરાએ રાજમાર્ગમાં બેસેલો હતો. કોઈક બ્રાહ્મણ પુત્રથી કાંકરા વડે કાનમાં હણાયો. ૫૪૩.

૩. નીકળતા લોહીવાળો કૂતરો ન્યાય સ્થાનમાં (કચેરી-કોર્ટમાં) જઈને બેઠો. રાજા વડે બોલાવીને પૂછાયેલા તેણે કહ્યું. અપરાધ વિનાનો હું શી રીતે હણાયો ? ૫૪૪.

૪. તે કૂતરાને મારનાર બ્રાહ્મણ પુત્રને ત્યાં બોલાવીને રાજાએ કહ્યું - આ તને મારનાર છે તું કહે આને શું દંડ અપાય ? ૫૪૫.

૫. કુતરાએ કહ્યું - આ રૂદ્રના મંદિરમાં પુજારીના સ્થાનમાં જોડાય. આ કયો દંડ (છે) ? એ પ્રમાણે રાજા વડે કહેવાયેલા કુતરાએ ફરીથી કહ્યું. ૫૪૬.

૬. પહેલા હું સાત જન્મથી (ભવથી) સદા શિવને પૂજીને દેવદ્રવ્યના ભયથી બે હાથ ધોઈને ભોજન કરતો હતો. ૫૪૭.

૭. એક વખત શિવલિંગને પૂરવામાં લોકો વડે મૂકાયેલ થીજેલું ઘી કઠિન હોવાથી વેચનાર એવા મારા નખની અંદર રહી ગયું. ૫૪૮.

૮. ગરમ ભોજનની સાથે ઓગળી ગયેલું (ઘી) અજાણતા મારા વડે વપરાયું. તે ખરાબ કર્મ વડે સાત વાર હું કૂતરો થયો. ૫૪૯.

૯. હે રાજન્ ! આ સાતમા ભવમાં મને જાતિસ્મરણ જ્ઞાન થયું હવે તમારા પ્રભાવથી મારી વાણી મનુષ્ય સંબંધી થઈ. ૫૫૦.

एवमज्ञानतो भुक्तं, देवस्वं दुःखकारणम् ।
रक्षणीयमतस्तद्धि, विवेकज्ञैः स्वशक्तितः ।।१०।।

अधिकारात्त्रिभिर्मासै-र्माठापत्यात्त्रिभिर्दिनैः ।
शीघ्रं नरकवाञ्छा चेत्, दिनमेकं पुरोहितः ।।११।।

विन्ध्याटवीष्वतोयासु, शुष्ककोटरवासिनः ।
कृष्णसर्पाः प्रजायन्ते, देवदायोपहारिणः ।।१२।।

एवं देवद्रव्यरक्षाविनाशे, श्रुत्वा भव्याः ! स्पष्टदृष्टान्तयुग्मम् ।
कार्यो यत्नस्तस्य रक्षाविधाने, संसारः स्याद्वो यथा शीघ्रमल्पः ।।१३।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे
देवद्रव्योपरि (एकोनविंशो विंशतितमश्च) उपदेशः ।।१९-२०।।

૧૦. એ પ્રમાણે અજ્ઞાનથી ભોગવેલ દેવદ્રવ્ય દુ:ખનું કારણ બને છે. એ કારણથી વિવેકને જાણનારાઓ વડે પોતાની શક્તિ પ્રમાણે તે (દેવદ્રવ્ય) રક્ષણ કરવા યોગ્ય છે. ૫૫૧.

૧૧. જો નરકમાં જલ્દી જવાની ઈચ્છા હોય તો અધિકારી (કોતવાલ વિગેરે) ત્રણ માસ પર્યંત (દેવદ્રવ્યનું ભક્ષણ કરે), મંદિરનો પુજારી ત્રણ દિવસ પર્યંત અને પુરોહિત (સ્વામી, બાવા વિગેરે) એક દિવસ દેવદ્રવ્યનું ભક્ષણ કરે. ૫૫૨.

૧૨. દેવદ્રવ્યનું ભક્ષણ કરનારા પાણી રહિત વિન્ધ્યાચલના જંગલની સુકાયેલી ગુફાઓમાં રહેનારા કાળા સર્પો થાય છે. ૫૫૩.

૧૩. હે ભવ્યપ્રાણીઓ ! દેવદ્રવ્યના રક્ષણ અને વિનાશવાળા સ્પષ્ટ બે દૃષ્ટાંતને સાંભળીને એ પ્રમાણે તેના (દેવદ્રવ્યના) રક્ષણના વિધાનમાં પ્રયત્ન કરવો જોઈએ કે જેમ તમારો સંસાર શીઘ્ર અલ્પ થાય. ૫૫૪.

॥ એ પ્રમાણે ઉપદેશસપ્તતિકાના પ્રથમ અધિકારમાં દેવદ્રવ્ય પર ઓગણીશમો અને વીસમો ઉપદેશ છે. ॥

"उपदेशः-२१"

ये सङ्कटेऽपि नियमं न परित्यजन्ति, ते वासवैरपि नराः परिपूजनीयाः ।
प्रापप्रसिद्धिमसमांवणिजोयथैकः,श्रीजैनपूजनविनिश्चयवान्धनाख्यः ।।१।।

मण्डले मालवे नाम्नि, श्रीमङ्गलपुरं पुरम् ।
तत्रत्यासन्नभूतास्ति, पल्ली भिल्लसमाकुला ।।१।।

चैत्यमेकं च तत्रास्ति, पुरा केनापि कारितम् ।
तस्मिंश्चतुर्थतीर्थेश-प्रतिमा चातिशायिनी ।।२।।

अन्यदा म्लेच्छसैन्येन, तत्राकस्मादुपेयुषा ।
तज्जिनायतनं भग्नं, स्वभाग्यमिव पापिभिः ।।३।।

अधिष्ठातृप्रमादेन, प्रतिमाया जिनेशितुः ।
चैत्यालङ्कारभूतायाः, निर्ममे खण्डसप्तकम् ।।४।।

सञ्जातखेदैस्तैर्भिल्लै-स्तत्त्वज्ञानबहिष्कृतैः ।
सप्तानि तानि खण्डानि, संमील्यैकत्र दध्रिरे ।।५।।

इतश्च धारलीग्रामा-देकश्छेको वणिग्वरः ।
नित्यं तत्र समागत्य, क्रयविक्रयमातनोत् ।।६।।

स तु श्राद्धो भुक्तिकाले, गृहे गत्वैव भुक्तवान् ।
अपूजिते जिनाधीशे, नियमस्तस्य भोजने ।।७।।

"ઉપદેશ–૨૧"

૧. જેઓ (ગ્રહણ કરેલ) નિયમનો આપત્તિમાં પણ ત્યાગ કરતા નથી. તે માણસો ઈન્દ્રો વડે પણ પૂજવા યોગ્ય છે. જેમ શ્રી જિનેશ્વરની પૂજાના નિશ્ચયવાળો ધન નામનો એક વેપારી (કોઈની તુલનામાં ન આવે એવી) અતુલ્ય પ્રસિદ્ધિને પામ્યો. ૫૫૫.

૧. માલવ નામના દેશમાં શ્રી મંગલપુર નગર છે ત્યાં ભીલોથી વ્યાપ્ત એક પલ્લી તેની નજીકમાં છે. ૫૫૬.

૨. ત્યાં પહેલા કોઈના વડે એક ચૈત્ય કરાયેલું છે અને તેમાં ચોથા ભગવાનની અતિશયવાળી પ્રતિમા છે. ૫૫૭.

૩. એક વખત ત્યાં અચાનક આવેલા ભીલોના સૈન્ય વડે તે દહેરાસરને, પાપીઓ વડે પોતાના ભાગ્યની જેમ ભંગાયું. ૫૫૮.

૪. અધિષ્ઠાતા દેવના પ્રમાદ વડે દહેરાસરને વિષે અલંકારભૂત જિનપ્રતિમાના સાત ટુકડા કરાયા. ૫૫૯.

૫. તત્ત્વજ્ઞાનથી રહિત, ઉત્પન્ન થયેલ ખેદવાળા તે ભીલો વડે તે સાત ટુકડાને મેળવીને એકઠા કરાયા. ૫૬૦.

૬. અહીં ધારલી ગામથી એક ચતુર શ્રેષ્ઠ વેપારી રોજ ત્યાં આવીને વેચવું, ખરીદવું વિગેરે વેપાર કરે છે. ૫૬૧.

૭. વળી તે શ્રાવક ભોજન સમયે ઘરે જઈને જ ભોજન કરતો, જિનેશ્વર પરમાત્માની પૂજા કર્યા વિના (ભોજન ન કરવું એમ) તેને ભોજનમાં નિયમ હતો. ૫૬૨.

पल्लीनिवासिनो भिल्लाः, अन्येद्युस्तं बभाषिरे ।
एहिरेयाहिरा भद्र !, सर्वदा तव दुष्करा ।।८।।

अत्रैव भुङ्क्षे त्वं किं न, वसतिं वा करोषि न ।
सर्वेऽपि वयमेते स्म, किङ्करा इव ते यतः ।।९।।

अभाणीद्वणिजो देवे, भुञ्जे नाहमपूजिते ।
तेन नित्यं गृहे यामि, भुञ्जे तत्पूजनादनु ।।१०।।

भिल्लाः प्रोचुः प्रफुल्लास्याः, एको देव इहापि भोः ! ।
अस्तीति तानि खण्डानि, संयोज्याऽस्मै प्रदर्शितः ।।११।।

अखण्डं तं च मन्वानः, ऋजुधीः सोऽप्यवन्दत ।
शुद्धमम्माणिपाषाण-घटितं पुलकाङ्कितः ।।१२।।

पुष्पाद्यैः पूजयित्वा च, स्तुत्वा स्तोत्रैरनेकशः ।
नित्यं तत्रैव भुक्त्यादि, चकार सरलाशयः ।।१३।।

अथान्यदा नाहलैस्तै-स्तत्पार्श्वे किञ्चिदर्थितम् ।
स तु तन्नार्प्पयत्तेन, ते किञ्चित्क्रोधमादधुः ।।१४।।

तद्बिम्बं शकलीकृत्य, क्वापि गुप्तमधारयत् ।
पूजनाऽवसरे देव-मदृष्ट्वा स विषेदिवान् ।।१५।।

तदहन्युपवासोऽभूत्, तस्यैवं दिवसत्रयम् ।
भिल्लैः सानुशयैः पृष्टः, किमश्नासि न भो वणिक् ! ।।१६।।

૮. પલ્લીમાં રહેનારા ભીલોએ એક દિવસે તેને કહ્યું - હે ભદ્ર ! હંમેશા જવા-આવવાની ક્રિયા (કરવી એ) તમારે દુષ્કર છે. ૫૬૩.

૯. તમે અહીં જ શા માટે ભોજન કરતા નથી. અથવા રહેતા નથી. જે કારણથી આ અમે સર્વે પણ તમારા સેવક જેવા છીએ. ૫૬૪.

૧૦. વેપારીએ કહ્યું, પરમાત્માની પૂજા કર્યા વિના હું ભોજન કરતો નથી, તેથી હું રોજ ઘરે જાઉં છું, અને પરમાત્માની પૂજા કર્યા પછી ભોજન કરું છું. ૫૬૫.

૧૧. પ્રફુલ્લિત મુખવાળા ભીલ લોકોએ કહ્યું - અહીં પણ એક દેવ (જિનપ્રતિમા) છે. તે ટુકડા છે એટલે જોડીને એને બતાવ્યા. ૫૬૬.

૧૨. શુદ્ધ મમ્માણિ પાષાણથી ઘડેલી તે પ્રતિમાને અખંડ માનતો, સરલ બુદ્ધિવાળો અને રોમાંચિત દેહવાળા તેણે પણ વંદન કર્યું. ૫૬૭.

૧૩. સરળ આશય(સ્વભાવ)વાળા તેણે પુષ્પ વિગેરેથી પૂજા કરીને અનેકવાર સ્તોત્રોવડે સ્તુતિ કરીને ત્યાં જ ભોજન વિગેરે કર્યું. ૫૬૮.

૧૪. હવે એક વખત તે ભીલો વડે તેની પાસે કાંઈક પ્રાર્થના કરાઈ. વળી તેણે તે નહીં આપ્યું. તેથી તેઓ (ભીલ લોકો) એ થોડોક ક્રોધ ધારણ કર્યો. ૫૬૯.

૧૫. તે પ્રતિમાના ટુકડા કરીને ક્યાંક ગુપ્ત રીતે ધારણ કર્યા (મૂક્યા). પૂજાના સમયે જિનપ્રતિમાને નહિ જોઈને તે ખેદવાળો થયો. ૫૭૦.

૧૬. તે દિવસે ઉપવાસ થયો. એ પ્રમાણે તેના ત્રણ દિવસ થયા. પશ્ચાત્તાપવાળા તે ભીલ લોકો વડે પૂછાયું. હે વેપારી ! તમે ભોજન કેમ કરતા નથી. ૫૭૧.

सोऽप्याह भो ! न जानीथ, यूयं किं मम निश्चयम् ।
कदाप्यपूजिते देवे, प्राणान्तेऽप्याहरामि किम् ? ।।१७।।

अस्मभ्यं चेद्गुडं दत्से, दर्शयामस्तदैव तम् ।
ओमिति प्रतिपेदाने, तस्मिंस्ते मुदिता हृदि ।।१८।।

पूर्वक्षप्तानि खण्डानि, तस्मिन्पश्यति तैः पुनः ।
यथावयवविन्यासं, बिम्बं संयोज्य दर्शितम् ।।१९।।

विलोक्यैवं स पुण्यात्मा, भृशमेव विषादवान् ।
इत्यभिग्रहमाधत्त, सात्त्विकानां शिरोमणिः ।।२०।।

अखण्डं यावदेतत्र, तावन्नाश्नामि सर्वथा ।
ततो रजन्यां तं प्राह, स्वप्नेऽधिष्ठायकः सुरः ।।२१।।

चन्दनस्य विलेपेन, खण्डान् सप्तापि मीलय ।
अखण्डत्वं ततो भावि, प्रातः सोऽपि तथाऽकरोत् ।।२२।।

एवं श्रीअभिनन्दनबिम्बं, कृत्वा व्यक्तमखण्डाकार(क)म् ।
दत्तकिरातगुडादिद्रव्यः, सुस्थाने क्वचिदर्च्चयति स्म ।।२३।।

एवं च तीर्थं तज्जातं, महामहिमभासुरम् ।
चतुर्दिग्भ्यः समायान्ति, तत्र सङ्घाश्च भूरयः ।।२४।।

तत्प्रभावाज्जातपुत्रः, साधुर्हालाभिधः सुधीः ।
प्राग्वाटवंशमूर्द्धन्य-स्तत्र चैत्यमचीकरत् ।।२५।।

૧૭. તેણે પણ કહ્યું - હે ભીલો ! તમે શું મારા નિયમને જાણતા નથી ? કદાપિ પરમાત્માની પૂજા કર્યા વિના પ્રાણાંતે પણ શું હું ભોજન કરું ? ૫૭૨.

૧૮. જો અમને તું ગોળ આપે, તો જ અમે પ્રતિમાના દર્શન કરાવીએ. 'હા' એ પ્રમાણે તેનો સ્વીકાર કરતે છતે તેઓ હૃદયમાં આનંદ પામ્યા. ૫૭૩.

૧૯. પહેલાની જેમ તે ટુકડા જોતે છતે તેઓ વડે વળી યથાવસ્થિત અવયવોને ગોઠવેલ પ્રતિમાને જોડીને બતાવાઈ. ૫૭૪.

૨૦. એ પ્રમાણે જોઈને તે પુણ્યાત્મા ઘણો જ ખેદવાળો થયો. પરાક્રમી (સત્ત્વપ્રધાન)ઓમાં અગ્રેસર એવા તેણે એ પ્રમાણે અભિગ્રહને ધારણ કર્યો. ૫૭૫.

૨૧. જ્યાં સુધી આ પ્રતિમા અખંડ નહીં થાય ત્યાં સુધી હું સર્વથા ભોજન નહીં કરું. ત્યાર બાદ રાત્રિમાં સ્વપ્નમાં અધિષ્ઠાયક દેવે તેને કહ્યું. ૫૭૬.

૨૨. ચંદનના વિલેપન વડે સાતે પણ ટુકડાને જોડી દે. (ચોંટાડ) ત્યારબાદ અખંડપણું થશે. સવારે તેણે પણ તે પ્રમાણે કર્યું. ૫૭૭.

૨૩. એ પ્રમાણે અભિનંદનસ્વામીની પ્રતિમાને અખંડ આકારવાળી પ્રગટ કરીને ભીલ લોકોને ગોળ વગેરે દ્રવ્ય આપનાર તે પ્રતિમાને સારા સ્થાને સ્થાપન કરીને પૂજા કરતો હતો. ૫૭૮.

૨૪. એ પ્રમાણે ઘણા મહિમાવાળું દેદીપ્યમાન તીર્થ થયું. અને ચારે દિશાઓમાંથી ત્યાં ઘણા સંઘો આવે છે. ૫૭૯.

૨૫. તેના પ્રભાવથી સજ્જન, બુદ્ધિશાળી હાલા નામનો પોરવાળ વંશના મુગટ સમાન થયેલ પુત્રે ત્યાં ચૈત્ય કરાવ્યું. ૫૮૦.

श्रुत्वा च तस्य माहात्म्यं, भूपतिर्मालवेश्वरः ।
चकार प्रत्यहं पूजा-ध्वजस्नात्रादिकोत्सवान् ।।२६।।

स श्राद्ध एवं परिपूज्य देवं, प्राप प्रतिष्ठां नियमैकचित्तः ।
ततोऽन्यकृत्यं जिनपूजनादि, कृत्वैव कार्यं भविकैर्दृढास्थैः ।।२७।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे एकविंश उपदेशः ।।२१।।

૨૬. તેના મહિમાને સાંભળીને માલવાના રાજાએ રોજ પૂજા-ધ્વજા સ્નાત્ર વિગેરે ઉત્સવો કર્યા. ૫૮૧.

૨૭. એ પ્રમાણે નિયમમાં એક મનવાળો તે શ્રાવક દેવને (પરમાત્માને) પૂજીને પ્રતિષ્ઠાને પામ્યો. તેથી દ્રઢ શ્રદ્ધાવાળા ભવ્ય પ્રાણીઓ વડે જિનપૂજા વગેરે કરીને અન્ય કાર્ય કરવા યોગ્ય છે. ૫૮૨.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં એકવીશમો ઉપદેશ છે. ॥

"उपदेशः-२२"

नो मत्सरः क्वापि विवेकिभिर्जिन-प्रासादपूजादिकधर्मकर्मणि ।
कार्यो ह्यनर्थाय भवेदयं यथा, श्रीकुन्तलायाः समजायत स्फुटम् ।।१।।

अवनिपुरमित्यस्ति, पुरं स्वर्गिपुरोपमम् ।
जितशत्रुरभूत्तत्र, भूपतिर्भूरिविक्रमः ।।१।।

कुन्तलाऽभूत्प्रिया तस्य, राज्ञः पट्टप्रतिष्ठिता ।
अपरा अपि संजाता-स्तस्य पत्न्यः परः शताः ।।२।।

ताः कारयन्ति चैत्यानि, स्वस्वद्रव्यैरनेकशः ।
विस्तार्यन्ते पुनस्तासां, कीर्त्तयो याचकव्रजैः ।।३।।

ततः सा कुन्तलादेवी, मत्सरग्रस्तमानसा ।
प्रासादं कारयामास, सविशेषं पुरान्तरे ।।४।।

तत्रैव प्रत्यहं पूजा-ध्वजस्नात्रादिकोत्सवान् ।
करोति कारयत्येषा, स्वयं परिजनैरपि ।।५।।

प्रासादेषु सपत्नीनां, दृष्ट्वा पूजादिकोत्सवान् ।
सन्तापं तनुतेऽत्यन्तं, धिक् स्पर्द्धां विधुरात्मनाम् ।।६।।

स्वभावसरला वीत-मत्सरा अपराः पुनः ।
प्रेक्ष्य पुण्यादरं तस्याः, प्रशंसामेव तन्वते ।।७।।

एवं समत्सरं धर्म्मं, कुन्तला कृतपूर्विणी ।
मृत्वार्त्तरौद्रध्यानाभ्यां, सा शुनी समपद्यत ।।८।।

"ઉપદેશ-૨૨"

૧. વિવેકી પ્રાણીઓ વડે જિનેશ્વર પરમાત્માના મંદિર, પૂજા વગેરે ધર્મકાર્યમાં ક્યાંય પણ મત્સર ન કરવો. કારણ કે એ અનર્થને માટે થાય છે. જે પ્રમાણે શ્રી કુંતલાથી પ્રગટ રીતે થયો. ૫૮૩.

૧. સ્વર્ગની ઉપમા સમાન અવનિપુર નામનું નગર છે. ત્યાં અત્યંત પરાક્રમી જિતશત્રુ રાજા હતો. ૫૮૪.

૨. તે રાજાની કુંતલા નામની પત્ની પટરાણી તરીકે પ્રતિષ્ઠિત હતી. તેને બીજી પણ સો થી અધિક પત્નીઓ થઈ હતી. ૫૮૫.

૩. તેઓ પોતપોતાના દ્રવ્ય વડે અનેકવાર ચૈત્યોને કરાવે છે. વળી યાચકોના સમૂહ વડે તેઓની કીર્તિ વિસ્તારાય છે. ૫૮૬.

૪. ત્યારબાદ ઈર્ષ્યાથી વ્યાપ્ત મનવાળી તે કુંતલાદેવીએ નગરની મધ્યમાં વિશેષતાવાળું દહેરાસર કરાવ્યું. ૫૮૭.

૫. આ (કુંતલા) સ્વંય રોજ ત્યાં જ પૂજા-ધ્વજા-સ્નાત્રાદિ ઉત્સવોને કરે છે અને પરિવારના લોકો વડે પણ કરાવે છે. ૫૮૮.

૬. દહેરાસરમાં શોક્યના પૂજા વિગેરે ઉત્સવો જોઈને અત્યંત સંતાપ કરે છે. વિહ્વળ આત્માઓની સ્પર્ધાને ધિક્કાર છે. ૫૮૯.

૭. સ્વભાવ વડે સરલ, માત્સર્ય (ઈર્ષ્યા) રહિત બીજી શોક્ય પત્નીઓ તેણીના પવિત્ર આદરને જોઈને તેની પ્રશંસાને જ કરે છે. ૫૯૦.

૮. એ પ્રમાણે માત્સર્યયુક્ત ધર્મને પૂર્વે કરેલ (એવી) કુંતલા આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન વડે મરીને તે કુતરી થઈ. ૫૯૧.

सा पुनर्निजचैत्यस्य, द्वारे तिष्ठत्यनारतम् ।
विवेकविकला रौद्र-परिणामातिनिर्दया ।।९।।

अन्येद्युः केवली कश्चित्, पुरे तत्र समागतः ।
सान्तःपुरोऽपि भूपस्तं, वन्दितुं भक्तितो ययौ ।।१०।।

केवली देशनां चक्रे, कर्णपीयूषसारणिम् ।
अन्तःपुर्योऽथ पृच्छन्ति, तं मुनिं विनयानताः ।।११।।

यदीयादरतोऽस्माक-मप्येष सुकृतादरः ।
भगवन् ! सा गता कुत्र, सपत्नी कुन्तलाभिधा ।।१२।।

सोऽप्यब्रवीदियं हन्त, कृत्वा धर्म्म समत्सरम् ।
उत्पन्ना कुर्कुरीत्वेन, मोहाच्चैत्येऽवतिष्ठते ।।१३।।

एवं निशम्य ताः सर्वा-स्तत्रागत्य जिनालये ।
सोपहासं सकारुण्यं, तां पश्यन्ति मुहुर्मुहुः ।।१४।।

पुरः प्रत्यहमेतस्याः, पूपिकादि क्षिपन्ति ताः ।
आलापयन्ति सस्नेहं, पुनस्तां कुर्कुरीमिति ।।१५।।

अपि धर्म्मपरायास्ते, भद्रे ! मत्सरदोषतः ।
ईदृक्कुयोनिरापन्ना, बलीयस्त्वं हि कर्म्मणाम् ।।१६।।

ततो विमुच्य मात्सर्यं, रम्यं धर्मं समाचर ।
यतस्ते सुगतिप्राप्ति-र्बोधिश्च सुलभो भवेत् ।।१७।।

૯. વિવેક રહિત, રૌદ્ર પરિણામ વડે અત્યંત નિર્દય એવી તે કુતરી હંમેશાં પોતાના દહેરાસરના દ્વારમાં રહે છે. ૫૯૨.

૧૦. એક દિવસ તે નગરમાં કોઈક કેવળી ભગવંત પધાર્યા (આવ્યા) અન્તઃપુર સહિત રાજા પણ તેમને ભક્તિથી વંદન કરવા માટે ગયો. ૫૯૩.

૧૧. કેવળી ભગવંતે કાનને અમૃત સમાન દેશના આપી. હવે વિનયથી નમેલી તે રાજાની પત્નીઓ તે મુનિને પૂછે છે. ૫૯૪.

૧૨. હે ભગવન્ ! તે કુંતલા નામની શોક્ય પત્ની જેના આદરથી અમારો પણ સુકૃત કરવામાં આ આદરભાવ થયો. ક્યાં (મરીને) ગઈ ? ૫૯૫.

૧૩. તેમણે પણ કહ્યું - ખેદની વાત છે કે માત્સર્યયુક્ત ધર્મ કરીને કુતરીપણે ઉત્પન્ન થયેલ (તે) મોહથી ચૈત્યમાં રહે છે. ૫૯૬.

૧૪. એ પ્રમાણે સાંભળીને તે સર્વે (પત્નીઓ) ત્યાં જિનાલયમાં આવીને હાસ્યપૂર્વક દયા સહિત તેણીને (કુતરીને) વારંવાર જુએ છે. ૫૯૭.

૧૫. તેઓ (શોક્યપત્નીઓ) રોજ આ (કુતરીની) આગળ પૂરી વિગેરે નાખે છે. વળી સ્નેહપૂર્વક તે કુતરીને આ પ્રમાણે બોલાવે છે. ૫૯૮.

૧૬. હે ભદ્રે ! ધર્મમાં પરાયણ એવી તને માત્સર્યના દોષથી આવા પ્રકારની ખરાબ યોનિ પ્રાપ્ત થઈ. અહો ! કર્મની બલિષ્ઠતા છે. ૫૯૯.

૧૭. તેથી માત્સર્યનો ત્યાગ કરીને મનોહર ધર્મને આચર. જેથી તને સદ્ગતિની પ્રાપ્તિ અને બોધિ સુલભ થાય. ૬૦૦.

भूयो भूय इति श्रुत्वा, तासां वाक्यानि सा शुनी ।
ईहापोहं वितन्वाना, जातिस्मरणवत्यभूत् ।।१८।।

ततः संवेगमापन्ना, पापमालोच्य पूर्वजम् ।
समक्षं सर्वसिद्धाना-माहारं त्यक्तवत्यसौ ।।१९।।

क्रमान्मृत्वाऽभवद्देवी, सौधर्म्मे द्युतिभासुरा ।
ततोऽपि सुगतिं यास्य-त्यसौ धर्म्मप्रभावतः ।।२०।।

श्रुत्वेति वृत्तान्तममुं स्वभावात्, भोः प्राणभाजः प्रथमानभावाः ।
मात्सर्यमुत्सार्य विवेकवन्तः, कुर्वन्तु पुण्यानि समाधिमन्तः ।।२१।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे द्वाविंश उपदेशः ।।२२।।

૧૮. એ પ્રમાણે તેઓના વાક્યોને વારંવાર સાંભળીને તે કુતરી ઈહાપોહને કરતા કરતા (ઈહા અને અપાય એ મતિ જ્ઞાનના ભેદને વિશેષ પ્રકારે વિચારતા) જાતિસ્મરણ જ્ઞાનવાળી થઈ. ૬૦૧.

૧૯. ત્યાર બાદ સંવેગભાવને પામેલી આ કુતરીએ પૂર્વે ઉપાર્જન કરેલ પાપોની આલોચના કરીને સર્વ સિદ્ધ ભગવંતોની સમક્ષ આહારનો ત્યાગ કર્યો. ૬૦૨.

૨૦. અનુક્રમે તે મરીને સૌધર્મ દેવલોકમાં દેદીપ્યમાન કાંતિવાળી દેવી થઈ. ત્યારબાદ ધર્મના પ્રભાવથી આ (કુતરી) સદ્ગતિમાં જશે. ૬૦૩.

૨૧. આ પ્રમાણે આ વૃત્તાંતને સાંભળીને ભાવના વિસ્તારને પામેલા, વિવેકવાળા, સમાધિવાળા હે ભવ્ય પ્રાણીઓ ! ઈર્ષ્યાનો ત્યાગ કરી પુણ્યને કરો. ૬૦૪.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં બાવીસમો ઉપદેશ છે. ॥

"उपदेशः-२३"

श्रीजिनेन्द्रक्रमाम्भोजपूजाविधि-ध्यानमात्रादपीष्टं लभन्ते सुखम् ।
सा यथा दुर्गता वीरतीर्थेशितुः, पूजनायोत्सुका देवभूयङ्गता ।।१।।

माकन्दीति पुरी ख्याता, विद्यतेऽत्रैव भारते ।
नाम्ना धाम्ना च तत्राऽभूत्, जितारिः पृथिवीपतिः ।।१।।

तत्रैकश्रेष्ठिनो गेहे, स्थविरा काचिदक्षमा ।
अस्ति स्वोदरपूर्त्त्यर्थं, नीचकर्म्माणि कुर्व्वती ।।२।।

दासीव सकलं श्रेष्ठि-गृहकार्यं करोति सा ।
इन्धनानयनार्थं च, ययौ क्वापि वनेऽन्यदा ।।३।।

तदा च ग्रीष्मकालोऽभूत्, दुष्प्रापाणींधनान्यपि ।
तेन दूरेऽपि गत्वा सा, चिरादारुण्यमीलयत् ।।४।।

वृद्धत्वेन श्लथं किञ्चित्, दारुभारं निबध्य सा ।
मन्दसत्त्वात्कृतोत्सूरा, ववले स्वपुरं प्रति ।।५।।

आगच्छन्त्याश्च वृद्धायास्तस्या मार्गे शनैः शनैः ।
काष्ठभारादिन्धनानि, द्वित्राणि न्यपतद्भुवि ।।६।।

तान्यादातुं करेणाऽर्द्धा-वनता भारभारिता ।
क्षुत्तृड्भ्यां पीडिताबाढ-मक्षमा यावदस्ति सा ।।७।।

"ઉપદેશ-૨૩"

૧. શ્રી જિનેન્દ્રના ચરણમાં કમળની પૂજાની વિધિના ધ્યાનમાત્રથી પણ ઈષ્ટ (ઈચ્છિત) સુખને મેળવે છે. જે પ્રમાણે શ્રી વીર પરમાત્માની પૂજા કરવા માટે ઉત્સુક થયેલી (ઉત્કંઠાવાળી) તે દુર્ગતા દેવપણાને પામી. ૬૦૫.

૧. અહીં જ ભારતમાં માકન્દી એ પ્રમાણે પ્રસિધ્ધ નગરી વિદ્યમાન છે. ત્યાં નામ વડે અને બળ વડે જિતારિ નામે રાજા હતો. ૬૦૬.

૨. ત્યાં એક શ્રેષ્ઠીના ઘરે કોઈ અસમર્થ વૃદ્ધા સ્ત્રી પોતાના ઉદરની પૂર્તિને માટે હલકા કાર્યને કરતી હતી. ૬૦૭.

૩. તેણી દાસીની જેમ શ્રેષ્ઠિના ઘરનું સંપૂર્ણ કાર્ય કરે છે. એક વખત ઇંધન (લાકડા) લાવવા માટે ક્યાંક વનમાં ગઈ. ૬૦૮.

૪. ત્યારે ઉનાળો હતો, દુઃખે કરીને પ્રાપ્ત કરી શકાય એવા લાકડાઓને તેણીએ દૂર જઈને પણ ઘણા કાળે એકઠા કર્યા. ૬૦૯.

૫. વૃદ્ધપણા વડે લાકડાના ભારાને કંઈક ઢીલું બાંધીને તેણી અલ્પ સત્ત્વવાળી હોવાથી સાંજે પોતાના નગર તરફ પાછી ફરી. ૬૧૦.

૬. આવતી એવી તે વૃદ્ધ સ્ત્રીના માર્ગમાં ધીરે-ધીરે લાકડાના ભારામાંથી બે-ત્રણ લાકડા ભૂમિ પર પડ્યા. ૬૧૧.

૭. તેઓને (લાકડાઓને) હાથથી લેવા માટે લાકડાના સમૂહ વડે ભારવાળી થયેલી, અડધી નમેલી, ભૂખ અને તરસ વડે અત્યંત પીડાતી જેટલામાં તેણી અસમર્થ છે. ૬૧૨.

तावञ्चरणविन्यासैः, पावयन् पृथिवीतलम् ।
समवासरदुद्याने, तत्र श्रीवीरतीर्थपः ।।८।।

क्षणात्समवसरणं, प्रारभन्त दिवौकसः ।
भूतभाविभवत्तीर्थ-कृतां स्थितिरियं खलु ।।९।।

तथा चोक्तं -

"अब्भिंतर-मज्झ-बहिं, तिवप्प मणि-रयण-कणय-कविसीसा ।
रयणज्जुणरुप्पमया, वेमाणिअजोइभवणकया ।।१।।

वट्टंमि दुतीसंगुल-तित्तीसधणुपिहुल पणसयधणुच्चा ।
छद्धणुसय इगकोसं-ऽतरा य रयणमयचउदारा ।।२।।

चउरंसे इगधणुसय, पिहु वप्पा सङ्ककोसअंतरया ।
पढमबीआ बीयतइआ, कोसंतर पुव्वमिव सेसं ।।३।।

सोवाणसहसदस कर-पिहुच्च गंतुं भुवो पढमवप्पो ।
तो पन्नाधणुपयरो, तओ अ सोवाणपणसहसा ।।४।।

तो बीअवप्पो पन्न-धणुपयर सोवाणसहस पण तत्तो ।
तइओ वप्पो छस्सय-धणु इगकोसेहिंतो पीढं ।।५।।

चउदार तिसोवाणं, मज्झे मणिपीढयं जिणतणुच्चं ।
दो धणुसय पिहुदीहं, सङ्कदुकोसेहिं धरणियला ।।६।।

૮. તેટલામાં ચરણને મૂકવા વડે પૃથ્વીતલને પાવન કરતા ત્યાં ઉદ્યાનમાં શ્રી વીર પરમાત્મા સમવસર્યા. ૬૧૩.

૯. ક્ષણમાત્રમાં દેવોએ સમવસરણનો આરંભ કર્યો. ભૂત ભવિષ્ય અને વર્તમાન તીર્થંકરોની ખરેખર આ સ્થિતિ છે. ૬૧૪.

તે પ્રમાણે કહ્યું છે કે -

૧. અભ્યંતર-મધ્ય અને બહાર ત્રણ કિલ્લા વૈમાનિક, જ્યોતિષી અને ભવનપતિ દેવો વડે કરાયેલા મણિ, રત્ન, સુવર્ણના કાંગરા સહિત રત્ન-સોનું અને રૂપામય હોય છે. ૬૧૫.

૨. ગોળાકારે બત્રીશ અંગુલ, તેત્રીશ ધનુષ પહોળા, પાંચસો ધનુષ્ય ઉંચા, એક કોષ-છસો ધનુષ આંતરાવાળા રત્નમય ચાર દ્વાર છે. ૬૧૬.

૩. કિલ્લા ચારે ખૂણામાં એક સો ધનુષ પહોળા હોય છે. પહેલા અને બીજા કિલ્લાનું અંતર દોઢ કોષ છે. બીજા અને ત્રીજા કિલ્લા વચ્ચેનું અંતર એક કોષ છે - બાકીનું બધું પૂર્વની જેમ છે. ૬૧૭.

૪. એક હાથ પહોળા અને એક હાથ ઉંચા એવા દશ હજાર પગથિયા પહેલા કિલ્લાની પૃથ્વીમાં જવાને માટે છે. તથા પચાસ ધનુષનો પ્રતર છે. ત્યાર પછી પાંચ હજાર પગથિયા છે. ૬૧૮.

૫. બીજો કિલ્લો પાંચસો ધનુષના પ્રતરવાળો ત્યારબાદ પાંચ હજાર પગથિયા છે. તે પછી ત્રીજો કિલ્લો એક કોષ અને છસો ધનુષ પીઠવાળો છે. ૬૧૯.

૬. ચાર બારણા, ત્રણ પગથિયા અને જિનેશ્વર પરમાત્માના શરીર જેટલું ઉંચું મધ્યમાં મણિપીઠક (સિંહાસન) છે. બસો ધનુષ લાંબુ-પહોળું અને અઢી કોષ પ્રમાણ પૃથ્વીનું તળીયું છે. ૬૨૦.

पविसिय पुव्वाइ पहू, पयाहिणं पुव्वआसणनिविट्ठो ।
पयपीढठवियपाओ, पणमिय तित्थं कहइ धम्मं ।।७।।

धर्म्मोपदेशमेवं च, कुर्व्वाणे वीरतीर्थपे ।
आगात्तत्रत्यभूपोऽपि, देशनाकर्णनोन्मनाः ।।१०।।

वृद्धापि दुरवस्थान-स्थिता तां धर्म्मदेशनाम् ।
तदैव प्रकृतां हृद्या-माद्यन्तावधि चाशृणोत् ।।११।।

जिनेशवाक्सुधामेवं, कर्णेहत्य निपीय सा ।
तादृक् शरीरजं कष्टं, न विवेद मनागपि ।।१२।।

यतः -

"सव्वाउअंपि सोआ, खविज्ज जइ इह सयं जिणो कहए ।
सीउण्हखुप्पिवासा, परिस्समभएवि अगणंतो ।।१।।"

सिन्दुवारादिपुष्पैस्तं, यजामीति विचिन्त्य च ।
यान्ती स्खलितपादाग्रा, प्राणानुज्झंचकार सा ।।१३।।

सौधर्म्मकल्पे देवोऽभूत्, स्वस्वरूपमवेत्य च ।
आगत्य वीरपादान्ते, स देवो नाट्यमातनोत् ।।१४।।

अत्यद्भुतं च तद्रूपं, वीक्ष्य पप्रच्छ भूपतिः ।
किमेष [1]सर्वदेवेभ्य-प्यधिकद्युतिमान् विभो ! ।।१५।।

---

१. "सर्वदेवेभ्यो-" इत्यपि ।।

૭. (આવા સમવસરણમાં) ભગવાન પૂર્વ દિશાથી પ્રવેશ કરીને પ્રદક્ષિણા આપીને પૂર્વ દિશાનાં આસન પર બેસે છે અને પાદપીઠ પર પગને સ્થાપન કરે છે. ત્યારે તીર્થને-નમસ્કાર કરીને ધર્મદેશના આપે છે. ૬૨૧.

૧૦. એ પ્રમાણે શ્રી વીર પરમાત્મા ધર્મદેશના આપતે છતે દેશના સાંભળવામાં ઉત્સુક મનવાળો ત્યાંનો રાજા પણ ત્યાં આવ્યો. ૬૨૨.

૧૧. દુઃખી અવસ્થામાં રહેલી વૃદ્ધા સ્ત્રીએ ત્યારે જ મનોહર, સ્વાભાવિક એવી તે ધર્મદેશનાને પહેલેથી છેલ્લે સુધી સાંભળી. ૬૨૩.

૧૨. તે વૃદ્ધા સ્ત્રીએ જિનેશ્વર પરમાત્માની અમૃતરૂપી વાણીને ખૂબ ધરાઈને પીને (સંપૂર્ણ સાંભળીને) તેવા પ્રકારના શરીરથી ઉત્પન્ન થયેલ કષ્ટને થોડું પણ ન અનુભવ્યું. (શરીરનું તેવા પ્રકારનું બધું કષ્ટ ભૂલી ગઈ.) ૬૨૪.

જે કારણથી -

૧. જો આ જગતમાં જિનેશ્વર પરમાત્મા પોતે દેશના દેતા હોય તો ઠંડી-ગરમી, ભૂખ-તરસ, થાક અને ભયને પણ નહિ ગણતો એવો શ્રોતા સઘળા આયુષ્યને પણ પૂરું કરી શકે છે. (અર્થાત્ આયુષ્ય પુરૂં થાય ત્યાં સુધી એકધાર્યું સાંભળ્યા જ કરે છે.) ૬૨૫.

૧૩. નગોડ વિગેરેના પુષ્પો વડે પરમાત્માની પૂજા કરું એ પ્રમાણે વિચાર કરીને ચરણના અગ્ર ભાગમાં ઠોકર ખાતી, જતી એવી તેણીએ પ્રાણોનો ત્યાગ કર્યો. (અર્થાત્ મરણ પામી.) ૬૨૬.

૧૪. સૌધર્મ દેવલોકમાં દેવ થયો અને શ્રી વીરપરમાત્મા પાસે પોતાના સ્વરૂપને જાણીને તે દેવે નાટક કર્યું. ૬૨૭.

૧૫. તેના અત્યંત અદ્ભુત રૂપને જોઈને રાજાએ પૂછ્યું, હે પરમાત્મા ! સર્વ દેવોથી પણ અધિક કાંતિવાળો આ (દેવ) કોણ છે ? ૬૨૮.

तत्स्वरूपं यथाजातं, श्रीवीरोऽप्यखिलं जगौ ।
भूपादयश्चमञ्चक्रुस्तत्तादृक्श्रुतवार्त्तया ।।१६।।

ततः प्रमोदाङ्कुरिताङ्गयष्टयो, भूपादयः स्थानमगुर्निजं निजम् ।
अन्यत्र वीरोऽपि विहारमातनोत्, भव्यास्तदेवं यजत श्रिये जिनान् ।।१७।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे त्रयोविंश उपदेशः ।।२३।।

૧૬. શ્રી વીર પરમાત્માએ યથાર્થ રીતે તેના સંપૂર્ણ સ્વરૂપને કહ્યું. તેવા પ્રકારની સાંભળેલી વાર્તા વડે રાજા વિગેરે આશ્ચર્ય પામ્યા. ૬૨૯.

૧૭. ત્યારબાદ આનંદથી પ્રફુલ્લિત અંગવાળા રાજા વિગેરે પોત-પોતાના સ્થાને ગયા. શ્રી વીર પરમાત્માએ પણ અન્યત્ર (બીજે ઠેકાણે) વિહાર કર્યો. હે ભવ્ય પ્રાણીઓ. તેથી એ પ્રમાણે કલ્યાણને માટે શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજા કરો. ૬૩૦.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના પ્રથમ અધિકારમાં ત્રેવીશમો ઉપદેશ છે. ॥

"उपदेशः-२४"

विनापि भावं विहितः प्रणामो, जिनेषु न स्यादफलः कदापि ।
स दुःसुतः श्रेष्ठिवरस्य मीनो-ऽप्यापत् प्रबोधं यत उद्धृतोऽपि ।।१।।

अस्ति प्रशस्तविस्तारि-व्यवहारिगृहोत्करम् ।
क्षितिप्रतिष्ठितं नाम, पुरं सुरपुरोपमम् ।।१।।

तत्रास्ति नामकर्म्मध्यां, जिनदास इति श्रुतः ।
श्रेष्ठी श्रेष्ठतमानेक-श्रीणां विश्राममन्दिरम् ।।२।।

द्यूतादिव्यसनी विद्या-विहीनः पशुसन्निभः ।
तनयः समभूत्तस्य, कुलकिम्पाकपादपः ।।३।।

समयं गमयामास, स तु धर्म्मं विनैव ही ।
धर्म्मैकचित्तः श्रेष्ठी तु, चिन्तयामासिवानिति ।।४।

ममापि तनयो भूत्वा, गमिष्यत्येष दुर्गतिम् ।
उपायं तदहं कुर्वे, येनैष सुगतिं व्रजेत् ।।५।।

उक्तं च -

"जो गिहकुडुंबसामी, संतो संमत्तरोवणं कुणइ ।
तेण सयलोऽवि वंसो, उद्धरिओ भवसमुद्दाओ ।।१।।

जो गिहकुडुंबसामी, संतो मिच्छत्तरोवणं कुणइ ।
तेण सयलोऽवि वंसो, पक्खित्तो भवसमुद्दंमि ।।२।।"

"ઉપદેશ-૨૪"

૧. જિનેશ્વર પરમાત્માને ભાવ વિના પણ કરેલ પ્રણામ ક્યારેય નિષ્ફળ જતો નથી. જે કારણથી શ્રેષ્ઠિવરનો માછલા રૂપે થયેલ તે ઉદ્ધત એવો દુષ્ટ પુત્ર પણ (માછલાના ભવમાં) જાતિ સ્મરણજ્ઞાનને પામ્યો. ૬૩૧.

૧. શ્રેષ્ઠ અને વિસ્તૃત વેપારીઓના ઘરોની શ્રેણીઓવાળું દેવલોકની ઉપમાવાળું એવું ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર છે. ૬૩૨.

૨. ત્યાં અત્યંત શ્રેષ્ઠ અનેક લક્ષ્મીના વિશ્રામના સ્થાનરૂપ, નામ અને કાર્ય વડે જિનદાસ એ પ્રમાણે શ્રેષ્ઠી પ્રસિદ્ધ છે. ૬૩૩.

૩. તેને જુગારાદિના વ્યસનવાળો, વિદ્યારહિત, પશુ સમાન કુલમાં કિંપાક વૃક્ષ જેવો પુત્ર હતો. ૬૩૪.

૪. તે ખરેખર ધર્મકાર્ય કર્યા વિના સમયને પસાર કરતો હતો. વળી ધર્મમાં એક મનવાળા શ્રેષ્ઠીએ એ પ્રમાણે વિચાર્યું. ૬૩૫.

૫. મારો પુત્ર થઈને આ દુર્ગતિમાં જશે. હું તેવા ઉપાયને કરું કે જેનાથી આ સદ્ગતિમાં જાય. ૬૩૬.

અને કહ્યું છે -

૧. જે ઘર - કુટુંબનો સ્વામી એવો સજ્જન, સમ્યકત્વનું આરોપણ કરે છે તેના વડે સઘળા વંશનો પણ ભવસમુદ્રથી ઉદ્ધાર થાય છે. ૬૩૭.

૨. જે ઘર - કુટુંબનો સ્વામી એવો સજ્જન મિથ્યાત્વનું આરોપણ કરે છે તેના વડે સઘળા વંશને પણ ભવસમુદ્રમાં ફેંકાય છે. ૬૩૮.

विमृश्येति गृहद्वारे, जैनीं मूर्त्तिमकारयत् ।
श्रेष्ठी हिताय पुत्रस्य, सन्तो हि परवत्सला: ।।६।।

गतागतिं वितन्वानो, नीचैर्भूय बलादपि ।
तस्याः प्रणामं पुत्रोऽसौ, करोति स्मोद्धतोऽपि सन् ।।७।।

अथायुषः क्षये मृत्वा, मत्स्यो जातः स तत्सुतः ।
स्वयम्भूरमणे हाहा !, प्रमादस्य विजृम्भितम् ।।८।।

स्वैराचारपरस्तत्र, भ्रमन्नम्बुधिपाथसि ।
मीनं जैनाकृतिं दृष्ट्वा, जातिस्मरणवानभूत् ।।९।।

विमुच्य वलयाकारं, समस्ताकारधारिणः ।
महासमुद्रे विद्यन्ते, मत्स्या इति हि जैनगीः ।।१०।।

महामोहविमूढेन, मया ही मानुषो भवः ।
हारितः स क्व मे भावी-त्यन्तस्तापं भृशं दधौ ।।११।।

तामेव प्रतिमां ध्यायन्नाहारमशनादिकम् ।
परित्यज्य प्रपेदेऽसौ, स्वर्विमानमभङ्गुरम् ।।१२।।

ग्रन्थान्तरेऽप्युच्यते -

"तातादेशवशादपीह नृभवे न त्वं मयाराधित-
स्तेनाहं भवसागरे निपतितोऽम्भोधौ महापातकी ।

૬. એ પ્રમાણે વિચાર કરીને શ્રેષ્ઠીએ પુત્રના હિતને માટે ઘરના દરવાજામાં જિનેશ્વર પરમાત્માની પ્રતિમાને કરાવરાવી. ખરેખર સજ્જન પુરુષો બીજાઓ પ્રત્યે વાત્સલ્યવાળા હોય છે. ૬૩૯.

૭. ઉદ્ધત એવો પણ આ પુત્ર જતા-આવતાં બલાત્કારથી પણ નીચે થઈને તે પ્રતિમાને પ્રણામ કરતો હતો. ૬૪૦.

૮. હવે તેનો તે પુત્ર આયુષ્ય પૂર્ણ થયે મરીને સ્વયંભૂરમણ સમુદ્રમાં મત્સ્ય થયો. ખેદની વાત છે કે પ્રમાદની આ રચના છે. ૬૪૧.

૯. ત્યાં પોતાના આચારમાં તત્પર સમુદ્રના પાણીમાં ભ્રમણ કરતો જિનેશ્વર પરમાત્માની આકૃતિવાળા મત્સ્યને જોઈને જાતિસ્મરણ જ્ઞાનવાળો થયો. ૬૪૨.

૧૦. ગોળ આકાર સિવાય સઘળાય આકારને ધારણ કરનારા મત્સ્યો મોટા સમુદ્રમાં વિદ્યમાન હોય છે. એ પ્રમાણે જિનેશ્વર પરમાત્માની વાણી છે. ૬૪૩.

૧૧. ખરેખર મોહમાં વિમૂઢ એવા મારા વડે મનુષ્યભવ હરાયો. હવે તે મને ક્યાં પ્રાપ્ત થશે ? એ પ્રમાણે તેણે મનમાં પશ્ચાત્તાપને ધારણ કર્યો. ૬૪૪.

૧૨. આ તે જ પ્રતિમાનું ધ્યાન ધરતો, આહાર વગેરે ભોજનનો ત્યાગ કરીને અદ્ભુત વૈમાનિક દેવલોકને પામ્યો. ૬૪૫.

અન્ય ગ્રંથોમાં પણ કહેવાય છે -

૧. પિતાના આદેશના વશથી પણ આ મનુષ્યભવમાં તમે (હે પ્રભુ !) મારા વડે ન પૂજાયા (પરમાત્માની આરાધના ન કરી). તેથી મોટા અપરાધોને કરનાર હું ભવસાગરમાં પડેલો છું.

तत्त्रायस्व जिनेन्द्र ! मामशरणं सर्वज्ञबिम्बाकृते-
र्मीनो मीनवरान्नमस्कृतिपरो जातिस्मृतेः स्वर्ययौ ।।१।।"

इत्यभावकृतस्यापि, प्रणामस्य जिनेशितुः ।
श्रुत्वा फलं यतध्वं तत्, तत्रैव सततं जनाः ।।१३।।

।। इति श्रीउपदेशसप्ततिकायां प्रथमेऽधिकारे चतुर्विंश उपदेशः ।।२४।।

इति श्रीपरमगुरुतपागच्छनायकश्रीसोमसुन्दरसूरिक्रमकमलमरालमहोपाध्याय-श्रीचारित्ररत्नगणिविनेयपरमाणुपण्डितसोमधर्म्मगणिविरचितायां श्रीउपदेशसप्ततौ पूजाचतुर्विंशतिकारूपः प्रथमोऽधिकारः ।।१।।

હે જિનેન્દ્ર ! અશરણ એવા મને તું તાર. (રક્ષણ કર). પરમાત્માની આકૃતિવાળા શ્રેષ્ઠ માછલાને જોઈને જાતિસ્મરણ જ્ઞાનથી નમસ્કારમાં તત્પર એવો માછલો સ્વર્ગમાં (દેવલોકમાં) ગયો. ૬૪૬.

૧૩. એ પ્રમાણે જિનેશ્વર પરમાત્માને ભાવરહિત કરેલ પણ નમસ્કારનું ફલ સાંભળીને, હે ભવ્ય લોકો પરમાત્માની આરાધનામાં જ યત્ન કરો. ૬૪૭.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પ્રથમ અધિકારમાં ચોવીશમો ઉપદેશ છે. ॥

॥ એ પ્રમાણે શ્રી પરમગુરુ-તપગચ્છનાયક-શ્રીસોમસુંદર સૂરિના ચરણકમલમાં હંસ સમાન મહોપાધ્યાય શ્રી ચારિત્રરત્નગણિના શિષ્ય પરમાણુરૂપ પંડિત શ્રીસોમધર્મગણિ વિરચિત ઉપદેશ સપ્તતિકા ગ્રંથમાં દેવ પૂજા સ્વરૂપ (ચોવીશ ઉપદેશ સ્વરૂપ) પ્રથમ અધિકાર ॥

।। अथ द्वितीयः श्रीतीर्थाधिकारः प्रारभ्यते ।।

"उपदेशः-१"

समुद्धरन्ति प्रथमानसम्मदाः, केऽपि स्ववित्तैर्जिनमन्दिराण्यपि ।
यथा कृतार्थद्रविणः स सज्जनः, श्रीनेमिचैत्यं गिरनारपर्वते ।।१।।

सुराष्ट्राविषये जाम्बा-पुत्रः सज्जनसंज्ञितः ।
श्रेष्ठी श्रीमालवंशीयः, सदा शुभमनोरथः ।।१।।

नियुक्तः सिद्धराजेन, दण्डनायकतापदे ।
निवासं वामनस्थल्यां, कुरुते धर्म्मकर्मठः ।।२।।

अन्यदा सिद्धराजेन्द्रो, गतो मालवनीवृति ।
तत्र द्वादशवर्षाणि, विग्रहं कृतवानसौ ।।३।।

तत्र चावसरे काष्ठ-मयो देवालयः परम् ।
अस्ति सोऽपि क्वचिज्जीर्णो, गिरिनारमहीधरे ।।४।।

पुरा दृषन्मयोऽप्येष, रत्नश्राद्धेन कारितः ।
बौद्धैस्तीर्थमधिष्ठाय, कृतः काष्ठमयः पुनः ।।५।।

तादृशं चैत्यमालोक्य, सज्जनो दण्डनायकः ।
अम्बिकादेशतो वर्ष-द्विःषट्कोद्ग्राहितैर्धनैः ।।६।।

सद्देवकुलिकायुक्त-मुज्जयन्तस्य मूर्द्धनि ।
प्रोत्तुङ्गशिखरं नेमिप्रासादं निरमापयत् ।।७।।

"ઉપદેશ-૧"

૧. અત્યંત હર્ષવાળા કેટલાક લોકો પોતાના ધન વડે જિનમંદિરોનો પણ ઉદ્ધાર કરે છે. જેમ કૃતાર્થ કર્યું છે ધન જેણે એવા તે સજ્જને ગિરનાર પર્વત પર શ્રી નેમિનાથ ભગવાનના દહેરાસરનો ઉદ્ધાર કરાવ્યો. ૬૪૮.

૧. સૌરાષ્ટ્ર દેશમાં હંમેશાં શુભ મનોરથવાળો શ્રીમાળવંશી જામ્બાપુત્ર સજ્જન નામનો શ્રેષ્ઠી હતો. ૬૪૯.

૨. સિદ્ધરાજ વડે દંડનાયક (મંત્રી) પદમાં જોડાયો. ધર્મકાર્યમાં કુશલ તે વંથલી ગામમાં નિવાસ કરે છે. ૬૫૦.

૩. એક વખત સિદ્ધરાજા માલવાદેશમાં ગયો. ત્યાં એણે બાર વર્ષ પર્યંત યુદ્ધ કર્યું. ૬૫૧.

૪. તે વખતે ગિરનાર પર્વત પર પ્રાયઃ જીર્ણ એવો લાકડાનો બનાવેલ શ્રેષ્ઠ દહેરાસર હતું. ૬૫૨.

૫. પહેલા આ (દેવાલય) રત્ન શ્રાવક વડે પાષાણમય કરાવાયો. બુદ્ધો વડે ફરીથી તીર્થની સ્થાપના કરીને કાષ્ઠમય કરાયો. ૬૫૩.

૬. તેવા પ્રકારના ચૈત્યને જોઈને સજ્જન મંત્રીએ અંબિકાદેવીના આદેશથી બાર વર્ષ ધનની ઉઘરાણી વડે - ૬૫૪.

૭. ઉજ્જયન્ત પર્વતના શિખર પર શ્રેષ્ઠ દેવકુલિકાસહિત અને ઉંચા શિખરવાળું શ્રી નેમિનાથ પરમાત્માનું દહેરાસર કરાવ્યું. ૬૫૫.

जयसिंहनृपोऽप्याशु, प्रत्यावृत्तोऽथ मालवात् ।
तत्रत्यं नृपतिं जित्वा, प्राप्तः श्रीदेवपत्तने ।।८।।

तत्र श्रीसोमनाथस्य, कृत्वा पूजादिकोत्सवान् ।
सर्वानाकारयामास, सुराष्ट्रीयाऽधिकारिणः ।।९।।

आयातास्तेऽपि तत्रैकः, परं नायाति सज्जनः ।
तद्वृत्तान्तश्च सर्वोऽपि, विज्ञप्तस्तैर्नृपाग्रतः ।।१०।।

तद्वृत्तश्रवणोद्भूत-प्रभूतक्रोधदुर्द्धरः ।
नृपः सज्जनमाह्वातुं, प्राहिणोदात्मनो जनान् ।।११।।

प्रीतः प्रासादनिष्पत्त्या, नृपाह्वानाच्च भीतिमान् ।
अथाऽसौ सज्जनः सर्वा-नाह्वयन् व्यवहारिणः ।।१२।।

उवाच यूयं गृह्णीध्वं, पुण्यं प्रासादसम्भवम् ।
यथादेशोत्थितं दण्डं, राज्ञे विश्राणयाम्यहम् ।।१३।।

विभज्य तेऽपि तस्मै तत्, तावद्द्रव्यं समार्पयन् ।
स्वस्थीभूतः सज्जनोऽथ, नृपान्तिकमगाद्द्रुतम् ।।१४।।

रुष्टो नृपतिराचष्ट, क्व रे ! द्रम्माः समानय ।
शीघ्रं तानन्यथा दास्ये, रे दुष्ट ! तव मस्तकम् ।।१५।।

सोऽपि विज्ञपयामास, निर्भीको नृपतिं प्रति ।
अस्ति न्यासीकृतं कोशे, द्रव्यं रैवतके मया ।।१६।।

૮. હવે જયસિંહ રાજા પણ માલવાથી જલ્દી પાછો ફર્યો. ત્યાંના રાજાને જીતીને શ્રી પ્રભાસપાટણમાં ગયો. ૬૫૬.

૯. ત્યાં શ્રી સોમનાથની પૂજા વગેરે ઉત્સવોને કરીને સૌરાષ્ટ્રના સર્વ અધિકારીઓને બોલાવ્યા. ૬૫૭.

૧૦. તેઓ આવ્યા પણ ત્યાં એક સજ્જન મંત્રી આવ્યો નહીં, તે સઘળો પણ વૃત્તાંત તેઓ વડે રાજાની આગળ જણાવાયો. ૬૫૮.

૧૧. તે વૃત્તાંતના શ્રવણથી ઉત્પન્ન થયેલ ઘણા ક્રોધ વડે દુર્ધર થયેલ રાજાએ સજ્જનને બોલાવવાને માટે પોતાના માણસોને મોકલ્યા. ૬૫૯.

૧૨. દહેરાસરની ઉત્પત્તિ થવાથી ખુશ થયેલ અને રાજાએ બોલાવવાથી ભય પામેલ હવે આ સજ્જન મંત્રીએ સર્વ વ્યાપારીઓને બોલાવ્યા. ૬૬૦.

૧૩. તેણે કહ્યું - દહેરાસરથી ઉત્પન્ન થયેલ પુણ્યને તમે ગ્રહણ કરો અર્થાત્ દહેરાસર સંભાળો અને દ્રવ્ય મને આપો, જેથી આદેશ પ્રમાણે હું રાજાને દંડ (કર) આપું. ૬૬૧.

૧૪. તેઓએ પણ વિભાગ કરીને તેટલું દ્રવ્ય તેને સમર્પણ કર્યું. હવે સ્વસ્થ થયેલ સજ્જન મંત્રી જલ્દીથી રાજાની પાસે ગયો. ૬૬૨.

૧૫. ક્રોધિત થયેલ રાજાએ કહ્યું - અરે ! દ્રમ્મો (નાણું વિશેષ) ક્યાં છે ? તેને જલ્દી લાવ. અરે દુષ્ટ ! અન્યથા તારું મસ્તક કાપી નાખીશ. ૬૬૩.

૧૬. ભય રહિત એવા તેણે પણ રાજાની પ્રતિ જણાવ્યું. મારા વડે એક કોશ પ્રમાણ ગિરનાર પર્વત પર દ્રવ્ય સ્થાપન કરાયેલું છે. ૬૬૪.

पादावधार्यतां तत्र, यथा तद्दर्शयाम्यहम् ।
गिरिनारस्य माहात्म्यं, यतो लोकेऽपि पठ्यते ।।१७।।

उज्जयन्तगिरौ रम्ये, माघे कृष्णचतुर्दशी ।
तस्यां जागरणं कृत्वा, सञ्जातो निर्मलो हरिः ।।१८।।

पद्मासनसमासीनः, श्याममूर्त्तिर्दिगम्बरः ।
नेमिनाथः शिवेत्याख्यां, नाम चक्रेऽस्य वामनः ।।१९।।

लोकोत्तरेऽपि -

"षड्विंशतिविंशतिषो-डशदशद्वियोजनधनुःशतोच्छ्रशराः ।
अवसर्प्पिणीषु यः खलु, स जयति गिरिनारगिरिराजः ।।१।।

यदतीतचतुर्विंशति-नमीश्वराद्या इहाऽष्ट जिनपतयः ।
कल्याणकत्रिकमापुः, स जयति गिरिनारगिरिराजः, ।।२।।

श्री ब्रह्मेन्द्रकृतेयं, श्रीनेमेर्मूर्त्तिरमरगणपूज्या ।
विंशतिसागरकोटीः, स जयति गिरिनारगिरिराजः ।।३।।"

श्रुत्वेति सपरिवारो, गतो रैवतके नृपः ।
चैत्यमत्यद्भुतं दृष्ट्वा, कोऽस्य कारयितेत्यवक् ।।२०।।

सज्जनोऽपि जगौ कर्ण-भूपालकुलचन्द्रमाः ।
अस्य कारयिता देव !, जयसिंहनरेश्वरः ।।२१।।

૧૭. ત્યાં પગલા કરો, જેથી હું તમને (ગિરનાર પર્વત) બતાવું. જે કારણથી લોકમાં પણ ગિરનારનો મહિમા ગવાય છે. ૬૬૫.

૧૮. મનોહર એવા ઉજ્જયન્ત (ગિરનાર) પર્વત પર માહ વદી ચૌદશે જાગરણ કરીને તેની ઉપર કૃષ્ણરાજા નિર્મલ થયા. ૬૬૬.

૧૯. પદ્માસને બિરાજમાન શ્યામવર્ણની મૂર્તિવાળા, વસ્ત્ર રહિત શ્રી નેમિનાથ ભગવાન છે હરિ (કૃષ્ણ મહારાજા) એ શિવ એ પ્રમાણે જેમનું નામ રાખ્યું. ૬૬૭.

લોકોત્તરમાં પણ –

૧. અવસર્પિણીમાં જે ખરેખર પ્રથમ આરામાં છવીસ યોજન, બીજા આરામાં વીશ યોજન, ત્રીજા આરામાં સોળ યોજન, ચોથા આરામાં દશ યોજન, પાંચમા આરામાં બે યોજન અને છઠ્ઠા આરામાં સો ધનુષ ઉંચો છે તે ગિરનાર ગિરિરાજ જય પામે છે. ૬૬૮.

૨. અહીં અતીત ચોવીશીના નમિશ્વર વગેરે આઠ પરમાત્માઓના ત્રણ કલ્યાણક થયા તે ગિરનાર ગિરિરાજ જય પામે છે. ૬૬૯.

૩. શ્રી બહ્મેન્દ્રે કરેલ શ્રી નેમિનાથ પરમાત્માની મૂર્તિ દેવોના સમૂહ વડે વીશ કરોડ સાગરોપમ સુધી પૂજાયેલી છે. તે ગિરનાર ગિરિરાજ જય પામે છે. ૬૭૦.

૨૦. એ પ્રમાણે સાંભળીને પરિવાર સહિત રાજા ગિરનાર ઉપર ગયા. અત્યંત અદ્દભુત દહેરાસરને જોઈને 'આને કોણે કરાવ્યું ? એ પ્રમાણે કહ્યું. ૬૭૧.

૨૧. સજ્જને પણ કહ્યું, હે દેવ ! કર્ણરાજાના કુલમાં ચંદ્ર સમાન જયસિંહ રાજાએ આને કરાવ્યું. ૬૭૨.

इदमुद्ग्राहितं देव !, देशस्येत्यवधारय ।
भूपोऽप्याह ममादेशं, विना कारितवान् कुतः ? ।।२२।।

उवाच सज्जनः चैत्य-पुण्यैकस्पृहयालवः ।
अमी तव प्रसादेन, समृद्धा व्यवहारिणः ।।२३।।

तव द्रम्मान् प्रदास्यन्ति, तन्मह्यं कुप्य मा विभो ! ।
द्रम्मान्वा चैत्यपुण्यं वा, रोचते यद् गृहाण तत् ।।२४।।

इत्युक्ते भूपतिः प्राह, चैत्यपुण्यं तदस्तु मे ।
मन्त्राम्नैव परं वाच्यः, प्रासादः सोऽपि तं जगौ ।।२५।।

प्रासादो देवपादानां, सर्वोऽप्येष विजृम्भते ।
मम रङ्कस्य किं नाम, कीर्त्तनं कीर्त्तिकारकम् ।।२६।।

ततो भृशतमां तुष्ट-स्तस्मै पुण्यवते नृपः ।
पुनः समर्प्य व्यापारं, स्वयं श्रीपत्तने ययौ ।।२७।।

सज्जनोऽपि ततो भक्त्या, पट्टकूलमयं ध्वजम् ।
आरभ्य रैवतात् शत्रुञ्जयं यावद्वितीर्णवान् ।।२८।।

बाणाष्ट[1]रुद्रप्रमिते, ११८५ वर्षे विक्रमभूपतेः ।
अचीकरदिदं चैत्यं, सज्जनो दण्डनायकः ।।२९।।

कोटिर्लक्षैर्द्विसप्तत्या, युक्ता तेन व्ययीकृता ।
जीर्णनाणकटङ्काना-मत्रेत्याहुर्बहुश्रुताः ।।३०।।

---

१. "ङ्करुद्रप्रमिते" इत्यपि ।।

૨૨. હે દેવ ! આ દેશની આ ઉઘરાની છે. એ પ્રમાણે જાણો. રાજાએ પણ કહ્યું - મારા આદેશ વિના ક્યાંથી કરાવ્યું ? ૬૭૩.

૨૩. સજ્જને કહ્યું – દહેરાસરના પુણ્યની જ એક શ્રેષ્ઠ ઈચ્છાવાળા આ વ્યાપારીઓ તમારી કૃપાથી સમૃદ્ધ છે. ૬૭૪.

૨૪. તેઓ તમારા ધનને આપશે. તેથી મારા પર કોપ ન કરો. હે સ્વામી ! સુવર્ણ (ધન) અથવા દહેરાસરનું પુણ્ય, જે તમને રૂચે (ગમે) તે ગ્રહણ કરો. ૬૭૫.

૨૫. એ પ્રમાણે કહેતે છતે રાજા બોલ્યો. મને દહેરાસરનું પુણ્ય હો. પરંતુ મારા નામ વડે જ આ દહેરાસર કહેવાય. તેણે (મંત્રીએ) પણ રાજાને કહ્યું. ૬૭૬.

૨૬. આ દેવનો પ્રાસાદ છે. આ સર્વે પણ દેખાય છે (તે આપની જ કૃપા છે) ગરીબ એવા મારું કીર્તિને કરનાર કીર્તન કેવું ? ૬૭૭.

૨૭. ત્યારબાદ પુણ્યવાન એવા તેના પર અત્યંત ખુશ થયેલ રાજાએ ફરીથી વ્યાપાર (દહેરાસરનું કાર્ય) તેને સમર્પણ કરીને પોતે પ્રભાસપાટણમાં ગયો. ૬૭૮.

૨૮. ત્યારબાદ સજ્જને પણ ભક્તિથી રેશમી વસ્ત્રવાળી ધ્વજાને ગિરનારથી આરંભીને શત્રુંજય સુધી વિસ્તારી. ૬૭૯.

૨૯. (બાણ - ૫ની સંખ્યા, અષ્ટ - આઠની સંખ્યા, રૂદ્ર - ૧૧ ની સંખ્યા) વિક્રમ સંવત-૧૧૮૫ વર્ષે સજ્જન મંત્રીએ આ દહેરાસર કરાવ્યું. ૬૮૦.

૩૦. તેના વડે જૂના નાણા સ્વરૂપ ટંકનો એક ક્રોડ બહોંતેર લાખ પ્રમાણ ધનનો વ્યય કરાયો. એ પ્રમાણે આપ્ત પુરુષો કહે છે. ૬૮૧.

सप्तक्षेत्र्यां वित्तमेवं नियोज्य, श्रीमान्धर्म्मस्थाननिर्मापणेन ।
भावी नूनं सज्जनः श्रेष्ठिराजः, पुण्यप्राज्योऽनुक्रमान्मोक्षगामी ।।३१।।

।। इति श्रीउपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे प्रथम उपदेशः ।।१।।

૩૧. શ્રીમાન્ ધર્મસ્થાનને નિર્માણ કરાવવા વડે સાતે ક્ષેત્રમાં એ પ્રમાણે ધનને જોડીને ખરેખર અત્યંત પુણ્યશાલી શ્રેષ્ઠિરાજ સજ્જન અનુક્રમે મોક્ષમાં જનારો થશે. ૬૮૨.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના બીજા અધિકારમાં પહેલો ઉપદેશ છે. ॥

"उपदेशः-२"

आत्मीयतातप्रतिपन्नमर्थं, ये निर्वहन्ते तनयास्त एव ।
अमात्यमुख्योदयनस्य पुत्रौ, श्रीवाग्भटश्चाम्रभटो यथैव ।।१।।

मरुमण्डलतो देवा-देशात्कर्णावतीं पुरीम् ।
प्राप्य जागरिते भाग्ये-ऽप्राप्तपूर्व्वी महानिधिम् ।।१।।

नीतः श्रीसिद्धराजेन, सर्वामात्येषु मुख्यताम् ।
अभूदुदयनो मन्त्री, पुण्यकार्यधुरंधरः ।।२।। युग्मम् ।।

आदिष्टः सोऽन्यदा तेन, जेतुं सुंसुरभूपतिम् ।
गच्छन् सुराष्ट्रविषये, प्राप शत्रुञ्जयं गिरिम् ।।३।।

तत्र दारूमये चैत्ये, पाण्डवैः कारिते जिनान् ।
वन्दमानो ददर्शाखु-गृहीतां दीपवर्त्तिकाम् ।।४।।

अत्राग्न्युपद्रवो माऽभूत्, इति प्रासादकारणे ।
भूशय्याब्रह्मचर्य्याद्या-ऽभिग्रहानग्रहीदसौ ।।५।।

ततो गतः पुनस्तत्र, सञ्जाते घोरसङ्गरे ।
प्रहारजर्जरीभूतो, जगाद निजसेवकान् ।।६।।

शत्रुञ्जये भृगुपुरे, गिरिनारगिरौ तथा ।
प्रासादपद्यविषया, अभूवन्मे मनोरथाः ।।७।।

अहं तु प्राप्तवान् प्रान्ता-वस्थामस्थिरजीवितः ।
किं कुर्वे साम्प्रतं यद्वा, परतन्त्रा नियोगिनः ।।८।।

"ઉપદેશ-૨"

૧. જે પુત્રો પોતાના પિતાએ સ્વીકારેલ કાર્યનો નિર્વાહ કરે છે તેઓ જ ખરેખર પુત્રો છે. જેમ મુખ્યમંત્રી ઉદયનના પુત્રો શ્રી વાગ્ભટ્ટ અને આમ્રભટે કર્યું. ૬૮૩.

૧. મરુસ્થલ દેશથી દેવના આદેશથી કર્ણાવતી નગરીને પામીને ભાગ્ય જાગતે છતે પૂર્વે નહિં પ્રાપ્ત કરેલ મહાનિધિવાળો. ૬૮૪.

૨. શ્રી સિદ્ધરાજ વડે સર્વ મંત્રીઓમાં મુખ્યપણાને પામેલો, પુણ્યના કાર્ય કરવામાં સમર્થ એવો ઉદયન મંત્રી થયો. ૬૮૫.

૩. એક વખત ઉદયનમંત્રી તેના વડે (સિદ્ધરાજા વડે) સુંસુરરાજાને જીતવા માટે આદેશ કરાયો. સૌરાષ્ટ્ર દેશમાં જતો એવો તે (મંત્રી) શત્રુંજયગિરિને પામ્યો. ૬૮૬.

૪. ત્યાં પાંડવો વડે કાષ્ઠમય દહેરાસર કરાવાયે છતે જિનપ્રતિમાઓને વંદના કરતા એવા તેણે ઉંદરે ગ્રહણ કરેલ દીપકની વાટને જોઈ. ૬૮૭.

૫. અહીં 'અગ્નિનો ઉપદ્રવ ન થાઓ' એ માટે દહેરાસર કરવા માટે એણે ભૂમિ પર શયન કરવું, બ્રહ્મચર્ય વિગેરે અભિગ્રહોને ગ્રહણ કર્યા. ૬૮૮.

૬. ત્યારબાદ તે ગયો. ત્યાં ભયંકર યુદ્ધ થયે છતે પ્રહાર વડે જર્જરીભૂત થયેલ તેણે પોતાના સેવકોને કહ્યું. ૬૮૯.

૭. શત્રુંજયમાં, ભરૂચમાં તેમ જ ગિરનાર પર્વતમાં દહેરાસરના પગથિયાના વિષયવાળા એવા મારા મનોરથો હતા. ૬૯૦.

૮. વળી અસ્થિર જીવિતવાળો હું અંતિમ અવસ્થાને પામ્યો. હમણાં હું શું કરું ? અથવા અધિકારીઓ પરતંત્ર (બીજાને આધીન) હોય છે. ૬૯૧.

निवेदनीया युष्माभि-स्तेनामी मे मनोरथाः ।
पुत्रयोरिति सम्भाष्य, स्वोत्तमार्थमसाधयत् ।।९।।

अथ तैः पत्तनप्राप्तै-स्तत्स्वरूपे निवेदिते ।
शत्रुञ्जयो(द्धृतिं) द्धारकृत्यं, वाग्भटः प्रतिपन्नवान् ।।१०।।

ततः श्रीवाग्भटो मन्त्री, चैत्यनिर्मापणेच्छया ।
जगाम सपरिवारः, श्रीशत्रुञ्जयपर्वते ।।११।।

तत्र निर्माप्यमाणेऽथ, प्रासादे व्यवहारिणः ।
अर्प्पयन्ति स्म नैकानि, स्वस्वद्रव्याणि मोदतः ।।१२।।

उक्तं च -

"एगंपि उदगबिन्दुं, जह पक्खित्तं महासमुद्दंमि ।
जायइ अक्खयमेवं, पूआवि हु वीयरागस्स ।।१।।"

मन्त्री तेषां तु नामानि, लिखति क्रमशस्ततः ।
प्रभूतः समुदायस्तु, मिलितस्तत्र विद्यते ।।१३।।

तत्र चावसरे कश्चिद्, दुर्ग्गतो नाम कर्म्मतः ।
यात्रार्थी मरुदेशीय-स्तं प्रदेशमुपागमत् ।।१४।।

द्रम्मपञ्चकमेतस्य, सर्वस्वं विद्यते पुनः ।
तेनैव व्यवसायादि, कुर्वाणोऽस्त्युदरंभरिः ।।१५।।

तेनाऽऽसन्नजनाः पृष्टाः, किमित्येष महाजनः ।
तथाभूतं च वृत्तान्तं, तेऽपि तस्मै न्यवेदयत् ।।१६।।

૯. તેથી મારા આ મનોરથો તમારા વડે જણાવવા યોગ્ય છે. એ પ્રમાણે બન્ને પુત્રોને કહીને પોતાનું મરણ સાધ્યું. ૬૯૨.

૧૦. હવે નગરને પ્રાપ્ત કરેલ તેઓ વડે ઉદયનનું સ્વરૂપ નિવેદન કરાયે છતે શત્રુંજયના ઉદ્ધારના કાર્યને વાગ્ભટે સ્વીકાર્યું. ૬૯૩.

૧૧. ત્યારબાદ શ્રી વાગ્ભટ મંત્રી દહેરાસરને કરાવવાની ઈચ્છા વડે પોતાના પરિવાર સહિત શત્રુંજય પર્વત પર ગયો. ૬૯૪.

૧૨. ત્યાં દહેરાસરનું નિર્માણ કરાયે છતે વ્યાપારીઓ આનંદથી પોતપોતાના ઘણા દ્રવ્યો અર્પણ કર્યા. ૬૯૫.

અને કહ્યું છે કે :-

૧૦. જેમ મોટા સમુદ્રમાં પડેલ પાણીનું એક બિંદુ પણ અક્ષતપણાને પામે છે. એ પ્રમાણે ખરેખર વીતરાગ પરમાત્માની પૂજા પણ (અક્ષતપદને - મોક્ષપદને આપે છે.) ૬૯૬.

૧૩. ત્યાં ઘણા માણસોનો સમુદાય ભેગો થયેલો છે. મંત્રી તેઓના નામ અનુક્રમે લખે છે. ૬૯૭.

૧૪. તે અવસરે કર્મથી (હીન) દુર્ગત નામે મારવાડનો યાત્રાર્થી તે જગ્યાએ આવ્યો. ૬૯૮.

૧૫. વળી આનું સર્વ ધન પાંચ દ્રમક છે. તેના વડે જ વ્યાપાર વિગેરે કરીને પોતાનું પેટ ભરે છે. (અર્થાત્ આજીવિકા ચલાવે છે.) ૬૯૯.

૧૬. તેના વડે નજીક રહેલા લોકો એ પ્રમાણે પૂછાયા, આ મહાજન (સભા) કોણ છે ? તેઓએ પણ તેને તેવા પ્રકારનો વૃત્તાંત જણાવ્યો. ૭૦૦.

सोऽपि चिन्तितवानेते, धनिनोऽपि मितंपचाः ।
यद्येवंविधतीर्थेऽत्र, सर्वस्वं न व्ययन्त्यमी ।।१७।।

गत्वरेणाऽमुना किं मे, धनेन भयहेतुना ।
तीर्थकार्ये भवत्वेतत्, सफलं द्रम्मपञ्चकम् ।।१८।।

चिन्तयित्वेति सोत्कण्ठं, गत्वा नत्वा च मन्त्रिणे ।
निवेद्य स्वस्वरूपं च, तस्मै तद्द्रव्यमार्पयत् ।।१९।।

अहो ! साहसमेतस्य, सर्वस्वस्य समर्पणात् ।
अपि भूरितरे द्रव्ये, सर्वस्वं स्वं व्ययेत कः ।।२०।।

यतः -

"दानं दरिद्रस्य विभोः प्रशान्ति-र्यूनां तपो ज्ञानवतां च मोनम् ।
इच्छानिवृत्तिश्च सुखोचितानां, दया च भूतेषु दिवं नयन्ति ।।१।।"

चिन्तित्वेति तन्नाम, समग्रव्यवहारिणाम् ।
शिरसि न्यस्तवान्मन्त्री, विलक्षास्तेऽभवंस्ततः ।।२१।।

तान्वैमनस्यमापन्नान्, बभाषे मन्त्रिपुङ्गवः ।
सर्वस्वमर्पयाञ्चक्रे, यथाऽयं दुर्गतोऽपि सन् ।।२२।।

यदि क्रियेत युष्माभि-रप्येवं तर्हि बान्धवाः ! ।
भवतामपि तन्नाम, मुख्यमत्र विधीयते ।।२३।।

इत्युक्ते ते दधुर्मौनं, दुर्गतोऽप्येष तद्दिने ।
तीर्थोपवासमाधाय, पादलिप्तपुरे गतः ।।२४।।

૧૭. તેણે પણ વિચાર્યું. આ ધનવાનો પણ અમુક પ્રમાણમાં આપનાર છે. જે આ આવાં પ્રકારના તીર્થમાં પોતાનું સર્વ ધન ખર્ચતા નથી. ૭૦૧.

૧૮. નાશ પામનાર, ભયના હેતુવાળા આ ધનવડે મારે શું ? તીર્થ કાર્યમાં આ પાંચ દ્રમ્મ સફળ થાઓ. ૭૦૨.

૧૯. એ પ્રમાણે વિચારીને ઉત્કંઠા સહિત જઈને મંત્રીને નમસ્કાર કરીને અને પોતાની વાત જણાવીને તેને (મંત્રીને) તે ધન અર્પણ કર્યું. ૭૦૩.

૨૦. અહો ! સર્વધનને સમર્પણ કરતા આનું ઘણું સાહસ છે. ઘણું ધન હોતે છતે પણ પોતાના સર્વધનનો વ્યય કોણ કરે ?! ૭૦૪.

જે કારણથી -

૧. દરિદ્રનું દાન, ધનવાનોની શાંતિ, યુવાનોનું તપ, જ્ઞાનીનું મૌન, સુખીની ઈચ્છાનો નિરોધ અને પ્રાણીઓને વિષે દયા સ્વર્ગમાં લઈ જાય છે. ૭૦૫.

૨૧. એ પ્રમાણે વિચાર કરીને મંત્રીએ સઘળા વેપારીઓની મોખરે તેનું નામ સ્થાપન કર્યું. તેથી તે વેપારીઓ વિલખા થયા. ૭૦૬.

૨૨. મનના વિપરીતપણાને પામેલા એવા તેઓને મંત્રી પુંગવે કહ્યું - જેમ હીનપણાને પામવા છતાં પણ એણે પોતાનું સર્વ ધન સમર્પણ કર્યું. ૭૦૭.

૨૩. હે બાંધવો ! જો તમારા વડે પણ એ પ્રમાણે પોતાનું સર્વ ધન અર્પણ કરાય તો તમારું પણ નામ અહીં મોખરે કરાય. ૭૦૮.

૨૪. એ પ્રમાણે કહે છતે તેઓએ (વેપારીઓએ) મૌન ધારણ કર્યું. આ ગરીબ પણ તે દિવસે તીર્થમાં ઉપવાસ કરીને પાલીતાણા ગામમાં ગયો. ૭૦૯.

मार्गयित्वा कणानेष, पाकार्थं यावदुद्यतः ।
चरिकां दत्तवान् भूमौ, तावत्प्रादुरभून्निधिः ।।२५।।

सहस्रांशुसमज्योतिः, सौवर्णिकसहस्रभृत् ।
तन्निधानं विलोक्यैष, जातः प्रोत्फुल्ललोचनः ।।२६।।

नूनं तीर्थप्रभावोऽयं, वराकस्य न मे पुनः ।
विमृश्येत्युत्सुको गत्वा, मन्त्रिणे तं समर्पयत् ।।२७।।

मन्त्र्यपि प्राह भो भद्र !, तुष्टस्तव कपर्दिराट् ।
दत्ते स्म तदमुं भुङ्क्ष्व, यथाकामं सुखी भव ।।२८।।

सोऽपि तं सर्वथाऽनिच्छन्, समर्प्य स्वाश्रमं ययौ ।
एवं पुनः पुनस्तस्या-ऽभवत्पुण्यप्रभावतः ।।२९।।

ततः सप्तमवेलायां, बलादर्द्धं समर्प्पितम् ।
मन्त्रिणा तस्य सञ्जातः, सोऽपि सौख्यैकभाजनम् ।।३०।।

क्रमेण पूर्णतां प्राप्तः, प्रासादोऽपि स मन्त्रिणः ।
तत्र द्रव्यप्रमाणं तु, वृद्धाः प्राहुरिदं पुनः ।।३१।।

लक्षत्रयी विरहिता द्रविणस्य कोटी-स्तिस्रो विविच्य किल वाग्भटमन्त्रिराजः ।
यस्मिन्युगादिजिनमन्दिरमुद्दधार, श्रीमानसौ विजयतां गिरिपुण्डरिकः ।।३२।।

इति स्वतातप्रतिपन्नतीर्थ-जीर्णोद्धृतिं मन्त्रिपतिर्विधाप्य ।
श्रीपत्तनं प्राप्य मतं जिनानां, प्रभावयन् श्रावकपुङ्गवोऽभूत् ।।१।।

।। इति श्रीउपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे द्वितीय उपदेशः ।।२।।

૨૫. ધાન્યોને માગીને પકાવવાને માટે જેટલામાં ઉદ્યમવાળા તેણે ભૂમિમાં ખાડો ખોદ્યો તેટલામાં નિધિ પ્રગટ થયો. ૭૧૦.

૨૬. સૂર્ય સમાન કાંતિવાળા હજારો સુવર્ણથી ભરેલ તે નિધાનને જોઈને આ ગરીબ પ્રફુલ્લિત નેત્રવાળો થયો. ૭૧૧.

૨૭. ખરેખર આ પ્રભાવ તીર્થનો છે પણ હીન એવા મારો નહીં. એ પ્રમાણે વિચાર કરીને ઉત્સુક એવા તેણે જઈને મંત્રીને તે ધનને સમર્પણ કર્યું. ૭૧૨.

૨૮. મંત્રીએ પણ કહ્યું, હે ભદ્ર ! તારા પર ખુશ થયેલ કપર્દિ યક્ષે (કવડજક્ષે) આપ્યું. તેથી તમે ઈચ્છા પ્રમાણે આને ભોગવો અને સુખી થાઓ. ૭૧૩.

૨૯. સર્વથા ધનને નહિ ઈચ્છતો તે તે દુર્ગત (નિધાનની પ્રાપ્તિ થઈ અને તે મંત્રીને આપતો ગયો.) મંત્રીને સમર્પણ કરીને પોતાના આશ્રમમાં ગયો. એ પ્રમાણે પુણ્યના પ્રભાવથી ફરી-ફરીથી તેને થયું. ૭૧૪.

૩૦. ત્યારબાદ સાતમી વખતે મંત્રી વડે બલાત્કારથી (પરાણે) તેને અડધું ધન અપાયું. તે પણ સુખનું ભાજન થયો. ૭૧૫.

૩૧. અનુક્રમે તે પૂર્ણતાને પામ્યો અને મંત્રીનું દેરાસર પણ પૂર્ણતાને પામ્યું. વળી ત્યાં દ્રવ્યનું પ્રમાણ પૂર્વ પુરુષો એ પ્રમાણે કહે છે. ૭૧૬.

૩૨. ખરેખર વાગ્ભટ મંત્રીરાજે ત્રણ કરોડમાં ત્રણ લાખ ઓછા એટલા ધનનો વ્યય કરીને જેમાં યુગાદિ જિનમંદિરનો ઉદ્ધાર કર્યો એવો આ શ્રીમાન્ પુંડરિકગિરિ જય પામો. ૭૧૭.

૧૦. એ પ્રમાણે મંત્રીરાજ પોતાના પિતાએ સ્વીકારેલ તીર્થના જીર્ણોદ્ધારને કરીને જિનેશ્વરના શાસનની પ્રભાવના કરતો શ્રી પાટણને પામીને શ્રેષ્ઠ શ્રાવક થયો. ૭૧૮.

॥ એ પ્રમાણે ઉપદેશ સપ્તતિકાના બીજા અધિકારમાં બીજો ઉપદેશ છે. ॥

"उपदेशः-३"

अथाम्रदेवोऽपि पितुर्निजस्य, श्रेयोनिमित्तं पुनरुद्दिधीर्षुः ।
शकुन्तिचैत्यं भृगुकच्छनाम्नि, पुरे गतो भूरिपरिच्छदेन ।।१।।

येन त्रिषष्टिलक्षाभि-ष्टङ्ककानां व्यधाप्यत ।
गिरिनारगिरौ पद्या, स श्लाघ्यो भुवनत्रये ।।२।।

मल्लिकार्जुनराजेन्द्रं, जित्वा प्रौढपराक्रमैः ।
रत्नाष्टकेन सुप्रीतं, भूपतिं यश्चकार च ।।३।।

तच्चेदं -

शृङ्गारकोटिशाटिका १ गरलहरसिप्रा २ श्वेतो हस्ती ३ पात्राणामष्टोत्तरं शतं ४ द्वात्रिंशन्मूटका मौक्तिकानाम् ५ घटिशतमितः कनककलशः ६ अग्निधौतोत्तरपटः ७ मल्लिकार्जुनशिरश्च ८ ।

अथ श्रीमच्छकुनिका-विहारारम्भहेतवे ।
भूमिं कर्म्मकरैस्तत्र, खानयामास धीसखः ।।४।।

भूम्यधिष्ठायिका काचिद्, व्यन्तर्यन्येद्युरुद्यतान् ।
रजोभिः स्थगयामास, गर्त्तायां खनकान्नरान् ।।५।।

असमञ्जसमुद्वीक्ष्य, तदिदं सकृपो हृदि ।
सह पुत्रकलत्राभ्यां, मरणे कृतनिश्चयः ।।६।।

मन्त्री तत्रैव गर्त्तायां, दत्ते झम्पां हि यावता ।
तावत्तत्साहसात्तुष्टा, व्यन्तरी तमभाषत ।।७।।

"ઉપદેશ-૩"

૧. હવે પોતાના પિતાના કલ્યાણને અર્થે (શ્રેયાર્થે) સમડીના ચૈત્યનું ફરીથી ઉદ્ધાર કરાવવાની ઈચ્છાવાળા આમ્રદેવ પણ ઘણા પરિવારની સાથે ભરૂચ નામના નગરમાં ગયા. ૭૧૯.

૨. જેના વડે ત્રેસઠ લાખ નાણા દ્વારા ગિરનાર પર્વતમાં પગથિયા કરાયા, તે ત્રણ ભુવનમાં વખાણવા લાયક છે. ૭૨૦.

૩. વિશાળ પરાક્રમ વડે જેણે મલ્લિકાર્જુન રાજેન્દ્રને જીતીને આઠ રત્ન વડે રાજાને ઘણી પ્રીતિવાળો કર્યો. ૭૨૧.

તે આઠ રત્નો આ છે -

૧. શણગારમાં અગ્ર એવી સાડી, ૨. ઝેરને હરણ કરનાર છીપ ૩. સફેદ હાથી ૪. એકસો આઠ પાત્રો ૫. મોતીઓના બત્રીસ ઝુમકા, ૬. સો ઘડી પ્રમાણવાળો સોનાનો કળશ, ૭. અગ્નિમાં શુદ્ધ થયેલો સુવર્ણનો ઉત્તરપટ, ૮. મલ્લિકાર્જુન રાજાનું મસ્તક. ૭૨૨.

૪. હવે શ્રીમાન્ શકુનિકા માટે વિહારના આરંભ માટે બુદ્ધિશાળી એવા આમ્રદેવે નોકરો વડે ત્યાં ભૂમિને ખોદાવી. ૭૨૩.

૫. એક દિવસ ભૂમિની અધિષ્ઠાયિકા કોઈક વ્યંતરી દેવીએ ખાડો ખોદવામાં તત્પર માણસોને રજ વડે ખાડામાં સ્થગિત કર્યા. ૭૨૪.

૬. અયોગ્ય આ વૃત્તાંતને જોઈને હૃદયમાં કરૂણાવાળા આમ્રદેવે પુત્ર અને પત્નીની સાથે મરણનો નિશ્ચય કર્યો. ૭૨૫.

૭. જેટલામાં મંત્રી ત્યાં જ ખાડામાં કુદકો મારે છે. તેટલામાં તેના સાહસથી ખુશ થયેલ વ્યંતરી દેવીએ તેને કહ્યું. ૭૨૬.

इयं मदीया भो भूमि-र्मामसन्तोष्य यत्त्वया ।
प्रारम्भः कारितस्तत्ते, विघ्न एष कृतो मया ।।८।।

अधुना तव सत्त्वेन, तुष्टाहं तद्वरं वृणु ।
मन्त्र्याह तर्हि जीवन्तु, सर्वे कर्म्मकरा अमी ।।९।।

पुनर्जीवितमेतेषां, सार्द्धं तव मनोरथैः ।
भावीत्युक्त्वा गता देवी, मन्त्र्यपि प्राप सुस्थताम् ।।१०।।

गतेऽथ तत्र प्रत्यूहे, प्रासादं परिपूर्णताम् ।
स मन्त्री प्रापयामास, समं सर्वमनोरथैः ।।११।।

ततः प्रतिष्ठाकार्यार्थं, प्रीत्या तेन निमन्त्रितौ ।
नृपतिर्हेमसूरिश्च, तत्र प्रापतुराश्रमम् ।।१२।।

आजग्मुर्भूरिशस्तत्र, व्यवहारिपरम्पराः ।
सोऽपि सन्तोषयामास, तान्वस्त्राभरणादिभिः ।।१३।।

श्रीहेमसूरिभिस्तत्र, प्रतिष्ठा विस्तराः कृताः ।
मन्त्रिराजोऽप्यर्थिवर्गं, महादानैरतूतुषत् ।।१४।।

आरात्रिकाद्यवसरे, सर्वाङ्गाभरणान्यपि ।
ददानं याचकेभ्यस्तं, स्तुवन्ति स्मेति सूरयः ।।१५।।

"किं कृतेन न यत्र त्वं, यत्र त्वं किमसौ कलिः ।
कलौ चेद्भवतो जन्म, कलिरस्तु कृतेन किम् ।।१।।"

૮. અરે આ મારી ભૂમિ છે. મને સંતોષ્યા વિના જે તારા વડે (ખોદવાનો) પ્રારંભ કરાવાયો. તેથી મારા વડે આ વિઘ્ન (અંતરાય) કરાયો. ૭૨૭.

૯. હવે તારા સત્ત્વથી હું ખુશ છું તેથી વરદાન માગ. મંત્રીએ કહ્યું. તો આ સર્વે નોકરો જીવો. ૭૨૮.

૧૦. તારા મનોરથો વડે એઓનું જીવિત ફરીથી થશે. (અર્થાત્ ફરીથી જીવશે.) એ પ્રમાણે કહીને દેવી ગઈ. મંત્રી પણ સ્વસ્થતાને પામ્યો. ૭૨૯.

૧૧. હવે ત્યાં વિઘ્ન ગયે છતે તે મંત્રી સર્વ મનોરથોપૂર્વક પ્રાસાદની પૂર્ણતાને પામ્યો. ૭૩૦.

૧૨. ત્યારબાદ પ્રતિષ્ઠાના કાર્ય માટે તેના વડે નિમંત્રિત કરાયેલ રાજા અને પ. પૂ.આચાર્ય ભ. હેમચન્દ્રસૂરી મ. ત્યાં આશ્રમમાં આવ્યા. ૭૩૧.

૧૩. ત્યાં વેપારીઓનો સમુદાય અનેકવાર આવ્યો. તેણે તેઓને પણ વસ્ત્ર-આભૂષણ વિગેરેથી પ્રસન્ન કર્યા. ૭૩૨.

૧૪. ત્યાં આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ.વડે વિશેષતાઓપૂર્વક પ્રતિષ્ઠા કરાવાઈ. મંત્રીરાજે પણ યાચકવર્ગને ઘણું ધન આપવા વડે ખુશ કર્યા. ૭૩૩.

૧૫. આરતીના સમયે યાચકોને સર્વ અંગના આભૂષણોને પણ દાનમાં આપતા એવા તેની આચાર્યશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ આ પ્રમાણે સ્તુતિ કરી. ૭૩૪.

૧. જ્યાં તમે નહોતા એવા કૃતયુગ (૧ લો યુગ) વડે શું ? જ્યાં તમે છો તો આ કલિ (યુગ) શું છે ? જો કલિયુગમાં આપનો જન્મ છે તો કલિયુગ થાઓ. કૃતયુગ વડે કરીને શું ? ૭૩૫.

तद्विशेषदानं पुनः -

"द्वात्रिंशद्द्रम्मलक्षा भृगुपुरवसतेः सुव्रतस्यार्हतोऽग्रे,
कुर्वन्मङ्गल्यदीपं ससुरनरवरश्रेणिभिः स्तूयमानः ।
योऽदादर्थिव्रजस्य त्रिजगदधिपतेः सद्गुणोत्कीर्त्तनायां,
स श्रीमानाम्रदेवो जगति विजयतां दानशौण्डाग्रयायी ।।१।।

पुहविकरंडे बंभंड-संपुडे भमई कुण्डलिज्जंतु ।
तुह अंबडदेव जसो, अलद्धपसरो भुअंग व्व ।।१।।"

लक्षदानम् ।।

इत्यादिदानलीलाभिः, केषां श्लाघ्योऽभवन्न सः ।
औदार्यात्कोऽथवा न स्यात्, ख्यातिपात्रं सुरद्रुवत् ।।१६।।

अन्यदा मन्त्रिराजस्य, दोषो मुदितचेतसा ।
प्रासादे नृत्यतः क्रूर-व्यन्तरीजनितोऽभवत् ।।१७।।

तेन दूषितसर्वाङ्गो, हसन् गायन् पठन् रुदन् ।
प्राप्तः प्रान्तदशां मन्त्री, कर्म्मणां हि विचित्रता ।।१८।।

अवधार्य स्वरूपं तत्, प्रभुश्रीहेमसूरयः ।
क्षणात्तत्राऽऽगताः प्रेक्षां-चक्रुस्तं च तथाविधम् ।।१९।।

योगिन्योऽत्र चतुःषष्टि-संख्यास्तास्वपि सैन्धवा ।
व्यन्तरी प्रथमा तेन, तस्याः कार्यमिदं खलु ।।२०।।

ફરીથી તેના વિશેષદાનને કહે છે -

૧. બત્રીસ લાખ દ્રમ્મ વડે બનાવેલ એવા ભરૂચના દહેરાસરમાં રહેલા મુનિસુવ્રતસ્વામીની આગળ મંગલદીપકને કરતા, શ્રેષ્ઠ દેવ મનુષ્યની પંક્તિઓ વડે સ્તુતિ કરાતા.

ત્રણ જગતના અધિપતિના સદ્‌ગુણોને ગાતી વખતે જેણે યાચકવર્ગને આપ્યું છે, દાન અને શૂરવીરતામાં અગ્રેસર એવા તે શ્રીમાન્ આમ્રદેવ જગતમાં જયવંતા વર્તો. ૭૩૬.

૨. હે અંબડદેવ ! સર્પની જેમ માર્ગને નહીં પામેલ એવો તારો યશ પૃથ્વીરૂપી કરંડીયામાં રહેલ બ્રહ્માંડરૂપી સંપુટને વિષે કુંડાળાની જેમ રહીને ભ્રમણ કરે છે. ૭૩૭.

લાખોનું દાન -

૧૬. વિગેરે ધનના વિલાસ વડે તે કોને વખાણવા યોગ્ય ન થાય ? અથવા કલ્પવૃક્ષની જેમ ઉદારતાથી કોણ પ્રખ્યાતિને યોગ્ય ન થાય ? ૭૩૮.

૧૭. એક વખત પ્રાસાદમાં આનંદિત ચિત્ત વડે નૃત્ય કરતા મંત્રિરાજને ક્રૂર વ્યંતરી જનિત દોષ થયો. ૭૩૯.

૧૮. તેના વડે સર્વ અંગે દૂષિત થયેલ મંત્રી હસતો ગાતો બોલતો રડતો અંતિમ દશાને પામ્યો. ખરેખર કર્મનું વિચિત્રપણું છે. ૭૪૦.

૧૯. સમર્થ એવા પ.પૂ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરે ભ. તે સ્વરૂપને ચોક્સાઈથી જાણીને ક્ષણવારમાં ત્યાં આવ્યા. અને તેવા પ્રકારની અવસ્થાવાળા તેને જોયો. ૭૪૧.

૨૦. અહીં ચોસઠ સંખ્યાવાળી યોગિનીઓ છે, તેમાં સૈન્ધ નામની પ્રથમ વ્યંતરી છે. ખરેખર તેણીનું આ કાર્ય છે. ૭૪૨.

विभाव्येत्यनुनेतुं तां, कायोत्सर्गं वितेनिरे ।
तत्प्रासादे यशश्चन्द्र-गणिना सह सूरयः ।।२१।।

आकृष्य जिह्वां देवी तु, तान् भापयति सैन्धवा ।
प्रहारान् मौशलांस्तत्र, यशश्चन्द्रगणिर्ददौ ।।२२।।

प्राच्यप्रहारे प्रासादे, प्रकम्पः समभून्महान् ।
दत्ते यावद्द्वितीयं तु, प्रहारं प्राणघातकम् ।।२३।।

तावत्सा सैन्धवाऽभ्येत्य, गुरुपादान् व्यजिज्ञपत् ।
वज्रपातप्रहारेभ्यो, भगवन् ! रक्ष रक्ष माम् ।।२४।।

तर्जिता गुरुभिर्भीता, क्षमयित्वा च तानियम् ।
स्वस्थानमगमज्ञातः, सचिवोऽपि निरामयः ।।२५।।

इत्थमुल्लाघ्य तं मन्त्रि-पुङ्गवं गुरुकुञ्जराः ।
इति स्तुतिं व्यधुर्गत्वा, प्रासादे सुव्रतेशितुः ।।२६।।

संसारार्ण्णवसेतवः शिवपदप्रस्थानदीपाङ्कुराः,
विश्वालम्बनयष्टयः परमतव्यामोहकेतूद्गमाः ।
किं वाऽऽस्माकमनोमतङ्गजदृढालानैकलीलाजुष
स्त्रायन्तांनखरश्मयश्चरणयोः श्रीसुव्रतस्वामिनः ।।१।।

सूरीन्द्राः पत्तनं प्रापु-र्मन्त्रिणा बहुमानिताः ।
सचिवोऽपि चिरं धर्म-प्रभावादभवत्सुखी ।।२७।।

एवं गुणश्रेणिमनोहाराणां, प्रभावकश्रावकपुङ्गवानाम् ।
श्रुत्वा कथाः श्रीजिनमन्दिरादि-क्षेत्रेषु वित्तानि वपन्तु भव्याः ! ।।२८।।

।। इति श्रीउपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे तृतीय उपदेशः ।।३।।

૨૧. એ પ્રમાણે વિચારીને પ.પૂ.યશચન્દ્રગણિની સાથે પ.પૂ.આ.હેમસૂરી ભ. તેને (દેવીને) બોલાવવા માટે કાર્યોત્સર્ગ કર્યો. ૭૪૩.

૨૨. સૈન્ધવા દેવી જીભને ખેંચીને તેઓને બીવડાવે છે. પ.પૂ.યશચન્દ્ર ગણિએ ત્યાં સાંબેલાના પ્રહારો કર્યા. ૭૪૪.

૨૩. પહેલો પ્રહાર કરતે છતે પ્રાસાદમાં મોટો પ્રકંપ થયો. વળી પ્રાણનો ઘાત કરનાર બીજો પ્રહાર જેટલામાં કરે છે. ૭૪૫.

૨૪. તેટલામાં તે સૈન્ધવા દેવીએ સામે જઈને ગુરુ ભગવંતના ચરણોમાં વિનંતિ કરી. હે ભગવાન્ ! વજ્રના ઘા સમાન પ્રહારો વડે મારી રક્ષા કરો - રક્ષા કરો. ૭૪૬.

૨૫. ગુરુ વડે તાડન કરાયેલી - ભય પામેલી આ (દેવી) તેઓને ખમાવીને પોતાના સ્થાને ગઈ. મંત્રી પણ રોગ રહિત થયો. ૭૪૭.

૨૬. શ્રેષ્ઠ ગુરુ ભગવંતે એ પ્રમાણે મંત્રીપુંગવને નિરોગી કરીને મુનિસુવ્રતસ્વામીના દહેરાસરમાં જઈને એ પ્રમાણે સ્તુતિ કરી. ૭૪૮.

૧. સંસાર સાગરને તરી જવા માટે પુલ જેવા, મોક્ષસ્થાન ભણી પ્રસ્થાન કરવા માટે દીવાના અંકુરા જેવા, જગતને માટે ટેકો લેવાની લાકડી જેવા, પરમતના અજ્ઞાનને માટે કેતુના ઉદય જેવા,

અથવા અમારા મનરૂપી હાથી માટે મજબૂત આલાન સ્તંભની અસાધારણ કોટીની લીલાને ધારણ કરનારા શ્રી મુનિસુવ્રતસ્વામીના ચરણોના નખકિરણો અમારું રક્ષણ કરો. ૭૪૯.

૨૭. મંત્રી વડે સન્માન કરાયેલ આચાર્ય ભગવંત નગરમાં આવ્યા. મંત્રી પણ ઘણા કાળ સુધી ધર્મના પ્રભાવથી સુખી થયો. ૭૫૦.

૨૮. હે ભવ્યપ્રાણીઓ ! એ પ્રમાણે મનોહર ગુણોની શ્રેણીવાળા, પ્રભાવના કરનાર શ્રેષ્ઠ શ્રાવકોની કથાને સાંભળીને શ્રી જિનેશ્વર પરમાત્માના મંદિર વિગેરે ક્ષેત્રોમાં ધનને વાવો. ૭૫૧.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના બીજા અધિકારમાં ત્રીજો ઉપદેશ છે. ॥

"उपदेशः-४"

धन्याः पुमांसः स्पृहयालवः शिवं, निर्म्मापयन्त्यार्हतमन्दिराण्यपि ।
यथा स मन्त्री विमलोऽर्बुदे गिरौ, युगादिचैत्यं निरमापयत्सुधीः ।।१।।

श्रीउज्जयन्तार्बुदयोः, स्वैरं कृतनिवासयोः ।
अम्बाश्रीमातयोरासी-त्सख्यमक्षय्यमन्यदा ।।१।।

श्रीमातयाऽम्बिका प्रोक्ता, त्वमत्रागच्छ हे सखि ! ।
निर्वियोगं यथा क्रीडा, भवत्यनिशमावयोः ।।२।।

अम्बा प्राह विना जैन-प्रासादं मम न स्थितिः ।
श्रीमाताप्याह भूरस्ति, चम्पकासन्नवर्त्तिनी ।।३।।

सप्तविंशतिलक्षाभि-र्द्रम्माणां परिपूरिता ।
चैत्यस्यार्हा परं तस्य, कोऽपि कारयिता यदि ।।४।।

इति द्रव्ययुतां भूमि-माकर्ण्याम्बा प्रमोदतः ।
चैत्यनिर्मापकं शीघ्र-मानेष्यामीति तां जगौ ।।५।।

चतुश्चत्वारिंशदग्र-चतुःशतमिता बभुः ।
प्रासादा आर्हता यस्यां, शैवा नवशतीमिताः ।।६।।

तस्यां चन्द्रावतीपुर्यां, भीमभूपापमानितः ।
आगत्य कुरुते राज्यं, विमलो दण्डनायकः ।।७।।

अव्यसंख्य ८४ वरजाङ्गिकढोलवृन्दे, यस्याऽधिकारिपुरुषैः परिताड्यमाने ।
भुक्तेः क्षणे भजति भीमनृपस्य हैम-स्थालं विशालमपि चञ्चलतामतीव ।।८।।

"ઉપદેશ-૪"

૧. મોક્ષની ઈચ્છાવાળા ધન્ય (ઉત્તમ) પુરુષો અરિહંત પરમાત્માના મંદિર વિગેરેનું પણ નિર્માણ કરાવે છે. જેમ બુદ્ધિશાળી એવા તે વિમલ મંત્રીએ અર્બુદગિરિ (આબુ) પર આદિનાથ પરમાત્માનું દહેરાસર કરાવરાવ્યું. ૭૫૨.

૧. એક વખત શ્રી ઉજ્જયંત (ગિરનાર) પર્વત અને અર્બુદાચલ (આબુ) પર્વત પર ઈચ્છા પ્રમાણે નિવાસ કરનારી અંબિકા દેવી અને લક્ષ્મીદેવીની ગાઢ મિત્રતા થઈ. ૭૫૩.

૨. લક્ષ્મીદેવી વડે અંબિકા દેવીને કહેવાયું, હે સખિ ! તમે અહીં આવો. જેથી આપણા બન્નેની હંમેશાં વિયોગ રહિત ક્રીડા થાય. ૭૫૪.

૩. અંબાદેવીએ કહ્યું - જિનેશ્વર પરમાત્માના મંદિર વિના મારી સ્થિતિ નથી. લક્ષ્મીએ (લક્ષ્મીદેવીએ) પણ કહ્યું - ચંપકવૃક્ષની નજીકમાં પૃથ્વી છે. ૭૫૫.

૪. જો કોઈ પણ કરાવનાર હોય તો સત્તાવીશ લાખ (મિ) દ્રમ્મો વડે (ચાંદી-તાંબા અથવા બીજી કોઈ ધાતુનું તે કાળમાં ચાલતું ચલણી નાણું) પૂરાયેલી ભૂમિ વિશેષ પ્રકારે દહેરાસરને યોગ્ય થાય. ૭૫૬.

૫. એ પ્રમાણે દ્રવ્યથી યુક્ત ભૂમિને સાંભળીને હર્ષપૂર્વક અંબાદેવીએ "દહેરાસરના નિર્માણ કરાવનારને શીઘ્ર લાવીશ" એ પ્રમાણે તેણીએ કહ્યું. ૭૫૭.

૬. જેમાં ચારસોને ચુમ્માલીશ અરિહંત પરમાત્માના પ્રસાદો થયા અને નવસો શિવના મંદિરો થયા. ૭૫૮.

૭. તે ચંદ્રાવતી નગરીમાં ભીમ રાજા વડે અપમાનિત થયેલ વિમલ મંત્રી આવીને રાજ્ય કરે છે. ૭૫૯.

૮. જેના અધિકારી પુરુષો વડે ચોરાશી શ્રેષ્ઠ ઢોલનો સમુદાય વગાડાતે છતે ભોજનના સમયમાં અત્યંત ચંચલતાવાળી સોનાની વિશાળ થાળી ભીમરાજાને ભજે છે. ૭૬૦.

यो द्वादश सुरत्राणान्, जित्वा कटकपेटकैः ।
तेभ्यः छत्राणि तावन्ति, जग्राह स्वैकलीलया ।।९।।

सम्यग्यत्कटके धान्य-व्ययसंख्या न लभ्यते ।
प्रतिप्रयाणकं त्रिघ्न-सप्तलक्षव्ययः परम् ।।१०।।

तीर्थस्थापनसन्तान-सस्पृहो विमलाऽधिपः ।
अम्बामाराधयामास, भक्तितोऽवसरे तदा ।।११।।

ततः प्रत्यक्षतां प्राप्ता, देवी तं प्राह मन्त्रिणम् ।
तव नास्ति द्वयी प्राप्ति-स्तत्त्वं वद यथारुचि ।।१२।।

सन्ततिं पापहेतुत्वा-दनादृत्य स धीसखः ।
प्रासादं प्रार्थयाञ्चक्रे, सात्त्विकानां शिरोमणिः ।।१३।।

भूमिं निवेद्य तां द्रव्य-युतां देवी तिरोदधे ।
प्रासादारम्भसंरम्भं, सचिवोऽपि व्यधापयत् ।।१४।।

मन्त्रिणा कार्यमाणेऽथ, प्रासादेऽर्बुदमूर्द्धनि ।
श्रीमातापूजकाः किन्तु, न चैत्याऽनुमतिं ददुः ।।१५।।

पुरा कदापि नाऽत्राभूत्, श्रीजिनायतनं खलु ।
तत्सम्प्रत्यपि जैनेन्द्रं, चैत्यमत्र कथं भवेत् ? ।।१६।।

पुनः स्मृत्वाऽम्बिकां मन्त्री, तद्वृत्तं प्राह तत्पुरः ।
साप्याह या मयोक्ता ते, भूमिका द्रव्यसंयुता ।।१७।।

૯. જેણે લીલા માત્ર વડે નાટકની સમૂહની સાથે બાર કબીરને જીતીને તેઓની પાસેથી તેટલા જ છત્રો ગ્રહણ કર્યા. ૭૬૧.

૧૦. જેના કટકમાં (સૈન્યમાં) ધાન્યના વ્યયની સંખ્યા સારી રીતે મેળવાતી નથી. પરંતુ પ્રત્યેક પ્રયાણકમાં ત્રણે ગુણીયા સાત - એકવીશ લાખ વ્યય થાય છે. ૭૬૨.

૧૧. તીર્થની સ્થાપના અને સંતાનની અત્યંત સ્પૃહાવાળા વિમલમંત્રીએ તે અવસરે ભક્તિપૂર્વક આંબાદેવીની આરાધના કરી. ૭૬૩.

૧૨. ત્યારબાદ પ્રત્યક્ષ થયેલી તે દેવીએ તે મંત્રીને કહ્યું. તને બેની પ્રાપ્તિ નથી. તને જે રૂચે તે બોલ. ૭૬૪.

૧૩. સત્ત્વશાળીઓમાં અગ્રેસર બુદ્ધિમાન એવા તેણે (મંત્રીએ) સંતાન એ પાપનો હેતુ હોવાથી તેમાં અનાદર કરીને દહેરાસરની પ્રાર્થના કરી. ૭૬૫.

૧૪. દ્રવ્યથી યુક્ત તે ભૂમિને જણાવીને દેવી અદ્રશ્ય થઈ. મંત્રીએ પણ દહેરાસરનું આરંભ-સમારંભ કાર્ય કર્યું. ૭૬૬.

૧૫. હવે અર્બુદગિરિના (આબુના) શિખર પર દહેરાસરનું કાર્ય કરાતે છતે લક્ષ્મીદેવીને પૂજનારાઓએ દહેરાસરની અનુમતિ ન આપી. ૭૬૭.

૧૬. ખરેખર પહેલા પણ અહીં શ્રી જિનેશ્વર પરમાત્માનું દહેરાસર હતું નહીં તો હમણાં પણ શ્રી જિનેન્દ્રનું દહેરાસર શી રીતે થાય ? ૭૬૮.

૧૭. મંત્રીએ ફરીથી અમ્બિકાદેવીનું સ્મરણ કરીને તેની આગળ તે વૃત્તાંતને કહ્યું. તેણીએ (દેવીએ) પણ કહ્યું. મારા વડે તમને જે કહેવાયેલી છે તે ભૂમિ દ્રવ્યથી યુક્ત છે. ૭૬૯.

तत्रैव प्रतिमा प्रेक्षा, श्रीयुगादिजिनेशितुः ।
अस्ति न्यासीकृता तां च, दृष्ट्वा तैर्नो निषेत्स्यते ।।१८।।

प्रतिमां तां च केऽप्याहु-स्तत्रैव प्रागभूदियम् ।
केचित्तद्देवानीतेयं, देव्येत्याहुर्बहुश्रुताः ।।१९।।

भग्नेऽपि तद्विवादेऽथ, चैत्यं निष्पद्यते गिरौ ।
दिवाजातः परं रात्रौ, कर्मस्थायो विनश्यति ।।२०।।

षण्मास्येवं व्यतिक्रान्ता, सचिन्तो विमलस्ततः ।
पुनः प्रत्यक्षतां निन्ये, देवीमम्बामुपासनैः ।।२१।।

अब्रवीदम्बिका मन्त्रिन् !, अधस्तादस्य भूभृतः ।
वालिनाहाभिधानोऽस्ति, नागराजोऽतिदुर्म्मदः ।।२२।।

मिथ्यात्वदूषितो जैन-प्रासादं स न सासहिः ।
तदस्याराधनोपायं, सकर्णाऽऽकर्णयाऽऽधुना ।।२३।।

पूजोपहारमादायो-पवासत्रितयीयुतः ।
सन्ध्यायां ध्यानमाधाय, वालीनाहं त्वमाह्वय ।।२४।।

मार्ग्गयत्येष नैवेद्यं, चेत्प्रदातव्यमेव तत् ।
मद्यादि याचते तर्हि, खड्गमुद्यम्य भापयेः ।।२५।।

तत्र खड्गेऽवतीर्णाऽहं, करिष्यामि त्वदीप्सितम् ।
इति प्रोच्य गता देवी, सचिवोऽपि तथाऽकरोत् ।।२६।।

૧૮. ત્યાં જ શ્રી આદિનાથ પરમાત્માની વિશાળ પ્રતિમા સ્થાપન કરાયેલી છે. તેને (તે પ્રતિમાને) જોઈને તેઓ વડે (લક્ષ્મીદેવીને પૂજનારાઓ વડે) નિષેધ નહીં કરાય. ૭૭૦.

૧૯. કેટલાક લોકો પણ પ્રતિમાને (માટે એ પ્રમાણે) કહે છે. આ (પ્રતિમા) પહેલા ત્યાં જ હતી. કેટલાક (લોકો) દેવી વડે આ (પ્રતિમા) લવાયેલી છે એ પ્રમાણે બહુશ્રુતો કહે છે. ૭૭૧.

૨૦. તે વિવાદ ભંગ (નાશ-પૂર્ણ) થયે છતે અર્બુદગિરિ પર ચૈત્ય કરાય છે પરંતુ દિવસે થયેલ કાર્ય રાત્રિમાં વિનાશ પામે છે. ૭૭૨.

૨૧. એ પ્રમાણે છ માસ વ્યતીત થયા. ત્યાર બાદ ચિંતાવાળા વિમલમંત્રીએ ઉપાસના વડે ફરીથી અમ્બિકાદેવીને પ્રત્યક્ષ કરી. ૭૭૩.

૨૨. અમ્બિકાદેવીએ કહ્યું. હે મંત્રી ! આ પર્વતની નીચે અત્યંત અભિમાની વાલિનાહ નામે નાગરાજ છે. ૭૭૪.

૨૩. મિથ્યાત્વ વડે દૂષિત હોવાથી તે જિનેશ્વરના દહેરાસરને સહન કરી શકતો નથી. તેથી સાવધાનીપૂર્વક હમણાં તેની આરાધનાના ઉપાયને સાંભળ. ૭૭૫.

૨૪. ત્રણ ઉપવાસ સહિત (અઠ્ઠમ તપ કરીને) પૂજાના ભેટણાને લઈને સંધ્યાકાળે ધ્યાન ધરીને તું વાલીનાહને બોલાવ. ૭૭૬.

૨૫. જો આ નૈવેદ્યને માગે તો આપવા યોગ્ય છે. જો મદિરા વિગેરે માગે તો તલવારને ઉપાડીને બીવડાવજે. ૭૭૭.

૨૬. ત્યાં તલવારમાં અવતરેલી હું તારા ઈચ્છિતને કરીશ. એ પ્રમાણે કહીને દેવી ગઈ. મંત્રીએ પણ એ પ્રમાણે કર્યું. ૭૭૮.

एवं कृते स भीतोऽम्बा-वचसा चोपशान्तिभाक् ।
सम्यक्त्वं प्राप्य तत्रैव, क्षेत्रपालो बभूव च ।।२७।।

प्रासादः पूर्णतां प्राप्त-स्ततः सह मनोरथैः ।
अष्टकोट्यः सुवर्णानां, मन्त्रिणाऽत्र व्ययीकृताः ।।२८।।

अष्टाष्टखैकसंख्येब्दे १०८८ रीरीमूर्तिमतिष्ठिपत् ।
श्रीयुगादिजिनाधीशं, तत्र श्रीदण्डनायकः ।।२९।।

ततः श्रीभीमदेवोऽपि, बहुमानपुरस्सरम् ।
विमलं सान्त्वयामास, पुण्येनाऽसाध्यमस्ति किम् ? ।।३०।।

तद्भ्राता वाहिलस्तत्र, मण्डपाद्यमचीकरत् ।
व्यवहारिवरैर्देव-कुलिकादि च कारितम् ।।३१।।

एवं प्रासादे सम्पूर्णे जाते केनापि चारणेनोक्तम् -

मांडीमरकीरइ करओ, छंडउं मंसगाह ।
विमलडि खंडउं कड्ढिउं, नट्ठउ वालीनाह ।।१।।

एवं विहाराः परमेश्वराणां, निर्मापणीया निजवित्तमानात् ।
भो भव्यलोकाः ! भवतां यथा जग-त्क्रोडे सदा क्रीडति शाश्वतं यशः ।।१।।

।। इति श्रीउपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे चतुर्थ उपदेशः ।।४।।

૨૭. એ પ્રમાણે કરતે છતે ભયભીત થયેલ તે અમ્બિકા દેવીના વચનો વડ ઉપશાંતિને ભજનારો અને સમ્યકૃત્વ પામીને ત્યાં જ ક્ષેત્રપાલ દેવ થયો. ૭૭૯.

૨૮. ત્યારબાદ મનોરથોપૂર્વક દહેરાસર પૂર્ણતાને પામ્યું. મંત્રી વડે અહીં (દહેરાસરના કાર્યમાં) આઠ કરોડ સોનામહોરોનો વ્યય કરાયો. ૭૮૦.

૨૯. ત્યાં શ્રી મંત્રીએ એક હજાર અઠ્યાસી વર્ષે શ્રી આદિનાથ પરમાત્માની સુવર્ણની પ્રતિમા સ્થાપન કરી. ૭૮૧.

૩૦. ત્યારબાદ શ્રી ભીમદેવ રાજાએ પણ બહુમાનપૂર્વક વિમલમંત્રીને સાંત્વના આપી. પુણ્યવડે શું અસાધ્ય હોય છે ? (અર્થાત્ બધું સિદ્ધ થાય છે.) ૭૮૨.

૩૧. ત્યાં તેના ભાઈ વાહિલે મંડપ વગેરે કરાવ્યા અને શ્રેષ્ઠ વ્યાપારીઓ વડે દેવકુલિકા વગેરે કરાવાઈ. ૭૮૩.

આ પ્રમાણે દહેરાસર સંપૂર્ણ થયે છતે કોઈ પણ ચારણ વડે કહેવાયું.

માંડવો (અન્નવિશેષ) અને મરકી - મૌન અગ્યારસે ઘણે સ્થળે પ્રભાવના માટે થતુ મિષ્ઠાન્ન) ની રતિ કરો, માંસને ગ્રહણ કરવાનું છોડી દો, વિમલે તલવાર ખેંચેલી છે. વાલિનાથ નામનો નાગરાજ ડરીને નાશી ગયો છે. ૭૮૪.

૧. હે ભવ્યપ્રાણીઓ ! એ પ્રમાણે પોતાના ધનના પ્રમાણથી જિનેશ્વરોના દહેરાસરોના નિર્માણ કરાવવા યોગ્ય છે જેમ તમારો શાશ્વત યશ જગતના મોખરે ક્રીડા કરે. ૭૮૫.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના બીજા અધિકારમાં ચોથો ઉપદેશ છે. ॥

"उपदेश:-५"

प्रासादं श्रीअर्हतां कारयन्तो, धन्याः पुण्यां सम्पदं प्राप्नुवन्ति ।
दृष्टान्तोऽत्र स्पष्ट्यते कोविदेन्द्रै-र्मन्त्री तेजःपालनामास्ति केन्द्रः ।।१।।

श्रीवीरधवलक्ष्माप-राज्ये व्यापारकारिणौ ।
श्रीवस्तुतेजःपालाख्या-वभूतां गुर्जराभुवि ।।१।।

श्रुत्वैकदा श्रीविमल-स्फीतकीर्त्तनमर्बुदे ।
उन्मना वस्तुपालोऽभूत्, तत्र तत्कारणेच्छया ।।२।।

ततः श्रीवस्तुपालेन, तेजःपालाय भाषितम् ।
स्वभ्रातृलूणिगश्रेयः-कृते चैत्यं विधाप्यते ।।३।।

स्वप्रान्तसमये प्रोक्त-मप्यभूल्लूणिगेन यत् ।
चेद्वः सम्पद्यते सम्प-च्चैत्यमेकं तदाऽर्बुदे ।।४।।

निर्मापणीयं मन्त्राम्ना, तदा निर्द्धनताऽभवत् ।
इदानीं सम्पदोऽमुष्याः, फलं कस्मान्न गृह्यते ।।५।। युग्मम् ।।

प्रतिश्रुत्य स तद्वाक्यं, विनीतः क्षितिपाज्ञया ।
समं समग्रसामग्र्या, ययौ चन्द्रावतीं पुरीम् ।।६।।

धारावर्षनृपस्तत्र, तोषितस्तेन मन्त्रिणा ।
प्रासादकारणाऽऽदेशं, यथा सद्यः स दत्तवान् ।।७।।

अथाऽर्बुदगिरौ गत्वा, तेजःपालेन याचिताः ।
श्रीमाताबोटिकाः प्रौढ-प्रासादार्हां वसुन्धराम् ।।८।।

"ઉપદેશ-૫"

૧. શ્રી અરિહંતના દહેરાસરને કરાવતા ધન્ય પવિત્ર પુરુષો પુણ્યશાળી સંપત્તિને પામે છે. અહીં કોવિદના ઈન્દ્ર (જ્ઞાની પુરુષો) વડે દ્દષ્ટાંત સ્પષ્ટ કરાય છે: તેજપાલ નામનો મંત્રી મુખ્ય સ્થાને છે. ૭૮૬.

૧. ગુજરાત દેશમાં શ્રી વીરધવલ રાજાના રાજ્યમાં વસ્તુપાલ અને તેજપાલ નામના બે વ્યાપારીઓ હતા. ૭૮૭.

૨. એક વખત શ્રી અર્બુદાગિરિને વિષે શ્રી વિમલમંત્રીની વૃદ્ધિ પામેલી પ્રશંસાને સાંભળીને ત્યાં તેના કારણને જાણવાની ઈચ્છા વડે વસ્તુપાલ ઉત્સુક મનવાળો થયો. ૭૮૮.

૩. ત્યાર પછી શ્રી વસ્તુપાલ વડે તેજપાલને કહેવાયું કે પોતાના ભાઈ લૂણિગના કલ્યાણને માટે દહેરાસર કરાવાય. ૭૮૯.

૪. લૂણિગ વડે પોતાના અંતિમ સમયે જે કહેવાયેલું પણ હતું. જો તમારી પાસે સંપત્તિ થાય તો અર્બુદગિરિ પર એક દહેરાસર કરાવાય. ૭૯૦.

૫. મારા નામ વડે નિર્માણ કરાવવું જોઈએ. ત્યારે (પહેલા મારે) નિર્ધનપણું હતું. હમણાં સંપત્તિ છે તો એનું ફળ કોનાથી ગ્રહણ ન કરાય. ૭૯૧.

૬. તે વાક્યને સાંભળીને વિનયવાન એવો તે રાજાની આજ્ઞા વડે સઘળી સામગ્રી સહિત ચંદ્રાવતી નગરીમાં ગયો. ૭૯૨.

૭. ત્યાં તે મંત્રી વડે ધારાવર્ષ રાજા ખુશ કરાયો. જેથી તેણે (રાજાએ) જલ્દીથી દહેરાસર કરાવવાનો આદેશ આપ્યો. ૭૯૩.

૮. હવે અર્બુદગિરિ પર જઈને તેજપાલ વડે શ્રીમાતાના પૂજારીઓ પાસે વિશાળ દહેરાસરને યોગ્ય પૃથ્વીની યાચના કરાઈ. ૭૯૪.

तेऽप्यूचुर्यावती भूमि-र्द्रम्मैः पूरयितुं त्वया ।
शक्यते तावती ग्राह्या, नान्येत्युल्लण्ठवादिनः ।।९।।

अङ्गीकृत्य तदप्येष, द्रम्मैः पूरयितुं भुवम् ।
समारभत धीराणां, लक्ष्मीर्यच्छुभकर्म्मणे ।।१०।।

ततः प्रस्तृणता तेन, द्रम्मान्भुवि कणानिव ।
षट्त्रिंशन्मूटकास्तेषां, तत्र प्रसारिताः क्षणात् ।।११।।

[१९]द्वाषष्टिलक्ष[२०]द्विपङ्क्ति-सहस्राष्टशतप्रमाः ।
अत्र द्रम्माः स्युराश्रित्य, वीसलप्रियनाणकं ।।१२।।

अथ तेऽप्यूचिरे मन्त्रि-न्नग्राह्या भूरतः परम् ।
धनवांस्त्वं हि गृह्णीयाः, शैलमप्यविलम्बितम् ।।१३।।

किञ्चायतौ हितमभूत्, यतोऽद्यापि न दृश्यते ।
प्रासादेऽत्र करः कोऽपि, द्युम्नक्रीतत्वतो भुवः ।।१४।।

इदं च मन्त्रयित्वैव, प्रथमं मन्त्रिपुङ्गवः ।
व्यधत्त नोचेज्ज्ञायेत, चैत्यं हि करभारितम् ।।१५।।

एवं भुवं गृहीत्वाऽसौ, श्रीमदारासणे गतः ।
तत्र चैत्यकृते भूरि-प्रस्तरान् निरकाशयत् ।।१६।।

ततोऽर्बुदं यावदसौ, प्रतिगव्यूतमादरात् ।
सुप्रापसर्ववस्तूनि, ग्रामेष्वट्टान्यकारयत् ।।१७।।

૯. ઉલ્લંઠવાદી એવા તેઓએ પણ આ પ્રમાણે કહ્યું - તમારા વડે જેટલી ભૂમિ દ્રમ્મો વડે (ધન વડે) પૂરવા માટે (ખરીદવા માટે) શક્ય છે તેટલી ગ્રહણ કરો. બીજી નહીં. ૭૯૫.

૧૦. તે પણ અંગીકાર કરીને એણે (તેજપાલે) ધન વડે પૃથ્વીને પૂરવા માટે આરંભ કર્યો. ધીર પુરુષોની લક્ષ્મી શુભ કાર્યને માટે હોય છે. ૭૯૬.

૧૧. ત્યાર બાદ (ધાન્યના) કણોની જેમ દ્રમ્મોને (ધાતુ વિશેષના નાણા સ્વરૂપ ધનને) ફેલાવતા તેના વડે દ્રમ્મોના છત્રીશ મૂટકાઓ ત્યાં ક્ષણમાત્રમાં પ્રસારાયા. ૭૯૭.

૧૨. અહીં વીસલપ્રિય રાજાના નાણાને આશ્રયીને બાસઠ લાખ વીસહજાર આઠસો પ્રમાણ દ્રમ્મો (સિક્કા) થાય. ૭૯૮.

૧૩. હવે તેઓએ પણ કહ્યું. હે મંત્રી ! અહીંથી આગળની ભૂમિ ગ્રહણ ન કરાય. કારણ કે ધનવાન એવો તું તો વિલંબ કર્યા વિના આખા પર્વતને ગ્રહણ કરી શકે. ૭૯૯.

૧૪. ભવિષ્યમાં કંઈએક હિતકારી થશે. જે કારણથી આ પૃથ્વી દ્રમ્મથી ખરીદાયેલ હોવાથી પ્રાસાદમાં આજે પણ કોઈ કર દેખાતો નથી. ૮૦૦.

૧૫. આ વિચારણા કરીને જ પહેલા મંત્રિપુંગવે કર્યું. નહિતર દહેરાસર કરને ભરવાવાળું થાય. ૮૦૧.

૧૬. એ પ્રમાણે ભૂમિને ગ્રહણ કરીને આ (મંત્રી) શ્રીમદ્ આરાસણ ગામમાં ગયા. ત્યાં દહેરાસર માટે ઘણા પત્થરોને કઢાવ્યા. ૮૦૨.

૧૭. ત્યારબાદ જેટલા (ક્ષેત્ર)માં આ અર્બુદગિરિ છે તેટલા (ક્ષેત્રમાં) સર્વ વસ્તુઓ સારી રીતે પ્રાપ્ત થાય તે માટે દરેક ગાઉએ ગાઉ ગામમાં આદરથી દુકાનો કરાવી. ૮૦૩.

क्षुदादिकृच्छ्रं मा भूयात्, पशूनामथवा नृणाम् ।
किमृश्येति व्यधादेवं, मन्त्री सर्वोपकारकृत् ।।१८।।

अथो रथकलैः प्रौढैः, प्रापयत् प्रस्तरानयम् ।
पद्मयोम्बरिणीग्राम-सत्कयाऽर्बुदमूर्द्धनि ।।१९।।

उदाख्यं च निजं श्यालं, कर्मस्थाने न्ययोजयत् ।
अर्थव्यये यदृच्छत्वं, समादीक्षत्स धीसखः ।।२०।।

शोभनप्रमुखाः सूत्र-धाराः सप्तशतीमिताः ।
घटयन्तीत्यदिसूत्रं, कृत्वा स स्वपुरं गतः ।।२१।।

ततो निष्पद्यते चैत्यं, सूत्रधाराः पुनः पुनः ।
वृत्तं गृह्णन्ति दुःशिलाः, कर्मस्थाधात्पुरः पुरः ।।२२।।

ततो विज्ञापयामास, श्यालको मन्त्रिणं प्रति ।
विनाशितास्तव द्रम्माः, सूत्रधारैरशेषतः ।।२३।।

लेखेन ज्ञापयाञ्चक्रे, तेजःपालेन तं प्रति ।
द्रम्माः किं कुथिता येन, विनष्टा इति भाषसे ।।२४।।

स्वमातृवन्ध्यतावाक्य-वदिदं निष्फलं वचः ।
उपकारकरा द्रम्माः, किन्तु जाता इति वचः ।।२५।।

शृणु तत्त्वमिदं तस्मा-द्विनीतेन त्वया सदा ।
न कार्यः सूत्रधाराणा-मिच्छाच्छेदः कदाचन ।।२६।।

૧૮. પશુઓ અથવા મનુષ્યોને ભૂખ વિગેરેનું કષ્ટ ન થાય એ પ્રમાણે વિચારીને સર્વ પ્રાણીઓને ઉપકાર કરનારું કાર્ય એ પ્રમાણે કર્યું. ૮૦૪.

૧૯. હવે ઉંબરિણી ગામ સંબંધી લક્ષ્મી વડે ઘણા રથના સમૂહ દ્વારા એણે અર્બુદાગિરિના શિખર પર પત્થરોને મંગાવ્યા. ૮૦૫.

૨૦. પોતાના ઉદા નામના સાળાને કાર્યની દેખરેખ કરવાના સ્થાને જોડ્યો. બુદ્ધિશાળી એવો તે દ્રવ્યના વ્યયમાં ઈચ્છા પ્રમાણે આદેશ આપતો હતો. ૮૦૬.

૨૧. શોભન વિગેરે સાતસો પ્રમાણ કડીયાઓ (પત્થરોને) ઘડે છે. એ પ્રમાણે ઘડવાના કાર્ય વિગેરેની વ્યવસ્થા કરીને તે પોતાના નગરમાં ગયો. ૮૦૭.

૨૨. ત્યારબાદ દહેરાસર થવા આવ્યું. ખરાબ સ્વભાવવાળા તે કડીયાઓ ફરી-ફરીથી કાર્ય કરવાની પહેલ-પહેલા શિલ્પી પાસેથી વેતન (આજીવિકા)ને ગ્રહણ કરે છે. ૮૦૮.

૨૩. તેથી સાળાએ મંત્રીને જણાવ્યું. તમારા સઘળા ય દ્રમ્મો કડીયાઓ વડે વિનાશ કરાયા. ૮૦૯.

૨૪. તેજપાલ મંત્રી વડે તેની (સાળાની) પ્રતિ લેખ વડે જણાવાયું. શું દ્રમ્મો કોહંવાઈ ગયા છે ? જેથી "વિનાશ થયા" એ પ્રમાણે તમે કહો છો. ૮૧૦.

૨૫. પોતાની માતાને વન્ધ્યા કહેવાતા વાક્યની જેમ આ વચન નિષ્ફલ છે. પરંતુ દ્રમ્મો (ધાતુ વિશેષના સિક્કાઓ) ઉપકારને કરનારા થયા. એ પ્રમાણે બોલો. ૮૧૧.

૨૬. આ તત્ત્વને (રહસ્યને) સાંભળો. તેથી વિનયવાન એવા તમારા વડે ક્યારેય કડીયાઓની ઈચ્છાનો છેદ કરવા યોગ્ય નથી. ૮૧૨.

यावदिच्छं ततो दत्ते, चैत्यं गर्भगृहावधि ।
निष्पन्नं नेमिबिम्बं च, कषोपलमयं तथा ।।२७।।

इदमावेदयाञ्चक्रे, मन्त्रिणोरूदिलः पुनः ।
तावत्युदुल्लनेत्रास्यौ, मिथः प्रीतौ बभूवतुः ।।२८।।

अथाल्पपरिवारेण, तेजःपालोऽर्बुदे गिरौ ।
गतोऽनुपमया सार्द्धं, प्रासादस्य दिदृक्षया ।।२९।।

प्रतिष्ठाप्रमुखानेक-प्रौढोत्सवपरम्पराः ।
व्यधापयत्तत्र मन्त्री, महादानपुरस्सरम् ।।३०।।

अन्यदाऽनुपमा प्राह, शोभनस्थपतिं प्रति ।
विलम्बो जायते भूयान्, प्रासादे हेतुरत्र कः ।।३१।।

शीतकालो गिरेः शृङ्गं, दिनोऽल्पो भोजनादिकाः ।
क्रियास्तत्रापि कर्त्तव्याः, कर्म्मस्थायस्ततोऽल्पकः ।।३२।।

विलम्बस्य भयं किं चे-न्मन्त्रिपादाश्चिरायुषः ।
साप्याह नैव वक्तव्यं, दुर्लक्ष्या ह्यायतिः खलु ।।३३।।

श्रियो वा स्वस्य वा नाशो, येन विश्वं विनश्वरम् ।
तथापि जन्तवः स्थैर्य-बुद्धिं बध्नन्ति तत्र किम् ।।३४।।

ततो बुद्ध्या विभज्यैषा, दिनरात्र्योः पृथक् पृथक् ।
स्थपतीन्निखिलांस्तत्र, कर्म्मस्थाये न्ययोजयत् ।।३५।।

૨૭. ગભારા સહિત દહેરાસર થાય અને કસોટીની શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમા થાય ત્યાં સુધી (કડીયાઓ) જેટલું ઈચ્છે તેટલું ત્યાર પછી આપે છે. ૮૧૩.

૨૮. મંત્રી વડે વિશાળ દિલવાળો આ પ્રમાણે જણાવાયો. તેટલામાં પ્રફુલ્લિત નેત્ર અને મુખવાળા આ બન્ને પરસ્પર પ્રીતિવાળા થયા. ૮૧૪.

૨૯. હવે તેજપાલ મંત્રી દહેરાસરને જોવાની ઈચ્છા વડે અનુપમા દેવીની સાથે થોડા પરિવાર સહિત અર્બુદગિરિ પર ગયો. ૮૧૫.

૩૦. ત્યાં મંત્રીએ ઘણું દાન આપવા પૂર્વક પ્રતિષ્ઠા વિગેરે અનેક મોટા ઉત્સવોની પરંપરા કરાવી. ૮૧૬.

૩૧. એક વખત અનુપમા દેવીએ શોભન કડીયાની પ્રતિ કહ્યું કે દહેરાસરના કાર્યમાં ઘણો વિલંબ થાય છે એમાં શું કારણ છે ? ૮૧૭.

૩૨. શિયાળો, પર્વતનું શિખર, દિવસ નાનો, ભોજન વિગેરેની ક્રિયા પણ ત્યાં જ કરવાની, ત્યાર પછી કાર્ય કરનારાં (માણસો) ઓછા છે, તેથી વિલંબ થાય છે. ૮૧૮.

૩૩. પૂજ્ય મંત્રી દીર્ઘ આયુષ્યવાળા છે. તો વિલંબનો ભય કેમ ? એમ કડીયાએ કહ્યું. તેણીએ પણ કહ્યું. એ પ્રમાણે ન જ બોલવું જોઈએ. કારણ કે ભવિષ્યકાળ દુર્લક્ષ્ય છે. ૮૧૯.

૩૪. લક્ષ્મીનો નાશ અથવા પોતાનો નાશ થાય. જેથી વિશ્વ વિનશ્વર છે તો પણ પ્રાણીઓ ત્યાં સ્થિરતાની બુદ્ધિ શા માટે બાંધે છે. ૮૨૦.

૩૫. ત્યારબાદ એણે (અનુપમા દેવીએ) પોતાની બુદ્ધિથી વિભાગ કરીને દિવસ અને રાત્રિના જુદા-જુદા એમ સઘળા કડીયાઓને ત્યાં કાર્ય કરવામાં જોડ્યા. ૮૨૧.

लक्षैस्त्रियुक्तपञ्चाश-त्प्रमितैरधिका इह ।
चैत्ये व्ययीकृतास्ताभ्यां, द्वादशद्रव्यकोटयः ।।३६।।

एवं रसाष्टरविसम्मितवत्सरे तं, प्रारभ्य नेत्रनवयुग्मरसामितेऽब्दे ।
सम्पूर्णतां जिनगृहं नयतः स्म हर्षा-त्तौ मन्त्रिणौ सकलधर्म्मधुराधुरीणौ ।।१।।

।। इति श्रीउपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे पञ्चम उपदेशः ।।५।।

૩૬. અહીં દહેરાસરમાં તેઓ વડે બાર કરોડ ત્રેપન લાખ પ્રમાણ (ધનનો) વ્યય કરાયો. ૮૨૨.

૧. એ પ્રમાણે બારસોને છ્યાસી વર્ષથી આરંભીને બારસોને છણું વર્ષ પર્યંત હર્ષપૂર્વક સઘળા ધર્મની ધુરાને વહન કરનાર તે બન્ને મંત્રીઓએ દહેરાસરની સંપૂર્ણતાને પમાડી (દહેરાસરનું કાર્ય પૂર્ણ કરાવ્યું) ૮૨૩.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના બીજા અધિકારમાં પાંચમો ઉપદેશ છે. ॥

"उपदेशः-६"

श्रीजीरिकापल्लिपुरीनितम्बिनी, कण्ठस्थले हारतुलां दधाति यः ।
प्रणम्य तं पार्श्वजिनं प्रकाश्यते, तत्तीर्थसम्बन्धकथा यथाश्रुतम् ।।१।।

पुरा नन्दाभ्रेश ११०९ संख्ये, वर्षे ब्रह्माणनामनि ।
महास्थाने भूरिजैन-शैवप्रासादसुन्दरे ।।१।।

महेभ्यो धान्धलो नामाऽभवच्छ्रावकपुङ्गवः ।
एका च स्थविरा तत्र, वसति स्म गतस्मया ।।२।।

तदीया सुरभी चैका, क्षीरं क्षरति नित्यशः ।
सेहिलीसिन्धुपार्श्वस्थ-देवीत्रीगिरिगह्वरे ।।३।।

सन्ध्यायां मन्दिरे प्राप्ता, दुग्धं दत्ते न किञ्चन ।
पारम्पर्यात्तया ज्ञातं, तच्च स्थानं कियद्दिनैः ।।४।।

मुख्यानां धान्धलादीनां, तं वृत्तान्तं जगाद सा ।
तेऽपि सप्रत्ययं स्थान-मिति चेतस्यचिन्तयत् ।।५।।

पवित्रीभूय ते रात्रौ, सम्भूय व्यवहारिणः ।
पुण्यस्थाने स्वपन्ति स्म, स्मृत्वा पञ्चनमस्कृतिम् ।।६।

एको नीलाश्वमारूढो, नरः कोऽपि सुरूपभृत् ।
तेषां पुरो जगादेति, स्वप्ने शुचिवचस्तदा ।।७।।

यत्र सा क्षरति क्षिरं, धेनुस्तत्राऽस्ति संस्थिता ।
मूर्त्तिः श्रीपार्श्वनाथस्य, तदधिष्ठायकस्त्वहम् ।।८।।

"ઉપદેશ-૬"

૧. શ્રી જીરિકાપલ્લી (જીરાવલા) નામની નગરીમાં સ્ત્રીના કંઠસ્થલમાં જે હારની તુલનાને ધારણ કરે છે તે શ્રી પાર્શ્વનાથ જિનેશ્વરને પ્રણામ કરીને જે પ્રમાણે તે તીર્થ સંબંધી કથા સાંભળી છે તે પ્રકાશિત કરાય છે. ૮૨૪.

૧. પહેલા ૧૧૦૯ ની સાલમાં ઘણા જૈનો અને શિવના સુંદર દહેરાસરવાળા બ્રહ્મણ નામના મોટા નગરમાં (ગામમાં) - ૮૨૫.

૨. ઘણો ધનવાન ધાંધલ નામનો શ્રેષ્ઠ શ્રાવક હતો. ત્યાં સ્મરણ શક્તિ નાશ પામેલ એક વૃદ્ધા સ્ત્રી રહેતી હતી. ૮૨૬.

૩. સેહિલી નદીની પાસે દેવીત્રી પર્વતની ગુફામાં તેની એક ગાય હંમેશાં દૂધને ઝરે છે. ૮૨૭.

૪. સંધ્યાના સમયે ઘરમાં આવેલી તે ગાય થોડું પણ દૂધ આપતી નથી. કેટલાક દિવસો પછી પરંપરાથી તેણી (વૃદ્ધા સ્ત્રી) વડે તે (દૂધ ઝરે છે) સ્થાન જણાયું. ૮૨૮.

૫. તેણીએ ધાંધલ વિગેરે મુખ્ય પુરુષોને તે વૃત્તાંત કહ્યો. તેઓએ પણ ખાતરીપૂર્વક તે સ્થાનને મનમાં એ પ્રમાણે વિચાર્યું. ૮૨૯.

૬. પવિત્ર થઈને તે વ્યાપારીઓ રાત્રિમાં એકઠા થઈને નવકારમંત્રનું સ્મરણ કરીને તે પુણ્યસ્થાનમાં સૂતા. ૮૩૦.

૭. નીલા ઘોડા ઉપર આરૂઢ થયેલા સારા રૂપવાળા કોઈક માણસે તેઓની આગળ સ્વપ્નમાં આ પ્રમાણે પવિત્ર વચન કહ્યા. ૮૩૧.

૮. જ્યાં તે ગાય દૂધને ઝરે છે ત્યાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ સારી રીતે સ્થિત છે. હું તેનો અધિષ્ઠાયક દેવ છું. ૮૩૨.

यथा तस्या भवेत् पूजा, भवद्भिः क्रियतां तथा ।
इत्युक्त्वाऽन्तर्दधे देव-स्तेऽपि तत्र गताः प्रगे ।।९।।

भूमिं खनित्वा तां मूर्तिं, रथे संस्थापयन्ति ते ।
यावत्तावत्समायाता, जीरापल्लीपुरीजनाः ।।१०।।

तेऽभ्यधुर्भवतां कोऽय-मस्थानेऽत्र समागमः ।
अस्मत्सीमस्थितं बिम्बं, युष्माभिर्गृह्यते कुतः ।।११।।

एवं विवादे सञ्जाते, वृद्धास्तत्र बभाषिरे ।
एको वोऽस्माकमेकश्च, नियोज्येतां वृषावुभौ ।।१२।।

यत्र तौ नयतस्तत्र, देवो यातु निजेच्छया ।
भवतां किं विवादेन, कर्म्मबन्धैकहेतुना ।।१३।।

तथाकृते च तद्बिम्बं, जीरापल्ल्यां समागतम् ।
तत्प्रवेशोत्सवश्चक्रे, महानेव महाजनैः ।।१४।।

पुरा चैत्ये स्थितं वीर-बिम्बमुत्थाप्य निर्मितम् ।
तदेव मुख्यं सङ्घेन, सर्वानुमतिपूर्वकम् ।।१५।।

आयान्त्यनेकशः सङ्घाः, विविधाऽभिग्रहैर्युताः ।
पूर्यन्ते प्रत्ययास्तेषां, तदधिष्ठायकेन च ।।१६।।

एवं च तीर्थं तज्जातं, कुरुते धान्धलः पुनः ।
देवद्रव्यस्य चिन्तां तु, सर्वेभ्येषु धुरन्धरः ।।१७।।

૯. જે પ્રમાણે પ્રતિમાની પૂજા થાય તે પ્રમાણે તમારા વડે કરાય. એ પ્રમાણે કહીને દેવ અદ્રશ્ય થયો. તેઓ પણ સવારમાં ત્યાં ગયા. ૮૩૩.

૧૦. જેટલામાં તેઓ ભૂમિને ખોદીને તે મૂર્તિને રથમાં સ્થાપન કરે છે તેટલામાં જીરાપલ્લી નગરીના લોકો આવ્યા. ૮૩૪.

૧૧. તેઓએ કહ્યું - આપનું અહીં અસ્થાને આગમન કેવું ? અમારા ગામની સીમાડે રહેલી પ્રતિમાને તમારા વડે શી રીતે ગ્રહણ કરાય ? ૮૩૫.

૧૨. એ પ્રમાણે ત્યાં વિવાદ થયે છતે ત્યાં વૃદ્ધ પુરુષોએ કહ્યું. એક તમારો અને એક અમારો એમ બે બળદોને જોડો. ૮૩૬.

૧૩. જ્યાં તેઓ (બળદો) લઈ જાય ત્યાં દેવ પોતાની ઈચ્છા મુજબ જાય. કર્મબંધના એક હેતુરૂપ તમારા વિવાદ વડે શું ? ૮૩૭.

૧૪. એ પ્રમાણે કરતે છતે તે પ્રતિમા જીરાપલ્લી નગરીમાં આવી. ત્યાં મહાજનો વડે તે પ્રતિમાના પ્રવેશનો મોટો ઉત્સવ કરાયો. ૮૩૮.

૧૫. પહેલા દહેરાસરમાં રહેલી વીરપરમાત્માની પ્રતિમાને ઉત્થાપીને સર્વ લોકોની અનુમતિપૂર્વક સંઘ વડે તે જ શ્રી પાર્શ્વનાથની પ્રતિમાને મુખ્ય સ્થાને સ્થાપન કરાઈ. ૮૩૯.

૧૬. જુદા જુદા પ્રકારના અભિગ્રહોને ધારણ કરનારા સંઘો અનેકવાર ત્યાં આવે છે અને તેના અધિષ્ઠાયક દેવ વડે તેઓના અભિગ્રહો (પરચા) પૂર્ણ થાય છે. ૮૪૦.

૧૭. એ પ્રમાણે તે તીર્થ થયું. વળી સર્વ શ્રેષ્ઠીઓમાં આગેવાન એવા ધાંધલ શ્રાવક ફરીથી દેવદ્રવ્યની ચિંતા કરે છે. ૮૪૧.

जावालिपुरतस्तत्र, यवनाऽनीकमेकदा ।
आगतं तच्च देवेना-ऽश्ववारीभूय नाशितम् ।।१८।।

मुनिवेशभृतः सप्त, शेखाः कटकमध्यतः ।
प्राप्तास्तद्गुरवस्तत्र, भृत्वा रुधिरकुम्पकान् ।।१९।।

देवस्तुतिमिषाद्देव-गृहे ते वासकं स्थिताः ।
क्षिप्त्वा रक्तच्छटा रात्रौ, मूर्तिभङ्गं वितेनिरे ।।२०।।

रक्तस्पर्शेऽपि देवानां, प्रभा यातीति शास्त्रगीः ।
नष्टास्तदैव ते पापाः, स्वस्थता नहि तादृशाम् ।।२१।।

निरीक्ष्य तत्कृतं प्रातस्तत्तादृगसमञ्जसम् ।
विषादो धान्धलादीनां, प्रभूतो हृदयेऽभवत् ।।२२।।

वराकास्ते तु सप्तापि, शेखास्तत्रत्यभूभुजा ।
विनाशिता भटान्प्रेष्य, चमूस्तु स्वपुरङ्गता ।।२३।।

अथ देवोऽवदत्क्लृप्तो-पवासं स्वाधिकारिणम् ।
खेदं मा कुरु निःशूके, मयापि न विभूयते ।।२४।।

संयोज्यैतानि खण्डानि, नवापि क्षिप सत्त्वरम् ।
नवसेरप्रमाणाया-स्त्वमन्तर्लपनश्रियः ।।२५।।

कपाटयुगलं देहि, दिनान् सप्तेति तद्वचः ।
श्रुत्वा स गौष्ठिकः सर्वं, तत्तथैव विनिर्म्ममे ।।२६।।

૧૮. એક વખત જાવાલીપુરથી મ્લેચ્છોનું સૈન્ય આવ્યું અને અધિષ્ઠાયક દેવ વડે ઘોડા પર સવાર થઈને તે આવેલું સૈન્ય દૂર કરાયું (ભગાડાયું.) ૮૪૨.

૧૯. સૈન્યની મધ્યમાંથી મુનિવેષને ધારણ કરનારા તેમના (મ્લેચ્છોના) શેખ (તરીકે ઓળખાતા) સાત ગુરુઓ લોહીના પ્યાલાઓને ભરીને ત્યાં આગળ આવ્યા. ૮૪૩.

૨૦. દેવની સ્તુતિ કરવાના બહાનાથી તેઓ મંદિરમાં રાત રહ્યા. રાત્રિમાં લોહીના છાંટા છાંટીને (ફેંકીને) મૂર્તિને ભાંગી. ૮૪૪.

૨૧. લોહીનો સ્પર્શ હોતે (છતે) દેવોની કાંતિ જાય છે. (નાશ પામે છે.) એ પ્રમાણે શાસ્ત્રવચન છે. તે પાપીઓ ત્યારે જ નાસી ગયા. ખરેખર તેવા પ્રકારના લોકોને સ્વસ્થતા ન હોય. ૮૪૫.

૨૨. તેઓ વડે કરાયેલ તેવા પ્રકારના અયોગ્ય કાર્યને સવારમાં જોઈને ધાંધલ વિગેરેના હૃદયમાં ઘણો ખેદ થયો. ૮૪૬.

૨૩. બિચારા તે સાતે પણ શેખો ત્યાંના રાજા વડે સૈનિકોને મોકલીને વિનાશ કરાયા વળી સેના પોતાના નગરમાં ગઈ. ૮૪૭.

૨૪. હવે દેવે ઉપવાસ કરેલ પોતાના અધિકારીને કહ્યું - ખેદ ન કર નિર્દય વિષે મારા વડે પણ સમર્થ ન થવાયું. ૮૪૮.

૨૫. આ નવે પણ ખંડોને જોડીને તું જલ્દીથી નવસેર પ્રમાણ લાપસીની અંદર મૂક. ૮૪૯.

૨૬. સાત દિવસ પર્યંત બન્ને દરવાજા બંધ કર. એ પ્રમાણે તેના વચનને સાંભળીને તે પૂજારીએ પણ તે પ્રમાણે જ કર્યું. ૮૫૦.

सप्तमे दिवसे ताव-देकः सङ्घः समागतः ।
औत्सुक्योद्घाटिकद्वारं, यावत्सार्चा निरीक्ष्यते ।।२७।।

तावत्सा किञ्चिदश्लिष्टा-ऽवयवा वीक्षीता जनैः ।
तदङ्गे नवखण्डी यत्स्फुटाऽद्यापि विलोक्यते ।।२८।।

गृहप्रदीपनद्रव्य-विनाशाद्या उपद्रवाः ।
साखीनां च तदा तेषां, प्राभ्रानां स्वपुरेऽभवन् ।।२९।।

तत्सर्वं तत्कृतं ज्ञात्वा, भीतो भूपः स्वमन्त्रिणम् ।
प्राहिणोत्तत्र देवोऽपि, स्वप्ने तमिति चावदत् ।।३०।।

अत्रागत्य नृपोऽयं चेत्, स्वशिरो मुण्डयिष्यति ।
तदैव कुशलं भावि, नगरस्य नृपस्य च ।।३१।।

तथैव करणान्नैक-भोगयोगविधापनात् ।
प्राज्यप्रभावनाभिश्च, स भूपोऽभूत्समाधिमान् ।।३२।।

अन्यैरपि तथारब्धं, स्वशिरोमुण्डनादिकम् ।
गतानुगतिको लोकः, सर्वो यस्मान्निरीक्ष्यते ।।३३।।

एवं चटत्प्रकर्षेऽस्मिं-स्तीर्थे माहात्म्यभासुरे ।
देवोऽन्यदावदत्स्वप्ने, स्वाधिकारिनरं प्रति ।।३४।।

मम नाम्नैव देवस्य, मूर्त्तिरन्या निवेश्यताम् ।
क्षताङ्गा सा यतो मुख्य-स्थाने शोभा बिभर्त्ति न ।।३५।।

૨૭. તેટલામાં સાતમે દિવસે એક સંઘ આવ્યો. જેટલામાં ઉત્સુકતાથી દ્વાર ઉઘાડ્યું અને પ્રતિમા જોવાય છે. ૮૫૧.

૨૮. તેટલામાં લોકો વડે તે પ્રતિમા નહિ ચોટેલા અવયવોવાળી જોવાઈ. તે પ્રતિમાના નવ ખંડો આજે પણ પ્રગટ (સ્પષ્ટ) દેખાય છે. ૮૫૨.

૨૯. પોતાના નગરે પહોંચેલા તે સાખી લોકોને ત્યારે ઘરનું બળવું, દ્રવ્યનો વિનાશ વગેરે ઉપદ્રવો થયા. ૮૫૩.

૩૦. તે સર્વ દેવતાઓએ કરેલું જાણીને ભયભીત થયેલ રાજાએ પોતાના મંત્રીને મોકલ્યો અને ત્યાં દેવે પણ તેને સ્વપ્નમાં એ પ્રમાણે કહ્યું. ૮૫૪.

૩૧. જો આ રાજા અહીં આવીને પોતાના મસ્તકનું મુંડન કરાવશે (તો) ત્યારે જ નગરનું અને રાજાનું કુશલ થશે. ૮૫૫.

૩૨. કહેવાયેલાં અનેક ભોગોના યોગને તે પ્રમાણે જ કરવાથી ઘણી પ્રભાવના વડે તે રાજા સમાધિવાળો થયો. ૮૫૬.

૩૩. તે પ્રમાણે બીજાઓ વડે પણ પોતાના મસ્તકનું મુંડન વિગેરે શરૂ કર્યું. જે કારણથી સઘળો લોક ગતાનુગતિક (અનુકરણ કરવાવાળો) દેખાય છે. ૮૫૭.

૩૪. એ પ્રમાણે પ્રકર્ષે કરીને ચઢતા મહિમાવાળા દેદીપ્યમાન આ તીર્થમાં એક વખત દેવે તે તીર્થના અધિકારી માણસને સ્વપ્નમાં કહ્યું. ૮૫૮.

૩૫. મારા નામથી જ પરમાત્માની બીજી મૂર્તિ સ્થાપન કરાય. જે કારણથી ક્ષય પામેલા અંગવાળી તે (મૂર્તિ) મૂળનાયક ભગવાનને સ્થાને શોભા આપતી નથી. ૮૫૯.

ततः श्रीपार्श्वनाथस्य, मूर्त्तिर्नव्या निवेशिता ।
याद्यापि पूज्यते लोकै-र्लोकद्वयफलार्थिभिः ।।३६।।

प्राचीनप्रतिमा तस्य, सव्यपार्श्वे निवेशिता ।
यस्याः पूर्वं नमस्कार-ध्वजार्चादि विधीयते ।।३७।।

एष दादाभिधः पार्श्वो, जीर्णत्वादुच्यतेऽधुना ।
अस्यैव पुरतः प्रायो, मुण्डनादि विधीयते ।।३८।।

धान्धलस्यैष सन्ताने, सीहडो गौष्ठिकः पुनः ।
चतुर्दशोऽभवदेव-मैतिह्यं स्थविरा जगुः ।।३९।।

जीरापल्लीप्रबन्धोऽयं, मया चक्रे यथाश्रुतम् ।
हृदि माध्यस्थ्यमास्थाया-ऽवधार्यश्च बहुश्रुतैः ।।४०।।

।। इति श्रीउपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे षष्ठ उपदेशः ।।६।।

૩૬. ત્યાર પછી શ્રી પાર્શ્વનાથ ભગવાનની નવી મૂર્તિ સ્થાપન કરાઈ. જે આજે પણ આ લોક અને પરલોકના ફલને પ્રાપ્ત કરવાના અર્થી એવા લોકો વડે પૂજાય છે. ૮૬૦.

૩૭. પ્રાચીન પ્રતિમા તેની ડાબી બાજુએ સ્થાપન કરાઈ. જેની (મૂર્તિની) નમસ્કાર-ધ્વજા-પૂજા વિગેરે પહેલા કરાય છે. ૮૬૧.

૩૮. હમણા આ પ્રતિમા જુની હોવાથી પાર્શ્વનાથ દાદાના નામે ઓળખાય છે. પ્રાયઃ કરીને આની (જુની પ્રતિમાની) જ આગળ મુંડન વિગેરે કાર્ય કરાય છે. ૮૬૨.

૩૯. ધાંધલની પરંપરામાં આ સીહડ નામનો પુજારી ફરીથી ચૌદમો થયો છે. એ પ્રમાણે ઈતિહાસને વૃદ્ધ પુરુષો (આપ્ત પુરૂષો) કહે છે. ૮૬૩.

૪૦. મારા વડે જે પ્રમાણે સંભળાયો તે પ્રમાણે આ જીરાવલાનો ઈતિહાસ કરાયો. હૃદયમાં માધ્યસ્થભાવને ધારણ કરી તે બહુશ્રુતો વડે ધારણ કરવા યોગ્ય છે. ૮૬૪.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના બીજા અધિકારનો છઠ્ઠો ઉપદેશ છે. ॥

"उपदेशः-७"

निर्म्मापितं जैनगृहं क्रमेण, तीर्थं भवेदत्र यथा प्रसिद्धम् ।
अद्यापि सुश्रावकपारसेन, प्रवर्त्तितं श्रीफलवर्द्धितीर्थम् ।।१।।

विक्रमार्कात् वेदसप्त-रुद्र ११७४ प्रमितवत्सरे ।
भूरिसूरिगुणैराढ्या, अभूवन् देवसूरयः ।।१।।

चतुर्युताऽशीतिमितान्, यो जिगाय प्रवादिनः ।
वादी कुमुदचन्द्रोऽपि, जितो यैः सोऽपि लीलया ।।२।।

ते चामी -

बंभ अट्ठ ८ नव बुद्ध १७ भगव अट्ठारस ३५ जित्तय ।
सैव सोल ५१ दह भट्ट ६१ सत्त गंधव्व ६८ विजित्तय ।
जित्तदिगंबरसत्त ७५ च्यारि खत्तिअ ७९ दुइ जोइअ ८१ ।
इक धीवर ८२ इक भिल्ल ८३ भूमिपाडिअ इकभोइअ ८४ ।
ता कुमुदचंद इय जित्त सवि, अणहिलपुरि जब आविओ ।
वडगच्छतिलयपहुदेवसूरि, कुमुदह मद उत्तारिओ ।।१।।

तदाडम्बरस्त्वयं -

च्यारिजोड नीसाण हय हिंसइ पंचपंच्यासी, इग्यारह सइं सुहड सीससइं दुन्नि छियासी, बलदह सइं चत्तारि कम्मकर पंच बहुत्तर, अच्छ लक्खपणवीस दम्म दुइ लक्खबहुत्तर, ता चमरछत्त तुहुर विरुद सुखासणवाहणलिओ वडगच्छतिलयपहु-देवसूरि नग्गओ वलि नग्गओ कीओ ।।१।।

"ઉપદેશ-૭"

૧. અહીં નિર્માણ કરેલું દહેરાસર અનુક્રમે તીર્થ થાય. જેમ સુશ્રાવક પારસ વડે પ્રવર્તાવેલ શ્રી ફલોધિ તીર્થ આજે પણ પ્રસિધ્ધ છે. ૮૬૫.

૧. વિક્રમ સંવત-૧૧૭૪ વર્ષે આચાર્યના ઘણા ગુણોની સંપત્તિવાળા આચાર્ય દેવસૂરીશ્વરજી મહારાજા થયા. ૮૬૬.

૨. જેમણે ચોરાશી પ્રમાણ પ્રવાદીઓને જીત્યા. તે કુમુદચન્દ્રવાદી પણ જેઓ વડે (આચાર્ય ભગવંત વડે) સહજતાથી જીતાયો. ૮૬૭.

અને તેઓ (ચોરાશી) આ પ્રમાણે છે -

૩. આઠ (૮) બ્રાહ્મણ, નવ (૯) બુદ્ધ, અઢાર (૧૮) ભૃગુ ઋષિસંબંધી (ભાર્ગવ) - જીત્યા. સોળ (૧૬) શૈવ (શિવ સંબંધી લિંગની માન્યતાવાળા) દસ (૧૦) ભટ્ટ, સાત (૭) ગન્ધર્વ - જીત્યા. સાત (૭) દિગમ્બર, ચાર (૪) ક્ષત્રિય, બે (૨) જ્યોતિષ. એક (૧) ધીવર (માછીમાર), એક (૧) ભીલ, એક (૧) નૃત્ય કરનાર - એમ ચોરાશી (૮૪) જીત્યા. તે સર્વને જીતનાર આ કુમુદચન્દ્ર પણ જ્યારે અણહિલપુરમાં આવ્યા ત્યારે વડગચ્છના તિલકસમાન સ્વામી આચાર્ય ભ. દેવસૂરિએ કુમુદચન્દ્રનો મદ ઉતાર્યો. ૮૬૮.

તેનો આડમ્બર આ પ્રમાણે છે -

૧. ૪ જોડ નિશાન ડંકા, હેષારવ કરતા ૫૮૫ ઘોડાઓ, ૧૧૦૦ સુભટો, ૨૮૬ શિષ્યો, ૪૦૦ બળદો, ૫૭૨ નોકરો (કર્મચારીઓ), ૨૫૦૦૦૦૦ (પચીસ લાખ) સુંદર દ્રમ્મ, ૭૨૦૦૦૦૦ (બહોંત્તેર લાખ) દ્વિતીય પ્રકારના દ્રમ્મ, (સોનાના-ચાંદીના અથવા તાંબાના અથવા બીજા કોઈ પણ ધાતુમાંથી બનેલ ચલણી નાણું "દ્રમ્મ" નામનું એ કાળમાં બે પ્રકારનું હશે. જેમ અત્યારે કાગળના અને ધાતુના એમ બે પ્રકારના રૂપિયા આવે છે તેમ), ત્યાર પછી ચામર છત્ર-વાજિંત્ર બિરૂદ પોકારનારાઓથી પરિવરેલા સુખાસન (પાલખી) રૂપી વાહન ઉપર (લિઓ) બેઠેલો નગ્ન (કુમુદચન્દ્ર) વડગચ્છના તિલકસમા દેવસૂરિ પ્રભુ વડે (વલિ) ફરીથી નગ્ન (આબરૂ વગરનો) કરાયો. ૮૬૯.

अन्यदा सूरिपादास्ते, नगरे मेडताऽभिधे ।
चतुर्मासीं स्थिताः पुण्य-पेशलांस्तन्वते जनान् ।।३।।

व्याख्यानश्रवणं जिनौकसि गतिर्नित्यं गुरोर्वन्दनं,
प्रत्याख्यानविधानमागमगिरां चित्ते चिरं स्थापनम् ।
कल्पाकर्णनमात्मशक्तितपसा संवत्सराराधनं,
श्राद्धजन्मफलं सदेति जगृहुः श्रीसूरिपादान्तिके ।।४।।

अथ श्रीसूरिपादास्ते, चतुर्मास्या अनन्तरम् ।
फलवर्द्धिपुरे प्रापु-र्मासकल्पचिकीर्षया ।।५।।

तत्रास्ति नैष्ठिकः प्रष्ठः, श्रावकः पारसाभिधः ।
येन जैनमतं ख्याति-मनीयत विशेषतः ।।६।।

त्रिसन्ध्यमर्चत्ययमर्हतां ततीः, शुचिर्द्विरावश्यकमातनोति यः ।
शृणोति तत्त्वानि गुरोर्मुखाम्बुजा-त्परं दरिद्रो धिगहो ! विधेर्विधिः ।।७।।

बहिर्भूमिगतोऽन्येद्युः, पारसः श्रावकोत्तमः ।
ददर्शाऽम्लानपुष्पौघ-मण्डितं लेष्टुसञ्चयम् ।।८।।

तथाविधं च तं दृष्ट्वा-ऽऽश्चर्यं चित्ते चमत्कृतः ।
आगत्य गुरुपादान्ते, तं वृत्तान्तमुवाच सः ।।९।।

विज्ञाय गुरवोऽ-प्येतत्स्वरूपं तन्मुखादथ ।
तेनैव श्रेष्ठिना सार्द्धं, तं प्रदेशमुपागताः ।।१०।।

◆ (हिंसई - हेषित નું પ્રાકૃતમાં हिंसिअ થાય છે. અને हेषारव - हेषित વાળો જે હોય તેને हिंसिअ અથવા हिंसइ કહેવાય છે.)

૩. એક વખત આચાર્ય દેવસૂરિ ભગવંત મેડતા નામના નગરમાં ચાતુર્માસ રહ્યા. લોકોમાં સુંદર ધર્મને વિસ્તારે છે. (પુણ્યની વૃદ્ધિ કરાવે છે.) ૮૭૦.

૪. વ્યાખ્યાન શ્રવણ જિનેશ્વર ભગવંતના દહેરાસરે (દર્શન કરવા) જવું, ગુરુવંદન પચ્ચક્ખાણ કરવું, આગમની વાણી (જિનવાણી) ને ઘણા કાળ પર્યંત ચિત્તમાં સ્થાપન કરવી. કલ્પસૂત્ર સાંભળવું. શક્તિ પ્રમાણે તપશ્ચર્યા કરવી, સવંત્સરી આરાધના વગેરે શ્રાવકના જન્મનું ફલ છે. એ પ્રમાણે હંમેશાં શ્રી આચાર્ય ભગવંતની પાસે શ્રાવકોએ ગ્રહણ કર્યું. ૮૭૧.

૫. હવે તે શ્રી આચાર્ય ભગવંત ચાતુર્માસ પછી માસકલ્પની ઈચ્છાથી ફલોધિ નગરમાં ગયા. ૮૭૨.

૬. ત્યાં પારસ નામનો શ્રેષ્ઠ નિષ્ઠાવાળો શ્રાવક છે. જેના વડે વિશેષ પ્રકારે જૈન મતની પ્રસિદ્ધિ કરાઈ. ૮૭૩.

૭. આ (પારસ શ્રાવક) ત્રણે કાળ અરિહંત પરમાત્માની પૂજા, બે વાર પવિત્ર આવશ્યક ક્રિયા (પ્રતિક્રમણ) કરે છે અને ગુરુભગવંતના મુખરૂપી કમળમાંથી તત્ત્વોને સાંભળે છે પરંતુ દરિદ્ર છે. અહો ! ભાગ્યની વિધિને ધિક્કાર હો. ૮૭૪.

૮. એક દિવસ બહાર ભૂમિએ ગયેલ ઉત્તમ શ્રાવક પારસે નહિં કરમાયેલા પુષ્પોના સમૂહ વડે સુશોભિત ઢેફાના ઢગલાને જોયો. ૮૭૫.

૯. તેવા પ્રકારના તે આશ્ચર્યને જોઈને ચિત્તમાં આશ્ચર્ય પામેલ તેણે (પારસે) ગુરુની પાસે આવીને તે વૃત્તાંતને કહ્યો. ૮૭૬.

૧૦. હવે ગુરુ ભગવંત પણ તેના મુખથી આ સ્વરૂપને જાણીને તે શ્રેષ્ઠિની સાથે તે સ્થાને આવ્યા. ૮૭૭.

आर्हती प्रतिमा काचि-न्नूनमत्राऽतिशायिनी ।
भाविनीति विमृश्यान्तः, खानयामासुराशु ते ।।११।।

प्रादुरास क्षणात्तत्र, श्रीमत्पार्श्वजिनेशितुः ।
प्रतिमा प्राक्तनैः पुण्यैः, पीवरेन्दीवरप्रभा ।।१२।।

हृष्टः श्रेष्ठी पुरान्तस्तां, गृहीत्वा समहोत्सवम् ।
पूजयामास संस्थाप्य, क्वापि तार्णे कुटीरके ।।१३।।

बिम्बाधिष्ठायकाऽन्येद्यु-र्व्यन्तरः श्रेष्ठीपुङ्गवम् ।
स्वप्ने जगाद प्रासादं, स्वामिनस्त्वं विधापय ।।१४।।

कारयामि कथं वित्ता-भावादित्याह तत्पुरः ।
जगाद व्यन्तरोऽप्येनं, शृणु वाक्यमिदं मम ।।१५।।

प्रतिमायाः पुरो लोकै-र्ढौकिता अक्षता अपि ।
सर्वे स्वर्णीभविष्यन्ति, मत्प्रभावात्प्रति प्रगे ।।१६।।

एवं प्रासादयोग्यं ते, भावि वित्तमसंशयम् ।
सम्बन्धोऽयं न कस्यापि, निवेद्यो भवता परम् ।।१७।।

चेद्वदिष्यसि तत्रैव, स्वर्णप्राप्तिस्ततः परम् ।
इत्युक्त्वाऽन्तर्दधे देवः, पारसोऽपि तथाऽकरोत् ।।१८।।

चैत्यमारम्भयाञ्चक्रे, शिल्पिभिः शुभवासरे ।
धीमद्भिर्धर्मकार्ये हि, विलम्बो न विधीयते ।।१९।।

૧૧. ખરેખર અહીં અતિશયવાળી અરિહંત પરમાત્માની કોઈક પ્રતિમા હશે (થશે), એ પ્રમાણે વિચારીને તેઓએ જલ્દી ખોદાવ્યું. ૮૭૮.

૧૨. પૂર્વના પુણ્ય વડે ક્ષણ માત્રમાં ત્યાં અત્યંત શ્રેષ્ઠ કાંતિવાળી શ્રી પાર્શ્વનાથ પરમાત્માની પ્રતિમા પ્રગટ થઈ. ૮૭૯.

૧૩. ખુશ થયેલ શ્રેષ્ઠીએ મહોત્સવપૂર્વક તે પ્રતિમાને નગરની અંદર લાવીને કોઈ ઘાસની કુટીરમાં સ્થાપન કરીને પૂજી. ૮૮૦.

૧૪. એક વખત પ્રતિમાના અધિષ્ઠાયક વ્યંતરદેવે શ્રેષ્ઠિપુંગવને સ્વપ્નમાં કહ્યું, " તમે સ્વામીના મંદિરને બનાવો." ૮૮૧.

૧૫. તેણે તેની આગળ કહ્યું, "ધનના અભાવથી હું કેવી રીતે કરાવું ?" વ્યંતરે પણ એને કહ્યું, "તું મારું આ વાક્ય સાંભળ." ૮૮૨.

૧૬. લોકો વડે પ્રતિમાની આગળ અર્પણ કરાયેલા સર્વ અક્ષતો પણ રોજ સવારે મારા પ્રભાવથી સોનાના થશે. ૮૮૩.

૧૭. એ પ્રમાણે મંદિરને યોગ્ય તમારે ધન થશે એમાં સંશય નથી. પરંતુ તમારા વડે આ સંબંધ (વાત) કોઈને પણ ન જણાવાય. ૮૮૪.

૧૮. જો તું કહેશે તો ત્યારબાદ સુવર્ણની પ્રાપ્તિ નહીં જ થાય. એ પ્રમાણે કહીને દેવ અદૃશ્ય થયો. પારસ શ્રાવકે પણ એ પ્રમાણે કર્યું. ૮૮૫.

૧૯. શુભ દિવસે શિલ્પીઓ વડે મંદિરનો આરંભ કરાયો. ખરેખર બુદ્ધિશાળીઓ વડે ધર્મકાર્યમાં વિલંબ કરાતો નથી. ૮૮૬.

क्रमाद्गर्भगृहोत्तुङ्ग-मण्डपत्रितयान्वितम् ।
नानाचतुष्किकाकीर्ण्णं, भूरिस्तम्भविभासुरम् ।।२०।।

विशालं वलभीमत्त-वारणैरुपशोभितम् ।
मेघमण्डपविभ्राजि, तोरणश्रेणिसुन्दरम् ।।२१।।

वामदक्षिणयोः शाला-युगलेन च मालितम् ।
कतिभिर्वासरैश्चैत्यं, स्वर्विमानमिवाऽजनि ।।२२।। त्रिभिर्विशेषकम् ।।

एवमेकत्र पार्श्वेऽभूत्, चैत्यं यादृक् तथाविधम् ।
तद्विकारयिषुः शेष-दिक्त्रयेऽपि स खल्वभूत् ।।२३।।

परमत्रान्तरे पुत्रे-णैकेनैष कदाग्रहात् ।
पृष्टं तात ! कुतस्त्यास्ति, वित्तप्राप्तिस्तवेयती ।।२४।।

श्रेष्ठिनाप्यतिर्निबन्धा-दुक्तं तद्दैवतं वचः ।
ततः प्रभृति वित्तस्य, प्राप्त्युपायोऽस्य नाऽभवत् ।।२५।।

चैत्यं तु तावदेवाऽभूत्, पारसश्रेष्ठिना ततः ।
प्रतिष्ठाविस्तरो भूयान्, प्रारेभे विस्मयप्रदः ।।२६।।

श्रीदेव✦सूरिप्रभुपट्टपङ्कज-प्रभाकराः श्रीमुनिचन्द्रसूरयः ।
चक्रुः प्रतिष्ठामिह बिम्बचैत्ययो-र्वेदाऽभ्रनेत्रक्षितिसम्मितेऽब्दके ।।२७।।

तच्चैत्यमुत्तुङ्गमनुक्रमेण, बभूव तीर्थं फलवर्द्धिसंज्ञम् ।
अद्यापि यत्रात्मकलङ्कपङ्कं, प्रक्षालयन्त्यास्तिकसङ्घलोकाः ।।२८।।

।। इति श्रीउपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे सप्तम उपदेशः ।।७।।

✦ यद्यप्यस्मत्पार्श्ववर्तिसमग्रपुस्तकेष्वेतादृश एव पाठ उपलभ्यते, परं ग्रन्थान्तरेऽनन्तरोपदेशे च देवसूरयो मुनिचन्द्रसूरीणां शिष्यत्वेन प्रोक्ताः सन्ति, फलवर्धिपार्श्वजिनप्रतिष्ठाऽप्येभिरेव कृतास्ति । अतः संभाव्यते यल्लेखकदोषेण ग्रंथकृत्प्रमादेन वा विपर्यासो जात इति ।।

૨૦. અનુક્રમે ઉંચું, ત્રણ મંડપથી યુક્ત ગભારાવાળું, જુદા જુદા ચોકથી વ્યાપ્ત, ઘણા થાંભલાઓથી શોભતું - ૮૮૭.

૨૧. મદોન્મત હાથી વડે શોભતું, વિશાળ મેઘ મંડપ વડે દેદીપ્યમાન, સુંદર, તોરણોની શ્રેણીઓવાળું. ૮૮૮.

૨૨. ડાબી અને જમણી બાજુમાં પૂતલીના યુગલ વડે શોભતું સ્વર્ગના વિમાનની જેવું મંદિર કેટલાક દિવસો વડે કરાયું. ૮૮૯.

૨૩. આ પ્રમાણે એક પડખે જેવું મંદિર હતું, તેવું જ બાકીની ત્રણ દિશાઓમાં પણ કરાવવાની ઈચ્છાવાળો તે હતો. ૮૯૦.

૨૪. પરંતુ એટલામાં એક પુત્ર વડે આ (પારસ શ્રાવક) કદાગ્રહપૂર્વક પૂછાયો હે પિતાજી ! તમને આટલા ધનની પ્રાપ્તિ ક્યાંથી થાય છે. ૮૯૧.

૨૫. અત્યંત આગ્રહ હોવાથી શ્રેષ્ઠિ વડે પણ તે દેવતાઈ વચન કહેવાયું. ત્યારથી માંડીને એને ધનની પ્રાપ્તિનો ઉપાય ન થયો. (અર્થાત્ ધન પ્રાપ્ત થવાનું કાર્ય બંધ થઈ ગયું.) ૮૯૨.

૨૬. મંદિર તો તેટલું જ થયું. ત્યાર પછી ઘણા વિસ્મયને પમાડનાર પ્રતિષ્ઠાનો વિસ્તાર આરંભ કરાયો. ૮૯૩.

૨૭. શ્રી દેવસૂરિસ્વામીના પટ્ટકમલની શોભાવાળા શ્રી મુનિચંદ્રસૂરીએ અહીં વેદ-૪, અભ્ર-૦, નેત્ર-૨, ક્ષિતિ-૧ ૧૨૦૪ વર્ષે પ્રતિમા અને મંદિરની પ્રતિષ્ઠા કરી. ૮૯૪.

૨૮. તે ઉંચું એવું મંદિર અનુક્રમે ફલવર્ધિ (ફલોધિ) નામે તીર્થ થયું. જ્યાં આજે પણ સંઘના શ્રદ્ધાલુ લોકો પોતાના કર્મરૂપી કાદવનું પ્રક્ષાલન કરે છે. ૮૯૫.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના બીજા અધિકારમાં સાતમો ઉપદેશ છે. ॥

"उपदेशः-८"

निर्म्मापितं पासिलसंज्ञकेन, श्रद्धावता श्राद्धवरेण चैत्यम् ।
आरासणे श्रीगुरुदेवसूरि-प्रतिष्ठितं तीर्थमभूत्क्रमेण ।।१।।

मुनिचन्द्रगुरोः शिष्याः, सूरीन्द्राः देवसूरयः ।
तस्थिवांसो भृगुपुरे, चतुर्मासकमेकदा ।।१।।

चतुर्युताऽशीतिमिताः, क्रूरसर्प्पकरण्डिकाः ।
दधानः कान्हडो नाम, योगी तत्राऽन्यदा ययौ ।।२।।

अवदच्चैष सूरीन्द्राः !, मया सह विधीयताम् ।
विवादस्त्यजतां नो वा, सिंहासनमिदं महत् ।।३।।

अथ प्रोचुरनूचानाः, अरे मूर्ख ! त्वया समम् ।
को वादः किं भवेद्युद्धं, मृगेन्द्रस्य शुना समम् ।।४।।

योगी प्राह -

सर्प्पक्रीडामहं वेद्मि, यामि राजकुलादिषु ।
सर्व्वेभ्योऽभ्याधिकं वत्स्वा-भरणादि लभे यतः ।।५।।

सूरयोऽप्यूचिरे योगिन् !, वादेच्छा कापि नास्ति नः ।
मुनयो ज्ञाततत्त्वाः स्यु-रार्हतास्तु विशेषतः ।।६।।

तथापि कौतुकं चेत्ते, राजाऽध्यक्षं तदावयोः ।
वादोऽस्तु चतुरङ्गो हि, स कार्यो विजिगीषुभिः ।।७।।

ततस्तेन समं सर्व-श्रीसङ्घेन च संयुताः ।
प्राप्ता राजसभां तत्र, राज्ञापि बहुमानिताः ।।८।।

"ઉપદેશ-૮"

૧. પાસિલ નામના શ્રદ્ધાળુ શ્રેષ્ઠ શ્રાવક વડે આરાસણમાં બનાવાયેલું, શ્રી ગુરુ દેવસૂરિ વડે પ્રતિષ્ઠા કરાયેલ મંદિર અનુક્રમે તીર્થ થયું. ૮૯૬.

૧. એક વખત મુનિચન્દ્રગુરુના શિષ્ય આ. ભ. દેવસૂરી મહારાજા ભૃગુપુરમાં (ભરૂચમાં) ચાતુર્માસ રહ્યા. ૮૯૭.

૨. એક વખત ચોરાસી પ્રમાણ ક્રૂર સર્પના કરંડિયાઓને ધારણ કરનાર કાન્હડ નામનો યોગી ત્યાં ગયો. ૮૯૮.

૩. આ (યોગી) બોલ્યો, હે આચાર્યોના ઈન્દ્ર ! મારી સાથે વિવાદ કરો નહિતર આ મોટા સિંહાસનનો ત્યાગ કરો. ૮૯૯.

૪. હવે આચાર્ય ભગવંતે જવાબ આપતા કહ્યું. અરે મૂર્ખ ! તારી સાથે વાદ કેવો ? શું સિંહનું કૂતરાની સાથે શું યુદ્ધ હોય ? ૯૦૦.

૫. હું સર્પની ક્રીડાને જાણું છું. રાજકુલોમાં જાઉં છું. જેથી બધા કરતાં ઘણી વસ્તુ - આભરણ વગેરેને હું મેળવું છું. ૯૦૧.

૬. આચાર્ય ભગવંતે પણ કહ્યું. હે યોગી ! અમને વાદની કોઈ પણ ઈચ્છા નથી. મુનિઓ તત્ત્વના જાણકાર હોય અને જૈન મુનિઓ વિશેષથી જાણકાર હોય. ૯૦૨.

૭. તો પણ જો તમને કૌતુક (કુતૂહલ) હોય તો આપણા બંનેનો ચતુરંગી વાદ રાજાની સમક્ષ થાય. ખરેખર જીતવાની ઈચ્છાવાળાઓ વડે તે વાદ કરવા યોગ્ય છે. ૯૦૩.

૮. ત્યારબાદ તેની સાથે અને સર્વ શ્રી સંઘ સહિત રાજસભામાં પહોંચ્યા. (રાજ્યસભામાં ગયો) ત્યાં રાજા વડે પણ બહુમાન કરાયા. ૯૦૪.

तत्र सिंहासने प्रौढे, ते स्थिता राजमण्डिते ।
दीप्यन्ते स्मोदयाद्रिस्थ-सहस्रकरबिम्बवत् ।।९।।

योगी बभाण राजेन्द्र !, परे वादाः सुखावहाः ।
एष प्राणान्तिको वादो, मम शक्तिर्विलोक्यताम् ।।१०।।

सूरयोऽपि स्वमुत्कर्षं, पोषयन्तस्तमब्रुवन् ।
रे वराक ! न जानासि, वयं सर्वज्ञसूनवः ।।११।।

आत्मनः परितः सप्त, रेखाः श्रीगुरुभिस्ततः ।
निर्म्मिताः पन्नगान्सोऽपि, मुमोच प्रचुरानपि ।।१२।।

परं केनापि नाक्रान्ता, षष्ठीरेखेव कर्म्मणाम् ।
योगी दीनमुखो जातः, उपायान्तरमातनोत् ।।१३।।

धृत्वाऽग्रे कदलीपत्रं, कटिस्थनलिकास्थितम् ।
मुमोच पन्नगं सद्यः, सञ्जातं तच्च भस्मसात् ।।१४।।

भो लोकाः ! एष रक्ताक्षः, सद्योऽन्तकृदिति ब्रुवन् ।
तं मुमोच स दुष्टात्मा, पश्यत्यपि महाजने ।।१५।।

तन्मुक्तोऽन्यः पुनः सर्प-स्तद्वाहनमजायत ।
तत्प्रेरितोऽसावारोढु-मासने समढौकत ।।१६।।

सूरयो ध्यानमालम्ब्य, तस्थुः सुस्थिरचेतसः ।
लोको हाहारवं चक्रे, योगी स्मेरमुखोऽभवत् ।।१७।।

૯. ત્યાં રાજ્યમાં શોભતા એવા વિશાળ સિંહાસનને વિષે સ્થિત તેઓ ઉદયાચલ પર્વત પર રહેલ સૂર્યના પ્રતિબિંબની જેમ શોભતા હતા. ૯૦૫.

૧૦. યોગીએ કહ્યું, હે રાજેન્દ્ર ! બીજા વાદો સુખપૂર્વક થાય છે. આ પ્રાણનો અંત કરનાર વાદ છે. મારી શક્તિ જુઓ. ૯૦૬.

૧૧. પોતાના ઉત્કર્ષને પોષતા આચાર્ય ભગવંતે પણ તેને (યોગીને) કહ્યું. અરે અધમ ! તું જાણતો નથી. અમે સર્વજ્ઞ ભગવંતના પુત્ર છીએ. ૯૦૭.

૧૨. ગુરુ ભગવંતે પોતાની ચારે બાજુ સાત રેખાઓ કરી. ત્યાર બાદ તેણે (કાન્હડ યોગીએ) પણ પ્રચુર એવા સર્પોને મુક્યા. ૯૦૮.

૧૩. પરંતુ કર્મની છઠ્ઠી રેખાની જેમ કોઈના વડે તે ન ઓળંગાઈ. હીન મુખવાળા થયેલા યોગીએ બીજા ઉપાયને કર્યા. ૯૦૯.

૧૪. કેડમાં રહેલ નલિકામાં રહેલ કદલીપત્રને (કેળના પાંદડાને) ધારણ કરીને સર્પની આગળ મૂક્યું અને જલ્દીથી તે ભસ્મસાત્ થયું. (બળી ગયું.) ૯૧૦.

૧૫. હે લોકો ! આ લાલ આંખવાળો (સર્પ) જલ્દી નાશ કરનાર છે એ પ્રમાણે બોલતા તે દુષ્ટાત્માએ (યોગીએ) મહાજન જોતે છતે તેને (સર્પને) મૂક્યો. ૯૧૧.

૧૬. તેનાથી મુકાયેલ વળી બીજો સર્પ તેનું વાહન થયો. તેનાથી પ્રેરાયેલ આ આસન ઉપર બેસવાને માટે સ્થાપન કરાયો. ૯૧૨.

૧૭. અત્યંત સ્થિર ચિત્તવાળા આચાર્ય ભગવંતે ધ્યાનનું આલંબન લીધું (ધ્યાન ધર્યું) લોકોએ હાહાકાર કર્યો અને યોગી પ્રસન્ન મુખવાળો થયો. ૯૧૩.

स दृग्विषोऽपि भोगी श्री-गुरुमाहात्म्यतः परम् ।
निष्प्रभावोऽभवच्छक्तिः, कटरे कापि तापसी ।।१८।।

इतश्चैका शकुनिका, समागत्याऽतिवेगतः ।
उत्पाट्य तत्सर्प्पयुगं, मुमुचे नर्मदातटे ।।१९।।

निपत्य पादयोर्योगी, त्यक्त्वाऽहङ्कारमात्मनः ।
यथागतमगाद्दीनः, सङ्घोऽपि मुमुदेतमाम् ।।२०।।

भूपोऽथ सपरीवारः, प्रौढोत्सवपुरस्सरम् ।
स्वस्थाने प्रापयामास, तान् पूज्यान् श्रीगुरूत्तमान् ।।२१।।

तस्यामेव निशीथिन्या-मागत्यैका सुरी जगौ ।
श्रीगुरून् भगवन् ! योऽयं, सम्मुखो दृश्यते वटः ।।२२।।

अत्रावस्थितया पक्षि-ण्यैकया धर्मदेशना ।
अश्रावि भवतां तत्र, ज्येष्ठस्थितिविधायिनाम् ।।२३।।

साहं ततो मृता जाता, कुरुकुल्लासुरी विभोः ! ।
कृत्वा शकुनिकारूपं, मया सर्प्पौ निराकृतौ ।।२४।।

ततः श्रीगुरूभिश्चक्रे, कुरुकुल्लास्तवो नवः ।
यमद्यापि पठन् भव्यो, निषेधयति पन्नगान् ।।२५।।

ततः श्रीगुरूभिश्चक्रे, विहारः पत्तनोपरि ।
कियत्कालं स्थितास्तत्र, श्रीसङ्घस्य दृढाग्रहात् ।।२६।।

૧૮. પરંતુ શ્રી ગુરુભગવંતના મહિમાથી તે દૃષ્ટિવિષ સર્પ પણ પ્રભાવ રહિત થયો. ખેદની વાત છે કે તાપસોની શક્તિ પણ કેટલીક હોય ! ૯૧૪.

૧૯. આ બાજુ એક સમડીએ અત્યંત વેગથી આવીને તે સર્પ યુગલને (બન્ને સર્પને) ઉપાડીને નર્મદા નદીના કિનારે મૂક્યા. ૯૧૫.

૨૦. યોગી (કાન્હડ) આચાર્ય ભગવંતના બંને ચરણમાં પડીને પોતાના અહંકારનો ત્યાગ કરીને જે પ્રમાણે આવ્યો તેમ દીન થયેલો ગયો. સંઘ પણ અત્યંત આનંદિત થયો. ૯૧૬.

૨૧. હવે રાજાએ પરિવાર સહિત મોટા ઉત્સવપૂર્વક ઉત્તમ એવા પૂજ્ય શ્રી ગુરુ ભગવંતોને પોતાના સ્થાને મોકલ્યા. ૯૧૭.

૨૨. તે જ રાત્રિમાં એક દેવીએ આવીને શ્રી ગુરુ ભગવંતને કહ્યું. હે ભગવન્ ! જે આ સામે વડનું ઝાડ દેખાય છે. ૯૧૮.

૨૩. અહીં રહેલી એક પક્ષિણી વડે ઘણી સ્થિરતા કરેલ એવા આપની ધર્મદેશના સંભળાઈ. ૯૧૯.

૨૪. ત્યારબાદ તે હું મરીને કુરુકુલ્લા* દેવી થઈ. હે વિભો ! સમડીના રૂપને કરીને મારા વડે બંને સર્પો દૂર કરાયા. ૯૨૦.

૨૫. ત્યારબાદ ગુરુભગવંત વડે નવીન એવું કુરુકુલ્લાસ્તવ રચાયું. આજે પણ જેને (કુરુકુલ્લા સ્તવને) ભણતાં ભવ્ય પ્રાણીઓ સર્પોનો નિષેધ કરે છે. ૯૨૧.

૨૬. ત્યારબાદ શ્રી ગુરુભગવંત વડે પાટણ તરફ વિહાર કરાયો. ત્યાં શ્રી સંઘના અત્યંત આગ્રહથી કેટલાક સમય સુધી ત્યાં રહ્યા. ૯૨૨.

---

*(कंस -कुल्लासूरी - શાંતિસ્નાત્રાદિની વિધિઓમાં 'ઑ કુરુકુલ્લાયૈ સ્વાહા' વિગેરે પદોથી યાદ કરાતી દેવી.)

इतश्चारासणग्रामे, पासिलः श्रावकोत्तमः ।
मन्त्रिगोगासुतो वित्त-हीनो वसति शुद्धधीः ।।२७।।

सोऽन्यदा घृततैलादि-विक्रेतुं पत्तने ययौ ।
कृत्वा तत्र स्वकार्याणि, श्रीगुरूंस्तानवन्दत ।।२८।।

तत्र राजविहारस्य, स प्रमाणं निभालयन् ।
नवघ्नैकादशस्वर्ण-लक्षेट्छाडातनूजया ।।२९।।

हांसीनाम्न्या सोपहासं, भाषितः किमियत्प्रमम् ।
चैत्यं कारयितुं भ्रात-स्तवापि स्पृहयालुता ।।३०।।

सोऽप्याह भगिनि ! प्रायो, दुर्घटं मादृशामिदम् ।
बालस्य नहि शक्तिः स्यात्, सुवर्णाचलतोलने ।।३१।।

तथापि यदि कार्येत, प्रासादो जातुचिन्मया ।
आगन्तव्यं त्वया तत्रे-त्युक्त्वा स्वस्थानमगमत् ।।३२।।

आरराध ततोऽम्बां स, गुरूक्ताम्नायपूर्वकम् ।
दशोपवासैः प्रत्यक्षा, साप्यऽभूदस्य भाग्यतः ।।३३।।

ममानुभावात्ते भावी, रूप्यकृत्सीसकाकरः ।
तं वाहय स्वयं जैन-प्रासादं च विधापय ।।३४।।

इत्यादेशं समासाद्य, चैत्यं श्रीनेमिनः प्रभोः ।
स कारयितुमारेभे, ग्रामे तत्राऽन्यदा पुनः ।।३५।।

आगता गुरवः केऽपि, पृष्टः श्रेष्ठी स तैरपि ।
भद्र ! निर्वहते कर्म-स्थायश्चैत्ये समाधिना ।।३६।।

૨૭. આ બાજુ આરાસણ ગામમાં મંત્રી ગોગાનો પુત્ર ધનથી રહિત શ્રેષ્ઠ બુદ્ધિવાળો પાસિલ નામે ઉત્તમ શ્રાવક રહે છે. ૯૨૩.

૨૮. એક વખત તે ઘી-તેલ વિગેરે વેચવા માટે પાટણમાં ગયો. ત્યાં પોતાના કાર્યને કરીને તે શ્રી ગુરુ ભગવંતને વંદન કર્યું. ૯૨૪.

૨૯. ત્યાં તે રાજમાર્ગના પ્રમાણને નિહાળતો નવ ગુણ્યા અગ્યાર (૯ x ૧૧) નવ્વાણું લાખ સુવર્ણનો સ્વામી છાડાની (પુત્રી વડે) - ૯૨૫.

૩૦. હાંસી નામની પુત્રી વડે મશ્કરી કરતા કહેવાયું કે હે ભાઈ ! કેટલા પ્રમાણવાળું ચૈત્ય કરાવવાની તમારી પણ ઈચ્છા છે ? ૯૨૬.

૩૧. તેણે પણ કહ્યું હે બહેન ! પ્રાયઃ આ મારા જેવાને બનાવવું અશક્ય છે. મેરુપર્વતને તોલવામાં બાળકની શક્તિ ન હોય. ૯૨૭.

૩૨. તો પણ કદાચ મારા વડે આ મંદિર કરાય તો તમારે ત્યાં આવવું. એ પ્રમાણે કહીને પોતાના સ્થાને ગયો. ૯૨૮.

૩૩. ત્યારબાદ ગુરુભગવંત વડે કહેવાયેલ વિધિપૂર્વક દશ ઉપવાસ કરવા વડે તેણે અંબિકા દેવીને આરાધી. આના ભાગ્યથી તેણી (અમ્બિકા દેવી) પણ પ્રત્યક્ષ થઈ. ૯૨૯.

૩૪. મારા પ્રભાવથી તારી સીસાની (ધાતુની) ખાણ, ચાંદીની (રૂપાની) થશે. તેને વહન કર અને સ્વયં જિનેશ્વર પરમાત્માના મંદિરને બનાવ. ૯૩૦.

૩૫. એ પ્રમાણે આદેશ સ્વીકારીને ત્યાં ગામમાં એક વખત શ્રી નેમિનાથ પરમાત્માનું મંદિર કરાવવાને માટે તેણે આરંભ કર્યો. ૯૩૧.

૩૬. કેટલાક ગુરુભગવંત આવ્યા. તેઓ વડે (ગુરુભગવંત વડે) તે શ્રેષ્ઠી પૂછાયો, હે ભદ્ર ! મંદિરના કાર્યની દેખરેખ કરનાર સમાધિપૂર્વક નિર્વાહ કરે છે ? ૯૩૨.

देवगुर्वोः प्रसादेन, सोऽवादीदम्बिका ततः ।
चुकोप यत्कृतघ्नोऽसौ, मत्कृतं नैव मन्यते ।।३७।।

द्वादशप्रहरव्यूढ-सीसकारकरूप्यतः ।
शिखरावधि तच्चैत्यं, जातं तस्याऽग्रतो न तु ।।३८।।

आकार्य पत्तनात्तान् श्री-गुरूंस्तां भगिनीं च सः ।
श्रीनेमेः कारयामास, प्रतिष्ठाविस्तरान् बहून् ।।३९।।

उवाच भगिनी सापि, बन्धो ! वस्त्राणि देहि मे ।
चैत्येऽत्र मण्डपमहं, कारये चेद्भवान्वदेत् ।।४०।।

श्रेष्ठी बभाण सुष्ठूक्तं, त्वयेत्यथ विधायितः ।
मण्डपो मेघनादाख्यो, नवलक्षव्ययात्तया ।।४१।।

अन्येऽपि तत्र प्रासादाः, कारिता व्यवहारिभिः ।
एवं च तत्तीर्थमभूत्, प्रसिद्धं पृथिवीतले ।।४२।।

ग्रन्थान्तरेऽप्युक्तम् -

गोगाकस्य सुतेन मन्दिरमिदं श्रीनेमिनाथप्रभो-स्तुङ्गं
पासिलसंज्ञितेन सुधिया श्रद्धावता मन्त्रिणा ।
शिष्यैः श्रीमुनिचन्द्रसूरिसुगुरोर्निर्ग्रन्थचूडामणेर्वादीन्द्रैः
प्रभुदेवसूरिगुरुभिर्नेमेः प्रतिष्ठा कृता ।।१।।

।। इति श्रीउपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे अष्टम उपदेशः ।।८।।

૩૭. તેણે કહ્યું. 'દેવ-ગુરુની કૃપાથી' (સમાધિપૂર્વક નિર્વાહ કરે છે.) તેથી અમ્બિકાદેવી કોપાયમાન થઈ. આ કૃતઘ્ન છે. જે મારા વડે કરાયેલ છે. (એમ) માનતો નથી. ૯૩૩.

૩૮. બાર પ્રહર સુધી એકઠું કરેલ સીસાની ખાણ ચાંદી રૂપે થયેલ દ્રવ્યથી શિખર સુધી મંદિર થયું. વળી તેની આગળ ન થયું. ૯૩૪.

૩૯. પાટણથી શ્રી ગુરુભગવંતને અને બહેનને બોલાવીને તેણે શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિષ્ઠા ઘણા વિસ્તારપૂર્વક કરાવી. ૯૩૫.

૪૦. તે ભગિનીએ પણ કહ્યું કે ભાંઈ ! મને વસ્ત્રો આપ. જો આપ કહો તો હું અહીં મંદિરમાં મંડપ કરાવું. ૯૩૬.

૪૧. શ્રેષ્ઠીએ કહ્યું. તારા વડે સારું કહેવાયું. નવલાખ દ્રવ્યના વ્યયથી તેણી વડે મેઘનાદ નામે મંડપ કરાવાયો. ૯૩૭.

૪૨. વ્યવહારીઓ વડે ત્યાં બીજા પણ મંદિરો કરાવાયા અને એ પ્રમાણે પૃથ્વીતલ પર તે પ્રસિદ્ધ તીર્થ થયું. ૯૩૮.

અન્ય ગ્રંથોમાં પણ કહ્યું છે કે -

૪૩. ૧. ગોગાકના પુત્ર શ્રદ્ધાવાળા, બુદ્ધિશાળી પાસિલ નામના મંત્રી વડે શ્રી નેમિનાથ પરમાત્માનું ઉંચું એવું મંદિર બનાવાયું. રાગદ્વેષ રહિત એવા નિર્ગ્રન્થ મુનિભગવંતના મસ્તકને વિષે ચૂડામણિરત્ન સમાન -

શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વાદીઓમાં ઈન્દ્રસમાન આ. ભ. શ્રી પ્રભુદેવસૂરીશ્વરજી મ. સા. વડે નેમિનાથ પરમાત્માની પ્રતિષ્ઠા કરાઈ. ૯૩૯.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના બીજા અધિકારનો આઠમો ઉપદેશ છે. ॥

"उपदेशः-९"

प्रोद्दाममाहात्म्यरमाभिरामं, श्रीपार्श्वविश्वाधिपतिं प्रणम्य ।
यथाश्रुतं श्रीकलिकुण्डतीर्थो-त्पत्तिं भणिष्यामि गुरूपदेशात् ।।१।।

चम्पानगर्या आसन्ने, श्वापदश्रेणिभीषणा ।
कादम्बरीति विख्याता, विद्यते विकटाटवी ।।१।।

कलिनामा महोत्तुङ्ग-स्तस्यामस्ति शिलोच्चयः ।
तस्याऽधस्तनभूभागे, कुण्डाख्यं च सरोवरम् ।।२।।

तत्स्थानं तद्द्वयीयोगात्, कलिकुण्डमिति श्रुतम् ।
तीर्थं तु जातं श्रीपार्श्व-चरणाम्भोजपावनात् ।।३।।

तथाहि वामनः कोऽपि, पुरा क्वापि पुरेऽभवत् ।
हस्यते प्रत्यहं चैष, स्थाने स्थाने नृपादिभिः ।।४।।

तदुद्विग्नो मुमूर्षुः स-न्नाऽऽत्मानं क्वापि पादपे ।
उल्लम्बयितुमारेभे, स तु मूर्खशिरोमणिः ।।५।।

सुप्रतिष्ठेन मित्रेण, श्राद्धेनैष निषेधितः ।
उक्तं च भो महाभाग !, किमेवं म्रियसे मुधा ।।६।।

सौभाग्यारोग्यरूपादि, यदीच्छसि मनोरमम् ।
तपः प्रभृतिकं जैनं, धर्म्ममेव तदाचर ।।७।।

इत्युक्त्वा स गुरोः पार्श्वे, नीतोऽश्रावि च देशनाम् ।
सम्यक्त्वं ग्राहितः शुद्धं, कृतश्च श्रावकोत्तमः ।।८।।

"ઉપદેશ-૯"

૧. વિશાળ મહિમાવાળી લક્ષ્મી વડે મનોહર એવા વિશ્વના અધિપતિ શ્રી પાર્શ્વનાથ પરમાત્માને પ્રણામ કરીને શ્રી ગુરુભગવંતના ઉપદેશથી જે પ્રમાણે સાંભળી છે તે પ્રમાણે શ્રી કલિકુંડ તીર્થની ઉત્પત્તિને કહીશ. ૯૪૦.

૧. ચંપા નગરીની નજીકમાં હિંસક પશુઓની શ્રેણીઓ વડે ભયાનક કાદંબરી (નામે) એ પ્રમાણે પ્રસિધ્ધ ભયંકર જંગલ છે. ૯૪૧.

૨. તેમાં કલિ નામનો મોટો ઉંચો પર્વત છે. તેની નીચેના પૃથ્વીના ભાગમાં કુંડ નામનું સરોવર છે. ૯૪૨.

૩. તે બંનેના યોગથી તે સ્થાન (જગ્યા) પવિત્ર એવા શ્રી પાર્શ્વનાથ પરમાત્માના ચરણરૂપી કમલથી "કલિકુંડ" એ પ્રમાણે પ્રસિદ્ધ તીર્થ થયું. ૯૪૩.

૪. તે આ પ્રમાણે - પહેલા આ નગરમાં કોઈક વામન હતો. રાજા વિગેરેથી આ (વામન) રોજ ઠેર-ઠેર (દરેક જગ્યાએ) મશ્કરી કરાય છે. (અર્થાત રાજા વિગેરે એને રોજ હસે છે.) ૯૪૪.

૫. તેથી ખેદવાળો થયેલો, મરવાની ઈચ્છાવાળો, મૂર્ખોમાં અગ્રેસર એવા તેણે પોતાના આત્માને કોઈક વૃક્ષને વિષે લટકવા માટે આરંભ કર્યો. ૯૪૫.

૬. સુપ્રતિષ્ઠિત નામના મિત્ર શ્રાવક વડે આ નિષેધ કરાયો (અટકાવાયો) અને કહેવાયું. હે મહાભાગ્યશાળી ! તું આ પ્રમાણે ફોગટ શા માટે મરે છે ? ૯૪૬.

૭. મનોહર સૌભાગ્ય - આરોગ્ય વિગેરે તું જો ઈચ્છે છે. તો જિનેશ્વર પરમાત્મા સંબંધી તપ વિગેરે ધર્મને જ આચર. ૯૪૭.

૮. એ પ્રમાણે કહીને તે ગુરુભગવંત પાસે લઈ જવાયો. અને દેશના સંભળાઈ. શુદ્ધ સમ્યક્ત્વ ગ્રહણ કરાયું અને ઉત્તમ શ્રાવક કરાયો. ૯૪૮.

ततश्च स चिरं तेपे, तपांसि विविधान्यपि ।
भूयासमुच्चदेहोऽहं, निदानमिति चातनोत् ।।९।।

स वामनः क्रमान्मृत्वा, यूथनाथो महाबलः ।
तस्यामटव्यां सञ्जातो, महीधर इति द्विपः ।।१०।।

अन्यदा श्रीपार्श्वनाथः, छद्मस्थो विहरन् भुवि ।
आयातः पल्वले तत्र, कायोत्सर्गे च तस्थिवान् ।।११।।

स गजो जलपानार्थं, तदा तत्र समागतः ।
जगन्नाथमथालोक्य, जातिस्मरणवानभूत् ।।१२।।

अहो ! धर्मं विराध्याऽहं, पशुरज्ञानतोऽभवम् ।
तदैव देवमर्चित्वा, कुर्वे स्वं सफलं जनुः ।।१३।।

विमृश्येत्यम्बुजव्रातै-रभ्यर्च्य परमेश्वरम् ।
कृत्वानशनमुत्पन्नो, महर्द्धिव्यन्तरेष्वसौ ।।१४।।

श्रुतश्च चम्पानाथेन, करकण्डुमहीभुजा ।
सर्वो व्यतिकरः सोऽयं, विस्मितश्च स्वचेतसि ।।१५।।

यावत्स भूपतिस्तत्रा-गच्छत्युत्साहपूरितः ।
विजहार प्रभुस्तावत्, स विषादं दधौ भृशम् ।।१६।।

किं स्यान्निर्भाग्यसत्त्वानां, श्रीजिनेन्द्रस्य दर्शनम् ।
आत्मानं निन्दयामास, श्लाघयामास च द्विपम् ।।१७।।

स्थाने च तत्र प्रासादं, महान्तं निरपीपदत् ।
नवहस्तमिताऽस्थापि, तत्र च प्रतिमा प्रभोः ।।१८।।

૯. ત્યારબાદ તેણે ઘણા કાળ પર્યંત વિવિધ પ્રકારના તપોને કર્યા અને 'હું ઉંચા દેહવાળો થાઉં' એ પ્રમાણે નિયાણું કર્યું. ૯૪૯.

૧૦. તે વામન (ઠીંગણો માણસ) મરીને અનુક્રમે તે જ જંગલમાં હાથીઓના સમૂહનો સ્વામી અત્યંત બળવાન મહીધર એ પ્રમાણે હાથી થયો. ૯૫૦.

૧૧. એક વખત છદ્મસ્થ એવા શ્રી પાર્શ્વનાથ પૃથ્વી પર વિહાર કરતાં આવ્યા અને ત્યાં તળાવના કિનારે કાયોત્સર્ગ ધ્યાનમાં રહ્યા. ૯૫૧.

૧૨. ત્યારે પાણી પીવાને માટે ત્યાં આવેલ તે હાથી ત્રણ જગતના નાથને જોઈને જાતિસ્મરણ જ્ઞાનવાળો થયો. ૯૫૨.

૧૩. અહો ! ધર્મની વિરાધના કરીને હું અજ્ઞાનથી પશુ થયો. હમણાં જ દેવની પૂજા કરીને હું પોતાનો જન્મ સફળ કરું. ૯૫૩.

૧૪. એ પ્રમાણે વિચારીને કમળના સમૂહ વડે પરમાત્માની પૂજા કરીને અનશન કરીને આ (હાથી) ઘણી ઋદ્ધિવાળો વ્યંતરદેવ થયો. ૯૫૪.

૧૫. ચંપા નગરીના કરકંડુ રાજા વડે આ સર્વ વૃત્તાંત સંભળાયો અને તે પોતાના ચિત્તને વિષે વિસ્મય પામ્યો. ૯૫૫.

૧૬. જેટલામાં ઉત્સાહ વડે પરિપૂર્ણ તે રાજા ત્યાં આવે છે તેટલામાં પરમાત્માએ વિહાર કર્યો. તેણે (રાજાએ) અત્યંત ખેદને ધારણ કર્યો. ૯૫૬.

૧૭. શું ભાગ્યરહિત પ્રાણીઓને શ્રી જિનેન્દ્ર પરમાત્માનું દર્શન હોય ? (એ પ્રમાણે) પોતાની નિન્દા કરી અને હાથીની પ્રશંસા કરી. ૯૫૭.

૧૮. તે સ્થાને મોટું મંદિર બનાવરાવ્યું અને ત્યાં નવ હાથ પ્રમાણ પરમાત્માની પ્રતિમા સ્થાપન કરાઈ. ૯૫૮.

केचित्पुनरिंद प्राहु-र्धरणेन्द्राऽनुभावतः ।
नवहस्तप्रमाणार्चा, तदैवाविरभूत्प्रभोः ।।१९।।

वन्दित्वा पूजयित्वा स, प्रतिमां तां प्रमोदवान् ।
स्वनिर्मापितचैत्ये च, न्यवीविशदयं द्विपः ।।२०।।

तत्र स व्यन्तरो लोक-प्रत्ययान् पूरयत्यलम् ।
ततः प्रभृति सञ्जातं, तत्तीर्थं भुवि विश्रुतम् ।।२१।।

प्रभावनाप्रेक्षणकादिकोत्सवा-नव्याजभक्तिः करकण्डुभूपतिः ।
निर्मापयंस्तत्र पवित्रचेतसा, प्रभावकश्रावकपुङ्गवोऽभवत् ।।२२।।

स व्यन्तरोऽपि तामर्चां, पूजयन् प्रणमन्स्तुवन् ।
क्रमात्सुगतिभाग्भावी, तदेवं यजतार्हतः ।।२३।।

इति श्रीउपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे नवम उपदेशः ।।९।।

૧૯. વળી કેટલાક લોકો એમ કહે છે - ધરણેન્દ્રદેવની કૃપાથી ત્યારે જ પરમાત્માની નવ હાથ પ્રમાણવાળી પ્રતિમા પ્રગટ થઈ. ૯૫૯.

૨૦. તે પ્રતિમાને વંદન કરીને અને પૂજા કરીને તે હર્ષવાળો થયો અને હાથીએ પોતે બનાવરાવેલ મંદિરમાં એ હાથી સ્થાપન કરાયો. ૯૬૦.

૨૧. ત્યાં તે વ્યંતરદેવ લોકોની અભિલાષાઓને (માનતાઓને) પૂર્ણ કરે છે. ત્યારથી માંડીને તે તીર્થ પૃથ્વી પર પ્રખ્યાત થયું. ૯૬૧.

૨૨. કરકંડુ રાજા પ્રભાવના - નાટક વિગેરે ઉત્સવોને અપેક્ષા વિના ભક્તિથી કરાવતો પવિત્ર ચિત્તવાળો પ્રભાવક એવો શ્રાવક પુંગવ થયો. ૯૬૨.

૨૩. તે વ્યંતર દેવ પણ તે પ્રતિમાની પૂજા કરતો, પ્રણામ કરતો, સ્તુતિ કરતો અનુક્રમે સદ્ગતિને ભજનાર થશે. તેથી તમે અરિહંત પરમાત્માને જ પૂજો. (પૂજા કરો.).

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના બીજા અધિકારમાં નવમો ઉપદેશ છે. ॥

"उपदेशः-१०"

श्रीअन्तरिक्षप्रभुपार्श्वनाथः, श्रेयांसि स प्राणभृतां तनोतु ।
यदङ्गसम्पर्कि पयो निपीय, श्रीपालराजाऽजनि नष्टकुष्ठः ।।१।।

किलैकदा रावणेन, स्वकार्ये विनियोजितौ ।
गच्छतः स्म विमानस्थौ, क्वचिन्मालिसुमालिनौ ।।१।।

तदार्हत्प्रतिमा ताभ्यां, व्यस्मारि स्वगृहे पुनः ।
जिनार्चनं विना भुक्ते-र्नियमस्तु दृढस्तयोः ।।२।।

प्राप्ते भोजनकाले तु, पवित्रैर्वालुकाकणैः ।
निर्माय प्रतिमां पार्श्व-प्रभोः पूजयतः स्म तौ ।।३।।

ततः सा प्रतिमा ताभ्यां, गच्छद्भ्यामग्रतः पुनः ।
सरोऽन्तः स्थापिता दिव्यानुभावाञ्च स्थिराऽभवत् ।।४।।

ततः प्रभृति तस्मिंश्च, पल्वले विमलं जलम् ।
न जातु त्रुटितं तस्याः, प्रतिमायाः प्रभावतः ।।५।।

तदा च खिङ्गिल्लपुरे, श्रीपालो नाम भूपतिः ।
सर्वाङ्गमभवद्दुष्टकुष्ठरोगेण पीडितः ।।६।।

अप्यौषधशतैर्वैद्याः, अकार्षुस्तत्प्रतिक्रियाः ।
तथापि न गुणो जात-स्तृषेव क्षारनीरतः ।।७।।

क्रीडाकृते गतो भूपोऽ-न्यदा तस्मिन् सरोवरे ।
विश्रान्तस्तृषितः पीत्वा, जलं स्वस्थोऽभवत् क्षणम् ।।८।।

"ઉપદેશ-૧૦"

૧. જેમના અંગને સ્પર્શ કરેલ પાણીને પીને શ્રીપાલરાજા નાશ પામેલ કોઢ રોગવાળા થયા. તે શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ પરમાત્મા પ્રાણીઓના કલ્યાણને વિસ્તારો. ૯૬૪.

૧. એક વખત રાવણ વડે પોતાના કાર્યમાં જોડેલા વિમાનમાં રહેલા માલિ અને સુમાલી દેવ ક્યાંક જતા હતા. ૯૬૫.

૨. ત્યારે તે બંને વડે અરિહંત પરમાત્માની પ્રતિમા પોતાના ઘરમાં ભૂલાઈ ગઈ, વળી તે બંનેને જિનપૂજા કર્યા વિના ભોજન ન કરવું એવો દ્રઢ નિયમ હતો. ૯૬૬.

૩. ભોજનનો સમય પ્રાપ્ત થયે છતે તે બંને પવિત્ર એવા રેતીના કણો વડે શ્રી પાર્શ્વનાથ પરમાત્માની પ્રતિમા બનાવીને પૂજતા હતા. ૯૬૭.

૪. ત્યારબાદ જતાં એવા તે બંને વડે તે પ્રતિમા સરોવરની અંદર સ્થાપન કરાઈ. અને દેવના પ્રભાવથી (તે પ્રતિમા) સ્થિર થઈ. ૯૬૮.

૫. ત્યારથી માંડીને તે પ્રતિમાના પ્રભાવથી તે સરોવરમાં નિર્મલ એવું જલ ક્યારે પણ ખૂટ્યું નહીં. ૯૬૯.

૬. ત્યારે બિંગિલ્લપુર નગરમાં શ્રીપાળ નામે રાજા સર્વ અંગે કોઢ રોગ વડે પીડાતો હતો. ૯૭૦.

૭. જેમ ખારાં પાણીથી તૃષા શાંત થતી નથી, તેમ વૈદ્યોએ સેંકડો ઔષધો વડે તેના ઉપાય કર્યા તો પણ ગુણ ન થયો. ૯૭૧.

૮. એક વખત રાજા તે સરોવરમાં ક્રીડા કરવા માટે ગયેલો. થાકેલો અને તરસ્યો એવો તે (રાજા) પાણી પીને ક્ષણ માત્રમાં સ્વસ્થ થયો. ૯૭૨.

मुखं हस्तौ च पादौ च, प्रक्षाल्य स्वगृहं ययौ ।
ते चाङ्गावयवाः सद्यो, जाताः काञ्चनरोचिषः ।।९।।

प्रातस्तत्कौतुकं दृष्ट्वा, किमेतदिति भूपतिम् ।
पप्रच्छ राज्ञी वृत्तान्तं, सोऽप्याह क्षालनादिकाम् ।।१०।।

कोऽप्यत्रातिशयोऽस्तीति, विस्मितो हृदि भूपतिः ।
तत्र स्नानं विधत्ते स्म, ततो जातो निरामयः ।।११।।

नैवेद्यबलिधूपादि, कृत्वा भूपो जुघोष च ।
अत्रास्ति दैवतं यत्तत्, प्रकटीभवतादिति ।।१२।।

उक्त्वेति तस्यां यामिन्यां, तत्रैव स्वपिति स्म सः ।
ब्राह्म्ये मुहूर्तेऽधिष्ठाता, देवस्तमिति चाऽलपत् ।।१३।।

अत्र श्रीपार्श्वनाथस्य, भाविनः प्रतिमाऽस्ति भोः ।
यत्प्रभावात्तवाङ्गोत्थः, कुष्ठरोगः क्षयं ययौ ।।१४।।

आरोप्य शकटे चैनां, सप्ताहर्जाततर्णकौ ।
नियोज्य सारथीभूय, स्वयं चालयतां द्रुतम् ।।१५।।

द्रक्ष्यस्यवाङ्मुखं यत्र, तत्र स्थास्यत्यसौ पुनः ।
इति प्रोच्य गतो देवो, भूपोऽपि प्रत्यबुध्यत ।।१६।।

सुरोक्तमखिलोपायं, प्रातर्भूपोऽपि निर्ममे ।
यावत्किञ्चिद्व्यतिक्रान्त-भूभागं संदिदेह सः ।।१७।।

आयाति प्रतिमा किं वा, नवेत्युद्वेगमावहन् ।
वक्रीकृत्य क्षणाद्ग्रीवां, भूपः पश्चाद्व्यलोकत ।।१८।।

૯. મુખ, બે હાથ અને બે પગને ધોઈને તે પોતાના ઘરે ગયો (તેથી) તેના અંગો અને અવયવો જલ્દી સુવર્ણની કાંતિવાળા થયા. ૯૭૩.

૧૦. સવારે તે કૌતુકને જોઈને 'આ શું છે ?' એ પ્રમાણે રાણીએ વૃત્તાંત રાજાને પૂછ્યો - રાજાએ પણ હાથ-પગ ધોવા વિગેરે (વૃત્તાંત) ને કહ્યો. ૯૭૪.

૧૧. અહીં કોઈ પણ અતિશય છે એ પ્રમાણે હૃદયમાં વિસ્મય પામેલ રાજાએ ત્યાં સ્નાન કર્યું. ત્યારબાદ રોગરહિત થયો. ૯૭૫.

૧૨. નૈવેદ્ય, ધૂપ, બલિદાન વિગેરે કરીને 'અહીં જે દેવતા છે તે પ્રગટ થાય. એ પ્રમાણે રાજાએ ઉદ્‌ઘોષણા કરી. ૯૭૬.

૧૩. એ પ્રમાણે કહેતે છતે તે રાત્રિમાં તે (રાજા) ત્યાં જ સૂતો અને (સવારે) બ્રાહ્મમુહૂર્તમાં અધિષ્ઠાતા દેવે તેને એ પ્રમાણે કહ્યું. ૯૭૭.

૧૪. અરે ! અહીં પ્રભાવશાળી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે જેના પ્રભાવથી તારા અંગે થયેલ કોઢ-રોગ નાશ પામ્યો. ૯૭૮.

૧૫. આ પ્રતિમાને ગાડામાં આરોપણ કરીને સાત દિવસના થયેલ વાછરડાઓને જોડીને તું સ્વયં સારથી થઈને જલ્દી ચલાવ. ૯૭૯.

૧૬. જ્યાં તું અવળું મુખ કરીને પાછળ જોશે ત્યાં આ પ્રતિમા સ્થિર થઈ જશે. એ પ્રમાણે કહીને દેવ ગયો. રાજા પણ જાગ્યો. ૯૮૦.

૧૭. રાજાએ પણ દેવે કહેલ સર્વ ઉપાયોને સવારે કર્યા. જેટલામાં કંઈક રસ્તો ઓળંગ્યો તેટલામાં તેને સંદેહ થયો. ૯૮૧.

૧૮. શું પ્રતિમા આવે છે કે નહીં ? એ પ્રમાણે ઉદ્વેગને વહન કરતો ક્ષણમાત્રમાં ડોકને વાંકી કરીને રાજાએ પાછળ જોયું. ૯૮૨.

तावत्सा प्रतिमा व्योम्नि, स्थिता दिव्यानुभावतः ।
शकटं त्वग्रतो यातं, भूपोऽत्यर्थं विसिष्मिये ।।१९।।

निवेश्य नगरं नव्यं, श्रीपुरं तत्र भूपतिः ।
अचीकरञ्च प्रोत्तुङ्गं, प्रासादं प्रतिमोपरि ।।२०।।

घटौ गर्गेरिकायुक्तौ, न्यस्य नारी स्वमस्तके ।
तद्बिम्बाधः प्रयाति स्म, पुरेति स्थविरा जगुः ।।२१।।

एवं स भूपतिर्भूरि-कालं तं जिनमार्चयत् ।
सर्वं समीहितं प्राप, क्रमाच्छिवगतिं गमी ।।२२।।

कियदन्तरमद्यापि, भूमिप्रतिमयोः खलु ।
अस्तीति तत्र वास्तव्या, वदन्ति जनता अपि ।।२३।।

इत्यन्तरिक्षप्रभुपार्श्वनाथं, भूपो यथाऽभ्यर्च्य बभूव नीरुक् ।
तथा भवन्तोऽपि जिनेन्द्रचन्द्र-माराध्य भव्याः ! सुखिनो भवन्तु ।।२४।।

।। इति उपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे दशम उपदेशः ।।१०।।

૧૯. તેટલામાં તે પ્રતિમા દેવના પ્રભાવથી આકાશમાં સ્થિર થઈ. વળી ગાડું આગળ ગયું. તેથી રાજા અત્યંત વિસ્મય પામ્યો. ૯૮૩.

૨૦. ત્યાં શ્રીપુર નામનું નવું નગર સ્થાપીને રાજાએ પ્રતિમાની ઉપર ઉંચું એવું મંદિર કરાવ્યું. ૯૮૪.

૨૧. પહેલા સ્ત્રી પોતાના મસ્તક ઉપર ગાગર સહિત બે ઘડાને સ્થાપન કરી તે પ્રતિમાની નીચેથી જતી હતી, એ પ્રમાણે વૃદ્ધોએ કહેલું છે. ૯૮૫.

૨૨. એ પ્રમાણે તે રાજાએ ઘણા કાળ પર્યંત તે પ્રતિમાને પૂજી અને સર્વ ઈચ્છિતને પ્રાપ્ત કર્યું. અનુક્રમે મોક્ષમાં જશે. ૯૮૬.

૨૩. ખરેખર આજે પણ ભૂમિ અને પ્રતિમાની વચ્ચે કેટલુંક અંતર છે એ પ્રમાણે ત્યાં રહેનારી જનતા પણ કહે છે. ૯૮૭.

૨૪. જેમ રાજા શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાનની પૂજા કરીને નિરોગી થયો. તેમ હે ભવ્યપ્રાણીઓ ! જિનેન્દ્રમાં ચંદ્ર સમાન પરમાત્માની આરાધના કરીને તમે પણ સુખી થાઓ. ૯૮૮.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના બીજા અધિકારમાં દશમો ઉપદેશ છે. ॥

"उपदेशः-११"

दुर्वारमारिप्रमुखोपसर्गाः, देवाधिदेवार्चनतः क्षयन्ति ।
श्रीशङ्कराख्यक्षितिपस्य यद्व-न्माणिक्यदेवं यजतो जिनेन्द्रम् ।।१।।

भरतेन पुरा चैत्ये, कारितेऽष्टापदे गिरौ ।
वर्णाद्यैरन्विताः सर्व-जिनार्चा विनिवेशिताः ।।१।।

नीलरत्नमयी चैका, प्रतिमा प्रथमप्रभोः ।
अंशप्रांशुजटा तेन, तत्रास्ति स्थापिता पृथक् ।।२।।

अत एव जनैस्तस्याः, अर्चाया अभिधीयते ।
माणिक्यदेव इत्याख्या, सप्रभावा च सा भृशम् ।।३।।

केचिदित्थं पुनः प्राहु-रियं भरतचक्रिणः ।
मुद्रिकामध्यवर्त्तिष्णु-पाचिरत्नविनिर्मिता ।।४।।

एवं सा प्रतिमा तत्र, भूरिकालमपूज्यत ।
अन्येद्युस्तत्र यात्रार्थं, खेचराः केचिदागताः ।।५।।

तां चाऽपूर्वतमां प्रेक्ष्य, प्रतिमां प्रीतचेतसः ।
निन्यिरे दक्षिणश्रेणौ, प्रत्यहं पूज्यते च तैः ।।६।।

अन्यदा नारदस्तेषा-मतिथिः प्राप्तवानभूत् ।
निरीक्ष्य सोऽपि पप्रच्छ, प्रतिमेयं कुतो नु वः ।।७।।

तेऽप्यूचुरियमानीता-ऽस्माभिर्वैताढ्यपर्वतात् ।
राज्यराष्ट्रादिभिर्वृद्धि-रभूद्माऽस्याः समागमात् ।।८।।

"ઉપદેશ-૧૧"

૧. જિનેન્દ્ર એવા શ્રી માણિક્યદેવને (મણિમય પ્રતિમાને) પૂજતા શ્રી શંકર નામના રાજાની જેમ દુઃખે કરીને વારી શકાય એવા મારી વિગેરે ઉપસર્ગો (રોગો) પરમાત્માની પૂજાથી નાશ પામે છે. ૯૮૯.

૧. પહેલા અષ્ટાપદ પર્વત પર ભરત મહારાજા વડે કરાવાયેલ મંદિરમાં વર્ણાદિથી યુક્ત સર્વ જિનેશ્વર પરમાત્માની પ્રતિમા સ્થાપન કરાઈ. ૯૯૦.

૨. તેના વડે (ભરત મહારાજા વડે) નીલરત્નવાળી - ખભા પર્યંત જટાવાળી આદિનાથ પરમાત્માની એક પ્રતિમા જુદી સ્થાપન કરાયેલી છે. ૯૯૧.

૩. એ કારણથી લોકો વડે તે પ્રતિમાનું માણિક્યદેવ એ પ્રમાણે નામ કહેવાય છે અને તે ઘણી પ્રભાવશાળી છે. ૯૯૨.

૪. કેટલાંક લોકો એ પ્રમાણે કહે છે 'આ પ્રતિમા ભરત મહારાજાની વીટીમાં રહેલ પાચિરત્નમી બનાવેલી છે. ૯૯૩.

૫. એ પ્રમાણે તે પ્રતિમા ત્યાં ઘણા સમય સુધી પૂજાઈ. એક દિવસ ત્યાં કેટલાક વિદ્યાધરો યાત્રાને માટે આવ્યા. ૯૯૪.

૬. પ્રસન્ન ચિત્તવાળા તેઓએ પૂર્વે નહિં જોયેલી એવી તે પ્રતિમાને જોઈને દક્ષિણ દિશાની શ્રેણીમાં લઈ ગયા અને તેઓ વડે (તે પ્રતિમા) રોજ પૂજાય છે. ૯૯૫.

૭. એક વખત નારદ તેઓનું અતિથિપણું પામ્યો. (પ્રતિમાને) જોઈને તેણે (નારદે) પણ પૂછ્યું - તમારી પાસે આ પ્રતિમા ક્યાંથી ? ૯૯૬.

૮. તેઓએ પણ કહ્યું - આ પ્રતિમા અમારા વડે વૈતાઢ્ય પર્વતથી લવાયેલી છે. આ પ્રતિમાના સમાગમથી રાજ્ય-રાષ્ટ્ર વગેરેમાં અભિવૃદ્ધિ થઈ. ૯૯૭.

श्रुत्वेति नारदः प्राह, तन्माहात्म्यं तु वज्रिणः ।
मेरौ शाश्वतचैत्यानि, वन्दितुं समुपेयुषः ।।९।।

ततः शक्रोऽपि तां देवै-रानयामासिवान् दिवि ।
नहि कल्पलताप्राप्तौ, भवेन्मन्दादरः सुधीः ।।१०।।

इत्थं सा स्वर्गलोकेऽपि, देवैः सन्तुष्टमानसैः ।
सुबहून् सागरान् याव-दर्चिता भक्तिभासुरैः ।।११।।

अत्रान्तरेऽत्र भरते, रावणो राक्षसेश्वरः ।
त्रैलोक्यकण्टको जात-स्तस्य मन्दोदरी प्रिया ।।१२।।

तयापि नारदमुखा-त्तन्माहात्म्ये श्रुते सति ।
प्रेरितो रावणः शक्र-माराराध धियां निधिः ।।१३।।

तुष्टः शक्रोऽपि तामर्चां, मन्दोदर्याः समर्प्पयत् ।
त्रिसन्ध्यमतिहर्षेण, सापि पूजयति स्म ताम् ।।१४।।

अथाऽन्यदा दशग्रीवो, रामभार्यामपाहरत् ।
कलत्रभ्रातृपुत्राद्यैः, प्रोक्तोऽप्येतां मुमोच न ।।१५।।

बिम्बाधिष्ठायकोऽवादी-ल्लङ्कालङ्काधिपक्षयम् ।
मन्दोदर्या ततः सार्चा, न्यासीचक्रे पयोनिधौ ।।१६।।

इतश्च -

कर्ण्णाटकदेशे कल्याण-नगरे शङ्करो नृपः ।
अभूज्जिनपदाम्भोज-भृङ्गोऽभङ्गुरभाग्यवान् ।।१७।।

૯. એ પ્રમાણે સાંભળીને મેરુ પર્વત પર રહેલ શાશ્વત ચૈત્યોને વંદન કરવા માટે જતા એવાં ઈન્દ્રને નારદે તે પ્રતિમાનો મહિમા કહ્યો. ૯૯૮.

૧૦. ત્યારબાદ શક્રેન્દ્રે પણ દેવો વડે તે પ્રતિમાને દેવલોકમાં લવડાવી. ખરેખર કલ્પવૃક્ષની વેલડીની પ્રાપ્તિમાં બુદ્ધિશાળી વ્યક્તિ મંદ આદરવાળો થતો નથી. ૯૯૯.

૧૧. એ પ્રમાણે દેવલોકમાં પણ સંતુષ્ટ મનવાળા, ભક્તિ વડે દેદીપ્યમાન (એવા તે) દેવો વડે તે પ્રતિમા ઘણા સાગરોપમ પર્યંત પૂજાઈ. ૧૦૦૦.

૧૨. એટલામાં અહીં ભરત ક્ષેત્રમાં ત્રણ લોકમાં કાંટા સમાન, રાક્ષસોનો સ્વામી રાવણ થયો. તેને મંદોદરી નામે પત્ની હતી. ૧૦૦૧.

૧૩. નારદના મુખથી તે પ્રતિમાના મહિમાને સાંભળતે છતે મંદોદરી વડે પ્રેરાયેલ બુદ્ધિના ભંડાર સમાન રાવણે શક્રેન્દ્રની આરાધના કરી. ૧૦૦૨.

૧૪. ખુશ થયેલ શક્રેન્દ્રે પણ તે પ્રતિમા મંદોદરીને અર્પણ કરી. મંદોદરી પણ અત્યંત હર્ષપૂર્વક તે પ્રતિમાને ત્રણે કાળ પૂજતી હતી. ૧૦૦૩.

૧૫. હવે એક વખત રાવણે રામની પત્ની (સીતા)નું હરણ કર્યું. પત્ની-ભાઈ-પુત્ર વગેરે વડે કહેવાયું તો પણ રાવણે સીતાને ન છોડી. ૧૦૦૪.

૧૬. પ્રતિમાના અધિષ્ઠાયક દેવે લંકા અને લંકાના અધિપતિના (રાજાના) નાશને કહ્યો. ત્યારબાદ મંદોદરી વડે તે પ્રતિમા સમુદ્રમાં પધરાવાઈ. અને ૧૦૦૫.

આ બાજુ -

૧૭. કર્ણાટક દેશમાં કલ્યાણ નગરમાં જિનેશ્વરના ચરણ કમલમાં ભમરા સમાન, અખંડ ભાગ્યશાળી શંકર નામે રાજા હતો. ૧૦૦૬.

मिथ्यादृग् व्यन्तरोऽन्येद्युस्तत्र मारिं वितेनिवान् ।
तेन चिन्तातुराः सर्वे, नृपामात्यादयोऽभवन् ।।१८।।

नृपतिं दुःखितं ज्ञात्वा, स्वप्ने पद्मावती जगौ ।
माणिक्यदेवप्रतिमा, यास्त्यन्तःसागरस्थिता ।।१९।।

पुरेऽत्र यदि साऽभ्येति, तदा मारिर्व्यलीयते ।
लब्धोपायस्ततो भूपस्तथैव निखिलं व्यधात् ।।२०।।

तुष्टो लवणनाथोऽपि, भक्तियुक्त्या तदीयया ।
बिम्बं मन्दोदरीसत्कं, भूपालाय समर्प्ययत् ।।२१।।

उक्तं चैतत्प्रभावात्ते, सुभिक्षारोग्यसम्पदः ।
पृष्ठौ कृत्वा स्वयं बिम्बं, मार्ग्गे गच्छ यथासुखम् ।।२२।।

सन्देहं यत्र कर्त्तासि, तत्र स्थास्यति किन्त्विदम् ।
शिक्षां दत्त्वेति देवोऽपि, तिरोऽधत्त क्षणादपि ।।२३।।

आरोप्य पृष्टौ तामर्चां, ससैन्यः क्षितिपोऽचलत् ।
यावत्तिलिङ्गदेशस्य-कुल्यपाकपुरेऽगमत् ।।२४।।

तावच्चकार, सन्देहं, तद्धाराऽवेदनात् क्वचित् ।
किमागच्छति नो वेति, ततस्तत्रैव तत् स्थितम् ।।२५।।

श्रीकुल्यपाकनगरे, रम्यं चैत्यं विधाप्य नरपतिना ।
निर्म्मलमरकतमणिमय-रुचिरं तद्बिम्बमस्थापि ।।२६।।

૧૮. એક વાર મિથ્યાદૃષ્ટિ વ્યંતરે ત્યાં મારિ (રોગ) ને ફેલાવ્યો, તેથી રાજા-મંત્રી વિગેરે સર્વે ચિંતાતુર થયા. ૧૦૦૭.

૧૯. રાજાને દુઃખિત જાણીને પદ્માવતી દેવીએ સ્વપ્નમાં કહ્યું. માણિક્ય દેવની જે પ્રતિમા સમુદ્રની અંદર રહેલી છે. ૧૦૦૮.

૨૦. જો તે પ્રતિમા અહીં નગરમાં આવે તો મારિનો વિલય (વિનાશ) થાય. ત્યારબાદ ઉપાયને મેળવેલ રાજાએ એ પ્રમાણે જ સઘળું કાર્ય કર્યું. ૧૦૦૯.

૨૧. તે પ્રતિમા સંબંધી ભક્તિની યુક્તિ વડે ખુશ થયેલ લવણ સમુદ્રના અધિષ્ઠાયક દેવે પણ મંદોદરી સંબંધી તે પ્રતિમા રાજાને સમર્પણ કરી. ૧૦૧૦.

૨૨. અને કહ્યું કે આ પ્રતિમાના પ્રભાવથી તને સુકાળ, આરોગ્યની સંપત્તિ પ્રાપ્ત થશે. પ્રતિમાને તું પાછળ (પીઠની પાછળ મૂકીને) કરીને માર્ગમાં જેમ સુખ ઉપજે તેમ જા. ૧૦૧૧.

૨૩. પરંતુ તું જ્યાં શંકા (સંદેહ) કરશે ત્યાં આ પ્રતિમા સ્થિર થશે, એ પ્રમાણે શિક્ષા આપીને દેવ પણ ક્ષણં માત્રમાં અદ્રશ્ય થયો. ૧૦૧૨.

૨૪. તે પ્રતિમાને પાછળ સ્થાપન કરીને સૈન્ય સહિત રાજા ચાલ્યો. (અને) જેટલામાં તિલિંગ દેશમાં રહેલ કુલ્યપાક નગરમાં ગયો. ૧૦૧૩.

૨૫. તેટલામાં તે પ્રતિમાના ભારને નહિ જણાવાથી શું તે પ્રતિમા આવે છે કે નહિ ? એમ સંદેહ કર્યો. તેથી તે પ્રતિમા ત્યાં જ સ્થિર થઈ. ૧૦૧૪.

૨૬. રાજા વડે શ્રી કુલ્પાકનગરમાં મનોહર ચૈત્ય કરાવીને નિર્મલ મરકત મણિમય સુંદર તે પ્રતિમાને સ્થાપન કરાઈ. ૧૦૧૫.

षट्शताशीतिवर्षाणि, तद्बिम्बं गगने स्थितम् ।
तत्पूजनाञ्च रोगाणां, शान्तिरासीत् समं ततः ।।२७।।

पूजार्थं द्वादशग्रामा-नर्चकेभ्यः स दत्तवान् ।
भूपालो भूरिकालं च, तं जिनेन्द्रमपूजयत् ।।२८।।

स्वर्गादत्र समागतस्य शरदां लक्षा गिरीशप्रमा,
एकाशीतिशरत्सहस्रसहिता यस्य प्रभोः जज्ञिरे ।
त्रैलोक्याऽतिशयालुनाममहिमा माणिक्यदेवाभिधः,
स श्रीआदिजिनश्चिराय भवतां सम्पद्यतां श्रेयसे ।।२९।।

।। इति श्रीउपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे एकादश उपदेशः ।।

૨૭. છસો એંસી વર્ષ પર્યંત તે પ્રતિમા આકાશમાં રહી. ત્યારબાદ તે પ્રતિમાની પૂજાથી બધી જ રીતે રોગોની ઉપશાંતિ થઈ. ૧૦૧૬.

૨૮. રાજાએ પૂજાને માટે બાર ગામો પૂજારીને આપ્યા અને રાજાએ ઘણા સમય પર્યંત તે પરમાત્માને પૂજ્યા. ૧૦૧૭.

૨૯. અહીં દેવલોકથી આવેલ તે પરમાત્માની પ્રતિમાના અગ્યાર લાખ એક્યાશી હજાર વર્ષો જાણવા ત્રણ લોકમાં અતિશયવાળા, નામ વડે મહિમાવાળા માણિક્ય દેવ નામે તે શ્રી આદિનાથ પરમાત્મા લાંબા કાળ માટે તમારા કલ્યાણને માટે થાય. ૧૦૧૮.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના બીજા અધિકારમાં અગ્યારમો ઉપદેશ છે. ॥

"उपदेशः-१२"

जयत्यऽसौ स्तम्भनपार्श्वनाथः, प्रभावपुरैः परितः सनाथः ।
स्फुटीचकाराऽभयदेवसूरि - र्यां भूमिमध्यस्थितमूर्त्तिमिद्धाम् ।।१।।

पुरा श्रीपत्तने राज्यं, कुर्वाणे भीमभूपतौ ।
अभूवन् भूतले ख्याताः, श्रीजिनेश्वरसूरयः ।।१।।

सूरयोऽभयदेवाख्या-स्तेषां पट्टे दिदीपिरे ।
येभ्यः प्रतिष्ठामापन्नो, गच्छः खरतराऽभिधः ।।२।।

तेषामाचार्यवर्याणां, मान्यानां भूभृतामपि, ।
कुष्ठव्याधिरभूद्देहे, प्राच्यकर्म्माऽनुभावतः ।।३।।

ततः श्रीगुर्जरत्रायां, शम्भाणकपुरं प्रति ।
शक्त्यल्पत्वेऽपि ते चक्रु-र्विहारं गुरुपुङ्गवाः ।।४।।

रोगग्रस्ततयाऽत्यन्तं, सम्भाव्य स्वायुषः क्षयम् ।
मिथ्यादुष्कृतदानार्थं, सर्वं श्रीसङ्घमाह्वयन् ।।५।।

तस्यामेव निशीथिन्यां, स्वप्ने शासनदेवता ।
प्रभो ! स्वपिषि जागर्षि, किं वेत्याह गुरुं प्रति ।।६।।

रोगिणः क्वास्ति मे निद्रे-त्युक्ते देवी गुरुं जगौ ।
उन्मोटयत तद्धीताः, सूत्रस्य नवकुत्कुटीः ।।७।।

शक्तेरभावेऽप्युक्ते च, साह मैवं वचो वद ।
त्वमद्यापि नवाङ्गया य-द्वृत्तीः स्फीताः करिष्यसि ।।८।।

"ઉપદેશ-૧૨"

૧. ભૂમિની અંદર રહેલી જે શ્રેષ્ઠ મૂર્તિને પ. પૂ. આ. ભ. શ્રી અભયદેવસૂરીએ પ્રગટ કરી, અત્યંત પ્રભાવ વડે સર્વ રીતિએ જાગ્રત આ સ્તંભન (થંભણ) પાર્શ્વનાથ પરમાત્મા જય પામે છે. ૧૦૧૯.

૧. પહેલા શ્રી પાટણમાં ભીમરાજા રાજ્ય કરતો હતો. ત્યારે પ.પૂ.આ.શ્રી જિનેશ્વરસૂરી પૃથ્વી પર પ્રખ્યાત હતા. ૧૦૨૦.

૨. તેઓના પટ્ટમાં શ્રી અભયદેવસૂરી નામના આચાર્ય ભગવંત દીપતા હતા. જેમનાથી ખરતર નામે ગચ્છ પ્રતિષ્ઠાને પામ્યો. ૧૦૨૧.

૩. રાજાઓને પણ માન્ય એવા તે શ્રેષ્ઠ આચાર્ય ભગવંતના દેહમાં પૂર્વકર્મના ઉદયથી કોઢરોગ થયો. ૧૦૨૨.

૪. ત્યાર પછી શક્તિ અલ્પ હોવા છતાં પણ તે ગુરુપુંગવોએ શ્રી ગુજરાતમાં શમ્ભાણક નગર તરફ વિહાર કર્યો. ૧૦૨૩.

૫. અત્યંત રોગગ્રસ્ત હોવાથી પોતાના આયુષ્યના ક્ષયને વિચારીને 'મિચ્છામિ દુક્કડં' દેવા માટે સર્વ શ્રી સંઘને બોલાવ્યો. ૧૦૨૪.

૬. તે જ રાત્રિમાં સ્વપ્નમાં શાસનદેવતાએ ગુરુભગવંતને કહ્યું - હે પ્રભો ! શું તમે સૂઓ છો કે જાગો છો ? ૧૦૨૫.

૭. 'મારા જેવા રોગીને નિદ્રા ક્યાંથી હોય ?' એ પ્રમાણે કહેતે છતે દેવીએ ગુરુ ભગવંતને કહ્યું તો ' આ સૂત્રની નવ ટીકા રચો' ૧૦૨૬.

૮. આચાર્ય ભ. શક્તિનો અભાવ બતાવતે છતે દેવીએ કહ્યું - એ પ્રમાણે વચન ન બોલો, આજે પણ તમે નવ અંગ વડે વૃત્તિ પ્રગટ કરશો. ૧૦૨૭.

श्रीसुधर्म्मकृतग्रन्थान्, कथमर्थापयाम्यहम् ।
पङ्गोः प्रत्येति को नाम, मेर्वारोहणकौशलम् ।।९।।

देव्याह यत्र सन्देहः, स्मर्तव्याऽहं त्वया तदा ।
यथा भिनद्मि तान्सर्वान्, पृष्ट्वा सीमन्धरं जिनम् ।।१०।।

रोगग्रस्तः कथं मातः !, करोमि विवृतीरहम् ।
मा वादीस्तत्प्रतीकारे, किन्तूपायमिमं शृणु ।।११।।

अस्ति स्तम्भनकग्रामे, सेढी नाम महानदी ।
तस्यां श्रीपार्श्वनाथस्य, प्रतिमास्त्यतिशायिनी ।।१२।।

यत्र च क्षरति क्षीरं, प्रत्यहं कपिलेति गौः।
तत्खुरोत्खातभूमौ च, द्रक्ष्यसि प्रतिमामुखम् ।।१३।।

तदेवं सप्रभावं त-द्बिम्बं वन्दस्व भावतः ।
यथा त्वं स्वस्थदेहः स्याः, इति प्रोच्य गता सुरी ।।१४।।

प्रातर्जागरितास्तेऽथ, स्वप्नार्थमवबुध्य च ।
समं समग्रसङ्घेन, चेलुः स्तम्भनकं प्रति ।।१५।।

तत्र गत्वा यथास्थाने, प्रेक्ष्य पार्श्वजिनेश्वरम् ।
उल्लसत्सर्वरोमाञ्चाः, एवं ते तुष्टुवुर्मुदा ।।१६।।

जय तिहुयणवरकप्परुक्ख जय जिनधन्नंतरि,
जय तिहुयणकल्लाणकोस दुरिअक्करिकेसरि ।
तिहुयणजणअविलंघियाण भुवणत्तयसामिय,
कुणसु सुहाइं जिणेसपास थंभणपुरट्ठिय ।।१।।

૯. શ્રી સુધર્મસૂરીશ્વરજી મ.સા. વડે રચાયેલ ગ્રંથોનો અર્થ હું શી રીતે કરીશ ? પાંગળાના મેરૂપર્વત પર ચઢવાના કુશલપણાને કોણ સાચું માને ? ૧૦૨૮.

૧૦. દેવીએ કહ્યું - જ્યાં સંદેહ થાય ત્યારે તારા વડે મારું સ્મરણ કરવું. જેથી હું સીમંધરસ્વામીને પૂછીને સર્વ શંકાઓને દૂર કરીશ. ૧૦૨૯.

૧૧. હે માતા ! રોગગ્રસ્ત એવો હું શી રીતે વિવરણ કરું ? દેવીએ કહ્યું - આવું ન બોલ, રોગના પ્રતિકારમાં આ ઉપાય છે. એ પ્રમાણે તું સાંભળ. ૧૦૩૦.

૧૨. સ્તમ્ભનક ગામમાં સેઢી નામની મોટી નદી છે તેમાં શ્રી પાર્શ્વનાથ પરમાત્માની અતિશયવાળી પ્રતિમા છે. ૧૦૩૧.

૧૩. જ્યાં આ કપિલ વર્ણવાળી ગાય રોજ દૂધ ઝરે છે. તેના ખુરથી ખોદાયેલ ભૂમિમાં પ્રતિમાના મુખને તમે જોશો. ૧૦૩૨.

૧૪. પ્રભાવશાળી તે પ્રતિમાને ભાવપૂર્વક તું વંદન કર, જેથી તું સ્વસ્થ દેહવાળો થાય. એ પ્રમાણે કહીને દેવી ગઈ. ૧૦૩૩.

૧૫. સવારે જાગેલા તેઓ હવે સ્વપ્નના અર્થને જાણીને સમગ્ર શ્રી સંઘની સાથે સ્તમ્ભનક નગર તરફ ચાલ્યા. ૧૦૩૪.

૧૬. ત્યાં જઈને યથાસ્થાને (જે પ્રમાણે કહ્યું તે જગ્યાએ) શ્રી પાર્શ્વનાથ પરમાત્માને જોઈને ઉલ્લસિત સર્વ રોમાંચવાળા તેઓએ હર્ષપૂર્વક એ પ્રમાણે સ્તુતિ કરી. ૧૦૩૫.

૧. ત્રણ જગતમાં શ્રેષ્ઠ કલ્પવૃક્ષ સમાન પરમાત્મા જય પામો. ધનવંતરી વૈદ્ય સમાન જિનેશ્વર પરમાત્મા જય પામો. ત્રણ જગતમાં કલ્યાણના ભંડાર, દુરિત એવા હાથીને માટે સિંહ સમાન એવા પરમાત્મા જય પામો. ત્રણ જગતના લોકો વડે ન ઓળંગી શકાય એવા ત્રણ ભુવનના સ્વામી સ્તંભન નગરમાં રહેલ શ્રી પાર્શ્વનાથ જિનેશ્વર સુખોને કરો. ૧૦૩૬.

वृत्ते तु षोडशे सार्चा, सर्वाङ्ग प्रकटाऽभवत् ।
अत एवाग्रवृत्ते तैः, पञ्चक्खेति पदं कृतम् ।।१७।।

फणिफणफारफुरंतरयणकररंजियनहयल,
फलिणीकंदलदलतमालनीलुप्पलसामल ।
कमठासुरउवसग्गसंवग्गसग्गअगंजिय,
जय पञ्चक्खजिणेसपास थंभणयपुरट्ठिय ।।१।।

एवं द्वात्रिंशता वृत्तै-स्तुष्टुवुः पार्श्वतीर्थपम् ।
श्रीसङ्घोऽपि महापूजा-द्युत्सवांस्तत्र निर्ममे ।।१८।

अन्त्यवृत्तद्वयं तत्र, त्यक्त्वा देव्युपरोधतः ।
चक्रिरे त्रिंशता वृत्तैः, सप्रभावं स्तवं हि ते ।।१९।

तत्कालं रोगनिर्मुक्ताः, सूरयस्तेऽपि जज्ञिरे ।
नव्यकारितचैत्ये च, प्रतिमा सा निवेशिता ।।२०।।

स्थानाङ्गादिनवाङ्गानां, चक्रुस्ते विवृतीः क्रमात् ।
देवतावचनं न स्यात्, कल्पान्तेऽपि हि निष्फलम् ।।२१।।

सौवर्ण्णा नव्यनिष्पन्न-ग्रन्थपुस्तकसञ्चये ।
दृष्टा उत्तरिका भूपा-दिभिर्दिव्याऽनुभावतः ।।२२।।

पत्तने भीमभूपालो, द्रव्यलक्षत्रयव्ययात् ।
लेखयामास ताः सर्वा, वृत्तीः स्वपरसूरिभिः ।।२३।।

एवं ते सूरयो भूरि-कालं श्रीवीरशासने ।
चिरं प्रभावनां चक्रुः, प्राप्तसार्वत्रिकोदयाः ।।२४।।

૧૭. વળી સોળમા શ્લોકમાં 'તે પ્રતિમા સર્વ અંગોવાળી પ્રગટ થઈ' (એ પ્રમાણે જણાવ્યું). એ કારણથી આગળના શ્લોકમાં તેઓ વડે "પ્રત્યક્ષ" એ પ્રમાણે પદ કરાયું. ૧૦૩૭.

૧. સર્પની ફણા ઉપર સ્ફુરાયમાન થઈ રહેલ સુંદર રત્નના કિરણોથી રંગી દીધું છે નભસ્તલ જેમણે એવા, ફટકડીના કંદવાળા ટુકડાઓ તથા તમાલવૃક્ષ અને નીલોત્પલ જેવા શામળા કમઠ દેવે કરેલા ઉપસર્ગોના સમુદાયના સંસર્ગથી ગાંજ્યા નહિ ગયેલા સ્તંભનપુર સ્થિત હે પ્રત્યક્ષ પાર્શ્વ જિનેશ્વર ! તમે જયવંતા વર્તો. ૧૦૩૮.

૧૮. એ પ્રમાણે બત્રીશ શ્લોકો વડે શ્રી પાર્શ્વનાથ પરમાત્માની સ્તુતિ કરી. શ્રી સંઘે પણ ત્યાં મહાપૂજા વગેરે ઉત્સવોને કરાવ્યા. ૧૦૩૯.

૧૯. ત્યાં દેવીના ઉપરોધથી અંતિમ બે શ્લોકને છોડીને ત્રીશ શ્લોકો વડે પ્રભાવશાળી એવું તે સ્તોત્રને તેઓએ કર્યું. ૧૦૪૦.

૨૦. તે આચાર્ય ભગવંત પણ તત્કાળ રોગથી મુક્ત થયા અને નવીન કરાવેલા મંદિરમાં તે પ્રતિમા સ્થાપન કરી. ૧૦૪૧.

૨૧. અનુક્રમે તેમણે ઠાણાંગ વગેરે નવ અંગોની ટીકા રચી. ખરેખર કલ્પાંતે (યુગને અંતે) પણ દેવતાનું વચન નિષ્ફલ હોતું નથી. ૧૦૪૨.

૨૨. નવા બનાવેલા ગ્રંથના પુસ્તકોના ઢગલામાં સોનાની ઉતરિકા રાજા વિગેરે વડે દેવીના દિવ્ય પ્રભાવથી જોવાઈ. ૧૦૪૩.

૨૩. પાટણમાં ભીમરાજાએ ત્રણ લાખ દ્રવ્ય વ્યય કરીને પોતાના અને બીજા આચાર્યો વડે તે સર્વ ટીકાઓ લખાવી. ૧૦૪૪.

૨૪. એ પ્રમાણે પ્રાપ્ત કર્યો છે સર્વ ઠેકાણે અભ્યુદય જેણે એવા તે આચાર્ય ભગવંતે શ્રી વીરપરમાત્માના શાસનમાં લાંબા કાળ પર્યંત ઘણી પ્રભાવના કરી. ૧૦૪૫.

अज्ञायमानादिरमर्त्यनायक-श्रीरामकृष्णोरगपाम्बुपादिभिः ।
नानाविधस्थानकृतार्चनश्चिरं, पार्श्वप्रभुः पातु भवात् स देहिनः ।।२५।।

अथवा-पार्श्वे श्रीकुन्थुनाथस्य, मम्मणव्यवहारिणा ।
पृष्टं मोक्षः कदा भावी, मम स्वाम्यपि तं जगौ ।।२६।।

तीर्थे श्रीपार्श्वनाथस्य, तव सिद्धिर्भविष्यति ।
अचीकरदिमामर्चां, ततोऽसाविति केचन ।।२७।।

।। इति श्रीउपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे द्वादश उपदेशः ।।१२।।

૨૫. નહિ જણાતા એવા દેવોના નાયક શ્રી રામ-કૃષ્ણ-ગરૂડ, વરૂણ પામ્બુપ વિગેરે વડે અનેક સ્થાને શ્રી પાર્શ્વનાથ પરમાત્માની પૂજા લાંબા કાળ પર્યંત કરાયેલી છે તે પાર્શ્વનાથ પરમાત્મા પ્રાણીઓનું ભવથી રક્ષણ કરો. ૧૦૪૬.

૨૬. અથવા-મમ્મણ વ્યવહારી વડે શ્રી કુંથુનાથ પરમાત્માને પૂછાયું. 'મારો મોક્ષ ક્યારે થશે ? સ્વામીએ પણ તેને કહ્યું. ૧૦૪૭.

૨૭. શ્રી પાર્શ્વનાથ પરમાત્માના શાસનમાં તારી સિદ્ધિ (મોક્ષ) થશે. તેથી એણે આ પ્રતિમાને કરાવી. એ પ્રમાણે કેટલાક લોકો કહે છે. ૧૦૪૮.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના બીજા અધિકારમાં બારમો ઉપદેશ છે. ॥

"उपदेशः-१३"

जीर्णोद्धारं नूतनं वा जिनानां, ये प्रासादं कारयन्त्याऽऽस्तिकौघाः ।
ते स्युः पूज्या रामनामा यथेह, श्रेष्ठी श्रेयः श्रीनिवासो बभूव ।।१।।

श्रीनिवासपुरे श्रेष्ठी श्रीगुप्तः श्रीनिकेतनम् ।
स्वामी द्रव्याष्टकोटीनां, प्रकृत्या कृपणः पुनः ।।१।।

तत्पुत्रो विजयो नाम, स तु दानप्रियो भृशम् ।
पिता निषेधयत्येनं, दानं शूलं हि तादृशाम् ।।२।।

अन्येद्युः शूलरोगेण, श्रीगुप्तो मृत्युमाप्तवान् ।
अथाह जननी पुत्रं, शृणु वत्स ! वचो मम ।।३।।

त्वदीयजनकेनाऽष्टा-वत्र द्रविणकोटयः ।
सन्ति न्यासीकृतास्तास्त्वं, गृहाण च कृतार्थय ।।४।।

सोऽपि यावदुपादत्ते, तन्निधानमनाकुलः ।
तावद्ददर्श फूत्कार-भीषणं तत्र पन्नगम् ।।५।।

व्यावृत्त्य सहसोद्यातो, विजयस्तस्य दर्शनात् ।
एवं द्विस्त्रिरसौ चक्रे, न तथाप्याप्तवान्निधिम् ।।६।।

अन्यदा केवली कोऽपि, प्राप्तस्तत्र सुरद्रुवत् ।
समं राजादिलोकेन, विजयो वन्दितुं ययौ ।।७।।

तत्कृतां देशनां श्रुत्वा, विजयः पृष्टवानिति ।
निधिस्थाने कथं सर्प-दर्शनं मेऽभवत्प्रभो ! ।।८।।

"ઉપદેશ-૧૩"

૧. જે શ્રદ્ધાળુઓ જિનેશ્વર પરમાત્માના જુના મંદિરનો ઉદ્ધાર અથવા તો નવું મંદિર કરાવે છે તેઓ પૂજ્ય થાય છે. જેમ અહીં રામનામે શ્રેષ્ઠી કલ્યાણ રૂપી લક્ષ્મીના સ્થાનભૂત થયો. ૧૦૪૯.

૧. શ્રી નિવાસપુરમાં લક્ષ્મીના નિવાસસ્થાનભૂત આઠ કરોડ દ્રવ્યનો સ્વામી પણ સ્વભાવથી કૃપણ શ્રીગુપ્ત નામે શ્રેષ્ઠી હતો. ૧૦૫૦.

૨. તેમનો વિજય નામે પુત્ર હતો. તેને દાન આપવું ઘણું પ્રિય હતું. પરંતુ પિતા એને દાન આપવાનો નિષેધ કરે છે. ખરેખર તેવા પ્રકારના લોકોને દાન એ શૂલ લાગે છે. ૧૦૫૧.

૩. એક દિવસ શ્રી ગુપ્ત શ્રેષ્ઠી શૂલના રોગથી મૃત્યુને પામ્યો. હવે માતા પુત્રને કહે છે. હે પુત્ર ! તું મારું વચન સાંભળ. ૧૦૫૨.

૪. તારા પિતા વડે અહીં આઠ કરોડ ધન સ્થાપન કરાયેલું છે. તેને તું ગ્રહણ કર અને કૃતાર્થ કર. ૧૦૫૩.

૫. તે નિધાનને વિષે અનાસક્ત મનવાળો તે (પુત્ર) પણ તે ધનને જેટલામાં ઉપાડે છે. તેટલામાં ત્યાં ફુફાળા મારતાં ભયંકર સર્પને જોયો. ૧૦૫૪.

૬. તેના (સર્પના) દર્શનથી વિજય પાછો ફરીને એકાએક ફરી સામે ગયો. એમ એણે બે-ત્રણ વાર કર્યું તો પણ તે ધનને ન મેળવી શક્યો. ૧૦૫૫.

૭. એક વખત કલ્પવૃક્ષ સમાન કોઈક કેવળી ભગવંત ત્યાં પધાર્યા. રાજા વિગેરે લોકોની સાથે વિજય પણ વંદન કરવા માટે ગયો. ૧૦૫૬.

૮. કેવળી ભગવંત વડે અપાયેલી દેશનાને સાંભળીને વિજયે એ પ્રમાણે પૂછ્યું. હે પ્રભો ! ધનના સ્થાને મને સર્પનું દર્શન શી રીતે થયું ? ૧૦૫૭.

ज्ञानी प्राह त्वदीयो यः, पिता स व्यन्तरोऽभवत् ।
सर्प्परूपेण तेन त्वं, निधिं गृह्णन्निवारितः ।।९।।

व्यन्तरोऽन्येद्युरागत्य, राज्ञोऽग्रे प्राह वारय ।
निधिजिघृक्षुं विजयं, करिष्येऽनर्थमन्यथा ।।१०।।

नृपः प्राह निधानेन, त्वं किं कर्त्तासि मे वद ।
पुत्रस्तु कुरुतां दान-पूजादि त्वदनुग्रहात् ।।११।।

एवं कृते तवापि स्यात्, फलं पुण्यानुमोदनात् ।
इत्याद्युवाच राजेन्द्रस्तथाप्येष न बुद्धवान् ।।१२।।

निधानव्यन्तरस्तम्भ-कारकः कोऽपि कोविदः ।
अन्यदा विजयस्यैकः, प्राप्तो लोचनगोचरम् ।।१३।।

तस्य सान्निध्यतस्तेन, तमाक्रम्य हठादपि ।
तन्निधानमुपादायि, मूर्त्तं पुण्यमिवात्मनः ।।१४।।

तद्द्रव्यव्ययतः श्रीम-द्गुरूणामुपदेशतः ।
श्रीशान्तेर्जीर्णचैत्यस्य, स उद्धारं व्यदधीपत् ।।१५।।

उपदेशस्त्वयं -

नूतनश्रीजिनागार-विधाने यत्फलं भवेत् ।
तस्मादष्टगुणं पुण्यं, जीर्णोद्धारे विवेकिनाम् ।।१।।

૯. કેવલજ્ઞાની ભગવંતે કહ્યું જે તમારા પિતા હતા, તે વ્યંતર દેવ થયા. સર્પના રૂપવાળા તેમના વડે નિધિને ગ્રહણ કરતા એવા તને અટકાવાયો. ૧૦૫૮.

૧૦. એક દિવસ વ્યંતરદેવે આવીને રાજાની આગળ કહ્યું - ધનને ગ્રહણ કરવાની ઈચ્છાવાળા વિજયને તમે વારો અન્યથા હું અનર્થને કરીશ. ૧૦૫૯.

૧૧. રાજાએ કહ્યું - ધન વડે તું શું કરશે ? તું મને કહે - વળી તારા અનુગ્રહથી (તારો) પુત્ર દાન-પૂજા વગેરે કરો. ૧૦૬૦.

૧૨. એ પ્રમાણે કરતે છતે પુણ્યકાર્યની અનુમોદના કરવાથી તને પણ ફળ (પ્રાપ્ત) થાય વગેરે રાજાએ કહ્યું. તો પણ આ (વ્યંતરદેવ) સમજ્યો (માન્યો) નહીં. ૧૦૬૧.

૧૩. એક વખત નિધાનના વ્યંતરદેવને થાંભલા રૂપે કરનાર કોઈક જ્ઞાની ભગવંત વિજયની દૃષ્ટિના વિષય બન્યા (અર્થાત્ વિજયને મળ્યા.) ૧૦૬૨.

૧૪. તેમના સાનિધ્યથી બલાત્કારે પણ તેને (સર્પને) દૂર કરીને તેના (વિજય) વડે સાક્ષાત્ પોતાના પુણ્યની જેમ તે નિધાનને ઉપાડાયું. ૧૦૬૩.

૧૫. શ્રી ગુરુભગવંતના ઉપદેશથી તે દ્રવ્યના વ્યયથી તેણે શ્રી શાંતિનાથ પરમાત્માના જીર્ણ મંદિરનો ઉદ્ધાર કરાવ્યો. ૧૦૬૪.

વળી એનો ઉપદેશ આ પ્રમાણે છે -

૧. વિવેકવાળા પ્રાણીઓને શ્રી જિનેશ્વર પરમાત્માના નવા મંદિરને કરાવવામાં જે ફલની પ્રાપ્તિ થાય છે. તેના કરતા આઠ ગણું પુણ્ય જીર્ણ મંદિરનો ઉદ્ધાર કરાવવામાં થાય છે. ૧૦૬૫.

श्रीहेमसूरिवाक्यं श्रीआम्रभटं प्रति ।।

अचीकरत् प्रतिष्ठादि-विस्तरांश्च मनोहरान् ।
श्रीसङ्घोऽपि ध्वजस्नात्र-प्रमुखं तत्र निर्ममे ।।१६।।

अन्यदा तस्करं कञ्चिद्वधार्थं राजपुरुषैः ।
नीयमानं पुरेऽपश्य-द्विजयश्चैत्यसंस्थितः ।।१७।।

विजयो मोचयत्येनं, भूपं विज्ञाप्य सोऽपि तम् ।
उवाचाऽञ्जनसिद्धो-ऽयमन्तःपुरविनाशकृत् ।।१८।।

स्वविद्यां वक्ति यद्येष, तदा मुञ्चामि नान्यथा ।
तेनाऽनुक्तेऽप्यसौ चौरं, त्रिदिनावध्यमूमुचत् ।।१९।।

नीतो जिनगृहस्यान्त-श्चौरस्तच्चैत्यदर्शनात् ।
प्राप्तो जातिस्मृतिं प्राह, तदग्रे प्राग्भवं निजम् ।।२०।।

तथाहि प्रागिह ग्रामे, श्रेष्ठी राम इति श्रुतः ।
अभूद् भूरिविभूतीना-माश्रयः श्रावकोत्तमः ।।२१।।

तेनेदं चैत्यमारेभे, निर्मापयितुमादरात् ।
परं चैत्येऽर्द्धनिष्पन्ने, क्षीणद्रव्यो बभूव सः ।।२२।।

आराध्य सिद्धपुरुषं, कोटीवेधरसं ततः ।
प्राप्य जातेन वित्तेन, पूर्णचैत्यमकारयत् ।।२३।।

શ્રી આમ્રભટની પ્રતિ આ. ભ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ. સા. ના વાક્યો -

૧૬. મનને આનંદ પમાડે એવો પ્રતિષ્ઠાદિના વિસ્તારને તેણે કર્યો. શ્રી સંઘે પણ ત્યાં ધ્વજા-સ્નાત્ર વગેરે કર્યું. ૧૦૬૬.

૧૭. એક વખત મંદિરમાં રહેલ વિજયે રાજાના પુરુષો વડે વધને માટે નગરમાં લઈ જવાતા કોઈક ચોરને જોયો. ૧૦૬૭.

૧૮. વિજય રાજાને વિનંતિ કરીને આ ચોરને છોડાવે છે. રાજાએ પણ વિજયને કહ્યું. અંજનની સિદ્ધિને પ્રાપ્ત કરેલ આ ચોર અંતઃપુરનો વિનાશ કરનાર છે. ૧૦૬૮.

૧૯. જો આ પોતાની વિદ્યાને જણાવે તો હું આ ચોરને છોડું અન્યથા નહીં. તેના (ચોર) વડે નહિ કહેવાયે છતે આ ચોરને ત્રણ દિવસની મર્યાદા સુધી છોડ્યો. ૧૦૬૯.

૨૦. ચોર મંદિરની અંદર લઈ જવાયો. તેણે (ચોરે) પરમાત્માના દર્શનથી જાતિસ્મરણ જ્ઞાનને પ્રાપ્ત કર્યું (અને) રાજાની આગળ પોતાના પૂર્વ ભવને કહ્યો. ૧૦૭૦.

૨૧. તે આ પ્રમાણે - પહેલા આ ગામમાં ઘણા ઐશ્વર્યના સ્વામી ઉત્તમ-શ્રાવક રામ નામે શ્રેષ્ઠી એ પ્રમાણે પ્રસિદ્ધ હતો. ૧૦૭૧.

૨૨. તેના વડે આ દહેરાસર બનાવવા માટે આદરપૂર્વક કાર્ય આરંભ કરાયો. પરંતુ મંદિર બનતે છતે તે (શ્રેષ્ઠિ) ક્ષીણ દ્રવ્યવાળા થયા. ૧૦૭૨.

૨૩. ત્યારબાદ સિદ્ધ પુરુષને આરાધીને લોઢા પર જે રસનું એક ટીપું નાખવાથી સુવર્ણ બને એવા કોટીવેધરસને પ્રાપ્ત કરીને ઉત્પન્ન થયેલ ધન વડે મંદિરને પૂર્ણ કરાવ્યું. ૧૦૭૩.

सौवर्णदण्डकलशं, मण्डपश्रेणिसुन्दरम् ।
सदेवकुलिकायुक्तं, तच्चैत्यं क्रमतोऽजनि ।।२४।।

कारं कारं तत्र भक्त्या, स्तुत्यर्चादि जिनेशितुः ।
स श्रेष्ठी वार्द्धके प्राप्ते, तपस्यां प्रतिपन्नवान् ।।२५।।

किञ्चिद्व्रतं विराध्याऽथ, स मृत्वाप कुदेवताम् ।
ततश्च्युत्वाऽभवत्सोऽहं, तस्करस्तास्करे कुले ।।२६।।

प्रासादमद्य दृष्ट्वाहं, जातिस्मरणमाप्तवान् ।
जीर्णोद्धारं विधाप्याऽत्र, त्वं मे साधर्म्मिकोऽभवः ।।२७।।

न केवलं त्वया स्वात्मा, जिर्णोद्धारवितन्वता ।
समुद्धृतोऽहमप्युच्चैः, पतन्नरककोटरे ।।२८।।

इत्यालापपरश्चौरो, देवतादत्तवेषभृत् ।
सञ्जातः संयतो भूप-प्रमुखास्तं ववन्दिरे ।।२९।।

क्रमाच्च स गतो मोक्षं, विजयोऽप्याप्य सद्व्रतम् ।
सौधर्मे त्रिदशीभूय, भवेनैकेन निर्वृतः ।।३०।।

इति चैतन्यवीननिर्मितेः, फलमाकर्ण्य तदुद्धृतेस्तथा ।
भविकाः ! भवभञ्जनेच्छवः, क्रियतां चैत्यविधापने मनः ।।३१।।

।। इति श्रीउपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे त्रयोदश उपदेशः ।।१३।।

૨૪. સુવર્ણના દંડયુક્ત કલશવાળું સુંદર એવી મંડપની શ્રેણિવાળુ દેવકુલિકાથી યુક્ત અનુક્રમે તે મંદિર થયું. ૧૦૭૪.

૨૫. ત્યાં જિનેશ્વર પરમાત્માની સ્તુતિ પૂજા વગેરે ભક્તિપૂર્વક વારંવાર કરી. વૃદ્ધપણું પ્રાપ્ત થયે છતે તે શ્રેષ્ઠીએ તપસ્યાને સ્વીકારી. ૧૦૭૫.

૨૬. કંઈક વ્રતની વિરાધના કરીને મરીને તે કુદેવપણું પામ્યો. ત્યાંથી ચ્યવીને તે હું ચોરના કુલમાં ચોર થયો. ૧૦૭૬.

૨૭. આજે મંદિરને જોઈને હું જાતિસ્મરણ જ્ઞાનને પામ્યો. અહીં જિર્ણોદ્ધારને કરાવીને તમે મારા સાધર્મિક થયા. ૧૦૭૭.

૨૮. જીર્ણોદ્ધારને કરાવતા એવા તમારા વડે માત્ર પોતાનો આત્મા જ નહીં - પરંતુ નરકરૂપી ખાડામાં પડતો એવો હું ઉચ્ચ પ્રકારે ઉદ્ધાર કરાયો. ૧૦૭૮.

૨૯. એ પ્રમાણે બોલવામાં તત્પર તે ચોર, દેવતાએ આપેલ વેષને ધારણ કરનાર સંયત થયો. રાજા વિગેરેએ તેને (સંયતને) વંદન કર્યું. ૧૦૭૯.

૩૦. અનુક્રમે તે મોક્ષમાં ગયો અને વિજય પણ સદ્વ્રતને સ્વીકારીને સૌધર્મ દેવલોકમાં દેવ થઈને એક ભવને ધારણ કરવા વડે નિર્વાણ પામ્યો. ૧૦૮૦.

૩૧. એ પ્રમાણે નવા મંદિરના નિર્માણના તેમજ જીર્ણોદ્ધારના ફલને સાંભળીને ભવનો નાશ કરવાની ઈચ્છાવાળા હે ભવ્ય પ્રાણીઓ ! મંદિરને કરાવવામાં તમે મનને કરો. ૧૦૮૧.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના બીજા અધિકારમાં તેરમો ઉપદેશ છે. ॥

"उपदेशः-१४"

धन्यस्य कस्यापि भवन्ति भाग्यतः, श्रीतीर्थयोगाः सकलेष्टदायिनः ।
तत्रापि सिद्धाचलभूरियं यया, हत्यादिदोषा अपि दूरतः कृताः ।।१।।

श्रावस्त्यामस्ति धात्रीश-स्त्रिशङ्कुकुलदीपकः ।
त्रिविक्रम इति त्रात-त्रैलोक्यः स्वपराक्रमैः ।।१।।

सोऽन्यदा कानने क्वापि, क्रीडन्नीडनिवासिनम् ।
वटे कटुरटन्तं च, पक्षिणं कञ्चिदैक्षत ।।२।।

दुष्टः शकुन इत्येष, बाणमाकृष्य तं जवात् ।
जघान सानुतापश्च, पश्चात्किञ्चिदजायत ।।३।।

कालान्तरे स भूजानि-र्वैराग्यभररञ्जितः ।
अङ्गीकृत्य परिव्रज्यां, क्रमाज्जातो महाऋषिः ।।४।।

उत्पन्नतेजोलेश्याकः, स दुस्तपतपोभरैः ।
प्रबोधयन् भव्यलोकान्, विजहार वसुन्धराम् ।।५।।

स खगोऽपि तदा मृत्वा, भिल्लः पल्ल्यामभूत् क्वचित् ।
कुर्वन्विविधपापानि, सञ्जातः स्वोदरंभरिः ।।६।।

अन्येद्युः स ऋषिः क्वापि, विहरंस्तस्य दृक्पथे ।
पपात तेन यष्ट्याद्यै-स्ताडितः कुपितात्मना ।।७।।

कोपाटोपाकुलत्वेन, विस्मृत्याचारमात्मनः ।
स्वतेजोलेश्यया भिल्लं, तं वराकमदीदहत् ।।८।।

"ઉપદેશ-૧૪"

૧. કોઈ પણ ધન્ય પુરુષને પણ સર્વ ઈચ્છિતને આપનાર એવો શ્રી તીર્થનો યોગ ભાગ્યથી થાય છે. તેમાં પણ આ સિદ્ધાચલની ભૂમિ છે. જેના વડે હત્યા વગેરે દોષો પણ દૂર કરાયા છે. ૧૦૮૨.

૧. શ્રાવસ્તી (સાવત્થી) નગરીમાં ત્રિશંકુ કુલમાં દીપક સમાન, પોતાના પરાક્રમ વડે ત્રણ લોકનું રક્ષણ કરનાર ત્રિવિક્રમ એ પ્રમાણે રાજા છે. ૧૦૮૩.

૨. એક વખત તેણે જંગલમાં ક્યાંક વડના ઝાડ પર પક્ષીઓના માળામાં ક્રીડા કરતા અને કટુ બોલનાર કોઈક પક્ષિને જોયું. ૧૦૮૪.

૩. આ દુષ્ટ પક્ષી છે એ પ્રમાણે (વિચારીને રાજાએ) વેગથી બાણને ખેંચીને તેને (પક્ષીને) હણ્યું અને પાછળથી કંઈક પશ્ચાત્તાપ થયો. ૧૦૮૫.

૪. અમુક સમય પછી (વૈરાગ્યથી રંગાયેલ) વૈરાગ્યપૂર્ણ રાજા દીક્ષાને અંગીકાર કરીને અનુક્રમે મહાન ઋષિ થયો. ૧૦૮૬.

૫. દુષ્કર એવા તપોને કરવા વડે ઉત્પન્ન થયેલ તેજાલેશ્યાવાળા તે ઋષિએ ભવ્ય પ્રાણીઓને બોધ પમાડતા પૃથ્વી પર વિહાર કર્યો. ૧૦૮૭.

૬. ત્યારે તે પક્ષી પણ મરીને કોઈક ઠેકાણે પલ્લીમાં ભીલ થયો. વિવિધ પ્રકારના પાપોને કરતો પોતાનું પેટ ભરનાર થયો. ૧૦૮૮.

૭. એક દિવસ વિહાર કરતા તે ઋષિ ક્યાંક તેને (ભીલને) દૃષ્ટિમાર્ગમાં આવ્યા. ગુસ્સે થયેલ એવા તેના વડે લાકડી વગેરેથી તાડન કરાયા. ૧૦૮૯.

૮. અત્યંત કોપ વડે આકુલ હોવાથી પોતાના આચારને ભૂલી જઈને પોતાને ઉત્પન્ન થયેલ તેજોલેશ્યા વડે તે ભીલને બાળ્યો. ૧૦૯૦.

भिल्लो विपद्य सञ्जातः, केसरी क्वापि कानने ।
स तथैव ऋषिः पुच्छा-च्छोटिनं तममारयत् ।।९।।

सञ्जातस्तदनुद्वीपी, मारितश्च तथैव सः ।
तस्य हि भ्रष्टवृत्तस्य, तेजोलेश्यास्त्रतां ययौ ।।१०।।

ततो राजगृहे जातः, सण्डः सम्मुखधावनात् ।
सोऽपि व्यापादितो तेन, पूर्ववन्मत्सरस्पृशा ।।११।।

ततः फणीफणाभार-भारितो भीषणाकृतिः ।
निरीक्ष्य तं मुनिं कायो-त्सर्गस्थं सोऽभ्यधावत ।।१२।।

प्राग्वत्तं हतवान्साधुः, सञ्जातो ब्राह्मणस्ततः ।
निन्दां कुर्वन् हतः क्वाऽहो !, निर्विवेकस्य संवरः ।।१३।।

हत्यासप्तकमित्येष, निर्ममोऽपि विनिर्ममे ।
योगिनोऽपीति पापानि, कर्मणां धिग् विजृम्भितम् ।।१४।।

द्विजो वाणारसीपुर्यां, महाबाहुनृपोऽभवत् ।
यथाप्रवृत्तकरणा-च्छुभकर्म्मोदयोन्मुखः ।।१५।।

देवो रासभतां याति, रासभोऽपि नरेन्द्रताम् ।
ईश्वरो निःस्वतां चेति, कटरे ! भवनाटकम् ।।१६।।

स भूपतिर्गवाक्षस्थो-ऽन्यदा कञ्चन संयतम् ।
प्रेक्ष्य जातिस्मृतेः प्राच्यं, ज्ञातवान् भवसप्तकम् ।।१७।।

૯. ભીલ મરીને જંગલમાં ક્યાંક સિંહ થયો. તે ઋષિએ તે પ્રમાણે જ પૂછડી વડે પછાળીને તેને (સિંહને) માર્યો. ૧૦૯૧.

૧૦. તે પછી તે દીપડો થયો અને તેણે તે પ્રમાણે જ માર્યો. ભ્રષ્ટ વૃત્તિવાળા તેની તેજોલેશ્યા શસ્ત્રપણાને પામી. ૧૦૯૨.

૧૧. ત્યારબાદ રાજગૃહનગરમાં તે સાંઢ થયો. સામે દોડવાથી તે (સાંઢ) પણ મત્સરને સ્પર્શેલ એવા તેના વડે પૂર્વની જેમ મરાયો. ૧૦૯૩.

૧૨. ત્યારબાદ કાયોત્સર્ગમાં રહેલા તે મુનિને જોઈને ફણાના ભારને ધારણ કરનાર (ફણીધર) ભયાનક આકૃતિવાળો ફણીધર નાગ તે મુનિ તરફ દોડ્યો. ૧૦૯૪.

૧૩. પહેલાની જેમ તેને (નાગને) સાધુએ હણ્યો ત્યારબાદ બ્રાહ્મણ થયો. અહો વિવેક રહિતને સંવર ક્યાંથી હોય ? એ પ્રમાણે નિંદાને કરતો હણાયો. ૧૦૯૫.

૧૪. નિર્મમ એવા એણે એ પ્રમાણે સાત હત્યાઓ કરી. યોગીના પાપકર્મના વિકાસને પણ ધિક્કાર હો. ૧૦૯૬.

૧૫. યથા પ્રવૃત્તિકરણ કરવાથી શુભ કર્મના ઉદયને સન્મુખ બ્રાહ્મણ વારાણસી નગરીમાં મહાબાહુ નામે રાજા થયો. ૧૦૯૭.

૧૬. દેવ ગધેડાપણાને ગધેડો પણ રાજાપણાને અને ધનવાન ગરીબપણાને પામે છે. ખેદની વાત છે કે સંસારનું નાટક આ પ્રમાણે છે. ૧૦૯૮.

૧૭. એક વખત ઝરૂખામાં રહેલા તે રાજાએ કોઈક ઋષિને જોઈને જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વના સાત ભવોને જાણ્યા. ૧૦૯૯.

अहो ! तस्य मुनेस्त्यक्त-सङ्गस्याप्यघहेतुकः ।
एषोऽहमजनीत्यादि-रनर्थो मन्निमित्तजः ।।१८।।

भवेऽत्रापि स मां कोपात्, पुनश्चेन्मारयिष्यति ।
तदैवंविधराज्यस्य, भ्रंशो भावी हहा ! मुधा ।।१९।।

अत्र चेदेत्यसौ साधुः, स्वागस्तत् क्षमयाम्यहम् ।
विमृश्येति कृतं तेन, श्लोकार्द्धं भीतचेतसा ।।२०।।

विहङ्गः शबरः सिंहो, द्वीपी सण्डः फणी द्विजः ।
अन्त्यार्द्धं पूरयेत्तस्य, लक्ष्यमित्युदघोषयत् ।।२१।।

तं पपाठ जनः सर्वः, परं कोऽपि न पूरयेत् ।
छद्मस्थानां हि दुर्लक्ष्यं, परिचित्तोपलक्षणम् ।।२२।।

स एव विहरन्नागात्, मुनिस्तत्र पुरेऽन्यदा ।
उद्गीयमानं गोपेन, श्लोकखण्डं च शुश्रुवे ।।२३।।

क्षणं विमृश्य ज्ञात्वा चो-त्तरार्द्धमिति सोऽवदत् ।
येनाऽमी निहताः कोपात्, स कथं भविता हहा ! ।।२४।।

गोपो निशम्य श्लोकं तं, पूर्णं राज्ञे न्यवेदयत् ।
समस्येयं मयाऽपूरि, स धैर्यमिति सोऽवदत् ।।२५।।

न मनो विस्मितं राज्ञो, निर्बन्धे सत्यमाह सः ।
श्रुत्वा तत्तत्र गत्वा तं, क्षमयामास पार्थिवः ।।२६।।

૧૮. અહો ! ત્યાગ કર્યો છે સંગનો જેણે એવા તે મુનિને હું પાપનો હેતુ થયો. ઈત્યાદિ અનર્થ મારા નિમિત્તે થયા. ૧૧૦૦.

૧૯. અહો ! ખેદની વાત છે કે આ ભવમાં પણ જો તે મને કોપથી મારશે તો ફોગટ આવા પ્રકારના રાજ્યનો નાશ થશે. ૧૧૦૧.

૨૦. જો આ સાધુ અહીં આવે તો હું તેને ખમાવું. એ પ્રમાણે વિચારીને ભયભીત ચિત્તવાળા તેના વડે અડધો શ્લોક કરાયો. (રચાયો). ૧૧૦૨.

૨૧. "પક્ષી, ભીલ, સિંહ, દીપડો, સાંઢ, નાગ, બ્રાહ્મણ" આ શ્લોક છે.) અંતિમ અડધો શ્લોક પૂર્ણ કરે તેને લાખનું ઈનામ આપીશ. એ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરાવી. ૧૧૦૩.

૨૨. સર્વ લોકોએ તે ઉદ્‌ઘોષણાને વાંચી. પરંતુ કોઈ પણ તેને (અંતિમ અડધા શ્લોકને) પૂર્ણ કરતું નથી. ખરેખર બીજાના મનના વિચારો જાણવા તે છદ્મસ્થ લોકોને માટે દુર્લક્ષ્ય છે. ૧૧૦૪.

૨૩. એક વખત તે નગરમાં વિહાર કરતા તે જ મુનિ ભગવંત પધાર્યા અને ગોવાળીયા વડે ગવાતા અડધા શ્લોકને સાંભળ્યો. ૧૧૦૫.

૨૪. ક્ષણ માત્ર વિચારીને અને ઉત્તરાર્ધ અડધા શ્લોકને જાણીને તેણે (મુનિ ભગવંતે) એ પ્રમાણે કહ્યું. 'જેના વડે આ કોપથી હણાયા. અહો ! તેનું શું (કઈ ગતિ) થશે ? ૧૧૦૬.

૨૫. ગોવાળીયાએ સાંભળીને તે સંપૂર્ણ શ્લોકને રાજાની આગળ નિવેદન કર્યું. આ સમસ્યા મારા વડે પૂર્ણ કરાઈ, ધૈર્યતાપૂર્વક તેણે એ પ્રમાણે કહ્યું. ૧૧૦૭.

૨૬. રાજાનું મન વિસ્મયવાળું ન થયું. આગ્રહ કર્યે છતે તેણે (ગોવાળીયાએ) સત્ય જ કહ્યું. તે સાંભળીને રાજાએ ત્યાં જઈને મુનિને ખમાવ્યા. ૧૧૦૮.

स्वस्वापराधं निन्दन्तौ, गर्हन्तौ च परस्परम् ।
तौ क्षमाधिपती वार्त्तां, चिरं प्रीत्या वितेनतुः ।।२७।।

अत्रान्तरे तयोः पाप-शुध्यर्थं केऽपि सूरयः ।
आजग्मुः केवलज्ञाना-ऽवलोकितजगत्त्रयाः ।।२८।।

स साधुः स च भूपालो, नन्तुं केवलिनं मुनिम् ।
आजग्मतुर्महानन्द-पूरितौ भक्तिसंयुतौ ।।२९।।

समाधिना श्रुता ताभ्यां, तत्कृता धर्म्मदेशना ।
सम्यग् निजं निजं पाप-मुक्तं तस्य पुरः पुनः ।।३०।।

केवली प्राह राजेन्द्र !, गच्छ शत्रुञ्जयं गिरिम् ।
नमस्यन्नर्हतस्तत्र, ज्ञानं सिद्धिं च लप्स्यसे ।।३१।।

घनं तवापि कर्मेदं, विना शत्रुञ्जयं मुने ! ।
क्षयं न यास्यति प्रौढै-स्तपोभिरपि सेवितैः ।।३२।।

त्वमेनं पुरतः कृत्वा, गुरूं भूपजनैः समम् ।
शत्रुञ्जयादितीर्थेषु, कुरु यात्रां समाहितः ।।३३।।

यात्रान्ते सर्वविरतो, निरतो ब्रह्मणि स्थिरे ।
अनेन मुनिना सार्द्धं, चारित्रं परिपालय ।।३४।।

इति श्रुत्वा तथा कृत्वा, द्वावप्येतौ क्षमापती ।
हत्वा हत्यादिपापानि, सिद्धौ शत्रुञ्जयाचले ।।३५।।

श्रीतीर्थमाहात्म्यमिति श्रवःपुटै-र्निपीय पीयूषमिवाऽतिहर्षितः ।
त्यजन्तु भो भव्यजनाः ! कुवासना-विषं सुखं मुक्तिभवं भजन्तु च ।।३६।।

।। इति श्रीउपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे चतुर्दश उपदेशः ।।१४।।

૨૭. પોતપોતાના અપરાધની નિંદા અને ગર્હા કરતા પરસ્પર ક્ષમાને ધારણ કરનારા એવા તે બંનેએ પ્રીતિપૂર્વક ઘણા સમય સુધી વાતો કરી. ૧૧૦૯.

૨૮. આની વચ્ચે તે બંનેની પાપની શુદ્ધિને માટે કેવલજ્ઞાન વડે જોયું છે ત્રણ જગતનું સ્વરૂપ જેણે એવા આચાર્ય ભગવંત પધાર્યા. ૧૧૧૦.

૨૯. અત્યંત આનંદથી પરિપૂર્ણ ભક્તિ સહિત તે સાધુ અને તે રાજા કેવલી મુનિ ભગવંતને વંદન કરવા માટે આવ્યા. ૧૧૧૧.

૩૦. તેમના વડે (કેવલી મુનિ વડે) અપાયેલી ધર્મદેશના તે બંને વડે સમાધિપૂર્વક સંભળાઈ. પછી પોતપોતાના પાપો સારી રીતે તેમની આગળ કહેવાયા. ૧૧૧૨.

૩૧. કેવલી ભગવંતે કહ્યું, હે રાજેન્દ્ર ! તું શત્રુંજય પર્વત પર જા. અરિહંત પરમાત્માને નમસ્કાર કરતા ત્યાં તને કેવલજ્ઞાન અને મોક્ષ મળશે. ૧૧૧૩.

૩૨. હે મુનિ ! તારા કઠોર એવા આ કર્મ ઘણા તપને સેવવા વડે પણ શત્રુંજય વિના નાશ પામશે નહીં. ૧૧૧૪.

૩૩. હે રાજન્ ! તમે આ ગુરુને આગળ કરીને અન્ય રાજા વગેરે લોકોની સાથે સમાધિપૂર્વક શત્રુંજય વિગેરે તીર્થોમાં યાત્રાને કરો. ૧૧૧૫.

૩૪. યાત્રાના અંતે આત્મા સ્થિર થયે છતે સર્વ પાપથી અટકેલા આસક્તિ રહિત તમે આ મુનિની સાથે ચારિત્રનું પાલન કરો. ૧૧૧૬.

૩૫. એમ સાંભળીને તે પ્રમાણે કરીને ક્ષમાને ધારણ કરનાર એવા આ બંને પણ હત્યાદિ પાપોનો નાશ કરીને શત્રુંજય પર્વત પર સિદ્ધ થયા. ૧૧૧૭.

૩૬. હે ભવ્ય પ્રાણીઓ ! શ્રી તીર્થના મહિમાને એ પ્રમાણે કર્ણ સંપુટ વડે અમૃતની જેમ પીને અત્યંત હર્ષપૂર્વક કુવાસના રૂપી ઝેરનો ત્યાગ કરો અને મોક્ષમાં પ્રાપ્ત થનાર સુખને ભજો. ૧૧૧૮.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના બીજા અધિકારમાં ચૌદમો ઉપદેશ છે ॥

"उपदेशः-१५"

लक्ष्मीः कृतार्था खलु सैव या जिन-प्रासादपूजाद्युपयोगिनी भवेत् ।
सपादकोटीमणिना विभूषितं, हारं यथा श्रीजगडो व्यधापयत् ।।१।।

भूपः कुमारपालाख्यो-ऽन्यदा शत्रुञ्जयं प्रति ।
यात्रायै प्रगुणीभूतो, बहिःप्रस्थानमातनोत् ।।१।।

तत्र चाऽवसरे कश्चिद्भूपमेत्य व्यजिज्ञपत् ।
आयाति त्वामुपद्रोतुं, कर्णो डाहलदेशराट् ।।२।।

श्रुत्वेति भूपतिः खिन्नो, ध्वस्तयात्रामनोरथः ।
आगत्य गुरुपादान्ते, स्वं निनिन्द मुहुर्मुहुः ।।३।।

किञ्चिद्विचिन्त्य तेऽप्याहुः, खेदं राजेन्द्र ! मा कृथाः
द्वादशप्रहरप्रान्ते, समाधिर्भविता तव ।।४।।

इति स्वस्थीकृते भूपे, निर्णीतसमये ततः ।
कोऽप्युपेत्य नृपं प्राह, कर्णस्तव रिपुर्मृतः ।।५।।

रजन्यां विषमे क्वापि, निद्रामुद्रितलोचनः ।
उछलत्तुरगारूढः, कण्ठस्थस्वर्णशृङ्खलः ।।६।।

अन्तःप्रविष्टन्यग्रोध-शाखायां लम्बितः क्षणात् ।
पञ्चत्वं प्राप्त इत्येतद्-दृष्ट्या दृष्ट्वाऽहमागतः ।।७।।

शोचयित्वा क्षणं भूपो, द्विसप्ततिनृपैर्युतः ।
चलितस्तीर्थयात्रायै, समं श्रीहेमसूरिणा ।।८।।

"ઉપદેશ-૧૫"

૧. ખરેખર તે જ લક્ષ્મી કૃતકૃત્ય છે કે જે જિનેશ્વર પરમાત્માના મંદિર, પૂજા વગેરેમાં ઉપયોગી થાય. જેમ સવા કરોડ મૂલ્યવાળા મણિ વડે વિભૂષિત એવા હારને શ્રી જગડૂશાહે કરાવ્યો હતો. ૧૧૧૯.

૧. એક વખત શત્રુંજય તરફ યાત્રાને માટે તૈયાર થયેલ કુમારપાલ નામના રાજાએ બહાર પ્રસ્થાન કર્યું. ૧૧૨૦.

૨. તે અવસરે કોઈકે રાજાને આવીને જણાવ્યું. ડાહલ દેશનો કર્ણ નામે રાજા તમને ઉપદ્રવ કરવા માટે આવે છે. ૧૧૨૧.

૩. એ પ્રમાણે સાંભળીને રાજા ખેદને પામ્યો. નાશ પામ્યા છે યાત્રાના મનોરથ જેના એવા તે રાજાએ ગુરુની સમીપે વારંવાર પોતાની નિંદા કરી. ૧૧૨૨.

૪. ગુરુ ભગવંતે પણ કંઈક વિચારીને કહ્યું કે રાજેન્દ્ર ! ખેદ ન કરો. બારમા પ્રહરને અંતે તને સમાધિ થશે. ૧૧૨૩.

૫. ત્યારબાદ રાજા સ્વસ્થ કરાયે છતે નિર્ણય કરેલ સમયે કોઈકે આવીને રાજાને કહ્યું. તારો શત્રુ કર્ણ મરાયો. ૧૧૨૪.

૬. રાત્રિમાં ક્યાંક વિષમ સ્થાને નિદ્રા વડે મુદ્રિત થયેલ (મીચાયેલ) નેત્રવાળો, ફલાંગ ભરતા ઘોડા પર આરૂઢ થયેલ, ગલામાં સોનાની સાંકળવાળો - ૧૧૨૫.

૭. અંદર પ્રવેશેલ વડની ડાળીમાં લટકેલ ક્ષણ માત્રમાં મૃત્યુને પામ્યો. એ પ્રમાણે આ (મારી) દૃષ્ટિ વડે જોઈને હું આવ્યો. ૧૧૨૬.

૮. ક્ષણ માત્ર વિચાર કરીને રાજા બીજા બહોંતેર રાજાઓની સાથે અને આ. ભ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની સાથે તીર્થ યાત્રાને માટે ચાલ્યો. ૧૧૨૭.

नवघ्नैकादशस्वर्ण-लक्षेट्छाडादयस्तथा ।
शतान्यऽष्टादश प्रौढाः, महेभ्याः प्रस्थिताः समम् ।।९।।

शतानि त्रिघ्नषट्सप्त-सप्तत्या सहितानि च ।
चेलुर्देवालयाः स्वर्गि-विमानानीव भास्वराः ।।१०।।

गुरूणां जन्मभूमिं स, ज्ञात्वा धन्धुकपत्तने ।
जोलीविहार इत्याख्यं, प्रासादं निरमापयत् ।।११।।

प्रभावनां च महतीं, कृत्वा शत्रुञ्जये गतः ।
तत्रार्च्चाध्वजदानादि, समं सङ्घेन निर्ममे ।।१२।।

तत्र चावसरे कश्चि-च्चारणः समयोचितम् ।
पपाठ तादृशाः प्रायो-ऽवसरज्ञाः स्वभावतः ।।१३।।

इक्कह फुल्लह माटि देइ, जे रिद्धि सुरनरतणी ।
एन्ही करइं कुसट्टि, बप्प भोलिम जिणवरतणी ।।१।।

नवशः कथनात् नवलक्षीदानम् ।।

कोइ चडावइ पांखडी, को वेचइ धनलाख ।
फलविहरउ तइं नवि कीओ, भाव भरइ जइ साखि ।।१।।

श्रीसङ्घे मिलिते तत्र, मालोद्धट्टनहेतवे ।
चतुर्लक्षैरयाचिष्ट, वाग्भटः प्रथमं स्रजम् ।।१४।।

૯. નવ ગુણીયા અગ્યાર એટલે નવ્વાણું લાખ સુવર્ણવાળા છાડા વિગેરે શ્રેષ્ઠીઓ તેમ જ ઘણી ઋદ્ધિવાળા અઢારસો ધનવાનોએ સાથે પ્રસ્થાન કર્યું. ૧૧૨૮.

૧૦. સ્વર્ગના વિમાનની જેવા દેદીપ્યમાન ત્રણ ગુણીયા છ=અઢાર સપ્તસપ્તત્યા=સિતોત્તેર સહિત અર્થાત્ અઢારસો સિત્તોતેર મંદિરો ચાલ્યા. ૧૧૨૯.

૧૧. તેણે ધંધુકા નગરમાં ગુરુ ભગવંતની જન્મભૂમિને જાણીને જોલી વિહાર નામનું મંદિર કરાવ્યું. ૧૧૩૦.

૧૨. એ પ્રમાણે ઘણી પ્રભાવના કરીને (રાજા) શત્રુંજય તીર્થમાં ગયા અને સંઘની સાથે પૂજા-ધ્વજા-દાન વગેરેને કર્યું. ૧૧૩૧.

૧૩. તે અવસરે કોઈક ચારણે સમયને ઉચિત કહ્યું. તેવા પ્રકારના લોકો પ્રાયઃ સ્વભાવથી જ અવસરને જાણનારા હોય છે. ૧૧૩૨.

૧. માટી એક ફુલને આપે છે (આપ્યું) જે ફુલે સુરનરતણી ઋદ્ધિ આપી. એ ઋદ્ધિથી (एन्दी) (भोलिम - ભોળવવાની ક્રિયા) બાપ જિનેશ્વરને ભોળવવાની ક્રિયા જેવો સસ્તો સોદો કરે છે. (અર્થાત્ ફુલ ચઢાવીને રાજવીપણું મેળવ્યું અને એ રાજવીપણાથી ભગવાનને ભોળવી ભગવાનપણું લઈ લેવું છે. ધન્ય છે કુમારપાલની દૂરદેશીને !!!

નવવાર કહેવાથી નવલાખનું દાન ॥ ૧૧૩૩.

૧. (જિનેશ્વર ભગવંતની ભક્તિ માટે) કોઈ (ફુલની) પાંખડી ચઢાવે છે (અને) કોઈ (આંગી આદિને માટે) લાખ રૂપિયા ખર્ચી નાખે છે. તે બેમાં ફૂલનો વહેરો (તફાવત) કરેલો (પાડેલો) નથી. જો ભાવસાક્ષિ ભરતો હોય તો ૧૧૩૪.

૧૪. ત્યાં શ્રી સંઘ મળતે છતે માળની ઉછામણી માટે વાગ્ભટ મંત્રીએ ચાર લાખ વડે પ્રથમ માળની માંગણી કરી. ૧૧૩૫.

प्रच्छन्नपुरुषः कोऽपि, लक्षैस्तामष्टभिः पुनः ।
ततः षोडशभिर्लक्षै-र्वाग्भटस्तामममार्गयत् ।।१५।।

एवं प्रवर्द्धमानेऽथ, मूल्ये प्रच्छन्नपुरुषः ।
सपादकोट्या तां मालां, मार्ग्गयन् प्रकटोऽभवत् ।।१६।।

सामान्यवेषं तं दृष्ट्वा, नृपो मन्त्रिणमब्रवीत् ।
द्रम्मसुस्थं त्वया कार्यं, ततो मन्त्र्यपि तं जगौ ।।१७।।

रे वराक ! क्व ते द्रव्यं, कथं च परिधास्यति ।
मालामैन्द्रीमिमां किं वा, तव व्रीडापि नास्ति भोः ।।१८।।

सोऽपि तं विजने नीत्वा, तस्मै रत्नमदीदृशत् ।
सपादकोटिमूल्यं तद्, ज्ञात्वा मन्त्र्यपि तं जगौ ।।१९।।

कुतस्तवेदृशं रत्नं, स प्राहेदृग्विधानि मे ।
पञ्च रत्नानि विद्यन्ते, तत्सम्बन्धोऽवधार्यताम् ।।२०।।

अभूत्मधुमतीपुर्यां, हासाख्यो वणिजां वरः ।
सौराष्ट्रिको मम पिता, प्राग्वाटज्ञातिमण्डनम् ।।२१।।

आसन्ने मरणेऽन्येद्युः, पित्राऽहमिति भाषितः ।
मया प्रवहणैर्वत्स !, प्रभूतं धनमर्ज्जितम् ।।२२।।

तेन चैतत्सारभूतं, गृहीतं रत्नपञ्चकम् ।
गृहाण तदिदं वत्स !, तमाकूतं च मे शृणु ।।२३।।

૧૫. (ખૂણામાં બેઠેલા) કોઈક અજાણપુરુષે આઠ લાખ વડે તે માળને (માગી) ફરીથી વાગ્ભટ મંત્રીએ સોળ લાખ વડે તે માળની માંગણી કરી. ૧૧૩૬.

૧૬. એ પ્રમાણે માળનું મૂલ્ય વધતે છતે અજાણ પુરુષ સવા કરોડ વડે તે (પ્રથમ) માળને માગતો પ્રગટ થયો. ૧૧૩૭.

૧૭. સામાન્ય વેષવાળા એવા તેને જોઈને રાજાએ મંત્રીને કહ્યું. દ્રમ્મનું કાર્ય તારા વડે સારી રીતે કરવા યોગ્ય છે. ત્યારબાદ મંત્રીએ પણ તે અજાણ પુરુષને કહ્યું. ૧૧૩૮.

૧૮. અરે ! (ગરીબ) તારું દ્રવ્ય ક્યાં છે ? ઈન્દ્ર સમ્બન્ધી આ માળને તું શી રીતે પહેરશે ? અરે ! શું તને લજ્જા પણ નથી આવતી ? ૧૧૩૯.

૧૯. તેણે પણ તેને (મંત્રીને) એકાંત સ્થાનમાં લઈ જઈને રત્નને દેખાડ્યું. સવા કરોડ મૂલ્યવાળા તે રત્નને જાણીને મંત્રીએ પણ તેને કહ્યું. ૧૧૪૦.

૨૦. તારી પાસે આવા પ્રકારનું રત્ન ક્યાંથી ? તેણે કહ્યું, મારી પાસે આવા પ્રકારના પાંચ રત્નો છે, તેનો સંબંધ તમે જાણો. ૧૧૪૧.

૨૧. મધુમતી નગરીમાં હાસ નામનો શ્રેષ્ઠ વેપારી હતો. સૌરાષ્ટ્ર દેશમાં રહેનારા પોરવાલ જ્ઞાતિમાં ભૂષણ સમાન મારા પિતા હતા. ૧૧૪૨.

૨૨. એક દિવસ મરણને નજદીક એવા (મારા) પિતા વડે હું એ પ્રમાણે કહેવાયો. હે વત્સ ! મારા વડે વાહણો દ્વારા વ્યાપારમાં ઘણું ધન મેળવાયું છે. ૧૧૪૩.

૨૩. તેના વડે સારભૂત આ પાંચ રત્ન ગ્રહણ કરાયા. અને હે વત્સ ! તે આ (રત્ન) તું ગ્રહણ કર અને મારા અભિપ્રાયને સાંભળ. ૧૧૪૪.

शत्रुञ्जये रैवते च, तथा श्रीदेवपत्तने ।
व्ययनीयं त्वयैकैकं, द्वयं चास्तु धनं तव ।।२४।।

इत्युक्त्वा स्वर्गते तस्मिन्, जनन्या सहितस्त्वहम् ।
अत्रागां सा तु मुक्तास्ति, कपर्दिभवने मया ।।२५।।

श्रुत्वेति सचिवो हृष्ट-स्तं वृत्तान्तं नरेशितुः ।
न्यवेदयत्ततो भूप-स्तन्मातुः सम्मुखं ययौ ।।२६।।

चैत्ये तत्र समानीय, तां वृद्धां भूरिविस्तरैः ।
मालां मूर्त्तां गुणश्रेणी-मिव तां पर्यधापयत् ।।२७।।

स्वामिवक्षस्थले हारं, स्फारं निर्माप्य भूपतिः ।
नायकस्य पदे रत्नं, तदनर्घ्यं न्यवीविशत् ।।२८।।

व्ययित्वेत्यपरं रत्न-द्वयमप्येष पुण्यवान् ।
भूपश्च सर्वतीर्थेषु, यात्रां कृत्वा गृहं गतौ ।।२९।।

एवं कृतार्थां कमलां विधाय, क्षेत्रेषु सप्तस्वपि भाग्यभाजः ।
नृनाकिसौख्यान्यखिलानि भुक्त्वा, क्रमेण मोक्षाध्वनि सञ्चरन्ति ।।३०।।

।। इति श्रीउपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे पञ्चदश उपदेशः ।।१५।।

૨૪. શ્રી શત્રુંજય તીર્થમાં, શ્રી ગિરનાર તીર્થમાં અને પ્રભાસ પાટણમાં એક-એક રત્ન વ્યય કરવા અને બે રત્ન તારું ધન થાઓ. ૧૧૪૫.

૨૫. એ પ્રમાણે કહીને (મારા પિતા) સ્વર્ગમાં ગયે છતે માતાની સાથે હું અહીં આવ્યો. વળી મારા વડે તે માતા કપર્દીભવનમાં મૂકાયેલી છે. ૧૧૪૬.

૨૬. એ પ્રમાણે સાંભળીને ખુશ થયેલ મંત્રીએ તે વૃત્તાંતને રાજાની સમક્ષ નિવેદન કર્યો. ત્યારબાદ રાજા તેની માતાની સામે ગયા. ૧૧૪૭.

૨૭. ઘણા ઠાઠપૂર્વક તે વૃદ્ધાને મંદિરમાં લાવીને પ્રગટ ગુણોની શ્રેણીની જેમ (પ્રથમ) માળને તે વૃદ્ધાને (માતા)ને પહેરાવી. ૧૧૪૮.

૨૮. રાજાએ પરમાત્માના વક્ષસ્થલમાં દેદીપ્યમાન હારને કરાવીને પેંડલના સ્થાને (મધ્યભાગમાં) મૂલ્યવાન એવા તે રત્નને સ્થાપન કર્યું. ૧૧૪૯.

૨૯. પુણ્યશાળી એવો આ (અજાણ પુરુષ) અને રાજા બીજા પણ બે રત્નોનો એ પ્રમાણે વ્યય કરીને, સર્વ તીર્થોમાં યાત્રા કરીને ઘરે ગયા. ૧૧૫૦.

૩૦. પુણ્યશાળી એવો તે (ગુપ્તપુરૂષ) એ પ્રમાણે લક્ષ્મીને સાતે ક્ષેત્રમાં કૃતકૃત્ય કરીને મનુષ્ય અને દેવલોકના સઘળા સુખોને ભોગવીને અનુક્રમે મોક્ષમાર્ગમાં ગમન કરે છે. ૧૧૫૧.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના બીજા અધિકારમાં પંદરમો ઉપદેશ છે. ॥

"उपदेशः-१६"

यात्रां सृजन्तो विदधत्यमात्रां, भक्तिं जिने ते सुखिनो नराः स्युः ।
शत्रुञ्जयादौ कृतपूर्विणवस्तां, मुक्तिं ययुः श्रीभरतादयो यत् ।।१।।

एकदा विहरन् स्वामी, वृषभो जिनपुङ्गवः ।
विनीतोद्यानमायातो, देववृन्दनिषेवितः ।।१।।

हस्तिस्कन्धसमारूढ-श्चतुरङ्गचमूयुतः ।
प्राप्तस्तं वन्दितुं तस्य, देशनामशृणोदिति ।।२।।

सङ्घस्य भक्तिः सुकुलप्रसूतिः, सुपात्रदानं शुभवित्तयोगः ।
सङ्घाधिपत्यं च सुतीर्थसेवा, लभ्यानि भाग्यैः प्रचुरैरमूनि ।।३।।

पप्रच्छ भरतः स्वामिन् !, किं सङ्घाऽधिपतेः पदम् ।
को विधिस्तत्र किं कार्यं, कार्यं प्राप्तं कथं च तत् ? ।।४।।

स्वाम्याह -

यच्छन्पञ्चविधं दान-मुद्धरन् दीनसञ्चयम् ।
पुरे पुरे जिनागारे, कुर्वाणो ध्वजारोपणम् ।।५।।

शत्रुञ्जयादितीर्थेषु, गुर्वादेशवशंवदः ।
इन्द्रोत्सवादिकं कृत्यं, कुर्वन् सङ्घपतिर्भवेत् ।।६।।

भरतश्चिन्तयति -

"ઉપદેશ-૧૬"

૧. જેઓ યાત્રાને કરતાં જિનેશ્વર પરમાત્માની અત્યંત ભક્તિ કરે છે તે માણસો સુખી થાય છે. જે કારણથી પૂર્વે કરી છે શત્રુંજયની યાત્રા જેણે એવા ભરત વિગેરે મોક્ષમાં ગયા. ૧૧૫૨.

૧. એક વખત દેવોના સમૂહ વડે સેવાયેલ જિનપુંગવ શ્રી આદિનાથ પરમાત્મા વિહાર કરતા વિનીતા નગરીના ઉદ્યાનમાં પધાર્યા. ૧૧૫૩.

૨. હાથીના સ્કંધ પર આરૂઢ થયેલ ચતુરંગી સેના સહિત (ભરત) તેમને (આદિનાથ પરમાત્માને) વંદન કરવા માટે ગયા અને તેમની દેશનાને એ પ્રમાણે સાંભળી. ૧૧૫૪.

૩. "સંઘની ભક્તિ, સારા કુલમાં ઉત્પતિ, સુપાત્રદાન, સારા ધનનો યોગ, સંઘનું અધિપતિપણું અને સારા તીર્થની સેવા" આ ઘણા ભાગ્ય વડે મેળવાય છે. ૧૧૫૫.

૪. ભરતે પૂછ્યું, હે સ્વામી ! સંઘના અધિપતિનું પદ શું ? કઈ વિધિ છે ? શું ત્યાં શું કરવું જોઈએ ? અને તે કાર્ય શી રીતે પ્રાપ્ત થાય ? ૧૧૫૬.

સ્વામીએ કહ્યું -

૫. જે પાંચ પ્રકારનું દાન આપતો, ગરીબોના સમૂહને ઉદ્ધાર કરતો, દરેક ગામના મંદિરમાં ધ્વજારોપણ કરતો - ૧૧૫૭.

૬. ગુરુ ભગવંતના આદેશને વશ થયેલ શત્રુંજય વગેરે તીર્થોમાં ઈન્દ્રોત્સવ વગેરે કાર્યને કરતો સંઘપતિ થાય. ૧૧૫૮.

ભરત મહારાજા ચિંતવે છે -

कथं तत्पुरुषेणास्तु, मयि सङ्घपतिश्रुतिः ।
चेद्बहुव्रीहिणा सा स्या-द्धन्यंमन्यस्तदाऽस्म्यहम् ।।७।।

वन्दित्वा भरतः प्राह, तर्हि स्वामिन्निदं पदम् ।
मह्यं प्रासादमाधाय, देहि देहिप्रियङ्करम् ।।८।।

इन्द्रादिभिस्ततो देवैः, सङ्घेन सहितो विभुः ।
उत्थायाऽक्षतवासांश्च, चिक्षेप भरतोपरि ।।९।।

शक्रस्तदानीमानीय, मालां दिव्यां महीपतेः ।
तत्पत्न्याश्च सुभद्रायाः, कण्ठे निक्षिप्तवान्, मुदा ।।१०।।

ततः सकलसामग्र्या, यात्रायै प्रस्थितो नृपः ।
शक्रोपनीतसौवर्ण-देवालयपुरस्सरम् ।।११।।

हस्त्यश्वरथपादातैः, प्रौढैः परिवृढैर्युतः ।
सपादकोटितनयै-रत्नाद्यैश्च विराजितः ।।१२।।

अथ सोमयशा राजा, शतपत्तननायकः ।
द्वियुक्सप्ततित्रिघ्नाऽष्ट-सहस्रतनयाङ्गनः ।।१३।।

लक्षद्विपेन्द्रपञ्चघ्न-सप्तलक्षतुरङ्गराट् ।
सपादकोटिपादाति-राजसप्तशतीवृतः ।।१४।।

युगघ्नैकादशप्रौढ-रथलक्षसमन्वितः ।
द्वात्रिंशल्लक्षसुग्राम-स्वामी प्रस्थितवान् सह ।।१५।। त्रिभिर्विशेषकम् ।।

૭. તે પુરુષ વડે મારે વિષે સંઘપતિની શ્રુતિ શી રીતે થાય ? જો ઘણા ચોખા વડે કરીને મને વધાવે ત્યારે (મારે વિષે) સંઘપતિની શ્રુતિ થાય ત્યારે હું પોતાને ધન્ય માનું. ૧૧૫૯.

૮. ભરત મહારાજાએ વંદન કરીને કહ્યું. હે સ્વામિન્ ! પ્રાણીઓને પ્રિય કરનાર એવા આ પદને કૃપા કરીને મને આપો. ૧૧૬૦.

૯. ત્યારબાદ ઈન્દ્ર વગેરે દેવોની સહિત, સંઘ સહિત પરમાત્માએ ઉઠીને ભરત મહારાજા ઉપર અક્ષત અને વાસક્ષેપ નાંખ્યો. ૧૧૬૧.

૧૦. ત્યારે રાજા અને તેમની પત્ની સુભદ્રાના ગળામાં ઈન્દ્ર મહારાજાએ દિવ્ય એવી માળા લાવીને હર્ષપૂર્વક નાંખી. ૧૧૬૨.

૧૧. ત્યારે સર્વ સામગ્રી સહિત ઈન્દ્ર મહારાજાએ લાવેલા સોનાના મંદિરપૂર્વક રાજાએ યાત્રાને માટે પ્રયાણ કર્યું. ૧૧૬૩.

૧૨. હાથી-ઘોડા-રથ-સૈન્ય વિગેરે વિશાલ પરિવારથી યુક્ત સવા કરોડ પુત્ર અને રત્નો વડે શોભતા હતા. ૧૧૬૪.

૧૩. હવે સેંકડો નગરના નાયક સોમયશ રાજા ત્રણ ગુણીયા આઠ = ચોવીશ હજાર બહોંત્તેર પૌત્રો - ૧૧૬૫.

- ૧૪. એક લાખ હાથી, પાંચ ગુણીયા સાત=પાંત્રીશ લાખ મોટા ઘોડાઓ, સવા કરોડ સૈન્ય, સાતસો રાજાઓ સહિત - ૧૧૬૬.

૧૫. બે ગુણીયા અગ્યાર=બાવીશ લાખ વિશાલ રથથી યુક્ત, બત્રીશ લાખ સારા ગામોના રાજા સહિત પ્રયાણ કર્યું. ૧૧૬૭. (ત્રણ શ્લોક વડે વિશેષક કહેવાય છે.)

वैताढ्ये षष्टिपञ्चाशन्नगराणामधीश्वरः ।
अचलद्विनमेः पुत्रो, राजा गगनवल्लभः ।।१६।।

वज्रनाभः पूर्वदिशः, स्वामी पश्चिमनायकः ।
कल्याणकेतुराजेन्द्र-श्चत्वारोऽमी महीधराः ।।१७।।

प्रत्यहं कुरुते चक्री, प्रयाणं योजनाऽवधि ।
रत्नानुभावसम्पन्न-सद्यस्काशेषवाञ्छितः ।।१८।।

यथाकालं यथायोग्यं, क्षणादेव यथेप्सितम् ।
निर्मीयन्ते महोत्तुङ्गा, गृहा वर्द्धकिना पुनः ।।१९।।

सुराष्ट्रासु गते सङ्घे, शक्तिसिंहनरेश्वरः ।
भ्रातृव्यः सम्मुखं प्राप्त-श्चक्रिणः प्रणतिं व्यधात् ।।२०।।

दृष्टे श्रीपुण्डरीकाद्रौ, सर्वेषां हर्षपूरणात् ।
भरतः स्थापयामास, पुरमानन्दपूर्वकम् ।।२१।।

यत्र जीवद्युगादीश-प्रासादोऽकारि चक्रिणा ।
चतुर्युग्यां च चत्वारि, यस्य नामानि जज्ञिरे ।।२२।।

पर्वतारोहसमये, तृषाक्रान्तजनार्थितः ।
लब्धिमांश्शैलणः साधु-श्चक्रे पथि तटाकिकाम् ।।२३।।

नदीकुण्डादिकं तत्त-न्महिमोक्तिपुरस्सरम् ।
शक्तिसिंहेनोच्यमानं, भरतोऽपि न्यभालयत् ।।२४।।

૧૬. સાઠ અને પચાસ નગરોના સ્વામી વિનમિના પુત્ર ગગનવલ્લભ રાજા વૈતાઢ્ય પર્વતને વિષે ચાલ્યા. ૧૧૬૮.

૧૭. પૂર્વ દિશાના વજનાભ, પશ્ચિમના નાયક સ્વામી, કલ્યાણ કેતુ રાજેન્દ્ર આ ચારે રાજાઓ હતા. ૧૧૬૯.

૧૮. રત્નના પ્રભાવથી જલ્દીથી પૂર્ણ થાય છે સઘળા વાંછિત જેના એવા ચક્રવર્તી રોજ એક યોજન સુધી પ્રયાણ કરે છે. ૧૧૭૦.

૧૯. સુથાર વડે કાલ પ્રમાણે, યથાયોગ્ય, ઈચ્છા પ્રમાણે ક્ષણ માત્રમાં અત્યંત ઉંચા ઘરો કરાય છે. ૧૧૭૧.

૨૦. સૌરાષ્ટ્ર દેશને વિષે સંઘ ગયે છતે ચક્રવર્તીના ભત્રીજા શક્તિસિંહ રાજા સામે મળ્યા અને પ્રણામ કર્યું. ૧૧૭૨.

૨૧. શ્રી પુંડરિકગિરિ (શત્રુંજય પર્વત) દર્શન થયે છતે સર્વલોકોનો હર્ષ પુરાવાથી ભરત મહારાજાએ આનંદપૂર્વક નગરની સ્થાપના કરી. ૧૧૭૩.

૨૨. જ્યાં ભરત ચક્રવર્તી વડે જીવિત આદિનાથ પરમાત્માનું મંદિર કરાવાયું અને ચારે યુગમાં જેમના ચાર નામ જણાયા. ૧૧૭૪.

૨૩. પર્વત પર ચઢવાના સમયે તૃષા વડે આક્રાન્ત થયેલા લોકોને માટે લબ્ધિવાળા એવા ચૈલણમુનિએ માર્ગમાં તળાવને કરાવ્યું. ૧૧૭૫.

૨૪. શક્તિસિંહ રાજા વડે નદી - કુંડ વગેરેનો મહિમા ઉક્તિપૂર્વક કહેવાયો. ભરત મહારાજાએ પણ નિહાળ્યો. ૧૧૭૬.

शक्रोऽप्यत्रान्तरे प्राप्त-श्चक्री तेन समं तदा ।
राजादनीं नमश्चक्रे, तीर्थभूता हि सा यतः ।।२५।।

नवनवई पुव्वाइं, विहरंतो आगओ अ सित्तुंजे ।
उसभो देवेहिं समं, समोसढो पढमतित्थयरो ।।१।।

एकोनसप्ततिकोटा-कोट्योऽशीतिश्च पञ्चयुग् ।
कोटिलक्षाश्चतुश्चत्वा-रिंशत्कोटिसहस्त्रकाः ।।२६।। ६९८५४४००००००

वारानेतावतः स्वामी, समागत्यात्र पर्वते ।
अस्या अधस्ताद्विदधे, सरसां धर्म्मदेशनाम् ।।२७।।

शक्रश्चक्रिणमाचष्ट, कालो नातः परं वरः ।
विना मूर्ति गिरावेव, न श्रद्धास्यन्ति मानवाः ।।२८।।

तीर्थं पर्वत एवायं, पवित्रस्तीर्थकृत्क्रमैः ।
विशेषाद्वासनावृद्धयै, प्रासादः स्यात्तदा वरम् ।।२९।।

ततश्चक्री चतुर्युक्ता-ऽशीतिमण्डपभासुरम् ।
क्रोशोच्चं सार्द्धगव्यूत-दीर्घं रत्नमणीमयम् ।।३०।।

धनुःसहस्त्रविस्तारं, सद्देवकुलिकायुतम् ।
त्रैलोक्यविभ्रमं नाम, प्रासादं निरमापयत् ।।३१।।

चतुर्दिक्षु चतस्त्रः श्री-युगादिजिनमूर्त्तयः ।
प्रासादे तत्र सद्वर्णाः, स्वर्णमय्यो विरेजिरे ।।३२।।

૨૫. એટલામાં અહીં ઈન્દ્ર મહારાજા પણ આવ્યા ત્યારે ભરત ચક્રવર્તીએ તેમની સાથે રાયણ વૃક્ષને નમસ્કાર કર્યો. જે કારણથી ખરેખર તે તીર્થ સ્વરૂપ થયું. ૧૧૭૭.

૧. નવ્વાણું પૂર્વ પર્યંત વિહાર કરતા પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પરમાત્મા શત્રુંજય પર્વતને વિષે પધાર્યા અને દેવોની સાથે સમવસર્યા. ૧૧૭૮.

૨૬. ઓગણસીત્તેર કોડાકોડી, પંચ્યાશી કરોડ લાખ, ચુમ્માલીશ કરોડ હજાર (૬૯૮૫૪૪૦૦૦૦૦૦૦) - ૧૧૭૯.

૨૭. આટલી વાર ઋષભદેવ પરમાત્માએ અહીં શત્રુંજય પર્વતને વિષે આવીને આની (રાયણની) નીચે સુંદર એવી ધર્મદેશનાને કરી. ૧૧૮૦.

૨૮. ઈન્દ્ર મહારાજાએ ભરત ચક્રવર્તીને કહ્યું કે આનાથી બીજો કોઈ શ્રેષ્ઠ કાલ નથી. માનવો મૂર્તિ વિના માત્ર પર્વત (તીર્થ) પર જ શ્રદ્ધા નહીં કરે. ૧૧૮૧.

૨૯. તીર્થંકર પરમાત્માના પગલાઓ વડે પવિત્ર એવો આ પર્વત જ તીર્થ થયું. વિશેષ પ્રકારે શ્રદ્ધાની વૃદ્ધિને માટે મંદિર થાય તો શ્રેષ્ઠ. ૧૧૮૨.

૩૦. ત્યારબાદ ભરત ચક્રવર્તીએ દેદીપ્યમાન ચોરાશી મંડપવાળું એક કોશ ઉંચું - દોઢ ગાઉ પહોળું રત્નમણીમય - ૧૧૮૩.

૩૧. એક હજાર ધનુષ વિસ્તારવાળું, દેવકુલિકાથી યુક્ત, ત્રૈલોક્ય વિભ્રમ નામનું મંદિર કરાવરાવ્યું. ૧૧૮૪.

૩૨. ત્યાં મંદિરમાં ચારે દિશાઓમાં સારા વર્ણવાળી સુવર્ણમય શ્રી આદિનાથ પરમાત્માની ચાર મૂર્તિઓ શોભતી હતી. ૧૧૮૫.

श्रीपुण्डरीकगणभृ-च्छिष्याः श्रीनाभसूरयः ।
प्रतिष्ठाविस्तरांश्चक्रु-स्तत्र चक्र्यादिहर्षदान् ।।३३।।

इत्थं तत्र महान् विधाय विविधांश्चक्री गतो रैवते,
तत्राप्युञ्चमचीकरद्युगयुगैर्विभ्राजितं मण्डपैः ।
श्रीशैवेयजिनस्य चैत्यमपरेष्वेवं च तीर्थेष्वपि,
प्राज्यं पुण्यमुपार्ज्य सङ्घसहितः प्राप्तो विनीतापुरि ।।३४।।

किञ्चिन्न्यूनानि षट्पूर्वलक्षाणि भरतेश्वरे ।
राज्यं कुर्वति राजानः, एतावन्तोऽत्र सङ्घपाः ।।३५।।

नवनवतिकोटिरधिकाः, लक्षैरेकोननवतिपरिमाणैः ।
चतुरधिकाशीतिमितैः, सहस्रकैश्चापि भूमिभुजाम् ।।३६।।

इति भरतचक्रवर्ती विलासभवनेऽप्यवाप्तवरसंवित् ।
प्रतिपाल्य पूर्वलक्षं, श्रामण्यं सिद्धिमध्यास्त ।।३७।।

।। इति श्रीउपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे षोडश उपदेशः ।।१६।।

૩૩. *શ્રી પુંડરિક ગણધરના શિષ્ય શ્રી નાભસૂરીએ ચક્રવર્તી વગેરેના હર્ષને* આપનાર વિસ્તારપૂર્વક પ્રતિષ્ઠા કરી. ૧૧૮૬.

૩૪. એ પ્રમાણે ત્યાં વિવિધ પ્રકારના મહોત્સવો કરીને ભરત ચક્રવર્તી ગિરનાર પર્વત પર ગયા, ત્યાં પણ ઉંચા ચાર મંડપો વડે શોભિત શ્રી નેમિનાથ ભગવાનનું ચૈત્ય કરાવ્યું. બીજા તીર્થોમાં પણ વિશાલ પુણ્યને ઉપાર્જન કરીને સંઘ સહિત વિનીતા નગરીમાં આવ્યા. ૧૧૮૭.

૩૫. છ લાખ પૂર્વમાં કંઈક ઓછા સમય પર્યંત ભરત મહારાજા રાજ્ય કરતે છતે અહીં આટલા રાજાઓ સંઘપતિ થયા. ૧૧૮૮.

૩૬. નવ્વાણું કરોડ - નેવ્યાશી લાખ - ચોરાશી હજાર રાજાઓ પણ (સંઘપતિ) થયા. ૧૧૮૯.

૩૭. એ પ્રમાણે વિલાસવાળા પોતાના મહેલમાં પણ પ્રાપ્ત કર્યું છે કેવલજ્ઞાન જેણે એવા ભરત ચક્રવર્તી એક લાખ પૂર્વ પર્યંત શ્રમણપણાનું પાલન કરીને સિદ્ધિને પામ્યા. ૧૧૯૦.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના બીજા અધિકારમાં સોળમો ઉપદેશ છે. ॥

"उपदेशः-१७"

श्रीतीर्थयात्रामतिमात्रभक्त्या, वितन्वते ये मनुजौघयुक्ताः ।
आभूरिव प्रौढसमृद्धियुक्ता-स्ते पूजनीया जगतां भवन्ति ।।१।।

थारापद्रपुरे आभूः, समग्रसचिवाऽग्रणीः ।
जिनधर्म्मरतः श्रीश्री-मालज्ञातिशिरोमणिः ।।१।।

पश्चिमामण्डलीकेति, बिभ्राणो बिरुदं महत् ।
भूरिद्रविणकोटीश-आभूः श्रीद इवाऽभवत् ।।२।।

शत्रुञ्जयेऽन्यदा नन्तुं, श्रीयुगादिजिनेश्वरम् ।
भूरिसङ्घयुतोऽचालीत्, आभूः सङ्घपतिर्मुदा ।।३।।

चेलुर्देवालयाः सप्त-शतानि स्वर्विमानवत् ।
सुखासनरथस्फार-वाहिन्यो भूरिशः पुनः ।।४।।

चत्वारिंशत्सहस्राणि, शकटानां विरेजिरे ।
दशोत्तरा पञ्चशती, तुरगाणां सहाऽचलत् ।।५।।

द्वाविंशतिशतान्युष्ट्राः, शतमेकं कटाहिकाः ।
ताम्बूलिकाः कान्दविकाः, सूपकाराः शतप्रमाः ।।६।।

शतमेकं त्रिषष्टिश्च, तत्राट्टानि स्फुटान्यभुः ।
प्रपाः सप्त विभान्ति स्म, मालाकारशतोमयी ।।७।।

शतानि सप्त महिषाः, नीरानयनहेतवे ।
मनुष्याश्वतरादीना-मियत्ता तु न विद्यते ।।८।।

"ઉપદેશ-૧૭"

૧. જેઓ મનુષ્યોના સમૂહ સહિત અત્યંત ભક્તિપૂર્વક શ્રી તીર્થયાત્રાને કરે છે. તેઓ આભૂની જેમ જગતમાં વિશાળ સમૃધ્ધિવાળા અને પૂજનીય થાય છે. ૧૧૯૧.

૧. થારાપદ્ર નગરમાં શ્રી શ્રીમાળ જ્ઞાતિમાં શિરોમણિ જિનેશ્વર પરમાત્માના ધર્મમાં રક્ત સઘળા મંત્રીઓમાં આગેવાન આભૂ નામે મંત્રી હતો. ૧૧૯૨.

૨. 'પશ્ચિમામંડલિકા' (દેશના લોકોનો નંબર જેની પછી આવે છે) એ પ્રમાણે મોટા બિરૂદને ધારણ કરતો કુબેરની જેમ ઘણા કરોડ દ્રવિણોનો માલિક આભૂ હતો. ૧૧૯૩.

૩. એક વખત સંઘપતિ આભૂ શ્રી આદિનાથ પરમાત્માને નમસ્કાર કરવા માટે ઘણા સંઘથી યુક્ત શત્રુંજય પર્વતને વિષે હર્ષપૂર્વક ચાલ્યો. ૧૧૯૪.

૪. સ્વર્ગના વિમાનની જેવા સાતસો મંદિરો, (દેદીપ્યમાન ઘોડા-બળદ-વિગેરેવાળા) ઘણા સુખાસન-પાલખી-રથ ચાલતા હતા. ૧૧૯૫.

૫. ચાલીસ હજાર ગાડાઓ શોભતા હતા. પાંચસો દશ ઘોડાઓની સાથે ચાલ્યા. ૧૧૯૬.

૬. બાવીશસો ઊંટ, એકસો કડાઈ, સેંકડો પ્રમાણ મુખવાસ આપનારા કંદોઈ અને રસોઈયા. ૧૧૯૭.

૭. ત્યાં એકસોને ત્રેસઠ પ્રગટ એવી દુકાનો, સેંકડો માળીવાળી સાત પરબો શોભતી હતી. ૧૧૯૮.

૮. પાણી લાવવા માટે સાતસો પાડાઓ હતા. મનુષ્ય-ખચ્ચર વગેરેનું પ્રમાણ જણાતું નથી (એટલે કે એનો કોઈ પાર નથી). ૧૧૯૯.

शोषयंस्तटिनीकूप-सरस्यादिजलाशयान् ।
आभूसङ्घपतिर्मार्गं, क्रामति स्म शनैः शनैः ।।९।।

दृष्टिमार्ग्गगते शत्रु-ञ्जये तीर्थेश्वरे तदा ।
सङ्घभक्तिं चकाराभू-र्वस्त्रालङ्करणादिभिः ।।१०।।

शत्रुञ्जयाद्रिमारूह्य, स्नात्रपूजाध्वजादिभिः ।
आभूश्चकार सफलं, निजं जन्म महोत्सवैः ।।११।।

रैवताद्रौ ततो गत्वा, जिनं राजीमतीपतिम् ।
समं समग्रसङ्घेन, प्राणमत्प्रणयाञ्चितः ।।१२।।

द्वादशस्वर्णकोटीनां, व्ययं कृत्वा महोत्सवै! ।
आभूः प्रथमयात्राया-मागान्निजपुरं क्रमात् ।।१३।।

व्योमचन्द्रेषुभूसंख्या (१५१०) प्रतिमा यो व्यधापयत् ।
अतुच्छैरुत्सवैः सप्त-शताचार्यपदानि च ।।१४।।

व्ययित्वा द्रव्यकोटीश्च, तिस्रश्चामीकरस्य सः ।
एकां हैमाक्षरां सर्व-वर्त्तमानागमप्रतिं ।।१५।।

वर्तमानाऽखिलग्रन्थां, द्वैतीयीकीं पुनः प्रतिम् ।
मष्यक्षरमयीं मन्त्री, लेखयामास भक्तितः ।।१६।।

प्रासादौ सचिवः सारू-आरघाटमयौ तथा ।
कारयामास सूनेत-माहूकग्रामयोः पुनः ।।१७।।

૯. નદી, કૂવા, તળાવ વિગેરે જલાશયોને શોષાવતાં (ખાલી કરતાં) આભૂ સંઘપતિ ધીરે-ધીરે માર્ગ ઓળંગે છે. ૧૨૦૦.

૧૦. શત્રુંજય તીર્થ દૃષ્ટિમાર્ગમાં આવતે છતે (દેખાયે છતે) ત્યારે આભૂ સંઘપતિએ વસ્ત્ર-અલંકાર વિગેરેથી સંઘની ભક્તિ કરી. ૧૨૦૧.

૧૧. આભૂએ શત્રુંજય પર્વત પર ચઢીને સ્નાત્રપૂજા-ધ્વજા વિગેરે મહોત્સવો વડે પોતાનો જન્મ સફલ કર્યો. ૧૨૦૨.

૧૨. ત્યાર પછી સકલશ્રી સંઘ સાથે ગિરનાર પર્વત પર જઈને રાજીમતિના પતિ એવા શ્રી નેમિનાથ પરમાત્માને હર્ષપૂર્વક પ્રણામ કર્યા. ૧૨૦૩.

૧૩. આભૂ પ્રથમ યાત્રામાં બાર કરોડ સુવર્ણનો વ્યય કરીને મહોત્સવપૂર્વક અનુક્રમે પોતાના નગરમાં આવ્યા. ૧૨૦૪.

૧૪. જેણે મોટા મહોત્સવો વડે વ્યોમ - ૦, ચન્દ્ર - ૧, બાણ - ૫, ભૂ - ૧ એટલે - ૧૫૧૦ પ્રતિમા ભરાવી અને સાતસો આચાર્ય પદવીઓ કરાવી. ૧૨૦૫.

૧૫. તેણે (આભૂએ) ત્રણ કરોડ દ્રવ્યનો વ્યય કરીને વર્તમાનના સર્વ આગમોની સુવર્ણાક્ષરવાળી સુવર્ણની એક પ્રતને કરાવી. ૧૨૦૬.

૧૬. મંત્રીએ ભક્તિપૂર્વક વર્તમાનકાળના સઘળા ગ્રંથોની મષીના અક્ષરવાળી બીજી પ્રતો લખાવી. ૧૨૦૭.

૧૭. મંત્રીએ સારી કોરણીવાળા બે પ્રાસાદો સૂનેત અને માહૂક ગામમાં કરાવ્યા. ૧૨૦૮.

चतुर्युताशीतिमित-प्रासादेष्वर्हतां भवेत् ।
यावान् द्रव्यव्ययस्तावा-नेकस्मिन् सारूआरके ।।१८।।

अन्यान्यपि स चैत्यानि, स्थाने स्थाने च भूरिशः ।
कारयामास मन्त्रीशः, सस्वर्णकलशान्यपि ।।१९।।

श्राद्धान् षष्ट्यधिकांस्त्रीणि, शतानि निजसन्निभान् ।
अर्प्पयित्वा रमामाभू-श्चक्रेऽर्हन्मतवासितः ।।२०।।

अवसाने तु जग्राह, सैष संस्तारकव्रतम् ।
तत्र व्ययितवान् सप्त-कोटीश्चामीकरस्य सः ।।२१।।

संस्तारकव्रतं सम्यक्, पालयंस्त्यक्तभोजनः ।
आभूः सङ्घपतिः शुद्ध-ध्यानवान् स्वर्गमीयिवान् ।।२२।।

प्रतिवर्षं विधीयन्ते, यात्राः कैश्चन धार्मिकैः ।
जन्मन्यपि न ये यात्रां, कुर्वते ते महालसाः ।।२३।।

या त्रायते भीमभवाटवीभयात्, यात्रार्हती सेति निरुक्तमुच्यते ।
ज्ञात्वेति भव्यैर्भवभञ्जनेच्छया, कार्यं तथा स्यात् प्रतनुर्भवो यथा ।।२४।।

।। इति श्रीउपदेशसप्ततिकायां द्वितीयेऽधिकारे सप्तदश उपदेशः ।।१७।।

इति श्रीपरमगुरुतपागच्छनायकश्रीसोमसुन्दरसूरिपदकमलमरालमहोपाध्यायश्री-
चारित्ररत्नगणिविनेय पं० सोमधर्म्मगणिविरचितायां श्रीउपदेशसप्ततिकायां
श्रीतीर्थाधिकारो द्वितीयः ।।२।। इति श्रीदेवतत्त्वं सम्पूर्णम् ।।

૧૮. અરિહંત પરમાત્માના ચોરાશી મંદિરો બનાવવામાં જેટલા દ્રવ્યનો વ્યય થાય તેટલા જ દ્રવ્યનો વ્યય એક સારૂઆરકમાં થાય. ૧૨૦૯.

૧૯. તે મંત્રીરાજે ઠેકાણે-ઠેકાણે સુવર્ણકલશ સહિત બીજા-બીજા પણ ઘણા મંદિરો કરાવ્યા. ૧૨૧૦.

૨૦. અરિહંત પરમાત્માના મતમાં શ્રદ્ધાવાળા હોવાથી આભૂ સંઘપતિએ ત્રણસોને સાઠ શ્રાવકોને લક્ષ્મી અર્પણ કરીને પોતાની સરખા કર્યા. ૧૨૧૧.

૨૧. અંતે તેણે (આભૂએ) આ સંસ્તારકવ્રતને (સંથારા ઉપર જ સુવાનું વ્રત) ગ્રહણ કર્યું તેમાં તેણે સાત કરોડ સુવર્ણનો વ્યય કર્યો. ૧૨૧૨.

૨૨. સંસ્તારક વ્રતનું સારી રીતે પાલન કરતા અને ત્યાગ કર્યો છે ભોજનનો જેણે એવા શુદ્ધ ધ્યાનવાળા આભૂ સંઘપતિ સ્વર્ગમાં ગયા. ૧૨૧૩.

૨૩. કેટલાક ધાર્મિક લોકો વડે દર વર્ષે યાત્રા કરાય છે. જેઓ સંપૂર્ણ જીવનમાં પણ યાત્રા કરતા નથી તેઓ મહા આળસુ કહેવાય છે. ૧૨૧૪.

૨૪. જે (યાત્રા) ભયંકર ભવરૂપી જંગલના ભયથી (પ્રાણીઓનું) રક્ષણ કરે છે તે યાત્રા અરિહંત પરમાત્મા સંબંધી છે એમ અર્થપૂર્વક કહેવાય છે. એ પ્રમાણે જાણીને સંસારનો નાશ કરવાની ઈચ્છાપૂર્વક ભવ્ય પ્રાણીઓ વડે તે પ્રમાણે કરવું જોઈએ કે જે પ્રમાણે પોતાનો સંસાર પાતળો (અલ્પ) થાય.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના બીજા અધિકારમાં સત્તરમો ઉપદેશ છે. ॥

॥ એ પ્રમાણે શ્રી પરમગુરુ-તપગચ્છનાયક-શ્રીસોમસુંદર સૂરિના ચરણકમલમાં હંસ સમાન મહોપાધ્યાય શ્રી ચારિત્રરત્નગણિના શિષ્ય પરમાણુરૂપ પંડિત શ્રીસોમધર્મગણિ વિરચિત ઉપદેશ સપ્તતિકા ગ્રંથમાં શ્રી તીર્થાધિકાર સ્વરૂપ બીજો અધિકાર ॥

।। श्रीगुरुतत्त्वाधिकारस्तृतीयः प्रारभ्यते ।।

"उपदेशः-१"

अथ गुरुतत्त्वाधिकारस्तृतीयः प्रारभ्यते । तत्र श्रीगुरुलक्षणं चे -

निवर्त्तयत्यन्यजनं प्रमादतः, स्वयं च निष्पापपथे प्रवर्त्तते ।
गृणाति तत्त्वं हितमिच्छुरङ्गिनां, शिवार्थिनां यः स गुरुर्निगद्यते ।।१।।

ततश्च श्रीगुरूणां गुणोत्कीर्त्तनेन विधिना कृतिकर्म्मप्रदानैर्विनयभक्तिबहुमानादिभिश्च सम्यग् विवेकवताराधनं कार्यं कलियुगे तदायत्तत्त्वाच्छ्रीजिनधर्म्मस्य । यदुक्तं - कइआवि जिणवरिंदा, पत्ता, आयरा, आयरिए० ।।१।।

श्रीगुरुगुणोत्कीर्त्तने पद्मशेखरनृपोदाहरणम् । यथा -

पृथ्वीपुरे पुरे पद्मशेखरो राजाऽतीवधर्म्मपरोऽन्यानपि धर्मे प्रवर्त्तयति, लोकानां पुरतो गुरुगुणांश्च कीर्त्तयति । तथाहि -

खंता दंता संता, उवसंता रागरोसपरिचत्ता ।
परपरिवायविरत्ता, अपमत्ता जे उ ते गुरुणो ।।१।।

वंदिज्जमाणा न समुक्कसंति हीलिज्जमाणा न समुज्जलंति ।
दंतेण चित्तेण चरन्ति धीरा, मुणी समुग्घाइअरागदोसा ।।२।।

दुविहे गुरू पन्नत्ते, तंजहा-तवोवउत्ते, नाणोवउत्ते अ ।
तत्थ तवोवउत्ते वडपत्तसमाणे, केवलं अप्पाणं तारेइ ।

ત્રીજો ગુરુતત્ત્વાધિકાર

"ઉપદેશ-૧"

૧. હવે ત્રીજો ગુરુ તત્ત્વાધિકાર શરૂ કરાય છે. ત્યાં શ્રી ગુરુનું લક્ષણ આ છે -

જે બીજાને પ્રમાદથી દૂર કરે છે અને સ્વયં (પોતે) પાપરહિત માર્ગમાં પ્રવર્તે છે, મોક્ષના અર્થી એવા પ્રાણીઓના હિતને ઈચ્છનારા હોય છે અને તત્ત્વને કહે છે તે ગુરુ કહેવાય છે. ૧૨૧૬.

૧. તેથી વિધિપૂર્વક શ્રી ગુરુ ભગવંતના ગુણોની પ્રશંસા કરવા વડે, વંદન કરવા વડે, વિનય-ભક્તિ બહુમાન વગેરે કરવા વડે, શ્રી જિનધર્મ ગુરુતત્ત્વને આધીન હોવાથી કલિયુગમાં વિવેકી (લોકો) વડે ગુરુતત્ત્વનું સુંદર રીતે આરાધન કરવું જોઈએ. જે કહ્યું છે -૧૨૧૭.

૧. ક્યારેક શ્રી જિનેશ્વર પરમાત્મા પૂર્વે આચાર્યપણાને પ્રાપ્ત થયેલા હોય છે.

શ્રી ગુરુ ભગવંતના ગુણોની પ્રશંસા કરવામાં પદ્મશેખર રાજાનું ઉદાહરણ છે - જે આ પ્રમાણે છે. ૧૨૧૮.

૨. પૃથ્વીપુર નગરમાં ધર્મમાં અત્યંત તત્પર એવા પદ્મશેખર રાજા બીજાને પણ ધર્મમાં પ્રવર્તાવે છે અને લોકોની સમક્ષ ગુરુ ભગવંતના ગુણોની પ્રશંસા કરે છે. તે આ પ્રમાણે - ૧૨૧૯.

૧. જેઓ ક્ષમાવાન, ઈન્દ્રિયનું દમન કરનારા, ઉપશાંત ભાવને ધારણ કરનારા, રાગ-દ્વેષનો ત્યાગ કરનારા, બીજાની નિન્દા નહીં કરનારા વળી જે અપ્રમત્ત હોય તે ગુરુ કહેવાય છે. ૧૨૨૦.

૨. વંદન કરાતા એવા તેઓ ઉત્કર્ષને કરતા નથી (અને) નિન્દા કરાતા તેઓ બળતા નથી. (ઉદ્વેગ પામતા નથી) ઈન્દ્રિયનું દમન કરનારા ચિત્ત વડે રાગ-દ્વેષને નાશ કરતા ધીર એવા મુનિઓ વિચરે છે. ૧૨૨૧.

૩. ગુરુ બે પ્રકારના કહેવાય છે, તે આ પ્રમાણે - ૧ તપથી યુક્ત અને જ્ઞાનથી યુક્ત. તેમાં તપથી યુક્ત ગુરુ વડના પાંદડાની જેમ માત્ર પોતાના આત્માને તારે છે. જ્ઞાનથી યુક્ત (જ્ઞાની) ગુરુ યાનપાત્ર (નૌકા) સમાન પોતાને અને બીજાના આત્માને તારે છે. ૧૨૨૨.

नाणोवउत्ते जाणवत्तसमाणे, अप्पाणं परं च तारेइ ।

इत्यादि श्रीगुरुगुणवर्णनैर्भूयान् जनस्तेन स्थापितो धर्म्मे ।

परमेको विजयो नाम वणिग् नास्तिकमतानुसारी इति भणति, दुःशकानि रोद्धुमिन्द्रियाणि स्वस्वमार्ग्गानुगामुकानि । आत्मशोषणमात्रमेव तपः । केन दृष्टौ स्वर्ग्गापवर्गौ । उक्तं च -

हत्थागया इमे कामा, कालिआ ते अणागया ।
को जाणइ परे लोए, अत्थि वा नत्थि वा पुणो ।।१।।

ततो न किञ्चिदेतत् । इत्थं तेनापि भूयान् जनो विप्रतारितः । एवं च तस्मिन् नगरे तौ द्वावपि पुण्यपापोपदेशकुशलौ प्रत्यक्षाविव सुगतिदुर्गतिमार्ग्गौ समजायेतां । अन्यदा तत्स्वरूपं नृपेण ज्ञात्वा प्रच्छन्नं निजजनपार्श्वात्तद्गृहे हारमेकं लक्षमूल्यं तदीयाभरणकण्डके प्रक्षेप्य नगरे च पटहो दापितः । 'यो राज्ञो हारं गतं सम्प्रति कथयिष्यति तस्य न दण्डः, पश्चात्तु यस्य गृहे लप्स्यते तस्य दण्डो विधास्यते' इत्यादि । यावन्न कोऽपि मन्यते ततः सर्वगृहशोधनपूर्वं शोधितं तस्यापि गृहम्, लब्धो हारः । धृतो राजपुरुषैः श्रेष्ठी । आनीतो राजसमीपे । आदिष्टोऽसौ वराको वध्यः । न च कोऽपि तं मोचयति । स्वजनादिबहूक्ते राजा वदति -

जइ मम पासाओ तिल्लपुन्नपत्तं गहित्तुं बिंदुंपि ।
अचयंतो सयलपुरे, भमिउं पुण ठवइ मह पुरओ ।।१।।

एवं यदि करोति तदैवास्य मोक्षो नान्यथा ।

तेन तदपि मरणभीत्या प्रतिपन्नम् -

तत्तो निरूविआइं, सयलपुरे पउमसेहरनिवेण ।
पडुपडहवेणुवीणा-इं सद्दउद्दामहरिसाइं ।।१।।

अइलडहरूवलवणिम-सुवेसवेसाविलासकलिआइं ।
सव्विंदिअसुहआइं, पए पए पिच्छणसयाइं ।।२।।

વગેરે શ્રી ગુરુના ઘણા ગુણોનું વર્ણન કરવાથી તેના વડે (પદ્મશેખર રાજા વડે) લોક ધર્મમાં સ્થાપન કરાયો અર્થાત્ લોકો ધર્મને વિષે શ્રદ્ધાવાળા કરાયા. પરન્તુ નાસ્તિક (પરલોક વગેરેને નહિ માનનાર) મતને અનુસરનારો વિજય નામનો એક વેપારી એ પ્રમાણે કહે છે. પોતપોતાના માર્ગે જનારી ઈન્દ્રિયોને રોકવી એ દુઃશક્ય છે. (મુશ્કેલીથી રોકી શકાય છે) માત્ર આત્માનું શોષણ કરવું એ જ તપ છે. સ્વર્ગ અને અપવર્ગ (મોક્ષ) કોના વડે જોવાયા છે ? અને કહ્યું છે કે - ૧૨૨૩.

૧. આ કામો (ભોગો) હાથમાં આવેલા (પ્રાપ્ત થયેલા) છે. કાળ અનાગત છે વળી પરલોક છે કે નહિ ? કોણ જાણે છે. ૧૨૨૪.

૨. તેથી આ તપ કાંઈ કામનું નથી. એ પ્રમાણે (ઉપદેશ આપવાથી) તેના વડે ઘણા લોકો છેતરાયા. એ પ્રમાણે તે બન્ને (પદ્મશેખર રાજા અને વિજય વેપારી) પણ જાણે પ્રત્યક્ષ સદ્ગતિ અને દુર્ગતિના માર્ગની જેમ થયા. એક વખત તે વૃત્તાન્તને જાણીને રાજા વડે ગુપ્ત રીતે પોતાના માણસો પાસે તેના ઘરમાં લાખ રૂપિયાના મૂલ્યવાળો એક હાર તેની આભૂષણની પેટીમાં મૂકીને નગરમાં ઘોષણા કરાઈ. "જે માણસ રાજાના ગયેલા હારને હમણા બતાવશે તેને સજા નહીં થાય, વળી પાછળથી જેના ઘરમાંથી મળશે તેને (રાજા) દંડ કરશે" વગેરે. જેટલામાં કોઈ પણ વ્યક્તિ સ્વીકારતું નથી. તેટલામાં બધાના ઘરને શોધવાપૂર્વક તેનું પણ ઘર શોધાયું અને હાર મળ્યો. રાજાના માણસો વડે શ્રેષ્ઠી ધારણ કરાયો (પકડાયો). રાજાની પાસે લવાયો. આદેશ કરાયો આ બિચારો વધ કરવા યોગ્ય છે અને કોઈ પણ તેને છોડાવતું નથી. સ્વજનો વિગેરે ઘણું કહેતે છતે રાજા કહે છે - ૧૨૨૫.

૧. જો મારી પાસેથી તેલથી સંપૂર્ણ ભરેલા પાત્રને ગ્રહણ કરીને એક બિંદુ (ટીપું) પણ નહીં ઢોળતો આખા નગરમાં ભમીને ફરીથી મારી આગળ સ્થાપન કરે. ૧૨૨૬.

૨. જો એ પ્રમાણે કરે તો આને મુક્ત કરાય અન્યથા નહીં.

મરણના ભયથી તેના વડે (શ્રેષ્ઠી વિજય વડે) તે પણ સ્વીકારાયું - ૧૨૨૭.

૧. ત્યાર પછી સુંદર પ્રકારના વાંજિંત્ર, ઢોલ, વીણા, વેણું ઉંચામાં ઉંચા હર્ષવાળા શબ્દો કરવા એમ પદ્મશેખર રાજા વડે આખા નગરમાં જણાવવામાં આવ્યું. ૧૨૨૮.

૨. અતિ સુંદર રૂપ અને લાવણ્યવાળી, સારા વેષવાળી વેશ્યાઓના વિલાસથી યુક્ત સર્વ ઈન્દ્રિયોને સુખકારી એવા પગલે-પગલે સેંકડો નાટક રાજા વડે બતાવાયા. ૧૨૨૯.

स च तेषु विशेषतो रसिकोऽपि तस्मिन्नेव भाजने निहितदृष्टिरुभयपार्श्वनृप-नियुक्तखड्गव्यग्रकरसुभटक्रियमाणनानाबिभीषिकाभिर्भाप्यमानः सकलपुरे भ्रामयित्वा आनीतः । नृपोऽपीषद्विहस्य तं प्रति प्राह, भो ! अत्यन्तचञ्चलानि मनःकरणानि कथं भवता रुद्धानि ? । तेनोक्तम्, स्वामिन् ! मरणभीरुतया । नृपः प्राह, यद्येकभवार्थं त्वयाऽप्रमादः सेवितः, तर्ह्यनन्तसंसारमरणभीरवः साध्वादयः कथं प्रमादं कुर्युः ? । श्रेष्ठिराज ! आकर्णय हितवचनम्

यत्करोति विकथाः प्रथावती-र्यत्खलेषु विषयेषु दृप्यति ।
सुप्तमत्त इव यद्विचेष्टते, यन्न वेत्ति गुणदोषयोर्भिदाम् ।।१।।

क्रुध्यति स्वहितदेशनेऽपि य-द्यञ्च नरकादियोनिषु ।
लोक एष निखिलं दुरात्मन-स्तत्प्रमादकुरिपोर्विजृम्भितम् ।।२।।

तेन मा कार्षीः प्रमादम् । यजस्व जिनम् । भजस्व गुरुम् । पालय षडावश्यक-विधिम् । मा पत संसारकूपे । इत्यादितदीयशिक्षया प्रतिबुद्धोऽसौ सत्यः श्रावको जातः । पद्मशेखरनृपोऽपि क्रमेण गुरुगुणवर्णनपरो बहुलोककृतपुण्यलाभः सुगतिं प्राप ।।

श्रुत्वेति कुग्रहविनिग्रहणैकमन्त्रं, श्रीपद्मशेखरनरेश्वरसच्चरित्रम् ।
सज्ज्ञानदर्शनचरित्रभृतां गुरूणां, भव्या जनाः ! गुरुगुणान् परिकीर्त्तयन्तु ।।१।।

।। इति श्रीउपदेशसप्ततिकायां तृतीयेऽधिकारे प्रथम उपदेशः ।।१।।

તે (વિજય શ્રેષ્ઠી) તેઓમાં (નૃત્ય ગાનાદિમાં) વિશેષ પ્રકારે રસિક હોવા છતાં પણ તે (તેલથી સંપૂર્ણ ભરેલ) પાત્રમાં જ નાંખેલી દૃષ્ટિવાળો બન્ને બાજુ રાજા વડે ખુલ્લી તલવાર લઈને નિયુક્ત કરાયેલા સુભટો વડે કરાતા અનેક પ્રકારના ભયવાળા વચનોથી (એક ટીપું પણ પાત્રમાંથી બહાર પડશે તો હમણા મારી નાંખીશ, હમણા મારી નાખીશ) બીવડાવતા આખા નગરમાં ભમાવીને લવાયો. રાજાએ પણ થોડું હસીને તેની (શ્રેષ્ઠીની) પ્રતિ કહ્યું, અરે ! અત્યંત ચંચલ એવી ઈન્દ્રિયો મન વગેરે તમારા વડે શી રીતે રોકાયા ? તેના વડે કહેવાયું, હે સ્વામી ! મરણના ભય વડે (ભય વડે). રાજાએ કહ્યું, જો એક ભવમાં જીવવા માટે તારા વડે અપ્રમાદ સેવાયો, તો અનંત સંસારમાં મરણથી ડરનારા સાધુઓ વગેરે શી રીતે પ્રમાદને કરે ? હે શ્રેષ્ઠિ રાજ ! હિતકારી વચનને સાંભળ -૧૨૩૦.

૧. જે વિસ્તારપૂર્વક વિકથા કરે છે, જે અધમ (દુષ્ટ) એવા વિષયોમાં અભિમાન કરે છે. (મોહિત થાય છે) જે સુતેલા મદોન્મત્ત માણસની જેમ ખરાબ ચેષ્ટા કરે છે, જે ગુણ અને દોષના ભેદને જાણતો નથી. ૧૨૩૧.

૨. વળી નરક વગેરે યોનિઓમાં પોતાના હિતને કોઈ કહે તો પણ જે ક્રોધ કરે છે લોકમાં આ સઘળા દુષ્ટ આત્માઓ છે, તે તેમના પ્રમાદરૂપી ખરાબ શત્રુઓની લીલા છે. ૧૨૩૨.

૩. તેથી પ્રમાદ ન કર, જિનેશ્વર પરમાત્માની પૂજા કર, ગુરુને ભજ, છ આવશ્યકની વિધિનું પાલન કર, સંસારરૂપી કૂવામાં નહીં પડ વગેરે તેની (રાજાની) શિખામણ વડે પ્રતિબોધ કરાયેલ આ શ્રેષ્ઠી સાચો શ્રાવક થયો. ગુરુના ગુણોનું (કીર્તન) વર્ણન કરવામાં તત્પર, ઘણા લોકો પર કર્યો છે ઉપકાર જેણે એવા પદ્મશેખર રાજાએ પણ અનુક્રમે સદ્ગતિને પ્રાપ્ત કરી. ૧૨૩૩.

૧. હે ભવ્ય પ્રાણીઓ ! કદાગ્રહને કાઢવામાં એક મંત્ર સમાન શ્રી પદ્મશેખર રાજાના સચ્ચરિત્રને એ પ્રમાણે સાંભળીને સમ્યગ્જ્ઞાન દર્શન - ચારિત્રથી યુક્ત શ્રી ગુરુ ભગવંતના શ્રેષ્ઠ (ઉત્તમ) ગુણોની પ્રશંસા કરો. ૧૨૩૪.

।। એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના ત્રીજા અધિકારમાં પ્રથમ ઉપદેશ છે. ।।

"उपदेशः-२"

ददाति यो वन्दकानि पादयोः, श्रीमद्गुरूणां विनयेन भावितः ।
उच्चैः पदं तस्य न दुर्लभं भवे-दर्थेऽत्र कृष्णः क्रियते निदर्शनम् ।।१।।

अस्ति द्वारवती नाम, पुरी सुरपुरीसमा ।
अपसार्य समुद्रं या, धनदेन विनिर्मिता ।।१।।

कंसकैटभचाणूर-जरासन्धादिवैरिजित् ।
वासुदेवोऽन्तिमस्तत्र, भुङ्क्ते साम्राज्यसम्पदम् ।।२।।

यस्य क्षायिकसम्यक्त्वं, परदोषाऽविकत्थनम् ।
अपयुद्धनिषेधश्च, गुणा लोकोत्तरा अमी ।।३।।

दीक्षां जिघृक्षुर्यः कोऽपि, तनयस्तन्निषेधनम् ।
तेन न क्रियते कन्या-विवाहेऽस्य तु निर्णयः ।।४।।

यदा विवाहयोग्या स्यात्, पुत्री तज्जननी तदा ।
विभूष्य प्रेषयत्यन्तः-सभं कृष्णोऽपि तां वदेत् ।।५।।

त्वं भविष्यसि किं राज्ञी, दासी वेति वदाऽङ्गजे !
राज्ञी यदि तदा तस्या-स्तपस्यां दापयत्यसौ ।।६।।

करोति कारयत्यन्यै-रतुच्छोत्सवसन्ततिम् ।
श्रामण्यं तत्त्वतः शक्र-राज्यादप्यधिकं यतः ।।७।।

चेद्दासी तत्तदीयाया-जनन्या एव मन्दिरे ।
तां प्रेषयति सैवाऽस्याः, विवाहादि करोति च ।।८।।

"ઉપદેશ–૨"

૧. જે શ્રીમદ્ ગુરુ ભગવંતના ચરણોમાં વિનયપૂર્વક ભાવથી વંદન કરે છે તેને ઉચ્ચપદ દુર્લભ થતું નથી. તે માટે અહીં કૃષ્ણનું દૃષ્ટાંત અપાય છે. ૧૨૩૫.

૧. સમુદ્રને દૂર કરીને કુબેર વડે નિર્માણ કરાયેલી દેવોની નગરી સમાન દ્વારવતી (દ્વારિકા) નામની જે નગરી છે. ૧૨૩૬.

૨. તેમાં કંસ, કૈટભ, ચાણુર, જરાસંઘ વગેરે શત્રુઓને જીતનાર (પ્રતિવાસુદેવ વગેરે શત્રુઓને જીતનાર) અંતિમ વાસુદેવ રાજ્યની સંપત્તિને ભોગવે છે. ૧૨૩૭.

૩. જેના ક્ષાયિક સમ્યકત્વ, બીજાના દોષો ન કહેવા અને અન્યાયથી યુદ્ધ ન કરવું" એ લોકોત્તર ગુણો છે. ૧૨૩૮.

૪. જે કોઈ પણ પુત્ર દીક્ષા ગ્રહણ કરવાની ઈચ્છાવાળા હોય, તો તેના વડે તેનો નિષેધ કરાતો નથી, વળી પુત્રીના વિવાહમાં આનો (પરણવું કે દીક્ષા લેવી એમ) નિર્ણય લેવાય છે. ૧૨૩૯.

૫. જ્યારે પુત્રી વિવાહને યોગ્ય (ઉંમરવાળી) થાય ત્યારે તેની માતા (આભૂષણો વગેરેથી) વિભૂષિત કરીને સભાની અંદર મોકલે છે. કૃષ્ણ પણ તેણીને પૂછે છે. ૧૨૪૦.

૬. હે પુત્રી ! શું તું રાણી થશે કે દાસી ? એ પ્રમાણે કહે. જો પુત્રી રાણી થવાનું કહે તો તેણીને તપસ્યાને (દીક્ષાને) અપાવે છે. ૧૨૪૧.

૭. મોટા ઉત્સવની પરંપરાને કરે છે અને બીજાઓ વડે કરાવે છે. જે કારણથી શ્રમણપણું તત્ત્વથી (ખરેખર) ઈન્દ્રના રાજ્યથી પણ અધિક છે. ૧૨૪૨.

૮. જો (પુત્રી) દાસી થવું છે એમ કહે તો તેને (પુત્રીને) તેણીની માતાના ઘરમાં જ મોકલે છે અને તે જ (માતા જ) તેનું (પુત્રીનું) વિવાહ વગેરે કરે છે. ૧૨૪૩.

स्वमातृशिक्षिता काचि-दन्यदा तनयाऽवदत् ।
अहं दासी भविष्यामि, हृदि दध्यौ हरिस्ततः ।।९।।

कयापि शिक्षिता नून-मियं मुग्धा वदत्यदः ।
अस्यास्तथा करिष्येऽहं, यथाऽन्याऽपीति वक्ति न ।।१०।।

अस्ति शालापतिस्तस्य, वीरनामा सुसेवकः ।
आबाल्यादपि तद्वृत्तं, वेत्ति हास्यकरं हरिः ।।११।।

दित्सुस्तां तनयां तस्मै, सभ्यानां पुरतो जगौ ।
स्तुतिरूपेण तद्वृत्तं, नीचमप्युच्चतां नयन् ।।१२।।

भो भो निभाल्यतां सभ्याः !, वीरोऽयं वीरपुङ्गवः ।
एतत्पराक्रमप्रौढिः, श्रूयतां निगदाम्यहम् ।।१३।।

जेण घोसवई सेणा, वसन्ती कलसीपुरे ।
झम्पिआ वामहत्थेण, वेमई नाम खत्तिओ ।।१४।।

जेण रत्तफणो नागो, वसन्तो बदरीवणे ।
आहओ पुढविहत्थेण, वेमई नाम खत्तिओ ।।१५।।

जेण चक्कुक्खई गंगा, वहन्ती कलुसोदगम् ।
धारिआ वामपाएण, वीरओ नाम खत्तिओ ।।१६।।

तदेष विक्रमी वर्यः, कन्याया उचितो वरः ।
ईदृक्षो नेक्ष्यतेऽन्यस्तु, यो मह्यं हृदि रोचते ।।१७।।

૯. એક વખત પોતાની માતા વડે શિખાવાયેલી કોઈક પુત્રીએ કહ્યું 'હું દાસી થઈશ' તેથી કૃષ્ણે મનમાં વિચાર્યું. ૧૨૪૪.

૧૦. ખરેખર આ ભોળી કોઈના પણ વડે શિખાવાયેલી છે. હું આને તે પ્રમાણે કરીશ કે જેથી બીજી પણ (પુત્રી) એ પ્રમાણે ન કહે. ૧૨૪૫.

૧૧. તેને શ્રેષ્ઠ સેવક એવો વીર નામનો શાલાપતિ છે. કૃષ્ણ બાલ્યકાળથી પણ હાસ્યકર એવા તેના (વીરના) સંપૂર્ણ વૃત્તાંતને જાણે છે. ૧૨૪૬.

૧૨. તેને પુત્રી આપવાને ઈચ્છનારા કૃષ્ણે તેના (વીરના) હલકા પણ વૃત્તાંતને ઉંચે લઈ જતા (વધારે ચઢીયાતું બતાવતા) સ્તુતિરૂપે સભાની આગળ કહ્યું. ૧૨૪૭.

૧૩. હે હે સભાજનો ! જુઓ, આ વીર શ્રેષ્ઠ પરાક્રમવાળો છે. આના વિશાળ પરાક્રમને હું કહું છું તે તમે સાંભળો. ૧૨૪૮.

૧૪. લોટા (કલસ) ઉપર વસતી માખીઓની સેના જેના વડે ડાબા હાથથી ઉડાવાઈ તેથી ક્ષત્રિય કહેવાયો. ૧૨૪૯.

૧૫. બોરડીના વનમાં વસતો લાલ ફણાવાળો એવો નાગ જેના વડે પૃથ્વી ઉપર હાથ વડે કરીને મરાયો તેથી ક્ષત્રિય કહેવાયો. ૧૨૫૦.

૧૬. કલુષિત પાણીને વહન કરતી ચક્ર વડે ખોદાયેલી ગંગા જેનાથી ડાબા પગ વડે ધારણ કરાઈ તે વીર નામે (આ) ક્ષત્રિય છે. ૧૨૫૧.

૧૭. તે આવા પ્રકારનો શ્રેષ્ઠ પરાક્રમી પરણવા યોગ્ય કન્યાને યોગ્ય આ વર દેખાય છે, બીજો નહીં. જે મને હૃદયને વિષે રૂચે છે. ૧૨૫૨.

आज्ञाशूरस्य तस्यैत-द्वचोऽतिक्रमभीरवः ।
ओमिति प्रत्यपद्यन्त, समग्रं ते सभासदः ।।१८।।

अरोचमानोऽप्यन्येभ्य-स्तयोः पाणिग्रहो मिथः ।
कारितो वासुदेवेन, किमसाध्यं हि तादृशाम् ।।१९।।

गता तस्य गृहे सापि, स्फाराऽलङ्कारधारिणी ।
वर्यपल्यङ्कमारूढा, देवीव भुवमागता ।।२०।।

न तस्य गेहकृत्यानि, विनयं चापि नाकरोत् ।
स एव किन्तु सञ्जात-स्तदादेशवशंवदः ।।२१।।

वासुदेवाच्छङ्कमान-स्तां सुरीमिव मन्यते ।
सोऽपि तस्याऽभिसन्धिं तु, न वेत्ति हृदि संस्थितम् ।।२२।।

आलापितोऽन्यदा वीरः, कृष्णेन गृहिणी तव ।
कृत्यानि कुरुते नो वा, विनीतः सोऽपि तं जगौ ।।२३।।

त्वत्सुता वर्यसौन्दर्या, देवीवाराध्यते मया ।
हसन्ति सभ्याः सर्वेऽपि, वासुदेवोऽपि तं जगौ ।।२४।।

तस्याः पार्श्वात्समस्तानि, गेहकृत्यानि कारयेः ।
मनागपि ममाशङ्कां, तस्या अपि च मा कृथाः ।।२५।।

गृहागतः स तां गाढं, तर्जयामास पापिनि ! ।
उपविश्य स्थिता कस्मा-दुत्तिष्ठ कुरु पाचनीम् ।।२६।।

૧૮. આજ્ઞા પ્રદાન કરવામાં શૂરવીર તેના આ વચનોને ઓળંગવામાં ભીરૂ એવા તે સઘળા સભાજનોએ તેણે કહેલું સમગ્ર 'હા' એ પ્રમાણે સ્વીકાર્યું. ૧૨૫૩.

૧૯. અન્ય લોકોને નહિ રૂચતું છતાં પણ વાસુદેવ વડે પરસ્પર તે બંનેનું પાણિગ્રહણ કરાવાયું. ખરેખર તેવા પ્રકારના પુરુષોને શું અસાધ્ય હોય ? ૧૨૫૪.

૨૦. ભુવનમાં આવેલી દેવીની જેમ દેદીપ્યમાન અલંકારોને ધારણ કરનારી, શ્રેષ્ઠ એવી પાલખીમાં બેઠેલી તે (પુત્રી) પણ તેના (વીરના) ઘરમાં ગઈ. ૧૨૫૫.

૨૧. તેના (વીરના) ઘરનું કાર્ય કરતી નથી અને વિનયને પણ કરતી નથી. પરંતુ તે (વીર) તેના આદેશને વશ થયેલ વચનવાળો જ થયો. ૧૨૫૬.

૨૨. વાસુદેવની શંકાને કરતો એવો તે તેણીને દેવીની જેમ માને છે. તે વીર પણ વાસુદેવના હૃદયમાં રહેલા ભાવને જાણતો નથી. ૧૨૫૭.

૨૩. એક વખત કૃષ્ણ વડે વીર બોલાવાયો (અને કહ્યું) તારી પત્ની ઘરનું કામ કરે છે કે નહિ ? વિનયવાન એવા તેણે પણ તેમને કહ્યું. ૧૨૫૮.

૨૪. શ્રેષ્ઠ (અત્યંત) સૌન્દર્યવાળી તમારી પુત્રી મારા વડે દેવીની જેમ આરાધાય છે. સર્વે પણ સભાજનો હસે છે. વાસુદેવે પણ તેને કહ્યું. ૧૨૫૯.

૨૫. તેણીની પાસે ઘરનું સઘળું કામ તારે કરાવવું. થોડી પણ મારી શંકા તથા તેણીની પણ શંકા ન કરવી (ન ડરવું). ૧૨૬૦.

૨૬. ઘરમાં આવેલ વીરે તેણીને ખૂબ ઠપકો આપ્યો. હે પાપિણી ! કયા કારણથી બેસી રહી છે. ઉઠ, રસોઈ કર. ૧૨૬૧.

परिकर्म्मय सूत्राणि, प्रमार्ज्य गृहाङ्गणम् ।
निर्व्यापारा मम गृहे, कियत्कालं ललिष्यसि ।।२७।।

तेनेत्याक्रुश्यमाना सा, रुष्टा पितृगृहं गता ।
सगद्गदं जनन्यादेः, स्वदुःखं प्राह तत्कृतम् ।।२८।।

हरिरप्याह रे मूर्खे !, त्वदुक्तं विहितं मया ।
सा ब्रूतेऽहं भविष्यामि, राज्ञी तर्हि प्रसीद माम् ।।२९।।

हसित्वा हरिरप्याह, त्वद्भर्त्ता चेद्ददत्यथ ।
राज्ञी त्वं हि तदैव स्याः, ततः सापि तथा व्यधात् ।।३०।।

तस्यानुमत्या सा दीक्षा-मादत्ते स्म सविस्तरम् ।
श्रीनेमिपार्श्वे दुःखौघ-च्छेदाच्च सुखिताऽभवत् ।।३१।।

अष्टादश सहस्राणि, स्वामिनः साधवस्तदा ।
परिवारेऽभवंस्तत्र, श्रीकृष्णः स्वामिनं जगौ ।।३२।।

भगवन् ! सर्वसाधूना-मद्य वन्दकान्यहम् ।
अस्मि दित्सुर्यदि भव-त्यादेशो भवतां प्रभो ! ।।३३।।

दृष्ट्वा लाभमनुज्ञातः, कृतिकर्म्माणि दत्तवान् ।
ऋषीणां षोडशक्ष्माप-सहस्रपरिवारितः ।।३४।।

चटत्प्रकर्षहर्षेण, पूरितो भक्तिभासुरः ।
तदा स शुशुभे शत्रु-च्छेदोद्यतभटो यथा ।।३५।।

૨૭. ઘરના કામને વિચાર, ઘરનું આંગન સાફ કર, મારા ઘરમાં કામ-કાર્ય વિના કેટલો સમય મજા કરીશ. ૧૨૬૨.

૨૮. તેના વડે આ પ્રમાણે આક્રોશ કરાયેલી ગુસ્સે થયેલી એવી તે પિતાના ઘરે ગઈ. તેના વડે કરાયેલ પોતાના દુઃખને માતાની આગળ ગદ્ગદ્ સ્વરે કહ્યું. ૧૨૬૩.

૨૯. કૃષ્ણે પણ કહ્યું. અરે મૂર્ખ ! તારાથી કહેવાયેલું મારા વડે કરાયું છે. તેણીએ કહ્યું - તો હું રાણી થઈશ, મારા પર કૃપા કરો. ૧૨૬૪.

૩૦. કૃષ્ણે પણ હસીને કહ્યું, "હવે જો તારા પતિ કહે, તો જ તું રાણી થઈ શકે." ત્યાર પછી તેણીએ પણ એ પ્રમાણે કર્યું. ૧૨૬૫.

૩૧. તેની અનુમતિ વડે તેણીએ વિસ્તારપૂર્વક (મહોત્સવપૂર્વક) શ્રી નેમિનાથ પરમાત્મા પાસે દીક્ષા ગ્રહણ કરી અને દુઃખના સમૂહનો નાશ થવાથી સુખી થઈ. ૧૨૬૬.

૩૨. ત્યારે શ્રીનેમિનાથ પરમાત્માના પરિવારમાં અઢાર હજાર સાધુઓ હતા. શ્રીકૃષ્ણે શ્રીનેમિનાથ ભગવાનને કહ્યું. ૧૨૬૭.

૩૩. હે ભગવન્ ! હે પ્રભો ! જો આપ આદેશ આપો તો આજે હું સર્વ સાધુઓને વંદન કરવાની ઈચ્છાવાળો છું. ૧૨૬૮.

૩૪. લાભને જોઈને - જાણીને અનુજ્ઞા પામેલા, સોળ હજાર રાજાઓથી પરિવરેલા કૃષ્ણે મુનિ ભગવંતોને વંદન કર્યું. ૧૨૬૯.

૩૫. ત્યારે પ્રકર્ષે કરીને ચઢતા એવા હર્ષ વડે પરિપૂર્ણ, ભક્તિથી દેદીપ્યમાન, શત્રુનો નાશ કરવા માટે ઉદ્યત એવા સૈનિકની જેમ તે શોભતા હતા. ૧૨૭૦.

अन्तराले नृपा अन्ये, श्रान्तास्तानि ददुर्न ते ।
स्वामिभक्त्या पुनर्वीरः, प्रान्तं यावद्वितीर्णवान् ।।३६।।

षष्टियुक्त्रिशतीयुद्धे-ष्वेतावान्न श्रमोऽभवत् ।
यावन्ममाऽधुना जातो, भगवन् ! भावि किं फलम् ? ।।३७।।

इति कृष्णेन पृष्टः सन्, प्रभुः प्राह त्वया हरे ! ।
निरस्तो नरकस्तूर्य-स्तीर्थकृत्कर्म्म चार्जितम् ।।३८।।

फलप्रश्ने तु वीरस्य, यत्त्वं तुष्टः प्रदास्यसि ।
अनेन तव भक्त्यैव, दत्तानि न तु भावतः ।।३९।।

इत्याद्यन्यदपि स्वामि-पार्श्वे पृष्ट्वा प्रणम्य तम् ।
गोविन्दोऽन्येऽपि लोकाश्च, गताः स्वस्वगृहं क्रमात् ।।४०।।

द्रव्यभावकृतिकर्म्मविधाना-दित्थमौच्यत निदर्शनमेतत् ।
तेन तानि गुणदोषविवेका-द्दीयतां गुरुपदाम्बुजयुग्मे ।।४१।।

।। इति श्रीउपदेशसप्ततिकायां तृतीयेऽधिकारे द्वितीय उपदेशः ।।२।।

૩૬. વંદન કરતા-કરતા વચ્ચે થાકી ગયેલા બીજા રાજાઓએ તેઓને (મુનિ ભગવંતોને) વંદન ન કર્યું. વળી વીરે સ્વામીની (કૃષ્ણ મ.ની) પ્રત્યે ભક્તિ હોવાથી અંત સુધી (કૃષ્ણ મહારાજાએ વંદન કર્યું ત્યાં સુધી) વંદન કર્યું. ૧૨૭૧.

૩૭. ત્રણસો સાઠ યુદ્ધમાં પણ મને જેટલો થાક ન લાગ્યો તેટલો થાક મને આજે લાગ્યો. હે ભગવન્ ! આનું શું ફલ થશે ? ૧૨૭૨.

૩૮. એ પ્રમાણે કૃષ્ણ વડે પૂછાયું. પ્રભુએ કહ્યું. હે કૃષ્ણ ! તારા વડે ચાર નરક દૂર કરાઈ. અને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરાયું. ૧૨૭૩.

૩૯. વીરના ફલ પ્રશ્નમાં (વીરને શું ફલ થશે એ પ્રમાણે પૂછે તો) તું ખુશ થશે તો આપશે માટે વંદન કર્યું છે. આના વડે (વીર વડે) તારી ભક્તિથી જ વંદન કરાયું પણ ભાવથી (પોતાના હૃદયના ભાવથી) નહીં. ૧૨૭૪.

૪૦. વગેરે બીજુ પણ શ્રીનેમિનાથ પરમાત્માને પૂછીને તેમને પ્રણામ કરીને કૃષ્ણ અને બીજા પણ લોકો અનુક્રમે પોતપોતાના ઘરે ગયા. ૧૨૭૫.

૪૧. દ્રવ્ય અને ભાવથી વંદન કરવાથી એ પ્રમાણે (તે-તે) ફલની પ્રાપ્તિ થાય છે તે માટે આ દૃષ્ટાંત કહેવાયું છે. તેથી ગુણદોષમાં વિવેક કરવા દ્વારા ગુરુના ચરણકમલ યુગલમાં વંદન કરો. ૧૨૭૬.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના ત્રીજા અધિકારમાં બીજો ઉપદેશ છે. ॥

"उपदेशः-३"

सम्यग्हृदयशुद्ध्या, श्रीगुरुपादा निषेविताः ।
तुष्यन्त्यत्रोच्यते योगि-नागार्जुननिदर्शनम् ।।१।।

विद्याधराभिधे स्वच्छ-गच्छे विख्यातकीर्त्तयः ।
श्रीपादलिप्तनामानो, जज्ञिरे सूरिपुङ्गवाः ।।१।।

येषां श्रीगुरवो बाल्ये, मुदिता गाथयैकया ।
पादलेपाभिधां विद्यां, ददुराकाशगामिनीम् ।।२।।

इयं च गाथा -

अंबं तंबच्छीए, अपुप्फिअं पुप्फदंतपंतीए ।
नवसालिकंजिअं नव-वहूइ चडुएण मे दिन्नं ।।१।।

शत्रुञ्जयाष्टापदरैवतार्बुदे, संमेतशैले वरतीर्थपञ्चके ।
जिनान्नमस्कृत्य सुविद्यया तया, वितेनिरे भोजनमन्यथा न ते ।।३।।

समग्रविकृतित्यागा-द्येषां केवलमोदनम् ।
गृह्णतामारनालेन, बभूवुर्नैकलब्धयः ।।४।।

कपटश्रावकीभूय, योगी नागार्जुनोऽन्यदा ।
विद्याम्नायं जिघृक्षुस्तं, गुरुपादान्यषेवत ।।५।।

नित्यं वन्दनकान्येष, ददाति गुरुपादयोः ।
लब्धलक्ष्यतया जिघ्र-न्नेव वेत्त्यौषधान्यपि ।।६।।

"ઉપદેશ-૩"

૧. સમ્યગ્ પ્રકારે હૃદયની શુદ્ધિ વડે સેવાયેલા છે શ્રી ગુરુના ચરણકમળો એવા ગુરુભગવંતો ખુશ થાય છે. અહીં યોગી એવા નાગાર્જુનનું દૃષ્ટાંત છે. ૧૨૭૭.

૧. વિદ્યાધર નામના પવિત્ર ગચ્છમાં પ્રખ્યાત કીર્તિવાળા શ્રી પાદલિપ્તનામે મુખ્ય આચાર્ય થયા. ૧૨૭૮.

૨. જેમના બાલ્યકાળમાં પ્રસન્ન થયેલા શ્રી ગુરુભગવંતે એક ગાથા વડે આકાશ ગામિની પાદલેપ નામની વિદ્યાને આપી. ૧૨૭૯.

અને આ ગાથા -

૧. તાંબા જેવી લાલ આંખો છે જેની, પુષ્પ જેવી દાંતની પંક્તિ છે જેની, એવી નવી પરણી આવેલી વધૂએ ચમચા વડે મને નવા ચોખાની અપુષ્પિત (નહીં બગડેલી) કાંજી આપી. ૧૨૮૦.

૩. તેઓએ શત્રુંજય - અષ્ટાપદ - ગિરનાર - આબુ - સમ્મેતશિખર પર્વત એમ શ્રેષ્ઠ એવા પાંચ તીર્થને વિષે રહેલા જિનેશ્વર પરમાત્માને તે સમ્યગ્ વિદ્યા વડે નમસ્કાર કરીને ભોજન કર્યું. અન્યથા નહીં. ૧૨૮૧.

૪. સઘળી વિગઈઓનો ત્યાગ હોવાથી ચોખાના ઓસામણ સહિત માત્ર ભાત જ ગ્રહણ કરતા જેઓને અનેક લબ્ધિઓ થઈ. ૧૨૮૨.

૫. એક વખત વિદ્યાના અભ્યાસને સારી રીતે ગ્રહણ કરવાની ઈચ્છાવાળા નાગાર્જુન યોગીએ કપટ વડે શ્રાવક થઈને ગુરુના ચરણોને સેવ્યા. ૧૨૮૩.

૬. એ હંમેશાં ગુરુના ચરણોમાં વંદન કરે છે, પ્રાપ્ત કરેલા લક્ષ વડે (લક્ષગુણ વડે) સૂંઘતા જ ઔષધોને પણ જાણે છે. ૧૨૮૪.

क्रमात्सप्तोत्तरशतं, ज्ञातवानौषधव्रजम् ।
अष्टोत्तरशततम-मभ्यासाऽभावतो न तु ।।७।।

सम्मील्य तानि तल्लेपं, येन तेनापि वारिणा ।
विधाय पादयोर्दत्ते, व्योमोत्पतनकाम्यया ।।८।।

पतनोत्पतनान्यस्य, तत्प्रभावाद्वितन्वतः ।
सत्याम्नायं विना किन्तु, देहे जाता क्षतावली ।।९।।

पप्रच्छुर्गुरवो भद्र !, तव केयं क्षतावली ।
मूलादारभ्य वृत्तं स्वं, सोऽप्युवाच यथाकृतम् ।।१०।।

तद्बुद्धिरञ्जितास्तस्य, स्वीकार्य द्वादशव्रतीम् ।
विधाय श्रावकं सत्यं, तदाम्नायौषधं जगुः ।।११।।

अमीषामौषधानां त्वं, षष्टितन्दुलपाथसा ।
विधेहि लेपं चेद् व्योम-न्युत्पित्सा तव वर्त्तते ।।१२।।

इति श्रुत्वा तथा कृत्वा, सिद्धसर्वमनोरथः ।
प्रभावयन् जिनमतं, स श्राद्धः परमोऽभवत् ।।१३।।

अत एव निषेव्यन्ते, हार्दभक्त्या विवेकिना ।
गुरुदेवपितृक्ष्माप-प्रमुखाः सत्फलार्थिना ।।१४।।

अन्यदा योगिना तेन, स्वर्णसिद्धिकरो रसः ।
सहस्रवेधी सम्मील्य, बहुद्रव्याणि साधितः ।।१५।।

૭. અનુક્રમે એકસો સાત ઔષધોના સમૂહને જાણ્યો. પણ અભ્યાસના અભાવથી એકસો આઠમી ઔષધીને ન જાણી. ૧૨૮૫.

૮. તેનું (૧૦૭ ઔષધોનું) ગમે તે પણ પાણીની સાથે મિશ્રણ કરીને, તે લેપને કરીને આકાશમાં ઉડવાની ઈચ્છા વડે બંને પગમાં લગાડે છે. ૧૨૮૬.

૯. તેના પ્રભાવથી પરંતુ સાચા અભ્યાસ વિના ઉડવાનું અને પડવાનું કરતા એના શરીરમાં ઘાની શ્રેણીઓ થઈ. ૧૨૮૭.

૧૦. ગુરુભગવંતે પૂછ્યું, હે ભદ્ર ! તારા શરીરે આટલા ઘા શેના છે ? તેણે (નાગાર્જુને) પણ જે પ્રમાણે કર્યું તે પ્રમાણે આરંભીને પોતાના વૃત્તાંતને કહ્યો. ૧૨૮૮.

૧૧. તેની (નાગાર્જુનની) બુદ્ધિથી રંજિત થયેલ ગુરુ ભગવંતે બાર વ્રતનો સ્વીકાર કરાવીને સાચો શ્રાવક બનાવીને ઔષધની પરંપરાને કહી. ૧૨૮૯.

૧૨. જો તારી આકાશમાં ઉડવાની ઈચ્છા છે તો તું આ ઔષધિઓનો સાઠ ચોખાના પાણીની સાથે તું લેપ કર. ૧૨૯૦.

૧૩. એમ સાંભળીને તે પ્રમાણે કરીને સિદ્ધ થયા છે સર્વ મનોરથો જેના એવો તે જિનેશ્વરના મતની પ્રભાવના કરતો શ્રેષ્ઠ શ્રાવક થયો. ૧૨૯૧.

૧૪. એ કારણથી જ સારા ફલને ઈચ્છનારા વિવેકી પુરુષો વડે હૃદયની ભક્તિપૂર્વક ગુરુદેવ - પિતા - રાજા વગેરેની જ સેવા કરાય છે. ૧૨૯૨.

૧૫. એક વખત તે યોગી વડે (નાગાર્જુન વડે) ઘણા દ્રવ્યો મિશ્ર કરીને સુવર્ણને સિદ્ધ કરનાર સહસ્રવેધી રસ સધાયો. ૧૨૯૩.

आत्मीयजनहस्तेन, भृत्वा काचस्य कुम्पकम् ।
तं रसं प्राभृतीचक्रे, तेषामेव स्वभक्तितः ।।१६।।

सूरयोऽप्यूचिवांसस्तं, जनं नामितमस्तकम् ।
किमिदं प्राभृतं वत्स !, केन वा प्रेषितं वद ।।१७।।

सोऽप्युवाच प्रभो ! नागाऽर्जुनेन प्राभृतीकृतः ।
स्वर्णसिद्धिकरो ह्येष, रसस्त्रैलोक्यदुर्लभः ।।१८।।

आह तस्यास्मदीयस्य, विनेयस्य कृतज्ञता ।
येनेत्थं नव्यनिष्पन्नो, रसोऽयमुपदीकृतः ।।१९।।

परं वयं परित्यक्त-बहिरन्तःपरिग्रहाः ।
नेच्छामो मनसाप्येनं, तृणस्वर्णसमस्पृहाः ।।२०।।

अनर्थहेतुनाऽनेन, किमित्यालोच्य चेतसि ।
एष मुग्धोऽथवाऽस्माक-माचारमपि वेत्ति न ।।२१।।

रक्षास्थण्डिलमानाय्य, तं रसं तत्र चिक्षिपुः ।
भृतवन्तः पुनः कुम्पं, निजप्रश्रवणेन ते ।।२२।।

तस्मै तमार्पयंस्तेन, वृत्तज्ञापनपूर्वकम् ।
सोऽपि कोपमनाः प्राप-दुपनागार्जुनं जनः ।।२३।।

ज्ञापिते तेन तद्वृत्ते, योगी दध्यौ रुषारुणः ।
अहो ! विवेक एतेषा-महो ! प्रत्युपकारिता ।।२४।।

૧૬. સ્વજનના હાથથી કાચની કુપીમાં તે રસને ભરીને તેઓને જ (ગુરુદેવને જ) પોતાની ભક્તિથી ભેટણું કરાવું. ૧૨૯૪.

૧૭. આચાર્ય ભગવંતે પણ નમેલા મસ્તકવાળા તે વ્યક્તિને કહ્યું, હે વત્સ ! આ ભેટણું શું છે ? કોના વડે મોકલાવાયું છે ? તું કહે. ૧૨૯૫.

૧૮. તેણે પણ કહ્યું કે પ્રભો ! નાગાર્જુન વડે ત્રણ લોકમાં દુર્લભ એવો સુવર્ણને સિદ્ધ કરનાર આ રસ ભેટણું કરાયો છે. ૧૨૯૬.

૧૯. તે વ્યક્તિને કહ્યું, મારા શિષ્યની કૃતજ્ઞતા છે કે જેના વડે એ પ્રમાણે નવીન બનાવેલો આ રસ (મને) ભેટ કરાયો. ૧૨૯૭.

૨૦. પરંતુ અમે બાહ્ય અને અભ્યન્તર પરિગ્રહનો ત્યાગ કરેલ છીએ. ઘાસ અને સુવર્ણને વિષે સમાન સ્પૃહાવાળા અમે મનથી પણ આ રસને ઈચ્છતા નથી. ૧૨૯૮.

૨૧. અનર્થના હેતુભૂત આના વડે શું ? આ ભોળા સ્વભાવવાળો અમારા આચારને પણ જાણતો નથી. એ પ્રમાણે મનમાં વિચારીને - ૧૨૯૯.

૨૨. આચાર્ય ભગવંતે રાખની કુંડી મંગાવીને તે રસને તેમાં નાખ્યો અને તે કુંડીને પોતાના મૂત્ર વડે ભરી. ૧૩૦૦.

૨૩. તે વૃત્તાંતને જણાવવા પૂર્વક તે કૂપિકા તેને (નાગાર્જુનના માણસને) અર્પણ કરી. કૂપિત મનવાળો તે (વ્યક્તિ) નાગાર્જુનની પાસે ગયો. ૧૩૦૧.

૨૪. તેના વડે તે વૃત્તાંત જણાવાયે છતે યોગી ક્રોધ વડે લાલ આંખવાળો થયો. અહો ! એઓનો વિવેક કેવા પ્રકારનો છે ? અહો ! ઉપકારનો બદલો (કેવા પ્રકારનો છે ?) ૧૩૦૨.

अमी मलीमसा लोक-व्यवहारबहिर्मुखाः ।
पशुप्रायाः स्वपरयो-रपि व्यक्तिं न जानते ।।२५।।

इत्याद्यनल्पसङ्कल्पान्, हृदि ध्यात्वा शिलातले ।
क्वापि तं कुम्पकं बाढं, स्फोटयामास निर्दयम् ।।२६।।

क्षणान्तरे च सा जाता, शिला सर्वा हिरण्मयी ।
सकौतुकं सनिर्वेदं, पुनर्योगीत्यचिन्तयत् ।।२७।।

अहो ! श्रीगुरुपादानां, प्रभावः कोऽपि नूतनः ।
यदीयमलमूत्राद्य-मपि स्वर्णस्य कारकम् ।।२८।।

कटरे ! तपसः शक्ति-र्वपुरे ! भाग्यवैभवम् ।
स्वर्णपुंवद् यदीयेयं, तनुः सर्वापि रैमयी ।।२९।।

मया क्लेशसहस्रेण, रससिद्धिर्विधीयते ।
अमीषां तु स्वभावेन, सा वपुःस्थैव विद्यते ।।३०।।

इत्यवेत्य समागत्य, नत्वा तांश्च युगोत्तमान् ।
स्वकीयमपराधं स, क्षमयामास योगिराट् ।।३१।।

ततो नागार्जुनस्तान् श्री-गुरून् कल्पद्रुमानिव ।
चिरमाराधयामास, वन्दनस्तवनादिभिः ।।३२।।

इति सुरवल्लीमिव ये, मनुजा आराधयन्ति गुरुभक्तिम् ।
तेषामखिलसमीहित-पदार्थसिद्धिर्भवत्यचिरात् ।।३३।।

।। इति श्रीउपदेशसप्ततिकायां तृतीयेऽधिकारे तृतीय उपदेशः ।।३।।

૨૫. મેલા અંતરવાળા - લોકવ્યવહારથી વિમુખ - પ્રાયઃ પશુ જેવા આ પોતાના અને પારકા વ્યક્તિને પણ જાણતા નથી. ૧૩૦૩.

૨૬. વિગેરે ઘણા સંકલ્પોને હૃદયમાં વિચારીને શિલાના તળિયે કોઈક સ્થાને નિર્દયતાપૂર્વક તે કૂપિકાને જોશથી ફોડી. ૧૩૦૪.

૨૭. એક ક્ષણ પછી આખી શિલા સુવર્ણમય થઈ. કુતૂહલપૂર્વક અને ખેદપૂર્વક ફરીથી તે યોગીએ એ પ્રમાણે વિચાર્યું. ૧૩૦૫.

૨૮. અહો ! શ્રી ગુરુપાદોનો પ્રભાવ કંઈક નવીન જ છે કે જેમના મળ-મૂત્ર વિગેરે પણ સુવર્ણને કરનારા છે. ૧૩૦૬.

૨૯. અહો ! તપની શક્તિ કેવી ? અરે શરીર ! ભાગ્યનો વૈભવ પણ કેવો ? કે સુવર્ણ પુરુષની જેમ જેમનું આ સઘળું શરીર પણ સુવર્ણમય છે. ૧૩૦૭.

૩૦. મારા વડે હજારો કષ્ટો સહન કરવાપૂર્વક રસની સિદ્ધિ કરાય છે જ્યારે તે સિદ્ધિ સ્વભાવથી એમના શરીરમાં જ રહેલી છે. ૧૩૦૮.

૩૧. એ પ્રમાણે જાણીને, યુગમાં ઉત્તમ એવા તે ગુરુભગવંતની સન્મુખ આવીને નમસ્કાર કરીને તે યોગીરાજે પોતાના અપરાધને ખમાવ્યો. ૧૩૦૯.

૩૨. ત્યાર બાદ નાગાર્જુન યોગીએ લાંબા કાળ સુધી વંદન-સ્તુતિ વિગેરે વડે તે ગુરુ ભગવંતને કલ્પવૃક્ષની જેમ આરાધ્યા. ૧૩૧૦.

૩૩. એ પ્રમાણે જે મનુષ્યો કલ્પલતાની જેમ ગુરુભક્તિને આરાધે છે, તેઓને સઘળા ઈષ્ટ પદાર્થોની સિદ્ધિ શીઘ્ર પ્રાપ્ત થાય છે. ૧૩૧૧.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના ત્રીજા અધિકારમાં ત્રીજો ઉપદેશ છે. ॥

"उपदेशः-४"

साधर्मिकास्था गुरुभक्तितीर्थो-न्नती निवृत्तिश्च परिग्रहादेः ।
अमी गुणाः पेथडदेवसाधो-र्यथा बभूवुर्न तथा परेषाम् ।।१।।

वणिग् विद्यापुरे पेथा-ऽभिधो वसति निर्द्धनः ।
श्रीधर्म्मघोषसूरिभ्यः, श्रीधर्म्मप्रतिपत्तिकृत् ।।१।।

परिग्रहप्रमाणे च, तेषामेवाऽन्तिकेऽन्यदा ।
द्रम्मपञ्चशती स्वार्थे, यावन्नियमयत्यसौ ।।२।।

तावन्निषिद्धो गुरुभि-र्ज्ञात्वा तद्भाग्यमुल्बणम् ।
तथा कार्यं यथा भद्र !, व्रतभङ्गो भवेन्न ते ।।३।।

ममैतावन्ति भाग्यानि, क्व स्यां यैरहमृद्धिमान् ।
तथापि पञ्चलक्षेभ्योऽभ्यधिकं मे न कल्पते ।।४।।

त्वमिभ्यो भविता वत्स !, तव भाग्यं महद्यतः ।
इति श्रुत्वा गुरून्नत्वा, स प्राप्तो निजमन्दिरम् ।।५।।

तत्र दुर्भिक्षतोऽन्येद्यु-र्निर्वाहस्याप्यसम्भवे ।
भार्याप्रथमिनीयुक्तः, प्रस्थितो मालवं प्रति ।।६।।

क्रमान्मण्डपदुर्गस्य, प्रतोलीं यावदागतः ।
तावद्वामा स्वरं चक्रे, दुर्गा सर्पशिरःस्थिता ।।७।।

स तदाश्चर्यमालोक्य, भीतो यावद्विलम्बते ।
तावत्तमाह शास्त्रज्ञः, कोऽपि मुग्धोऽसि भो वणिक् ! ।।८।।

"ઉપદેશ-૪"

૧. 'સાધર્મિક પ્રત્યે શ્રદ્ધા, ગુરુની ભક્તિ, તીર્થની ઉન્નતિ પરિગ્રહ વિગેરેથી નિવૃત્ત (ત્યાગ)' પેથડદેવને આ ગુણો જેવા હતા, તેવા બીજાઓમાં નથી. ૧૩૧૨.

૧. વિદ્યાપુરમાં શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજા પાસેથી શ્રી જિનેશ્વર પરમાત્માના ધર્મને સ્વીકાર કરનાર નિર્ધન એવો પેથડ નામનો વેપારી વસે છે. ૧૩૧૩.

૨. એક વખત તેમની પાસે જેટલામાં આ (પેથડ) પરિગ્રહ પ્રમાણ (નામના પાંચમા વ્રત)માં પોતાને માટે પાંચસો દ્રમ્મનો નિયમ લે છે (અર્થાત્ પોતાને માટે પાંચસોથી વધારે ન રાખવા એમ નિયમ લે છે.) ૧૩૧૪.

૩. તેટલામાં તેનું ભાગ્ય તીવ્ર (તેજસ્વી) જાણીને ગુરુ ભગવંત વડે નિષેધ કરાયો. હે ભદ્ર ! તારા વ્રતનો ભંગ ન થાય તે પ્રમાણે કાર્ય કર. ૧૩૧૫.

૪. મારું આટલું ભાગ્ય ક્યાંથી હોય કે જેથી હું ઋદ્ધિવાળો થાઉં તો પણ પાંચ લાખથી અધિક તો મારે ન કલ્પે. ૧૩૧૬.

૫. 'હે વત્સ ! તું ધનવાન થશે. જે કારણથી તારું ભાગ્ય મહાન છે' એ પ્રમાણે સાંભળીને શ્રી ગુરુ ભગવંતને નમસ્કાર કરીને તે પોતાના ઘરે ગયો. ૧૩૧૭.

૬. એક દિવસ ત્યાં દુષ્કાળ થવાથી નિર્વાહનો પણ અસંભવ હોતે છતે સ્થૂલ શરીરવાળી ભાર્યા સહિત (તેણે) માલવદેશ તરફ પ્રસ્થાન કર્યું. ૧૩૧૮.

૭. જેટલામાં તે અનુક્રમે માલવાના કિલ્લાના દ્વારમાં આવ્યો. તેટલામાં સર્પના મસ્તક પર રહેલી ચકલીએ ડાબો સ્વર કર્યો. (અર્થાત્ ડાબી બાજુથી બોલી). ૧૩૧૯.

૮. તે ચમત્કારને જોઈને ભયવાળો તે જેટલામાં વિલંબ કરે છે (અટકે છે) તેટલામાં કોઈક શાસ્ત્રના જાણકારે પણ કહ્યું - હે વેપારી ! તું ભોળો છે. ૧૩૨૦.

पूर्वं चेदगमिष्यस्त्वं, तद्रूपोऽत्र त्वमेव भोः ! ।
अभविष्य इदानीं तु, भावी तत्प्रतिरूपभाक् ।।९।।

तेनेत्युत्साहितः प्राप्तः, स पुरान्तःकृतस्थितिः ।
क्रमात्सारङ्गदेवस्य, राज्ञो मन्त्रिपदं दधौ ।।१०।।

ततः प्राप्ताधिकारोऽपि, न मुमोच स्वनिश्चयान् ।
मर्यादामुज्झिहीते किं, पयःपूरेऽपि सागरः ? ।।११।।

नागवल्लीदलान्येष, विना सचित्तमत्यजत् ।
सर्वं भूपसभे तस्य, निःश्रीकं मुखमन्यथा ।।१२।।

यदा पर्यङ्किकारूढः, सभां याति स मन्त्रिराट् ।
तदोपदेशमालायाः, गाथामेकां पठत्यसौ ।।१३।।

राजकार्यव्यापृतत्वा-त्तस्य वेलाऽन्यदा तु न ।
आलोचादेरभावेन, निर्व्यापारो ह्यसौ तदा ।।१४।।

इत्थं पपाठ तां पूर्णां, कियद्भिरपि वासरैः ।
अहो ! ज्ञानोद्यमस्तस्य, कस्य नो विस्मयावहः ? ।।१५।।

इति पेथडदेमन्त्री, प्रतिष्ठां प्राप्य भूपतेः ।
श्रीधर्म्मोऽपि प्रतिष्ठायां, तेन प्राप्यत तद्यथा ।।१६।।

सप्तलक्षैर्मनुष्याणां, द्वापञ्चाशज्जिनालयैः ।
श्रीतीर्थद्वययात्रायै, चलितः पेथडोऽन्यदा ।।१७।।

૯. અરે ! જો તું પહેલા ગયો હોત (તો) અહીં તું જ રાજા થાત. હમણાં તું જશે તો તેના જેવા સ્વરૂપને ભજનાર (મંત્રી) થઈશ. ૧૩૨૧.

૧૦. તેના વડે અત્યંત ઉત્સાહિત થયેલો તે નગરની અંદર આવ્યો. (અને) અનુક્રમે સારંગદેવ રાજાના મંત્રીપદને ધારણ કર્યું. ૧૩૨૨.

૧૧. ત્યારબાદ મંત્રી પદને ધારણ કરનારો પણ પોતાના નિયમનો ત્યાગ કરતો નથી. પાણીનું પૂર આવતે છતે પણ શું સાગર મર્યાદાને મૂકી દે ? ૧૩૨૩.

૧૨. એક પાનબીડા સિવાય બધાં સચિત્તનો ત્યાગ કર્યો. અન્યથા (જો પાનબીડાનો પણ ત્યાગ કરે તો તેના હોઠ લાલ ન થાય. હોઠ લાલ હોવા એ શોભારૂપ મનાય માટે) રાજાની સભામાં શોભા વિનાનું તેનું મુખ થાય. ૧૩૨૪.

૧૩. જ્યારે પાલખીમાં આરૂઢ થયેલ તે મંત્રી રાજસભામાં જાય છે ત્યારે તે મંત્રી ઉપદેશમાલાની એક ગાથાને ભણે છે (શીખે છે). ૧૩૨૫.

૧૪. રાજ્યના કાર્યમાં પરોવાયેલો હોવાથી તેને ગાથા-શીખવાનો બીજો સમય મળતો નથી. પાલખીમાં બેઠો હોય ત્યારે આ (મંત્રી) વિચારના અભાવવડે નિર્વ્યાપાર (કાર્યરહિત) હોય છે. ૧૩૨૬.

૧૫. એ પ્રમાણે કેટલાક દિવસો વડે તેને (ઉપદેશમાલા ગ્રંથને) પૂર્ણ ભણ્યો. અહો ! તેનો જ્ઞાન પ્રત્યેનો ઉદ્યમ કોને વિસ્મય ન પમાડે ? ૧૩૨૭.

૧૬. એ પ્રમાણે પેથડદે મંત્રીએ રાજાની પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરીને, તે પ્રતિષ્ઠા હોતે છતે તેના વડે (મંત્રી વડે) ધર્મ પણ પ્રાપ્ત કરાયો. તે આ પ્રમાણે - ૧૩૨૮.

૧૭. એક વખત પેથડ મંત્રી સાત લાખ મનુષ્યોની સાથે બાવન જિનાલય યુક્ત બે તીર્થની યાત્રાને માટે ચાલ્યો. ૧૩૨૯.

स च दैगम्बरश्चापि, सङ्घौ युगपदागतौ ।
गिरिनारे विवादोऽभूत्तीर्थात्मीकरणे तयोः ।।१८।।

उभयोरिन्द्रमालां यः, परिधास्यति सङ्घपः ।
तस्य तीर्थमिदं भावि, तदेति स्थविरा जगुः ।।१९।।

तदा च सहसोत्थाय, पेथडः पुण्यपेशलः ।
ऐन्द्रीं परिदधे मालां, तीर्थमात्मीचकार च ।।२०।।

त्रिघ्नसप्तप्रमास्तेन, स्वर्णघट्यो व्ययीकृताः ।
अहो ! उच्चपदप्राप्त्यै, पुरुषाणामुपक्रमः ।।२१।।

अधः क्षिपन्ति कृपणाः, वित्तं तत्र यियासवः ।
सन्तस्तु गुरुचैत्यादा-वुन्नतं पदमिच्छवः ।।२२।।

इत्येकादशलक्षाणि, व्ययीकृत्य स यात्रया ।
आगतो मण्डपे दुर्गे, भूभुजा बहुमानितः ।।२३।।

यः श्रीमण्डपदुर्गस्थ-जिनचैत्यशतत्रये ।
अस्थापयत् स्वर्णकुम्भान्, स्वप्रतापानिवोज्ज्वलान् ।।२४।।

सप्तघ्नद्वादशमितान्, प्रासादान्निरमापयत् ।
शत्रुञ्जयादिस्थानेषु, यशःपिण्डानिवात्मनः ।।२५।।

श्रीधर्म्मघोषसूरीणां, यः प्रवेशमहोत्सवम् ।
टङ्ककानां द्विसप्तत्या सहस्त्रैर्निरमीमयत् ।।२६।।

૧૮. તે (પેથડ મંત્રીનો સંઘ) અને દિગમ્બર સંઘ બંને એકી સાથે ગિરનાર તીર્થમાં આવ્યા. તીર્થને પોતાનું કરવામાં તે બંને સંઘનો વિવાદ થયો. ૧૩૩૦.

૧૯. બંને સંઘની ઈન્દ્રમાળને જે ધારણ કરશે તે સંઘપતિ થશે. તેનું આ તીર્થ થશે. એ પ્રમાણે સ્થવિરોએ કહ્યું. ૧૩૩૧.

૨૦. ત્યારે શ્રેષ્ઠ પુણ્યવાળા પેથડ મંત્રીએ એકાએક ઉઠીને ઈન્દ્રમાળને ધારણ કરી અને તીર્થને પોતાનું (શ્વેતામ્બરનું) કર્યું. ૧૩૩૨.

૨૧. તેના વડે (પેથડ મંત્રી વડે) ત્રણ ગુણીયા સાત (૩ x ૭ = ૨૧) એકવીશ પ્રમાણ સુવર્ણની ઘડીઓ (એક જાતનું માપ) વ્યય કરાઈ. અહો ! ઉચ્ચપદની પ્રાપ્તિ માટે પુરુષોની તૈયારી કેવા પ્રકારની હોય ? ૧૩૩૩.

૨૨. નીચે જવાની ઈચ્છાંવાળા કૃપણો ધનને નીચે ફેંકે છે (દાટે છે) ઉંચા પદને ઈચ્છનારા સજ્જનો મોટા મંદિર વગેરે કાર્યમાં ધનને આપે છે. ૧૩૩૪.

૨૩. એ પ્રમાણે તે (પેથડમંત્રી) યાત્રા વડે અગ્યાર લાખ દ્રવ્યનો વ્યય કરીને માંડવગઢના કિલ્લામાં આવ્યો (અને) રાજા વડે બહુમાન કરાયો. ૧૩૩૫.

૨૪. જેણે માંડવગઢના કિલ્લામાં રહેલા શ્રી જિનેશ્વર પરમાત્માના ત્રણસો મંદિરમાં પોતાના પ્રતાપની જેમ ઉજ્જવલ એવા સુવર્ણ કલશોને સ્થાપન કર્યા. ૧૩૩૬.

૨૫. પોતાના યશના સમૂહની જેમ શ્રી શત્રુંજય વગેરે તીર્થ સ્થાનોમાં સાત ગુણીયા બાર (૭ x ૧૨ = ૮૪) ચોરાશી પ્રમાણ મંદિરો કરાવ્યા. ૧૩૩૭.

૨૬. જેણે (પેથડમંત્રીએ) શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજાનો પ્રવેશ મહોત્સવ બહોત્તેર હજાર ટંક વડે કરાવ્યો. ૧૩૩૮.

गव्यूतद्वितये साधु-योगे सति तदन्तिके ।
उपक्रमेण गत्वापि, यः प्रतिक्रान्तिमातनोत् ।।२७।।

चतुर्षु योजनेष्वेवं, सति गीतार्थसम्भवे ।
विधत्ते पाक्षिकं साधु-ष्वहो ! भक्त्यनुरागिता ।।२८।।

पृष्ठस्थरचनावेदि-पुष्पार्पकनरान्वितः ।
अन्यदा गृहबिम्बाना-मर्चां मन्त्री सृजन्नभूत् ।।२९।।

तावत्तत्रागतो भूपः, प्रच्छन्नं समुपाविशत् ।
तं पुष्पार्पकमुत्थाप्य, तत्परीक्षाकृतोद्यमः ।।३०।।

हस्तः पराङ्मुखः पुष्प-ग्रहणायाथ मन्त्रिणा ।
प्रसारितो जिनन्यस्त-दृष्टिना निश्चलात्मना ।।३१।।

तावज्ज्ञातो नृपस्तेना-ऽन्यान्यपुष्पसमर्प्पणात् ।
क्व यूयमिति सम्भ्रान्तो, यावदुत्तिष्ठति द्रुतम् ।।३२।।

तावत् नृपोऽवदन्मा त्वं, त्वरस्व स्वस्थतां भज ।
ततः पूजां समाप्यैष, नृपेणालापमातनोत् ।।३३।।

धन्यस्त्वमीदृशी यस्य, दृढता जिनपूजने ।
इति स्तुत्वा गतो भूपः, सोऽपि भुक्त्यादिकं व्यधात् ।।३४।।

अन्यदा स्तम्भनतीर्थे, श्रीधरव्यवहारिणा ।
सम्यक्त्वशीलव्रतयोः, प्रतिपत्तिर्व्यधीयत ।।३५।।

૨૭. જે (પેથડમંત્રી) બે ગાઉ પ્રમાણ ક્ષેત્રમાં સાધુ ભગવંતનો યોગ હોતે છતે તેમની પાસે ઉપક્રમ વડે - સામે જઈને પ્રતિક્રમણ કરતો હતો. ૧૩૩૯.

૨૮. ચાર યોજન પ્રમાણ ક્ષેત્રમાં ગીતાર્થ ગુરુનો યોગ હોતે છતે પાક્ષિક પ્રતિક્રમણ તેમની નિશ્રામાં કરતો હતો. અહો ! સાધુને વિષે ભક્તિનું અનુરાગીપણું (કેવું અદ્ભૂત છે ?) ૧૩૪૦.

૨૯. એક વખત પુષ્પની ગોઠવણને જાણનાર પોતાની પીઠની પાછળ રહેલ પુષ્પને અર્પણ કરનાર વ્યક્તિથી યુક્ત તે મંત્રી ઘરમાં રહેલ પ્રતિમાની પૂજા કરતો હતો. ૧૩૪૧.

૩૦. તેટલામાં રાજા ત્યાં આવ્યો. તેની (મંત્રીની) પરીક્ષા કરવામાં ઉદ્યમવાળો તે રાજા પુષ્પને અર્પણ કરનાર વ્યક્તિને ઉઠાડીને ગુપ્ત રીતે (મંત્રીને ખબર ન પડે તેવી રીતે) બેઠો. ૧૩૪૨.

૩૧. જિનેશ્વર પરમાત્મા તરફ જ સ્થાપન કરી છે દૃષ્ટિ જેણે એવા એકાગ્ર ચિત્તવાળા મંત્રી વડે પુષ્પને ગ્રહણ કરવા માટે પોતાનો હાથ પાછળ કરાયો (ફેલાવાયો). ૧૩૪૩.

૩૨. તેટલામાં બીજા-બીજા પુષ્પો અર્પણ કરવાથી રાજા તેના વડે (મંત્રી વડે) જણાયો. તમે અહીં ક્યાંથી ? એ પ્રમાણે કહીને આશ્ચર્ય પામેલ ચિત્તવાળો મંત્રી જેટલામાં જલ્દી ઉઠે છે. ૧૩૪૪.

૩૩. તેટલામાં રાજાએ કહ્યું તું ઉતાવળ ન કર. સ્વસ્થતાને ભજ. ત્યારબાદ પૂજા સમાપ્ત કરીને એણે (મંત્રીએ) રાજાની સાથે વાર્તાલાપ કર્યો. ૧૩૪૫.

૩૪. તું ધન્ય છે કે જેની જિનેશ્વર પરમાત્માના પૂજનમાં આવા પ્રકારની દૃઢતા (એકાગ્રતા) છે એ પ્રમાણે સ્તુતિ કરીને રાજા ગયો. તેણે (મંત્રીએ) પણ ભોજન વિગેરે કર્યું. ૧૩૪૬.

૩૫. એક વખત સ્તંભન (ખંભાત) તીર્થમાં શ્રીધર વ્યવહારી વડે સમ્યક્ત્વ અને બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કરાયો. ૧૩૪૭.

सम्यक्त्वोद्यापनेऽप्रैषी-त्प्रतिग्रामं स मोदकान् ।
मुक्तिवल्ल्याः फलानीव, हेमटङ्कगर्भितान् ॥३६॥

तुर्यव्रतोद्यापने तु, तथैव प्रजिघाय सः ।
पञ्चवर्णदुकूलानां, परिधापनिकाः शुभाः ॥३७॥

तदा मन्त्रिकृते चैकां, परिधापनिकामसौ ।
स्वनरैः प्रेषयामास, ते तां लात्वा समागताः ॥३८॥

तेऽप्यूचुर्मन्त्रिणं देव !, बहिष्पादावधार्यताम् ।
परिदध्वमतो यूयं, श्रीधरमहितां मडिं ॥३९॥

मन्त्रिणा भाषिता भार्या, कथं देवि ! विधास्यते ।
साप्याह तत्समीभूय, स्वामिन् ! सा परिधीयताम् ॥४०॥

ततः श्रीधर्म्मघोषान्ते, द्वात्रिंशद्वार्षिकोऽप्यसौ ।
चक्रे शीलव्रतोच्चारं, पुत्रस्त्वेकोऽस्ति झञ्झणः ॥४१॥

सहस्रकैः षोडशभि-ष्टङ्कानां विधाप्य च ।
मडेस्तस्याः प्रवेशं स, स्वयं परिदधौ च ताम् ॥४२॥

इत्यनेकसुकृतैश्चिरमर्ह-च्छासने स्वकमलोल्लसितानि ।
भानुमानिव विधाय गतोऽस्तं, स क्रमात् शिवपुरेऽपि गमी च ॥४३॥

मुख्यां यो विमलाचले परिदधौ मालां व्ययित्वा घटीर्हेम्नः
सप्तगुणाष्टकप्रतिमिता राज्ञां वदान्यस्तथा ।
यः कर्पूरकृते च दक्षिणकरं संयोजयामासिवान्,
स श्रीझञ्झणदेस्तदीयतनयः केषां न वर्ण्यः सताम् ॥४४॥

॥ इति श्रीउपदेशसप्ततिकायां तृतीयेऽधिकारे चतुर्थ उपदेशः ॥४॥

૩૬. તેણે (શ્રીધર વ્યવહારીએ) સમ્યક્ત્વના ઉદ્યાપનમાં જાણે મુક્તિની વેલડીનાં ફળો ન હોય એવા સુવર્ણના ટંક (નાણું વિશેષ) અંદર મૂકાયેલા છે જેમાં એવા લાડવાઓ દરેક ગામમાં મોકલ્યા. ૧૩૪૮.

૩૭. તે પ્રમાણે જ તેણે (શ્રીધર વ્યવહારીએ) ચોથા બ્રહ્મચર્ય વ્રતના ઉધાપનમાં સારા પાંચ વર્ણવાળા રેશમી વસ્ત્રો મોકલ્યા. ૧૩૪૯.

૩૮. તે પ્રમાણે જ એણે (શ્રીધર વ્યવહારીએ) મંત્રીને માટે પોતાના માણસોની સાથે એક રેશમી વસ્ત્રને મોકલ્યું. તેઓ તેને (રેશમી વસ્ત્રને) લઈને આવ્યા. ૧૩૫૦.

૩૯. તેઓએ પણ મંત્રીને કહ્યું. હે દેવ ! બહાર પગલા કરો. તમે શ્રીધર વ્યવહારીએ મોકલેલ પહેરામણીને ધારણ કરો. ૧૩૫૧.

૪૦. મંત્રી વડે પત્ની કહેવાઈ. હે દેવી ! શી રીતે ધારણ કરાશે ? તેણીએ પણ કહ્યું, સ્વામિન્ ! તેની સમાન થઈને પહેરામણી ધારણ કરાય. ૧૩૫૨.

૪૧. ત્યાર બાદ શ્રી ધર્મઘોષસૂરીની પાસે બત્રીસ વર્ષ વાળા એણે શીલવ્રતને ગ્રહણ કર્યું. વળી (તેને) ઝાંઝણ એક જ પુત્ર છે. ૧૩૫૩.

૪૨. સોળ હજાર ટંક વડે તે પહેરામણીના પ્રવેશને કરાવીને તેણે સ્વયં તેને ધારણ કરી. ૧૩૫૪.

૪૩. એ પ્રમાણે લાંબા કાળ સુધી અનેક સુકૃતો વડે અરિહંત પરમાત્માના શાસનમાં પોતાની લક્ષ્મીને ઉલ્લસિત (વ્યય) કરીને સૂર્યની જેમ અસ્તપણાને (મરણને) પામ્યો અને અનુક્રમે તે શિવપુરમાં (મોક્ષમાં) જશે. ૧૩૫૫.

૪૪. જેણે વિમલાચલ તીર્થને વિષે સાત ગુણીયા આઠ (૭ x ૮ = ૫૬) છપ્પન પ્રમાણ સુવર્ણની ઘડીઓ (૧૦ મણનું માપ) નો વ્યય કરીને મુખ્યમાળાને ધારણ કરી અને રાજાઓને માન્ય જેણે કર્પૂરને માટે જમણા હાથને સંયોજિત કર્યો (જોડ્યો) એવો તેનો પુત્ર તે શ્રી ઝાંઝણદે કયા સત્પુરૂષોને તે વખાણવા લાયક ન હોય ? ૧૩૫૬.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના ત્રીજા અધિકારમાં ચોથો ઉપદેશ છે. ॥

"उपदेशः-५"

श्रीसूरयः केऽपि कलौ युगेऽभवन्, दीपा इव श्रीजिनशासनौकसि ।
अत्रोच्यते म्लेच्छपतिप्रबोधकृ-ज्जिनप्रभः सूरिवरो निदर्शनम् ।।१।।

दन्तविश्वमिते वर्षे, श्रीजिनप्रभसूरयः ।
अभूवन् भूभृतां मान्याः, प्राप्तपद्मावतीवराः ।।१।।

अन्यदा ते चतुर्मासीं, स्थिताः श्रीयोगिनीपुरे ।
श्रीपीरोजसुरत्राणो, राजा यत्र विराजते ।।२।।

पुरान्तस्तेऽन्यदा म्लेच्छा-नुपद्रवविधायिनः ।
ग्रीवामोटनतत्सज्ञी-करणाद्यैरशिक्षयन् ।।३।।

अवदातेन तेनाऽमी, विश्वविस्मयकारिणा ।
आभूपगोपं सञ्जाताः, जगद्विख्यातकीर्त्तयः ।।४।।

भूपेन कारितास्ते तं, श्रीधर्म्मोक्तिपुरस्सरम् ।
प्रत्यहं प्रीणयन्ति स्म, वाक्यैरवसरोचितैः ।।५।।

पृष्टो विजययन्त्रस्या-ऽऽम्नायस्तेन महीभुजा ।
स सूरिस्तं जगौ तस्य, तादृशानामगोचरम् ।।६।।

देवायं यत्समीपे स्या-त्तस्यास्त्रमपि दैवतम् ।
न लगेन्न च बाधेत, वैरी रोषारुणोऽपि सन् ।।७।।

इत्याकर्णितपूर्व्वी तद्, यन्त्रं निर्म्माप्य भूपतिः ।
छागस्यैकस्य कण्ठे च, परीक्षार्थमबन्धयत् ।।८।।

"ઉપદેશ-૫"

૧. કલિયુગમાં પણ કેટલાક આચાર્ય ભગવંતો શ્રી જિનેશ્વર પરમાત્માના શાસનરૂપી ઘરમાં દીપક સમાન થયા. અહીં ભીલોના સ્વામીને પ્રબોધ કરનાર આચાર્ય શ્રી જિનપ્રભસૂરીશ્વરજીનું દૃષ્ટાંત છે. ૧૩૫૭.

૧. તેરસોને બત્રીસમેં વર્ષે રાજાઓને માન્ય, પ્રાપ્ત કર્યું છે પદ્માવતીદેવીનું વરદાન જેણે એવા આચાર્ય શ્રી જિનપ્રભસૂરીશ્વરજી થયા હતા. ૧૩૫૮.

૨. એક વખત તેઓ શ્રી યોગિનીપુરમાં ચાતુર્માસ રહ્યા. જ્યાં શ્રી પીરોજ ફકીર રાજા તરીકે શોભે છે. ૧૩૫૯.

૩. તેમણે એક વખત નગરની અંદર ઉપદ્રવ કરનાર મ્લેચ્છોને ડોક મરોડીને ફરીથી તેને સાજી કરવા આદિ વડે શિક્ષા કરી. ૧૩૬૦.

૪. જગતને વિસ્મય પમાડનાર અત્યંત મનોજ્ઞ એવા તેઓ રાજાથી માંડીને ગોવાળીયા સુધી (સર્વ લોકો) જગતમાં પ્રખ્યાત કીર્તિવાળા થયા. ૧૩૬૧.

૫. રાજા વડે તેઓ (આચાર્ય ભ.) બોલાવાયા. શ્રી જિનેશ્વર પરમાત્માના ધર્મની ઉક્તિપૂર્વક અવસરને ઉચિત વાક્યો વડે રોજ તેને ખુશ કરતા હતા. ૧૩૬૨.

૬. તે રાજા વડે વિજય નામના યંત્રની પરંપરાથી ચાલ્યો આવતો વિધિ પૂછાયો. તે આચાર્ય ભગવંતે તેને (રાજાને) જેવા તેવાને સમજી ન શકાય એવા યંત્રની વિધિ કહી. ૧૩૬૩.

૭. હે દેવ ! આ યંત્ર જેની પાસે હોય તેને દેવનું અસ્ત્ર લાગે નહીં અને રોષથી લાલ થયેલ (ક્રોધાયમાન) વૈરી હોતે છતે પણ પીડા ન કરે. ૧૩૬૪.

૮. રાજાએ એ પ્રમાણે પૂર્વે સાંભળેલ તે યંત્રને બનાવીને પરીક્ષાને માટે એક બકરાના કણ્ઠમાં (ગળામાં) બાંધ્યું. ૧૩૬૫.

तरवारिप्रभृत्यस्त्र-प्रहारास्तेन मोचिताः ।
तदङ्गे न लगन्ति स्म, सन्नाहमिव बिभ्रति ।।९।।

छत्रदण्डे निबध्यैनं, तस्याधः पुनरुन्दरम् ।
स्थापयित्वा स मार्जारीं, प्रेरयामास कौतुकी ।।१०।।

तद्दृष्टिमात्रादुत्पन्न-वैराद्धावति तं प्रति ।
तच्छायां किन्तु नायाति, पार्श्वस्थैः प्रेरितापि सा ।।११।।

इत्यद्भुतद्वयं दृष्ट्वा, यन्त्रे ताम्रमये पुनः ।
कारयित्वा तयोरेकं, स्वपार्श्वे स न्यवीविशत् ।।१२।।

एकं च गुरुपादानामुपदीचकृवानयम् ।
कदाचिदुपकारं हि, विस्मरन्ति न साधवः ।।१३।।

ततः प्रभृत्यसौ तान् श्री-गुरून् मुञ्चति न क्वचित् ।
स्थाने याने गृहे ग्रामे, सभायां विजने वने ।।१४।।

एकदा गुर्जरत्रायां, सुरत्राणो यियासया ।
ग्रामाद्बहिर्वटस्यैक-स्याऽधः प्रस्थानमादधे ।।१५।।

शीतलं शाड्वलच्छायं, पृथुलं तं पुनः पुनः ।
निभालयन् सुरत्राणो, गुरून् पप्रच्छ हृद्गतम् ।।१६।।

शोभनोऽयं वटः सूरे !, तन्मनोभाववेदिनः ।
तेऽप्यूचुर्यदि वो वाञ्छा, तदाऽयं सह चाल्यते ।।१७।।

૯. તેના વડે (રાજા વડે) તલવાર વગેરે અસ્ત્રોના પ્રહારો કરાયા પણ તેના (બકરાંના) અંગને લાગતા ન હતા. બખ્તરની જેમ ધારણ કરે છે. ૧૩૬૬.

૧૦. છત્રના દાંડામાં આને (મંત્રને) બાંધીને વળી તેની નીચે ઉંદરને સ્થાપન કરીને કુતૂહલી એવા તેણે (રાજાએ) બિલાડીને પ્રેરણા કરી. ૧૩૬૭.

૧૧. (બિલાડી) તેની દૃષ્ટિમાત્રથી ઉત્પન્ન થયેલ વૈરથી તેની (ઉંદરની) તરફ દોડે છે. પરંતુ (અહીં) પાસે રહેલાઓ વડે પ્રેરણા કરાયેલ પણ તેણી (બિલાડી) તેની છાયામાં આવતી નથી. ૧૩૬૮.

૧૨. એ પ્રમાણે બંને આશ્ચર્યને જોઈને બે યંત્રને તામ્રમય કરાવીને તેમાં એક યંત્રને તે રાજાએ પોતાની પાસે રાખ્યું. ૧૩૬૯.

૧૩. અને આ એક યંત્રને ગુરુ ભગવંતના ચરણોમાં ભેટ ધર્યો. ખરેખર સજ્જન પુરુષો ક્યારેય ઉપકારને ભૂલતા નથી. ૧૩૭૦.

૧૪. ત્યારથી માંડીને આ (રાજા) સ્થાનમાં - વાહનમાં - ઘરમાં - ગામમાં - સભામાં નિર્જન એવા વનમાં ક્યાંય પણ શ્રી ગુરુ ભગવંતનો ત્યાગ કરતો નથી. (અર્થાત્ હંમેશાં તેમની સાથે જ રહે છે.) ૧૩૭૧.

૧૫. એક વખત ગુજરાતમાં જવાની ઈચ્છાથી ફકીરે ગામથી બહાર એક વડની નીચે પ્રસ્થાન કર્યું. ૧૩૭૨.

૧૬. શીતલ લીલા ઘાસવાળી છાયાવાળા વિશાલ તે વડવૃક્ષને વારંવાર નિહાળતા ફકીરે પોતાના હૃદયમાં રહેલ પ્રશ્ન ગુરુને પૂછ્યો. ૧૩૭૩.

૧૭. ઓ આચાર્ય ભગવંત ! આ વડનું ઝાડ સારું છે. તેના મનોભાવોને જાણનાર તેઓએ પણ કહ્યું. જો તમારી ઈચ્છા હોય તો આ (વડ) સાથે ચલાવાય. ૧૩૭૪.

ओमिति प्रतिपेदाने, चलिते तत्र भूपतौ ।
वटोऽपि सेवक इवाऽचलत्सूरिप्रभावतः ।।१८।।

चलन्तं तं वटं प्रेक्ष्य, लोका उत्फुल्ललोचनाः ।
सूरीन्द्रं मनुजेन्द्रं च, प्रशंसन्ति पदे पदे ।।१९।।

कियत्यपि व्यतिक्रान्ते, मार्गे भूपोऽभ्यधाद्गुरून् ।
वटो विसृज्यतामेष, फेरकोऽस्याभवद्बहुः ।।२०।।

इत्युक्ते सूरिभिः प्रोक्तो, वटो नत्वा नृपं व्रज ।
स्वस्थानकं तथैवाय-मपि चक्रे सुशिष्यवत् ।।२१।।

मरुस्थल्यामथायाते, भूपे तत्रत्यपूर्जनाः ।
आयान्ति सम्मुखाः स्थाने, स्थाने प्राभृतपाणयः ।।२२।।

सामान्यवेषांस्तान् दृष्ट्वा, भूपः पप्रच्छ तान् गुरून् ।
किमित्येवंविधा एते, प्रेक्ष्यन्ते लुण्टिता इव ।।२३।।

देशाचाराद्बहुद्रव्या-ऽभावाच्चैवंविधो जनः ।
अत्र प्रायो भवेत् स्वामि-न्नान्यत्किञ्चित्तु कारणम् ।।२४।।

ततः प्रतिनरं पञ्च-वस्त्रीं दिव्यामदापयत् ।
स्त्रियं प्रति च सौवर्ण्ण-टङ्कयुग्मं च शाटिकाम् ।।२५।।

इत्थमाशां जनस्यैष, पूरयन्नब्दवत्क्रमात् ।
प्राप्तवान् पत्तनासन्ने, जङ्गरालमहापुरे ।।२६।।

૧૮. ઓમ્ (હા) એ પ્રમાણે સ્વીકારતે છતે રાજા ત્યાં ચાલતે છતે વડ પણ આચાર્ય ભગવંતના પ્રભાવથી સેવકની જેમ સાથે ચાલ્યું. ૧૩૭૫.

૧૯. ચાલતા એવા તે વડને જોઈને વિકસ્વર નેત્રવાળા લોકો પગલે પગલે આચાર્ય ભગવંતની અને રાજાની પ્રશંસા કરે છે. ૧૩૭૬.

૨૦. કેટલોક માર્ગ ઓળંગ્યા બાદ રાજાએ ગુરુને કહ્યું. આ વડ વિસર્જન કરાય. આનો (વૃક્ષનો) ઘણો ફેરો થાય છે. ૧૩૭૭.

૨૧. એ પ્રમાણે (રાજા) કહેતે છતે આચાર્ય ભગવંત વડે કહેવાયું. હે વડ ! રાજાને નમસ્કર કરીને તું પોતાના સ્થાને જા. આ વડલાએ પણ સારા શિષ્યની જેમ તે પ્રમાણે કર્યું. ૧૩૭૮.

૨૨. રાજા મરૂસ્થલમાં (મારવાડમાં) આવતે છતે હાથમાં ભેટણું છે. જેને એવા ત્યાંના નગરના લોકો ઠેકાણે-ઠેકાણે સન્મુખ આવે છે. ૧૩૭૯.

૨૩. સામાન્ય વેષવાળા તેઓને જોઈને રાજાએ તે ગુરુને એ પ્રમાણે પૂછ્યું. આ લોકો લૂંટાયેલાની જેમ કેમ આવા પ્રકારના દેખાય છે ? ૧૩૮૦.

૨૪. દેશનો આચાર હોવાથી અને ઘણા ધનનો અભાવ હોવાથી અહીં પ્રાયઃ આવા પ્રકારના લોકો હોય છે હે સ્વામિન્ ! બીજું કોઈ કારણ નથી. ૧૩૮૧.

૨૫. ત્યારબાદ દરેક પુરુષને પાંચ દિવ્ય વસ્ત્ર અને દરેક સ્ત્રીને સુવર્ણના બે ટંક અને સાડી અપાવી. ૧૩૮૨.

૨૬. એ પ્રમાણે મેઘની જેમ લોકોની આશાને પૂર્ણ કરતો (મેઘ જેમ પાણી આપીને બધાની આશા પૂર્ણ કરે તેમ) અનુક્રમે પાટણની નજીક જંઘરાલ નામના મોટા નગરમાં આવ્યા. ૧૩૮૩.

पुरा तत्र तपापक्ष-श्रीसोमप्रभसूरयः ।
सन्ति तन्मिलनार्थं ते, पुरान्तः सूरयो गताः ।।२७।।

अभ्युत्थानासनाद्यैस्तै-स्ते तत्र बहुमानिताः ।
ऊचुस्तान् यूयमाराध्याः, येषामीदृग्विधा क्रिया ।।२८।।

प्रत्यूचुस्तेऽपि काऽस्माकं, प्रशंसा क्रियते प्रभो ! ।
धन्या यूयं यदाधारे, जागर्त्ति जिनशासनम् ।।२९।।

इति प्रीतिपरौ याव-त्तौ वार्त्ता कुरुतो मिथः ।
तावच्छालान्तरे जातं, कौतुकं यत्तदुच्यते ।।३०।।

एकस्य सिक्किका साधो-र्मूषकेन विनाशिता ।
गुरूणां पुरतोऽभ्येत्य, सरावां विदधे मुनिः ।।३१।।

तदा विद्याभिराकृष्टाः, श्रीजिनप्रभसूरिभिः ।
शालान्तर्वर्त्तिनः सर्वे, मूषका उपतस्थिरे ।।३२।।

उन्नमय्य मुखं हस्तौ, संयोज्य भयभीरवः ।
गुरूणां पुरतस्तस्थु-र्विनीताः शैक्षका इव ।।३३।।

शृण्वन्तु मूषका भो भो !, यः कश्चिदपराधवान् ।
स तिष्ठतु परे सर्वे, यान्तु स्वेच्छं चरन्तु च ।।३४।।

इत्याचार्यवचः श्रुत्वा, सर्वेऽपि त्वरितक्रमम् ।
उत्प्लुत्य जग्मुरेकस्तु, स्थिरश्चौर इवाग्रतः ।।३५।।

૨૭. ત્યાં તપાગચ્છના આચાર્ય શ્રી સોમપ્રભસૂરીશ્વરજી છે, તેમને મળવા માટે તે આચાર્ય ભગવંત નગરની અંદર ગયા. ૧૩૮૪.

૨૮. ત્યાં તેઓ વડે ઉભા થવું. આસન વગેરે આપવું વગેરેથી બહુમાન કરાયેલા તેઓએ તેમને કહ્યું. જેમની આવા પ્રકારની ક્રિયા છે એવા તમે આરાધવા યોગ્ય છે. ૧૩૮૫.

૨૯. તેઓએ પણ જવાબ આપ્યો, હે પ્રભો ! અમારી પ્રશંસા શું કરો છો ? તમે ધન્ય છો જેના આધારે જિનેશ્વર પરમાત્માનું શાસન જાગે છે. ૧૩૮૬.

૩૦. એ પ્રમાણે પ્રીતિવાળા તે બંને પરસ્પર જેટલામાં વાત કરે છે. તેટલામાં ઉપાશ્રયની અંદર જે કુતૂહલ થયું તે કહેવાય છે. ૧૩૮૭.

૩૧. એક સાધુની સિક્કિકા ઉંદર વડે નાશ કરાઈ. મુનિએ ગુરુ ભગવંતની સમક્ષ આવીને પોકાર સહિત કહ્યું. ૧૩૮૮.

૩૨. ત્યારે શ્રી જિનપ્રભસૂરીશ્વરજી મહારાજા વડે વિદ્યા વડે આકર્ષાયેલ ઉપાશ્રયમાં રહેલા સર્વ ઉંદરો ઉપસ્થિત કરાયા. ૧૩૮૯.

૩૩. મુખને નમાવીને (નમસ્કાર કરીને) બે હાથ જોડીને ભયભીત થયેલા ઉંદરો વિનયવાન શિષ્યની જેમ ગુરુ ભગવંતની આગળ ઉભા રહ્યા. ૧૩૯૦.

૩૪. અરે ! અરે ! ઉંદરો સાંભળો, જે કોઈ અપરાધવાળો હોય તે રહો, બીજા સર્વ જાઓ અને પોતાની ઈચ્છા મુજબ ફરો. ૧૩૯૧.

૩૫. આ પ્રમાણે આચાર્ય ભગવંતના વચન સાંભળીને બધા ઉંદરો ઉતાવળે પગલે કુદકા મારીને ચાલ્યા ગયા. માત્ર એક ચોરની જેમ ઉભો રહ્યો. ૧૩૯૨.

तमप्युवाच सूरीन्द्रो, मा भैषीर्धीरतां भज ।
वयं हि साधवः पीडां, न केषामपि कुर्महे ।।३६।।

इति प्रोच्य स शालाया, अपि निष्काशितो बहिः ।
इत्यादिकौतुकैः साधु-वर्गस्तैः प्रीणितश्चिरम् ।।३७।।

सूरीणामुपदेशेन, सैन्यसङ्घसमन्वितः ।
ततो गतः सुरत्राणः, श्रीशत्रुञ्जयपर्वते ।।३८।।

तत्र सङ्घपकृत्यानि, भूपाय कृतपूर्विणे ।
दुग्धेनावर्षयत् सूरि-स्तरुं राजादनीं तदा ।।३९।।

यात्रां रैवतकेऽप्येवं, विधाय गुरुभिः समम् ।
सदुत्सवैः सुरत्राणः, प्राप्तवान् योगिनीपुरे ।।४०।।

अथैकदा सुरत्राणः, सभासीनः सृजन्नभूत् ।
श्रीसूरिभिः समं प्रीति-गोष्ठीमिष्टार्थसाधिकाम् ।।४१।।

तदा तस्य गुरुः कोऽपि, प्राप्तस्तत्र स्वविद्यया ।
शीर्षस्थटोपिकां व्योम्नि, निरालम्बामतिष्ठिपत् ।।४२।।

आहत्य लकुटेनेव, स्वरजोहरणेन ताम् ।
क्ष्मायामपातयत्सूरि-स्तञ्च तत्र न्यवीविशत् ।।४३।।

आचार्यस्तमुवाचैवं, शक्तिः काप्यस्ति चेत्तव ।
तदेनं पातय क्ष्माया-मन्यथा मौनमाचर ।।४४।।

૩૬. આચાર્ય ભગવંતે તેને પણ કહ્યું. ડર નહીં - ધીરતાને ધારણ કર. ખરેખર સાધુ એવા અમે કોઈને પણ પીડા આપતા નથી. ૧૩૯૩.

૩૭. એ પ્રમાણે કહીને તે ઉપાશ્રયમાંથી પણ બહાર કઢાયો. કુતૂહલી એવા તેઓ વડે સાધુ વર્ગ ઘણા સમય સુધી ખુશ કરાયો. ૧૩૯૪.

૩૮. ત્યારબાદ આચાર્ય ભગવંતના ઉપદેશ વડે સૈન્ય અને સંઘ સહિત ફકીર શ્રી શત્રુંજય પર્વત પર ગયો. ૧૩૯૫.

૩૯. ત્યાં પૂર્વે કર્યા છે સંઘપતિના કાર્યો જેણે એવા રાજાને માટે આચાર્ય ભગવંતે રાયણ વૃક્ષને દૂધ વડે વરસાવ્યું. ૧૩૯૬.

૪૦. એ પ્રમાણે ગુરુ ભગવંતની સાથે ગિરનાર તીર્થની પણ યાત્રાને કરીને ઉત્સવોપૂર્વક તે ફકીર યોગિનીપુરમાં આવ્યો. ૧૩૯૭.

૪૧. હવે એક વખત સભામાં બેઠેલા ફકીર શ્રી આચાર્ય ભગવંતની સાથે ઈચ્છિત અર્થને સાધનાર પ્રિય વાર્તાલાપ કરતો હતો. ૧૩૯૮.

૪૨. ત્યારે તેને કોઈક ગુરુ ભગવંત મળ્યા. તેમણે ત્યાં ગુરુ ભગવંતે પોતાની વિદ્યા વડે મસ્તક પર રહેલી ટોપિકાને આલંબન વિના આકાશમાં રાખી. ૧૩૯૯.

૪૩. આચાર્ય ભગવંતે લાકડીના પ્રહારની જેમ પોતાના રજોહરણ વડે તે ટોપિકાને ભૂમિ પર પાડી અને ફરીથી આકાશમાં સ્થાપન કરી. ૧૪૦૦.

૪૪. આચાર્ય ભગવંતે તેને કહ્યું. જો તારી એ પ્રમાણેની કોઈ પણ શક્તિ હોય તો આને (ટોપિકાને) ભૂમિ પર પાડ અન્યથા મૌનને આચર. ૧૪૦૧.

तत्पातने क्षमो नाऽभू-च्चिरेणापि स्वयं ततः ।
गृहीतं गुरुभिः सोऽपि, लज्जितो हसितो जनैः ।।४५।।

द्वितीयदिवसेऽप्येष, घटं पानीयपूरितम् ।
गगनेऽस्थापयद्गर्व-मखर्वं च विनिर्मिमे ।।४६।।

घटोऽप्याहत्य तेनैव, खण्डशोऽकारि सूरिणा ।
परं तत्रैव पानीयं, स्तम्भितं निजविद्यया ।।४७।।

तच्चमत्कारमालोक्य, न केषां विस्मयोऽभवत् ।
मुक्त्वैकं तद्गुरुं सर्वे, ततः स्वं स्वं गता गृहम् ।।४८।।

इत्यादिनानाप्रवरप्रभावना-भरैः सुरत्राणमपि व्यबूबुधत् ।
स्तोत्राणि यः सप्तशतीमितानि च, ग्रन्थांश्च जग्रन्थ बहूपकारिणः ।।४९।।

स श्रीजिनप्रभः सूरि-र्दुरिताशेषतामसः ।
भद्रं करोतु सङ्घाय, शासनस्य प्रभावकः ।।५०।।

।। इति श्रीउपदेशसप्ततिकायां तृतीयेऽधिकारे पञ्चम उपदेशः ।।५।।

इति श्रीपरमगुरुतपागच्छनायकश्रीसोमसुन्दरसूरिपदकमलसेविमहोपाध्याय-
श्रीचारित्ररत्नगणितद्विनेयपण्डितसोमधर्म्मगणिविरचितायां
उपदेशसप्ततिकायां श्रीगुरुतत्त्वाऽधिकारस्तृतीयः ।।३।।

૪૫. (રાજા) પોતે તેને (ટોપીને) પાડવામાં ઘણા કાળ વડે પણ સમર્થ ન થયો. ત્યારબાદ ગુરુ ભગવંત વડે કાર્ય ગ્રહણ કરાયું તેથી પણ તે લોકો વડે લજ્જિત કરાયો અને હંસાયો. ૧૪૦૨.

૪૬. બીજે દિવસે પણ એણે પાણીથી ભરેલા ઘડાને આકાશમાં સ્થાપન કર્યો અને ઘણો ગર્વ કર્યો. ૧૪૦૩.

૪૭. તે જ આચાર્ય ભગવંત વડે ઘડો પણ પ્રહાર કરીને ટુકડે-ટુકડા કરાયા. પરંતુ પોતાની વિદ્યા વડે પાણી ત્યાં જ સ્તમ્ભિત કરાયું. ૧૪૦૪.

૪૮. તે ચમત્કારને જોઈને કોને વિસ્મય ન થાય ? એક તે ગુરુને મૂકીને (છોડીને) બીજા સર્વ લોકો ત્યારબાદ પોતપોતાના ઘરે ગયા. ૧૪૦૫.

૪૯. ઈત્યાદિ અનેક પ્રકારની શ્રેષ્ઠ પ્રભાવનાના સમૂહ વડે ફકીરને પણ બોધ પમાડ્યો. જેમણે ઘણા ઉપકારને કરનારા એવા સાતસો પ્રમાણ સ્તોત્રો અને ગ્રન્થો રચ્યા. ૧૪૦૬.

૫૦. દૂર કર્યું છે સર્વ અજ્ઞાનરૂપી અંધકાર જેણે, શાસન પ્રભાવનાને કરનારા એવા શ્રી જિનપ્રભસૂરીશ્વરજી મહારાજા સંઘનું કલ્યાણ કરો. ૧૪૦૭.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના ત્રીજા અધિકારમાં પાંચમો ઉપદેશ છે. ॥

॥ એ પ્રમાણે શ્રી પરમગુરુ-તપગચ્છનાયક-શ્રીસોમસુંદરસૂરિના ચરણકમલમાં હંસ સમાન મહોપાધ્યાય શ્રી ચારિત્રરત્નગણિના શિષ્ય પરમાણુરૂપ પંડિત શ્રીસોમધર્મગણિ વિરચિત ઉપદેશ સપ્તતિકા ગ્રંથમાં શ્રી ગુરુતત્ત્વ સ્વરૂપ ત્રીજો અધિકાર ॥

।। श्री धर्मतत्त्वाधिकारश्चतुर्थः ।।

"उपदेशः-१"

सम्प्रति श्रीधर्मतत्त्वाधिकारश्चतुर्थः प्रारभ्यते

तच्च द्विधा सामान्यविशेषभेदाभ्याम् ।

तत्र पूर्वं सामान्यधर्म्माधिकारोदाहरणानि -

प्रातः समुत्थाय विहाय शय्या-मुपासकाः श्रीपरमेष्ठिमन्त्रम् ।
स्मरन्तु यस्मात्सकलेष्टयोगाः, श्रीदेववत् प्राग् भवतां भवन्ति ।।१।।

श्रीहर्षो नाम राजाभूत्, पुरे काम्पिल्यनामनि ।
श्रीदेवस्तस्य पुत्रोऽस्ति, श्रीदेव इव मूर्त्तिमान् ।।१।।

दिग्यात्रायै नृपोऽन्येद्यु-र्जिगीषुः सर्वभूपतीन् ।
चचाल सैन्यसम्भारै-रचलामपि चालयन् ।।२।।

कामरूपपुरस्वामी, दुर्जेयः किन्तु भूपतिः ।
चिरं युद्धे तयोर्जाते, नैकस्यापि परं जयः ।।३।।

देवैर्निवारितो युद्धात्, श्रीहर्षः स्वपुरं ययौ ।
वैराग्येन सुतं राज्ये, न्यस्य प्राव्रजदात्मना ।।४।।

श्रीदेवोऽपि पितुर्वैरं, स्मरंस्तं भूपतिं प्रति ।
मन्त्रिभिर्वार्यमाणोऽपि, विजेतुमचलद्धठात् ।।५।।

चिरं युध्वाप्यसञ्जात-जयो भग्नपरिच्छदः ।
नंष्ट्वैकाकी महाटव्यां, प्राप्तः स्वल्पबलो हि सः ।।६।।

॥ ચોથો શ્રી ધર્મતત્ત્વાધિકાર ॥

"ઉપદેશ-૧"

હવે ચોથો શ્રી ધર્મતત્ત્વાધિકાર શરૂ કરાય છે -

શ્રી અરિહંત પરમાત્માએ પ્રરૂપેલ ધર્મ સામાન્ય અને વિશેષના ભેદ વડે કરીને બે પ્રકારે છે. તેમાં પહેલા સામાન્ય ધર્મના અધિકારનું ઉદાહરણ છે - ૧. હે શ્રાવકો ! સવારે ઉઠીને શય્યાનો ત્યાગ કરીને શ્રી નવકારમંત્રનું સ્મરણ કરો. જેથી શ્રી દેવની જેમ સઘળા ઈચ્છિતનો યોગ પહેલા તમને થાય. ૧૪૦૮.

૧. કાંપિલ્યપુર નામના નગરમાં શ્રી હર્ષ નામે રાજા હતો. સાક્ષાત્ કૃષ્ણની જેવી આકૃતિવાળો શ્રી દેવ નામે તેને પુત્ર હતો. ૧૪૦૯.

૨. એક દિવસ દિગ્યાત્રાને (બધી દિશાઓમાં વિજય મેળવવા) માટે સર્વ રાજાઓને જીતવાની ઈચ્છાવાળો રાજા સૈન્યના સમૂહ સાથે અચલ એવી પણ પૃથ્વીને ચલાયમાન કરતો ચાલ્યો. ૧૪૧૦.

૩. દુઃખે કરીને જીતી શકાય એવો કામરૂપ નગરનો રાજા અને શ્રી હર્ષરાજા એ બંનેનું ઘણા સમય સુધી યુદ્ધ થયે છતે એકનો પણ જય ન થયો. ૧૪૧૧.

૪. યુદ્ધમાંથી દેવો વડે નિવારણ કરાયેલ શ્રી હર્ષરાજા પોતાના નગરમાં ગયો. વૈરાગ્ય વડે પુત્રને રાજ્યમાં સ્થાપન કરીને પોતે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ૧૪૧૨.

૫. મંત્રી વડે વારણ કરાયેલ પણ શ્રીદેવ પિતાના વૈરનું સ્મરણ કરતો તે રાજાને (કામરૂપ નગરના રાજાને) જીતવા માટે બલાત્કારે ચાલ્યો. ૧૪૧૩.

૬. ઘણા સમય સુધી યુદ્ધ થવા છતાં પણ વિજયી ન થયેલ, છિન્ન-ભિન્ન થઈ ગયું છે સૈન્ય જેનું એવો અલ્પબળવાળો તે (શ્રીદેવ) નાસી જઈને એક મોટા જંગલમાં ગયો. ૧૪૧૪.

पयः पुलिन्द्रेणैकेन, पायितोऽसौ तृषाकुलः ।
वने तत्र भ्रमंश्चैकं, पश्यति स्म महामुनिम् ।।७।।

तदग्रे धर्म्ममादिक्षत्, सोऽपि संयतसत्तमः ।
विशेषतो नमस्कार-महामन्त्रपदानि च ।।८।।

यदुक्तं -

"जो गुणइ लक्खमेगं पूएइ विहीइ जिणनमुक्कारं ।
सो तइअभवे सिज्झइ, अहवा सत्तट्ठमे जंमे ।।१।।"

अस्यैकाग्र्यात्लक्षजापे, सति सर्वोत्तमे भवेत् ।
तीर्थकृत्त्वं मध्यमे तु, पदवी चक्रवर्त्तिनाम् ।।९।।

सामान्येऽप्यस्य साम्राज्यलक्ष्मीर्भवति देहिनाम् ।
अतस्त्वमपि तं मन्त्रं, पठ शाठ्यविवर्जितः ।।१०।।

श्रीदेवं पुनरप्याह, स मुनिर्भद्र ! पश्यसि ।
अमुं पुरस्तात् प्रासादं, नमस्कारफलं ह्यदः ।।११।।

तथाहि प्रथमे कल्पे, देवो हेमप्रभाभिधः ।
एकदा प्रश्नयामास, कञ्चित्केवलिनं मुनिम् ।।१२।।

भगवन् ! बोधिलाभो मे, सम्भवी वा न सम्भवी ।
कस्यां योनौ च मे जन्म, सर्वमेतन्निवेदय ।।१३।।

केवली प्राह-इतश्च्युत्वा भवान् भावी, वानरोऽत्रैव कानने ।

૭. તૃષાથી આકુલ થયેલ શ્રીદેવને એક ભીલ વડે પાણી પીવડાવાયું. ત્યાં વનમાં ભમતા તેણે એક મહામુનિને જોયા. ૧૪૧૫.

૮. ઉત્તમ એવા મુનિ ભગવંતે પણ તેની (શ્રીદેવની) સમક્ષ ધર્મને કહ્યો અને શ્રી નવકારમંત્રના પદોને વિશેષ પ્રકારે વર્ણવ્યા. ૧૪૧૬.

જે કહ્યું -

૧. જે એક લાખ શ્રી નવકારમંત્ર ગણે છે અને શ્રી જિનેશ્વર પરમાત્માના નમસ્કારમંત્રને વિધિપૂર્વક પૂજે છે તે ત્રીજે ભવે સિદ્ધ થાય છે અથવા સાતમે કે આઠમે ભવે સિદ્ધ થાય છે. ૧૪૧૭.

૯. આ નવકારમંત્રનું એકાગ્રચિત્તથી એક લાખ વાર જાપ કરતે છતે ઉત્કૃષ્ટથી તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે. વળી મધ્યમથી ચક્રવર્તીની પદવી પ્રાપ્ત થાય છે. ૧૪૧૮.

૧૦. જઘન્યથી પણ પ્રાણીઓને રાજ્યરૂપી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. આ કારણથી તમે પણ તે નવકારમંત્રને કપટરહિત ભણો. ૧૪૧૯.

૧૧. તે મુનિ ભગવંતે શ્રી દેવને ફરીથી પણ કહ્યું. હે ભદ્ર ! તું તારી આગળ રહેલ મહેલને જુએ છે. ખરેખર એ નમસ્કાર મંત્રનું ફલ છે. ૧૪૨૦.

૧૨. તે આ પ્રમાણે - એક વખત પ્રથમ દેવલોકમાં હેમપ્રભ નામના દેવે કોઈક કેવલજ્ઞાની મુનિને પ્રશ્ન પૂછ્યો. ૧૪૨૧.

૧૩. હે ભગવન્ ! મને બોધિલાભ થશે કે નહિ ? અને મારો જન્મ કઈ યોનિમાં થશે ? એ સર્વ જણાવો. ૧૪૨૨.

૧૪. કેવલી ભગવંતે કહ્યું હે દેવ ! તમે અહીંથી ચ્યવીને આ જ જંગલમાં વાનર થશો અને તમને ધર્મની પ્રાપ્તિ કષ્ટપૂર્વક થશે. ૧૪૨૩.

धर्मप्राप्तिश्च कष्टेन, भाविनी तव हे सुर ! ।।१४।।
श्रुत्वेति स्वप्रबोधैक-हेतोस्तेन सुपर्वणा ।
प्रतिप्रस्तरमुत्कीर्णा, नमस्कारपदावली ।।१५।।

एवं कृत्वा च्युतः काले, स देवो वानरोऽभवत् ।
पदानि दृष्ट्वा सस्मार, स्वकीयं दैवतं भवम् ।।१६।।

गृहीतानशनस्तत्र, तं मन्त्रं मनसा स्मरन् ।
बभूव देवस्तत्रैव, विमाने पूर्वनामभृत् ।।१७।।

अग्रतोऽपि स्वबोधार्थं, स देवः प्रीतमानसः ।
श्रीशान्तेः कारयामास, चैत्यमेतदिहोन्नतम् ।।१८।।

श्रीदेवोऽपि निशम्यैवं, नमस्कारं स्वनामवत् ।
चकारास्खलितं सम्यक्, पाठं पाठं तदन्तिके ।।१९।।

ततश्च चैत्ये तत्रैव, विधिना जिनदृक्पुरः ।
नमस्कारमहामन्त्र-लक्षजापं स तेनिवान् ।।२०।।

जापे सम्पूर्णतां प्राप्ते, तुष्टो हेमप्रभोऽमरः ।
अमोघविजयां शक्तिं, तस्मै पुण्यवते ददौ ।।२१।।

काम्पील्ये च पुरे नीतो, राज्ये च स्थापितो निजे ।
मूर्द्धाभिषिक्तता प्राप्तः, समस्ते राजमण्डले ।।२२।।

कामरूपपुरेशोऽपि, तस्य किङ्करतां दधौ ।
वपुरे ! श्रीनमस्कार-महिमा कोऽप्यनुत्तरः ।।२३।।

૧૫. એ પ્રમાણે સાંભળીને પોતાને વિશેષ પ્રકારે બોધ થાય એ જ હેતુથી તે દેવ વડે (તે જંગલના) દરેક પત્થર પર શ્રી નવકાર મંત્રના પદો કોતરાયા. ૧૪૨૪.

૧૬. એ પ્રમાણે કરીને સમયે ચ્યવેલ તે દેવતા વાનર થયો. નવકારમંત્રના પદોને જોઈને પોતાના દેવતાના ભવનું સ્મરણ થયું. ૧૪૨૫.

૧૭. ત્યાં અનશન ગ્રહણ કરેલ તે વાનર શ્રી નવકારમંત્રનું મનથી સ્મરણ કરતો તે જ વિમાનમાં પહેલાના નામને (હેમપ્રભ નામને) ધારણ કરનાર દેવ થયો. ૧૪૨૬.

૧૮. આગળ (આવતા ભવમાં) પણ આનંદિત ચિત્તવાળા તે દેવે પોતાના બોધને માટે શ્રી શાંતિનાથ પરમાત્માનું આ ઉંચું દહેરાસર કરાવ્યું. ૧૪૨૭.

૧૯. શ્રી દેવ પણ એ પ્રમાણે સાંભળીને પોતાના નામની જેમ નમસ્કાર મહામંત્રને તેમની (કેવળી ભગવંતની) પાસે ભૂલ વિના સારી રીતે વારંવાર ભણ્યો. ૧૪૨૮.

૨૦. ત્યારબાદ તેણે (શ્રીદેવે) તે જ મંદિરમાં જિનેશ્વર પરમાત્માની દૃષ્ટિ સમક્ષ વિધિપૂર્વક શ્રી નમસ્કાર મહામંત્રનો એક લાખ વાર જાપ કર્યો. ૧૪૨૯.

૨૧. જાપ સંપૂર્ણ થયે છતે ખુશ થયેલ હેમપ્રભદેવે તે પુણ્યશાલી (શ્રીદેવ)ને અમોઘ વિજયા શક્તિને આપી. ૧૪૩૦.

૨૨. તે (શ્રીદેવ) કામ્પિલ્યપુરમાં લઈ જવાયો અને પોતાના રાજ્યને વિષે સ્થાપન કરાયો, તેમ જ સમગ્ર રાજ્યમણ્ડલમાં મસ્તક ઉપર અભિષેકપણાને (રાજ્યાભિષેકને) પામ્યો. ૧૪૩૧.

૨૩. કામપુર નગરના રાજાએ પણ તેના સેવકપણાને ધારણ કર્યું. અરે જીવ ! શ્રી નવકારમંત્રનો મહિમા કોઈક અદ્‌ભુત છે. ૧૪૩૨.

જે કારણથી -

यतः -

अहो ! पञ्चनमस्कारः, कोऽप्युदारो जगत्सु यः ।
सम्पदोऽष्टौ स्वयं धत्ते, दत्तेऽनन्तास्तु ताः सताम् ।।१।।

श्रीनमस्कारमन्त्रैक-परावर्त्तनतत्परः ।
कालं कृत्वा स भूजानि-र्माहेन्द्रे त्रिदशोऽभवत् ।।२४।।

इति नमस्कृतिसंस्मृतिजं फलं, श्रुतिपुटैः परिपीय शरीरिणः ।
हृदि जपन्तु तमेव नमन्तु च, प्रणयतः परमेष्ठिपदाम्बुजम् ।।२५।।

।। इति श्रीउपदेशसप्ततिकायां चतुर्थेऽधिकारे प्रथम उपदेशः ।।१।।

૧. અહો ! જે નવકારમંત્ર જગતમાં ઉદાર છે તે આઠ પ્રકારની સંપદાઓ ધારણ કરે છે અને તે સંપદાઓ સજ્જનોને અનંતી સંપદાઓ (સંપત્તિઓ) આપે છે. ૧૪૩૩.

૨૪. શ્રી નમસ્કાર મહામંત્રનું પરાવર્તન કરવામાં તત્પર એવા તે રાજા કાળ કરીને માહેન્દ્ર દેવલોકમાં દેવ થયો. ૧૪૩૪.

૨૫. એ પ્રમાણે પ્રાણીઓ શ્રી નમસ્કાર મહામંત્રના સમ્યગ્સ્મરણથી પ્રાપ્ત થતાં ફલને કર્ણપુટ વડે પીને હૃદયમાં તે પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્ર રૂપી કમળને જપો અને પ્રીતિપૂર્વક તેને જ નમો. ૧૪૩૫.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના ચોથા અધિકારમાં પ્રથમ ઉપદેશ છે. ॥

"उपदेशः-२"

कषो भवः प्राणिगणस्य हिंसना-त्तस्याय एभ्यो भवतीति युक्तितः ।
उक्ताः कषाया भुजगा इवाङ्गिना-मेते कथं स्युः कुशलाय वर्द्धिताः ।।१।।

सकारणास्ते गतकारणा वा, विधीयमाना भववृद्धये स्युः ।
द्विरुक्तिकोद्वेजित एककुम्भकृ-द्यथा वृथाऽनर्थततीर्वितेनिवान् ।।२।।

तथाहि ग्राम एकस्मि-न्निवसन्ति स्म तस्कराः ।
प्रायस्ते कर्षुकाः सर्वे, परद्रव्यापहारिणः ।।१।।

यद्यथैवोक्तमेकेन, तथैवान्ये तु वादिनः ।
द्विरुक्तिका इति ख्याता-स्तेन ते पश्यतोहराः ।।२।।

तत्र ग्रामेऽन्यदा कोऽपि, कुम्भकारः समाययौ ।
भाण्डैः प्रपूर्य शकटं, विक्रेतुं लाभवाञ्छया ।।३।।

गन्त्रीमटाट्यमानां तां, वृषभाभ्यां निरीक्ष्य ते ।
अवोचन् पर्षदासीनाः, धूर्यमेकं जिहीर्षवः ।।४।।

चित्रमीक्षध्वमीक्षध्वं, भो भो ग्रामीणमानवाः ! ।
एकेनानडुहा याति, गन्त्री भाण्डभृतापि हि ।।५।।

एवमेवेति तैः सर्वे-रुच्यमानमिदं वचः ।
निशम्य कुम्भकारोऽपि, चेतसीदमचिन्तयत् ।।६।।

एनमेकं हरिष्यन्ति, वृषभं पश्यतोहराः ।
यतः सन्नप्यसंश्चक्रे-ऽमीभिर्धुर्यो दुराशयैः ।।७।।

"ઉપદેશ-૨"

૧. પ્રાણીઓના સમૂહની હિંસા કરવાથી કષ એટલે સંસાર અને તેનો આય એટલે લાભ થાય છે, એ પ્રમાણે યુક્તિથી કષાયો કહેવાયા. વૃદ્ધિ પામતા સર્પની જેમ આ કષાયો પ્રાણીઓના કુશલને માટે શી રીતે થાય ? ૧૪૩૬.

૨. કારણ સહિત અથવા કારણ વિના કરાયેલા કષાયો ભવની વૃદ્ધિને માટે થાય છે. જેમ ચોરો વડે ઉદ્વેગ કરાયેલ એક કુંભારે ફોગટ અનર્થની પરંપરાને વિસ્તારી. ૧૪૩૭.

૧. તે આ પ્રમાણે - એક ગામમાં ચોરો રહેતા હતા. તેઓ સર્વે બીજાના દ્રવ્યનું હરણ કરીને આજીવિકા ચલાવનારા હતા. ૧૪૩૮.

૨. જેમ એક વડે જે કહેવાયું, વળી તે પ્રમાણે જ બીજાઓ પણ બોલે એમ બે વાર બોલનારા તેઓ ચાલાક ચોર એ પ્રમાણે પ્રખ્યાત હતા. ૧૪૩૯.

૩. એક વખત કોઈ કુંભાર લાભની ઈચ્છાથી વાસણો વડે ગાડાને ભરીને વેચવા માટે ત્યાં ગામમાં આવ્યો. ૧૪૪૦.

૪. બળદો વડે ફરતા એવા તે ગાડાને જોઈને એક મુખ્ય બળદનું હરણ કરવાની ઈચ્છાવાળા સભામાં બેઠેલા તેઓએ (ચોરોએ) કહ્યું. ૧૪૪૧.

૫. અરે ! અરે ગામવાસીઓ ! આશ્ચર્ય છે જુઓ, જુઓ વાસણોથી ભરેલું પણ ગાડું એક બળદ વડે જાય છે. ૧૪૪૨.

૬. એ પ્રમાણે જ તે સર્વ ગામવાસીઓ વડે કહેવાતા વચનને સાંભળીને કુંભારે પણ મનમાં એ પ્રમાણે વિચાર્યું. ૧૪૪૩.

૭. ચાલાક ચોરો આ એક બળદનું હરણ કરશે. જે કારણથી દુષ્ટ આશયવાળા આ ચોરો વડે મુખ્ય બળદ હોવા છતાં નહીં હોવા બરાબર કર્યો. ૧૪૪૪.

चिन्तयन्नित्यसौ गत्वा, ग्रामान्तर्भाण्डविक्रयम् ।
यावच्चक्रे व्यग्रचित्त-स्तावत्तैर्वृषभो हृतः ।।८।।

स्वस्थचित्तः पुनर्गन्तुं, यावद्गन्त्रिमसज्जयत् ।
तावद्धुर्यमदृष्ट्वैकं, बुम्बारावं चकार सः ।।९।।

ग्रामीणेषु समस्तेषु, किं किमित्यादिवादिषु ।
जगदे कुम्भकारेण, वृषभो मे वरो हृतः ।।१०।।

अथोचुस्ते कुलाल ! त्वं, मृषा मा ब्रूहि सर्वथा ।
धुर्येणैकेन ते गन्त्री, ह्यायान्ती ददृशेऽखिलैः ।।११।।

वृषौ चेद्द्वावभूतां ते, तदाविष्कुरु साक्षिणम् ।
श्रुत्वेति कुम्भकृद्यं यं, वादयेत्स स एकवाक् ।।१२।।

निराशीभूय सोऽगच्छ-न्मत्सरच्छुरितस्ततः ।
तद्वार्त्तामपि विस्मार्य, ग्रामीणास्तेऽवसन् सुखम् ।।१३।।

कुम्भकारोऽपि कोपेन, प्रज्वलन्वनवह्निवत् ।
उत्तेजितः कुटुम्बेन, किमकिञ्चित्करो भवान् ।।१४।।

शिक्षां तेषां न दस्यूनां, दत्से धत्से नृतां वृथा ।
कृते प्रतिकृतं कुर्या-दित्यपि त्वं न वेत्सि किम् ।।१५।।

ततः स कोपमानाभ्यां, मायया लोभयुक्तया ।
तदनर्थाय सज्जोऽभूत्, सिंहः प्रक्षरितो यथा ।।१६।।

૮. એ પ્રમાણે વિચારતા વ્યગ્રચિત્તવાળા એણે (કુંભારે) ગામની અંદર જઈને જેટલામાં વાસણોને વેચ્યા તેટલામાં તેઓ વડે (ચાલાક ચોરો વડે) એક બળદ હરણ કરાયો. ૧૪૪૫.

૯. સ્વસ્થચિત્તવાળો તે (કુંભાર) ફરીથી (પોતાના ગામમાં) જવા માટે ગાડાને તૈયાર કર્યું. તેટલામાં એક બળદને નહિ જોઈને તેણે જોશથી અવાજ કર્યો. ૧૪૪૬.

૧૦. ગામના સઘળા લોકો શું થયું ? શું થયું ? એ પ્રમાણે કહેતે છતે કુંભાર વડે કહેવાયું કે મારો સારો બળદ હરણ કરાયો. ૧૪૪૭.

૧૧. હવે તેઓએ કહ્યું, હે કુંભાર ! તુ સર્વથા જૂઠ ન બોલ, એક બળદ વડે આવતું તારું ગાડું સર્વ લોકો વડે જોવાયું. ૧૪૪૮.

૧૨. જો તારા બે બળદ હતા તો સાક્ષીને પ્રગટ કર (આપ). એ પ્રમાણે સાંભળીને કુંભાર જેને-જેને કહે તે તે એક જ વાત કહે છે. ૧૪૪૯.

૧૩. મત્સર વડે દુભાતો નિરાશ થઈને તે ગયો. ત્યારબાદ તે વાર્તાને ભૂલી જંઈને તે ગામના લોકો સુખપૂર્વક રહ્યા. ૧૪૫૦.

૧૪. કુંભાર પણ કોપ વડે જંગલના અગ્નિની જેમ બળતો આપ કેમ કંઈક કરતા નથી. એમ કુટુંબ વડે ઉત્તેજિત કરાયો. ૧૪૫૧.

૧૫. તે ચોરોને શિક્ષા ન આપો તો મનુષ્યપણાને ફોગટ જ ધારણ કરો છો. પ્રતિકાર માટે પણ કાંઈ કરવું જોઈએ એમ શું તમે નથી જાણતા ? ૧૪૫૨.

૧૬. ત્યારબાદ તે ક્રોધ અને માન વડે, લોભથી યુક્ત માયા વડે જગાડાયેલ સિંહની જેમ તેમના અનર્થને માટે તૈયાર થયો. ૧૪૫૩.

भवे कषाय एकैको-ऽप्यनर्थाय भवस्पृशाम् ।
चत्वारस्ते पुनर्यत्र, तत्रानर्थे किमुच्यते ।।१७।।

तद्धान्यानि खले पुञ्जी-कृतान्यागत्य निश्यसौ ।
भस्मीचकार तद्वैरात्, सप्तवर्षाणि कुम्भकृत् ।।१८।।

ततस्ते चिन्तयामासु-र्निष्फलोपक्रमाः सदा ।
ग्रामाय कुपितः कोऽपि, प्रज्वालयति नः कणान् ।।१९।।

यद्यसौ ज्ञायते क्वापि, सोऽस्माभिः क्षम्यते तदा ।
अन्यथा कृतमप्येतत्, कर्षणं भावि निष्फलम् ।।२०।।

इति निश्चित्य तैर्यक्ष-यात्रार्थं मिलिते जने ।
पटहोद्घोषणाऽकारि, निर्भीदानपुरस्सरम् ।।२१।।

धान्यं दहति योऽस्माक-माविर्भवतु सोऽधुना ।
क्षमयामो यथा शीघ्रं, स्वमन्तुं यक्षसाक्षिकं ।।२२।।

प्रजापतिर्निशम्येति कृत्वा वेषविपर्ययम् ।
श्लोकमेनं पपाठोच्चै-र्वैरोपशमहेतवे ।।२३।।

अर्प्यतां तस्य सोऽनड्वान, कुलालस्य द्विरक्तिकाः ।
नोचेदन्यामसौ सप्त, वर्षा धान्यानि धक्ष्यति ।।२४।।

पुनर्दाहभयाच्छीघ्र-मनुनीय प्रजापतिम् ।
धौरेयमर्प्पयित्वा च, क्षमयामासुराशु ते ।।२५।।

૧૭. સંસારમાં એક-એક કષાય પણ પ્રાણીઓના અનર્થને માટે થાય તો જ્યાં ચાર કષાય હોય ત્યાં અનર્થમાં શું કહેવું ? ૧૪૫૪.

૧૮. રાત્રિમાં આવીને વૈરથી એ કુંભારે ખેતરમાં સાત વર્ષના એકઠાં કરેલા તેઓના ધાન્યોને ભસ્મીભૂત કર્યા. ૧૪૫૫.

૧૯. ત્યાર બાદ હંમેશાં નિષ્ફલ ઉપાયોવાળા તેઓએ (ગ્રામવાસીઓએ) વિચાર્યું. ગામની ઉપર કોપિત થયેલ કોઈક અમારા ધાન્યોને બાળે છે. ૧૪૫૬.

૨૦. જો ક્યાંય પણ એ જણાય તો અમારા વડે ક્ષમા કરાય નહિતર ખેડવાનું પણ કરેલું આ (કાર્ય) નિષ્ફળ થશે. ૧૪૫૭.

૨૧. એ પ્રમાણે નિશ્ચય કરીને લોકો ભેગા થયે છતે તેઓ વડે યક્ષની યાત્રાને માટે અભયદાનપૂર્વક પટહ દ્વારા ઉદ્‌ઘોષણા કરાવાઈ. ૧૪૫૮.

૨૨. જે અમારા ધાન્યને બાળે છે તે હમણાં પ્રગટ થાઓ. જેથી અમે અમારા અપરાધને યક્ષસાક્ષીએ શીઘ્ર ખમાવીએ છીએ. ૧૪૫૯.

૨૩. કુંભારે એ પ્રમાણે સાંભળીને વેષપલટો કરીને (વેષ બદલીને) વૈરને શમાવવાના હેતુથી આ શ્લોકને ઉંચે સ્વરે બોલ્યો. ૧૪૬૦.

૨૪. ચોરો તે કુંભારને તે બળદ અર્પણ કરે. જો એમ ન થાય તો બીજા સાત વર્ષ સુધી ધાન્યો બળશે. ૧૪૬૧.

૨૫. ફરીથી ધાન્ય બળવાના ભયથી શીઘ્ર કુંભારને સમજાવીને એક બળદને અર્પણ કરીને તેઓએ (ગામવાસીઓએ) જલ્દીથી ખમાવ્યા. ૧૪૬૨.

अज्ञानवन्तो यदि तेऽपि लोकाः, सर्वं सहन्ते स्म कुलालमन्तुम् ।
विवेकवद्भिस्तदहो ! स्वधर्मरक्षार्थमागः कथमस्त्वसह्यम् ।।२६।।

यथा च चौरैः क्षमितः स कुम्भकृत्, कृतादरैः स्वार्थकृते चिरादपि ।
तथैव भव्यैर्निजपुण्यपुष्टये, क्षम्यो लघीयानपि सर्वशक्तितः ।।२७।।

।। इति श्रीउपदेशसप्ततिकायां चतुर्थेऽधिकारे द्वितीय उपदेशः ।।२।।

૨૬. જો અજ્ઞાની એવા તે લોકોએ પણ કુંભારના સર્વ અપરાધને સહન કર્યો તો અહો ! પોતાના ધર્મની રક્ષાને માટે વિવેકી માણસો વડે અપરાધ શી રીતે અસહ્ય થાય ? (કેમ સહન ન થાય ?) ૧૪૬૩.

૨૭. જેમ કરાયેલ આદરવાળા ચોરો વડે પોતાના સ્વાર્થને માટે લાંબા કાળે પણ તે કુંભાર ખમાવાયો. તે પ્રમાણે ભવ્ય પ્રાણીઓ વડે પોતાના પુણ્યની પુષ્ટિને માટે નાનાઓને પણ સર્વ શક્તિથી ખમાવવા યોગ્ય છે. ૧૪૬૪.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના ચોથા અધિકારમાં બીજો ઉપદેશ છે. ॥

"उपदेशः-३"

तेष्वप्यसौ क्रोधदवानलोऽङ्गिनां, प्रज्वालयत्यद्भुतपुण्यकाननम् ।
आसेवितो यः स्वपरोपतापकृत्, भवेदिहामुत्र च सूरविप्रवत् ।।१।।

श्रीवसन्तपुरे राजा, बभूव कनकप्रभः ।
सर्व्वाधिकारी सर्व्वेष्टः, सुयशास्तत्पुरोहितः ।।१।।

सूरस्तस्य सुतोऽत्यन्तकोपनः कलहप्रियः ।
योऽग्निवत् प्रज्वलन्नेव, नित्यं तिष्ठति दुष्टधीः ।।२।।

पितरि स्वर्ग्गतेऽन्येद्युः, कोपनत्वेन तत्सुतम् ।
मुक्त्वा पुरोहितपदे, भूभुजाऽन्यो निवेशितः ।।३।।

ततः स द्वेषमापन्न-स्तच्छिद्राणि गवेषयन् ।
नानाव्यापादनोपायां-स्तत्र भूपे व्यचिन्तयत् ।।४।।

दोहनावसरेऽन्येद्यु-र्लत्तया तं जघान गौः ।
तेन मर्म्माहता सा तु, वराकी मूर्च्छिता मृता ।।५।।

आः ! किमेतत्कृतं पाप !, गौरियं मारिता कुतः ।
इत्यादि यत्तज्जल्पन्ती, हतानेन स्वपत्न्यपि ।।६।।

जाते कलकले तत्र, प्राप्तैर्नृपभटैरयम् ।
निबध्योपनृपं नीतः, सोऽपि तं वध्यमादिशत् ।।७।।

नानाविडम्बनापूर्वं, ते नयन्ति पुराद्बहिः ।
तावत्तत्पुण्ययोगेन, तापसः कोऽप्युपाययौ ।।८।।

"ઉપદેશ-૩"

૧. તેઓમાં (ચારે કષાયોમાં) પણ આ ક્રોધરૂપી દાવાનલ પ્રાણીઓના અદ્દ્ભુત પુણ્યરૂપી જંગલને બાળે છે. જે ક્રોધરૂપી દાવાનલનું આસેવન કરે તે સૂર બ્રાહ્મણની જેમ આલોક અને પરલોકમાં પોતાને અને બીજાને પીડા કરનાર થાય. ૧૪૬૫.

૧. શ્રી વસંતપુરમાં કનકપ્રભ નામે રાજા હતો. સર્વ કાર્યનો અધિકારી, સર્વ લોકોને ઈષ્ટ, સુયશ નામે તેને ગોર (પુરોહિત) હતો. ૧૪૬૬.

૨. અત્યંત ક્રોધી, ઝઘડો જેને પ્રિય છે એવો તેને સૂર નામે પુત્ર હતો. જે દુષ્ટ બુદ્ધિવાળો હંમેશાં અગ્નિની જેમ બળતો રહે છે. ૧૪૬૭.

૩. તેના પિતા સ્વર્ગમાં ગયે છતે એક વાર રાજા વડે કોપથી તેના પુત્રને છોડીને બીજો પુરોહિત પદે સ્થાપન કરાયો. ૧૪૬૮.

૪. ત્યાર બાદ દ્વેષને ધારણ કરતો, તેના છિદ્રોને શોધતા એવા તેણે ત્યાં રાજાને વિષે મારવાના ઘણા ઉપાયોને ચિંતવ્યા. ૧૪૬૯.

૫. એક દિવસ તેણે ગાયને દોહવાના સમયે લાત વડે ગાયને મારી. તેના વડે મર્મ સ્થલમાં ઘા કરાયેલી બિચારી મૂર્છા પામેલી તે મરણ પામી. ૧૪૭૦.

૬. ખેદની વાત છે ! આ તેં શું કર્યું ? હે પાપી ! આ ગાય શી રીતે મરાઈ. વિગેરે જેમ તેમ બોલતી પોતાની પત્ની પણ આના વડે હણાઈ. ૧૪૭૧.

૭. કોલાહલ થયે છતે ત્યાં આવેલ રાજાના સેવકો વડે આ (સૂર) બાંધીને રાજાની પાસે લઈ જવાયો. તેણે પણ તેને વધનો આદેશ આપ્યો. ૧૪૭૨.

૮. તેઓ અનેક પ્રકારની વિડંબનાપૂર્વક સૂરને નગરની બહાર લઈ જાય છે તેટલામાં તેના પુણ્યયોગથી કોઈક તાપસ મળ્યો. ૧૪૭૩.

स तानुवाच भो भद्राः !, कोऽयं किमिति मार्यते ।
ऊचुस्तेऽप्येष पुंरूपो, राक्षसः कोऽपि विद्यते ।।९।।

कृपया मोचितस्तेन, स तेभ्यः सामयुक्तिभिः ।
सूरोऽपि तापसीं दीक्षा-मादत्ते स्म तदन्तिके ।।१०।।

तप्त्वा तपांसि भूयांसि, तस्यैव नृपतेर्वधे ।
कृत्वा निदानं स मृतो, जातो वायुकुमारकः ।।११।।

वसन्तपुरमागत्य, तं भूपप्रमुखं जनम् ।
रजोभिः स्थगयामास, कटरे ! कोपविप्लवः ।।१२।।

च्युत्वा ततोऽभूच्चण्डालः, प्रथमं नरकं ततः ।
जगाम कोपकिम्पाक-पादपच्छायमाश्रयन् ।।१३।।

ततो दृग्विषसर्पो-ऽभूद्द्वितीये नरके ततः ।
ततोऽप्यनन्तसंसारं, भ्रान्तः कोपविडम्बितः ।।१४।।

भूयस्यथ गते काले, श्रीपुरे रत्नभूभृतः ।
सूरजीवोऽभवद्ग्रामा-ध्यक्षो ब्राह्मणनन्दनः ।।१५।।

तथैव कोपनत्वेन, स नृपेण सहान्यदा ।
कुर्वाणः कलहं राज-भटैरुल्लम्बितो वने ।।१६।।

चतुर्ज्ञानधरं तत्र, प्राप्तं मुनिवरं तदा ।
आगतो वन्दितुं राजाऽशृणोत्तद्देशनामिति ।।१७।।

૯. તેણે (તાપસે) તેઓને કહ્યું. (રાજપુરુષોને કહ્યું.) હે ભદ્રો ! આ કોણ છે ? શા માટે એ પ્રમાણે મરાય છે. તેઓએ (રાજપુરુષોએ) પણ કહ્યું આ પુરુષ રૂપે કોઈ રાક્ષસ જણાય છે. ૧૪૭૪.

૧૦. તેથી તે (સૂર) તેઓથી (રાજપુરુષોથી) સમતાના વચનો વડે કૃપાથી મુક્ત કરાયો. સૂરે પણ તેમની પાસે તાપસી દીક્ષાને ગ્રહણ કરી. ૧૪૭૫.

૧૧. ઘણા તપોને તપીને તે જ રાજાના વધ માટે નિયાણું કરીને તે (સૂર) મરણ પામ્યો. અને વાયુકુમાર દેવ થયો. ૧૪૭૬.

૧૨. તે દેવે વસંતપુરમાં આવીને રાજા વગેરે લોકોને ધૂળ વડે ઢાંક્યા. ખેદની વાત છે કે કોપનો પ્રકોપ કેવો છે ! ૧૪૭૭.

૧૩. ત્યાંથી ચ્યવીને ચંડાલ થયો. ત્યાર બાદ કોપ રૂપી કિંપાક વૃક્ષની છાયાનો આશ્રય કરતો પ્રથમ નરકમાં ગયો. ૧૪૭૮.

૧૪. ત્યાર બાદ દૃષ્ટિવિષ સર્પ થયો. ત્યાંથી બીજી નરકમાં ગયો. ત્યાર બાદ કોપથી વિડંબના પામેલ તે અનંતકાલ સુધી સંસારમાં ભમ્યો. ૧૪૭૯.

૧૫. હવે ઘણો કાળ ગયે છતે સૂરનો જીવ શ્રીપુરમાં રત્નરાજાના ગામમાં મુખ્ય બ્રાહ્મણનો પુત્ર થયો. ૧૪૮૦.

૧૬. એક વખત તે પ્રમાણે જ ક્રોધના સ્વભાવથી રાજાની સાથે કલેશને કરતો રાજપુરુષો વડે વનમાં લટકાવાયો. ૧૪૮૧.

૧૭. ત્યારે ત્યાં ચાર જ્ઞાનને ધારણ કરનારા શ્રેષ્ઠ મુનિ મહાત્મા મળ્યા. વંદન કરવા માટે આવેલ રાજાએ તેમની દેશનાને એ પ્રમાણે સાંભળી. ૧૪૮૨.

भो भोः ! भीमभवारण्ये, स्थिताः किं ? नश्यत द्रुतम् ।
यद्बद्धवैरा धावन्ति, वैरिणो वोऽनुगामिनः ।।१८।।

वैरिणः क इति क्ष्माप-पृष्टो ज्ञानी पुनर्जगौ ।
कषायास्तेष्वपि क्रोधो, धत्ते वैरिषु धुर्यताम् ।।१९।।

योऽयमुल्लम्बितो वृक्षे, पुरस्ताद्वीक्ष्यते नरः ।
इदं क्रोधफलं विद्धि, सर्वानर्थनिबन्धनम् ।।२०।।

सूरजन्मप्रभृतिकं, तच्चरितं तदाऽखिलम् ।
श्रुत्वा ज्ञानिमुनिप्रोक्तं, प्रतिबुद्धा नृपादयः ।।२१।।

केचित्तस्यान्तिके दीक्षां, श्राद्धधर्म्मं च केचन ।
स्वीकृत्याभिग्रहादींश्च, स्वस्वकार्याण्यसाधयन् ।।२२।।

सूरजीवोऽपि स क्ष्माप-च्छोटितः शान्ततां भजन् ।
दीक्षामादाय सञ्जातः, सर्वसौख्यैकभाजनम् ।।२३।।

स्त्रीरूपाऽपि क्षमैवैका, क्रोधयोधं जयत्यमुम् ।
गुणाः परे तु तं जेतुं, पुंरूपा अपि न क्षमाः ।।२४।।

आक्रुष्टोऽपि हतो वापि, न बालैः कलहायते ।
मुनिः संसारभीरुत्वा-दन्यथा तत्समो भवेत् ।।२५।।

श्रूयते हि पुरा साधु-मेकमुग्रतपःपरम् ।
देवता काचिदभ्येत्यो-पास्ते तद्गुणरञ्जितः ।।२६।।

૧૮. અરે ! અરે ! ભયંકર ભવરૂપી જંગલમાં કેમ રહેલા છો ? જલ્દીથી ભાગી જાઓ, બાંધ્યું છે વૈર જેમણે એવા તમારા અનુગામી (પાછળ ગમન કરનારા) વૈરીઓ દોડે છે. ૧૪૮૩.

૧૯. વૈરીઓ કોણ છે ? એ પ્રમાણે રાજા વડે પૂછાયેલા જ્ઞાનીએ ફરીથી કહ્યું - તે વૈરીઓમાં પણ ક્રોધ કષાય અગ્રપણાને ધારણ કરે છે. ૧૪૮૪.

૨૦. જે આ આગળ વૃક્ષને વિષે લટકાવાયેલો માણસ દેખાય છે. તે આ સર્વ અનર્થના કારણ સ્વરૂપ ક્રોધનું ફલ જાણ. ૧૪૮૫.

૨૧. ત્યારે જ્ઞાની મુનિ ભગવંતે કહેલ સૂરના જન્મ વગેરેથી માંડીને સંપૂર્ણ ચરિત્રને સાંભળીને રાજા વિગેરે પ્રતિબોધ પામ્યા. ૧૪૮૬.

૨૨. કેટલાક લોકોએ તેમની પાસે દીક્ષાને અને કેટલાક લોકોએ શ્રાવક ધર્મને અને અભિગ્રહ વગેરેને સ્વીકારીને પોતપોતાના કાર્યો સાધ્યા. ૧૪૮૭.

૨૩. સૂરનો જીવ પણ તે રાજાથી છૂટેલો શાંતપણાને ધારણ કરતો દીક્ષા લઈને સર્વ સુખનું એક ભાજન થયો. ૧૪૮૮.

૨૪. સ્ત્રી રૂપ એક ક્ષમા જ આ ક્રોધ રૂપી યોદ્ધાને જીતે છે. પરંતુ પુરુષ રૂપે રહેલ બીજા ગુણો પણ તેને જીતવા માટે સમર્થ નથી. ૧૪૮૯.

૨૫. ગુસ્સે કરાયેલ અથવા હણાયેલ એવા પણ મુનિ સંસારથી ગભરાતા હોવાથી અજ્ઞાનીઓની સાથે ઝઘડો ન કરે, નહિતર તેમના જેવા તે થાય. ૧૪૯૦.

૨૬. ખરેખર સંભળાય છે કે પહેલા ઉગ્ર તપમાં રક્ત એવા એક સાધુની પાસે આવીને તેમના ગુણથી આનંદ પામેલ કોઈક દેવી તેમની સેવા કરે છે. ૧૪૯૧.

साधो ! सुखेन चारित्रं, तव निर्वहते सदा ।
वपुरस्ति निराबाधं, नाप्यन्यः कोऽप्युपद्रवः ।।२७।।

देवो नरो वा यः कश्चि-द्विरूपं कुरुते तव ।
तदा वाच्यं ममेत्यादि-वार्त्ता नित्यं चकार सा ।।२८।।

निःस्पृहो मुनिरप्याह, न मे किञ्चन दुष्करम् ।
यतः सन्तोषिणः सौख्यं, यत्तच्चक्रभृतोऽपि नो ।।२९।।

पारणाहेऽन्यदा गच्छ-न्नगरान्तः स संयतः ।
अमङ्गलधियाभ्याप्त-द्विजेनैकेन कुट्टितः ।।३०।।

मुनिरप्युच्छलन्मयु-र्मुष्टिभिस्तमताडयत् ।
मुष्टामुष्टि तयोरेवं, चिरं युद्धमजायत ।।३१।।

भोजनानन्तरे देवी, पप्रच्छ कुशलादिकम् ।
रुष्टः सोऽप्याह तत्र त्वं, नागता किं त्वयाऽधुना ? ।।३२।।

मुने ! तत्राहमायाता, परं त्वं नोपलक्षितः ।
उभयोर्युद्ध्यमानत्वात्त-दानीं समता ह्यभूत् ।।३३।।

क्षमातपोभ्यां युक्तत्वात्, क्षमाश्रमण उच्यते ।
तयोरेकतरस्यापि, नाशे नाम्नो निरर्थता ।।३४।।

इत्थं तया साधुरयं प्रबोधितो, बभूव चारित्रिजनावतंसकः ।
तत्क्रोधयोधो विजिगीषुभिर्भवं, जेतव्य एवोच्चपदस्पृहा यदि ।।३५।।

।। इति श्रीउपदेशसप्ततिकायां चतुर्थेऽधिकारे तृतीय उपदेशः ।।३।।

૨૭. હે સાધુ ભગવંત ! હંમેશાં તમારું ચારિત્ર સુખપૂર્વક પળાય છે ? શરીર પીડારહિત છે ? બીજો કોઈ પણ ઉપદ્રવ નથી ને ? ૧૪૯૨.

૨૮. દેવ અથવા મનુષ્ય જે કોઈ તારા વિરૂપને (તારું ખરાબ) કરે ત્યારે મને કહેવું. એ પ્રમાણે હંમેશાં એની સાથે વાર્તા કરતી હતી. ૧૪૯૩.

૨૯. સ્પૃહારહિત એવા મુનિ ભગવંતે પણ કહ્યું, મારે કશું દુષ્કર નથી. જે કારણથી જે સુખ સંતોષને ધારણ કરનાર વ્યક્તિને હોય તે સુખ ચક્રવર્તીને પણ ન હોય. ૧૪૯૪.

૩૦. એક વખત પારણાને દિવસે નગરની અંદર (ગોચરી) જતાં તે મુનિ ભગવંત અમંગળ બુદ્ધિ વડે વ્યાપ્ત એવા એક બ્રાહ્મણ વડે કુટાયા. (પ્રહાર કરાયા). ૧૪૯૫.

૩૧. ઉછળતા એવા ક્રોધવાળા મુનિ ભગવંતે પણ મુઠ્ઠી વડે એને (બ્રાહ્મણને) માર્યો. એ પ્રમાણે તે બંનેનું લાંબા કાળ સુધી મુષ્ટામુષ્ટિનું (મુઠ્ઠી વડે) યુદ્ધ થયું. ૧૪૯૬.

૩૨. ભોજન પછી દેવીએ કુશલતા વગેરે પૂછી ગુસ્સે થયેલ મુનિ ભગવંતે પણ કહ્યું - ત્યાં (યુદ્ધ સમયે) તું ન આવી, હમણાં તારા વડે શું ? ૧૪૯૭.

૩૩. (હે મુનિ) ત્યાં હું આવી હતી. પરંતુ તમે ઓળખાયા નહીં. ત્યારે બંને યુદ્ધ કરતા હોવાથી ખરેખર સમાનતા હતી. ૧૪૯૮.

૩૪. ક્ષમા અને તપ વડે યુક્ત હોવાથી ક્ષમાશ્રમણ કહેવાય છે. તે બંનેમાં એકનો પણ નાશ હોતે છતે (ક્ષમાશ્રમણ) નામની નિરર્થકતા થાય છે. ૧૪૯૯.

૩૫. એ પ્રમાણે તેણી (દેવી વડે) આ સાધુ બોધને પમાડાયો અને મુનિ ભગવંતોમાં શ્રેષ્ઠ થયો. જો ઉચ્ચપદની (મોક્ષપદની) ઈચ્છા હોય તો તે ક્રોધ રૂપી યોધાને જીતવાની ઈચ્છાવાળાઓ વડે ભવ (સંસારને) જીતવો જોઈએ. ૧૫૦૦.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના ચોથા અધિકારમાં ત્રીજો ઉપદેશ છે. ॥

मानोऽपि मान्योऽस्तु मनस्विनां कथं, विडम्बयन्नष्टविधाभिरङ्गिनः ।
यं प्राप्य स क्ष्मापतिपुत्र उज्झिता-भिधोऽपि जज्ञे निजजीवितोज्झितः ।।१।।

अष्टविधमदफलं चेदम् -

रज्जाभोगे तिसिआ, अट्ठवसट्टा पडंति तिरिएसु ।
जाईमएण मत्ता, किमिजाई चेव पावंति ।।१।।

कुलमत्त सीआलत्ते, उट्टाईजोणि जंति रूवमए ।
वलमत्तावि पयंगा, बुद्धिमए बुक्कडा हुंति ।।२।।

रिद्धिमए साणाई, सोहग्गमएण सप्पकागाई ।
लाभमएण बइल्ला, हवंति इअ अट्ठमयदुट्ठा ।।३।।

इति श्रीमहापुरुषचरित्रे ।।

राजा नन्दिपुरे रत्न-सारो नीतिलतावनम् ।
सिञ्चन्नम्बुदवत्सर्व-तापनिर्वापकोऽभवत् ।।१।।

तस्य प्रेमलता राज्ञी, साक्षात्प्रेमलतेव या ।
कोऽपि जीवोऽन्यदा तस्याः, गर्भे समुदपद्यत ।।२।।

अशुभा दोहदास्तस्याः, जातास्तदनुभावतः ।
नृपव्यापादनस्तैन्य-वञ्चनोल्लम्बनादयः ।।३।।

जातमात्रोऽपि बालोऽसौ, प्रच्छन्नं त्याजितस्तया ।
बहिर्बलिष्ठायुष्कत्वा-द्वराको न मृतः परम् ।।४।।

"ઉપદેશ-૪"

૧. પ્રાણીઓને આઠ પ્રકાર વડે વિડંબના પમાડતો માન કષાય પણ શ્રેષ્ઠ મનવાળાઓને કેવી રીતે માન્ય થાય ? ઉજ્ઝિત નામનો રાજાનો પુત્ર જે માનને પ્રાપ્ત કરીને પોતાના જીવિતથી રહિત જણાયો. ૧૫૦૧.

આઠ પ્રકારના મદનું ફળ આ છે -

૧. રાજ્યના ભોગને વિષે સ્પૃહાવાળા આર્ત્તધ્યાન કરનારા (પ્રાણીઓ) તિર્યંચયોનિમાં જાય છે. જાતિ મદ વડે અભિમાની પ્રાણીઓ કૃમિની જાતિને જ પામે છે. ૧૫૦૨.

૨. કુલનો મદ કરનારા શિયાળ થાય છે. રૂપનો મદ કરવાથી ઉંટની યોનિમાં જાય છે. બળનો મદ કરવાથી પણ પતંગિયા, બુદ્ધિનો મદ કરવાથી બોકડા થાય છે. ૧૫૦૩.

૩. ઋદ્ધિનો મદ કરવાથી કૂતરા વિગેરે, સૌભાગ્યનો મદ કરવાથી સર્પ-કાગડા વિગેરે લોભનો મદ કરવાથી બળદ થાય છે. આ આઠે મદ દુષ્ટ હોય છે. ૧૫૦૪.

એ પ્રમાણે શ્રી મહાપુરુષોના ચરિત્રમાં કહ્યું છે -

૧. નન્દિનગરમાં નીતિરૂપી વેલડીના વનને સિંચતો, મેઘની જેમ સર્વ તાપને દૂર કરનાર રાજા રત્નસાર હતો. ૧૫૦૫.

૨. તેને જે સાક્ષાત્ પ્રેમની લતા હોય એવી પ્રેમલતા નામે રાણી હતી. એક વખત કોઈ એક જીવ તેના ગર્ભમાં આવ્યો. ૧૫૦૬.

૩. તેના પ્રભાવથી તેણીને રાજાને મારવું, ચોરી કરવી, ઠગવું, ગળા ફાંસો ખાવો વિગેરે ખરાબ દોહલાઓ ઉત્પન્ન થયા. ૧૫૦૭.

૪. ઉત્પન્ન થયેલ માત્ર પણ આ બાલક તેણી વડે ગુપ્ત રીતે બહાર મૂકાવાયો, પરંતુ આયુષ્ય બલવાન હોવાથી બિચારો તે મરણ ન પામ્યો. ૧૫૦૭.

एकेन वणिजा दृष्टो, गृहीतश्च दयालुना ।
अर्पितो निजभार्यायै, पालयामास सापि तम् ।।५।।

कृतोज्झिताभिधः पित्रा, लुब्ध उज्झित इत्ययम् ।
मनोरथेन महता, जातः पञ्चषवार्षिकः ।।६।।

अहमेव पटुः प्राज्ञो, धनवान् बलवानपि ।
केऽमी वराका मनुजाः, मत्पुरः किङ्करा इव ।।७।।

इत्यहङ्कारपूरेण, तृणीकृतजगत्त्रयः ।
दिवसानतिचक्राम, स शैलस्तम्भसन्निभः ।।८।।

मातृपित्रोर्देवगुर्वो-र्न प्रणाममसौ व्यधात् ।
नित्यमुत्तान एवास्ते, दुर्विनीतशिरोमणिः ।।९।।

तमाह जनकोऽन्येद्यु-र्वत्स ! विद्यामठं व्रज ।
पठ ग्रन्थान्मुञ्च शाठ्यं, विनयं कुरु पाठके ।।१०।।

अलं मे गलशोषेण, प्राज्ञः प्रागप्यहं यतः ।
वराकः स उपाध्यायः, किं मे कर्त्ताऽधिकं वद ।।११।।

वणिजामयमाचारः, इत्यादिबहुचाटुभिः ।
प्रेषितो लेखशालायां, मातृकादि पपाठ च ।।१२।।

अपराधे क्वचिच्चैष, कलाचार्येण ताडितः ।
तावत्तमाह रे भिक्षा-चर ! त्वं मां न वेत्सि किम् ? ।।१३।।

૫. એક દયાળુ વેપારી વડે તે (બાળક) જોવાયો અને ગ્રહણ કરાયો. તેણે પોતાની પત્નીને અર્પણ કર્યો. તેણીએ પણ તે બાલકનું પાલન કર્યું. ૧૫૦૮

૬. આ લોભી છે, ત્યાગ કરાયેલ છે એ પ્રમાણે પિતા વડે કરાયેલ છે ઉજ્જિત નામ જેનું, એવો તે મોટા મનોરથ વડે પાંચ-છ વર્ષનો થયો. ૧૫૦૯.

૭. હું જહોશિયાર, બુદ્ધિશાળી, ધનવાળો, બલવાળો પણ છું. કેટલાક બિચારા આ મનુષ્યો મારી આગળ નોકર જેવા છે. ૧૫૧૦.

૮. એ પ્રમાણે અહંકાર વડે પરિપૂર્ણ હોવાથી, તૃણ સમાન કર્યું છે ત્રણ જગતને જેણે એવો તે પર્વતના સ્તંભ જેવો તે દિવસોને પસાર કરતો હતો. ૧૫૧૧.

૯. એ માતા અને પિતાને તથા દેવ અને ગુરુને પ્રણામ કરતો ન હતો. દુર્વિનીતોમાં શિરોમણિ એવો હંમેશાં અભિમાની જ રહે છે. ૧૫૧૨.

૧૦. એક દિવસ પિતાએ તેને કહ્યું હે પુત્ર ! વિદ્યાના મઠમાં તું જા, ગ્રન્થોને ભણ શઠતાનો (લુચ્ચાઈનો) ત્યાગ કર (અને) ભણાવનાર (ગુરુ) પ્રત્યે વિનયને ધારણ કર. ૧૫૧૩.

૧૧. મારા ગળાના શોષણ વડે સર્યું, જે કારણથી પહેલા પણ હું બુદ્ધિશાળી છું. તે બિચારો ઉપાધ્યાય (ભણાવનાર વિદ્યાગુરુ) મને શું અધિક ભણાવશે ? તે તમે કહો. ૧૫૧૪.

૧૨. વેપારીઓનો આ આચાર છે વગેરે ઘણા મીઠા વચનો કહેવા વડે પાઠશાળામાં મોકલાયો અને બારાખડી વિગેરે ભણ્યો. ૧૫૧૫.

૧૩. કાંઈક અપરાધ થયે છતે કલાચાર્ય વડે એ મરાયો. તેટલામાં કલાચાર્યને કહ્યું - અરે ભિક્ષાચર ! શું તું મને જાણતો નથી ? ૧૫૧૬.

पाठनेन तवानेन, किमित्यादि वदन्नयम् ।
रोषेण सहसोत्थाय, तं जघान चपेटया ।।१४।।

धृत्वा केशेषु दुष्टात्मा, तमुच्चासनसंस्थितम् ।
पातयामास भूमौ स, किमकृत्यं न पापिनाम् ।।१५।।

ज्ञाते व्यतिकरे तत्र, स आहूतः क्षमाभुजा ।
भाषितः किमरे मूर्ख !, पण्डितः कुट्टितस्त्वया ।।१६।।

सभ्रूक्षेपं साभिमानं, भूपं स प्राह दुर्मतिः ।
स मनाक् शिक्षितो भिक्षा-चरस्तत्किन्नु दूषणम् ।।१७।।

अन्योऽपि यदि कश्चिन्मां, धिक्कर्त्ता तादृशं फलम् ।
स प्राप्स्यतीति सोल्लण्ठमुवाच गतभीतिवत् ।।१८।।

क्रुद्धेन क्षमाभुजा धृत्वा, गलेऽसौ कर्षितः पुरात् ।
बालहत्याभिया किन्तु, वराको नहि मारितः ।।१९।।

इह लोकेऽप्यहङ्कार-फलमालोक्यतां बुधाः ! ।
वियोगः स्वजनैर्भूपा-ऽपमानो वनवासिता ।।२०।।

यथा चक्री मनुष्येषु, त्रिदशेषु पुरन्दरः ।
तथा गुणेषु सर्वेषु, धौरेयो विनयः स्मृतः ।।२१।।

अथोज्झितकुमारोऽपि, पर्यटन्विकटाटवीः ।
तापसाश्रममायात-स्तपोधनसमाकुलम् ।।२२।।

૧૪. તારા આ ભણાવવા વડે શું ? વગેરે બોલતા તેણે રોષ વડે એકાએક ઉઠીને કલાચાર્યને લાફો માર્યો. ૧૫૧૭.

૧૫. તે દુષ્ટાત્માએ ઉંચા આસન પર બેઠેલા તેને (કલાચાર્યને) વાળમાંથી પકડીને ભૂમિ પર પાડ્યો. પાપીઓને કયું અકાર્ય ન હોય ? ૧૫૧૮.

૧૬. રાજા વડે વૃત્તાંત જણાયે છતે તે ત્યાં બોલાવાયો (અને) કહ્યું. અરે મૂર્ખ ! શું તારા વડે પંડિત વિદ્યાગુરુ મરાયા. ૧૫૧૯.

૧૭. સંકેત જણાવવા માટે ભમર ચઢાવેલ (ભ્રકુટીના ક્ષેપ સાથે) અભિમાનપૂર્વક દુષ્ટ બુદ્ધિવાળા તેણે (ઉજ્ઝિતે) રાજાને કહ્યું. તે ભિક્ષાચર થોડી શિક્ષા કરાયો. તેમાં શું ખોટું છે ? ૧૫૨૧.

૧૮. જો બીજા કોઈ પણ મને ધિક્કારશે તો તે તેવા પ્રકારનું ફલ પામશે એ પ્રમાણે ઉલ્લંઠતાપૂર્વક નિર્ભયપણે કહ્યું. ૧૫૨૨.

૧૯. ક્રોધિત થયેલ રાજા વડે આ ગળું પકડીને નગરીની બહાર કઢાયો. પરંતુ બાલહત્યાના ભયથી બિચારો આ (ઉજ્ઝિત) મરાયો નહીં. ૧૫૨૩.

૨૦. હે પંડિતો ! આ લોકમાં પણ અહંકારના ફલને જુઓ. પોતાના સ્વજનોથી વિયોગ, રાજા વડે અપમાન, વનમાં રહેવાપણું વગેરે થાય છે. ૧૫૨૪.

૨૧. જેમ મનુષ્યોમાં ચક્રવર્તી, દેવોમાં ઈન્દ્ર (હોય છે) તે પ્રમાણે સર્વ ગુણોમાં અગ્રપણાને ધારણ કરનાર વિનયગુણ સ્મરણ કરાયો છે. ૧૫૨૫.

૨૨. હવે ભયંકર એવા જંગલમાં ફરતો ઉજ્ઝિત કુમાર પણ તાપસોથી વ્યાપ્ત એવા તાપસોના આશ્રમમાં આવ્યો. ૧૫૨૬.

असौ पर्यस्तिकां बद्ध्वा, तेषामग्रे निविष्टवान् ।
ननाम न शठस्तैर-प्युक्तं मैवमुपाविश ।।२३।।

ततो रुष्टः परित्यज्य, तदाश्रममविश्रमम् ।
अरण्यानीं भ्रमन्नेष, सिंहमेकं व्यलोकत ।।२४।।

पुच्छमुच्छाल्य, सिंहोऽपि, क्ष्वेडाडम्बरभीषणः ।
तमभ्यधावत क्रुद्धः, सोऽपि मानी व्यचिन्तयत् ।।२५।।

आः ! क एष पशुः किं वा, नश्यतेऽस्माद्वराकतः ।
लोका अपि हसिष्यन्ति, मां पशोरपि बिभ्यतम् ।।२६।।

इत्यहङ्कारतस्तस्मा-दनश्यंस्तेन मारितः ।
शास्त्रेऽपि श्रूयते ह्येवं, मणुआण अहियरो ।।२७।।

स जातो गर्दभस्तस्मात्, करभस्तुरगस्ततः ।
तत्रैव नगरे भूयः, पुरोहितसुतोऽभवत् ।।२८।।

भूत्वापि सर्वविद्यानां, पारगः स मृतस्ततः ।
तत्रैव नगरे जातो, डुम्बोऽहङ्कारदोषतः ।।२९।।

यथा यथा पुरोधास्तं, पश्यत्यस्य तथा तथा ।
स्नेहः स्याद् दुस्त्यजे येन, स्नेहवैरे पुरातने ।।३०।।

अन्येद्युस्तत्पुरप्राप्तकेवलज्ञानिनोऽन्तिके ।
पुरोहितस्तत्स्नेहस्य हेतुं पप्रच्छ सोऽप्यवक् ।।३१।।

૨૩. આ (ઉજ્ઝિત) પલાઠી વાળીને તેઓની આગળ બેઠો. શઠ એવો તે નમ્યો નહિ, તે તાપસો વડે પણ આ પ્રમાણે ન બેસ, એમ કહેવાયું. ૧૫૨૭.

૨૪. ત્યારબાદ ગુસ્સે થયેલ (ઉજ્ઝિતે) તે આશ્રમના વિશ્રામનો ત્યાગ કરીને નિરંતર જંગલમાં ભમતા એક સિંહને જોયો. ૧૫૨૮.

૨૫. ગર્જનાના આડંબરથી ભયંકર ક્રોધિત થયેલ સિંહ પણ પૂછડી ઉછાળીને ઉજ્ઝિતની તરફ દોડ્યો. માની એવા તેણે (ઉજ્ઝિતે) પણ વિચાર્યું. ૧૫૨૯.

૨૬. ખેદ છે કે ! આ પશુ કોણ છે ? અથવા આ બિચારાથી કોણ નાશી જાય છે. પશુથી પણ ડરતા એવા મને લોકો પણ હસશે. ૧૫૩૦.

૨૭. એ પ્રમાણે અહંકારથી તે સિંહથી નહિ ભાગી જતો તેના વડે મરાયો. શાસ્ત્રમાં પણ સંભળાય છે કે ખરેખર મનુષ્યોને એ પ્રમાણે માન કષાય અધિકતર હોય છે. ૧૫૩૧.

૨૮. તેથી તે જ નગરમાં વારંવાર ગધેડો, ઉંટ, ઘોડો થયો. ત્યારબાદ પુરોહિતનો પુત્ર થયો. ૧૫૩૨.

૨૯. સર્વ વિદ્યાઓના પારને પામીને પણ તે મરણ પામ્યો. ત્યારબાદ અહંકારના દોષથી તે જ નગરમાં હરિજન થયો. ૧૫૩૩.

૩૦. જેમ-જેમ પુરોહિત તેને જુએ છે તેમ તેમ એને સ્નેહ થાય. જેથી પહેલાના થયેલ સ્નેહ અને વૈર (પણ) દુઃખે કરીને ત્યજાય છે. ૧૫૩૪.

૩૧. એક દિવસ તે નગરમાં આવેલા કેવલજ્ઞાની પાસે પુરોહિતે તેના સ્નેહના કારણને પૂછ્યું. તેમણે પણ કહ્યું. ૧૫૩૫.

मूलादारभ्य तद्वृत्तमहङ्कारविपाकजम् ।
मानेन के न पीड्यन्ते, प्राणिनः पण्डिता अपि ।।३२।।

श्रुत्वा पुरोहितस्तेन, ज्ञानिना गदितं वचः ।
भवाद्विरक्तः प्रव्रज्य, तदन्ते प्राप निर्वृतिम् ।।३३।।

उज्झितोऽपि सुगतिं गतवान् श्री-धर्म्ममार्हतमवाप्य गुरुभ्यः ।
तेन मानव ! न मानविपक्षो, मान्य एष भवता भवबीजम् ।।३४।।

।। इति श्रीउपदेशसप्ततिकायां चतुर्थेऽधिकारे चतुर्थ उपदेशः ।।४।।

૩૨. અહંકારના ફલવાળા તે વૃત્તાંતને મૂલથી આરંભીને કહ્યું. માન કષાય વડે કયા પંડિત પુરુષો પણ પીડા પામતા નથી. ૧૫૩૬.

૩૩. તે જ્ઞાની વડે કહેવાયેલા વચનોને સાંભળીને ભવથી વૈરાગ્ય પામેલ પુરોહિતે પ્રવ્રજ્યા ગ્રહણ કરીને અંતે મોક્ષને પ્રાપ્ત કર્યો. ૧૫૩૭.

૩૪. ઉજ્ઝિત પણ ગુરુ ભગવંત પાસેથી શ્રી અરિહંત પરમાત્માના ધર્મને પામીને સદ્‌ગતિમાં ગયો. તેથી હે પ્રાણી ! તમારા વડે ભવના (સંસારવૃદ્ધિના) બીજ સ્વરૂપ આ માનરૂપી શત્રુ સ્વીકારવા યોગ્ય નથી. ૧૫૩૮.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના ચોથા અધિકારમાં ચોથો ઉપદેશ છે. ॥

"उपदेशः-५"

मायापिशाचीविवशा नरा ये, स्वार्थैकनिष्ठाः परवञ्चनानि ।
सृजन्ति तेऽधोगतयो भवन्ति, निदर्शनं त्वत्र स पापबुद्धिः ।।१।।

पुरे श्रीतिलके द्रव्यो-पार्ज्जनैकपरायणौ ।
धर्म्मबुद्धिः पापबुद्धि-रभूतां वणिजावुभौ ।।१।।

ऋजुस्वभावस्तत्राद्यः, सर्वेषां हितचिन्तकः ।
द्वितीयः कपटी मायी, विश्वस्तस्याऽपि वञ्चकः ।।२।।

तयोरप्यभवन्मैत्री, वाणिज्यं तन्वतोर्मिथः ।
लोको वदत्ययं योगः, काष्ठक्रकचसन्निभः ।।३।।

तथापि धर्म्मबुद्धिस्तं, न त्यजत्युत्तमत्वतः ।
अशोभाकृदपि त्याज्यः, कलङ्कः शशिना किमु ।।४।।

अन्यदा व्यवसायार्थं, तौ गतौ क्वापि पत्तने ।
वणिजां क्षीणवित्तानां, व्यवसायो हि कामधुक् ।।५।।

पृथग्पृथगुपार्ज्यैतौ, दीनाराणां सहस्रकम् ।
प्राग्वद्वक्रेतरस्वान्तौ, वलितौ स्वपुरं प्रति ।।६।।

आसन्ने स्वपुरे प्राप्ते, शठोऽशठमभाषत ।
एतावदखिलं वित्तं, पुरान्तर्गृह्यते कुतः ।।७।।

कियन्निधीयतेऽत्रैवा-ऽवसरे लास्यते पुनः ।
राजदायाददस्युभ्यो, भयं वित्तस्य नैकधा ।।८।।

"ઉપદેશ-૫"

૧. જે માણસો માયારૂપી રાક્ષસીને વશ થયેલા, એક સ્વાર્થમાં જ સ્થિર થયેલા, બીજાઓને ઠગવાનું કાર્ય કરે. તેઓ અધોગતિઓમાં જનારા હોય છે. અહીં પાપબુદ્ધિ વણિકનું દૃષ્ટાંત છે. ૧૫૩૯.

૧. શ્રી તિલકનગરમાં ધનને ઉપાર્જન કરવામાં પરાયણ ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ નામે બે વેપારીઓ હતા. ૧૫૪૦.

૨. પહેલો સરલ સ્વભાવવાળો, સર્વેના હિતને ચિંતવનાર હતો, બીજો કપટ કરનારો, માયાવી, વિશ્વાસ આપીને પણ ઠગનારો હતો. ૧૫૪૧.

૩. પરસ્પર વ્યાપારને વિસ્તારતા તે બંનેની પણ મિત્રતા થઈ. લોકો કહે છે કે આ યોગ લાકડા અને કરવત સરખો છે. ૧૫૪૨.

૪. તો પણ ધર્મબુદ્ધિવાળો ઉત્તમ હોવાથી તેને તજતો નથી, અશોભાને કરનાર કલંક પણ શું ચંદ્રમા વડે ત્યાગ કરાય છે ? ૧૫૪૩.

૫. એક વખત વ્યાપારને માટે તે બંને કોઈક ગામમાં ગયા. ધન નાશ પામી ગયું છે જેનું એવા વેપારીઓનો વ્યવસાય (વ્યાપાર) ખરેખર કામધેનું જેવો છે. ૧૫૪૪.

૬. તે બંને જુદી જુદી હજાર સોનામહોરોને ઉપાર્જન કરીને પહેલાની જેમ એક વક્ર સ્વભાવવાળા અને બીજો સરળ સ્વભાવવાળા બંને પોતાના નગર તરફ વળ્યા. ૧૫૪૫.

૭. પોતાનું નગર નજીક આવતે છતે વક્ર સ્વભાવવાળાએ (પાપબુદ્ધિએ) સરળ સ્વભાવવાળા (ધર્મબુદ્ધિને) કહ્યું. આટલું બધું ધન નગરની અંદર શી રીતે લઈ જવું ? ૧૫૪૬.

૮. કેટલુંક (અમુક) ધન અહીં જ સ્થાપન કરાય. અવસરે ફરીથી લઈ જવાશે. રાજા, ભાગીદાર, ચોર વિગેરેથી ધનનો ભય અનેક રીતે હોય છે. ૧૫૪૭.

श्रुत्वेति सरलस्वान्तो, वित्तं पञ्चशतीमितम् ।
न्यास्थत्तत्रैव तच्चेतः-प्रत्ययाय परोऽपि च ।।९।।

आगतौ स्वगृहे वर्द्धा-पनकं च तयोरभूत् ।
कियद्दिनान्तरे वित्तं, तद्भूस्थं पापधीरलात् ।।१०।।

अथावसरमासाद्य, पापबुद्धिस्तमब्रवीत् ।
आगच्छ मित्र ! तद्वित्तं, यथा सम्प्रति गृह्यते ।।११।।

स्थानद्वयं तदालोक्य, रिक्तं प्राह स पापधीः ।
आः केनापि हृतं वित्त-मावयोर्जीवितोपमम् ।।१२।।

तं धिगस्तु स पापात्मा, म्रियतां किं करिष्यते ।
विलापान्कृत्रिमानेवं, स सत्यानिव निर्म्ममे ।।१३।।

अथाऽब्रवीत्स पापात्मा, धार्म्मिकं धर्म्मबुद्धिकम् ।
रे धर्म्मधूर्त्त ! रे दुष्ट !, तवैवैतद्विजृम्भितम् ।।१४।।

धर्म्मबुद्धिरपि प्राह, भ्रातः ! किमिदमुच्यते ।
नेदृशं मादृशं कर्म्म, किन्तु कस्यापि पापिनः ।।१५।।

जातो विवाद उभयो-र्गतौ राजकुले च तौ ।
पापबुद्धिस्तदा प्राह, चौरोऽयं धर्म्मबुद्धिकः ।।१६।।

प्राहुर्नियोगिनः साक्षी, युवयोः कोऽपि विद्यते ।
पापबुद्धिरभाषिष्ट, साक्षिणो वननाकिनः ।।१७।।

૯. એ પ્રમાણે સાંભળીને સરલ હૃદયવાળા (ધર્મબુદ્ધિ) એ પાંચસો પ્રમાણ સોનામહોરોને ત્યાં જ સ્થાપન કરી (દાટી) અને તેના મનના વિશ્વાસને માટે બીજાએ પણ (પાંચસો પ્રમાણ સોનામહોરોને ત્યાં જ સ્થાપન કરી.) ૧૫૪૮.

૧૦. બંને પોતાના ઘરે આવ્યા અને બંનેના વધામણા થયા. કેટલાક દિવસ પછી તે જમીનમાં રહેલું ધન પાપબુદ્ધિ લાવ્યો. ૧૫૪૯.

૧૧. હવે અવસરને પામીને પાપબુદ્ધિએ ધર્મબુદ્ધિને કહ્યું. હે મિત્ર ! આવ, જેમ હમણાં તે ધનને ગ્રહણ કરીએ (લઈ આવીએ) ૧૫૫૦.

૧૨. તે બંને સ્થાનને ખાલી (ધનરહિત) જોઈને તે પાપબુદ્ધિએ કહ્યું. ખેદની વાત છે કે કોઈક વ્યક્તિ વડે આપણા બંનેના જીવન જેવું ધન હરણ કરાયું. ૧૫૫૧.

૧૩. 'તેને ધિક્કાર હો, તે પાપાત્મા (પાપી) મરાય, શું કરાય ? એ પ્રમાણે તે (પાપબુદ્ધિએ) સાચાની જેમ બનાવટી વિલાપોને કર્યા. ૧૫૫૨.

૧૪. હવે તે પાપી (પાપબુદ્ધિ) એ ધર્માત્મા એવા ધર્મબુદ્ધિને કહ્યું - અરે ધર્મધૂતારા ! અરે દુષ્ટ ! તારું જ આ કાર્ય છે. ૧૫૫૩.

૧૫. ધર્મબુદ્ધિએ પણ કહ્યું, હે ભાઈ ! શા માટે આ રીતે બોલો છો. આવા પ્રકારનું કાર્ય મારા જેવાનું ન હોય, પરંતુ કોઈ પણ પાપીનું હોય. ૧૫૫૪.

૧૬. બંનેનો વિવાદ થયો અને તે બંને રાજસભામાં ગયા ત્યારે પાપબુદ્ધિએ કહ્યું. આ ધર્મબુદ્ધિ ચોર છે. ૧૫૫૫.

૧૭. રાજપુરુષોએ કહ્યું. તમારા બંનેની કોઈ પણ સાક્ષી વિદ્યમાન છે ? પાપબુદ્ધિએ કહ્યું. અમારે વનદેવતાઓ સાક્ષીરૂપે છે. ૧૫૫૬.

शुद्धबुद्धिर्धर्म्मबुद्धि-स्तदा चेतस्यचिन्तयत् ।
अहो ! धृष्टत्वमेतस्य, अहो ! कपटपाटवम् ।।१८।।

मम श्रीधर्म्म एवात्र, सखाऽन्यैः किं सहायकैः ।
प्रातः परीक्षा कर्त्तव्ये-त्यादि भूपादयोऽब्रुवन् ।।१९।।

पापबुद्धिस्ततः प्राह, रात्रौ स्वजनकं प्रति ।
प्रारब्धोऽयं मया कूट-कलहो निखिलोऽपि हि ।।२०।।

कथं कर्त्तासि तातेने-त्युक्तः स प्राह दुष्टधीः ।
त्वं तात ! विपिने गत्वा, प्रविश क्वापि कोटरे ।।२१।।

राजादीनां पृच्छतां च, त्वया वाच्यमिति प्रगे ।
निष्कलङ्कः पापबुद्धि-र्धर्म्मबुद्धिस्तु तस्करः ।।२२।।

तेनेति शिक्षितस्तातस्तथैव निखिलं व्यधात् ।
प्रत्यूषे मिलिते लोके, स ऊचे च तथैव तत् ।।२३।।

इतस्ततो विलोकन्ते, न च पश्यन्ति कञ्चन ।
लोकाः सर्वेऽपि साश्चर्या-स्तूर्णमुत्कर्णतां दधुः ।।२४।।

सहसोत्पन्नबुद्धिस्तु, धर्म्मबुद्धिस्तदाऽवदत् ।
राजानं प्रति देवेदं, कोटरं ज्वालयिष्यते ।।२५।।

देवो वा मानवो वापि, यथा प्रत्यक्षतां व्रजेत् ।
इत्युक्त्वा सहसोत्थाय, यावत्तज्ज्वालयत्यसौ ।।२६।।

तावत्स जनकस्तस्मा-त्कोटरान्निर्गतः क्षणात् ।
कर्म्मणा प्रेरितो जीवो, जनन्या उदरादिव ।।२७।।

૧૮. ત્યારે શુદ્ધ બુદ્ધિવાળા ધર્મબુદ્ધિએ મનમાં વિચાર્યું અહો ! આની નિર્લજ્જતા, અહો ! માયાનું હોંશિયારીપણું. ૧૫૫૭.

૧૯. અહીં શ્રીધર્મ એ જ મારો મિત્ર છે. બીજા સહાયકો વડે શું ? સવારે પરીક્ષા કરવી જોઈએ ઈત્યાદિ રાજા વગેરેએ કહ્યું. ૧૫૫૮.

૨૦. ત્યારબાદ પાપબુદ્ધિએ રાત્રિમાં પોતાના પિતાને કહ્યું. ખરેખર આ સઘળો ખોટો ઝઘડો મારા વડે આરંભ કરાયો. ૧૫૫૯.

૨૧.પિતા વડે એ પ્રમાણે કહેવાયું તું શું કામ કરે છે ? દુષ્ટ બુદ્ધિવાળા તેણે કહ્યું હે પિતાજી ! તમે જંગલમાં જઈને કોઈક બખોલમાં પ્રવેશ કરો. ૧૫૬૦.

૨૨. રાજા વગેરે પૂછે ત્યારે તમારે સવારે એ પ્રમાણે કહેવું (કે) પાપબુદ્ધિ નિષ્કલંક છે અને ધર્મબુદ્ધિ ચોર છે. ૧૫૬૧.

૨૩. તેના વડે એ પ્રમાણે શિખાવેલ પિતાએ તે પ્રમાણે જ સઘળું કાર્ય કર્યું અને સવારે લોકો મળતે છતે તેણે તે પ્રમાણે જ કહ્યું. ૧૫૬૨.

૨૪. જ્યાં-ત્યાં જુએ છે પણ કોઈ દેખાતું નથી. સર્વે પણ લોકો આશ્ચર્ય સહિત શીઘ્ર ઊંચા કાનવાળા થયા. ૧૫૬૩.

૨૫. એકાએક ઉત્પન્ન થયેલ બુદ્ધિવાળા ધર્મબુદ્ધિએ ત્યારે રાજાને કહ્યું હે દેવ ! આ બખોલને બાળી નખાશે. ૧૫૬૪.

૨૬. જેથી કરીને દેવ અથવા મનુષ્ય જે કોઈ હોય તે પ્રત્યક્ષતાને પામે એમ કહીને એકાએક ઉઠીને જેટલામાં આ બાળે છે. ૧૫૬૫.

૨૭. તેટલામાં જેમ કર્મ વડે પ્રેરાયેલ જીવ માતાની કુક્ષીમાંથી નીકળે તેમ તે પિતા તે બખોલમાંથી ક્ષણ માત્રમાં નીકળ્યા. ૧૫૬૬.

तदानीं तं नृपोऽपृच्छदरे ! किमिदमद्भुतम् ।
सोऽपि वृत्तान्तमाचख्यौ, दुःसुतप्रेरणादिकम् ।।२८।।

तं तत्सुतं च ते लोकाः, धिक्कुर्वन्तीति रे ! युवाम् ।
अकृषाथामिदं किं य-न्मित्रेऽपि द्रोहकारिता ।।२९।।

पापबुद्धिस्ततो राज्ञा, मार्यमाणोऽपि वारितः ।
लगित्वा पादयोर्धर्म्म-बुद्धिना शुद्धबुद्धिना ।।३०।।

धर्म्मबुद्धेस्तदा श्लाघां, निन्दां पापमतेस्तथा ।
भूपाद्याश्चक्रिरे माया, कटरेऽत्रैव दुःखदा ।।३१।।

एवं बभूवाऽशठवक्रभावयुग्, तन्मित्रयुग्मं सुखदुःखभाजनम् ।
मायां भुजङ्गीमिव दूरतस्ततो-ऽवदातचित्तास्त्यजत द्रुतं जनाः ! ।।३२।।

।। इति श्रीउपदेशसप्ततिकायां चतुर्थेऽधिकारे पञ्चम उपदेशः ।।५।।

૨૮. ત્યારે રાજાએ તેને પૂછ્યું. અરે ! આ શું અદ્ભુત થયું. તેણે પણ આ દુષ્ટ પુત્ર વડે કરાયેલ પ્રેરણાદિકવાળા વૃત્તાંતને કહ્યો. ૧૫૬૭.

૨૯. તે લોકોએ તેને અને તેના તે પુત્રને એ પ્રમાણે ધિક્કારે છે. અરે ! તમે બંનેએ આ શું કર્યું ? જે મિત્રને વિષે પણ દ્રોહ કરાયો. ૧૫૬૮.

૩૦. ત્યારપછી રાજા વડે મરાતો પાપબુદ્ધિ પણ શુદ્ધ બુદ્ધિવાળા ધર્મબુદ્ધિ વડે (રાજાના) પગમાં પડીને છોડાવાયો. ૧૫૬૯.

૩૧. ત્યારે રાજા વિગેરેએ ધર્મબુદ્ધિની પ્રશંસા તેમ પાપબુદ્ધિની નિંદા કરી. ખેદની વાત છેકે માયા (કષાય) અહીં જ દુઃખને આપનાર છે. ૧૫૭૦.

૩૨. સરલ અને વક્ર સ્વભાવવાળું તે મિત્ર યુગલ એ પ્રમાણે સુખ-દુઃખનું ભાજન થયું. તેથી હે શ્રેષ્ઠ ચિત્તવાળા લોકો ! સર્પ સમાન માયાને જલ્દી દૂરથી તજો. ૧૫૭૧.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના ચોથા અધિકારમાં પાંચમો ઉપદેશ છે. ॥

"उपदेशः-६"

यो द्वादशं यावदुपागतो गुण-स्थानं निषेधं स्थिरसंविदः सृजेत् ।
इहाप्यमुत्रापि विडम्बयेत्र कं, स लोभवैरी किल सागरं यथा ।।१।।

सागरः सादरो द्रव्यो-पार्ज्जने धर्म्मवर्ज्जितः ।
अभूच्छ्रीमन्दिरे श्रेष्ठी, द्रव्यकोट्यष्टकप्रभुः ।।१।।

परं कदर्यमूर्द्धन्यो, न भुङ्क्ते न ददाति च ।
कपाटपिहितं प्रायो, द्वारं तस्य सदा भवेत् ।।२।।

गृह एव स्थितस्यास्य, दृष्टौ कोऽपि करोति न ।
भोजनस्नानदानादि, याचकः कोऽपि नैति च ।।३।।

कमला गृहिणी तस्य, देवलिस्तनयस्तयोः ।
विमला तत्प्रिया सर्वे-ऽप्येते तच्छंकिताः सदा ।।४।।

तत्र श्वश्रू-वधू द्वेते, मन्त्रतन्त्रविशारदे ।
अनेकाभिः कुविद्याभिः, स्वैराचारे बभूवतुः ।।५।।

योगिन्येकाऽन्यदा तस्य, विजने गृहमागता ।
श्वश्रूवधूभ्यां सा पृष्टा, सादरं नतिपूर्वकम् ।।६।।
स्वामिन्यत्र गृहे दत्त-द्वारे त्वं कथमागता ।
साप्याह मम विद्यास्ति, साधारा व्योमगामिनी ।।७।।

ताभ्यां तस्याश्च सा विद्या, गृहीता बहुमानतः ।
एकं च शुषिरं दारुं, विद्यते तद्गृहे महत् ।।८।।

"ઉપદેશ-૬"

૧. જે બારમા ગુણઠાણાને પામેલો સ્થિરસંવિદ (જ્ઞાની) લોભના નિષેધને સર્જે છે. ખરેખર તે લોભરૂપી વૈરી સાગરની જેમ આ લોક અને પરલોકમાં પણ કોને વિડંબના ન પમાડે. ૧૫૭૨.

૧. ધનને ઉપાર્જન કરવામાં આદરવાળો, ધર્મથી રહિત, આઠ કરોડ દ્રવ્યનો સ્વામી શ્રી મંદિર ગામમાં સાગર નામે શ્રેષ્ઠી હતો. ૧૫૭૩.

૨. પરંતુ કૃપણમાં શેખર એવો તે ધનને ભોગવતો નથી અને આપતો નથી. પ્રાયઃ કરીને હમેશાં તેનું દ્વાર બારણા વડે બંધ થયેલું હોય છે. ૧૫૭૪.

૩. ઘરમાં જ રહેલા એની ઉપર કોઈ નજર કરતું નથી અને કોઈ પણ યાચક ભોજન, સ્નાન કે દાન પામતા નથી. ૧૫૭૫.

૪. તેની કમલા નામની પત્ની, તે બંનેનો દેવિલ નામે પુત્ર, તેની પત્ની વિમલા હતી. આ સર્વે પણ હંમેશા આશ્ચર્યચકિત રહેતા હતા. ૧૫૭૬.

૫. ત્યાં અનેક ખરાબ વિદ્યાઓ વડે મંત્ર-તંત્ર કરવામાં હોશિયાર, તે બંને સાસૂ-વહૂ પોતાની ઈચ્છા પ્રમાણે આચરણ કરનારા હતા. ૧૫૭૭.

૬. એક વખત એક યોગિની તેના એકાંતમાં ઘરમાં આવી અને તે (યોગિની) આદર સહિત નમસ્કાર કરવા પૂર્વક સાસુ-વહુ વડે પૂછાઈ. ૧૫૭૮.

૭. હે સ્વામિની ! અહીં બંધ બારણાવાળા ઘરને વિષે તમે શી રીતે આવ્યા ? તેણીએ (યોગિનીએ) પણ કહ્યું. મારી પાસે આધારવાળી આકાશગામિની વિદ્યા છે. ૧૫૭૯.

૮. તે બંને વડે તેની પાસેથી તે વિદ્યા બહુમાન પૂર્વક ગ્રહણ કરાઈ.' અને પોલાણવાળું એક મોટું લાકડું તે ઘરમાં વિદ્યમાન છે. ૧૫૮૦.

तस्मिन्नारुह्य तद्दत्त-मन्त्रशक्त्या च ते उभे ।
निशीथसमये यातः, क्रीडार्थं स्वेप्सिते पदे ।।९।।

एकदा कायचिन्तार्थं, निशीथे पुत्र उत्थितः ।
सुप्ताशेषजनेऽद्राक्षी-त्कौतुकं रहसि स्थितः ।।१०।।

श्वश्रूवध्वौ तदोत्थाय, सौत्सुक्यं निभृतक्रमम् ।
त्वर्यतां त्वर्यतामेव-मूचतुश्च मिथो मुदा ।।११।।

सोऽप्यभूद्यावदुत्कर्णः, श्वश्रूस्तावदुवाच ताम् ।
अरे ! काष्ठमिदं शीघ्रं, सज्जीकुरु पुरो भव ।।११२।।

आत्मनामस्ति गन्तव्यं, दूरे तन्मा विलम्बय ।
इत्युक्त्वा ते उभे तत्रा-रूढे तन्मन्त्रपूर्वकम् ।।१३।।

तत उत्पतिते व्योम्नि, व्यन्तर्याविव ते उभे ।
इत्याश्चर्यं तदालोक्याऽचिन्तयद्देवलस्तदा ।।१४।।

अहो ! किमेते शाकिन्यौ, पापिन्यौ पतिवञ्चिके ।
गते कुत्र कदा पश्चा-देते चात्रागमिष्यतः ।।१५।।

इत्यसौ जाग्रदेवास्थात्, तत्र ते यावदागते ।
ततः क्षणान्तरे जातः, प्रातःकालो विकस्वरः ।।१६।।

स तयोस्तादृशं वृत्तं, न कस्यापि न्यवेदयत् ।
परेषां दूषणानीव, प्रायश्चित्तप्रदो गुरुः ।।१७।।

૯. તેની ઉપર ચઢીને તેણીએ આપેલી મંત્ર શક્તિ વડે તે બંને રાત્રિના સમયે ક્રીડા કરવા માટે પોતાના ઈચ્છિત સ્થાને જાય છે. ૧૫૮૧.

૧૦. એક વખત રાત્રિના સમયે ઘરના સઘળા લોકો ઉંઘતે (સૂતે) છતે શરીરની ચિંતાને માટે પુત્ર ઉઠ્યો અને એકાંતમાં રહેલા તેણે કૌતુકને જોયું. ૧૫૮૨.

૧૧. ત્યારે સાસુ-વહૂ બંને ઊઠીને પરસ્પર હર્ષપૂર્વક ઉત્સુકતાવાળી ગુપ્ત રીતે પગલા ભરતી હતી અને જલ્દી કરો - જલ્દી કરો એ પ્રમાણે બોલી. ૧૫૮૩.

૧૨. તે (પુત્ર) પણ જેટલામાં ઉંચા કાનવાળો (કાન દઈને સાંભળવામાં તત્પર) થયો તેટલામાં સાસુએ તેણીને (વહૂને) કહ્યું. અરે! આ લાકડું જલ્દી તૈયાર કર અને આગળ થા. ૧૫૮૪.

૧૩. આપણે દૂર જવું છે તેથી વિલંબને ન કર. એ પ્રમાણે કહીને તે બંને તે મંત્રપૂર્વક (મંત્ર બોલવાપૂર્વક) ત્યાં લાકડાને વિષે આરૂઢ થયા. ૧૫૮૫.

૧૪. ત્યાર બાદ વ્યંતરીની જેમ તે બંને આકાશમાં ઉડતે છતે તે આશ્ચર્યને જોઈને ત્યારે દેવલે વિચાર્યું. ૧૫૮૬.

૧૫. અહો ! આ બંને પિશાચિની-પાપિણી-પતિને ઠગનારી ક્યાં ગઈ અને ક્યારે અહીં પાછી આવશે ? ૧૫૮૭.

૧૬. આ પ્રમાણે એ જાગતો જ રહ્યો. એટલામાં તે બંને ત્યાં (ઘરે) આવી. ત્યાર બાદ એક ક્ષણ પછી પ્રાતઃ કાલ પ્રકાશિત થયો. ૧૫૮૮.

૧૭. જેમ પ્રાયશ્ચિત આપનાર ગુરુ બીજાના દૂષણોને કોઈને કહેતા નથી (તેમ) તેણે તે બંનેના તેવા પ્રકારના વૃત્તાંતને કોઈને પણ જણાવ્યો નહિ. ૧૫૮૯.

स कौतुकी द्वितीये तु, दिने जाते तमोभरे ।
प्रागेव शुषिरे तत्र, प्रौढे काष्ठे प्रविष्टवान् ।।१८।।

तथैवारुह्य ते तत्र, जग्मतुः स्वेप्सितं पदम् ।
प्रवृत्ते क्रीडितुं मुक्त्वा, तत्काष्ठं क्वापि भूतले ।।१९।।

अन्या अपि स्त्रियः सन्ति, मिलितास्तत्र भूरिशः ।
चिरं क्रीडारसस्ताभि-श्चक्रे तत्राऽविशङ्कितम् ।।२०।।

तत्कोटराद्विर्निगत्य, कुमारोऽपि भ्रमन् क्वचित् ।
स्वर्णेष्टिकाभिराकीर्ण-मिष्टिकापाकमैक्षत ।।२१।।

उत्फुल्लनयनश्चेत-स्यचिन्तयदयं तदा ।
स्वर्णद्वीपो ह्ययं नूनं, श्रूयते यो जनोक्तिभिः ।।२२।।

यः प्राप्य क्लेशकोटीभिर्निःस्वैः स्वप्नेऽपि नेक्ष्यते ।
अयत्नेनापि सम्प्राप्तो, मया भाग्यं महन्मम ।।२३।।

द्वित्राः स इष्टिकाः साराः, सन्तोषी जगृहे ततः ।
मनस्वी नहि लोभी स्यात्, सति लाभेऽपि भूयसि ।।२४।।

तथैव कोटरे तत्र, स संलीनवपुः स्थितः ।
स्वाङ्गोपाङ्गानि सङ्कोच्य, प्रावृषीव महामुनिः ।।२५।।

क्रीडित्वा सुचिरं ते अ-प्यागते तत्र निर्भये ।
तथैवोत्पतिते व्योम्नि, क्रमाच्च गृहमागते ।।२६।।

૧૮. વળી કુતુહલી એવા તે પુત્રે પહેલાની જેમ બીજે દિવસે ગાઢ અંધકાર થયે છતે ત્યાં પોલાણવાળા વિશાળ લાકડામાં પ્રવેશ કર્યો. ૧૫૯૦.

૧૯. તે પ્રમાણે જ તે બંને લાકડામાં આરૂઢ થઈને ત્યાં પોતાના ઈચ્છિત સ્થાને ગઈ. તે લાકડાને ભૂતલ પર મૂકીને ક્રીડા કરવા માટે પ્રવૃત્ત થઈ. ૧૫૯૧.

૨૦. ત્યાં બીજી પણ ઘણી સ્ત્રીઓ મળી અને તેઓની સાથે ઘણા સમય સુધી નિઃશંકપણે ક્રીડાનો આનંદ માણ્યો. ૧૫૯૨.

૨૧. તે કોટરમાંથી નિકળીને ભમતા કુમારે પણ ક્યાંક સુવર્ણની ઈંટથી વ્યાપ્ત નિભાડાને જોયો. ૧૫૯૩..

૨૨. ત્યારે પ્રફુલ્લિત નેત્રવાળા આ પુત્રે મનમાં એ પ્રમાણે વિચાર્યું. લોકોની ઉક્તિ વડે જે સંભળાય છે ખરેખર તે આ જ સુવર્ણદ્વીપ છે. ૧૫૯૪.

૨૩. જે વ્યક્તિ કરોડો કષ્ટ વડે પ્રાપ્ત કરીને નિર્ભાગી વડે ફરીથી સ્થાનમાં પણ જોવાતો નથી, તે મારા વડે પ્રયત્ન વિના પ્રાપ્ત કરાયું છે, મારું ભાગ્ય મહાન છે. ૧૫૯૫.

૨૪. ત્યાર બાદ સંતોષી એવા તેણે બે-ત્રણ સારી ઈંટો ગ્રહણ કરી ઘણો લાભ હોતે છતે પણ શ્રેષ્ઠ મનવાળા લોભી ન થાય. ૧૫૯૬.

૨૫. જેમ મહામુનિ ચોમાસામાં પોતાના અંગોપાંગોને સંકોચીને રહે તે પ્રમાણે જ ત્યાં કોટરમાં સંકોચાયેલ શરીરવાળો તે (દેવિલ પુત્ર) રહ્યો. ૧૫૯૭.

૨૬. નિર્ભય એવી તે બંને પણ ઘણા સમય સુધી ક્રીડા કરીને ત્યાં આવી અને તે પ્રમાણે જ આકાશમાં ઉડી અને અનુક્રમે ઘરે આવી. ૧૫૯૮.

प्रातःकाले कुमारस्त-द्वृत्तज्ञापनपूर्वकम् ।
स्वपित्रेऽदर्शयत्स्वर्ण्णं, विस्मितः सोऽपि तं जगौ ।।२७।।

अरे मूर्ख ! त्वया स्तोक-मिदमात्तं कथं हहा ! ।
यत्नं विनापि हस्तासं, धनं को नाम मुञ्चति ।।२८।।

अद्याहं तत्र यास्यामि, तल्लास्यामि यथेप्सितम् ।
दारिद्र्यं द्रावयिष्यामि, निश्चिन्ता हि भवादृशाः ।।२९।।

इत्युक्त्वोत्थितवान् श्रेष्ठी, लोभक्षोभवशंवदः ।
तद्ध्यानलीनस्तदह-न्यभूत्तन्दुलमत्स्यवत् ।।३०।।

निशीथिन्यां तथैवेष, तत्काष्ठान्तः प्रविष्टवान् ।
प्रस्थितः सह ताभ्यां च, तं प्रदेशमुपागमत् ।।३१।।

ततो निर्गत्य पुत्रोक्ता-भिज्ञानादि स्मरन् हृदि ।
इष्टिकापाकमद्राक्षीत्, प्रत्यक्षमिव रैगिरिम् ।।३२।।

हृष्टस्तद्दर्शनाच्छ्रेष्ठी, ह्यसन्तुष्टः स इष्टिकाः ।
गृहीत्वा तत्तथा बभ्रे, कष्टेनामास्त्वयं यथा ।।३३।।

तथैव श्वश्रूवध्वौ ते, चलिते स्वपुरीमभि ।
उदन्वदुपरि प्राप्ते, यावत्तावद्वधूरवक् ।।३४।।

केनापि हेतुना मातः !, काष्ठमद्य महाभरम् ।
न चलत्यग्रतः शीघ्रं, श्वश्रूरप्याह तां प्रति ।।३५।।

૨૭. સવારે કુમારે તે વૃત્તાંત જણાવવાપૂર્વક પોતાના પિતાને સુવર્ણની ઈંટ બતાવી. વિસ્મય પામેલ તેમણે પણ તેને કહ્યું. ૧૫૯૯.

૨૮. અરે મૂર્ખ ! તારા વડે આ થોડું જ શી રીતે ગ્રહણ કરાયું - ખેદ છે કે પ્રયત્ન વિના હાથમાં આવેલા ધનને કોણ મૂકે ? ૧૬૦૦.

૨૯. આજે હું ત્યાં જઈશ. ઈચ્છા પ્રમાણે સુવર્ણને લાવીશ. દારિદ્રયને દૂર કરીશ. ખરેખર તમે નિશ્ચિંત રહો. ૧૬૦૧.

૩૦. એ પ્રમાણે કહીને લોભના ક્ષોભને વશ થયેલ શ્રેષ્ઠી ઉઠ્યો. તે દિવસે તંદુલીયા મત્સ્યની જેમ સુવર્ણની ઈંટના ધ્યાનમાં લીન થયો. ૧૬૦૨.

૩૧. તે પ્રમાણે જ રાત્રિમાં એણે (શ્રેષ્ઠીએ) તે કાષ્ઠની અંદર પ્રવેશ કર્યો અને તે બેની સાથે પ્રયાણ કરાયેલો તે પ્રદેશમાં આવ્યો. ૧૬૦૩.

૩૨. ત્યાર બાદ કોટરમાંથી નીકળીને પુત્રે કહેલા ચિત્રોનું હૃદયમાં સ્મરણ કરતો સાક્ષાત્ સુવર્ણગિરિની જેમ ઈંટના નિભાડાને જોયો. ૧૬૦૪.

૩૩. તેના દર્શનથી શ્રેષ્ઠી ખુશ થયો. અસંતુષ્ટ થયેલ તેણે ઈંટોને તેવી રીતે ભરી કે જેથી કષ્ટ વડે કરીને પોતે સ્વયં સમાયો. ૧૬૦૫.

૩૪. તે પ્રમાણે જ તે બંને સાસુ-વહુ પોતાની નગરી તરફ ચાલી. જેટલામાં સમુદ્રનો ઉપરી ભાગ પ્રાપ્ત થયો તેટલામાં વહુએ કહ્યું. ૧૬૦૬.

૩૫. હે માતા ! કોઈ પણ કારણથી આજે ઘણા ભારવાળું લાકડું જલ્દી આગળ ચાલતું નથી. સાસુએ પણ તેણીને (વહૂને) કહ્યું. ૧૬૦૭.

अरे ! त्यजैतदत्रैव, यच्चैतत् प्रेक्ष्यते तरत् ।
गृहाण काष्ठं तद्यावो, यथा शीघ्रं पुरे निजे ।।३६।।

अथ भीतोऽवदच्छ्रेष्ठी, मा मां क्षिपतमम्बुधौ ।
उपलक्ष्य तमन्योऽन्यं, ते ब्रूतस्त्वं क्व रे इह ? ।।३७।।

सुतरां कूपिते तस्मा-द्विगोपनभयादिमे ।
सकाष्ठं तं परित्यज्य, तत्र ते गृहमागते ।।३८।।

अन्यत्राप्युक्तम् -

अतिलोभो न कर्त्तव्यो, लोभं नैव परित्यजेत् ।
अतिलोभाभिभूतात्मा, सागरः सागरेऽपतत्' ।।१।।

क्रमेण ज्ञातवृत्तान्तो, भीतस्ताभ्यां सुतोऽपि सः ।
परिव्रज्यामुपादाय, जातः सुखनिकेतनम् ।।३९।।

लोभस्याप्येवमाकर्ण्य, विपाकं विबुधा जनाः ।
सन्तोषामृतपूरेणाऽऽत्मानं सिञ्चत सर्वदा ।।४०।।

।। इति श्रीउपदेशसप्ततिकायां चतुर्थेऽधिकारे षष्ठ उपदेशः ।।६।।

૩૬. અરે ! આ લાકડું અહીં જ તજી દે અને જે આ તરતું લાકડું દેખાય છે તે ગ્રહણ કર. જેથી આપણે જલ્દી આપણા નગરમાં (પહોંચી) જઈએ. ૧૬૦૮.

૩૭. હવે ભયભીત થયેલ શ્રેષ્ઠીએ કહ્યું. મને સમુદ્રમાં નહીં ફેંકો. પરસ્પર તેને ઓળખીને તે બંનેએ કહ્યું, અરે ! તમે અહીં ક્યાંથી ? ૧૬૦૯.

૩૮. તેથી અત્યંત કોપિત થયેલી આ બંને, નિન્દાના ભયથી કાષ્ઠ સહિત તેને તજીને ત્યાં ઘરમાં આવી. ૧૬૧૦.

અન્યત્ર પણ કહ્યું છે -

અતિ લોભ ન કરવો જોઈએ. (જે) લોભનો ત્યાગ કરતા જ નથી (તે) અત્યંત લોભથી પરાભવ પામેલ સાગર (શ્રેષ્ઠી) સાગરમાં પડ્યો. ૧૬૧૧.

૩૯. તે બેની પાસેથી ક્રમ વડે જાણ્યો છે વૃત્તાંત જેણે એવા ગભરાયેલા તે પુત્રે પણ પ્રવ્રજ્યાને ગ્રહણ કરીને સુખના સ્થાનભૂત થયો. ૧૬૧૨.

૪૦. હે પંડિતજનો ! એ પ્રમાણે લોભના વિપાકને સાંભળીને હંમેશાં સંતોષરૂપી અમૃતના પૂર વડે આત્માનું સિંચન કરો. ૧૬૧૩.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના ચોથા અધિકારમાં છઠ્ઠો ઉપદેશ છે. ॥

"उपदेशः-७"

श्रीधर्म्मतत्त्वं गुणिनां नृणां पुरः, प्रोक्तं प्रदत्तं च हितावहं द्वयोः ।
तदुज्झितानां पुनरेतदुक्तयो, वृथाऽऽमकुम्भस्थपयोभरा यथा ।।१।।

एकलज्जागुणेनापि, यद्यश्वो बहुमानितः ।
ये तु भूरिगुणैर्लोक-प्रियास्तेषां किमुच्यते ? ।।२।।

अस्ति पृथ्वीपुरं तत्र, राजा श्रीरिपुमर्द्दनः ।
अर्थिप्रत्यर्थिनो येन, दानमेव वितीर्यते ।।१।।

तस्यास्ति श्रीमुखी नाम, वडवा लक्षणान्विता ।
यस्याः किशोरकाः प्रायो, जायन्ते जात्यघोटकाः ।।२।।

गर्भे बभार साऽन्येद्यु-रश्वं विश्वगुणान्वितम् ।
अदभ्रमभ्रमालेव, स्वाङ्के पङ्कजबान्धवम् ।।३।।

सगर्भां तां च स क्ष्मापो-ऽन्यदाध्यारुह्य वेगतः ।
अश्ववाहनिकाहेतो-र्जगाम नगराद्बहिः ।।४।।

अहंपूर्विकया तत्रा-ऽश्ववारैरपरैरपि ।
अश्वेषु प्रेर्यमाणेषु, कृतकोलाहले जने ।।५।।

भारपीडितगात्रत्वात्, गतिं मन्दां वितन्वतीम् ।
जघान कशया सद्य-स्तामपि स्पर्द्धया नृपः ।।६।।

कालक्रमेण सुषुवे, साश्वरत्नमनुत्तरम् ।
समग्रगुणयोगेऽपि, काणं दक्षिणचक्षुषा ।।७।।

"ઉપદેશ-૭"

૧. ગુણવાન પુરુષોની આગળ ધર્મના તત્ત્વને કહેવું અને પ્રદાન કરવું. એ બંનેને હિત કરનારું થાય છે. તેનાથી (ગુણોથી) રહિત (પુરુષ)ની આગળ આને (ધર્મતત્ત્વને) કહેવું તે કાચા ઘડામાં રહેલા પાણીની જેમ ફોગટ જ છે. ૧૬૧૪.

૨. જો એક લજ્જાગુણ વડે પણ ઘોડો બહુમાન કરાયો તો જેઓ ઘણા ગુણો વડે લોકોને પ્રિય હોય તેમનું શું કહેવું ? ૧૬૧૫.

૧. પૃથ્વીપુર નગર છે ત્યાં રિપુમર્દન નામે રાજા છે. જેના વડે યાચક અને શત્રુ બધાને દાન અપાય છે. ૧૬૧૬.

૨. તેને લક્ષણોથી યુક્ત શ્રીમુખી નામે ઘોડી છે. પ્રાયઃ કરીને જેનાથી જાત્યવંત ઘોડાઓ ઉત્પન્ન થાય છે. ૧૬૧૭.

૩. એક દિવસ સઘળા ગુણોથી યુક્ત ઘોડાને ગર્ભમાં ધારણ કર્યો. મેઘની માલા જેમ મેઘને ધારણ કરે તેમ પોતાના ખોળામાં પંકજ જેવા અશ્વને ધારણ કર્યો. ૧૬૧૮.

૪. એક વખત તે રાજા ગર્ભયુક્ત તે ઘોડી પર ચઢીને વેગથી ઘોડી ખેલાવવાના હેતુથી નગરની બહાર ગયો. ૧૬૧૯.

૫. બીજા ઘોડેસ્વારો કરતાં હું પહેલો પહોંચુ એમ ઘોડાઓને વિષે પ્રેરણા કરતે છતે ત્યાં લોકોમાં કોલાહલ થયો. ૧૬૨૦.

૬. ભારથી પીડા પામેલ શરીર હોવાથી, ધીમી ગતિને ચાલતી એવી તે ઘોડીને પણ સ્પર્ધા વડે જલ્દીથી રાજાએ ચાબુક વડે મારી. ૧૬૨૧.

૭. કાળના ક્રમે તે ઘોડીએ સઘળા ગુણોનો યોગ હોતે છતે પણ જમણી આંખ વડે કાણા ઉત્તમ એવા અશ્વરત્નને જન્મ પામ્યો. ૧૬૨૨.

वास्तव्याऽऽगामुका लोका-स्तं किशोरकुमारकम् ।
दर्शं दर्शं प्रशंसन्ति, जात्योऽयं भविता हयः ।।८।।

परमस्यापि दैवेन, कृतं काणत्वदूषणम् ।
रत्नदोषी विधिरहो !, यदन्यत्रापि पठ्यते ।।९।।

शशिनि खलु कलङ्कः कण्टकाः पद्मनाले ।

एवं लोककृताः श्रुत्वा, स प्रशंसास्तुरङ्गमः ।
आगत्य मातुरभ्यर्णं, निजगाद सगद्गदम् ।।१०।।

मातः ! कथय मे जातं, कथं काणत्वदूषणम् ? ।
निर्बन्धे सति साप्याह, तत्स्वरूपं स्वभाषया ।।११।।

यदा त्वं वत्स ! गर्भेऽभू-स्तदा मह्यमसौ नृपः ।
कशाघातं ददौ स त्व-श्चक्षुःस्थाने समागतः ।।१२।।

तेन त्वमक्ष्णा काणोऽभू-र्नान्यथा भवितव्यता ।
इति श्रुत्वा स तेजस्वी, भृशं रोषारुणो जगौ ।।१३।।

मातः ! कोऽयं नृपपशु-र्यस्त्वामप्यपराध्यति ।
सुप्तः प्रबोधितः सिंह-स्तदनेन मुमूर्षुणा ।।१४।।

न चेद्व्यापादयाम्येन-मचिरेण तदा तव ।
न भवामि सुतो मातः !, सस्नेहं साऽप्युवाच तम् ।।१५।।

मा वादीरिति येनायं, राजा विश्वोदरंभरिः ।
आवां पशू अयं त्वात्म-स्वामी निर्वाहकारकः ।।१६।।

૮. તે ગામના રહેવાસી અને પરદેશી લોકો તે ઘોડીના બચ્ચાને જોઈ જોઇને પ્રશંસા કરે છે. "આ ઘોડો જાતિવાન થશે." ૧૬૨૩.

૯. પરંતુ ભાગ્ય વડે આને કાણાપણાનું દૂષણ કરાયું. અહો ! ભાગ્ય (કેવું છે ?) રત્નને વિષે દોષ આપે છે. જે બીજે પણ કહેવાય છે. ૧૬૨૪.

ખરેખર ચંદ્રમાને વિષે કલંક કમળની નાળના વિષે કાંટાઓ હોય છે.

૧૦. એ પ્રમાણે લોકો વડે કરાયેલી પ્રશંસાને સાંભળીને તે ઘોડાએ માતાની પાસે આવીને ગદ્ગદ્ સ્વરે કહ્યું. ૧૬૨૫.

૧૧. હે માતા ! તું કહે, મારે કાણાપણાનું દૂષણ શી રીતે થયું ? બહુ આગ્રહ કરાયે છતે તેણીએ પણ પોતાની ભાષા વડે તે સ્વરૂપને કહ્યું. ૧૬૨૬.

૧૨. હે પુત્ર ! જ્યારે તું ગર્ભમાં હતો ત્યારે આ રાજાએ મને ચાબૂકનો ઘા કર્યો હતો. તે (ઘા) તારા ચક્ષુ સ્થાને થયો. ૧૬૨૭.

૧૩. તેથી તું આંખ વડે કાણો થયો. ભવિતવ્યતા અન્યથા થતી નથી. એ પ્રમાણે સાંભળીને અત્યંત રોષ વડે લાલ આંખવાળા તે તેજસ્વી ઘોડાએ ઘણું કહ્યું. ૧૬૨૮.

૧૪. હે માતા ! આ કોણ પશુ સમાન રાજા છે કે તને પણ મારે છે. મરવાની ઈચ્છાવાળા આના વડે તે સૂતેલો સિંહ જગાડાયો. ૧૬૨૯.

૧૫. હે માતા ! જો હું આને થોડા સમયમાં મારી ન નાખું તો હું તારો પુત્ર નથી. તેણીએ પણ સ્નેહપૂર્વક તેને કહ્યું. ૧૬૩૦.

૧૬. એ પ્રમાણે ન બોલ, જેથી વિશ્વનું પેટ ભરનાર આ રાજા છે. આપણે બે પશુ છીએ. વળી નિર્વાહ કરનાર આ રાજા આપણો સ્વામી છે. ૧૬૩૧.

मम जातेन केनापि, स्वामिद्रोहो न निर्मितः ।
कोहमसञ्ज्ञं कुविज्ञा, शास्त्रेऽप्येवं यदुच्यते ।।१७।।

तदुक्तिमित्याकर्ण्यैष, भस्मच्छन्नाग्निवन्मनाक् ।
अभूच्छान्तो नहि क्रोधो, धीराणामुपयाशाम्यति ।।१८।।

श्रुतो व्यतिकरश्चाय-मासन्नस्थेन भूभुजा ।
तिर्यग्भाषापरिज्ञाने, देवादेशोऽस्ति तस्य यत् ।।१९।।

मम नूनमसौ शत्रु-र्विषमे क्वापि मामयम् ।
हनिष्यतीति नात्राहं, चटिष्यामि कदाचन ।।२०।।

विमृश्येति कियत्कालं, सुखेन व्यत्यलङ्घयत् ।
भूपः किशोरकोऽप्येष, जातो जात्यतुरङ्गमः ।।२१।।

अन्यदा जलपानार्थं, नीते निखिलसाधने ।
स एवाश्वोऽभवद्गेहे, तदा बुम्बारवोऽभवत् ।।२।।

भो भोः सुभटकोटीराः !, द्रुतं धावत धावत ।
जगृहे गोधनं सर्वं, परिपन्थिभिरुद्धतैः ।।२३।।

तदा च व्याकुलत्वेन, स एवाऽश्वः क्षमाभुजा ।
अधिकारिनरैः सज्जः, कारितो वाहराकृते ।।२४।।

गच्छन्नश्वोऽब्रवीत् स्वाम्बां, पश्य मातः ! पुरातनम् ।
वैरं निर्वालयाम्यद्य, सापि सप्रश्रयं जगौ ।।२५।।

૧૭. મારા ઉત્પન્ન થયેલ કોઈ પણ પુત્ર વડે સ્વામીનો દ્રોહ કરાયો નથી. ક્રોધને નિષ્ફલ કરવો જોઈએ. એ પ્રમાણે જે શાસ્ત્રમાં પણ કહેવાય છે. ૧૬૩૨.

૧૮. એ પ્રમાણે તેણે કહેલું સાંભળીને એ રાખથી ઢાંકેલા અગ્નિની જેમ થોડા (અલ્પ) ક્રોધવાળો થયો, પરંતુ શાંત ક્રોધવાળો ન થયો. ધીર પુરુષોને (ક્રોધ) શાંત થાય છે. ૧૬૩૩.

૧૯. નજીક રહેલા રાજા વડે આ વૃત્તાંત (માતા-પુત્રનું વૃત્તાંત) સંભળાયો. જે કારણથી રાજાને તિર્યંચની ભાષાને વિશેષ પ્રકારે જાણવામાં દેવનો આદેશ છે. ૧૬૩૪.

૨૦. ખરેખર આ મારો શત્રુ છે. સંકટમાં ક્યારે પણ મને હણશે. હું ક્યારેય આની પર નહીં ચઢું. ૧૬૩૫.

૨૧. એ પ્રમાણે વિચારીને રાજાએ કેટલોક કાળ સુખપૂર્વક વ્યતીત કર્યો. આ કિશોર પણ જાતિવાન ઘોડો થયો. ૧૬૩૬.

૨૨. એક વખત સઘળા સાધન (ઘોડા વિગેરે પશુઓ) પાણી પીવાને માટે લઈ જંવાયે છતે આ જ ઘોડો ઘરમાં હતો. ત્યારે બૂમરાણ થઈ. ૧૬૩૭.

૨૩. અરે અરે આગેવાન સૈનિકો ! જલ્દી દોડો-દોડો ઉદ્ધત એવા ચોરો વડે સર્વ ગાય રૂપી ધન ગ્રહણ કરાય છે. ૧૬૩૮.

૨૪. ત્યારે વ્યાકુળતાથી તે જ ઘોડો રાજા વડે ખેલવા માટે અધિકારી પુરુષો વડે તૈયાર કરાયો. ૧૬૩૯.

૨૫. જતા એવા તે ઘોડાએ પોતાની માતાને કહ્યું. હે માતા ! હું પહેલાના વૈરને આજે વાળું છું તેણીએ પણ સ્નેહપૂર્વક કહ્યું. ૧૬૪૦.

वत्स ! गच्छ सुखं तेऽस्तु, जातिस्ते वारयिष्यति ।
प्रकृताविह जातानां, विकृतिर्नोपजायते ।।२६।।

क्षणात्पर्याणयांचक्रे, भूपस्तं सपरिच्छदः ।
बहिश्च जग्मिवान्यत्र, विद्यन्ते ते रिपुव्रजाः ।।२७।।

भूपेन हक्किता योध्धुं, संमुखास्ते डुढौकिरे ।
एषोऽपि तैः समं युद्ध-क्रीडाकौतुकमन्वभूत् ।।२८।।

अथाश्वश्चिन्तयामास, दुष्टमेनं नृपाधमम् ।
मारयामि विपक्षेभ्यो, तत्सैन्ये वा नयाम्यहम् ।।२९।।

पातयित्वाऽथवा भूमौ, मथ्नामि चरणैर्निजैः ।
कुलीनत्वात्पुनर्दध्यौ, हा ! धिग् मे दुष्टचेष्टितम् ।।३०।।

अयं हि पृथिवीपालः, पशोरपि पशुस्त्वहम् ।
ईदृक्षेऽवसरेऽनर्थे, यदसौ पात्यते मया ।।३१।।

स्वकार्यकरणे भूयो, भाविनोऽवसरा मम ।
भूयांसोऽपीति निध्याय, युद्धाय प्रगुणोऽभवत् ।।३२।।

तत्सान्निध्यात्ततो भूप-स्तं विजित्य रिपुव्रजम् ।
गृहीत्वा गोधनं प्राप्तः, स्वपुरे निर्मितोत्सवैः ।।३३।।

अस्यैवाश्वस्य साहाय्या-न्निर्जिता रिपवो मया ।
ततोऽयमेव पट्टाश्वो, भवतादपरैरलम् ।।३४।।

૨૬. હે પુત્ર ! તું જા, તને સુખ થાઓ, તારી જાતિ તને વારશે. સ્વાભાવિક રીતે અહીં ઉત્પન્ન થયેલાઓને વિકૃતિ ઉત્પન્ન થતી નથી. ૧૬૪૧.

૨૭. પરિવાર સહિત રાજાએ તેને ક્ષણમાત્રમાં તૈયાર કર્યો અને બહાર ગયો. જ્યાં તે શત્રુનો સમૂહ વિદ્યમાન છે. ૧૬૪૨.

૨૮. રાજા વડે યુદ્ધને માટે હંકાયો. સામે આવેલા તેઓએ (પણ) પ્રેરણા કરી. એણે પણ તેઓની સાથે યુદ્ધની ક્રીડાના કુતૂહલને અનુભવ્યું. ૧૬૪૩.

૨૯. હવે ઘોડાએ વિચાર્યું. રાજાઓમાં અધમ એવા આ દુષ્ટને શત્રુઓથી હું મરાવું અથવા તેમના (શત્રુના) સૈન્યમાં હું લઈ જાઉં. ૧૬૪૪.

૩૦. ભૂમિ પર પાડુ અથવા પોતાના પગો વડે મથી નાખું. કુલીનપણું હોવાથી ફરીથી (એ પ્રમાણે) હા ! મારી દુષ્ટ ચેષ્ટાને ધિક્કાર હો. ૧૬૪૫.

૩૧. ખરેખર આ રાજા છે અને હું પશુનો પણ પશું છું. આવા પ્રકારના અવસરે મારા વડે આ (રાજા) સંકટમાં પડાય છે. ૧૬૪૬.

૩૨. પોતાનું કાર્ય કરવામાં (વૈરનો બદલો લેવા માટે) ઘણી વાર મને અવસરો મળશે. એ પ્રમાણે ઘણું વિચારીને યુદ્ધને માટે તૈયાર થયો. ૧૬૪૭.

૩૩. ત્યાર પછી તેના (ઘોડાના) સાન્નિધ્યથી રાજા તે શત્રુના સમૂહને જીતીને આય રૂપી ધનને ગ્રહણ કરીને ઉત્સવપૂર્વક પોતાના નગરમાં આવ્યો. ૧૬૪૮.

૩૪. આ જ ઘોડાની સહાયથી મારા વડે શત્રુઓ જીતાયા. તેથી આ જ મુખ્ય ઘોડો થાય. બીજા ઘોડાઓ વડે સર્યું. ૧૬૪૯.

सौवर्णाभरणश्रेणीं, भूपस्तं पर्यधापयत् ।
तत्याज कुमतिं सोऽपि, तादृशादरवीक्षणात् ।।३५।।

एवं स काणोऽपि तुरङ्गमो यथा, बभूव मान्यो विनयादिभिर्गुणैः ।
संगृह्यतां भो भविकास्ततो गुण-श्रेणिर्भवद्भिः कृपणैर्यथा धनम् ।।३६।।

।। इति श्रीउपदेशसप्ततिकायां चतुर्थेऽधिकारे सप्तम उपदेशः ।।७।।

૩૫. રાજાએ તેને સોનાના આભૂષણોની શ્રેણીને પહેરાવી. તેણે પણ તેવા પ્રકારના આદરને જોવાથી, કુમતિનો ત્યાગ કર્યો. ૧૬૫૦.

૩૬. એ પ્રમાણે તે કાણો પણ ઘોડો વિનય વગેરે ગુણો વડે જેમ માન્ય થયો. તેમ હે ! ભવ્યપ્રાણીઓ ! કૃપણ વડે જેમ ધન તેમ તમારા વડે ગુણની શ્રેણી સંગ્રહ કરાય. ૧૬૫૧.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના ચોથા અધિકારમાં સાતમો ઉપદેશ છે. ॥

"उपदेशः-८"

गुणान् गुणवतां प्रेक्ष्य, मत्सरस्तेषु नोचितः ।
कर्तुं विवेकिनामत्र, ब्राह्मणानां निदर्शनम् ।।१।।

कुमारप्रमुखाऽनेक-भूपालप्रतिबोधकाः ।
चिरं प्रभावितश्रीमज्जिनेन्द्रवरशासनाः ।।१।।

नवीननिर्म्मिताऽनेक-ग्रन्थाः श्रीहेमसूरयः ।
अभूवन्कीर्त्तिकर्पूर-सुरभीकृतभूतलाः ।।२।।

चतुर्युताऽशीतिमितं, स्वायुः सम्पूर्य तेऽन्यदा ।
दिवं गता महान्तोऽपि, दैवेन ग्रसिता न के ? ।।३।।

तादृक्पुरुषरत्नस्य, विनाशेन तदाऽभवत् ।
नृपादीनां महान् शोको, मनःसन्तापकारकः ।।४।।

सृजति तावदशेषगुणालयं, पुरुषरत्नमलङ्करणं भुवः ।
तदपि तत् क्षणभङ्गि करोति चे-दहह ! कष्टमपण्डिता विधेः ।।५।।

विमानोपमितं तेषां, झम्पानं निर्गतं ततः ।
कृत्वा नगरविश्रामं, पुनरुत्पाटितं च तत् ।।६।।

तीर्थभूता च तत्स्थान-धूलिः पत्तनवासिभिः ।
तथा कथञ्चिज्जगृहे, तत्र गर्त्ता यथाऽभवत् ।।७।।

हेमरवड्ड इति ख्याति-स्ततोऽभूदखिले जने ।
प्रत्यनीकैर्द्विजैस्तच्च, स्थाप्यते पुनरन्यथा ।।८।।

"ઉપદેશ-૮"

૧. ગુણી માણસોના ગુણોને જોઈને તેઓને વિષે ઈર્ષ્યા કરવી વિવેકી માણસોને ઉચિત નથી. અહીં બ્રાહ્મણોનું દૃષ્ટાંત છે. ૧૬૫૨.

૧. કુમારપાલ વિગેરે અનેક રાજાઓને પ્રતિબોધ કરનારા, ઘણા સમય પર્યંત પ્રભાવિત કર્યું છે શ્રી જિનેશ્વર પરમાત્માના શ્રેષ્ઠ શાસનને જેણે એવા, ૧૬૫૩.

૨. નવા રચ્યા છે અનેક ગ્રંથો જેણે એવા, કીર્તિ રૂપી કર્પૂર વડે સુગંધિત કર્યું છે પૃથ્વીતલ જેણે એવા શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા હતા. ૧૬૫૪.

૩. ચોરાશી વર્ષ પ્રમાણ પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને તેઓ એક વખત દેવલોકમાં ગયા. ભાગ્ય વડે કયા મહાન પુરુષો પણ કોળીયો થતાં નથી. ૧૬૫૫.

૪. ત્યારે તેવા પ્રકારના પુરુષ રૂપી રત્નના વિનાશ વડે રાજા વિગેરેના મનને સંતાપ કરાવનાર ઘણો શોક થયો. ૧૬૫૬.

૫. સર્વ ગુણોના ઘર સમાન, પૃથ્વીના આભૂષણ સમાન પુરુષ રત્નને જેટલામાં સર્જે છે. જો તે પણ ક્ષણમાં ભંગ કરે છે. અહો ! કષ્ટની વાત છે કે વિધિની અપંડિતતા કેવી છે ? ૧૬૫૭.

૬. વિમાનની ઉપમાવાળી તેઓની પાલખી ત્યાંથી નીકળી અને નગરમાં વિશ્રામ કરીને ફરીથી તે ઉપડી. ૧૬૫૮.

૭. તીર્થ સ્વરૂપ થયેલ તે સ્થાનની ધૂલ નગરવાસીઓએ વડે તે પ્રમાણે કાંઈક ગ્રહણ કરાઈ કે જેથી ત્યાં ખાડો થયો. ૧૬૫૯.

૮. ત્યાર બાદ સઘળા ય લોકોમાં હેમખાડો એ પ્રમાણે પ્રખ્યાત (ખાડો) થયો. શત્રુ એવા બ્રાહ્મણો વડે ફરીથી તે અન્ય રીતે સ્થાપન કરાય છે. ૧૬૬૦.

हेमचन्द्रगुरुः क्षिप्तो, गर्त्तायां तत उच्यते ।
हेमखड्डेति ते मूर्खाः, स्थापयन्ति द्विजाधमाः ।।९।।

यत्तत्प्रलापिनां तेषा-मेवं युक्तिविशारदैः ।
प्रत्युत्तरं प्रदातव्यं, भो भूदेवाः ! निशम्यताम् ।।१०।।

यदा श्रीहेमसूरीणां, मरणं समजायत ।
सर्वे विप्रास्तदा हर्ष-प्रकर्षं दधिरे हृदि ।।११।।

यथादित्यो न घूकेभ्यः, सज्जनेभ्यो न दुर्जनः ।
रोचते न तथा तेभ्य-स्तेषामभ्युदयो वरः ।।१२।।

देव्या पद्मावतीनाम्न्या, शिरोऽर्त्तिर्विकृता तदा ।
अमन्दं चक्रुरानन्दं, ततस्ते बाढपीडया ।।१३।।

सहस्रसंख्या भूदेवाः, शोकसंतप्तचेतसः ।
स्वस्वगोत्रजदेव्यादे-र्भोगादीनि वितेनिरे ।।१४।।

देव्योऽप्यूचुरिहास्माभिः, काऽपि न स्यात् प्रतिक्रिया ।
किन्तु पद्मावतीदेवी, स्मर्यतां तैस्तथा कृतम् ।।१५।।

ततः पद्मावती प्राह, प्रत्यक्षीभूय तान् प्रति ।
रे दुष्टाः ! केयमस्थाने, भवतां हर्षकारिता ।।१६।।

एषां त्रैलोक्यपूज्यानां, विपत्तौ त्रिदशा अपि ।
बभूवुः शोकसंतप्ता, भवन्तो न तु बालिशाः ।।१७।।

૯. હેમચંદ્રગુરુ ખાડામાં ફેંકાયા. તેથી હેમખાડો કહેવાય છે. મૂર્ખ એવા તે અધમ બ્રાહ્મણોએ આ પ્રમાણે (હેમખાડો નામ) સ્થાપન કર્યું છે. ૧૬૬૧.

૧૦. યુક્તિમાં વિશારદ એવા વિદ્વાનો વડે જેમ તેમ બોલનારા તેઓને એ પ્રમાણે જવાબ આપવો જોઈએ. હે બ્રાહ્મણો તમે સાંભળો. ૧૬૬૨.

૧૧. જ્યારે શ્રી હેમચંદ્રસૂરી મહારાજાનો કાળધર્મ થયો ત્યારે સર્વે બ્રાહ્મણોએ હૃદયમાં હર્ષના ઉત્કર્ષને ધારણ કર્યો હતો. ૧૬૬૩.

૧૨. જેમ ઘુવડોને સૂર્ય, સજ્જન પુરુષોને દુર્જન પુરુષ ગમતા નથી, તેમ તેઓને તેઓનો શ્રેષ્ઠ અભ્યુદય ગમતો ન હતો. ૧૬૬૪.

૧૩. પદ્માવતી નામની દેવી વડે તેમને માથાની વેદના વિકુર્વાઈ ત્યારે તેઓએ ઘણા આનંદને કર્યો. ત્યાર પછી તે ઘણી પીડા વડે. ૧૬૬૫.

૧૪. શોકથી સંતપ્ત ચિત્તવાળા હજારો બ્રાહ્મણોએ પોતપોતાની ગોત્રજ દેવી વિગેરેને ભોગાદિને આપ્યું. ૧૬૬૬.

૧૫. દેવીએ (ગોત્રજ દેવીએ) પણ કહ્યું. અમારા વડે અહીં કોઈ પણ પ્રતિક્રિયા ન થાય. પરંતુ પદ્માવતી દેવી સ્મરણ કરાય તેઓ વડે (બ્રાહ્મણો વડે) તે પ્રમાણે કરાયું. ૧૬૬૭.

૧૬. ત્યાર બાદ પદ્માવતીદેવીએ પ્રત્યક્ષ થઈને તેઓને કહ્યું. અરે દુષ્ટો ! આ અસ્થાને તમને હર્ષ કેવો ? ૧૬૬૮.

૧૭. ત્રણ જગતમાં પૂજ્ય એવા આ મહાત્માઓના સંકટમાં દેવો પણ શોક-સંતપ્ત થયા. પરંતુ મૂર્ખ એવા તમે નહીં. ૧૬૬૯.

तर्जयित्वेति तान् देवी, वचः पुनरिदं जगौ ।
स्थानस्यैतस्य चेद्धूलिर्भवद्भिः परिगृह्यते ।।१८।।

तदा नीरोगता च स्या-दित्युक्ते ते तथा व्यधुः ।
आर्त्ताः किं किं न कुर्वन्ति, स्वकार्यैकपरायणाः ।।१९।।

तया धूल्या च सर्वेषां, शिरोऽर्त्तिर्विलयं गता ।
अन्येऽपि दुष्टकुष्टाद्या, निर्विलम्बं क्षयं गताः ।।२०।।

तेषां तस्याः प्रभावेण, पुत्रपौत्रादिसन्ततिः ।
लक्ष्मीशान्तिकमाङ्गल्य-प्रमुखान्यपि जज्ञिरे ।।२१।।

ततश्च ब्राह्मणाः लोभ-लुब्धास्तं जगृहुस्तथा ।
यथा गर्त्ताभवत्तत्र, कालेन कियता क्रमात् ।।२२।।

एवं सा हेमगर्त्ताऽभू-द्विपरीतं कुतो द्विजाः ! ।
प्ररूप्यते विचारोऽपि, हृदि किं न विधीयते ।।२३।।

येषां गुरूणां माहात्म्या-दमावस्यापि पूर्णिमा ।
अभूत्प्रभूतभाग्यानां, तेषां निन्दां करोति कः ।।२४।।

बाल्येऽपि येषां हस्तस्य, स्पर्शमात्रादपि क्षणात् ।
व्यवहारिगृहेऽङ्गार-राशिः स्वर्ण्णमयोऽजनि ।।२५।।

तदा च तेषां सञ्जाता, हेमचन्द्राऽभिधा वराः ।
कारितं तेन तेषां च, श्रीसूरिपदमुत्तमम् ।।२६।।

तस्माद्विचार्य हृदये, विधेयो गुणिनां स्तवः ।
न तेषु मत्सरः कार्यो, नरैः स्वहितमिच्छुभिः ।।२७।।

।। इति श्रीउपदेशसप्ततिकायां चतुर्थेऽधिकारेऽष्टम उपदेशः ।।८।।

૧૮. એ પ્રમાણે દેવીએ તેઓની તર્જના કરીને ફરીથી આ વચન કહ્યું. જો તમારા વડે આ સ્થાનની ધૂલ ગ્રહણ કરાય. ૧૬૭૦.

૧૯. તો નિરોગીપણું થાય. (દેવીએ) એ પ્રમાણે કહે તે છતે તેઓએ (બ્રાહ્મણોએ) તે પ્રમાણે કર્યું. પોતાના જ કાર્યમાં રક્ત એવા દુઃખી જીવો શું શું કરતા નથી ? ૧૬૭૧.

૨૦. તે ધૂલ વડે સર્વ બ્રાહ્મણોના મસ્તકની પીડા નાશ પામી અને બીજા પણ ખરાબ એવા કોઢ વિગેરે રોગો વિલંબ કર્યા વિના ક્ષયને પામ્યા. ૧૬૭૨.

૨૧. પદ્માવતી દેવીના પ્રભાવથી તેઓને પુત્ર-પૌત્ર વગેરેનો વિસ્તાર, લક્ષ્મી, શાંતિ અને મંગલ વગેરે થયું. ૧૬૭૩.

૨૨. ત્યાર બાદ લોભથી લુબ્ધ બનેલા બ્રાહ્મણોએ તે પ્રમાણે તેને (ધૂળને) ગ્રહણ કરી કે જેમ કેટલાક સમયમાં ત્યાં અનુક્રમે ખાડો થયો. ૧૬૭૪.

૨૩. એ પ્રમાણે તે હેમખાડો થયો. હે બ્રાહ્મણો ! વિપરીત પ્રરૂપણા શી રીતે કરાય ? હૃદયમાં વિચાર પણ કેમ કરાતો નથી ? ૧૬૭૫.

૨૪. જે ગુરુના મહિમાથી અમાવસ્યા પણ પૂર્ણિમા થઈ. અત્યંત ભાગ્યશાળી એવા તેઓની નિંદા કોણ કરે ? ૧૬૭૬.

૨૫. બાલ્યાવસ્થામાં પણ જેઓના હાથના સ્પર્શમાત્રથી વેપારીના ઘરમાં અગ્નિનો ઢગલો સુવર્ણમય થયો. ૧૬૭૭.

૨૬. ત્યારે તેઓનું શ્રી હેમચંદ્ર એ પ્રમાણે નામ અપાયું. અને તેથી તેઓને ઉત્તમ એવું આ આચાર્યપદ અપાયું. ૧૬૭૮.

૨૭. તેથી હૃદયને વિષે વિચારીને ગુણીજનોની સ્તુતિ કરવી જોઈએ. પોતાના હિતને ઈચ્છનારા લોકો વડે તેઓને વિષે ઈર્ષ્યા ન કરવી જોઈએ. ૧૬૭૯.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના ચોથા અધિકારમાં આઠમો ઉપદેશ છે. ॥

"उपदेशः-९"

लोकोत्तरा कापि वचःकला भवे-न्नृणां प्रभूते सति भाग्यवैभवे ।
वाग्मी कुरूपोऽपि नृपादिभिर्यतो, मान्यो भवेड्डामरदूतवत्पुमान् ।।१।।

पत्तने कुरुते राज्यं, भीमो भूरिपराक्रमः ।
तस्यास्ति डामरो दूतो, द्विजोऽत्यन्तकुरूपवान् ।।१।।

परं वचस्वी सर्वत्र, निःक्षोभः समयोचितम् ।
वेत्ति वक्ति च तेनैष, गर्वमुद्वहते हृदि ।।२।।

तदा च मालवे राजा, भोजोऽभङ्गुरभाग्यवान् ।
दाता भोक्ता गुणी शूरः, प्रतापी विनयी नयी ।।३।।

तस्य पार्श्वेऽन्यदा भूप-स्तं दूतं प्रेषयन्नभूत् ।
तत्र गत्वा त्वया वाच्यमेवमेवं च भो द्विज ! ।।४।।

चिरं तदुक्तमालोच्य, श्रुत्वा कृत्वाऽवहीलनम् ।
तत उत्तिष्ठता तेन, वस्त्रप्रान्तो विधूनितः ।।५।।

किमेतदिति राज्ञोक्ते, सोऽब्रवीत्तव भाषितम् ।
अत्रैव निखिलं मुक्तं, ततो रुष्टो भृशं नृपः ।।६।।

तथा कुर्वे यथा तत्र, गतस्तत्रत्यभूभुजा ।
असौ विडम्ब्यते पापी, प्रत्यनीको ममोपरि ।।७।।

गूढकोपस्ततो भूपो, दुकूलबहुवेष्टनैः ।
रक्षां निबध्य सौवर्णे, निधाय च समुद्गके ।।८।।

"ઉપદેશ-૯"

૧. ભાગ્ય રૂપી સંપત્તિ ઘણી હોતે છતે માણસોને લોકોત્તર એવી વચનની કોઈ પણ કળા પ્રાપ્ત થાય. જે કારણથી ડામર નામના દૂતની જેમ, વાણીની કળાવાળો ખરાબ રૂપવાળો પણ પુરુષ રાજા વગેરે વડે માન્ય થાય. ૧૬૮૦.

૧. પાટણ નગરમાં ઘણા પરાક્રમવાળો ભીમ નામે રાજા રાજ્ય કરે છે. તેને અત્યંત ખરાબ રૂપવાળો ડામર નામનો બ્રાહ્મણ દૂત છે. ૧૬૮૧.

૨. વચન કળામાં કુશલ સર્વ ઠેકાણે ગભરાયા વિના (ચંચલતા વિના) સમયને ઉચિત એવું જાણે છે અને બોલે છે. તેથી આ ડામર દૂત હૃદયમાં ગર્વને વહન કરે છે. ૧૬૮૨.

૩. ત્યારે માલવદેશમાં અખંડ ભાગ્યશાળી, ઉદાર દિલથી દાન આપનાર, ભોક્તા, ગુણવાન, પરાક્રમી, પ્રભાવશાળી, વિનયવાન, સાત પ્રકારના નયોને જાણનાર ભોજ નામે રાજા હતો. ૧૬૮૩.

૪. એક વખત ભીમરાજાએ તેમની પાસે તે દૂતને મોકલ્યો. હે બ્રાહ્મણ (દૂત)! ત્યાં જઈને તારે એ પ્રમાણે કહેવું. ૧૬૮૪.

૫. રાજાએ કહેલું સાંભળીને ઘણા સમય પર્યંત વિચારીને, અવગણના કરીને ત્યાર બાદ ઉઠતાં એવા તેના વડે વસ્ત્રનો છેડો ખંખેરાયો. ૧૬૮૫.

૬. આ શું ? એ પ્રમાણે રાજા કહેતે છતે તેણે (દૂતે) કહ્યું. તમારું કહેલું સઘળું અહીં જ મૂકાયું. તેથી રાજા અત્યંત ગુસ્સે થયો. ૧૬૮૬.

૭. હું એ પ્રમાણે કરું કે જેથી ત્યાં ગયેલો મારો શત્રુ એવો આ પાપી ત્યાંના રાજા વડે વિડંબના પમાડાય. ૧૬૮૭.

૮. ત્યારબાદ ગુપ્ત કોપવાળા રાજાએ ઘણા રેશમી વસ્ત્ર વડે રાખ બાંધીને સોનાની પેટીમાં મૂકીને - ૧૬૮૮.

मुद्रां दत्त्वा च तद्धस्ते-ऽर्पयित्वा तं जगौ नृपः ।
मत्प्राभृतमिदं तस्मै, ढौकनीयं नृपाय भोः ! ।।९।।

चचाल दूतः क्षेमेण, श्रीधारानगरे गतः ।
मिलितो भोजभूपस्य, तद्रूपं वीक्ष्य सोऽप्यवक् ।।१०।।

यौष्माकाऽधिपसन्धिविग्रहपदे दूताः कियन्तो द्विज ! ।
मादृक्षा बहवोऽपि मालवपते ! ते सन्ति तत्र त्रिधा ।
प्रेष्यन्तेऽधममध्यमोत्तमधियः प्रेष्यानुरूपक्रमा-
त्तेनान्तःस्मितमुत्तरं विदधता धाराऽधिपो रञ्जितः ।।११।।

विस्मितो हृदि भूपाल-स्तं सस्नेहमवादयत् ।
मुक्तं तेनापि तस्याग्रे, प्राभृतं तन्नृपार्पितम् ।।१२।।

सम्भूय पार्षदाः सर्वे, दृष्ट्वा स्वर्णसमुद्गकम् ।
किमप्यपूर्वभाव्यत्रेत्यभूवन् दर्शनोत्सुकाः ।।१३।।

यावदुद्घाटयामास, परःशतमनोरथैः ।
रक्षां वीक्ष्य विलक्षास्यो, नृपः किमिदमित्यवक् ।।१४।।

दूतोऽपि दध्यौ पापेन, नूनं तेन महीभुजा ।
ममोज्ञासनमारेभे, ब्रुवे तत्समयोचितम् ।।१५।।

देवावधार्यतामस्म-त्स्वामिना शान्तिहेतवे ।
अश्वानां मानवानां च, पीडितानां रुजां भरैः ।।१६।।

૯. તાળાને લગાવીને તેના હાથમાં અર્પણ કરીને રાજાએ તેને કહ્યું. મારું આ ભેટણું તે રાજાને આપવું. ૧૬૮૯.

૧૦. દૂત કુશલતાપૂર્વક ચાલ્યો અને શ્રી ધારાનગરમાં ગયો તથા ભોજરાજાને મળ્યો. તેના (દૂતના) રૂપને જોઈને તેણે પણ કહ્યું. ૧૬૯૦.

૧૧. હે બ્રાહ્મણ ! તમારા સંબંધી ભીમરાજાના સંધિ અને વિગ્રહ (યુદ્ધ)ના સ્થાનમાં દૂતો કેટલા છે ? હે માલવપતિ ! મારા જેવા ઘણા દૂતો છે. પણ તેઓ ત્રણ પ્રકારના છે. અધમ - મધ્યમ અને બુદ્ધિવાળા પ્રેષ્ય (દૂત)ને અનુરૂપ ક્રમથી મોકલાય છે. તેના વડે અંદરથી હસવાપૂર્વક ઉત્તરને આપવાથી ધારાનગરીનો રાજા ખુશ થયો. ૧૬૯૧.

૧૨. હૃદયમાં આશ્ચર્ય પામેલા રાજાએ તેને સ્નેહપૂર્વક બોલાવ્યો. તેમની આગળ રાજા વડે અપાયેલું ભેટણું મૂકાયું. ૧૬૯૨.

૧૩. સુવર્ણની પેટીને જોઈને સર્વે સભાજનો એકઠા થઈને 'આ કાંઈ પણ અદ્ભુત હશે.' એ પ્રમાણે જોવા માટે ઉત્સુક થયા. ૧૬૯૩.

૧૪. જેટલામાં ઉત્તમ સેંકડો મનોરથપૂર્વક આ સુવર્ણ પેટીને ઉઘાડી તેટલામાં રાખને જોઈને વિલખા મુખવાળો રાજા 'આ શું છે ?' એ પ્રમાણે બોલ્યો. ૧૬૯૪.

૧૫. દૂતે પણ વિચાર્યું. ખરેખર પાપી એવા તે રાજા વડે મને મારવાનો આરંભ કરાય છે. તેથી સમયને ઉચિત હું કહું. ૧૬૯૫.

૧૬. દેવ સાચી હકીકત જાણો. અમારા સ્વામી વડે રોગોના સમૂહ વડે પીડાતા ઘોડાઓ (પશુઓ) અને મનુષ્યોની શાંતિને માટે મોકલાઈ છે. ૧૬૯૬.

लक्षहोमकृतो यागो, रक्षा तस्येयमुत्तमा ।
अपि सौवर्णिकेनाऽस्या, लवोऽपि नहि लभ्यते ।।१७।।

षाण्मासिकोऽपि यो रोगो-ऽनया याति भवेन्न च ।
एतस्यास्तिलमात्रं तु, यः प्राप्नोति स भाग्यवान् ।।१८।।

अन्तःपुरीणामश्वानां, पौराणां च क्षणादभूत् ।
रोगोपशान्तिरेतस्याः, प्रभावात् किं बहूच्यते ।।१९।।

भवतोऽभीष्टमित्रत्वा-देतावत् प्राभृतं ननु ।
प्रेषितं तेन भूपेन, तदिमां बहु मानय ।।२०।।

हृष्टेन भूभुजा सर्व-सभ्यानां स्त्रीजनस्य च ।
स्तोका स्तोकाऽर्पिता सप्र-भावत्वाज्ञगृहे च तैः ।।२१।।

दूतस्य तस्य राज्ञा तु, स्वर्णपञ्चशती वरा ।
तुरङ्गपट्टकूलादि, ददे तन्मुखयाचितम् ।।२२।।

सर्वं लात्वा समायातः, पत्तने भीमभूपतेः ।
तत्सर्वं दर्शयामास, हृष्टो राजाप्युवाच तम् ।।२३।।

अरे ! त्वया तत्र गत्वा, किं किमुक्तं वदाऽधुना ।
सोऽप्युवाच यथोक्तं स्वं, भूपोऽत्यर्थं विसिष्मये ।।२४।।

पुनरप्येकदा गर्व-परं तं नृपतिर्जगौ ।
गर्वं किं कुरुषे ? मूढ !, मत्प्रसादेन जीवसि ।।२५।।

૧૭. લાખો હોમ વડે કરાયેલ યજ્ઞ, તેની આ રાખ છે. સુવર્ણ વડે પણ આ રાખનો અંશ માત્ર પણ મેળવાતો નથી. ૧૬૯૭.

૧૮. છ માસનો પણ જે રોગ હોય તે આના વડે જાય છે અને ફરીથી ન થાય. આનું તિલ માત્ર પણ જે પામે છે તે ભાગ્યશાળી છે. ૧૬૯૮.

૧૯. આના પ્રભાવથી અન્તઃપુરમાં રહેનારી સ્ત્રીઓના, ઘોડાઓના અને નગરમાં રહેનારા લોકોના રોગોની ઉપશાંતિ ક્ષણમાત્રમાં થઈ. વધારે શું કહેવાય ? ૧૬૯૯.

૨૦. ખરેખર આપનો ઈષ્ટ (હિતકારી) મિત્ર હોવાથી તે રાજા વડે આટલું ભેટણું મોકલાયું. તેને (ઓછું હોવા છતાં તે ભેટણાને) ઘણું માનો. ૧૭૦૦.

૨૧. ખુશ થયેલ રાજા વડે સભાના સર્વ સભ્યોને અને સ્ત્રીઓને થોડી-થોડી રાખ અર્પણ કરાઈ અને પ્રભાવશાળી હોવાથી તેઓ વડે રાખ ગ્રહણ કરાઈ. ૧૭૦૧.

૨૨. રાજા વડે તે દૂતને શ્રેષ્ઠ પાંચસો સુવર્ણ મુદ્રાઓ, ઘોડા રેશમી વસ્ત્ર વગેરે તેના મુખ વડે (જેટલું માગ્યું તેટલું) માગેલું અપાયું. ૧૭૦૨.

૨૩. સર્વ સામગ્રીને લઈને દૂત નગરમાં આવ્યો. ભીમરાજાને તે સર્વ સામગ્રી દેખાડી. ખુશ થયેલ રાજાએ પણ તેને કહ્યું. ૧૭૦૩.

૨૪. અરે ! તારા વડે ત્યાં જઈને શું-શું કહેવાયું ? તે હમણાં તું કહે 'જે પ્રમાણે પોતે કહ્યું તે પ્રમાણે તેણે પણ કહ્યું. રાજા ઘણો વિસ્મય પામ્યો. ૧૭૦૪.

૨૫. એક વખત ફરીથી રાજાએ ગર્વમાં તત્પર એવા તેને કહ્યું હે મૂઢ ! અભિમાન શું કરે છે ? મારી કૃપાથી તું જીવે છે. ૧૭૦૫.

निजवाक्कलयैवाऽहं, जीवामि तव किं ? नृप ! ।
एवं विवादे भूयोऽपि, तं तत्र प्रेषयन्नृपः ।।२६।।

अर्पितो मुद्रितो लेख-स्तदानीं तस्य भूभुजा ।
क्रमात्तत्र गतो दूतो, यत्रास्ते भोजभूपतिः ।।२७।।

तदा च स्नानपीठस्थो, वारिक्लिन्नशिरा नृपः ।
तमालल्लाप भो दूत !, स्वागतं तव वर्त्तते ।।२८।।

हास्येन पृष्टं भूपेन, भीमडो नापितस्तव ।
स्वामी पत्तनवास्तव्यः, किं कुर्व्वन्नस्ति साम्प्रतम् ।।२९।।

सोऽप्याह राज्ञां शीर्षाणि, बहूनामस्ति मुण्डयन् ।
तवाप्याद्रीकृतेऽमुष्मिन्, नायात्यद्यापि वारकः ।।३०।।

मुदितस्तेन वाक्येन, स्वर्णजिह्वामदापयत् ।
यद्वा न रोचते कस्मै, वचनं समयोचितम् ।।३१।।

अथ लेखं तमुन्मुद्र्य, यावद्वाचयति स्वयम् ।
तत्राऽपश्यदयं तावद्, दूतो व्यापाद्यतामिति ।।३२।।

क्षणं विमृश्य दूताग्रे, तं तथावृत्तमाह सः ।
आकारगोपनं कृत्वा, दूतोऽप्येवमुवाच तम् ।।३३।।

श्रूयतामद्य राजेन्द्र !, स्मृता मे जन्मपत्रिका ।
तस्यां लिखितमित्यस्ति, दैवज्ञेन हितैषिणा ।।३४।।

पञ्चाशत्तमवर्षेऽस्या-वलिकास्ति विपत्करी ।
यत्र चास्य मृतिस्तत्र, दुर्भिक्षं द्वादशाब्दिकम् ।।३५।।

૨૬. હે રાજન્ ! હું મારી વાણીની કલા વડે જીવું છું તમારું શું ? એ પ્રમાણે વિવાદ થયે છતે રાજાએ ફરીથી તેને ત્યાં મોકલ્યો. ૧૭૦૬.

૨૭. ત્યારે રાજા વડે તેને બીડાયેલો લેખ અર્પણ કરાયો. અનુક્રમે જ્યાં ભોજરાજા છે ત્યાં દૂત ગયો. ૧૭૦૭.

૨૮. ત્યારે બાજોઠ પર બેઠેલા પાણી વડે ભીંજાયેલ મસ્તકવાળા ભોજરાજાએ તેને બોલાવ્યો. હે દૂત ! તારું સ્વાગત વર્તે છે. ૧૭૦૮.

૨૯. હાસ્યપૂર્વક રાજા વડે પૂછાયું. નગરમાં વસનારો તારો સ્વામી ભીમડો હજામ હમણાં નગરમાં શું કરે છે ? ૧૭૦૯.

૩૦. તેણે (દૂતે) પણ કહ્યું. ઘણા રાજાઓના મસ્તક મુંડે છે. તમારું મસ્તક ભીનું હોતે છતે આજે પણ તમારો વારો આવતો નથી. ૧૭૧૦.

૩૧. તે વાક્ય વડે ખુશ થયેલા સુવર્ણની જીભ આપી. સમયને ઉચિત બોલેલું વચન કોને ન રૂચે. ૧૭૧૧.

૩૨. હવે લેખને ઉઘાડીને (રાજા) સ્વયં જેટલામાં વાંચે છે તેટલામાં ત્યાં (પત્રમાં-લેખમાં) એ પ્રમાણે જોયું. આ દૂતને તમારે મારવો. ૧૭૧૨.

૩૩. ક્ષણમાત્ર વિચારીને તેણે (રાજાએ) દૂતની આગળ તે પ્રમાણે વૃત્તાંતને કહ્યું. દૂતે પણ પોતાના મનોભાવોને છુપાવીને તેને આ પ્રમાણે કહ્યું. ૧૭૧૩.

૩૪. હે રાજેન્દ્ર ! સાંભળો. મારી જન્મપત્રિકા આજે મને સ્મરણમાં આવી. હિતને ઈચ્છનારા નિમિત્તજ્ઞ વડે તેમાં એ પ્રમાણે લખાયેલું છે. ૧૭૧૪.

૩૫. આને પચાશમા વર્ષને વિષે કાળ વિપત્તિને કરનાર છે. જ્યાં આનું મરણ થશે ત્યાં બાર વર્ષનો દુષ્કાળ થશે. ૧૭૧૫.

धूर्त्तेन तेन भूपेन, प्रेषितोऽहमिह प्रभो ! ।
अस्तु मे मरणं तेन, तद्ग्रासाऽनृण्यमिच्छतः ।।३६।।

सप्रगल्भमिति प्रोच्य, शस्त्रीं कुक्षौ क्षिपत्ययम् ।
यावत्तावत्करे राजा, धृत्वा तं निरवारयत् ।।३७।।

मरिष्याम्येव देवाऽहं, निषेधः क्रियते कुतः ? ।
स्वामिकार्ये यदि प्राणा, यान्ति तद्यान्तु गत्वराः ।।३८।।

सौवर्णिकसहस्रेण, पञ्चशत्या च वाजिनाम् ।
निषिध्य म्रियमाणं तं, स्वदेशादप्यचीकृषत् ।।३९।।

महताडम्बरेणैष, भीमभूपं प्रणेमिवान् ।
यथाजातं च वृत्तान्तं, स्वं जगौ स सविस्तरम् ।।४०।।

ततः प्रभृत्येष नृपादिकानां, बभूव मान्यो निजवाक्कलातः ।
तत्रैव तेन क्रियतां मनः स्वं, लोकद्वये वः सुखिता यथा स्यात् ।।४१।।

।। इति श्रीउपदेशसप्ततिकायां चतुर्थेऽधिकारे नवम उपदेशः ।।९।।

૩૬. હે પ્રભો ! તે ધૂર્ત એવા રાજા વડે હું અહીં મોકલાયો. તેનું ઋણ વાળવાનું ઈચ્છતા એવા મારું મરણ તેના (ભીમરાજા) વડે થાઓ. ૧૭૧૬.

૩૭. બડાઈથી આ પ્રમાણે કહીને - આ દૂત જેટલામાં પોતાની કુક્ષિમાં શસ્ત્રને ભોંકે છે. તેટલામાં રાજાએ હાથમાંથી પકડીને તેને (દૂતને) અટકાવ્યો. ૧૭૧૭.

૩૮. હે દેવ ! હું મરીશ જ (તમારા વડે) શા માટે નિષેધ કરાય છે ? જો સ્વામીના કાર્યમાં પ્રાણો જાય છે (તો) તે જલ્દી જાઓ. ૧૭૧૮.

૩૯. મરતા એવા તેને નિષેધ કરીને હજારો સુવર્ણમુદ્રાઓ અને પાંચસો ઘોડાઓ આપીને પોતાના દેશથી પણ મોકલ્યો. (કાઢ્યો). ૧૭૧૯.

૪૦. મોટા આડમ્બરપૂર્વક (આવેલ) એણે ભીમરાજાને પ્રણામ કર્યો અને જે પ્રમાણે થયું તે પ્રમાણે તેણે પોતાના વૃત્તાંતને વિસ્તારપૂર્વક કહ્યો. ૧૭૨૦.

૪૧. ત્યારથી માંડીને પોતાની વાણીની કલાથી રાજા વિગેરેને માન્ય થયો. તેથી પોતાનું મન ત્યાં જ સ્થિર કરાય કે જે પ્રમાણે તમે આલોક અને પરલોકમાં સુખી થાઓ. ૧૭૨૧.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના ચોથા અધિકારમાં નવમો ઉપદેશ છે. ॥

"उपदेशः-१०"

न्यायो नराणां परमं निधानं, न्यायेन विश्वानि सुखीभवन्ति ।
न्यायोपपन्नं पुरुषं श्रयन्ति, श्रियः श्रवन्त्यः सरितामिवेशम् ।।१।।

श्रीरामनाम स्मरति प्रतिप्रगे, जनः समग्रो न तु रावणाऽभिधाम् ।
पूर्वो ददौ किं जगृहे च किं परः, सन्न्याय एवात्र बिभर्त्ति हेतुताम् ।।२।।

यतः -

यान्ति न्यायप्रवृत्तस्य, तिर्यञ्चोऽपि सहायताम् ।
अपन्थानं तु गच्छन्तं, सोदरोऽपि विमुञ्चति ।।१।।

गया तिदीहा दहवयण, जिहिं सुरसेव करंति ।
दीहपल्लट्टइं रावणह, पत्थर नीरि तरन्ति ।।२।।

ये मज्जन्ति निमज्जयन्ति च परांस्ते प्रस्तरा दुस्तरे,
वार्द्धौ वीर तरन्ति वानरभटान्संतारयन्तेऽपि च ।
नैते ग्रावगुणा न वारिधिगुणा नो वानराणां गुणाः,
श्रीमद्दाशरथेः प्रतापमहिमा सोऽयं समुज्जृम्भते ।।३।।

पतन्त्यो भित्तयो यस्या-ज्ञया तिष्ठन्ति निश्चलाः ।
वशीभवन्ति भूताद्या, अपि यन्नामकीर्त्तनात् ।।१।।

आस्तां यच्चरितं तस्य, सेवकोऽपि नरेश्वरः ।
यशोवर्माऽभिधो न्यायी, यथाऽभून्नापरस्तथा ।।२।।

"ઉપદેશ-૧૦"

૧. ન્યાય એ માનવોનું શ્રેષ્ઠ નિધાન છે. ન્યાય વડે સંપૂર્ણ જગત સુખી થાય છે. નદીના સ્વામી સમુદ્રનો જેમ નદીઓ આશ્રય કરે છે, તેમ લક્ષ્મીઓ ન્યાયથી યુક્ત પુરુષનો આશ્રય કરે છે. ૧૭૨૨.

૨. લોકો રોજ સવારે રામના નામનું સ્મરણ કરે છે. પરંતુ રાવણના નામનું નહીં. પહેલાએ (રામે) શું આપ્યું અને બીજાએ (રાવણે) શું ગ્રહણ કર્યુ ? અહીં સાચો ન્યાય એ જ હેતુતાને ધારણ કરે છે. ૧૭૨૩.

જે કારણથી -

૧. ન્યાયપૂર્વક પ્રવૃત્તિ કરનારને તિર્યંચો પણ સહાયતા કરે છે વળી ખરાબ માર્ગે, જતા માણસને ભાઈ પણ ત્યાગ કરે છે. ૧૭૨૪.

૨. જ્યાં તિબેટ નામના બેટમાં ગયેલા રાવણની દેવતાઓ સેવા કરે છે એ જ રાવણના દિવસો પલટાય છે. જેમ પત્થરો પાણીમાં તરે છે. ૧૭૨૫.

૩. હે વીર ! જેઓ પોતે ડૂબે છે અને બીજાને ડૂબાડે છે એવા તે પત્થરો દુઃખે કરીને તરી શકાય એવા સમુદ્રમાં તરે છે અને વાનર સૈનિકોને સારી રીતે તારે છે. આ ગુણો પત્થરના નથી. સમુદ્રના આ ગુણો નથી, વાનરોના ગુણો નથી, પરંતુ તે રામના પ્રતાપનો આ મહિમા સારી રીતે પ્રગટ છે. ૧૭૨૬.

૧. પડતી એવી ભીતો પણ જેમની આજ્ઞા વડે નિશ્ચલ થાય છે. જેમના નામના કીર્ત્તનથી ભૂત-પ્રેત વિગેરે પણ વશ થાય છે. ૧૭૨૭.

૨. તેમનું ચરિત્ર તો દૂર રહો, પણ તેમનો સેવક એવો પણ આ યશોવર્મા નામે રાજા જે પ્રમાણે ન્યાયી (ન્યાયવાળો) હતો. તે પ્રમાણે બીજા ન્યાયી નહોતા. ૧૭૨૮.

कल्याणकटके राम, इव नीतिलताम्बुदः ।
यशोवर्माऽभिधो भूपो, भुङ्क्ते साम्राज्यमूर्जितम् ।।३।।

द्विष्टः पुत्रोऽपि तस्याऽऽसीत्, त्याज्यः स्वाङ्गस्थपङ्कवत् ।
गुणवानस्वकीयोऽपि, मान्यः पुष्पमिवाऽभवत् ।।४।।

निजप्रतोलीद्वारे स, न्यायघण्टामबन्धयत् ।
यस्य यस्य यदा कार्यं, तदा तां स स वादयेत् ।।५।।

तच्चिन्तां कुरुते भूपः, प्राणैरपि धनैरपि ।
एवं पालयतो न्यायं, तस्य गच्छन्ति वासराः ।।६।।

तस्य न्यायपरीक्षार्थं, राज्याऽधिष्ठातृदेवता ।
विधाय सुरभीरूपं, राजमार्गेऽन्यदा स्थिता ।।७।।

वत्समेकं च सौन्दर्यसौकुमार्यमनोहरम् ।
विकुर्व्य सद्यः सञ्जातं, स्वपार्श्वे सा न्यवीविशत् ।।८।।

अत्रान्तरे राजसौधा-दारुह्य वरवाहिनीम् ।
तत्रागच्छन्नभूत्तस्य, राज्ञः पुत्रोऽतिदुर्दमः ।।९।।

अतिवेगवशाच्चैष, वाहिनीं तामवाहयत् ।
तस्यैवोपरि वत्सस्य, स वराको मृतः पुनः ।।१०।।

धेनुः कोकूयतेऽत्यर्थं, मुञ्चत्यश्रूणि निर्भरम् ।
लोको हाहारवं चक्रे, प्रेक्ष्य तादृग्दशां तयोः ।।११।।

૩. કલ્યાણ કટક નગરમાં રામની જેમ નીતિ રૂપી લતાને પ્રગટ કરવામાં મેઘ સમાન યશોવર્મા નામે રાજા વિશાળ સામ્રાજ્યને ભોગવે છે. ૧૭૨૯.

૪. તેને દ્વેષી એવો પોતાનો પુત્ર પણ પોતાના અંગમાં રહેલ કાદવની જેમ ત્યાગ કરવા યોગ્ય હતો. ગુણવાન એવો પારકો પણ પુષ્પ પુણ્યની જેમ માન્ય હતો. ૧૭૩૦.

૫. તેણે પોતાના નગરના મુખ્ય દ્વારમાં ન્યાયનો ઘંટ બાંધ્યો હતો જેને જેને જ્યારે કામ હોય ત્યારે તેણે તેણે તેને વગાડવો. ૧૭૩૧.

૬. પ્રાણો વડે અને ધન વડે રાજા તેની ચિંતા કરે છે. એ પ્રમાણે ન્યાયનું પાલન કરતા તેના દિવસો પસાર થાય છે. ૧૭૩૨.

૭. એક વખત તેના ન્યાયની પરીક્ષા કરવા માટે રાજ્યના અધિષ્ઠાયક દેવતા ગાયનું રૂપ કરીને રાજમાર્ગમાં રહી. ૧૭૩૩.

૮. તેણીએ સુંદર, સુકુમાર, મનોહર તરત થયેલા એક વાછરડાને વિકુર્વીને પોતાની પાસે બેસાડ્યો. ૧૭૩૪.

૯. આ બાજુ (આની વચ્ચે) તે રાજાનો અત્યંત દુર્દમ એવો પુત્ર રાજમહેલથી શ્રેષ્ઠ વાહનમાં આરૂઢ થઈને ત્યાં (રાજમાર્ગમાં) જતો હતો. ૧૭૩૫.

૧૦. તે જ વાછરડાની ઉપર એણે (રાજકુમારે) અત્યંત વેગથી તે વાહનને ચલાવ્યું. વળી બિચારો તે વાછરડો મરણ પામ્યો. ૧૭૩૬.

૧૧. ગાય એ ખૂબ જોરથી અવાજ કર્યો અને ઘણા આંસુ સાર્યા. (ઘણી રડી). તે બંનેની (ગાય અને વાછરડાની) તેવા પ્રકારની દશાને જોઈને લોકોએ હાહાકાર કર્યો. ૧૭૩૭.

केनाप्यालापिता चैषा, भद्रे ! राजकुलं व्रज ।
न्यायघण्टास्ति या तत्र, शृङ्गाभ्यां तां च वादय ।।१२।।

यथा तवैतदन्यायप्रतीकारं नृपः सृजेत् ।
पञ्चमो लोकपालोऽयं, सर्वसाधारणो यतः ।।१३।।

श्रुत्वेति सा गता तत्र, घण्टां बाढमताडयत् ।
तस्मिंश्चावसरे भूपो, भोजनायोपविष्टवान् ।।१४।।

घण्टानिनादमाकर्ण्या-ऽकाले भूपः ससम्भ्रमः ।
इदानीं चालिता केन, घण्टेत्याख्यत्स्वसेवकान् ।।१५।।

विलोक्य तेऽपि तं प्राहु-र्नान्यः कोऽप्यत्र गां विना ।
अकाले गौः कुतोऽत्रेति, स्वयमेवोत्थितो नृपः ।।१६।।

तत्रागत्य स धेनुं तां, सदुःखं प्राह भूपतिः ।
भवत्या अपि हा ! पापी, कश्चकार पराभवम् ।।१७।।

पराभूताऽसि येन त्वं, तं दर्शय ममाऽधुना ।
वराकी सा तु नो वेत्ति, वक्तुं मानवभाषया ।।१८।।

किन्तु सा पूरतोभूय, पृष्ठिलग्नस्य भूपतेः ।
तं वत्सं दर्शयामास, जीवितव्यमिवात्मनः ।।१९।।

उवाच भूपो हट्टादौ, सन्निविष्टं महाजनम् ।
क्रूरकर्मेदृशं चक्रे, कः पापीति निवेद्यताम् ।।२०।।

૧૨. કોઈક માણસ વડે આ (ગાય) બોલાવાઈ. હે ભદ્ર ! તું રાજકુલમાં જા અને જે ન્યાયની ઘંટા છે, તેને શીંગડા વડે વગાડ. ૧૭૩૮.

૧૩. જેથી રાજા આ તારા અન્યાયના પ્રતિકારને કરે. જે કારણથી સર્વ સાધારણ આ (રાજા) પાંચમો લોકપાલ છે. ૧૭૩૯.

૧૪. એ પ્રમાણે સાંભળીને તેણી ત્યાં (ઘંટના સ્થાને) ગઈ. અને જોરથી ઘંટને વગાડ્યો. તે જ સમયે રાજા ભોજનને માટે બેઠો હતો. ૧૭૪૦.

૧૫. અકાળે ઘંટના અવાજને સાંભળીને અત્યંત ગભરાટવાળા (ભ્રાન્તિવાળા) તે રાજાએ 'ઘંટ કોના વડે વગાડાયો' એ પ્રમાણે પોતાના સેવકોને પૂછ્યું. ૧૭૪૧.

૧૬. તેઓએ પણ જોઈને તેને કહ્યું. અહીં ગાય વિના બીજો કોઈ નથી. અકાળે અહીં ગાય ક્યાંથી ? એ પ્રમાણે (વિચારીને) રાજા પોતે જ ઉઠ્યો. ૧૭૪૨.

૧૭. ત્યાં આવીને તે રાજાએ દુઃખપૂર્વક તે ગાયને કહ્યું. અહો ! કયા પાપીએ તારો પરાભવ કર્યો. ૧૭૪૩.

૧૮. તું જેના વડે પરાભવ પામેલી છો તેને તું મને હમણાં બતાવ. બિચારી તેણી મનુષ્યની ભાષા વડે કહેવું જાણતી નથી. ૧૭૪૪.

૧૯. પરંતુ તેણી (ગાય) આગળ થઈને પોતાની પીઠ પાછળ આવતા રાજાને પોતાના જીવિતની જેમ તે વાછરડાને દેખાડ્યું. ૧૭૪૫.

૨૦. રાજાએ દુકાનોમાં બેઠેલા મહાજનોને પૂછ્યું. કયા પાપીએ આવા પ્રકારનું ક્રૂર કર્મ કર્યું. એ જણાવો. ૧૭૪૬.

तदन्यायविधातारं, सर्वे जानन्ति मानवाः ।
न कोऽपि भाषते किन्तु, तत्सुताऽनर्थशङ्कया ।।२१।।

अतिप्रश्नेऽपि भूपस्य, यावत्कोऽपि न भाषते ।
तावत् क्रुद्धो नृपः प्राह, सभ्रूक्षेपमिदं वचः ।।२२।।

आः ! पापिनो भवन्तोऽपि, यदीदृगसमञ्जसम् ।
दृष्टमप्युच्यते यन्न, धिग्वस्तत्पक्षपातिनः ।।२३।।

तदैव भोक्ष्ये यद्येत-त्पापकारी नराधमः ।
ममाग्रे प्रकटो भावी-त्यभिग्रहमथाऽग्रहीत् ।।२४।।

तस्य न्यायैकनिष्ठस्य, सन्ध्यावधि निषेदुषः ।
तद्दिने लङ्घनं जात-महो ! न्यायप्रधानता ।।२५।।

सन्ध्यायां मन्दिरे प्राप्त-स्तनयस्तस्य भूपतेः ।
प्राह स्वकृतमन्यायं, मम दण्डं कुरु प्रभो ! ।।२६।।

स्वपुत्रकृतमन्यायं, श्रुत्वा दूनो नराधिपः ।
स्वर्णेनापि हि किं तेन, कर्णच्छेदो भवेद्यतः ।।२७।।

प्रातः पर्षदि भूपेन, पृष्टा नीतिविशारदाः ।
अस्य पुत्रस्य को दण्डो, विधेय ? इति कथ्यताम् ।।२८।।

उक्तं तैरेक एवायं, राज्यार्हस्तनयस्तव ।
एकलोचनसङ्काशः, कोऽस्य दण्डो भवेत्प्रभो ! ।।२९।।

૨૧. તે અન્યાય કરનારને સર્વે માણસો જાણે છે પરંતુ તે રાજાનો પુત્ર હોવાથી અનર્થની શંકા વડે કોઈ પણ બોલતા નથી. ૧૭૪૭.

૨૨. ઘણું પૂછતે છતે પણ જ્યારે રાજાને કોઈ જવાબ આપતા નથી. ત્યારે ક્રોધિત થયેલ રાજા ભ્રકુટી ચઢાવીને આક્ષેપ સહિત વચનો કહે છે. ૧૭૪૮.

૨૩. અહો ! પાપી એવા તમે પણ જે આવા પ્રકારનું અયોગ્ય કાર્ય જોયેલું. જે કહેતા નથી. તેથી પક્ષપાતી એવા તમને ધિક્કાર હો. ૧૭૪૯.

૨૪. જો આ પાપને કરનાર અધમ માણસ મારી આગળ પ્રગટ થશે ત્યારે જ હું ભોજન કરીશ. એ પ્રમાણે અભિગ્રહને ગ્રહણ કર્યો. ૧૭૫૦.

૨૫. ન્યાયમાં એક નિષ્ઠાવાળા સંધ્યા સુધી બેઠેલા તે રાજાને તે દિવસે ઉપવાસ થયો. અહો ! ન્યાયની પ્રધાનતા છે. ૧૭૫૧.

૨૬. સંધ્યાના સમયે ઘરે આવેલા તે રાજાના પુત્રે પોતે કરેલા અન્યાયને કહ્યો. હે પ્રભુ ! મને દંડ કરો. ૧૭૫૨.

૨૭. પોતાના પુત્રે કરેલા અન્યાયને સાંભળીને રાજા દુઃખી થયો. જે કારણથી કર્ણચ્છેદ (કાનોનો છેદ) થાય એવા તે સુવર્ણ વડે પણ શું ? ૧૭૫૩.

૨૮. સવારે પર્ષદામાં રાજા વડે ન્યાયવિશારદો પૂછાયા. આ પુત્રને શું દંડ કરવો જોઈએ. એ પ્રમાણે કહો. ૧૭૫૪.

૨૯. તેઓ વડે કહેવાયું. તમારો એક એ જ પુત્ર રાજ્યને યોગ્ય એક નેત્રની સમાન છે. હે પ્રભો ! આને શું દંડ થાય ? (અર્થાત્ કોઈ દંડ ન કરવો). ૧૭૫૫.

न्याय एव प्रधानो मे, दुर्नयेन सुतेन किम् ? ।
अन्येऽप्येवं वितन्वन्ति, शिक्षा चेन्नाऽस्य दीयते ।।३०।।

ततोऽस्य यो भवेद्दण्ड-स्तं वदन्तु विशारदाः ! ।
मनागपि न कार्यं मे, दाक्षिण्यमभयं हि वः ।।३१।।

तैरुक्तं देव ! यो यादृक्, कुरुते तस्य तादृशम् ।
अमनोज्ञं मनोज्ञं वा, क्रियते शास्त्रगीरिति ।।३२।।

अवाहयद्यथा वत्सो-परिष्टादेष वाहिनीम् ।
तथाऽस्यापि विधीयेत, दण्डः कोऽप्यस्य नापरः ।।३३।।

आनाय्य वाहिनीं पुत्रं, स्थापयित्वा च वर्त्मनि ।
जनानुवाच भो एषा, पुत्रस्योपरि वाह्यताम् ।।३४।।

ईदृग्विधं तदादेशं, यदा कोऽपि करोति न ।
प्रत्यक्षं सर्वलोकानां, तदा भूप इदं जगौ ।।३५।।

अयं मदीयो दुष्पुत्रो, जीविताद्वा विनश्यतु ।
आत्मीयेनापि किं तेन, न्यायो यस्य न वल्लभः ।।३६।।

इत्युक्त्वा सहसोत्थाय, स्वयमेवोपविश्य च ।
यावत्तां वाहयत्येष, तस्योपरि दयोज्झितः ।।३७।।

तावन्न गां न वत्सं च, ददर्श स महीपतिः ।
सा देवी च पुरोभूय, तस्य श्लाघामिति व्यधात् ।।३८।।

૩૦. ન્યાય એ જ મારું પ્રધાન (મુખ્ય) કાર્ય છે. દુર્નય એવા પુત્ર વડે શું ? જો બીજા પણ એ પ્રમાણે કરે તો શું એને શિક્ષા ન અપાય ? ૧૭૫૬.

૩૧. તેથી હે વિશારદો ! આને જે દંડ થાય તે દંડને કહો. ખરેખર મારા દાક્ષિણ્યપણાને ન કરવું તમને અભય છે. ૧૭૫૭.

૩૨. તેઓ વડે કહેવાયું હે દેવ ! જે જેવા પ્રકારનું કાર્ય કરે છે તેનું તેવા પ્રકારનું સારું અથવા ખરાબ કરાય છે. એ પ્રમાણે શાસ્ત્રનું વચન છે. ૧૭૫૮.

૩૩. જેમ વાછરડા ઉપરથી એણે વાહન ચલાવ્યું, તેમ આ પુત્રનું પણ આ પ્રમાણે (પુત્ર ઉપર પણ વાહન ચલાવાય) કરાય. આના સિવાય એને બીજો કોઈ દંડ નથી. ૧૭૫૯.

૩૪. વાહન અને પુત્રને લાવીને માર્ગમાં સ્થાપન કરીને લોકોને કહ્યું. હે લોકો ! આ પુત્ર ઉપર (વાહન) ચલાવાય. ૧૭૬૦.

૩૫. જ્યારે આવા પ્રકારના તેના આદેશને કોઈ પણ કરતા નથી. ત્યારે રાજાએ સર્વ લોકોની સમક્ષ આ કહ્યું. ૧૭૬૧.

૩૬. આ મારો દુષ્પુત્ર (ખરાબપુત્ર) જીવો અથવા મરણ પામો. જેને ન્યાયપ્રિય નથી એવા તે મારા પણ પુત્ર વડે શું ? ૧૭૬૨.

૩૭. એ પ્રમાણે કહીને એકાએક ઉઠીને જેટલામાં દયાથી રહિત આ (રાજા) પોતે જ વાહનમાં બેસીને જેટલામાં તેની ઉપર વાહન ચલાવે છે. ૧૭૬૩.

૩૮. તેટલામાં તે રાજાએ ગાય અને વાછરડાને નહીં જોયું અને તે દેવીએ તેની આગળ પ્રત્યક્ષ થઈને એ પ્રમાણે પ્રશંસાને કરી. ૧૭૬૪.

जय सत्त्ववतां धुर्य !, जय न्यायपरायण ! ।
श्रीरामस्येव सौभाग्यं, त्वदीयं स्तुवते न के ? ।।३९।।

चिरायुस्ते सुतो भूया-त्साम्राज्यं त्वं च पालय ।
परीक्षेयं मया चक्रे, इत्युक्त्वा सा तिरोऽभवत् ।।४०।।

एवं न्यायः पालनीयो नृपाद्यै-र्यस्मात्सर्वाः सम्पदो हस्तगाः स्युः ।
शस्यानि स्युः किं विना वारिवाहं, प्रावृट्काले प्राच्यमासद्वयोत्थम् ।।४१।।

।। इति श्रीउपदेशसप्ततिकायां चतुर्थेऽधिकारे दशम उपदेशः ।।१०।।

૩૯. સત્ત્વશાળીઓમાં અગ્રેસર ! તમારો જય થાઓ. ન્યાયમાં પરાયણ તમારો જય થાઓ. રામનું સૌભાગ્ય જેવું તારું સૌભાગ્ય છે માટે કોણ તમારા વખાણ ન કરે. ૧૭૬૫.

૪૦. તમારો પુત્ર લાંબા આયુષ્યવાળો થાય અને તમે પણ રાજ્યનું પાલન કરો. મારા વડે આ પરીક્ષા કરાઈ છે. એ પ્રમાણે કહીને તે અદ્રશ્ય થઈ. ૧૭૬૬.

૪૧. એ પ્રમાણે રાજા વિગેરે વડે ન્યાયનું પાલન કરવા યોગ્ય છે. જેથી સર્વ સંપત્તિઓ હાથમાં પ્રાપ્ત થાય. વર્ષાકાળમાં પ્રથમ બે માસમાં પાણીના પ્રવાહ વિના ધાન્ય (ચોખા) શી રીતે થાય ? ૧૭૬૭.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના ચોથા અધિકારમાં દશમો ઉપદેશ છે. ॥

सदाऽपि धर्मः फलदो नृणां मतो, विशेषतः पर्वदिनेषु निर्मितः ।
प्रावृट्पयः सर्वमपीप्सितप्रदं, स्यात् स्वातिजं वारि तु मौक्तिकप्रदम् ।।१।।

प्रायेण बन्धं तु भविष्यदायुषो, वदन्ति यत् पर्वदिने जिनादयः ।
विशिष्य धर्म्मे दृढता विलोक्यते, तस्मिंस्ततः सूर्ययशोनरेन्द्रवत् ।।२।।

अभूदयोध्यापुरि मुख्यचक्रिणः, सुतः कृती सूर्ययशोनरेश्वरः ।
यदीयनाम्ना प्रथितः क्षमातले, श्रीसूर्यवंशोऽतिगरिष्ठविस्तरः ।।१।।

युतः सहस्त्रैर्दशभिः क्षमाभुजां, करोत्यसौ पर्वणि पौषधव्रतम् ।
नाऽश्नन्ति भक्तं शिशवोऽपि तद्दिने, तदाज्ञया किं पुनरास्तिको जनः ? ।।२।।

अथैकदा तद्गुणरञ्जितं शिरो, विधूनयन्तं हरिमुर्वशी जगौ ।
विना निमित्तं किमिदं शिरोधुतं ?, सगौरवं तां प्रति वासवोऽप्यवक् ।।३।।

करोत्ययोध्यापुरि राज्यमूर्ज्जितं, सुश्रावकः सूर्ययशा नरेश्वरः ।
दृष्ट्वा तदीयां व्रतनिश्चलात्मतां, मया शिरोऽकम्प्यत पङ्कजानने ! ।।४।।

श्रुत्वेति सा प्राह मनुष्यमात्रे, स्तुतिं कथं नाथ ! वृथा करोषि ? ।
यः सप्तधातुप्रतिबद्धमत्र-पिण्डेन पुष्टं च वपुर्बिभर्त्ति ।।५।।

स चेत् परीक्षां क्षमते मया कृतां, तदा त्वदुक्तं घटते वृथाऽन्यथा ।
प्रोच्येत्ययोध्यापुरि रम्भया समं, जगाम सा तस्य परीक्षणोत्सुका ।।६।।

"ઉપદેશ-૧૧"

૧. જેમ વર્ષાકાળનું પાણી સર્વ ઈચ્છિતોને પ્રદાન કરનાર થાય, પણ સ્વાતિ નક્ષત્રમાં છીપમાં પડેલ પાણી મોતીને પ્રદાન કરનાર (મોતી) થાય. તેમ ધર્મ હંમેશાં પુરુષોને ફળ આપનાર છે, પણ પર્વ દિવસોમાં કરાયેલ વિશેષ પ્રકારે ફળ આપનાર છે, એમ મનાયેલું છે. ૧૭૬૮.

૨. જે કારણથી પર્વ દિવસોમાં પ્રાયઃ કરીને ભવિષ્યના આયુષ્યનો બંધ થાય. એમ શ્રી જિનેશ્વર પરમાત્મા વગેરે કહે છે. તેથી સૂર્યયશ રાજાની જેમ તે ધર્મમાં વિશેષ પ્રકારે દૃઢતા જોવાય છે. ૧૭૬૯.

૧. અયોધ્યાનગરીમાં મુખ્ય ચક્રવર્તી (ભરત ચક્રવર્તી)નો પુણ્યશાળી પુત્ર સૂર્યયશ નામે રાજા હતો. જેના નામ વડે પૃથ્વીતલમાં ઘણા વિસ્તારવાળા શ્રી સૂર્યવંશ નામે પ્રખ્યાત થયો. ૧૭૭૦.

૨. આ (રાજા) પર્વના દિવસે દશ હજાર રાજાઓની સાથે પૌષધવ્રતને કરે છે તે દિવસે રાજાની આજ્ઞા વિના બાળક પણ ભોજન કરતા નથી. તો વળી આસ્તિક લોકો કેવી રીતે કરે ? ૧૭૭૧.

૩. હવે એક વખત તેના ગુણથી રંગાયેલ મસ્તકને ધૂનાવતા ઈન્દ્રને ઈન્દ્રાણીએ કહ્યું. નિમિત્ત વિના મસ્તકને શા માટે ધૂણાવ્યું ? ઈન્દ્રે પણ ગૌરવસહિત તેણીને કહ્યું. ૧૭૭૨.

૪. અયોધ્યાનગરીમાં સુશ્રાવક સુર્યયશ રાજા વિશાળ રાજ્યને કરે છે. હે કમળ સમાન મુખવાળી ! તેના વ્રતની નિશ્ચલતાને જોઈને મારા વડે મસ્તક ધૂણાવાયું. ૧૭૭૩.

૫. એ પ્રમાણે સાંભળીને તેણીએ કહ્યું. હે નાથ ! મનુષ્યમાત્રની સ્તવના ફોગટ શા માટે કરો છો ? જે સાત ધાતુથી બંધાયેલ અને અન્નના પિંડ વડે પોષણ કરાયેલ શરીરને ધારણ કરે છે. ૧૭૭૪.

૬. જો તે મારા વડે કરાયેલી પરીક્ષામાં સમર્થ થાય તો તમારું કહેલું ઘટે છે અન્યથા નહીં. એ પ્રમાણે કહીને તેની (રાજાની) પરીક્ષા કરવા માટે ઉત્સુક થયેલી તેણી (ઈન્દ્રાણી) રંભાની સાથે ગઈ. ૧૭૭૫.

विधाय वीणां निजपाणिपङ्कजे, शक्रावताराभिधदेवमन्दिरे ।
आगत्य ते द्वे अपि गीतनर्त्तना-ऽऽदिकं विधत्तां जनमोहकारकम् ।।७।।

तदा समीपद्रुमगा विहङ्गमाः, भुजङ्गगोधाहरिणादयोऽपि च ।
तत्रादलीना लिखिता इवाऽश्मसु, स्थितास्तदैकाग्ररता निरेजनाः ।।८।।

इतश्च तस्मिन् पथि स व्रजन् नृपो-ऽश्रौषीत्तयोर्गीतरवान्मनोहरान् ।
सद्योऽभवत्कीलितवच्च तच्छ्रुतेः, कस्याऽथवा गीतरवा न मोहकाः ।।९।।

किमुच्यतेऽन्यद्बहुगन्तुमक्षमा, तदाऽश्वपत्तिप्रमुखा चमूरपि ।
तदाभवत्तन्मयतां गता सती, तत्तादृशं वीक्ष्य चमत्कृतो नृपः ।।१०।।

कार्यद्वयं भावि ममेति बुद्ध्या, तन्मोहितः प्राविशदेष चैत्यम् ।
स्तुत्वा युगादीशजिनं च तत्र, बलानकेऽथोपविवेश भूपः ।।११।।

तयोर्वचःसौधरसं श्रवःपुटैः, पिबन् वपूरूपरमां च लोचनैः ।
निभालयंश्चेतसि बुद्धवान् वरं, पुमर्थमेकं तु तृतीयमेव सः ।।१२।।

कुलादिकं ज्ञातुममात्यमादिश-त्तयोर्नृपः सोऽपि ययौ तदन्तिके ।
एवं च पप्रच्छ कुतः समागते ?, युवां कुलं नाम च किं ? निवेद्यताम् ।।१३।।

एका तयोर्मन्त्रिणमित्यवादी-दावां सुते श्रीमणिचूडनाम्नः ।
विद्याधरेन्द्रस्य सदापि वीणा-विनोदगीतादिषु बद्धकक्षे ।।१४।।

૭. પોતાના હાથરૂપી કમલમાં વીણાને ધારણ કરીને શક્રાવતાર નામના દેવના મંદિરમાં આવીને તે બંનેએ પણ લોકોને મોહ કરાવનાર ગીત નાટક વિગેરેને કર્યું. ૧૭૭૬.

૮. ત્યારે વૃક્ષની સમીપમાં રહેલા પક્ષીઓ, સર્પ, ચંદનઘો અને હરણ વિગેરે તેના નાદમાં લીન થયેલા, તેમાં જ એકાગ્રપણે રત થયેલા, એકાગ્ર બનેલા પથ્થરમાં આલેખેલ હોય તેમ સ્થિર થયા. ૧૭૭૭.

૯. અહીંથી તે માર્ગમાં જતા એવા તે રાજાએ બંનેના (ઈન્દ્રાણી અને રંભાના) મનોહર એવા ગીતોનો અવાજ સાંભળ્યો. તે મનોહર એવા ગીતો સાંભળવાથી તે (રાજા) તત્કાળ કીલિકાની જેમ (સ્થિર) થયો અથવા ગીતનો અવાજ કોને મોહ ન પમાડે ? ૧૭૭૮.

૧૦. ત્યારે બીજું ઘણું શું કહેવાય ? ત્યારે અશ્વ, પાયદળ વિગેરે સેના પણ (તે ગીતોમાં) તન્મયતા (એકાગ્રતાને) ને પામી છતી જવાને માટે અસમર્થ થઈ. તેવા પ્રકારના તેઓને જોઈને રાજા આશ્ચર્ય પામ્યો. ૧૭૭૯.

૧૧. મારે બે કાર્ય થશે એ પ્રમાણેના વિચાર વડે તેમાં મોહ પામેલ આ રાજા મંદિરમાં ગયો અને ત્યાં આદિનાથ પરમાત્માની સ્તુતિ કરીને ત્યાં ઓટલા પર બેઠો. ૧૭૮૦.

૧૨. તે બંનેના (ઈન્દ્રાણી અને રંભાના) વચનરૂપી સુધારસને કાન વડે પીતો અને નેત્રો વડે મનોહર એવા રૂપને નિહાળતો ચિત્તને વિષે બોધ પામ્યો. ખરેખર તે એક ત્રીજો (કામ) પુરુષાર્થ જ છે. ૧૭૮૧.

૧૩. રાજાએ તે બંનેના કુળ વિગેરેને જાણવા માટે મંત્રીને આદેશ કર્યો. તે પણ તેઓની પાસે ગયો અને એ પ્રમાણે પૂછ્યું. તમે બન્ને ક્યાંથી આવી છો ? અને તમારા કુલનું નામ શું છે ? તે આપ જણાવો. ૧૭૮૨.

૧૪. તે બંનેમાં એકે મંત્રીને એ પ્રમાણે કહ્યું. અમે શ્રીમણિચૂડ નામના વિદ્યાધર રાજાની બંને પુત્રીઓ છીએ. હમેશાં વીણા વગાડવામાં ગીત વિગેરેમાં એકાગ્રચિત્તવાળી રહીએ છીએ. ૧૭૮૩.

देये इमे कस्य वरस्य ? नौ पिता, चकार चिन्तामिति यावदात्मना ।
स्वाभीष्टतादृक्षपतेरभावत-श्चिन्ताम्बुधेरेष निवर्त्तितस्तदा ।।१५।।

सीमन्तिनीनां स्ववशः पतिर्यदि, स्यात्तत्सुखं गाढविडम्बनाऽन्यथा ।
सत्तीर्थसेवैव ततो विधीयते, भोगेषु रोगेष्विव नावयोर्मनः ।।१६।।

श्रुत्वेति भूपानुमतेश्च तत्पुरो, वचोऽथ मन्त्री निजगाद सादरम् ।
अयं हि पौत्रो वृषभस्य चक्रिणः, सुतः कलावान्बलवांश्च सद्गुणः ।।१७।।

मया निषेध्यो युवयोर्वचोऽन्यथा-कुर्वन्नयं तत्क्रियतां पतिर्वरः ।
चेच्चेतसो वां रुचिरीदृशः पतिः, न लप्स्यते क्वापि भवान्तरेष्वपि ।।१८।।

अर्थेऽत्र साक्षी जिन एष एव यः, पुरो निविष्टोऽस्ति जनैः परैरलम् ।
इत्यादि गाढाग्रहतः सविस्तरं, तयोरभूत्तेन विवाहमङ्गलम् ।।१९।।

सुखं स ताभ्यां सह भोगजं किय-द्दिनानि भुङ्क्ते स्म तदेकमानसः ।
सहस्रवर्षाऽवधि गङ्गया समं, भोगा न भुक्ता भरतेन किं वा ? ।।२०।।

कल्येऽष्टमीपर्व भविष्यतीत्यहो !, शृण्वन्तु लोकाः ! इति सर्वतः पुरे ।
प्रवाद्यमानः पटहः स्फुटस्वरं, ताभ्यां श्रुतोऽन्येद्युरमन्दखेदकृत् ।।२१।।

अजानतीव क्षितिनाथमुर्वशी, जगौ किमेतत्पटहप्रवादनम् ।
विधीयते नाथ ! जगाद सोऽपि तां, कृशाङ्गि ! पर्वार्थमुपक्रमो ह्ययम् ।।२२।।

૧૫. કયા વરને (પતિને) આ બંને કન્યાઓ આપવા યોગ્ય છે. એ પ્રમાણે અમારા પિતાએ જ્યારે ચિંતા કરી ત્યારે પોતાને ઈચ્છિત તેવા પ્રકારના પતિનો અભાવ હોવાથી ચિંતારૂપી સમુદ્રથી આ (પિતા) દૂર કરાયો. ૧૭૮૪.

૧૬. જો પતિ પોતાને વશ હોય તો સ્ત્રીઓને સુખ હોય અન્યથા અત્યંત દુઃખ હોય. તેથી અમારા વડે સારા તીર્થોની સેવા જ કરાય છે. રોગોની જેમ ભોગોને વિષે અમારું મન નથી. ૧૭૮૫.

૧૭. એ પ્રમાણે સાંભળીને રાજાની અનુમતિથી મંત્રીએ તેમની આગળ આદરપૂર્વક વચન કહ્યું. ખરેખર ઋષભરાજાના પૌત્ર અને ભરતચક્રવર્તીના પુત્ર એવા આ (સૂર્યયશ રાજા) સર્વ કલાઓને જાણનાર, બલવાન અને સારા ગુણોવાળા છે. ૧૭૮૬.

૧૮. તમારા બંનેના વચનને અન્યથા કરતા હું એને અટકાવીશ. માટે આ શ્રેષ્ઠ પતિ કરાય. જો તમારા મનની રૂચિ (ઈચ્છા) હોય તો આવા પ્રકારનો પતિ ભવાંતરમાં પણ તમને ક્યાંય મળશે નહીં. ૧૭૮૭.

૧૯. અહીં સાક્ષી માટે આ જિનેશ્વર પરમાત્મા આપણી સમક્ષ બિરાજમાન છે. બીજા લોકો વડે સર્યું વગેરે અત્યંત આગ્રહથી તે બંનેનું વિવાહમંગલ ઘણા વિસ્તારપૂર્વક થયું. ૧૭૮૮.

૨૦. તેમાં એક મનવાળો તે રાજા તે બંનેની સાથે ભોગોથી ઉત્પન્ન થયેલ સુખને કેટલાક દિવસો પર્યંત ભોગવતો હતો. શું ભરત વડે ગંગાની સાથે હજાર વર્ષ પર્યંત ભોગો ન ભોગવાયા ? ૧૭૮૯.

૨૧. અહો ! હે લોકો ! સાંભળો. આવતીકાલે અષ્ટમી તિથિ છે એ પ્રમાણે એક દિવસ આખા નગરમાં ઉંચા સ્વરે વગાડાતો પડલ તે બંને વડે સંભળાયો. જે અત્યંત ખેદ કરનાર થયો. ૧૭૯૦.

૨૨. અજાણની જેમ (જાણે પોતે ન જાણતી હોય તેમ) ઈન્દ્રાણીએ રાજાને કહ્યું, હે નાથ ! આ પડહને વગાડવાનું શા માટે કરાય છે ? તેણે પણ તેણીને કહ્યું, હે કૃશ અંગવાળી ! પર્વને માટે આ અમારો ઉપક્રમ (વ્યવસ્થા) છે. ૧૭૯૧.

त्रयोदशीसप्तमिकाऽऽदिवासरे, मदाज्ञयाऽसौ पटहः प्रवाद्यते ।
जानन्ति पर्वेतरयोर्विवेचनं, प्रमादपूर्णाः कथमन्यथा जनाः ? ।।२३।।

ममाज्ञया पर्वदिनेऽत्र पौषधं, तुर्यव्रतं ज्ञानतपःक्रियादि च ।
कुर्वन्ति लोकाः प्रतिषेधयन्ति च, स्नानं शिरोगुम्फनखण्डनानि च ।।२४।।

उवाच रम्भाऽपि नरेन्द्र ! यौवनं, सद्भोगयोगः सुखसम्पदादिकम् ।
हार्यन्त एतानि करस्थितान्यपि, त्वया कथं प्रेत्यफलार्थिना मुधा ? ।।२५।।

जगाद भूपोऽपि जिनेन्द्रभाषितं, व्यधायि तातेन महाफलं च यत् ।
पर्वव्रतं तत्कथमेष सुन्दरि !, त्यजाम्यहं स्तोकसुखस्य हेतवे ।।२६।।

येषां न शीलं न तपो न च क्रिया, विवेकवैराग्यमुखा गुणाश्च न ।
तेषां पशूनामिव जन्म निष्फलं, भवेदिहामुत्र तु घोरदुर्गतिः ।।२७।।

अथोर्वशी प्राह जिनेन्द्रसाक्षिकं, स्वजिह्वया यत्प्रतिपन्नमित्यभूत् ।
नोल्लङ्घनीयं युवयोर्मया वच-स्तद्विस्मृतं किं भवताऽपि भूपते ! ।।२८।।

यदीयवाक्ये स्थिरता न विद्यते, धिक् सोऽपि मूर्खः पुरुषेषु गण्यते ।
स्वाधीनभर्तुः कृतये कुलादिकं, त्यक्तं कृतस्त्वं च सुखेप्सया पतिः ।।२९।।

तन्नोभयभ्रष्टतयाऽस्ति मे सुखं, कस्याग्रतो वा परिदेव्यते विभो ! ।
इदं सकृत्ते विहितं परीक्षणं, प्रयातु ते वाग् मम किं प्रयास्यति ? ।।३०।।

૨૩. મારી આજ્ઞાથી આ પટહ તેરસ-સાતમ વગેરે દિવસે વગાડાય છે. નહિતર પ્રમાદથી પૂર્ણ એવા માણસો પર્વતિથિ અને અપર્વતિથિના વિભાગને કેવી રીતે જાણે ? ૧૭૯૨.

૨૪. અહીં મારી આજ્ઞાથી લોકો પર્વ દિવસે પૌષધ, બ્રહ્મચર્યનું પાલન, જ્ઞાન-તપ અને ક્રિયા વગેરે કરે છે અને સ્નાન કરવું, માથું ગૂંથવું, ખાંડવું વિગેરે કાર્યનો ત્યાગ કરે છે. ૧૭૯૩.

૨૫. રંભાએ પણ કહ્યું હે નરેન્દ્ર ! પરભવના ફલના અર્થી એવા તમારા વડે હાથમાં રહેલા પણ આ યૌવન, ભોગોનો યોગ, સુખ-સંપતિ વિગેરેને ફોગટ હારી જવાય છે. ૧૭૯૪.

૨૬. રાજાએ પણ કહ્યું - હે સુંદરી ! જિનેશ્વર પરમાત્મા વડે કહેવાયેલું અને પિતા વડે આચરણ કરાયેલ ઘણા ફલવાળા એવા પર્વતિથિએ પળાતા વ્રતને થોડા સુખની પ્રાપ્તિના હેતુથી શી રીતે ત્યાગ કરું ? ૧૭૯૫.

૨૭. જેઓના જીવનમાં શીલવ્રત નથી, તપ નથી (આવશ્યકાદિ) ક્રિયા નથી. વિવેક વૈરાગ્ય વિગેરે ગુણો નથી. તેઓનો જન્મ પશુઓની જેમ આ લોકમાં નિષ્ફળ હોય છે. પરલોકમાં વળી ઘોર દુર્ગતિ પ્રાપ્ત થાય. ૧૭૯૬.

૨૮. હવે ઈન્દ્રાણીએ કહ્યું. શ્રી જિનેશ્વર પરમાત્માની સાક્ષીપૂર્વક પોતાની જીભ વડે જે સ્વીકારાયેલું હતું તે તમારા બંનેનું વચન મારે ઉલ્લંઘન ન કરવું. હે સજ્જન્ ! તે તમારા વડે શું ભૂલાઈ ગયું ? ૧૭૯૭.

૨૯. જેના વાક્યમાં સ્થિરતા નથી તેને ધિક્કાર છે આવા તે પુરુષોમાં મૂર્ખ ગણાય છે. પોતાને અધીન પતિ થાય તે માટે અમે કુલાદિકનો ત્યાગ કર્યો અને સુખની ઈચ્છા વડે તમે પતિ કરાયા. ૧૭૯૮.

૩૦. હે પ્રભો ! તેથી ઉભય ભ્રષ્ટ થવાથી મને સુખ નથી અથવા કોની આગળ ખેદ કરાય ? આ પ્રમાણે એક વાર તમારી પરીક્ષા કરાઈ. તમારી વાણી નિષ્ફળ થાય એમાં મારું શું જશે ? ૧૭૯૯.

तत्साधयिष्ये मरणं चिताऽनले, प्रविश्य मानोज्झितजीवितेन किम् ? ।
इत्यादि तप्तत्रपुतुल्यतद्वचः, श्रुत्वा नरेन्द्रः पुनरप्युवाच ताम् ।।३१।।

विद्याभृतस्त्वं तनयाऽसि नाऽधमे !, करालचण्डालकुलोद्भवा पुनः ।
कस्तूरिकाया भ्रमतो मयाऽञ्जनं, धत्तूरको वा जगृहे मरुत्तरोः ।।३२।।

गृहाण कोशं वसुधां गृहाण वा-ऽन्यद्वा यदिष्टं तव तत्करोम्यहम् ।
पर्वव्रतं त्याजय मा मम प्रिये !, यल्लोपतो दुर्गतिरेव निश्चितम् ।।३३।।

भूयोऽपि सा प्राह न यस्य विद्यते, वचःप्रतिष्ठा पुरुषधमो हि सः ।
तदीयदानेन महीयसाप्यलं, भूयोऽपि भूपं कपटाङ्गना जगौ ।।३४।।

चेत् पर्वभङ्गो न करिष्यते त्वया, तत्पात्यतां मन्दिरमादिमं प्रभोः ।
शक्रावताराभिधमेतदुन्नतं, श्रुत्वेति वज्राहतवन्नृपोऽभवत् ।।३५।।

मुमूर्च्छ भूमौ सहसा पपात च, क्षणेन चैतन्यमवाप्य सोऽवदत् ।
आः पापिनि ! म्लेच्छकुले सुनिश्चितं, जातासि यत्ते वचनावलीदृशी ।।३६।।

यातां युवां द्वे अपि तन्ममान्तिकात्ससान्त्वनं सा पुनरप्युवाच तम् ।
मद्वाक्यमप्येकमकारि न त्वया, पुनः पुनः किं तव नाथ ! जल्प्यते ।।३७।।

शिरः स्वपुत्रस्य समर्पयाऽथवे-त्युक्ते विना मां न सुतो ममैव तत् ।
गृहाण जल्पन्निति कण्ठमात्मन-श्छिनत्ति यावत्तरवारिणा नृपः ।।३८।।

बभूवतुस्तावदुभे अपि स्फुटे, तस्य प्रशंसामिति चक्रतुः पुनः ।
जय क्षमाधीश्वर ! चक्रिनन्दन !, प्रशान्तसर्वेन्द्रियसङ्गवर्जित ! ।।३९।।

૩૧. અગ્નિની ચિતામાં પ્રવેશ કરીને હું મરણને સાધીશ. માનથી રહિત એવા જીવિત વડે શું ? વગેરે તપાવેલા સીસા (ધાતુ) સમાન તેના વચનો સાંભળીને રાજાએ પણ તેણીને કહ્યું. ૧૮૦૦.

૩૨. હે અધમ ! તમે વિદ્યાધરની પુત્રી નથી, પરંતુ ભયંકર ચંડાલના કુલમાં ઉત્પન્ન થયેલી છો. કસ્તૂરિકાના ભ્રમથી મારા વડે અંજન અથવા મરૂભૂમિના વૃક્ષનો ધતૂરો ગ્રહણ કરાયો. ૧૮૦૧.

૩૩. (ધનના) ભંડારને ગ્રહણ કર અથવા સંપૂર્ણ પૃથ્વીને ગ્રહણ કર. બીજું તને જે ઈચ્છિત છે તે હું કરું છું. હે પ્રિયે ! મારા પર્વવ્રત (પર્વ દિવસે પળાતા વ્રત)નો ત્યાગ ન કરાવ. જેના લોપથી નિશ્ચયે દુર્ગતિ જ છે. ૧૮૦૨.

૩૪. તેણીએ પણ વારંવાર કહ્યું. જેને (પોતાના) વચનની પ્રતિષ્ઠા વિદ્યમાન નથી. ખરેખર તે પુરુષ અધમ છે તેના મોટા દાન વડે પણ શું ? કપટને ધારણ કરનાર પત્ની વડે વારંવાર રાજાને કહેવાયું. ૧૮૦૩.

૩૫. જો તારા વડે પર્વવ્રતનો ભંગ નહીં કરાય તો શ્રી આદિશ્વર પરમાત્મા શક્રાવતાર નામનું ઉંચું મંદિરને પાડી નખાય. એ પ્રમાણે સાંભળીને રાજા વજ્રથી હણાયેલાની જેવો થયો. ૧૮૦૪.

૩૬. રાજા મૂર્ચ્છા પામ્યો અને એકાએક ભૂમિ પર પડ્યો. ક્ષણ માત્રમાં ચૈતન્યને પામીને તેણે કહ્યું. અહો પાપિણી ! તું નિશ્ચયે ચંડાલના કુલમાં ઉત્પન્ન થયેલી છો. જેથી તારાં વચનોની શ્રેણી આવા પ્રકારની છે. ૧૮૦૫.

૩૭. તેથી તમે બંને પણ મારી પાસેથી જાઓ. તેણીએ સાન્ત્વના પૂર્વક તેને કહ્યું. હે નાથ ! મારું એક વાક્ય (પર્વવ્રતનો ભંગ) પણ તમારા વડે ન કરાયું. વારંવાર તમને શું કહેવાય ? ૧૮૦૬.

૩૮. અથવા પોતાના પુત્રનું મસ્તક સમર્પણ કર એ પ્રમાણે કહેતે છતે મારા વિના પુત્ર પણ મારો નથી તેથી મને જ ગ્રહણ કર. એ પ્રમાણે બોલતો તે રાજા જેટલામાં તલવાર વડે પોતાના કંઠને છેદે છે. ૧૮૦૭.

૩૯. તેટલામાં તે બંને પણ પ્રગટ થઈ. વળી તેની આ પ્રમાણે પ્રશંસા કરી. હે ક્ષમાને ધારણ કરવામાં સમર્થ ! હે ચક્રવર્તીના પુત્ર ! શાંત થઈ છે સર્વ ઈન્દ્રિય જેની અને સર્વ સંગથી રહિત ! તમે જય પામો. ૧૮૦૮.

सम्बन्धमावेद्य विधाय पुष्पै-रत्नादिवृष्टिं च दिवं गते उभे ।
नृपोऽपि धर्मं सविशेषमातनोत्, प्राज्यं च साम्राज्यमपालयच्चिरम् ।।४०।।

प्रान्ते च तातवदुपार्जितकेवलश्री-र्मोक्षं जगाम भरताङ्गज एष भूपः ।
एवंच धर्म्मविषये दृढता विधेया, स्यात्सौख्यसम्पदखिलास्ववशा यथा वः ।।४१।।

।। इति श्रीउपदेशसप्ततिकायां चतुर्थेऽधिकारे एकादश उपदेशः ।।११।।

૪૦. સંબંધને જણાવીને પુષ્પ, સુવર્ણ અને રત્ન વગેરેની વૃષ્ટિને કરીને બંને દેવલોકમાં ગઈ. રાજાએ પણ ધર્મને વિશેષ પ્રકારે આચર્યો અને ઘણા સમય સુધી સામ્રાજ્યનું પાલન કર્યું. ૧૮૦૯.

૪૧. અને પિતાની જેમ ઉપાર્જન (પ્રાપ્ત) કરી છે કેવલજ્ઞાનની લક્ષ્મી જેણે ભરતના પુત્ર એવા આ રાજા મોક્ષમાં ગયા. એ પ્રમાણે ધર્મના વિષયમાં દૃઢતા કરવી જોઈએ જે પ્રમાણે તમને સંપૂર્ણ સુખની સંપત્તિઓ પોતાને વશ થાય. ૧૮૧૦.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના ચોથા અધિકારમાં અગ્યારમો ઉપદેશ છે. ॥

आराध्यमानो विधिनैव दत्ते, धर्मः फलं नैव हठे कृतेऽपि ।
न तं विना कामदुधापि दुग्धं, कृतव्ययस्यापि ददौ नृपस्य ।।१।।

यस्तामलिः षष्टिसहस्रवर्षा-वधि स्वरुच्या विदधे तपांसि ।
अल्पं फलं सोऽपि विना विवेका-ल्लेभे ततः किं बहुकष्टयोगैः ? ।।२।।

कूरगडुमुनिर्नित्य-भुक्तिसक्तोऽपि केवलम् ।
लेभे विवेकसाहाय्या-च्छ्रमणैरपि तैर्न तु ।।३।।

अथ प्रागुक्तदृष्टान्तो, भाव्यते पृथिवीपुरे ।
बभूव धनदः श्रेष्ठी, स प्रायो गोरसप्रियः ।।१।।

दधि दुग्धं परान्नं च, भुङ्क्ते भोजयते तथा ।
मित्राणि तेन सञ्जातं, गोधनं तस्य बह्वपि ।।२।।

काचिद्द्रोणदुधा काचि-द्वञ्जुला काऽपि सुव्रता ।
एवं गवांशतान्येष, सञ्जग्राह धनैर्घनैः ।।३।।

अथैकदा यानपात्रे, सौरभेयीः स पञ्चषाः ।
सारा आरोप्य वित्तार्थी, रत्नद्वीपे ययौ क्रमात् ।।४।।

नियन्त्र्य यानपात्राणि, महोदधितटे ततः ।
सुस्थाने स्थापयामास, स्वसार्थं स वणिग्वरः ।।५।।

"ઉપદેશ-૧૨"

૧. વિધિપૂર્વક આરાધેલો ધર્મ જ ફળને આપે છે પરંતુ બલાત્કારે કરાયેલ ધર્મ ફળને આપતો જ નથી. વ્યય કરાયેલ રાજાની કામધેનું (ગાય) પણ વિધિ વિના દૂધને આપતી નથી. ૧૮૧૧.

૨. જે તામલિ તાપસે સાઠ હજાર વર્ષ પર્યંત પોતાની રૂચિ વડે તપોને કર્યા. વિવેક વિના તેણે પણ અલ્પ ફળને મેળવ્યું. તેથી ઘણા કષ્ટના યોગ વડે શું ? ૧૮૧૨.

૩. રોજ ભોજન કરવામાં રક્ત એવા કુરગડુ મુનિએ પણ વિવેકની સહાયથી કેવલજ્ઞાનને પ્રાપ્ત કર્યું પરંતુ તે શ્રમણો વડે ન મેળવાયું. ૧૮૧૩.

૧. હવે પહેલા કહેવાયેલું દૃષ્ટાંત ભાવના કરાય છે. પૃથ્વીપુરમાં ધનદ નામે શ્રેષ્ઠી હતો. પ્રાયઃ તેણે ગોરસપ્રિય હતું. ૧૮૧૪.

૨. તે દહિ, દૂધ અને ખીરને પોતે ખાય છે તેમ જ મિત્રોને ખવરાવે છે તેથી તેને ઘણું ગોધન થયું. ૧૮૧૫.

૩. કેટલીક ગાયો દ્રોણ પ્રમાણ દૂધને આપનારી, કેટલીક સુંદર ગાયો, કેટલીક ગાયો સારા વ્રતવાળી હતી. એ પ્રમાણે એણે ઘણા ધન વડે સેંકડો ગાયોને ગ્રહણ કરી. ૧૮૧૬.

૪. હવે એક વખત ધનનો અર્થી એવો તે શ્રેષ્ઠી સારી પાંચ-છ ગાયોને યાનપાત્રમાં આરોપણ કરીને અનુક્રમે રત્નદ્વીપમાં ગયો. ૧૮૧૭.

૫. ત્યારબાદ સમુદ્રના કિનારે યાનપાત્રોને બાંધીને તે શ્રેષ્ઠીએ પોતાના કાફલાને યોગ્ય સ્થાને સ્થાપન કર્યો. ૧૮૧૮.

सुगन्धिसर्पिःसत्खण्ड-क्षोदयोगगरीयसा ।
परमान्नेन पूर्णानि, स्थालान्यादाय नैकशः ।।६।।

अपूर्वत्वेन तत्रत्य-नृपाय प्राभृतं व्यधात् ।
श्रेष्ठी श्रेष्ठान्यपि त्यक्त्वा, रत्नवृन्दानि लेष्ठुवत् ।।७।।

कणेहत्य तदास्वाद्य, सर्वेन्द्रियसुखप्रदम् ।
आकण्ठं विहितोद्गारः, प्रीतो भूपस्तमब्रवीत् ।।८।।

किमेतदुच्यते श्रेष्ठिन् !, कथं निष्पत्तिरस्य च ।
स्वर्गात् पातालतः किं वा, पीयूषमिदमाहृतम् ।।९।।

परमान्नमिदं देव !, विना भाग्यैर्न लभ्यते ।
दत्ते प्रसन्ना किन्त्वेका, मम कामगवी सदा ।।१०।।

सन्तुष्टः श्रेष्ठिनः शुल्कं, मुमुचे मेदिनीपतिः ।
भूयांश्चाभूत्तस्य लाभः, कुर्वतः क्रयविक्रयम् ।।११।।

स्वपुरं गन्तुकामेना-ऽवसरे स महीपतिः ।
भाषितः स्वपुरं यामि, त्वमनुज्ञां ददासि चेत् ।।१२।।

भूपोऽभ्यधात्कामगवी, याऽस्ति ते परमान्नदा ।
सा मह्यं देहि येन स्या-न्निश्चला प्रीतिरावयोः ।।१३।।

प्रसीद गृह्यतां स्वामिन् !, किं वाच्यमियति प्रभोः ? ।
इत्युक्त्वा तामदात्तस्मै, स्वयं तु स्वपुरं ययौ ।।१४।।

૬. સુગંધી ઘી અને સાકરના ચૂર્ણના યોગથી ઘણા પરમાન્ન વડે (ખીર વડે) પૂર્ણ ભરેલ અનેક થાળીને લઈને - ૧૮૧૯.

૭. શ્રેષ્ઠીએ શ્રેષ્ઠ એવા રત્નોના સમૂહને પણ માટીના ઢેફાની જેમ ત્યાગ કરીને) ત્યાંના રાજાએ પૂર્વે નહિ અનુભવેલ એવું ભેટણું આપ્યું. ૧૮૨૦.

૮. સર્વ ઈન્દ્રિયોને સુખ આપનાર, કર્ણ ભરીને પીને (કર્ણની તૃપ્તિ થાય ત્યાં સુધી), કંઠ સુધી આસ્વાદ કરીને ખુશ થયેલ, કરાયેલ ઉદ્‌ગારવાળા રાજાએ તેને કહ્યું. ૧૮૨૧.

૯. હે શ્રેષ્ઠી ! આ શું કહેવાય ? આની સિદ્ધિ શી રીતે થઈ ? સ્વર્ગમાંથી અથવા પાતાલમાંથી શું અમૃત હરણ કરાયું છે ? ૧૮૨૨.

૧૦. હે દેવ ! ભાગ્ય વિના આ પરમાન્ન મેળવાતું નથી. કિન્તુ પ્રસન્ન એવી મારી એક કામધેનુ ગાય હંમેશાં પરમાન્નને (ખીરને) આપે છે. ૧૮૨૩.

૧૧. સંતુષ્ટ રાજાએ શ્રેષ્ઠીના કરને છોડ્યો. ક્રય-વિક્રય (વેપાર)ને કરતા તેને ઘણો લાભ થયો. ૧૮૨૪.

૧૨. પોતાના નગરમાં જવાની ઈચ્છાવાળા શ્રેષ્ઠી વડે અવસરે (યોગ્ય સમય જાણીને) તે રાજાને કહેવાયું. જો તમે અનુજ્ઞા આપો તો હું પોતાના નગરમાં જાઉં. ૧૮૨૫.

૧૩. રાજાએ કહ્યું પરમાન્નને આપનારી તમારી જે કામધેનું છે તે મને આપ. જેથી આપણા બન્નેની પ્રીતિ નિશ્ચલ રહે. ૧૮૨૬.

૧૪. હે સ્વામી ! કૃપા કરીને ગ્રહણ કરાય. આટલામાં પ્રભુને શું કહેવા યોગ્ય છે ? એ પ્રમાણે કહીને તેને (રાજાને) તે આપી વળી પોતે-પોતાના નગરમાં ગયો. ૧૮૨૭.

अथ कामगवी तेन, स्थापिता वर्यमन्दिरे ।
आराधनविधिस्तस्या, एवमेवं च निर्ममे ।।१५।।

क्रियन्ते विविधाः पूजाः, भोगयोगाश्च नैकशः ।
वीज्यतेश्चामरश्रेणि-र्घ्रियते छत्रसन्ततिः ।।१६।।

दीनाराणां पञ्चशत्या-स्तस्या भोगं नराधिपः ।
करोति कारयत्यन्यै-र्गीतनृत्यादिकोत्सवान् ।।१७।।

मातर्मे परमान्नं च, देहि देहीति भाषते ।
न वेत्ति तदुपायं तु, निविडाऽज्ञानपीडितः ।।१८।।

चारिपानीयशुश्रूषा-विरहेण कियद्दिनैः ।
सा वराकी मृता राजा, निनिन्द स्वं तु पापिनम् ।।१९।।

अहो ! अभाग्यमस्माक-महो ! पापभरो महान् ।
दैवेनोद्दालितं रत्नं, हस्तप्राप्तमपि क्षणात् ।।२०।।

स एवाऽन्येद्युरायातः, श्रेष्ठी तत्र तथैव च ।
नृपाय प्राभृतं चक्रे, तदा भूपस्तमभ्यधात् ।।२१।।

अर्पिता कामधेनुर्या, त्वयाऽस्माकं हितेच्छया ।
परमान्नं तया दत्तं, स्वल्पमप्येकदाऽपि न ।।२२।।

भक्तिप्रकारा नैकेऽपि, कृतास्तस्यास्तदादिभिः ।
परं प्रत्युत्तरं किञ्चि-त्तया दत्तं न जातुचित् ।।२३।।

૧૫. હવે તેના વડે કામધેનુ (ગાય) શ્રેષ્ઠ ઘરમાં સ્થાપન કરાઈ (રખાઈ) અને આ પ્રમાણે તેની આરાધનાની વિધિ કરી. ૧૮૨૮.

૧૬. અનેકવાર વિવિધ પ્રકારની પૂજાઓ અને ભોગોનો યોગ કરાય છે. ચામરની શ્રેણી વીંઝાય છે. છત્રની પરંપરા ધારણ કરાય છે. ૧૮૨૯.

૧૭. રાજા તેણીને પાંચસો સોનામહોરોનો ભોગ આપે છે અને બીજાઓ પાસે ગીત નાટક વિગેરે ઉત્સવોને કરાવે છે. ૧૮૩૦.

૧૮. હે માતા ! મને પરમાન્ન આપ. (ખીર=પરમાન્ન) આપ. એ પ્રમાણે કહે છે પરંતુ અત્યંત અજ્ઞાનથી પીડિત તેના ઉપાયને જાણતો નથી. ૧૮૩૧.

૧૯. તે બિચારી (ગાય) ચારા-પાણીની સેવાના વિરહ વડે કેટલાક દિવસોમાં મરણ પામી. વળી રાજાએ પાપી એવા પોતાની નિંદા કરી. ૧૮૩૨.

૨૦. અહો ! અમારું ભાગ્ય નથી. અહો ! હું ઘણા પાપથી ભરેલો છું. ભાગ્યવડે હાથમાં આવેલ પણ રત્નને ક્ષણમાત્રમાં વિખેરી નખાયું. ૧૮૩૩.

૨૧. એક દિવસ તેજ શ્રેષ્ઠી ત્યાં આવ્યો અને તે પ્રમાણે જ (પહેલાની જેમ જ) રાજાને ભેટણું અર્પણ કર્યું ત્યારે રાજાએ તેને કહ્યું. ૧૮૩૪.

૨૨. અમારા હિતની ઈચ્છા વડે તમારા વડે જે ગાય અર્પણ કરાઈ તેણી વડે (ગાય વડે) એક દિવસ પણ થોડું પણ પરમાન્ન અપાયું નથી. ૧૮૩૫.

૨૩. ત્યારથી માંડીને તેણીની અનેક પ્રકારે ભક્તિ કરાઈ. પરંતુ ક્યારેય તેણી વડે (ગાય વડે) કાંઈ પણ પ્રત્યુત્તર ન અપાયો. ૧૮૩૬.

दूरेऽस्तु परमान्नं त-द्वार्त्तापि न तया कृता ।
किं तत्राऽभाग्यमस्माक-मन्यद्वा कारणान्तरम् ? ।।२४।।

श्रेष्ठी बभाण राजेन्द्र !, तस्याः शुष्कतृणादिकम् ।
दीयते दुह्यते वार-द्वितयं गृह्यते पयः ।।२५।।

तत्पयस्तन्दुलैः सार्द्धं, पच्यते जायते ततः ।
परमान्नमयं तस्य, विधिः किमपरैर्व्ययैः ? ।।२६।।

ज्ञातोपायस्ततो भूपः, परमान्नमपीपचत् ।
तेनाऽभूत् सुखितोऽवादीत्, परेभ्योऽपि विधिं च तम् ।।२७।।

धर्म्मोऽपि विधिनाराद्धः, एवं सौख्यप्रदो भवेत् ।
विना विधिं कृतोऽप्येष, स्यादल्पफलदो नृणाम् ।।२८।।

यतः -

आराधितः पूर्वभवेषु धर्म्मो, यैर्निर्विवेकैश्च विवेकिभिश्च ।
यथा क्रमते विहिते द्वयेऽपि, श्रीपत्तयः श्रीपतयश्च तेन ।।१।।

एवं भो भविकाः !, निपीय विधिना धर्मामृतं तात्त्विकं,
भुक्त्वा मानवदेवसेवितपदाः संसारसौख्यावलीः ।
निष्प्रत्यूहतया प्रयास्यथ शिवं यूयं कुदेवादिकं,
मा तत्र क्षिपतोल्बणं तु गरलं चेद्वो विवेको हृदि ।।२९।।

।। इति श्रीउपदेशसप्ततिकायां चतुर्थेऽधिकारे द्वादश उपदेशः ।।१२।।

इतिश्रीपरमगुरुतपागच्छनायकश्रीसोमसुन्दरसूरिक्रमकमलमरालमहोपाध्याय-
श्रीचारित्ररत्नगणिविनेयपरमाणुपण्डितसोमधर्म्मगणिविरचितायां
श्रीउपदेशसप्ततौ सामान्यधर्माऽधिकारश्चतुर्थः ।।

૨૪. તેણી વડે ખીર તો દૂર રહો (પણ) તેની વાર્તા પણ ન કરાઈ. ત્યાં શું અમારું ભાગ્ય નથી કે બીજું કોઈ કારણ છે. ૧૮૩૭.

૨૫. શ્રેષ્ઠીએ કહ્યું હે રાજેન્દ્ર ! તેણીને સૂકું ઘાસ વિગેરે અપાય, બે વાર દોહવાય અને દૂધ ગ્રહણ કરાય. ૧૮૩૮.

૨૬. તે દૂધને ચોખાની સાથે પકાવાય, ત્યાર બાદ ખીર ઉત્પન્ન થાય છે. તેની વિધિ આ છે. બીજા વ્યય વડે કરીને શું ? ૧૮૩૯.

૨૭. ત્યાર બાદ જાણેલા ઉપાયવાળા રાજાએ ખીર બનાવી. તેથી તે સુખી થયો અને બીજાને પણ તે વિધિને કહી. ૧૮૪૦.

૨૮. એ પ્રમાણે વિધિ વડે આરાધેલ ધર્મ પણ સુખ આપનાર થાય. વિધિ વિના કરાયેલ ધર્મ મનુષ્યને અલ્પ ફળ પ્રદાન કરનાર (આપનાર) થાય. ૧૮૪૧.

જે કારણથી -

૧. વિવેક રહિત અને વિવેકવાળા એવા જે પ્રાણીઓ વડે પૂર્વભવોમાં ધર્મ આરાધાયેલો છે. તે બંને વડે ધર્મ કરાયે છતે (તે ધર્મથી) અનુક્રમે લક્ષ્મીનો સેવક અને લક્ષ્મીનો સ્વામી બને છે. (અર્થાત્ વિવેકરહિત પ્રાણીઓ લક્ષ્મીના સેવક અને વિવેકવાળા લક્ષ્મીના સ્વામી થાય છે.) ૧૮૪૨.

૨૯. એ પ્રમાણે હે પ્રાણીઓ ! તત્ત્વવાળા ધર્મરૂપી અમૃતનું વિધિપૂર્વક પાન કરીને મનુષ્ય અને દેવો વડે સેવાયેલા છે ચરણ જેમના એવી સંસારના સુખની શ્રેણી ભોગવીને વિઘ્નરહિત મોક્ષને પ્રાપ્ત કરો. જો તમારા હૃદયમાં વિવેક હોય તો તમે ઉત્કૃષ્ટ વિષ રૂપી કુદેવાદિકમાં ન ફેંકાઓ. ૧૮૪૩.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના ચોથા અધિકારમાં બારમો ઉપદેશ છે. ॥

॥ એ પ્રમાણે શ્રી પરમગુરુ-તપગચ્છનાયક-શ્રીસોમસુંદરસૂરિના ચરણકમલમાં હંસ સમાન મહોપાધ્યાય શ્રી ચારિત્રરત્નગણિના શિષ્ય પરમાણુરૂપ પંડિત શ્રીસોમધર્મગણિ વિરચિત ઉપદેશ સપ્તતિકા ગ્રંથમાં સામાન્ય ધર્મ રૂપ ચોથો અધિકાર ॥

।। गृहस्थधर्माधिकारः पञ्चमः ।।

"उपदेशः-१"

अथ गृहस्थधर्माऽधिकारः पञ्चमः प्रारभ्यते

श्रीधर्म एव निधिरक्षय एष सौख्य-श्रीणां हितः स्वपरयोश्च भवान्तरेऽपि ।
श्रीधर्मराजचरितं विनिशम्य सम्यक्, कस्तत्र वा शिथिलमादरमातनोति ।।१।।

अस्त्यत्र भरतक्षेत्रे, नगरी सर्वमङ्गला ।
तत्र वित्रासितारातिर्-भूपतिर्भद्रशेखरः ।।१।।

सभामध्यास्त स क्ष्मापः, परिवारयुतोऽन्यदा ।
तदा नैमित्तिकः कोऽपि, प्राप्तस्तत्र त्रिकालवित् ।।२।।

यथोचितासने राज-दापिते स उपाविशत् ।
उदस्य हस्तं सर्वेभ्यः, आशीर्वादमुवाच च ।।३।।

नृपोऽप्राक्षीन्निमित्तज्ञ !, भविष्यद्वद कीदृशम् ? ।
स्वरूपं भावि सोऽप्याह, माऽधुना पृच्छ्यतां प्रभो ! ।।४।।

विशेषतो नृपोऽपृच्छ-दुत्पातः कोऽपि दैवतः ? ।
किं भावी ? सोऽप्यभाषिष्ट, दुर्भिक्षं द्वादशाब्दिकम् ।।५।।

अकाण्डाऽशनिसम्पात-सन्निभं तद्वचो नृपः ।
श्रुत्वा सदुःख इत्याख्यत्, रे ! विमृश्य वचो वद ।।६।।

समक्षं सर्वसभ्यानां, निमित्तज्ञोऽब्रवीत्पुनः ।
मद्भाषितं वृथा स्याच्चे-च्छेद्या जिह्वैव मे तदा ।।७।।

॥ પાંચમો ગૃહસ્થધર્માધિકાર ॥

"ઉપદેશ-૧"

હવે પાંચ ગૃહસ્થધર્મનો અધિકાર શરૂ કરાય છે –

૧. શ્રી જિનેશ્વર પરમાત્માએ પ્રરૂપેલ ધર્મ એ જ સુખ રૂપી લક્ષ્મીનો અખંડ ભંડાર છે, અધર્મ પોતાને અને બીજાને ભવાંતરમાં પણ હિત કરનાર છે. અથવા શ્રી ધર્મરાજાના ચારિત્રને સમ્યક્ પ્રકારે સાંભળીને કોણ માણસ ધર્મ પ્રત્યે શિથિલ આદરને કરે ? ૧૮૪૪.

૧. અહીં ભરતક્ષેત્રમાં સર્વમંગલા નામે નગરી છે. ત્યાં ત્રાસ પમાડ્યો છે શત્રુઓને જેણે એવો ભદ્રશેખર નામે રાજા છે. ૧૮૪૫.

૨. એક વખત પરિવાર સહિત તે રાજા સભામાં બેઠો હતો ત્યારે ત્રણે કાલને જાણનાર એવો કોઈક નિમિત્તજ્ઞ ત્યાં આવ્યો. ૧૮૪૬.

૩. રાજાએ આપેલ યોગ્ય આસન પર તે બેઠો અને ઉંચો હાથ કરીને સર્વને આશીર્વાદ આપ્યા. ૧૮૪૭.

૪. રાજાએ કહ્યું હે નિમિત્તજ્ઞ ! ભવિષ્ય કેવા પ્રકારનું છે ? તું કહે. તેણે (નિમિત્તજ્ઞે) પણ કહ્યું - હે પ્રભો ! મને હમણાં ભાવિના સ્વરૂપને ન પૂછો. ૧૮૪૮.

૫. રાજાએ વિશેષ પ્રકારે પૂછ્યું. શું ભાગ્યથી કોઈ પણ ઉત્પાત થશે ? તેણે પણ બાર વર્ષના દુષ્કાળને કહ્યું. ૧૮૪૯.

૬. રાજાએ અકાળે વિજળી પડવા સમાન તેના વચન સાંભળીને દુઃખપૂર્વક એ પ્રમાણે કહ્યું. અરે ! વિચાર કરીને વચન બોલ. ૧૮૫૦.

૭. સર્વ સભાની સમક્ષ નિમિત્તજ્ઞે ફરીથી કહ્યું. જો મારા વડે કહેવાયેલું નિષ્ફળ થાય તો મારી જીભ કાપવી. ૧૮૫૧.

तत्प्रतिज्ञां दृढामेव, निशम्य क्ष्माभुजाऽपि सः ।
अस्थापि स्वपुरे क्वापि, गन्तुं नैव ददे तथा ।।८।।

सर्व्वादरात् सर्व्वलोकै-श्चक्रे धान्यस्य सङ्ग्रहः ।
स्वकुटुम्बानुमानेन, गत्वा देशान्तरेष्वपि ।।९।।

स्वस्ववित्तान्यनादृत्य, धान्यान्येव तदा जनैः ।
मील्यन्ते स्म यतः प्राणाः, नृणामन्नेषु निष्ठिताः ।।१०।।

अथोष्णकालेऽतिक्रान्ते, प्रवृत्तेऽपि तपात्यये ।
उत्पश्ये सर्व्वलोकेऽपि, वारिदोऽभूदवारिदः ।।११।।

भृशं विव्यथिरे लोकाः, भाविदुर्भिक्षशङ्कया ।
धर्म्मकर्म्मव्यवस्था हि, स्यात्सुभिक्षाऽनुयायिनी ।।१२।।

प्राप्ते तु श्रावणे मासे, द्वितीयादिवसेऽसिते ।
उत्तरस्यामभूदभ्रं लोकाः सम्मुखमैयरुः ।।१३।।

वाद्यानि वादयामासु-र्गीतनृत्यादि तेनिरे ।
आकृष्ट इव तद्भाग्यै-र्ववर्ष जलस्तदा ।।१४।।

आख्यद्भूपो निमित्तज्ञं, त्वद्वचोऽद्य वृथाऽभवत् ।
तत्ते करोमि जिह्वाया-श्छेदं यत्तत्प्रलापिनः ।।१५।।

देव ! किञ्चित्प्रतीक्षस्व, यावन्मिलति कोऽपि मे ।
ज्ञानी मुनिस्तदग्रे य-द्भवेच्छात्रार्थनिर्णयः ।।१६।।

૮. એ પ્રમાણે દૃઢ એવી તે પ્રતિજ્ઞાને સાંભળીને રાજા વડે તે નિમિત્તજ્ઞ પોતાના ગામમાં સ્થાપન કરાયો (રખાયો). પરંતુ ક્યાંય પણ જવા દીધો નહીં. ૧૮૫૨.

૯. સર્વ લોકો વડે પોતાના કુટુંબના અનુમાનથી દેશાંતરમાં પણ જઈને આદરપૂર્વક ધાન્યનો સંગ્રહ કરાયો. ૧૮૫૩.

૧૦. જે કારણથી માણસોના પ્રાણો અન્નને વિષે રહેલા છે તેથી ત્યારે લોકો વડે પોતપોતાના ધનનો અનાદર કરીને ધાન્યો જ એકત્રિત કરાયા. ૧૮૫૪.

૧૧. હવે ઉનાળો પસાર થયે છતે વર્ષાકાળ પ્રવર્તતે છતે સર્વ લોકો પણ ઉંચે જોતે છતે વાદળો પાણીરહિત થયા. ૧૮૫૫.

૧૨. ભવિષ્યમાં દુષ્કાળની શંકા વડે લોકો ઘણા ગભરાયા. ખરેખર ધર્મ કાર્યની વ્યવસ્થા સુકાળને અનુસરનારી હોય છે. ૧૮૫૬.

૧૩. શ્રાવણ વદિ બીજનો દિવસ પ્રાપ્ત થયે છતે ઉત્તર દિશામાં વાદળ થયું. લોકો તે વાદળની સન્મુખ ગયા. ૧૮૫૭.

૧૪. વાજિંત્રો વગડાવ્યા, ગીત-નાટક વગેરે કરાવ્યા. ત્યારે તેમના ભાગ્ય વડે આકૃષ્ટ થયેલાની જેમ વાદળું વરસ્યું. ૧૮૫૮.

૧૫. રાજાએ નિમિત્તજ્ઞને કહ્યું. આજે તારું વચન નિષ્ફલ થયું. તેથી જેમ-તેમ બોલનાર તારી જીભનો હું છેદ કરું છું. ૧૮૫૯.

૧૬. હે દેવ ! કંઈક પ્રતીક્ષા કરો. જો મને કોઈ જ્ઞાની મુનિ મળે તો તેમની આગળ શાસ્ત્રના અર્થનો નિર્ણય થાય. ૧૮૬૦.

कृषिः कृषीबलैः कर्त्तु-मारेभे मुदिताशयैः ।
क्षेत्रेषु बीजान्युप्तानि, सुपात्रेष्विव धार्मिकैः ।।१७।।

अन्यवर्षीयनिष्पत्ते-र्निष्पत्तिर्द्विगुणाऽभवत् ।
तस्मिन्वर्षे नृपोऽप्यासी-त्सपौरो बहुलर्द्धिकः ।।१८।।

निवृत्ते कार्त्तिके मासे, हेमन्तसमयेऽन्यदा ।
आययुः केचिदाचार्याः, केवलज्ञानशालिनः ।।१९।।

सदैवज्ञः सपौरस्ता-न्वन्दितुं नृपतिर्गतः ।
नैमित्तिकोक्त्यलीकत्व-हेतुं पप्रच्छ तं च सः ।।२०।।

अवोचन्सूरयो राजन् !, अत्रैव तव पत्तने ।
धनदत्त इति श्रेष्ठी, तस्य भार्या धनेश्वरी ।।२१।।

तयोरन्येद्युरुत्पन्नः, सुतः सर्वसुखावहः ।
यस्य प्रभावतो वृष्टो, मेघो युष्मादृशां मुदे ।।२२।।

अयं हि प्राग्भवे रङ्को, भिक्षावृत्तिरभूत् क्वचित् ।
दृष्ट्वाऽन्यदा मुनिं कञ्चि-द्ववन्दे हर्षपूरितः ।।२३।।

गृहाण नियमान्कांश्चि-दिति तं संयतो जगौ ।
अन्यथाऽपि तवेदानीं, सम्पत्तिर्नास्ति तादृशी ।।२४।।

ततस्तदन्तिके देवनत्यादीन्नियमानसौ ।
प्रतिपेदे क्रमाद्भाग्यैः, सोऽपि जातो महर्द्धिकः ।।२५।।

૧૭. આનંદિત મનવાળા ખેડૂતો વડે ખેતી કરવા માટે આરંભ કરાયો. ધાર્મિક વ્યક્તિઓ વડે જેમ સુપાત્રમાં તેમ (ખેડૂતો વડે) ખેતરોમાં બીજ વવાયા. ૧૮૬૧.

૧૮. બીજા વર્ષોની (ધાન્યની) ઉત્પત્તિ કરતાં તે વર્ષે ધાન્યની ઉત્પત્તિ બે ગુણી થઈ. રાજા અને નગરના લોકો ઘણા ઋદ્ધિવાળા થયા. ૧૮૬૨.

૧૯. કાર્તિક માસ પૂર્ણ થયે છતે શીતઋતુમાં એક વખત કેવલજ્ઞાનને ધારણ કરનારા કોઈક આચાર્ય ભગવંત પધાર્યા. ૧૮૬૩.

૨૦. નૈમિત્તિક સહિત, નગરજનો સહિત રાજા તેમને વંદન કરવા માટે ગયો અને તેણે તેમને નૈમિતિકે કહેલું વચન ખોટું પડવાનું કારણ પૂછ્યું. ૧૮૬૪.

૨૧. આચાર્ય ભગવંતે કહ્યું હે રાજન્ ! અહીં જ તમારા નગરમાં ધનદત્ત નામે શ્રેષ્ઠી છે તેની ધનેશ્વરી નામે પત્ની છે. ૧૮૬૫.

૨૨. એક દિવસ તે બંનેને સર્વ સુખોને આપનાર પુત્ર ઉત્પન્ન થયો. જેના પ્રભાવથી તમારા જેવાના આનંદને માટે મેઘ વરસ્યો. ૧૮૬૬.

૨૩. ખરેખર આ પૂર્વભવમાં ભિક્ષા માગીને આજીવિકા ચલાવનાર કોઈ ગરીબ હતો. એક વખત કોઈક મુનિ ભગવંતને જોઈને હર્ષથી પૂર્ણ તેણે વંદન કર્યું. ૧૮૬૭.

૨૪. કેટલાક નિયમોને ગ્રહણ કર. એ પ્રમાણે મુનિ ભગવંતે તેને કહ્યું. બીજી રીતે પણ તારી પાસે તેવા પ્રકારની સંપત્તિ નથી. ૧૮૬૮.

૨૫. ત્યાર બાદ ગરીબ માણસે તેમની પાસે પરમાત્માને નમસ્કાર કરવા વિગેરે નિયમોને સ્વીકાર કર્યા. અનુક્રમે ભાગ્ય વડે તે પણ ઘણી ઋદ્ધિવાળો થયો. ૧૮૬૯.

प्राच्यावस्थां निजां तेन, स्मरता हृदि मण्डिताः ।
सज्जीकृतान्नपानाद्याः, सत्रगेहाः पदे पदे ।।२६।।

रङ्कादारभ्य भूपान्तं, मनुष्यान् लक्षसम्मितान् ।
तदा सन्तोषयामास, साधूंश्चापि सहस्रशः ।।२७।।

दानपुण्यमखण्डं त-ज्जीवितावधि स व्यधात् ।
भवेऽत्र तदसौ जातः, आधारः सर्वभूस्पृशाम् ।।२८।।

दुर्भिक्षमभविष्यच्चे-ज्जातो नाऽभूदयं शिशुः ।
यदेषमोऽन्यदेशेषु, स्तोका एवाभवन् घनाः ।।२९।।

अतो नैमित्तिकः सत्य-स्त्वमेतं माऽवहीलय ।
श्रुत्वेति विस्मितो राजा, सूरीन्नत्वा गतो गृहम् ।।३०।।

आनाय्य बालकं चक्रे, तमेव नृपतिं नृपः ।
औचित्याऽऽचरणे सन्तः, किं मुह्यन्ति कदाचन ? ।।३१।।

यस्याऽऽधारे प्रवर्त्तन्ते, प्रजाः सौख्यसमृद्धिभिः ।
स एव कीर्त्यते राजा, इति स्मृतिवचो यतः ।।३२।।

धर्म्मराज इति प्रत्त-नामा भूपमुखैर्जनैः ।
स बालोऽप्यभवद्राजा, बालार्क इव तेजसा ।।३३।।

तदाज्ञा यत्र देशेऽभूत्, दुर्भिक्षं तत्र नाऽभवत् ।
विक्रीयाऽन्येषु देशेषु, धान्यानि द्युम्नमर्जितम् ।।३४।।

एवं स धर्म्मप्रवणः प्रभावनां, चक्रे चिरं श्रीजिनराजशासने ।
प्रान्ते परिव्रज्य तपोभिरुत्कटैः, स मोक्षसौख्यं समवाप भूपतिः ।।३५।।

।। इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारे प्रथम उपदेशः ।।१।।

૨૬. પોતાની પૂર્વ અવસ્થાને સ્મરણ કરતા તેના વડે પગલે પગલે અન્નપાન વિગેરેથી તૈયાર કરેલી ભોજનશાળા શોભાવાઈ. ૧૮૭૦.

૨૭. ત્યારે રંકથી માંડીને રાજા પર્યંત લાખો લોકોને અને હજારો સાધુઓને પણ સંતોષ આપ્યો. ૧૮૭૧.

૨૮. તેણે જીવન પર્યંત અખંડ દાન અને પુણ્ય કર્યા. અહીં આ ભવમાં આ સર્વ પ્રાણીઓનો આધાર થયો. ૧૮૭૨.

૨૯. જો આ બાલક ન થયો હોત તો દુષ્કાળ થાત. આ દુષ્કાળ બીજા દેશોમાં છે. કારણ કે જ્યાં થોડા વાદળા થયા છે. ૧૮૭૩.

૩૦. એ કારણથી નૈમિતિકે સત્ય કહ્યું છે. તું આનું અપમાન (અનાદર) ન કર. એ પ્રમાણે સાંભળીને વિસ્મય પામેલ રાજા આચાર્યને નમસ્કાર કરીને ઘરે ગયો. ૧૮૭૪.

૩૧. રાજાએ તે જ બાળકને બોલાવીને રાજા બનાવ્યો. શું સજ્જન પુરુષો ઔચિત્યનું પાલન કરવામાં ક્યારેય મુંઝાય ? ૧૮૭૫.

૩૨. જેના આધારે પ્રજા સુખ સમૃદ્ધિપૂર્વક રહે છે તે જ રાજા કહેવાય. જે કારણથી સ્મૃતિ ગ્રંથનું વચન એ પ્રમાણે છે. ૧૮૭૬.

૩૩. રાજા વગેરે લોકો વડે ધર્મરાજા એ પ્રમાણે નામ અપાયું. તે બાળક પણ તેજ વડે નવા ઉગેલા સૂર્યની જેવો થયો. ૧૮૭૭.

૩૪. તે રાજાની આજ્ઞા જે દેશમાં હતી ત્યાં દુષ્કાળ ન હતો. અન્ય દેશોમાં ધાન્યોને વેચીને ધન એકઠું કરાયું. ૧૮૭૮.

૩૫. એ પ્રમાણે ધર્મ કરવામાં તત્પર એવા તેણે શ્રી જિનેશ્વર પરમાત્માના શાસનમાં લાંબા કાળ સુધી પ્રભાવના કરી. અંતે પ્રવ્રજ્યા ગ્રહણ કરીને ઉત્કટ તપો વડે તે રાજાએ મોક્ષના સુખને પ્રાપ્ત કર્યું. ૧૮૭૯.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પાંચમા અધિકારમાં પ્રથમ ઉપદેશ છે. ॥

"उपदेशः-२"

साम्राज्यमारोग्यमनेकसम्पदः, प्रधानरूपं शुभमायुरायतम् ।
जीवाऽनुकम्पा परचेतसां नृणां, भवे भवे स्युः किमिहोच्यते बहु ।।१।।

वेदे पुराणे स्मृतिषु प्ररूप्यते, यस्याः प्रधानत्वमनेककोविदैः ।
विशिष्य तु श्रेष्ठतमे जिनागमे, कस्को न तां जीवदयां हि मन्यते ? ।।२।।

श्रूयते हि कपोतेन, शत्रुरप्यात्ममन्दिरे ।
प्राप्तो निमन्त्रितः स्वीय-मांसैः सदयचेतसा ।।३।।

कपोतदम्पती क्वापि, कानने कान्तपादपे ।
निवासं कुरुतः काम-मन्योऽन्यमनुरागिणौ ।।१।।

वने तत्राऽन्यदा कोऽपि, ज्ञानी साधुः समाययौ ।
लाभं ज्ञात्वा तयोरग्रे, स चक्रे धर्म्मदेशनाम् ।।२।।

श्रुत्वा तस्य मुनेर्वाक्यं, तत्कपोतयुगं तदा ।
तन्वद्यथोचितं धर्म्मं, समया कुरुते क्रमात् ।।३।।

माघमासेऽन्यदा तत्र, लुब्धकः कश्चिदाययौ ।
कृतान्ततुल्यः क्रूरात्मा, सपाशो हस्तपञ्जरः ।।४।।

स्थाने स्थाने च कुर्वाणः, स पापी पक्षिबन्धनम् ।
आयातस्तत्र यत्रास्ति, तत्कपोतयुगं मुदा ।।५।।

"ઉપદેશ-૨"

૧. સામ્રાજ્ય, આરોગ્ય, અનેક પ્રકારની સંપત્તિઓ, સુંદર રૂપ, સારું દીર્ઘ આયુષ્ય, જીવોની દયા ઉત્તમ મનવાળા મનુષ્યોને દરેક ભવમાં હોય. અહીં વધારે શું કહેવાય ? ૧૮૮૦.

૨. જેનું પ્રધાનપણું અનેકજ્ઞાની ભગવંતો વડે વેદમાં, પુરાણમાં સ્મૃતિમાં વળી વિશેષ પ્રકારે શ્રેષ્ઠતમ એવા શ્રી જિનેશ્વર પરમાત્માના આગમમાં (શાસ્ત્રમાં) પ્રરૂપિત કરાયેલું છે, તે જીવદયાને કોણ કોણ માન્ય ન કરે ? ૧૮૮૧.

૩. ખરેખર સંભળાય છે કે દયાળુ ચિત્તવાળા કબૂતર વડે પોતાના ઘરમાં આવેલો શત્રુ પણ પોતાના માંસ વડે નિમંત્રિત કરાયો. ૧૮૮૨.

૧. જંગલમાં ક્યાંક સુંદર વૃક્ષને વિષે ઈચ્છા મુજબ પરસ્પર અનુરાગી કબૂતર દંપતિ નિવાસ કરે છે. ૧૮૮૩.

૨. એક વખત ત્યાં વનમાં કોઈક જ્ઞાની સાધુ પધાર્યા. તેમણે લાભને જાણીને તે બંનેની સમક્ષ ધર્મદેશનાને કરી. ૧૮૮૪.

૩. તે મુનિ ભગવંતના વાક્યને સાંભળીને ત્યારે તે કબૂતર યુગલ અનુક્રમે વચ્ચે-વચ્ચે યથોચિત થોડો ધર્મ કરે છે. ૧૮૮૫.

૪. એક વખત ત્યાં (વનમાં) માહ મહિને યમરાજાની સમાન ક્રૂર, જાળ સહિત, હાથમાં પાંજરાવાળો કોઈક શિકારી આવ્યો. ૧૮૮૬.

૫. પાપી એવો તે દરેક સ્થાને પક્ષીઓના બંધનને કરતો આનંદ વડે જ્યાં કબૂતર યુગલ છે ત્યાં આવ્યો. ૧૮૮૭.

स्वप्राणवृत्तिं कुर्वाणा, कपोती तेन पापिना ।
निबध्य पञ्जरे क्षिप्ता, किमकृत्यं न पापिनाम् ? ।।६।।

इतश्च हिमसंसिक्त-सवातजलवृष्टिभिः ।
वेपमानवपुर्व्याधः, सायं तं वृक्षमाश्रितः ।।७।।

असह्यस्फीतशीतेन, व्याप्यमानवपुः क्रमात् ।
मूर्च्छामतुच्छां स प्राप-दहो ! पापफलं महत् ।।८।।

कपोती पञ्जरान्तस्था, वृक्षकोटरगं तदा ।
कपोतं स्वप्रियं प्राह, ममैकं त्वं वचः शृणु ।।९।।

एष शाकुनिकः शेते, तवाऽऽवासं समाश्रितः ।
शीतार्त्तश्च क्षुधार्त्तश्च, तदस्मै हितमाचर ।।१०।।

मत्प्रियाऽनेन बद्धेति, मा चाऽस्मै त्वं रुषं कृथाः ।
स्वकृतैरेव बद्धाहं, प्राक्तनैः कर्ममर्मभिः ।।११।।

दारिद्र्यरोगदुःखानि, बन्धनव्यसनानि च ।
आत्माऽपराधवृक्षस्य, फलान्येतानि देहिनाम् ।।१२।।

ततस्त्वं द्वेषमुत्सृज्य, मद्बन्धनसमुद्भवम् ।
धर्म्मे मनः स्थिरं कृत्वा, जीवयैनं च भोजय ।।१३।।

अग्निस्थाने ततो गत्वा, ज्वलत्काष्ठतृणादिकम् ।
निजशक्त्यनुमानेन, चञ्च्वाऽऽदाय स सत्वरं ।।१४।।

૬. ચણને ચણતી (પોતાના પ્રાણોની વૃત્તિને કરતી) કબૂતરી તે પાપી વડે બાંધીને પાંજરામાં ફેંકાઈ. પાપીઓને કયું અકાર્ય ન હોય ? ૧૮૮૮.

૭. અહીં હિમથી યુક્ત, પવન સહિત જલની વૃષ્ટિ વડે ધ્રૂજતા શરીરવાળા શિકારીએ સંધ્યાકાળે તે વૃક્ષનો આશ્રય કર્યો. ૧૮૮૯.

૮. અસહ્ય અને ઘણી ઠંડી વડે ધ્રૂજતા શરીરવાળો તે શિકારી અનુક્રમે અત્યંત મૂર્છા પામ્યો. અહો ! પાપનું ફલ મોટું (મહાન) હોય છે. ૧૮૯૦.

૯. ત્યારે વૃક્ષના કોટરમાં રહેલ પાંજરાની અંદર રહેલી કબૂતરીએ પોતાના પ્રિય કબૂતરને કહ્યું "તમે મારું એક વચન સાંભળો." ૧૮૯૧.

૧૦. ઠંડી વડે પીડાતો અને ભૂખ વડે પીડાતો તમારા આવાસનો આશ્રય કરેલ આ શિકારી સૂતો છે. તેનું હિત કર. ૧૮૯૨.

૧૧. મારી પ્રિયા આના વડે બંધાયેલી છે એ પ્રમાણે તું આની પ્રત્યે રોષ ન કર. પૂર્વે મેં કરેલા કર્મોના મર્મો વડે હું બંધાઈ છું. ૧૮૯૩.

૧૨. પ્રાણીઓને દારિદ્ર, રોગ, દુઃખ, બંધન અને વ્યસન આ આત્માના અપરાધ રૂપી વૃક્ષનાં ફળો છે. ૧૮૯૪.

૧૩. તેથી તું મારા બંધનથી ઉત્પન્ન થયેલ દ્વેષને છોડી દઈને ધર્મમાં મનને સ્થિર કરીને જીવાડ અને ભોજન કરાવ. ૧૮૯૫.

૧૪. ત્યાર બાદ અગ્નિના સ્થાને જઈને બળતા એવા લાકડા-ઘાસ વગેરેને પોતાની શક્તિના અનુમાનથી ચાંચ વડે ગ્રહણ કરીને તે જલ્દીથી -૧૮૯૬.

तत्र प्राप्तः स यत्राऽस्ति, लुब्धकः शीतमूर्च्छितः ।
ततः शुष्केषु पर्ण्णेषु, तमाशु समदीपयत् ।।१५।।

तापयस्वाऽत्र विश्रब्धं, स्वाङ्गनीत्याह लुब्धकम् ।
पक्षिणामप्यहो ! लोको-त्तरा काऽप्युपकारधीः ।।१६।।

किञ्चिदुत्पन्नचैतन्यं, कपोतो व्याधमब्रवीत् ।
न मेऽस्ति विभवः कश्चि-द्येन ते नाशये क्षुधम् ।।१७।।

सहस्रम्भरयः केचि-त्कश्चिल्लक्षम्भरिर्नरः ।
मम त्वकृतपुण्यस्य, क्षुद्रस्याऽऽत्माऽपि दुर्भरः ।।१८।।

एकस्याऽप्यतिथेर्भोज्यं, प्रदातुं क्षमते न यः ।
तस्याऽनेकपरिक्लेशे, गृहे किं वसतः फलम् ? ।।१९।।

तत्तथा साधयाम्येत-च्छरीरं दुःखजीवितम् ।
यथा भूयो न वक्ष्यामि, नास्तीत्यर्थिसमागमे ।।२०।।

गृहाण त्वं मदीयं च, भटित्रीभूतमामिषम् ।
इत्युक्त्वाऽग्नौ पपातैष, भस्मसाच्च क्षणादभूत् ।।२१।।

लुब्धकोऽपि तदा दध्यौ, कोप्ययं करुणापरः ।
कपोतो योऽग्निसाच्चक्रे, स्वकायं मत्कृते हहा ! ।।२२।।

यः करोति नरः पापं, न तस्याऽऽत्मा ध्रुवं प्रियः ।
आत्मना हि कृतं पापमात्मनैव हि भुज्यते ।।२३।।

૧૫. જ્યાં ઠંડી વડે મૂર્છા પામેલ તે શિકારી છે ત્યાં આવ્યો ત્યાર બાદ સૂકા પાંદડાઓમાં અગ્નિને સળગાવ્યો. ૧૮૯૭.

૧૬. અહીં વિશ્વાસ પામેલ શિકારીને એ પ્રમાણે કહ્યું. તું તારા અંગોને તપાવ. અહો ! પક્ષીઓની પણ ઉપકાર કરવાની બુદ્ધિ લોકોત્તર હોય છે. ૧૮૯૮.

૧૭. કબૂતરે કંઈક ઉત્પન્ન થયું છે ચૈતન્ય જેને એવા તે શિકારીને કહ્યું. મારે કાંઈ વૈભવ નથી કે જેનાથી હું તારી ભૂખને દૂર કરું. ૧૮૯૯.

૧૮. કેટલાક લોકો હજારો જીવોના પેટને ભરનાર હોય. કેટલાક લાખો જીવોના પેટને ભરનાર હોય. વળી પૂર્વે બાંધ્યું નથી પુણ્ય એવા ક્ષુદ્ર મારું પેટ પણ દુઃખે ભરી શકાય છે. ૧૯૦૦.

૧૯. જે એક પણ અતિથિને ભોજન આપવા માટે સમર્થ નથી. અનેક કષ્ટ રૂપી ઘરમાં વસતા તેને શું ફળ ? ૧૯૦૧.

૨૦. દુઃખપૂર્વક જીવિતવાળા આ શરીરને હું એ પ્રમાણે સાધીશ કે જેથી ફરીથી અર્થીનો સમાગમ થાય ત્યારે 'મારી પાસે કાંઈ નથી' એ પ્રમાણે કહીશ નહિ. ૧૯૦૨.

૨૧. મારા સેકાયેલા માંસને તું ગ્રહણ કર એ પ્રમાણે કહીને એ કબૂતર અગ્નિમાં પડ્યો અને ક્ષણમાત્રમાં ભસ્મસાત્ થયો. ૧૯૦૩.

૨૨. ત્યારે આ શિકારીએ પણ વિચાર્યું કે આ કરૂણામાં તત્પર એવા આ કોઈ કબૂતરે પોતાની કાયાને મારા માટે અગ્નિસાત્ કરી. ૧૯૦૪.

૨૩. જે માણસ પાપને કરે છે તેને નિશ્ચયે પોતાનો આત્મા પ્રિય નથી. ખરેખર આત્મા વડે કરેલ પાપ આત્માવડે જ ભોગવાય છે. ૧૯૦૫.

ममाऽप्यहो ! नृशंसस्य, प्रतिबोधः प्रकाशितः ।
कपोतेन स्वमांसानि, ददानेन महात्मना ।।२४।।

निष्कारुण्येष्वहं मौलि-रयं च सदयात्मसु ।
ध्यात्वेति भग्नवानेष, पञ्जरं पापमन्दिरम् ।।२५।।

कपोतीं तां विमुच्यैष, वराकीमात्ममन्दिरे ।
गत्वा कुटुम्बं व्युत्सृज्य, तापसव्रतमग्रहीत् ।।२६।।

तप्यमानस्तपस्तीव्रं, दवादप्यन्यदा वने ।
अभीतः प्रतिमास्थोऽसौ, तद्दग्धो मृत्युमाप्तवान् ।।२७।।

कपोत्यपि कपोतेन, वियुक्ता विरता भवे ।
दयाधर्मरता काले, प्राप प्रेतपतेर्गृहम् ।।२८।।

एवं त्रयोऽपि ते जीवाः, दयाधर्म्मपरायणाः ।
दिवि देवा अजायन्त, पश्यताऽहो ! दयाफलम् ।।२९।।

इति पौराणिकः सोऽयं, सम्बन्धो लिखितो मया ।
अनुकम्पा ततः कार्या, सर्वैः सर्वेषु जन्तुषु ।।३०।।

।। इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारे द्वितीय उपदेशः ।।२।।

૨૪. અહો ! મહાત્મા કબૂતર વડે પોતાનું માંસ આપવા વડે ક્રૂર એવા મને પણ પ્રતિબોધ કરાયો. ૧૯૦૬.

૨૫. કરૂણા રહિતમાં હું મુગટ સમાન છું અને દયાળુઓમાં આ મુગટ સમાન છે. એ પ્રમાણે વિચારીને પાપના ઘર સમાન પાંજરાને એણે ભાંગ્યું. ૧૯૦૭.

૨૬. તે બિચારી કબૂતરીને મુક્ત કરીને એણે પોતાના ઘરે જઈને કુટુંબનો ત્યાગ કરીને તાપસ વ્રતને ગ્રહણ કર્યું. ૧૯૦૮.

૨૭. એક વખત દાવાનલથી પણ તીવ્ર તપને તપતા નિર્ભય થઈને પ્રતિમામાં રહેલ આ (તાપસ) તેનાથી બળેલ મૃત્યુ પામ્યો. ૧૯૦૯.

૨૮. તે ભવમાં કબૂતરના વિયોગ વડે વૈરાગ્યપામેલી દયા ધર્મમાં રક્ત એવી તે કબૂતરી અમુક કાળે યમરાજાના ઘરમાં ગઈ. (મરણ પામી.) ૧૯૧૦.

૨૯. એ પ્રમાણે દયા ધર્મમાં પરાયણ એવા તે ત્રણ જીવો પણ દેવલોકમાં દેવ થયા. અહો ! દયાના ફળને જુઓ. ૧૯૧૧.

૩૦. એ પ્રમાણે પુરાણમાં કહેલ આ સંબંધ મારા વડે લખાયો. તેથી સર્વ લોકોએ સર્વ પ્રાણીઓને વિષે દયા (અનુકમ્પા) ધારણ કરવી જોઈએ. ૧૯૧૨.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પાંચમા અધિકારમાં બીજો ઉપદેશ છે.

"उपदेशः-३"

यस्याऽस्ति धर्म्मे दृढता पराभवं, न व्यन्तराद्या अपि तेषु कुर्वते ।
देवी च देवश्च वणिग्वरेण, न वञ्चितौ किं निजशुद्धबुद्ध्या ? ।।१।।

अभूद्देवपुरे श्रेष्ठी, कुलानन्दः कुलोत्तमः ।
जिनधर्म्मदृढः कोटी-ध्वजोक्षोभ्यः सुरैरपि ।।१।।

पुत्राऽभावात् परं किञ्चित्सचिन्तं तं जनाः जगुः ।
पुराऽधिष्ठायिका सत्य-प्रत्यया वर्त्तते सुरी ।।२।।

किं नोपयाचितं तस्याः ?, मन्यते किं धनैर्घनैः ? ।
इत्यादि लोकैरुक्तोऽपि, श्रेष्ठी तु प्रति वक्ति तान् ।।३।।

भो मूर्खाः ! एकशो भक्ति-र्यक्षादीनां क्रियेत चेत् ।
पुनः पुनस्तदीप्सायां, तेषां किं सुखमात्मनः ? ।।४।।

यतः -

"वेसाण वंदिआण य, माहणडुंबाण जक्खरक्खाणं ।
भत्ता भक्खट्ठाणं, विरयाणं जंति दूरेण ।।१।।"

इत्यादि तत्त्ववार्त्ताभि-र्दृढीकुर्वन्निजं मनः ।
जनैः प्रभूतैरुक्तोऽपि, सम्यक्त्वे निश्चलोऽभवत् ।।५।।

पत्नी तु मुग्धभावेन, श्रुत्वा तल्लोकभाषितम् ।
देवीभवनमागत्य, स भक्त्यैवं वचो जगौ ।।६।।

मातर्मे त्वत्प्रसादेन, तनयो भविता यदि ।
लक्षत्रयमयीं पूजां, ढौकयिष्यामि ते तदा ।।७।।

"ઉપદેશ-૩"

૧. જેની ધર્મને વિષે દઢતા છે તેઓને વિષે વ્યંતર વગેરે પણ પરાભવ પમાડતા નથી. શું પોતાની શુદ્ધ બુદ્ધિ દ્વારા શ્રેષ્ઠ વેપારી વડે દેવ અને દેવી ન ઠગાયાં ? ૧૯૧૩.

૧. દેવપુર નગરમાં ઉત્તમ કુલવાળો, જિનેશ્વર પરમાત્માના ધર્મમાં દઢ શ્રદ્ધાવાળો, કરોડની ધ્વજાવાળો (જેની પાસે એક કરોડ રૂપિયા હોય તે) દેવતાઓ વડે પણ ક્ષોભ પમાડવા માટે અસમર્થ એવો કુલાનંદ નામે શ્રેષ્ઠી હતો. ૧૯૧૪.

૨. પુત્રના અભાવથી કંઈક ચિંતાવાળા તેને (કુલાનંદ શ્રેષ્ઠિને) લોકોએ કહ્યું. સત્ય ખાતરીવાળી નગરની અધિષ્ઠાયિકા દેવી વર્તે છે. ૧૯૧૫.

૩. તેની (દેવી) પાસે શું ન મંગાય ? ઘણા ધન વડે કરીને શું મનાય ? વિગેરે લોકો વડે કહેવાયેલા શ્રેષ્ઠિએ પણ તેઓની પ્રતિ કહ્યું. ૧૯૧૬.

૪. અરે મૂર્ખો ! જો એક વાર યક્ષ વિગેરેની ભક્તિ કરાય તો ફરી ફરીને તેની ઈચ્છામાં તેઓને આત્માનું સુખ શું ? ૧૯૧૭.

જે કારણથી -

૧. વેશ્યા, ભાટચારણ, માહણ, ડુંબ, યક્ષ અને રાક્ષસને એમના ભક્તો એમના ભક્ષણનું સ્થાન થાય છે અને વિરક્ત આત્માઓ તેમનાથી દૂર જાય છે. ૧૯૧૮.

૫. વગેરે તત્ત્વની વાર્તા વડે પોતાનું મન દઢ કરતો ઘણા લોકો વડે કહેવાયે છતે પણ સમ્યક્ત્વમાં નિશ્ચલ થયો. ૧૯૧૯.

૬. વળી પત્ની સરલ સ્વભાવવાળી હોવાથી તે (બીજા) લોકોએ કહેલ (વચન) સાંભળીને દેવીના ભવનમાં આવીને તેણે ભક્તિથી એ પ્રમાણે વચન કહ્યું. ૧૯૨૦.

૭. હે માતા ! તારી કૃપાથી જો મારે પુત્ર થશે તો હું તારી ત્રણ લાખ વાળી પૂજા કરીશ. ૧૯૨૧.

क्रमेण तनये जाते, भर्त्तुस्तदुपयाचितम् ।
तयोक्तं तद्वचो मेने, सोऽपि तस्याः कदाग्रहात् ।।८।।

श्रेष्ठी त्रिलक्षनिष्पन्न-सौवर्णकुसुमत्रयम् ।
निर्म्माप्य रत्नजटितं, सपौरः सकुटुम्बकः ।।९।।

देवीभवनमागत्य, पूजापूर्वं सविस्तरम् ।
तां भाले भुजयोः पुष्प-त्रयन्यासादपूपुजत् ।।१०।।

स्वस्य पत्न्याः शिशोश्चैष, शेषार्थं कुसुमत्रयम् ।
दत्त्वा गृहीत्वा स्वं धामा-ऽऽजगाम दृढदर्शनः ।।११।।

दृष्ट्वा शठचरित्रं तद्, विलक्षा व्यन्तरी जगौ ।
एकान्ते निजमित्रस्य, सीहडस्य स्वदुःखितम् ।।१२।।

किं करोमि ? शठेनाऽहं, वणिजाऽनेन वञ्चिता ।
पुष्पाणां पूजया युक्ति-पूर्वं तद् ग्रहणेन च ।।१३।।

सीहडोऽपि सदुःखां तां, जगौ त्वं छुटिता मुधा ।
शृणु मुर्खे ! चरित्रं मे, यथाऽनेन कदर्थितः ।१४।।

पुरा प्रवहणान्यस्य, गतप्रायाणि जज्ञिरे ।
न शुद्धिः काऽप्यभूत्तेषां, सुबह्वपि गवेषिता (?) ।।१५।।

ततः प्रच्छन्नमेतस्य, बन्धुर्मह्यममानयत् ।
महान्तं महिषं पोत-क्षेमगमनकाङ्क्षया ।।१६।।

૮. અનુક્રમે પુત્ર થયે છતે સ્વામીને દેવીની પાસે કરેલ યાચનાને તેણી વડે કહેવાઈ. પત્નીના કદાગ્રહથી તેણે પણ તે વચનને માન્યું. ૧૯૨૨.

૯. શ્રેષ્ઠીએ ત્રણ લાખથી નિષ્પન્ન (ત્રણ લાખ દ્રવ્યથી બનાવેલ) રત્નજડિત સુવર્ણના ત્રણ પુષ્પોને કરાવીને નગરવાસીઓ સહિત અને કુટુંબસહિત - ૧૯૨૩.

૧૦. દેવીના મંદિરમાં આવીને (એક પુષ્પ) તે દેવીના ભાલમાં અને (બે પુષ્પ) બે ભુજાને વિષે (એમ) ત્રણ પુષ્પને સ્થાપન કરવાથી વિસ્તારપૂર્વક અપૂર્વ પૂજાને કરી. ૧૯૨૪.

૧૧. પોતાના, પત્નીના અને પુત્રના આ શેષને (પ્રસાદીને) માટે ત્રણ પુષ્પને આપીને ગ્રહણ કરીને અડગ શ્રદ્ધાવાળો (શ્રેષ્ઠી) પોતાના ઘરે આવ્યો. ૧૯૨૫.

૧૨. તેના લુચ્ચાઈવાળા ચરિત્રને જોઈને વિલખી થયેલી વ્યંતરી દેવીએ એકાંતવાસમાં પોતાના મિત્ર સીહડને પોતાનું દુઃખ કહ્યું. ૧૯૨૬.

૧૩. હું શું કરું ? ઠગ એવા આ વાણીયા વડે યુક્તિપૂર્વક પુષ્પોની પૂજા વડે અને તેને (પુષ્પોને) ગ્રહણ કરવા વડે હું ઠગાઈ. ૧૯૨૭.

૧૪. સીહડે પણ દુઃખી એવી તેને કહ્યું. તું ફોગટ છૂટી ગઈ. (બંધનમુક્ત) થઈ. હે મૂર્ખી ! જે પ્રમાણે આના વડે (શ્રેષ્ઠી વડે) કદર્થના પામેલ મારા ચરિત્રને સાંભળ. ૧૯૨૮.

૧૫. પહેલા આના વાહણો નાશ પ્રાયઃ જણાતા હતા. તેઓની ઘણી શોધ કરવા છતાં પણ કોઈ શુદ્ધિ ન થઈ. ૧૯૨૯.

૧૬. ત્યાર પછી ગુપ્ત રીતે આના (શ્રેષ્ઠીના) ભાઈએ વાહનોનું કુશલપૂર્વક આગમન થાય એવી ઈચ્છા વડે મારી પાસે મોટા પાડાની માન્યતા કરી. ૧૯૩૦.

आलोक्य जलधिं सर्वं, मयाऽपि निजशक्तितः ।
तान्यानीतानि हर्षोऽभूत्, सर्वेषामपि चेतसि ।।१७।।

तन्मध्यागतवस्तूनां, कुर्वतः क्रयविक्रयम् ।
भूयान् यदभवल्लाभो, ममैव स्फुर्जितं हि तत् ।।१८।।

भ्राताऽप्यवसरे प्राह, श्रेष्ठिनोऽग्रे स्वमानितम् ।
एष धूर्त्तस्तमाचष्ट, करिष्ये तव मानितम् ।।१९।।

आनीय तरुणं चैकं, महिषं मम मन्दिरे ।
गृहाण भक्ष्यं यक्षेदं, यद्भ्रात्रा तव मानितम् ।।२०।।

उक्त्वेति तस्य कण्ठस्य-रज्जुं मे गलकन्दले ।
बबन्ध निबिडग्रन्थि-दानपूर्व्वं दुराशयः ।।२१।।

पूजादिविस्तरान्नैकान्, भक्तिव्याजादचीकरत् ।
भेरीप्रमुखवाद्यानि, मत्पुरोऽवादयत्तथा ।।२२।।

तद्ध्वनि श्रवणात्त्रस्तो, महिषो मे कदर्थनाम् ।
तथा चक्रे यथा मेऽभूत्, सर्वाङ्गं क्षतसन्तति ।।२३।।

एकतो महिषः पापी, मामाऽऽकर्षति लेष्टुवत् ।
अन्यतः कौतुकी लोको, दत्ततालं जहास च ।।२४।।

अत्रान्तरे हाहाकार-मुखराः शतशो द्विजाः ।
दधाविरे कुतोऽस्माकं, देवोऽयं तु विडम्ब्यते ।।२५।।

૧૭. મારા વડે પોતાની શક્તિથી આખા સમુદ્રને ડોલાવીને તે (વાહનો) લવાયા. સર્વ લોકોના મનમાં પણ હર્ષ થયો. ૧૯૩૧.

૧૮. તે વાહનોમાંથી આવેલી વસ્તુઓની લેવડદેવડને કરતા જે ઘણો લાભ થયો. તે ખરેખર મારો જ પ્રભાવ હતો. ૧૯૩૨.

૧૯. તે અવસરે ભાઈએ પણ શ્રેષ્ઠીની આગળ પોતાની માન્યતાને કહી. આ ધૂર્ત (શ્રેષ્ઠીએ) તેને (ભાઈને) કહ્યું. હું તારી માન્યતાને કરીશ. ૧૯૩૩.

૨૦. એક તરૂણ (જુવાન) પાડાને મારા મંદિરમાં લાવીને કહ્યું. હે યક્ષ ! ભાઈ વડે જે તમારી માન્યતા કરેલી છે (તે) આ ભક્ષ્યને ગ્રહણ કરો. ૧૯૩૪.

૨૧. એ પ્રમાણે કહીને દુષ્ટ આશયવાળા તેણે (શ્રેષ્ઠીએ) તેના (પાડાના) ગળામાં રહેલા દોરડાને નિબિડ (મજબૂત) ગાંઠ આપવાપૂર્વક (દેવાપૂર્વક) મારા ગળામાં બાંધી. ૧૯૩૫.

૨૨. ભક્તિના બહાનાથી અનેક પ્રકારે પૂજા વગેરેના વિસ્તારને મારી આગળ કર્યું. તેમ જ મારી આગળ ભેરી વિગેરે વાજિંત્રો વગાડ્યા. ૧૯૩૬.

૨૩. તેના વાજિંત્રના અવાજના શ્રવણથી ત્રાસ પામેલ પાડાએ મારી એ પ્રમાણે કદર્થના કરી કે જેમ મારા સર્વે અંગો ઘાની સંતતિવાળા થયા. ૧૯૩૭.

૨૪. એક તરફ પાપી એવો પાડો મને માટીના ઢેફાની જેમ ખેંચે છે. બીજી તરફ કુતૂહલી લોકોએ તાળી મારી (આપી) અને હસ્યા. ૧૯૩૮.

૨૫. એટલામાં (આની વચ્ચે) હાહાકાર કરવા (શોર મચાવતા) વાચાલ એવા સેંકડો બ્રાહ્મણો દોડ્યા. અમારા આ દેવને કોનાથી વિડમ્બના કરાય છે ? ૧૯૩૯.

श्रेष्ठिराज ! विमुञ्चैनं, विलम्बः क्षमते नहि ।
इत्यादि द्विजलोकानां, बहूक्ते सोऽब्रवीत्तदा ।।२६।।

नाश्नन्त्यभक्ष्यं भो लोकाः !, सुरा अमृतभोजिनः ।
क्रीडामात्रमिदं तेषां, जीवहिंसाविधापनम् ।।२७।।

इत्याख्याय स लोकानां, द्विजानां च कदाग्रहात् ।
अमोचयद्यममुखा-दिव मां सैरभात्ततः ।।२८।।

ततो मे मण्डिता मूर्त्तिः, प्रासादे ब्राह्मणोत्तमैः ।
एवं मे महिमा सर्वो, ध्वस्तोऽनेन दुरात्मना ।।२९।।

मा कार्षीरसमाधिं त-न्मौनमेव समाचर ।
निःशूके निर्दये पुंसि, देवा अपि हतौजसः ।।३०।।

देवी स्वस्थानकं प्राप्ता, सीहडव्यन्तरोऽपि सः ।
तत्कुटुम्बं परित्यज्य, रेमेऽन्यत्र निजेच्छया ।।३१।।

सम्यक्त्वमेवं चिरमेष पालयन्, प्रबोधयन् भद्रकजन्तुसन्ततीः ।
प्रभावयंश्चार्हतशासनं क्रमा-ल्लोकद्वयेऽप्यद्भुतसौख्यभागभूत् ।।३२।।

।। इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारे तृतीय उपदेशः ।।३।।

૨૬. હે શ્રેષ્ઠિરાજ ! આને છોડી દો, વિલંબ સહન થતો નથી. વિગેરે બ્રાહ્મણ લોકોએ ઘણું કહેતે છતે ત્યારે તેણે કહ્યું. ૧૯૪૦.

૨૭. હે લોકો ! દેવતાઓ અમૃતભોજી હોય છે. અભક્ષ્યનું ભોજન કરતા નથી. તેઓને આ જીવહિંસાનું કરવું તે ક્રીડામાત્ર જ છે. ૧૯૪૧.

૨૮. એ પ્રમાણે કહીને તેણે બ્રાહ્મણ લોકોના કદાગ્રહથી યમના મુખની જેમ પાડાથી મને છોડાવ્યો. ૧૯૪૨.

૨૯. ત્યારબાદ ઉત્તમ બ્રાહ્મણો વડે મારી મૂર્તિ શોભાવાઈ. એ પ્રમાણે આ દુષ્ટ આત્માવડે મારો સર્વ મહિમા નાશ કરાયો. ૧૯૪૩.

૩૦. તેથી અસમાધિ ન કર, મૌનને જ આચર, નિષ્ઠુર, નિર્દય પુરુષોને વિષે દેવો પણ હણાયેલા બલવાળા હોય છે. ૧૯૪૪.

૩૧. દેવી પોતાના સ્થાને ગઈ. તે સીહડ વ્યંતર પણ તે કુટુંબનો ત્યાગ કરીને પોતાની ઈચ્છા વડે બીજે ઠેકાણે આનંદ પામ્યો. ૧૯૪૫.

૩૨. એ પ્રમાણે લાંબા કાળ સુધી સમ્યકત્વનું પાલન કરતો, સરલ પરિણામ વાળાં પ્રાણીઓના સમૂહને બોધ પમાડતો અનુક્રમે અરિહંત પરમાત્માના શાસનની પ્રભાવના કરતો આલોક અને પરલોકમાં અદ્ભુત સુખનો ભાગી થયો. ૧૯૪૬.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પાંચમા અધિકારમાં ત્રીજો ઉપદેશ છે. ॥

"उपदेशः-४"

धर्म्मे प्रधाना यतना मनीषिभिः, प्ररूपिता सा गृहिणस्तु दुर्लभा ।
तथापितस्यांयतमानआस्तिकः,स्यात्सौख्यभाक्सामृगसुन्दरीयथा ।।१।।

श्रीषेणः श्रीपुरे राजा, राजेव जनवत्सलः ।
तत्पुत्रो देवराजोऽभूद्, देवराज इवापरः ।।१।।

जन्मप्रभृति तस्याङ्गे, दुष्टः कुष्ठामयोऽभवत् ।
कृताः प्रतिक्रिया नैकाः, अफलाः किन्तु जज्ञिरे ।।२।।

जातानि सप्तवर्षाणि, राज्ञाऽन्येद्युः पुरान्तरे ।
पटहोद्घोषणापूर्व-मित्यश्रावि जनोऽखिलः ।।३।।

व्याधिं यो मम पुत्रस्य, पण्डितोऽपण्डितोऽपि वा ।
अपनेष्यत्यसौ भावी, राज्यार्द्धस्थितिभाजनम् ।।४।।

लक्ष्मीवती यशोदत्त-व्यवहारिसुताऽभवत् ।
तत्र धर्म्मरता शीले, विशिष्य तु कृतादरा ।।५।।

निजशीलपरीक्षार्थै, निवार्य पटहस्तया ।
स्वहस्तस्पर्शमात्रेण, स कुमारः पटूकृतः ।।६।।

कुमारेण समं तस्या-स्ततः पाणिग्रहोत्सवः ।
समजायत हस्त्यश्व-रथदानादिपूर्वकम् ।।७।।

तं कुमारं न्यस्य राज्ये-ऽवसरे स महीपतिः ।
स्वीचकार परिव्रज्यां, कालज्ञा उत्तमा यतः ।।८।।

"ઉપદેશ-૪"

૧. પંડિત પુરુષો વડે ધર્મમાં જયણા પ્રધાનપણે પ્રરૂપિત કરાયેલી છે વળી ગૃહસ્થોને જે (દુઃખે કરીને પાળી શકાય એવી) છે તો પણ તેને (જયણાને) વિષે પ્રયત્ન કરતો આસ્તિક સુખને ભજનાર થાય. જેમ તે મૃગસુંદરી સુખનું ભાજન થઈ. ૧૯૪૭.

૧. શ્રીપુરનગરમાં રાજાની જેમ લોકો પ્રત્યે વાત્સલ્યવાળો શ્રીષેણ નામે રાજા હતો. જાણે બીજો ઈન્દ્ર ન હોય તેમ દેવરાજ નામે તેનો પુત્ર હતો. ૧૯૪૮.

૨. જન્મથી માંડીને તેના અંગમાં દુષ્ટ એવો કોઢ રોગ થયો. અનેક પ્રકારે તેની પ્રતિક્રિયા (રોગ દૂર કરવાની ક્રિયા) કરી પરંતુ તે પ્રતિક્રિયા નિષ્ફળ થઈ. ૧૯૪૯.

૩. (તે બાળક) સાત વર્ષનો થયો. (ત્યારે) એક દિવસ રાજા વડે નગરની અંદર કરાયેલ ઉદ્‌ઘોષણાપૂર્વકના પડહને એ પ્રમાણે સર્વ લોકોને સંભળાવ્યો. ૧૯૫૦.

૪. જે પંડિત અથવા અપંડિત પણ મારા પુત્રની વ્યાધિને દૂર કરશે એ અડધા રાજ્યની સ્થિતિનું ભાજન થશે. (તેને અડધું રાજ્ય મળશે.) ૧૯૫૧.

૫. ત્યાં યશોદત્ત વ્યવહારીની લક્ષ્મીવતી નામે પુત્રી હતી. તે ધર્મમાં તત્પર અને શીલને વિષે વિશેષ પ્રકારે આદરવાળી હતી. ૧૯૫૨.

૬. તેણી વડે પોતાના શીલની પરીક્ષાને માટે પડહને નિવારીને (અટકાવીને) પોતાના હાથના સ્પર્શ માત્ર વડે તે કુમારને સારો કરાયો. ૧૯૫૩.

૭. તેથી કુમારની સાથે તેણીનું હાથી-ઘોડા-રથ વિગેરે આપવાપૂર્વક પાણિગ્રહણ મહોત્સવ થયો. ૧૯૫૪.

૮. તે કુમારને (દેવરાજને) રાજ્યને વિષે સ્થાપન કરીને અવસરે તે રાજાએ પ્રવ્રજ્યાને સ્વીકારી. જે કારણથી કાળને જાણનારા પુરુષો ઉત્તમ હોય છે. ૧૯૫૫.

देवराजोऽपि साम्राज्यं, स्वराज्यमिव पालयन्,
अन्यदा पुट्टिलाचार्यां-स्तत्र प्राप्तानवन्दत ।।९।।

पप्रच्छ च प्रभो ! कस्माद्, व्याधिर्मे सप्तवार्षिकः ।
कथं चास्याः करस्पर्श-मात्रादप्येष निष्ठितः ? ।।१०।।

प्राहुः श्रीगुरवो राजन् !, प्राग्भवे श्रेष्ठिपुङ्गवः ।
देवदत्त इति ख्यात-श्चत्वारस्तस्य सूनवः ।।११।।

गोपा-देपा-सिवा-शूरा-संज्ञा मिथ्यात्ववासिताः ।
चतुर्थेन त्वया तेषु, कपटश्राद्धताजुषा ।।१२।।

परिणीता श्राद्धसुता, या नाम्ना मृगसुन्दरी ।
आबाल्यादपि तस्यास्तु, विद्यतेऽयमभिग्रहः ।।१३।।

पूजयित्वा जिनं देवं, संयतान् प्रतिलाभ्य च ।
भोक्तव्यमेकशो रात्रौ, न भोज्यं च कदाचन ।।१४।।

सम्भूय तेऽन्यदा प्राहु-स्तां नवोढामिति क्रुधा ।
अरे ! पाखण्डमुत्सृज्य, गृहाचारं समाचर ।।१५।।

नार्चनीयो जिनो दानं, न देयं व्रतिना त्वया ।
रजन्यां भोजनं कार्य-मन्यथाऽस्मद्गृहाद् व्रज ।।१६।।

सा त्विदं जात्वनिच्छन्ती, मनसाऽपि महार्हती ।
जातोपवासत्रितया-ऽप्राक्षीच्छ्रीमद्गुरूनिति ।।१७।।

૯. પોતાના રાજ્યની જેમ સામ્રાજ્યનું પાલન કરતા દેવરાજે પણ એક વખત ત્યાં પધારેલ પુટ્ટિલાચાર્યને વંદન કર્યું. ૧૯૫૬.

૧૦. અને પૂછ્યું. હે પ્રભો ! કયા કારણથી મારે સાત વર્ષ પર્યંત વ્યાધિ થઈ અને આના હાથના સ્પર્શમાત્રથી જ આ શી રીતે દૂર થઈ ? ૧૯૫૭.

૧૧. શ્રી ગુરુ ભગવંતે કહ્યું. હે રાજન્ ! પૂર્વભવમાં દેવદત્ત એ પ્રમાણે પ્રખ્યાત શ્રેષ્ઠિ પુંગવ હતો તેને ચાર પુત્રો હતા. ૧૯૫૮.

૧૨. (તેઓ) ગોપા-દેપા-સિવા-શૂરા નામવાળા મિથ્યાત્વથી વાસિત હતા. તેઓમાંના કપટથી શ્રાવક બનેલા ચોથા એવા તારા વડે. ૧૯૫૯.

૧૩. જે મૃગસુંદરી નામે શ્રાવકની પુત્રી હતી તે પરણાઈ. બાલ્યકાળથી પણ તેને આ અભિગ્રહ હતો. ૧૯૬૦.

૧૪. જિનેશ્વર પરમાત્માને પૂજીને અને સંયતોને વહોરાવીને એક વાર ભોજન કરવું અને રાત્રિમાં ક્યારેય ભોજન ન કરવું. ૧૯૬૧.

૧૫. એક વખત ક્રોધ વડે તેઓએ મળીને તે નવોઢાને એ પ્રમાણે કહ્યું. અરે ! પાખંડને છોડીને ઘરના આચારને આચર. ૧૯૬૨.

૧૬. તારે જિનેશ્વર પરમાત્માની પૂજા ન કરવી, વ્રતીઓને દાન ન દેવું. રાત્રે ભોજન કરવું નહિતર અમારા ઘરમાંથી જા. ૧૯૬૩.

૧૭. મનથી ક્યારેય પણ આને (અધર્મને) નહીં ઈચ્છતી પરમ શ્રાવિકા, થયા છે ત્રણ ઉપવાસ જેણે એવી તેણીએ શ્રીમદ્ ગુરુ ભગવંતને એ પ્રમાણે કહ્યું. ૧૯૬૪.

किं कुर्वे ? धर्म्ममेतेभ्यः, कर्त्तुं नाहं लभे विभो ! ।
श्रीसिद्धान्तमथाऽऽलोक्य, तेऽपि तामेवमभ्यधुः ।।१८।।

पञ्चतीर्थीपञ्चसाधु-प्रणतिप्रतिलाभनैः ।
यादृशं प्राप्यते पुण्यं, भद्रे ! तादृशमाप्यते ।।१९।।

चुलहोकपरि निश्छिद्र-पृथुवस्त्रस्य बन्धनात् ।
आकर्ण्येति गता गेहं, तथैव कुरुते स्म सा ।।२०।। युग्मम् ।।

अथ चन्द्रोदयं दृष्ट्वा, वधूटीं श्वशुरोऽब्रवीत् ।
किमिदं कार्मणं पापे !, स्वकुलक्षितये कृतम् ? ।।२१।।

सा प्राह ननु जीवानां, रक्षणार्थोऽयमुद्यमः ।
तद्वचोऽमन्यमानेन, पत्या प्रज्वालितः स तु ।।२२।।

पुनस्तया बबन्धेऽसौ, तेनाऽज्वालि तथैव सः ।
एवं सप्त तया बद्धाः, ज्वालिताश्च दुरात्मना ।।२३।।

अवादीत् श्वशुरः क्रुद्धो, गच्छ रे ! स्वपितुर्गृहम् ।
साऽप्यवोचदहं प्राप्ता, सकुटुम्बा भवद्गृहे ।।२४।।

तथैव प्रेषणीयाऽहं, नूनं याम्यन्यथा कथम् ? ।
सज्जीबभूवुः सर्वेऽपि, तस्याः सम्प्रेषणाय ते ।।२५।।

मार्गे स्वकीयेनैकेन, भुक्त्यर्थं ते निमन्त्रिताः ।
रात्रौ बध्वा अभुक्तत्वा-न्न भुक्ताः श्वशुरादयः ।।२६।।

૧૮. હે વિભો ! હું શું કરું ? એ લોકોથી ધર્મને કરવા માટે હું સમર્થ નથી. હવે શ્રી સિદ્ધાંતને જોઈને વિચારીને તેઓએ પણ તેણીને એ પ્રમાણે કહ્યું. ૧૯૬૫.

૧૯. હે ભદ્રે ! પાંચ તીર્થોને પ્રણામ કરવાથી અને પાંચ સાધુઓને વહોરાવવાથી જેવા પ્રકારનું પુણ્ય પ્રાપ્ત કરાય છે તેવા પ્રકારનું પુણ્ય - ૧૯૬૬.

૨૦. ચૂલ્હા ઉપર છિદ્ર રહિત પહોળું વસ્ત્ર બાંધવાથી પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે સાંભળીને ઘરે ગયેલી તેણી તે પ્રમાણે જ કરતી હતી. ૧૯૬૭.

૨૧. હવે આ ચંદરવાને જોઈને સસરાએ વહૂને કહ્યું. હે પાપી ! પોતાના કુલના નાશ માટે આ શું કામણ કર્યું ? ૧૯૬૮.

૨૨. તેણીએ કહ્યું. ખરેખર જીવોની રક્ષા માટે આ ઉદ્યમ છે. તેણીના વચનને નહીં માનતા એવા પતિ વડે તે ચંદરવો બળાયો. ૧૯૬૯.

૨૩. ફરીથી તેણી વડે આ ચંદરવો બંધાયો. તેના વડે તે પ્રમાણે જ તે ચંદરવો બળાયો. એ પ્રમાણે સાત વાર તેણી વડે બંધાયો અને દુષ્ટાત્મા વડે બળાયો. ૧૯૭૦.

૨૪. ક્રોધી સસરાએ કહ્યું. અરે તું પોતાના પિતાના ઘરે જા. તેણીએ પણ કહ્યું. હું કુટુંબસહિત તમારા ઘરમાં આવી છું. ૧૯૭૧.

૨૫. ખરેખર હું તે પ્રમાણે જ મોકલાઉં. અન્યથા હું કેમ જાઉં ? તે સર્વે પણ તેણીને મોકલવા માટે તૈયાર થયા. ૧૯૭૨.

૨૬. માર્ગમાં પોતાના એક સંબંધી વડે ભોજનને માટે તેઓ નિમંત્રિત કરાયા. વહૂ વડે રાત્રિમાં ભોજન નહીં કરવાથી સસરા વગેરેએ ભોજન ન કર્યું. ૧૯૭૩.

निष्पन्नं रसवत्यादि, बुभुजे तत्कुटुम्बकम् ।
ममार विषमिश्रत्वा-दाहारस्याखिलं च तत् ।।२७।।

यावत्सम्भ्रमाः प्रातः, पश्यन्ति श्वशुरादयः ।
तावत्पतितमैक्षन्त, व्यापन्नं तत्र पन्नगम् ।।२८।।

नूनमेष भ्रमन्नूर्ध्वं, धूमेन व्याकुलीकृतः ।
पपात धान्यस्थाल्यन्त-रिति निश्चिक्यिरे च तैः ।।२९।।

हहा ! चन्द्रोदयाभावा-दनर्थोऽयं महानभूत् ।
वध्वा एव प्रसादेन, पुनरुज्जीविता वयम् ।।३०।।

मेनिरे भक्तिनम्रास्ते, वधूं श्रीदेवतामिव ।
सम्मान्य स्वं गृहं निन्युः, श्रावकत्वं च भेजिरे ।।३१।।

भद्राः ! पञ्चशतव्याधै-र्यावत् पापं विधीयते ।
तावच्चन्द्रोदयाऽबन्धे, गृहिभिर्ज्ञानिनो जगुः ।।३२।।

इत्यादि तस्याः शिक्षाया-मायुक्तास्तेऽभवंश्चिरम् ।
तस्यास्तु यः पतिस्तत्र, स त्वमत्र नृपोऽभवः ।।३३।।

जीवस्तु मृगसुन्दर्याः, सेयं भार्या तवाऽजनि ।
यस्याः प्रभावतो व्याधि-र्गतस्ते सप्तवार्षिकः ।।३४।।

सप्तशो ज्वालनाच्चन्द्रो-दयानां सप्तवार्षिकः ।
कुष्ठरोगोऽभवत्प्राच्यं, नान्यथा यद्यथाकृतम् ।।३५।।

૨૭. રસોઈ વિગેરે તૈયાર થયે તે કુટુંબે ભોજન કર્યું અને ઝેર મિશ્રિત આહાર હોવાથી તે સઘળુ મરણ પામ્યું. ૧૯૭૪.

૨૮. જેટલામાં સંભ્રમસહિત સસરા વિગેરે સવારે જુએ છે તેટલામાં તેઓએ ત્યાં મરણ પામેલ સર્પને પડેલો જોયો. ૧૯૭૫.

૨૯. ખરેખર આ ઉપર ભમતો ધુમાડા વડે વ્યાકુલ કરાયેલ સાપ ભોજનની થાળીમાં પડ્યો. એ પ્રમાણે તેઓ વડે નિર્ણય કરાયો. ૧૯૭૬.

૩૦. અહો ! ચંદરવાના અભાવથી આ મહાન અનર્થ થયું. વહૂની કૃપાથી જ અમે ફરીથી જીવ્યા. ૧૯૭૭,

૩૧. ભક્તિથી નમ્ર બનેલા તેઓએ વહૂને શ્રીદેવતાની જેમ માની. સન્માન કરીને પોતાના ઘરે લઈ ગયા અને શ્રાવકપણાનો સ્વીકાર કર્યો. ૧૯૭૮.

૩૨. હે ભદ્રો ! પાંચસો શિકારીઓ વડે જેટલું પાપ કરાય છે તેટલું પાપ ચંદરવો નહીં બાંધવામાં ગૃહસ્થોને લાગે છે'. (એ પ્રમાણે) શ્રી જ્ઞાનીઓએ કહ્યું છે. ૧૯૭૯.

૩૩. ચંદરવો બાંધવો વગેરે તેણીની શિક્ષામાં તેઓ ઘણા કાળ સુધી જોડાયેલા રહ્યા. વળી ત્યાં તેણીનો જે પતિ તે તું આ ભવમાં રાજા થયો. ૧૯૮૦.

૩૪. વળી મૃગસુંદરીનો જીવ તે આ તારી પત્ની થઈ. જેના પ્રભાવથી તારી સાત વર્ષની વ્યાધિ નાશ પામી. ૧૯૮૧.

૩૫. પહેલા સાત વાર ચંદરવાને બાળવાથી સાત વર્ષ પર્યંત કોઢ રોગ થયો. જે પ્રમાણે (કર્મ) કરાયેલું હોય તે અન્યથા થતું નથી. ૧૯૮૨.

इति श्रुत्वा जातजाति-स्मृती तौ दम्पती सुते ।
राज्यं न्यस्य परिव्रज्य, सुगतिं च क्रमाद्गतौ ॥३६॥

इति जीवदयाफलं बुधाः !, अवधार्य स्वहृदि स्पृहा यदि ।
शिवशर्मणि तद्विधीयतां, स्वमनस्तत्र कठोरतोज्झिताः ! ॥३७॥

॥ इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारे चतुर्थ उपदेशः ॥४॥

૩૬. એ પ્રમાણે સાંભળીને ઉત્પન્ન થયેલ જાતિસ્મરણ જ્ઞાનવાળા તે દંપતિએ પુત્રને રાજ્ય વિષે સ્થાપન કરીને દીક્ષા ગ્રહણ કરીને અનુક્રમે સદ્ગતિમાં ગયા. ૧૯૮૩.

૩૭. હે પંડિતજનો ! એ પ્રમાણે જીવદયાના ફલને પોતાના હૃદયમાં અવધારણ કરીને જો તમને મોક્ષસુખની ઈચ્છા હોય તો હે કઠોરતારહિત લોકો ! પોતાનું મન ત્યાં (જીવદયામાં) કરો. ૧૯૮૪.

।। એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પાંચમા અધિકારમાં ચોથો ઉપદેશ છે. ।।

"उपदेशः-५"

विचार्य वाच्यं वचनं हितं मितं, न कर्कशं क्वापि निगद्यते बुधैः ।
अप्येकशः प्रोक्तकठोरवाक्यतो, न किं विगमौ जननी सुतावपि ।।१।।

छिनद्मि हस्तौ चरणौ च लोचने, निष्काशयामि त्वमरे ! म्रियस्व वा ।
इत्यादयः कर्कशवाक्परम्परा-स्त्याज्या बुधैर्दुर्गतिमार्गदीपिकाः ।।२।।

ताम्रलिप्तीपुरी ताम्र-मयवप्रविराजिता ।
तत्रेभ्यो रतिसाराङ्को, बन्धुला तस्य च प्रिया ।।१।।

तयोर्बन्धुमती पुत्री, प्रकृत्योद्धटवेषभाक् ।
सौवर्णसर्वाभरणा, श्रेष्ठिनोऽत्यन्तवल्लभा ।।२।।

तां प्रत्याह पिता वत्से !, मा कार्षीर्वेषमुद्भटम् ।
नेदृशो वणिजां भाति, सा तथाऽपि न तिष्ठति ।।३।।

भृगुकच्छपुरात्तत्र, वाणिज्यार्थमुपेयुषा ।
बन्धुदत्तेन साऽन्येद्युः, परिणीता सदुत्सवैः ।।४।।

पुनः प्रभूतलाभार्थी, तां तत्रैव विमुच्य सः ।
रत्नद्वीपं प्रति प्रास्थात्, पोतमारुह्य वारिधौ ।।५।।

कियत्यपि व्यतिक्रान्ते, भूभागे तस्य वाहनम् ।
आहन्यमानं कल्लोलै-र्भङ्गमाप क्षणादपि ।।६।।

---

२५४ उपदेश समाप्ति

"ઉપદેશ-૫"

૧. પંડિત પુરુષોએ હિત (હિતકારી) મિત (પ્રમાણોપેત) વચન વિચારીને બોલવું. પરંતુ ક્યાંય પણ કર્કશ વચન બોલવું નહીં. એક વાર બોલાયેલ કઠોર વચનથી માતા અને પુત્ર પણ શું ન વગોવાયા ? ૧૯૮૫.

૨. અરે ! (તારા) હાથ-પગ છેદી નાંખું છું. નેત્રો કાઢી નાખું, અથવા તું મર વિગરે દુર્ગતિમાં જવાના માર્ગની દીપિકા સમાન કર્કશ વચનની પરંપરા પંડિત પુરુષો વડે ત્યાગ કરવા યોગ્ય છે. ૧૯૮૬.

૧. તાંબામય કિલ્લાથી શોભતી તામ્રલિપ્તી નામે નગરી હતી ત્યાં રતિસાર નામે રાજા શ્રેષ્ઠી બંધુલા નામે તેની પત્ની છે. ૧૯૮૭.

૨. તેમને સ્વભાવથી ઉદ્‌ભટ વેષને ભજનારી સુવર્ણના સર્વ આભરણોવાળી બંધુમતી નામે પુત્રી શ્રેષ્ઠિને અત્યંત વહાલી હતી. ૧૯૮૮.

૩. પિતાએ તેની પ્રતિ કહ્યું. હે પુત્રી ! ઉદ્‌ભટવેષને ન કર. વાણિયાઓને આવા પ્રકારનું શોભતું નથી. તો પણ તેણી ઉદ્‌ભટવેષ સિવાય રહેતી નથી. ૧૯૮૯.

૪. એક દિવસ ભરૂચ નગરથી ત્યાં વેપારને માટે આવેલા બંધુદત્તની સાથે તેણી (પુત્રી) ઉત્સવપૂર્વક પરણાઈ. ૧૯૯૦.

૫. ઘણા લાભના અર્થી એવા તેણે ફરીથી તેને (બંધુમતીને) ત્યાં જ મૂકીને સમુદ્રમાં વહાણમાં આરૂઢ થઈને રત્નદ્વીપ તરફ પ્રસ્થાન કર્યું. ૧૯૯૧.

૬. કેટલોક ભૂમિભાગ ઓળંગતે છતે મોજાઓ વડે ડોલાતું તેનું વહાણ ક્ષણ માત્રમાં ભાંગી ગયું. ૧૯૯૨.

अवाप्य फलकं चैकं, बन्धुदत्तस्तदाऽम्बुधिम् ।
लग्नस्तरीतुं वातेन, प्रेरितश्च तटेऽलगत् ।।७।।

निभालयति दिक्चक्रं, यावदुद्भ्रान्तलोचनः ।
तावत्तन्नगरोद्याने, प्राप्तमात्मानमैक्षत ।।८।।

अहो ! दैवगतिः केयं ?, लज्यते यत्र मानवैः ।
ईदृक्षोऽहं कथं गन्ता ?, तत्र श्वशुरमन्दिरे ।।९।।

स्त्रीपीहर नरसासरउ, संजमियां सहवास ।
एत्रिणहइ अलखामणां, जइ को करइं तपास ।।१।।

अतर्कितानि सौख्यानि, दुःखान्यपि शरीरिणाम् ।
भवन्ति तदलं क्लेश-हेतुना चिन्तयाऽनया ।।१०।।

विचिन्त्येति स्थितो देव-कुले ज्ञापितवानसौ ।
श्वशुरस्य गृहे स्वस्य, तत्र प्राप्त्यादि केनचित् ।।११।।

श्रुत्वा जामातृवार्त्तां तां, मनःसन्तापकारिणीम् ।
आः ! किमेतदिति श्रेष्ठी, प्रोच्चरन् सहसोत्थितः ।।१२।।

यावत्तदन्तिके याति, तावदस्तङ्गतो रविः ।
उत्सूरत्वात्कुटुम्बेन, वारितः स्वगृहे स्थितः ।।१३।।

ब्राह्मे मुहूर्त्ते जामातृ-मिलनाय चचाल सः ।
आदाय वस्त्राभरण-प्रभृत्यवसरोचितम् ।।१४।।

૭. ત્યારે એક પાટીયાને પ્રાપ્ત કરીને બંધુદત્ત સમુદ્રને તરવા લાગ્યો અને પવન વડે પ્રેરાયેલ તે કિનારે આવ્યો. ૧૯૯૩.

૮. જેટલામાં આશ્ચર્યજનિત નેત્રવાળો તે ચારે દિશામાં જુએ છે. તેટલામાં નગરના ઉદ્યાનમાં પોતાને આવેલ જોયો. ૧૯૯૪.

૯. અહો ! આ ભાગ્યની ગતિ કેવા પ્રકારની ? જ્યાં માનવો વડે લજ્જા પમાય એવો હું ત્યાં સસરાના ઘરે શી રીતે જાઉં ? ૧૯૯૫.

૧. સ્ત્રી પીયરમાં, પુરુષ સાસરામાં, સંયમીઓ એક સ્થાને હોય, જો કોઈ પરીક્ષા કરે તો ત્રણે અલખામણા લાગે ? ૧૯૯૬.

૧૦. પ્રાણીઓને સુખ અને દુઃખ વિચાર્યા વિનાના થાય છે. તે કલેશના હેતુરૂપ આ ચિંતા વડે સર્યું. ૧૯૯૭.

૧૧. એ પ્રમાણે વિચારીને દેવકુલમાં રહ્યો. કોઈના વડે પોતાના સસરાના ઘેર તેની પ્રાપ્તિ વગેરે જણાવાઈ. ૧૯૯૮.

૧૨. મનને સંતાપ કરાવનારી જમાઈની તે વાર્તાને સાંભળીને અહો ! આ શું ? એ પ્રમાણે એકાએક ઉઠેલ શ્રેષ્ઠીએ કહ્યું. ૧૯૯૯.

૧૩. જેટલામાં (શ્રેષ્ઠી) તેની પાસે જાય તેટલામાં સૂર્ય અસ્ત થયો. સૂર્યાસ્ત થવાથી કુટુંબ વડે વારણ કરાયેલ પોતાના ઘરે ગયો. ૨૦૦૦.

૧૪. તે બ્રહ્મ મુહૂર્તમાં અવસરને ઉચિત વસ્ત્ર-આભરણ વિગેરેને લઈને જમાઈને મળવા માટે આવ્યો. ૨૦૦૧.

सौवर्णवलयव्यूहैः, शोभमानभुजालता ।
स्वपतिं वीक्षितुं बन्धु-मत्यपि प्रस्थिता सह ।।१५।।

श्रेष्ठिनः पृष्ठिगामिन्या-स्तस्याः कोऽपि करौ तदा ।
चिच्छेद तस्करो लुब्धः, प्राकृतं कर्म्म नान्यथा ।।१६।।

सञ्जाते तुमुले तत्र, प्राप्तास्तलवरादयः ।
ज्ञातस्वरूपास्तच्चौर-पदैरेव दधाविरे ।।१७।।

श्रेष्ठी पश्चाद्गतो गेहे, प्रभूतो मिलितो जनः ।
उच्चरन्कर्म्म कर्मेति, विदधे शोकसङ्कथाम् ।।१८।।

इतश्च चौरोऽप्यासन्न-प्राप्तांस्तान्वीक्ष्य विह्वलः ।
तदेवकुलमायातः, सुप्तः प्रागस्ति यत्र सः ।।१९।।

लोप्त्रं तस्यान्तिके मुक्त्वा, काकनाशं ननाश सः ।
भटैश्चौरोऽयमेवेति, ज्ञातं तद्वस्तुदर्शनात् ।।२०।।

निर्विलम्बं निर्विचारं, शूलायामधिरोपितः ।
स तैरिति विडम्ब्यन्ते, कर्मभिः के न जन्तवः ? ।।२१।।

अथ श्रेष्ठी सुताशोकं, कृत्वा प्राप्तस्तदन्तिकम् ।
यावत्तावदयं प्राणै-रुज्झाञ्चक्रे खलैरिव ।।२२।।

दृष्ट्वा तादृगवस्थं तं, तान् जगाद स दुःखितः ।
भवद्भिः किं कृतं ? भो भोः !, जामातैव हतो मम ।।२३।।

૧૫. સુવર્ણના વલયના સમૂહ વડે (સુવર્ણની બંગડીઓ વડે) શોભતી ભુજારૂપી લતાવાળી બંધુમતીએ પણ પોતાના પતિને જોવા માટે સાથે પ્રસ્થાન કર્યું. ૨૦૦૨.

૧૬. ત્યારે શ્રેષ્ઠીની પાછળ જનારી તેણીના બંને હાથને કોઈક ક્ષુબ્ધ ચોરે કાપ્યા. પહેલા કરાયેલું કર્મ અન્યથા થતું નથી. ૨૦૦૩.

૧૭. ત્યાં કોલાહલ થયે છતે તલવારવાળા સૈનિકો આવ્યા. સ્વરૂપને જાણનારા તેઓ ચોરના પગલાઓ વડે જ દોડ્યા. ૨૦૦૪.

૧૮. પછી શ્રેષ્ઠી ઘરે (જમાઈ ઉતર્યો છે ત્યાં) ગયો. કેવું કર્મ ? કેવું કર્મ ? એ પ્રમાણે બોલતા ઘણા લોકો મળ્યાં અને શોકપૂર્વક કથાને કરી. ૨૦૦૫.

૧૯. અહીં નજીક આવેલા (સૈનિકો) ને જોઈને વિહ્વલ થયેલ ચોર પણ તે દેવકુલમાં આવ્યો. જ્યાં તે (જમાઈ) પહેલા સુતેલો છે. ૨૦૦૬.

૨૦. ચોરી કરેલ ધનને તેની પાસે મૂકીને કાગડો નાશી જાય તેમ તે (ચોર) નાશી ગયો. તે (ચોરાયેલ) વસ્તુઓને જોવાથી આ જ ચોર છે એ પ્રમાણે સૈનિકો વડે જણાયું. ૨૦૦૭.

૨૧. તેઓ વડે (સૈનિકો વડે) વિલંબ કર્યા વિના અને વિચાર કર્યા વિના શૂળી પર ચઢાવાયેલ આ પ્રમાણે વિડંબના પમાયો. કર્મ વડે કયા પ્રાણીઓ નથી પીડાતા ? ૨૦૦૮.

૨૨. હવે શ્રેષ્ઠી પુત્રીના શોકને કરીને તેની (જમાઈની) પાસે જેટલામાં આવ્યો તેટલામાં આ (જમાઈ) તૃણની જેમ પ્રાણો વડે ત્યાગ કરાયો. ૨૦૦૯.

૨૩. તેવા પ્રકારની અવસ્થાવાળા તેને જોઈને દુઃખિત એવા તેણે (શ્રેષ્ઠીએ) તેઓને કહ્યું. અરે ! અરે ! તમારા વડે શું કરાયું ? મારો જમાઈ જ હણાયો. ૨૦૧૦.

तद्दुःखदुःखितास्तेऽपि, तत्स्वरूपे निवेदिते ।
सर्वे स्वस्वगृहं प्राप्ताश्चिन्तयन्तो भवस्थितिम् ।।२४।।

जामातुस्तनयायाश्च, तादृक् तत्कर्म्मवैशसम् ।
विज्ञाय रतिसारोऽभूद्, धर्म्मसारस्ततः परं ।।२५।।

अन्यदा सुयशास्तत्र, चतुर्ज्ञानी समागतः ।
श्रेष्ठी तद्देशनां श्रुत्वा-ऽपृच्छत्प्राच्यभवं तयोः ।।२६।।

ज्ञानी प्राह पुरा शालि-ग्रामेऽभूत्काऽपि दुर्गता ।
महेला बालकसुता, कुटुम्बाद्यैः परिच्युता ।।२७।।

सा महेभ्यगृहे नीच-कर्म्माण्युदरपूर्त्तये ।
करोति वत्सरूपाणि, चारयत्यङ्गजः पुनः ।।२८।।

अन्यदा वत्सरूपाणि, चारयित्वा सुतो गृहे ।
प्राप्तस्तज्जननी क्वाऽपि, कार्ये सक्ता तु नागता ।।२९।।

बभूव महती वेला, स बालः क्षुधितो भृशम् ।
गृहप्राप्तां च तामूचे, साधिक्षेपमिदं वचः ।।३०।।

शूलायां त्वमरे रण्डे !, क्षिप्ताऽभूः किमियच्चिरम् ? ।
बुभुक्षापीडितं मां किं, न जानासि ? विचेतने ! ।।३१।।

तथैव साऽपि प्रत्यूचे, छिन्नौ किं ते कराविमौ ? ।
तदत्र सिक्कके भोज्यं, त्वदर्थं सज्जितं मया ।।३२।।

૨૪. તે દુઃખથી દુઃખિત એવા તેઓ પણ તે સ્વરૂપનું નિવેદન કરતે છતે સર્વે પોતપોતાના ઘરે આવ્યા અને સંસારની સ્થિતિને વિચારી. ૨૦૧૧.

૨૫. ત્યારબાદ જમાઈ અને પુત્રીના તેવા પ્રકારની કર્મની વિષમતાને જાણીને ત્યાર પછી રતિસાર શ્રેષ્ઠ શ્રાવક ધર્મસાર થયો. ૨૦૧૨.

૨૬. એક વખત ચાર જ્ઞાનને જાણનાર જ્ઞાની ભગવંત ત્યાં આવ્યા. શ્રેષ્ઠીએ તેમની દેશનાને સાંભળીને તે બંનેના (પુત્રી અને જમાઈના) પૂર્વભવને પૂછ્યો. ૨૦૧૩.

૨૭. જ્ઞાની ભગવંતે કહ્યું પહેલા શાલિગામમાં કુટુંબાદિથી ત્યાગ કરાયેલી કોઈક ગરીબ ભરવાડણની બાલિકા હતી. ૨૦૧૪.

૨૮. તેણી પેટની પૂર્તિને માટે શ્રેષ્ઠીના ઘરમાં હલકા કામો કરે છે. વળી (તેણીનો) પુત્ર વાછરડાઓને ચરાવે છે. ૨૦૧૫.

૨૯. એક વખત વાછરડાઓને ચરાવીને પુત્ર ઘરે આવ્યો. તેની માતા ક્યાંય પણ કાર્યમાં રત હોવાથી ઘરે આવી નહોતી. ૨૦૧૬.

૩૦. ઘણી વેળા થઈ. તે બાલક ઘણો ભૂખ્યો થયો અને ઘરે આવેલી તેણીને આક્ષેપ સહિત આ વચન કહ્યું. ૨૦૧૭.

૩૧. અરે રાંડ ! શું તું આટલો વખત શૂળીમાં ચઢાયેલી હતી ? હે નાશ પામેલ ચેતનાવાળી ! શું તું મારી ભૂખની પીડાને જાણતી નથી ? ૨૦૧૮.

૩૨. તેણીએ પણ તે પ્રમાણે જ પ્રત્યુત્તર આપ્યો, શું તારા બે હાથ છેદાઈ ગયા હતા ? જે અહીં મારા વડે આ સિક્કામાં તારે માટે ભોજન તૈયાર કરાયેલું હતું. ૨૦૧૯.

कस्मान्न जगृहे ? मूर्ख !, दोषः को मेऽवशत्वतः ।
एवं ताभ्यां चिरं चक्रे, कलहो बहुलस्तदा ।।३३।।

अनालोचितत्पापौ, तौ मातृतनयौ तव ।
सुताजामातरौ जातौ, तदिदं भवनाटकम् ।।३४।।

येन यादृग्वचः प्रोक्तं, स तादृक् फलमश्नुते ।
ततस्तत्त्वमिदं श्रेष्ठिन् !, कार्यो वचनसंवरः ।।३५।।

श्रुत्वेति तस्य सविधे व्रतमाप्य साधोः, श्रेष्ठी बभूव सुखभाग् रतिसारनामा ।
भ्रान्तौ च तौ भवमनन्तमिति प्रबुध्य, वाच्यं विचार्य वचनं मधुरं मितं च ।।३६।।

।। इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारे पञ्चम उपदेशः ।।५।।

૩૩. હે મૂર્ખ ! ભોજન શા માટે ગ્રહણ ન કર્યું ? પરાધીનપણું હોવાથી મારો શું દોષ ? એ પ્રમાણે બંને વડે ત્યારે ઘણા સમય સુધી કલહ થયો. ૨૦૨૦.

૩૪. તે પાપની આલોચના કર્યા વિના તે બંને માતા અને પુત્ર, તારા પુત્રી અને જમાઈ થયા. તે આ ભવનું નાટક છે. ૨૦૨૧.

૩૫. જેના વડે જેવા પ્રકારનું વચન કહેવાયું. તે તેવા પ્રકારનું ફળ ભોગવે છે. તેથી હે શ્રેષ્ઠી ! વચનનો સંવર કરવો જોઈએ. આ તત્ત્વ છે. ૨૦૨૨.

૩૬. એ પ્રમાણે સાંભળીને તે સાધુ ભગવંતની પાસે વ્રતને ગ્રહણ કરીને રતિસાર નામનો શ્રેષ્ઠી સુખનું ભાજન થયો અને અનંતભવમાં રખડતા તે બંને બોધ પામ્યા એટલે મધુર, મિત અને વિચારીને વચન બોલવું જોઈએ. ૨૦૨૩.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પાંચમા અધિકારમાં પાંચમો ઉપદેશ છે. ॥

"उपदेशः-६"

पूजात्रयावश्यकयुग्मरूपा, यो लग्नवत् प्रत्यह पञ्च वेलाः ।
सत्यापयेत्स प्रवरस्तनूमान्, बुधैर्जगत्सिंह इव प्रशस्यः ।।१।।

श्रीपीरोजसुरत्राण-सभाशृङ्गारकारणम् ।
जगत्सिंह इति श्रेष्ठी, सञ्जातो योगीनीपुरे ।।१।।

अखिलेऽपि पुरे ख्यातः, स एकः सत्यवादिनाम् ।
असत्यवादिना प्रायो, न प्रतिष्ठा ह्यवाप्यते ।।२।।

स्याद्वह्नावपि शीतत्वं, पवनेऽपि स्थिरात्मता ।
तथाऽपि प्रेक्ष्यते तत्र, जातु नाऽसत्यवादिता ।।३।।

तस्येति ख्यातिमाकर्ण्य, परीक्षायै कृतादरः ।
अपृच्छद्दुर्जनान् भूपो, रहस्तन्मर्मवेदिनः ।।४।।

भोः भोः ! निगद्यतामस्य, श्रेष्ठिनोऽस्ति कियद्धनम् ? ।
तेऽपि द्रोहपरा ऊचु-र्लक्षाः सप्ततिसंख्यया ।।५।।

कियद्दिनान्तरे भूप-स्तमुवाच कियद्धनम् ।
विद्यते तव ? सोऽप्याह, विमृश्य कथयिष्यते ।।६।।

दिने द्वितीये सम्भाल्य, गृहोपस्करमाह सः ।
अब्ध्यष्ट ८४ लक्षसंख्या मे, सन्ति वित्तस्य भूपते ! ।।७।।

एष प्रागुक्तसंख्यातो-ऽधिकोक्त्या सत्य एव यत् ।
प्रायः स्वद्रव्यसंख्यायां, स्तोकः स्यात्सत्यवादकः ।।८।।

"ઉપદેશ–૬"

૧. ત્રણે કાળ પૂજા, આવશ્યક યુગ્મ (બે ટાઈમ પ્રતિક્રમણ) જે સારા મુહૂર્તની જેમ હંમેશાં પાંચ વખત નિશ્ચયે કરે એવો તે શ્રેષ્ઠ પ્રાણી પંડિતજનો વડે જગતસિંહની જેમ વખાણવા લાયક છે. ૨૦૨૪.

૧. યોગિનીપુર નગરમાં શ્રીપીરોજ રાજાની સભામાં શૃંગારના કારણભૂત જગતસિંહ એ પ્રમાણે શ્રેષ્ઠી થયો. ૨૦૨૫.

૨. સંપૂર્ણ નગરમાં સત્યવાદીઓમાં તે એક પ્રખ્યાત હતો. ખરેખર પ્રાયઃ અસત્યવાદી વડે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરાતી નથી. ૨૦૨૬.

૩. કદાચ અગ્નિમાં શીતપણું, પવનમાં સ્થિરપણું થાય તો પણ સત્યવાદીઓમાં ક્યારેય અસત્યવાદિતા જોવાતી નથી. ૨૦૨૭.

૪. એ પ્રમાણે તેની પ્રખ્યાતિને સાંભળીને પરીક્ષાને માટે કરેલ આદરવાળા રાજાએ એકાંતમાં તેના રહસ્યને જાણનારા દુર્જનોને પૂછ્યું. ૨૦૨૮.

૫. અરે ! અરે ! કહો. આ શ્રેષ્ઠીની પાસે કેટલું ધન છે ? દ્રોહ કરવામાં તત્પર એવા તેઓએ (દુર્જનોએ) પણ સીત્તેર લાખ છે એમ કહ્યું. ૨૦૨૯.

૬. કેટલાક દિવસ પછી રાજાએ તેને (જગતસિંહ શ્રેષ્ઠીને) પૂછ્યું. તારી પાસે કેટલું ધન વિદ્યમાન છે ? તેણે પણ કહ્યું. વિચારીને કહીશ. ૨૦૩૦.

૭. બીજે દિવસે ઘરના ઉપકરણોની ગણત્રી કરીને કહ્યું. હે રાજન્ ! મારે ધનની સંખ્યા ચોરાશી લાખ છે. ૨૦૩૧.

૮. આ પહેલા કહેલી સંખ્યાથી અધિક સંખ્યા કહેવા વડે સત્ય જ છે પ્રાયઃ કરીને પોતાના દ્રવ્યની સંખ્યામાં સત્યને કહેનાર થોડા હોય. ૨૦૩૨.

ततस्तुष्टेन भूपेन, लक्षषोडशकार्प्पणात् ।
कृतः कोटीध्वजः श्रेष्ठी, सत्यस्याहो ! फलं कियत् ? ।।९।।

एकदा दर्शयामास, रत्नं तस्यार्कसोदरम् ।
भूपः स्वकोशादानाय्य, तं प्रत्येवमुवाच च ।।१०।।

एतस्य सदृशं रत्नं, किमन्यद्विद्यते भुवि ? ।
सोऽप्याह किं धरामध्ये, पातसाहद्वयं भवेत् ? ।।११।।

तद्वचोरञ्जितस्तस्या-ऽर्पयत्तद्रत्नमुत्तमम् ।
न्यासार्थं नहि भेदः स्याद्, द्वयोः प्रीतिः स्थिरान्तरा ।।१२।।

इति प्रीत्या तयोः काले, कियत्यपि गते सति ।
केनापि हेतुना राजा, रुष्टस्तं प्रत्यथैकदा ।।१३।।

सम्पदो महतामेव, तेषामेव स्युरापदः ।
नीचास्तादृग्विधा एव, चन्द्रधिष्ण्यनिदर्शनात् ।।१४।।

शीर्षस्य पुष्पाभरणं, मुण्डनं च विधीयते ।
न चयापचयौ स्यातां, भ्रुवोः केशेषु कर्हिचित् ।।१५।।

ततस्तं श्रेष्ठिनं भूपो, गुप्तिवेश्मन्यधारयत् ।
स्वकीयं तस्य रक्षार्थं, सेवकं च न्ययोजयत् ।।१६।।

तदा च श्रेष्ठिनः पञ्च-वेलाधर्म्मव्यतिक्रमः ।
दोदूयाकृत्र तु क्ष्माप-स्थापनात्परतन्त्रता ।।१७।।

૯. ત્યારપછી સંતુષ્ટ થયેલ રાજા વડે સોળ લાખ અર્પણ કરવાથી શ્રેષ્ઠી કોટી ધ્વજવાળો કરાયો. અહો ! સત્યનું ફલ કેટલું ? ૨૦૩૩.

૧૦. એક વખત રાજાએ તેને (શ્રેષ્ઠીને) સૂર્ય સમાન રત્નને પોતાના ભંડારમાંથી લાવીને દેખાડ્યું અને તેની પ્રતિ કહ્યું. ૨૦૩૪.

૧૧. પૃથ્વી ઉપર આવું બીજું રત્ન વિદ્યમાન છે ? તેણે પણ કહ્યું. પૃથ્વીની મધ્યમાં શું બે રાજા હોય ? (અર્થાત્ આપ બીજું રત્ન છો.) ૨૦૩૫.

૧૨. તેના વચનથી ખુશ થયેલ રાજાએ તેને રાખવા માટે ઉત્તમ રત્ન અર્પણ કર્યું. જેથી તે બંનેની અસ્થિર પ્રીતિ નાશ ન પામે (સ્થિર બને). ૨૦૩૬.

૧૩. એ પ્રમાણે પ્રીતિપૂર્વક તે બંનેનો કેટલોક કાળ ગયે છતે હવે એક વખત રાજા તેની પ્રત્યે કોઈ પણ કારણથી ગુસ્સે થયો. ૨૦૩૭.

૧૪. મહાન પુરુષોને જ સંપત્તિ હોય છે અને આપત્તિ પણ તેઓને જ હોય છે. ચંદ્રમા અને રાહુના દૃષ્ટાંતથી નીચ પુરુષો તેવા પ્રકારના હોય છે. ૨૦૩૮.

૧૫. મસ્તકને પુષ્પનું આભરણ ચઢે છે અને મુંડન કરાય છે. જ્યારે આંખના ભંવરના વાળનો ચય કે અપચય (મંડન કે મુંડન) થતા નથી. ૨૦૩૯.

૧૬. ત્યાર પછી રાજાએ શ્રેષ્ઠીને કારાગૃહમાં રાખ્યો અને તેની રક્ષાને માટે પોતાના સેવકને જોડ્યો. ૨૦૪૦.

૧૭. ત્યારે રાજાએ કારાગારમાં સ્થાપન કરેલ હોવાથી શ્રેષ્ઠીને પાંચ વેળા ધર્મનો વ્યતિક્રમ (ત્રણ કાળ પૂજા અને બે સમય પ્રતિક્રમણ) દુઃખને કરનારો થયો. ૨૦૪૧.

सेवकस्य ततस्तस्य, रहः सौवर्णटङ्ककम् ।
दापयित्वा निजाः पुण्य-वेला साधितवानसौ ।।१८।।

यतो भवे भवे लक्ष्मीः, प्राप्यते भववृद्धिकृत् ।
न तु श्रीधर्मसामग्री, क्षयमेति भवो यथा ।।१९।।

इत्येकविंशतिदिनां-स्तावट्टङ्ककदापनात् ।
स्वकृत्यान्यकरोद्धर्म्मा-दरो लोकोत्तरो ह्यसौ ।।२०।।

प्रसन्नोऽथ सुरत्राण-स्तं निजाङ्गविभूषणैः ।
पञ्चवर्णदुकूलैश्च, पञ्चशः पर्यधापयत् ।।२१।।

ततश्चामन्दवाद्यौघै-र्बहुलोकैश्च संयुतः ।
श्रेष्ठी स्वगृहमायातो, ददानोऽर्थितमर्थिषु ।।२२।।

क्रमेण विजने जाते, रक्षकोऽपि स टङ्ककान् ।
भूपादिभीतः प्रारेभे-ऽर्प्पयितुं गृह्यतामिति ।।२३।।

श्रेष्ठ्यप्युवाच तं भद्र !, मया तेऽमी समर्पिताः ।
तत्त्वमेतान्यथाकामं, दत्स्व भुङ्क्ष्व सुखी भव ।।२४।।

यत्ते प्रसादतो धर्म्मा-ऽनुष्ठानं विदधे मया ।
एकोऽपि धर्म्मसम्बन्धी, क्षणः कोट्यापि दुर्लभः ।।२५।।

तेषु पञ्च मयैकेन, टङ्ककेन कृतार्थिताः ।
ततोऽधिकमपि द्रव्यं, दीयते गृह्यते कथम् ? ।।२६।।

૧૮. ત્યાર બાદ શ્રેષ્ઠીએ તેના સેવકને એકાંતમાં સુવર્ણ ટંક આપીને પોતાના ધર્મનો (પૂજા અને ક્રિયા વગેરે) સમય સાધ્યો. ૨૦૪૨.

૧૯. જે કારણથી ભવની વૃદ્ધિ કરનાર લક્ષ્મી દરેક ભવમાં પ્રાપ્ત કરાય છે. પરંતુ જેમ સંસાર નાશ પામે તેવી ધર્મસામગ્રી પ્રાપ્ત થતી નથી. ૨૦૪૩.

૨૦. એ પ્રમાણે એકવીશ દિવસ પર્યંત તેટલા (એક-એક) ટંક આપવાથી લોકોત્તર ધર્મને વિષે આદરવાળા એણે પોતાના કાર્યો કર્યા. ૨૦૪૪.

૨૧. હવે પ્રસન્ન થયેલ રાજાએ તેને પોતાના અંગના આભૂષણો વડે અને પાંચ વર્ણના રેશમી વસ્ત્રો વડે પાંચ વાર પહેરામણી કરી. ૨૦૪૫.

૨૨. ત્યાર બાદ ઘણા વાજિંત્રોના સમૂહ વડે અને ઘણા લોકોની સાથે અર્થીજનોને વિષે દાનને આપતો શ્રેષ્ઠી પોતાના ઘરે આવ્યો. ૨૦૪૬.

૨૩. અનુક્રમે એકાંત સ્થાન થયે છતે તે સેવકે પણ રાજાના ડરથી સુવર્ણટંકને ગ્રહણ કરો એ પ્રમાણે અર્પણ કરવા માટે પ્રારંભ કર્યું. ૨૦૪૭.

૨૪. શ્રેષ્ઠીએ પણ તેને કહ્યું, હે ભદ્ર ! મારા વડે આ તને સમર્પિત કરાયા છે. તેથી ઈચ્છા મુજબ તું આને (ટંકને) આપ, ભોગવ અને સુખી થા. ૨૦૪૮.

૨૫. જે તારી કૃપાથી મારા વડે ધર્માનુષ્ઠાન કરાયું. ધર્મ સંબંધી એક પણ ક્ષણ કરોડ વડે પણ દુર્લભ હોય છે. ૨૦૪૯.

૨૬. તેઓમાં (ધર્મની ક્ષણોમાં) પાંચ વેલા મારા વડે એકેકે ટંક વડે કૃતાર્થ કરાઈ. તેથી તને અધિક દ્રવ્ય આપવું જોઈએ, ગ્રહણ શી રીતે કરાય ? (અર્થાત્ પાછું ન લેવાય.) ૨૦૫૦.

इति प्रोच्य पुनर्दान-पूर्वं तं विससर्ज सः ।
औचित्याचरणे सन्तः, किं मुह्यन्ति कदाचन ? ।।२७।।

सपादलक्षक्ष्मापालो-ऽन्यदा सेवार्थमागतः ।
सुरत्राणपुरो वस्तु-द्वयं ढौकितवानिदम् ।।२८।।

चान्दनं शकलं मुक्ता-फलद्वन्द्वं च निर्मलम् ।
दृष्ट्वा तदल्पं भूपस्तु, क्षणं रुष्ट इवाऽभवत् ।।२९।।

पश्यन्ति सभ्याः सर्व्वेऽपि, न तु कोऽपि परीक्षयेत् ।
दध्यौ सपादलक्षीयो-प्यहो ! मूर्खा अमी जनाः ।।३०।।

अथोवाच जगत्सिंहो, द्वयमेतदमूल्यकम् ।
चान्दनस्याऽस्य खण्डस्य, पूर्वं माहात्म्यमुच्यते ।।३१।।

अग्नितप्तं शतमण-प्रमाणमपि जायते ।
एतत्खण्डेऽपि मध्यस्थे, तैलं हिमकणोपमम् ।।३२।।

किञ्च षण्मासिकेनापि ज्वरेण विधुरीकृतः ।
घृष्टैतच्छकलं पीत्वा, भवेज्जन्तुर्निरामयः ।।३३।।

कौतुकं मौक्तिकद्वन्द्व-स्यापि देवाऽवधार्यताम् ।
विक्रीयैकतरद्द्वैती-यीकं ग्रन्थौ निबध्यते ।।३४।।

अवश्यं तच्च सन्ध्यायां, मिलत्युत्सुकमित्रवत् ।
श्रुत्वेति विस्मितो भूपः, परीक्षां कृतवांस्तयोः ।।३५।।

૨૭. એ પ્રમાણે કહીને તેણે ફરીથી દાન આપીને તેને વિસર્જન કર્યો. શું સજ્જન પુરુષો ઔચિત્યનું પાલન કરવામાં ક્યારેય મૂંઝાય ? ૨૦૫૧.

૨૮. એક વખત સપાદલક્ષ રાજા સેવાને માટે આવ્યો. સુરત્રાણ રાજાની આગળ એણે બે વસ્તુ મૂકી. ૨૦૫૨.

૨૯. ચંદનનો ટુકડો અને નિર્મલ એવું મુક્તાફલ દ્વન્દ્વ. તે અલ્પને જોઈને રાજા ક્ષણમાત્રમાં ગુસ્સે પામેલ જેવો થયો. ૨૦૫૩.

૩૦. સર્વે સભાજનો જુએ છે પરંતુ કોઈ પણ પરીક્ષા કરી શકતા નથી. સપાદલક્ષીય રાજાએ પણ વિચાર્યું. અહો ! આ લોકો મૂર્ખ છે. ૨૦૫૪.

૩૧. હવે જગતસિંહે કહ્યું. આ બન્ને અમૂલ્ય (કીંમતી) છે. પહેલા ચંદનના આ ટુકડાનો મહિમા કહેવાય છે. ૨૦૫૫.

૩૨. અગ્નિમાં તપાવેલ ચંદન સો મણ પ્રમાણ થાય છે. આ ટુકડાની મધ્યમાં રહેલ તેલ હિમના કણની ઉપમાવાળું છે. ૨૦૫૬.

૩૩. વળી છ માસથી તાવ વડે પીડાતો પ્રાણી પણ આ ચંદનના ટુકડાને ઘસીને પીને રોગરહિત થાય. ૨૦૫૭.

૩૪. હે દેવ ! મુક્તાફલ દ્વન્દ્વના પણ કુતૂહલને સાંભળો. બંનેમાંથી એકને વેચીને બીજાને ગાંઠમાં બંધાય. ૨૦૫૮.

૩૫. સંધ્યાકાળે તે અવશ્ય ઉત્સુક મિત્રની જેમ મળે છે. એ પ્રમાણે સાંભળીને વિસ્મય પામેલ રાજાએ તે બંનેની પરીક્ષા કરી. ૨૦૫૯.

कथं वेत्सीति भूपेन, पृष्टः श्रेष्ठी पुनर्जगौ ।
आबाल्याभ्यासतो वस्तु-परीक्षा शिक्षिता मया ।।३६।।

एवं हि पुण्यविषये, परीक्षा युज्यते सताम् ।
बाह्यवस्तुपरीक्षासु, मोदते न मनो मम ।।३७।।

इत्थं तदुक्तितः प्रीतः, प्रसादं स्फीतमातनोत् ।
तस्मै सपादलक्षीय-क्ष्मापाय च स भूमिराट् ।।३८।।

एवं पञ्चाऽऽराधयन्पुण्यवेलाः, यावज्जीवं सत्यभाषां च जल्पन् ।
जैनं जाग्रच्छासनं भूरिकालं, चक्रे श्रेष्ठी श्रीजगत्सिंहनामा ।।३९।।

।। इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारे षष्ठ उपदेशः ।।१६।।

૩૬. તું શી રીતે જાણે છે ? એ પ્રમાણે રાજા વડે પૂછાયું. શ્રેષ્ઠીએ ફરીથી કહ્યું. મારા વડે બાલપણના અભ્યાસથી વસ્તુની પરીક્ષા શિખાયેલી છે. ૨૦૬૦.

૩૭. એ પ્રમાણે ખરેખર ધર્મના વિષયમાં સજ્જનોની પરીક્ષા યોગ્ય છે. બાહ્ય વસ્તુની પરીક્ષામાં મારું મન આનંદ પામતું નથી. ૨૦૬૧.

૩૮. એ પ્રમાણે તે ઉક્તિથી ખુશ થયેલ તે રાજાએ તે સપાદલક્ષીય રાજા પર ઘણી કૃપા કરી. ૨૦૬૨.

૩૯. એ પ્રમાણે પાંચ વેળા ધર્મને આરાધતો (ત્રણ કાળ પૂજા અને બે સમય પ્રતિક્રમણ કરતો) અને જીવનપર્યંત સત્યભાષાને બોલતા શ્રી જગતસિંહ નામના શ્રેષ્ઠીએ ઘણા કાળ પર્યંત જૈન શાસનને જાગૃત કર્યું. ૨૦૬૩.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના પાંચમા અધિકારમાં છઠ્ઠો ઉપદેશ છે. ॥

"उपदेशः-७"

श्लाघ्यस्तदीयतनयोऽपि वणिग्वरेण,
रुद्धोऽपि यो निजपितुः शपथं न चक्रे ।
श्रीदेवतीर्थगुरुराड्जनकादिकानां,
कार्येमहत्यपियतःशपथोनकार्यः ।।१।।

जगत्सिंहमहेभ्यस्य, तनयश्चतुराशयः ।
नाम्ना मदनसिंहोऽभूत्, तथैव ख्यातिमान् जने ।।१।।

खुरसाणमहास्थान-वास्तव्यो धनदाभिधः ।
प्रीतिपात्रमभूद्वस्तु-पतिस्तस्य पितुः पुरा ।।२।।

दिवंगते जगत्सिंहे, सोऽन्यदा योगिनीपुरे ।
आगतो व्यवसायार्थं, तद्गृहेऽप्याजगाम च ।।३।।

कुटुम्बक्षेमनिर्वाह-व्यवसायादिपृच्छया ।
तद्वत्तस्य सुतेऽप्येष, व्यवहारचिकीरभूत् ।।४।।

परं तस्य परीक्षार्थं, स उपायमिति व्यधात् ।
ऐहिकाऽमुष्मिके कार्ये, परीक्षा युज्यते सताम् ।।५।।

सोनउं चंदन सप्पुरिस, आपण पीड खीमंति ।
कुलकसबट्टइं जाणीयइ, जइ उपकार करंति ।।१।।

ध्यात्वेति तं प्रति प्राह, मायया कृत्रिमादरः ।
मया तव पितुः पार्श्वा-ल्लभ्यं यत्तत्समर्प्पय ।।६।।

"ઉપદેશ-૭"

૧. શ્રેષ્ઠ વાણિયા વડે અટકાવાયેલ પણ જગતસિંહનો પુત્ર જેણે પિતાના સોગંદને ન કર્યા (તે જ) વખાણવા યોગ્ય છે. જે કારણથી મોટા કાર્યમાં પણ શ્રી દેવની-ગુરુની-તીર્થની-રાજાની-પિતા વિગેરેની સોગંદ ન કરવી જોઈએ. ૨૦૬૪.

૧. જગતસિંહ શ્રેષ્ઠિને ચતુર આશયવાળો લોકોમાં તે પ્રમાણે જ પ્રખ્યાતિવાળો મદનસિંહ નામે પુત્ર હતો. ૨૦૬૫.

૨. પહેલા ખુરસાણ નામના મોટા સ્થાનમાં વસનારો ધનદ નામે વસ્તુપતિ (ધનપતિ) હતો. તે તેના પિતાને પ્રીતિપાત્ર હતો. ૨૦૬૬.

૩. જગતસિંહ સ્વર્ગમાં ગયે છતે એક વખત તે યોગિનીપુરમાં વ્યવસાય (વેપાર) ને માટે આવ્યો અને તેના ઘરમાં ગયો. ૨૦૬૭.

૪. કુટુંબના ક્ષેમ-કુશલ-વ્યાપારાદિની પૃચ્છા કરવા વડે તેની (શ્રેષ્ઠીની) જેમ તેના પુત્રને વિષે પણ એણે વ્યવહાર કર્યો. ૨૦૬૮.

૫. પરંતુ તેની પરીક્ષાને માટે તેણે એ પ્રમાણે ઉપાય કર્યો. આલોક અને પરલોકનાં કાર્યમાં સજ્જનોની પરીક્ષા કરાય છે. ૨૦૬૯.

૧. સોનું-ચંદન-સત્પુરુષો પોતે પીડાને સહન કરે છે. જે ઉપકાર કરે છે તે કુલરૂપી કસોટીનો પત્થર જાણવો. ૨૦૭૦.

૬. એ પ્રમાણે વિચારીને કૃત્રિમ આદરવાળા તેણે માયા વડે તેની (મદનસિંહની) પ્રતિ કહ્યું, મારા વડે તારા પિતાની પાસેથી લેણું બાકી છે તે તું સમર્પણ કર. ૨૦૭૧.

यतो बहूनि वर्षाणि, त्वत्पित्रा सह निर्म्मितः ।
व्यवहारो मया तेन, लभ्यं देयं च बह्वपि ।।७।।

तुरङ्गमशतं दत्त्वा, देयं निर्वालितं पुरा ।
औत्सुक्यात्स्वपुरे प्राप्तं, शेषं लभ्यं त्विह स्थितम् ।।८।।

कियल्लभ्यमिति प्रोक्ते, सोऽब्रवीज्जीर्णनाणकैः ।
लभ्याः सहस्रा द्वात्रिंशद्यदि युक्तिस्तदाऽर्प्यताम् ।।९।।

सुतोऽप्याह पितुर्देयं, स्तोकमप्यथवा बहु ।
वहिकायां यथादृष्टा-ऽभिधानं प्रददे मया ।।१०।।

परं तत्र भवन्नाम, क्वाऽपि नाऽऽलोकितं मया ।
अपि लभ्यं कथं लभ्यं ?, विना लिखितभाषितम् ।।११।।

पुनर्जगाद तं श्रेष्ठी, चित्ते हृष्टोऽपि रुष्टवत् ।
अरे ! देयं पितुः पुत्रो, दत्ते काऽत्र विचारणा ।।१२।।

श्रेष्ठिन् ! मुधा प्रयासोऽयं, भवद्भिः क्रियते कुतः ? ।
साक्षिणं लिखितं वाऽपि, विना लभ्यं न लप्स्यते ।।१३।।

गतः श्रेष्ठी सुरत्राण-सभायां प्राह तत्पुरः ।
देव ! विज्ञप्यमस्त्येकं, यद्यत्र विजनं भवेत् ।।१४।।

राज्ञा तथाकृते सोऽवक्, कृत्रिमः कलहो मया ।
प्रारब्धोऽस्ति परीक्षार्थं, जगत्सिंहाङ्गजन्मना ।।१५।।

૭. જે કારણથી ઘણા વર્ષો પર્યંત તારા પિતાની સાથે મારા વડે વ્યવહાર કરાયો તેથી લેણું અને દેણું પણ ઘણું છે. ૨૦૭૨.

૮. પહેલા સેંકડો ઘોડાઓ આપીને દેવું પૂરું કરાયું ઉત્સુકતાથી પોતાના નગરમાં ગયો. વળી બાકી રહેલું લેણું અહીં રહ્યું. ૨૦૭૩.

૯. કેટલું લેણું બાકી છે એ પ્રમાણે કહેતે છતે તેણે (ધનદે) કહ્યું. જૂના નાણા વડે બત્રીશ હજાર લેણું છે. જો યોગ્ય હોય તો અર્પણ કર. ૨૦૭૪.

૧૦. પુત્રે (મદનસિંહે) પણ કહ્યું. પિતાનું દેવું થોડું અથવા ઘણું હોય. મારા વડે ચોપડામાં જે પ્રમાણે નામ જોવાય. તે પ્રમાણે અપાય. ૨૦૭૫.

૧૧. પરંતુ મારા વડે આપનું નામ ત્યાં (ચોપડામાં) ક્યાંય પણ જોવાયું નથી. લખાણ વાંચ્યા વિના લેણું પણ શી રીતે મેળવાય ? અપાય ? ૨૦૭૬.

૧૨. ચિત્તમાં આનંદિત શ્રેષ્ઠીએ પણ ગુસ્સે થયેલાની જેમ તેને ફરીથી કહ્યું. અરે ! પિતાનું દેવું પુત્ર આપે છે. અહીં શું વિચારણા છે. ૨૦૭૭.

૧૩. હે શ્રેષ્ઠી ! તમારા વડે ફોગટ આ પ્રયાસ શા માટે કરાય છે? સાક્ષી અથવા લખાણ વિના લેણું મેળવાશે નહીં. ૨૦૭૮.

૧૪. શ્રેષ્ઠી રાજાની સભામાં ગયો અને તેની આગળ કહ્યું. હે દેવ ! જો અહીં એકાંત હોય તો એક વિનંતિ છે. ૨૦૭૯.

૧૫. રાજા વડે તે પ્રમાણે કરાયે છતે તેણે (ધનદે) કહ્યું. જગતસિંહના પુત્રની સાથે પરીક્ષાને માટે મારા વડે કૃત્રિમ કલહ આરંભ કરાયો છે. ૨૦૮૦.

यत्तत्प्रलपने दोषो, न देयो मम कश्चन ।
इति प्रच्छन्नमाख्याय, सर्वाऽध्यक्षं ततोऽब्रवीत् ।।१६।।

जगत्सिंहान्तिके राजन् !, मया लभ्यमभूत्पुरा ।
तत्सुतो नाऽर्पयत्येष, क्रियते किं ? त्वमादिश ।।१७।।

नृपाऽऽहूतः सभामेत्य, स्वस्वरूपं सुतो जगौ ।
सोऽप्यात्मीयं ततो जातो, विवाद उभयोरपि ।।१८।।

प्राह वस्तुपतिर्लभ्यं, न चेत्त्वत्पितुरन्तिके ।
सर्वेषां पश्यतां तर्हि, त्वं तातशपथं कुरु ।।१९।।

सधैर्यमवदत् पुत्रो, न तातशपथं सृजे ।
गृह्णातु लभ्यमात्मीयं सर्वस्वमथवा भवान् ।।२०।।

विक्रीणेऽहं कथं द्वात्रिं-शत्सहस्त्रैः स्वबीजिनम् ? ।
कोटीभिरुपकाराणा-मपि यो दुष्प्रतिक्रियः ।।२१।।

केचिन्मूर्खाः निजपितु-र्गलस्य रुधिरस्य वा ।
कुर्वन्ति शपथांस्तेषां गतिं जानाति केवली ।।२२।।

यतः -

"सच्चेणवि अलीएणवि चेइअसम्मं करेइ जो मूढो ।
हणिऊण बोहिबीयं, अणंतसंसारिओ होइ ।।१।।"

इत्थं तदुक्तिमाकर्ण्य, सर्वे सभ्याः सविस्मयाः ।
तत्प्रशंसां वितन्वन्ति, सोऽपि वस्तुपतिर्जगौ ।।२३।।

૧૬. જે - તે બોલવામાં મને કોઈ દોષ ન આપવો. એ પ્રમાણે ગુપ્ત રીતે કહીને ત્યાર પછી સર્વ લોકની સમક્ષ આ પ્રમાણે કહ્યું. ૨૦૮૧.

. ૧૭. હે રાજન્ ! પહેલા જગતસિંહની પાસે મારા વડે લેણું હતું. તેનો આ પુત્ર અર્પણ કરતો નથી. શું કરાય ? તમે આદેશ આપો. ૨૦૮૨.

૧૮. રાજાએ બોલાવેલ પુત્રે સભામાં આવીને પોતાના વૃત્તાંતને કહ્યો. તેણે (ધનદે) પણ પોતાનો (વૃત્તાંત) કહ્યો, ત્યારબાદ બન્નેમાં વિવાદ થયો. ૨૦૮૩.

૧૯. વસ્તુપતિએ કહ્યું. જો તારા પિતાની પાસે (મારું) લેણું ન હોય તો સર્વે લોકો જોતે છતે તું પિતાના સોગંદ કર. ૨૦૮૪.

૨૦. પુત્રે ધૈર્યતાપૂર્વક કહ્યું. હું પિતાના સોગંદ નહીં કરું તમારું લેણું અથવા મારું સર્વસ્વ તમે ગ્રહણ કરો. ૨૦૮૫

૨૧. હું બત્રીશં હજાર વડે મારા પિતાને શી રીતે વેચું ? કરોડો ઉપકારો વડે પણ જે બદલો વળાતો નથી., ૨૦૮૬.

૨૨. કેટલાક મૂર્ખ લોકો પોતાના પિતાના ગળાની અથવા લોહીની સોગંદ કરે છે. તેઓની ગતિને કેવળી ભગવંત જાણે છે. ૨૦૮૭.

જે કારણથી -

૧. જે મૂઢ પ્રાણી સાચી રીતે પણ અને ખોટી રીતે પણ પરમાત્માના સોગંદ કરે છે. તે બોધિબીજને હણીને અનંત સંસારી થાય છે. ૨૦૮૮.

૨૩. અહીં તેના વચનને સાંભળીને સર્વે સભાજનો વિસ્મય પામ્યા. તેની પ્રશંસાને કરે છે. તે ધનદે પણ કહ્યું. ૨૦૮૯.

वत्स ! त्वं धन्यमूर्द्धन्यो, यस्य साहसमीदृशम् ।
परीक्षेयं मया चक्रे, लभ्यं मेऽस्ति न किञ्चन ।।२४।।

यतः कण्ठीरवापत्यं, भवेत्कण्ठीरवोपमम् ।
न सूर्यात्तामसी वृष्टि-र्न चाङ्गारमयी विधोः ।।२५।।

इति तं श्लाघयित्वा स, जगत्सिंहपदे परे ।
निवेश्य तद्वत्तत्रापि, व्यवहारमतन्तनीत् ।।२६।।

एवं मदनसिंहोऽपि, वल्लभोऽभून्नृपादिषु ।
तत्र तत्र प्रतिष्ठा स्यात्, यत्र यत्र गुणादरः ।।२७।।

ग्लानीभूतं सुरत्राणं, मेदपाटागतोऽन्यदा ।
पोलाऽभिधो महावैद्यो, विदधे विगताऽऽमयम् ।।२८।।

ततः प्रभृति राजादे-रपि मान्यो बभूव सः ।
रसाङ्गवेदी शास्त्रज्ञो, विविधौषधयोगवित् ।।२९।।

स नालिकेरनवकं, भनक्ति युगपद्बली ।
पूगीफलं च तस्यान्तः, स्वाङ्गुष्ठेन क्षिपत्यसौ ।।३०।।

जानुकक्षाकफोणीना-मंसयोश्च द्विकं प्रति ।
निवेश्य चिबुके चैकं, चूर्णयत्येवमेव तत् ।।३१।।

महाजनेन सार्द्धं सो-ऽन्यदा शालामुपागतः ।
लिङ्गिना क्रियमाणे च, व्याख्याने समुपाविशत् ।।३२।।

૨૪. હે વત્સ ! તું ધનવાનોમાં અગ્રણી છો કે જેનું આવા પ્રકારનું સાહસ છે. મારા વડે આ (તારી) પરીક્ષા કરાઈ. મારું કાંઈ લેણું નથી. ૨૦૯૦.

૨૫. જે કારણથી સિંહનું બચ્ચું સિંહની ઉપમાવાળું થાય. સૂર્યથી તામસી વૃષ્ટિ ન થાય અને ચંદ્રમાંથી અંગારાવાળી વૃષ્ટિ ન થાય. ૨૦૯૧.

૨૬. એ પ્રમાણે તેણે તેની પ્રશંસા કરીને જગતસિંહના પદ પર સ્થાપન કરીને તેની (જગતસિંહની) જેમ ત્યાં (મંદનસિંહ સાથે) પણ વ્યવહાર કર્યો. ૨૦૯૨.

૨૭. એ પ્રમાણે મદનસિંહ પણ રાજા વગેરેને પ્રિય થયો. જ્યાં જ્યાં ગુણોનો આદર હોય ત્યાં ત્યાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય. ૨૦૯૩.

૨૮. એક વખત બિમાર પડેલ સુરત્રાણ રાજાને મેદપાટથી આવેલા પોલા નામના મોટા વૈદ્યરાજે નિરોગી કર્યો. ૨૦૯૪.

૨૯. ત્યારથી માંડીને રસોના (ઔષધોના) અંગોને (ભેદોને) જાણનાર, શાસ્ત્રને જાણનાર, વિવિધ પ્રકારની ઔષધિઓના યોગને જાણનાર (અર્થાત્ ઔષધિઓને મિશ્ર કરવાની પદ્ધતિ તથા ફલને જાણનાર) તે રાજા વિગેરેને પણ માન્ય થયો. ૨૦૯૫.

૩૦. તે એટલો બળવાન હતો કે એકી સાથે નવ નાળિયેરને ભાંગી નાખે છે અને તેની અંદર સોપારીને પોતાના અંગુઠા વડે તોડી નાખે છે. ૨૦૯૬.

૩૧. બે જાનું, બે કાંખ, બે કોણી, બે ખભા અને એક નાકને વિષે (સોપારીને) મૂકીને એ પ્રમાણે જ - તે સોપારીનું ચૂર્ણ કરે છે. ૨૦૯૭.

૩૨. એક વખત તે (વૈદ્યરાજ) મહાજનની સાથે ઉપાશ્રયમાં આવ્યો અને તાપસ વડે વ્યાખ્યાન કરાતે છતે તે બેઠો. ૨૦૯૮.

तत्राऽधिकारे कुत्राऽपि, तपोगच्छावहीलनम् ।
चकारात्मस्तुतिं चैष, पोलाकोऽथावदत्तदा ।।३३।।

अरे बोत्कट ! किं ब्रूषे ?, न पश्यसि महाजनम् ? ।
इत्युक्त्वा सहसोत्थाय, तं जघान चपेटया ।।३४।।

जातो रोषारुणो लिङ्गी, सुरत्राणसभां ययौ ।
वैद्योऽपि तत्र प्राप्तश्च, स्वस्ववृत्तान्तमूचतुः ।।३५।।

उभयोरपि मान्यत्वाद्-भूपो यावज्जगाद न ।
तावन्मदनसिंहोऽवग्, देव ! काऽत्र विचारणा ? ।।३६।।

जिह्वा व्यापारितैकेना-न्यश्च हस्तमवाहयत् ।
एकस्य दण्डेऽन्यस्यापि, दण्डस्तन्नोभयोरपि ।।३७।।

श्रुत्वेति हसितः स्वान्ते, सान्त्वयित्वा मृदूक्तिभिः ।
तावुभावपि राजेन्द्रः, स्वस्थाने व्यसर्जयत् ।।३८।।

एवं यथा मदनसिंहमहेभ्य एषः, प्राणात्ययेऽपि शपथं स्वपितुर्न चक्रे ।
तेनार्हदादिविषये शपथो न कार्यः, सत्योऽप्यसत्य इह भव्यजनैर्विधिज्ञैः ।।३९।।

।। इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारे सप्तम उपदेशः ।।७।।

૩૩. ત્યાં અવસરે એણે ક્યાંક પણ તપાગચ્છની અવહીલના (નિંદા) કરી અને પોતાની સ્તુતિ કરી. ત્યારે પોલાકે કહ્યું. ૨૦૯૯.

૩૪. અરે કુલિંગી ! શું બોલે છે ? મહાજનને જોતો નથી ? એ પ્રમાણે કહીને એકાએક ઉઠીને થપ્પડ વડે તેને માર્યો. ૨૧૦૦.

૩૫. તાપસ રોષથી લાલ થયો અને રાજાની સભામાં ગયો. વૈદ્યરાજ પણ ત્યાં આવ્યો અને બંનેએ પોતપોતાના વૃત્તાંતને કહ્યો. ૨૧૦૧.

૩૬. બંનેને પણ માન્ય હોવાથી રાજાએ જ્યારે કશું ય ન કહ્યું, ત્યારે મદનસિંહે કહ્યું, હે દેવ ! અહીં શું વિચાર કરો છો ? ૨૧૦૨.

૩૭. એક વડે જીભનો વ્યાપાર કરાયો અને બીજાએ હાથને ચલાવ્યો. એકના દંડમાં બીજાને પણ દંડ થાય તેથી બંનેને પણ દંડ નથી. ૨૧૦૩.

૩૮. એ પ્રમાણે સાંભળીને રાજેન્દ્ર પોતાના અંતરમાં હસ્યો અને મૃદુ વચનો વડે સાન્ત્વના આપીને તે બંનેને પણ પોતપોતાના સ્થાને વિસર્જન કર્યા. ૨૧૦૪.

૩૯. એ પ્રમાણે જેમ આ મદનસિંહે શ્રેષ્ઠીથી પ્રાણોનો નાશ હોતે છતે પણ પોતાના પિતાના સોગંદ ન કર્યા, તેથી વિધિને જાણનાર ભવ્ય પ્રાણીઓ વડે અરિહંતાદિ વિષયમાં આલોકમાં સત્ય અથવા અસત્ય પણ સોગંદ કરવા યોગ્ય નથી. ૨૧૦૫.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના પાંચમા અધિકારમાં સાતમો ઉપદેશ છે. ॥

"उपदेशः-८"

हिंसा बुधैः प्राणवियोग उच्यते, प्राणाश्च बाह्या द्रविणानि देहिनाम् ।
हताश्च ते तेन हतानि येन चा-ऽन्यस्वानि तक्ष्णोऽत्र निदर्शनं प्रिया ।।१।।

सूदा-सूरा-सूण्टा-सोना-नामान इह समहिमानः ।
अभवन्निभ्याश्चतुरा-श्चत्वारस्तामलिप्तपुरे ।।१।।

बृहत्कुटुम्बा द्रव्याढ्याः, प्रीतिभाजः परस्परम् ।
समानवयसो राज-सभाशृङ्गारहेतवः ।।२।।

भद्रप्रकृतयः सर्व-धर्मकर्म्मसु लालसाः ।
अन्योऽन्यमित्यालोचन्ते, सृजन्ति स्माऽन्यदा रहः ।।३।।

अर्जितं द्रविणं भुक्ताः, भोगा जाताः सुतादयः ।
प्राप्तो मानो नृपादिभ्यो, नात्मकार्यं कृतं परम् ।।४।।

स्वस्थावस्थे शरीरेऽत्र, धर्म्मः कार्यो मनीषिभिः ।
आदीप्ते भवने कूप-खननं कः समाचरेत् ? ।।५।।

विमृश्येति स्वस्वगेह-चिन्तां स्वस्वाङ्गजेष्वमी ।
आरोप्य तीर्थयात्रायै, चेलुः संन्यासवेषिणः ।।६।।

पृथक् पृथग् लक्षमूल्यरत्नगर्भाः विहङ्गिकाः ।
स्कन्धे दधानास्ते मार्ग-मुल्लङ्घन्ते शनैः शनैः ।।७।।

एकत्र नगरे प्राप्ता-स्तत्र सूत्रभृतो गृहे ।
भुक्त्वा भलापयित्वा च, तत्पत्न्यास्ता विहङ्गिकाः ।।८।।

"ઉપદેશ–૮"

૧. પ્રાણોનો વિયોગ એ હિંસા છે અને બાહ્ય પ્રાણો એ પ્રાણીઓનું ધન છે. એમ પંડિત પુરુષો વડે કહેવાય છે. જેના વડે બીજાનું ધન હરણ કરાયું, તેના વડે પ્રાણો હણાયા છે. અહીં સુથારની પત્નીનું દૃષ્ટાંત છે. ૨૧૦૬.

૧. તામલિપ્તપુરમાં સૂદા-સૂરા-સૂંટા અને સોના નામવાળા પ્રભાવશાળી ચતુર એવા ચાર શ્રેષ્ઠીઓ હતા. ૨૧૦૭.

૨. મોટા કુટુંબવાળા, ઘણા ધનવાળા, પરસ્પર પ્રીતિવાળા, સમાન વયવાળા, *રાજાની સભાના શણગારના હેતુભૂત* - ૨૧૦૮.

૩. સરલ સ્વભાવવાળા, સર્વ ધર્મકાર્યમાં તત્પર એ પ્રમાણે એકબીજાનો વિચાર કરે છે. એક વખત એકાંતમાં વિચારે છે. ૨૧૦૯.

૪. ધન મેળવાયું, ભોગો ભોગવાયા, પુત્રો વિગેરે થયા. રાજાથી માન પણ પ્રાપ્ત થયું પરંતુ આત્માનું કાર્ય ન કર્યું. ૨૧૧૦.

૫. અહીં શરીર સ્વસ્થ હોતે છતે (નિરોગી હોતે છતે) બુદ્ધિશાળીઓ વડે ધર્મ કરવા યોગ્ય છે. ઘર સળગતે છતે કૂવો ખોદવાનું કોણ કરે ? ૨૧૧૧.

૬. એ પ્રમાણે વિચારીને પોતપોતાના ઘરની ચિંતા પોતપોતાના પુત્રોને સોંપીને સંન્યાસના વેષવાળા તેઓ તીર્થયાત્રાને માટે ચાલ્યા. ૨૧૧૨.

૭. લાખના મૂલ્યવાળા રત્નથી યુક્ત જુદી જુદી ઝોળીઓ ખભા પર ધારણ કરનારા તેઓ ધીરે-ધીરે માર્ગને ઓળંગે છે. ૨૧૧૩.

૮. તેઓ એક નગરમાં આવ્યા ત્યાં સુથારના ઘરે ભોજન કરીને અને તેમની સુથારની પત્નીને તે ઝોળીઓ ભળાવીને - ૨૧૧૪.

मध्ये चतुष्पथं प्राप्ता-स्तत्रत्यक्षितिपाग्रतः ।
विधीयमानमैक्षन्त, नाटकं नाट्यकोविदैः ।।९।।

तदा च विजनं मत्वा, रत्नं वर्द्धकिभार्यया ।
विहङ्गिकास्थं सूरस्य, हृतं तज्जीवितोपमम् ।।१०।।

अतिवाह्य दिनं तत्र, नाटके तेऽपि मन्दिरे ।
तत्रैव सायमायाताः, वासकं चावतस्थिरे ।।११।।

प्रातः समुत्थिताः स्वाः स्वाः, असम्भाल्य विहङ्गिकाः ।
स्कन्धे कृत्वा पुरश्चेलु-र्गङ्गायां ते क्रमाद्गताः ।।१२।।

तत्र स्नादिपुण्यानि, कृत्वा श्राद्धं चिकीर्षवः ।
क्रष्टुं प्रवृत्ताः स्वस्वानि, रत्नानि व्ययनेच्छया ।।१३।।

सूरस्तदानीमात्मीयं, तदपश्यन्नुवाच तान् ।
बान्धवाः ! मम तद्रत्नं, हृतं केनाऽपि पापिना ।।१४।।

एता विहङ्गिकाः प्रायः, सर्वदाऽप्यात्मसन्निधौ ।
अस्थापयाम तत्कस्य, कार्या सम्भावनाऽत्र भोः ! ।।१५।।

मिथो विमृश्य तां तेषा-मेकः प्राह निशम्यताम् ।
यदा वर्द्धकिगेहान्त-र्मुक्ता एता विहङ्गिकाः ।।१६।।

तदाऽऽत्मनां तत्र नृत्ये, व्यग्राणां सूत्रभृद्गृहे ।
तद्भार्यैवाऽभवत्तेन, तस्याः सम्भाव्यते ह्यदः ।।१७।।

૯. ચૌટાની (ચૌરાહાની) મધ્યમાં આવ્યા. ત્યાંના રાજાની આગળ નટ લોકો વડે કરાતા નાટકને જોયું. ૨૧૧૫.

૧૦. ત્યારે એકાંત સ્થાન માનીને સુથારની પત્ની વડે તેના સૂરની જીવિતની ઉપમાવાળું સૂરની ઝોળીમાં રહેલું રત્ન હરણ કરાયું. ૨૧૧૬.

૧૧. તેઓ (સંન્યાસીઓ) પણ ત્યાં નાટકમાં દિવસ વિતાવીને સંધ્યાકાળે ત્યાં જ (સુથારના) ઘરે આવ્યા અને રાતવાસો (રાત્રે) રહ્યાં. ૨૧૧૭.

૧૨. સવારે ઉઠીને પોતપોતાની ઝોળી સંભાળ્યા વિના ખભા પર નાંખીને તેઓ અનુક્રમે ગંગા તરફ આગળ ચાલ્યા. ૨૧૧૮.

૧૩. ત્યાં સ્નાનાદિ પુણ્યકાર્ય કરીને શ્રાદ્ધ કરવાની ઈચ્છાવાળા પોતપોતાના રત્નોના વ્યયની ઈચ્છા વડે ઝોળીમાંથી કાઢવા લાગ્યા. ૨૧૧૯.

૧૪. ત્યારે સૂરે પોતાનું રત્ન નહીં જોતા તેઓને કહ્યું. ભાઈઓ ! મારું તે રત્ન કોઈ પણ પાપી વડે હરણ કરાયું. ૨૧૨૦,

૧૫. આ ઝોળી પ્રાયઃ હમેશાં આપણી પાસે જ રાખેલી હતી. અરે ! અહીં તે રત્ન હરણ કરવામાં કોની શંકા કરાય ? ૨૧૨૧.

૧૬. પરસ્પર વિચાર કરીને તેઓમાં એક સંન્યાસીએ તેને કહ્યું, સાંભળ જ્યારે સુથારના ઘરમાં આ ઝોળી મૂકાઈ. ૨૧૨૨.

૧૭. ત્યારે આપણે ત્યાં નાટક જોવામાં વ્યગ્ર હતા. સુથારના ઘરે તેની પત્ની જ હતી તેથી તેણીનું આ કાર્ય સંભવે છે. ૨૧૨૩.

सत्यं सत्यमिति प्रोचु-रपरेऽपि त्रयस्ततः ।
सूरेऽवादीदहो ! कीदृक्, तस्याः पातकपाटवम् ? ।।१८।।

हा ! निष्कारणवैरिण्या, महोद्वेगस्तया कियान् ।
कृतो ममेत्युरस्तापा-द्विलापानकरोद्बहून् ।।१९।।

कथं श्राद्धविधिः कार्य-स्त्यागयागादयः कथम् ? ।
अन्यान्यपि हि पुण्यानि, क्रियन्ते निर्द्धनैः कथम् ? ।।२०।।

दध्यौ च स्वगतं यद्वे-तया दुःखं ममेदृशम् ।
कृतं तदाऽहमप्यस्याः, करिष्ये दुःखमुल्बणम् ।।२१।।

विमृश्येत्याह सूरस्तान्, भो भोः शृणुत बान्धवाः ! ।
अहमत्र मरिष्यामि, विमोच्य करपत्रकम् ।।२२।।

निदानेन भविष्यामि, सुतस्तस्याः सुरूपभृत् ।
भवे तत्राऽपि मर्त्ताऽस्मि, भूत्वा द्वादशवार्षिकः ।।२३।।

एवं कृते च तस्याः स्यात्, महद्दुःखं हि नाऽन्यथा ।
कृते प्रतिकृतिं कुर्या-दिति शास्त्रेऽपि पठ्यते ।।२४।।

परं तत्समये तत्र, युष्माभिरपि बान्धवाः ! ।
आगत्याऽयं व्यतिकरः, श्राव्यस्तस्याः सविस्तरम् ।।२५।।

लात्वा तत्पार्श्वतो रत्नं, व्ययनीयमिहैत्य च ।
एतदर्थं च युष्माभि-र्दीयतां दक्षिणः करः ।।२६।।

૧૮. ત્યારપછી સાચું છે સાચું છે એ પ્રમાણે બીજા ત્રણ સંન્યાસીઓએ પણ કહ્યું. સૂરે કહ્યું. અહો ! તેણીની પાપની કુશલતા કેવા પ્રકારની છે ? ૨૧૨૪.

૧૯. ખેદની વાત છે. નિષ્કારણ તે વૈરિણી વડે મને કેટલો મહાન ઉદ્વેગ કરાયો. એ પ્રમાણે ઘણા છાતીફાટ વિલાપોને કર્યા. ૨૧૨૫.

૨૦. શ્રાદ્ધવિધિ શી રીતે કરાય ? ત્યાગ-યાગ (યજ્ઞ) વગેરે શી રીતે (કરાય ?) ખરેખર નિર્ધનો વડે બીજા-બીજા પણ પુણ્યકાર્યો શી રીતે કરાય ? ૨૧૨૬.

૨૧. તેણે ગયેલા ધનને વિચાર્યું અને આની વડે મને આવા પ્રકારનું દુઃખ કરાયું ત્યારે તેથી હું પણ આને ઘણું ભયંકર દુઃખ આપીશ. ૨૧૨૭.

૨૨. એ પ્રમાણે વિચારીને સૂરે તેઓને કહ્યું, 'અરે ! અરે ! ભાઈઓ તમે સાંભળો, હું અહીં કરવતને મૂકીને મરી જઈશ.' ૨૧૨૮.

૨૩. (એ પ્રમાણેનાં) નિયાણા વડે સારા રૂપવાળો હું તેણીનો પુત્ર થઈશ. તે ભવમાં પણ બાર વર્ષનો થઈને મરી જઈશ. ૨૧૨૮.

૨૪. ખરેખર એ પ્રમાણે કરતે છતે તેણીને ઘણું દુઃખ થાય, અન્યથા નહીં. ખરાબ કરનારને વિષે પ્રતિક્રિયા કરવી જોઈએ. એ પ્રમાણે શાસ્ત્રમાં પણ કહેવાય છે. ૨૧૨૯.

૨૫. હે ભાઈઓ ! તે સમયે તમારા વડે પણ ત્યાં આવીને આ વૃત્તાંત તેણીને વિસ્તારપૂર્વક સંભળાવવો. ૨૧૩૦.

૨૬. તેની (સુથારની પત્ની) પાસેથી રત્નને લાવીને અહીં (ધર્મમાં) વ્યય કરવો. એ માટે તમારા વડે જમણો હાથ અપાય (આપણે બે હાથ મેળવીને પ્રતિજ્ઞા કરીએ.) ૨૧૩૧.

तदुक्तिप्रतिपत्तिं ते-ऽप्यूरीकृत्य गता गृहम् ।
तथैव साधयामास, सूरोऽपि मरणं तदा ।।२७।।

तज्जीवस्तनयत्वेन, तस्याः कुक्षाववांतरत् ।
व्यभिचारि निदानं नो, कृतकष्टानुमानतः ।।२८।।

काले च तनयो जातः, कृतमाणिक्यनामकः ।
लालितः पालितो वृद्धिं, प्रापितः पाठितश्च सः ।।२९।।

कन्यां रूपवतीं प्रौढ-कुलजां परिणायितः ।
कुटुम्बभारधौरेयो, जातो द्वादशवार्षिकः ।।३०।।

अथ ते कृतसङ्केता-स्त्रयोऽपि व्यवहारिणः ।
प्राप्तास्तत्र पुरे प्राग्वद्यात्रायै निर्मितोद्यमाः ।।३१।।

तस्य सूत्रभृतो गेहे, तं पश्यन्ति कुमारकम् ।
वदन्ति च स एवाऽय-मित्यन्योऽन्यं हसन्ति च ।।३२।।

अत्रान्तरे शिशोस्तस्य, चटितो दारुणज्वरः ।
आहूता बहवो वैद्याः, कृता नानाप्रतिक्रियाः ।।३३।।

तथाऽपि स मृतो बालः, स्यान्निदानं किमन्यथा ।
कृतः समस्तैरुद्वेगो, जनन्या तु विशेषतः ।।३४।।

तदा ते तामिति प्रोचु-र्भद्रे ! स्वकृतकर्म्मणः ।
भवेऽत्रैव फलं प्राप्तं, साऽवदत् किं मया कृतम् ? ।।३५।।

૨૭. તેના વચનને સ્વીકારીને મનમાં ધારણ કરીને ઘેર ગયા. ત્યારે સૂરે પણ તે પ્રમાણે જ મરણને સાધ્યું. ૨૧૩૨.

૨૮. તેનો સૂરનો જીવ તેણીની કુક્ષીમાં પુત્રપણે અવતર્યો. કરેલ કષ્ટના અનુમાનથી નિયાણું નિષ્ફળ થતું નથી. ૨૧૩૩.

૨૯. અમુક કાલે માણિક્ય નામવાળો પુત્ર થયો અને તે લાલન કરાયો. મોટો થયો અને ભણાવાયો. ૨૧૩૪.

૩૦. (તેને) પ્રૌઢ કુલમાં ઉત્પન્ન થયેલી રૂપવતી કન્યા પરણાવાઈ. કુટુંબના ભારને ધારણ કરતો તે બાર વર્ષનો થયો. ૨૧૩૫.

૩૧. હવે (પૂર્વે) સંકેત કરાયેલ પહેલાની જેમ યાત્રાને માટે કરાયેલ ઉદ્યમવાળા ત્રણે પણ વ્યવહારીઓ તે જ નગરમાં આવ્યા. ૨૧૩૬.

૩૨. તે સુથારના ઘરમાં તે કુમારને જુએ છે અને તે જ આ જીવ છે એ પ્રમાણે ત્રણેં વ્યવહારીઓ પરસ્પર કહે છે અને હસે છે. ૨૧૩૭.

૩૩. એટલાંમાં તે પુત્રને ભયંકર તાવ ચઢ્યો. ઘણા વૈદ્યો બોલાવાયા, અનેક પ્રતિક્રિયાઓ કરાઈ. ૨૧૩૮.

૩૪. તો પણ તે બાલક મરણ પામ્યો. શું નિયાણું અન્યથા થાય ? ! સઘળા લોકો વડે ઉદ્વેગ કરાયો. વળી માતા વડે વિશેષ પ્રકારે ઉદ્વેગ કરાયો. ૨૧૩૯.

૩૫. ત્યારે તેઓએ તેણીને કહ્યું. હે ભદ્રે આ જ ભવમાં પોતે કરેલ કર્મનું ફળ પ્રાપ્ત થયું. તેણીએ કહ્યું. મારા વડે શું કરાયું ? ૨૧૪૦.

गृहे तवामुके वर्षे, यात्रिकाः केचिदागताः ।
तेषामेकस्य किं रत्नं, त्वया वद हृतं न वा ? ।।३६।।

उक्ते सत्ये तया तेभ्यो, भीतया ते ततो जगुः ।
तस्य जीवेन ते दुःखं, दत्तं तद्दुःखदानतः ।।३७।।

पश्चात्तापपरा साऽपि, तेभ्यस्तद्रत्नमार्पयत् ।
तैरपि व्ययितं तीर्थे, गत्वा तस्य शिवेच्छया ।।३८।।

तेऽपि क्रमाद्धवमिमं कृतगेहदेहत्यागाः कृशत्वमनयन्त तपोविधानैः ।
तस्माऽन्यमान्यजनवित्तमपाहर त्वं, संतोषसौधरसमात्मगतं कुरुष्व ।।३९।।

इयं पौराणिकी वार्त्ता, मिथ्यादृग्जनोचिता ।
तत्त्वज्ञानां हि जैनाना-मपराधेऽप्यविक्रिया ।।४०।।

।। इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारेऽष्टम उपदेशः ।।८।।

૩૬. તારા ઘરમાં અમુક વર્ષો પહેલા કેટલાક યાત્રિકો આવ્યા હતા. શું તેઓમાંના એકનું રત્ન તારા વડે ચોરાયું હતું કે નહીં ? તે તું કહે. ૨૧૪૧.

૩૭. ત્યારબાદ તેઓથી ગભરાયેલ તેણી વડે સત્ય કહેવાયે છતે તેઓએ કહ્યું, "તેને દુઃખ આપવાથી તેના જીવ વડે તને દુઃખ અપાયું છે." ૨૧૪૨.

૩૮. પશ્ચાત્તાપ કરવામાં તત્પર એવી તેણીએ પણ તેઓને તે રત્ન અર્પણ કર્યું. તેઓ વડે પણ તેના (સૂરના) કલ્યાણની ઈચ્છા વડે તીર્થમાં જઈને રત્નનો વ્યય કરાયો. ૨૧૪૩.

૩૯. તપના વિધાન વડે આ ભવમાં અનુક્રમે કર્યો છે ઘર અને દેહનો ત્યાગ એવા તેઓએ પણ કૃશપણાને પ્રાપ્ત કર્યું તેથી તું અન્ય માન્ય એવા લોકોના ધનનું હરણ ન કર અને સંતોષ રૂપી અમૃતરસને આત્મસાત્ કર. ૨૧૪૪.

૪૦. મિથ્યાદૃષ્ટિ લોકોને ઉચિત પુરાણમાં કહેલી આ વાર્તા છે ખરેખર તત્ત્વજ્ઞાનવાળા જૈનોને અપરાધ થઈ જાય તો પણ વિક્રિયા એટલે વિપરીત ક્રિયા ન હોય. ૨૧૪૫.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના પાંચમા અધિકારમાં આઠમો ઉપદેશ છે. ॥

"उपदेशः-९"

विषयामिषलम्पटो जनः, सहतेऽत्रैव भवे विडम्बनाम् ।
यजमानविगोपितो यथा, लघुतां प्राप स तापसब्रुवः ।।१।।

पुरा श्रीचम्पकपुरे, श्रेष्ठी श्रेष्ठगुणोच्चयः ।
चकोरनामा सञ्जात-श्चकोर इव कोविदः ।।१।।

धर्म्मकृत्यरतोऽप्येष, तापसेषु परं सदा ।
कुरुतेऽत्यादरं धर्म्म-परीक्षा खलु दुर्लभा ।।२।।

अन्यदा पर्वणि क्वाऽपि, तेनैकः कोऽपि तापसः ।
निमन्त्रितो गृहे भुक्त्यै, भोजयामास तं च सः ।।३।।

उदरंभरिणा तेन, भुञ्जानेन दुरात्मना ।
गौरवर्णं लम्बकर्णं, दृष्टं श्रेष्ठिसुताद्वयम् ।।४।।

आपादमस्तकं रम्यं, तद्रूपं तस्य पश्यतः ।
मार उज्जागरो जातो, निर्विवेका हि तादृशाः ।।५।।

यजमानपुरोऽवादीद्भोजनानन्तरं जटी ।
प्रच्छन्नं निजशिष्येभ्यः, परित्यज्य त्रपामपि ।।६।।

कस्येदं तनयाद्वन्द्वं ?, स प्राह भगवन्मम ।
तदिदं दीयतां मह्यं, गुरुभक्तो भवान् यतः ।।७।।

आत्मनो वल्लभं यत्त-न्निर्विचारेण चेतसा ।
गुरुभ्यो देयमेकान्त-मक्षयं हितमिच्छुना ।।८।।

"ઉપદેશ-૯"

૧. વિષયો રૂપી માંસમાં આસક્ત લોકો આ જ ભવમાં વિડંબનાને સહન કરે છે. જેમ ગોરથી વગોવાયેલ તે કુલિંગી તાપસ લઘુતાને પામ્યો. ૨૧૪૬.

૧. પહેલા ચંપકપુરમાં શ્રેષ્ઠ ગુણોથી યુક્ત, ચકોર (પક્ષી) ની જેમ કુશલ ચકોર નામે શ્રેષ્ઠી થયો. ૨૧૪૭.

૨. પરંતુ ધર્મકાર્યમાં તત્પર પણ આ શ્રેષ્ઠી તાપસોને વિષે હંમેશાં અત્યંત આદરને કરે છે. ખરેખર ધર્મમાં પરીક્ષા દુર્લભ હોય છે. ૨૧૪૮.

૩. એક વખત પર્વ દિવસમાં ક્યાંકથી પણ તેના વડે કોઈ એક તાપસ ઘરમાં ભોજનને માટે નિમંત્રિત કરાયો અને શ્રેષ્ઠીએ તેને જમાડ્યો. ૨૧૪૯.

૪. ઉદરને બરાબર ભરવાપૂર્વક ભોજન કરતા એવા તે દુષ્ટ વડે ગૌરવર્ણવાળી, લાંબા કાનવાળી શ્રેષ્ઠિની બે પુત્રીઓ જોવાઈ. ૨૧૫૦.

૫. પગથી માંડીને મસ્તક પર્યંત મનોહર તેના તે રૂપને જોતા કામવાસના જાગ્રત થઈ. ખરેખર નિર્વિવેકી પુરુષો તેવા પ્રકારના હોય છે. ૨૧૫૧.

૬. ભોજન કર્યા પછી પોતાના શિષ્યથી ગુપ્ત રીતે લજ્જાનો ત્યાગ કરીને તાપસે ગોરની આગળ કહ્યું. ૨૧૫૨.

૭. આ પુત્રીનું યુગલ કોનું છે ? તેણે કહ્યું. હે ભગવન્ ! મારું છે. જે કારણથી તમે ગુરુભક્ત છો (તેથી) તે પુત્રી યુગલ મને આપો. ૨૧૫૩.

૮. અક્ષય (મોક્ષ) હિતને ઈચ્છનાર વડે પોતાને જે વસ્તુ પ્રિય હોય તે વિચાર કર્યા વિના મનથી એકાંતે ગુરુને આપવી જોઈએ. ૨૧૫૪.

श्रेष्ठी श्रुत्वेति तं प्राह, भगवन् ! भवतामिदम् ।
नेदृग् युक्तमपि ध्यातुं, किं पुनर्जल्पितुं मुखे ? ।।९।।

रुष्टो गुरुस्तमाचष्ट, रे ! मामप्यवमन्यसे ।
मन्यस्व मद्वचो नोचे-द्विरूपं ते भविष्यति ।।१०।।

अन्तःक्रुद्धोऽपि तं श्रेष्ठी, साम्ना पुनरिदं जगौ ।
किमप्यदेयं मे नास्ति, विशिष्य तु भवादृशाम् ।।११।।

परं प्रकटतः कन्या-प्रदानं मे तवाऽपि च ।
भावि त्रपाकरं तेन, भवन्तो यान्तु सम्प्रति ।।१२।।

अत्राऽऽस्ते या नदी तस्यां, मञ्जूषोपायतः प्रभो ! ।
इमे द्वे ढौकयिष्यामि, कुर्व्वीथा माऽत्र संशयम् ।।१३।।

इति श्रुत्वा जटी कुण्ठ-मतिः प्राप मठं निजम् ।
तद्ध्यान एव तां रात्रि-मनैषीदेष पापधीः ।।१४।।

यजमानेन तेनाऽथ, मर्कटीद्वितयं वनात् ।
आनाय्य मध्ये क्षिप्त्वा च, पेटा नद्यां प्रवाहिता ।।१५।।

तदा च तापसोऽप्यात्म-विनेयानित्यभाषत ।
अद्य मे त्रिदशः कोऽपि, रात्रौ तुष्टोऽब्रवीदिति ।।१६।।

प्रातर्नद्यां वहन्ती या, मञ्जूषाऽभ्येति सा त्वया ।
नेया मठान्तस्तत्रत्यं, सारं ग्राह्यं हितं तव ।।१७।।

૯. એ પ્રમાણે સાંભળીને શ્રેષ્ઠીએ તેને કહ્યું. હે ભગવન્ ! આપને આ આવા પ્રકારનું વિચારવા માટે યોગ્ય પણ નથી તો વળી મુખથી બોલવા માટે તો શું ? ૨૧૫૫.

૧૦. ગુસ્સે થયેલ ગુરુએ તેને કહ્યું. અરે ! મારું પણ અપમાન કરે છે. જો મારું વચન નહીં માને તો તારું ખરાબ થશે. ૨૧૫૬.

૧૧. અંતરમાં ક્રોધિત થયેલ શ્રેષ્ઠીએ પણ ફરીથી તેને શાંતિપૂર્વક આ કહ્યું. મારે કાંઈ પણ નહિ આપવા યોગ્ય નથી. વળી આપના જેવાઓને તો વિશેષ પ્રકારે આપવા યોગ્ય છે. ૨૧૫૭.

૧૨. પરંતુ પ્રગટ રીતે કન્યા પ્રદાન કરવી (તે) મારે અને તમારે ભવિષ્યમાં લજ્જાને કરનાર થશે. તેથી તમે હમણાં જાઓ. ૨૧૫૮.

૧૩. હે પ્રભો ! અહીં જે નદી છે તેમાં પેટીના ઉપાયથી આ બે (કન્યાઓ) ને મૂકીશ. એમાં સંશય ન કરો. ૨૧૫૯.

૧૪. એ પ્રમાણે સાંભળીને સંકુચિત મતિવાળો તાપસ પોતાના મઠમાં ગયો. પાપબુદ્ધિવાળા એણે (તાપસે) તેના ધ્યાનમાં જ તે રાત્રિને પસાર કરી. ૨૧૬૦.

૧૫. હવે તે ગોરવડે (શ્રેષ્ઠી વડે) વનમાંથી બે વાંદરીઓને લાવીને પેટીમાં નાંખીને પેટી નદીમાં વહાવાઈ. ૨૧૬૧.

૧૬. ત્યારે તાપસે પણ પોતાના શિષ્યોને એ પ્રમાણે કહ્યું. આજે ખુશ થયેલ કોઈક દેવે રાત્રિમાં એ પ્રમાણે કહ્યું. ૨૧૬૨.

૧૭. સવારે નદીમાં વહેતી જે પેટી આવે, તે તારા વડે મઠની અંદર લઈ જવી. તેમાંના સારને (રહેલાને) ગ્રહણ કરવું (એમાં જ) તારું હિત છે. ૨૧૬૩.

श्रुत्वेति जहृषुः शिष्याः, गुरोः श्लाघां वितेनिरे ।
धन्यस्त्वमेव यस्येत्थं, वशिनस्त्रिदशा अपि ।।१८।।

अथ प्रभाते मञ्जूषा, सा प्राप्ता तन्मठान्तिके ।
आनाय्य तां च शिष्येभ्यो, मठमध्ये व्यमोचयत् ।।१९।।

ददौ च शिक्षां शिष्येभ्यः, प्रच्छन्नं तापसः पुनः ।
किमप्यस्यां रहस्यं भोः !, भावि तत् श्रूयतां वचः ।।२०।।

एतामुद्घाटयिष्यामि, मठान्तर्विधिपूर्वकम् ।
कपाटसम्पुटं दत्त्वा, ध्यानमालम्ब्य च स्थिरम् ।।२१।।

विना मदुक्तं नोद्घाट्यौ, कपाटौ हि विनेयकाः ! ।
असमग्रो विधिर्येन, योगिनामप्यनर्थकृत् ।।२२।।

तथेति प्रतिपन्ने तै-र्मठान्तर्गतवान् गुरुः ।
मनोरथेन महतो-द्घाटयामास तामयम् ।।२३।।

तदा तत्संमुखं ते द्वे, निर्गत्योच्छलिते द्रुतम् ।
मर्कट्यौ क्रूरनखरे, क्षुधिते चञ्चले भृशम् ।।२४।।

ताभ्यां तदीया जगृहे, नासिका सरलोन्नता ।
कपोलौ विपुलौ छिन्नौ, भालं च शकलीकृतम् ।।२५।।

परान्नपीवरं तस्यो-दरमप्याशु दारितम् ।
भक्षितो भक्षितः शिष्याः !, इति कोकूयते ततः ।।२६।।

૧૮. એ પ્રમાણે સાંભળીને ખુશ થયેલા શિષ્યોએ ગુરુની પ્રશંસા કરી. ધન્ય છે તમને. જેમને એ પ્રમાણે દેવો પણ વશ થયેલા છે. ૨૧૬૪.

૧૯. હવે સવારમાં તે પેટી મઠની પાસે આવી અને શિષ્યો પાસે તેને મંગાવીને મઠની મધ્યમાં મૂકાઈ. ૨૧૬૫.

૨૦. તાપસે ફરીથી શિષ્યોને ગુપ્ત રીતે શિક્ષા આપી (કહ્યું) હે શિષ્યો ! આનું રહસ્ય શું છે ? તે તમે સાંભળો. ૨૧૬૬.

૨૧. બંને દરવાજા બંધ કરીને સ્થિરતાપૂર્વક ધ્યાનનું આલંબન લઈને મઠની અંદર વિધિપૂર્વક હું આને (પેટીને) ઉઘાડીશ. ૨૧૬૭.

૨૨. હે શિષ્યો ! મારા કહ્યા વિના બે કપાટ (દ્વાર) ને ઉઘાડવા નહીં, જેથી અધૂરી વિધિ યોગીઓને અનર્થ કરનારી થાય છે. ૨૧૬૮.

૨૩. તેઓ વડે તે પ્રમાણે સ્વીકારતે છતે ગુરુ મઠની અંદર ગયા. એણે (ગુરુએ) ઘણા મનોરથોપૂર્વક તેને ઉઘાડી. ૨૧૬૯.

૨૪. ત્યારે તેની (ગુરુની) સન્મુખ જલ્દી જલ્દી ઉછળતી, ક્રૂર નખવાળી, ઘણી ચંચળ, ભૂખી તે બે વાંદરીઓ નીકળી. ૨૧૭૦.

૨૫. તેઓ વડે સરળ અને ઉંચી એવી નાસિકા ગ્રહણ કરાઈ વિપુલ એવા બંને કપાળ છેદાયા અને ભાળના ટુકડા કરાયા. ૨૧૭૧.

૨૬. શ્રેષ્ઠ અન્નથી પુષ્ટ થયેલ તેનું (ગુરુનું) પેટ પણ જલ્દીથી ફાડ્યું. ત્યાર પછી હે શિષ્યો ! ભક્ષણ કરાયો, ભક્ષણ કરાયો. એ પ્રમાણે પોકાર કરાય છે. ૨૧૭૨.

सोढा स एकः कष्टानां, ते द्वे तु क्षुधिते भृशम् ।
शिष्यैर्नोद्घाट्यते द्वारं, दुःखपारः कथं भवेत् ? ।।२७।।

बहिः स्थितास्तु ते शिष्याः, विमर्शमिति कुर्वते ।
उपसर्गं करोत्येष, नूनं कोऽपि गुरोः सुरः ।।२८।।

चिरादुद्घाटिते द्वारे, स ताभ्यां सह निर्गतः ।
निर्यद्रक्तप्रवाहेण, रक्ताद्रिरिव मूर्त्तिमान् ।।२९।।

भगवन् ! किमिदं जातं, पूज्यानां भवतामपि ।
इति पृष्टे गुरुः स्माह, तद्वृत्तं तथ्यमेव सः ।।३०।।

सोपहासं सकारुण्यं, सदैन्यं शैक्षका जगुः ।
निर्म्मिता यजमानेन, भक्तिर्गुर्वनुरूपिणी ।।३१।।

एतस्योचितमेवेदं, स्वाचारं परिमुञ्चतः ।
भस्मनैव हि रुद्रस्य, पूजा स्यान्न तु चन्दनैः ।।३२।।

काले गुरुः पटूभूतो, यजमानेन बोधितः ।
भगवन्नीदृशं कर्म, न तापसजनोचितम् ।।३३।।

शिक्षयित्वेति तं प्राप्तो, यजमानो निजं गृहम् ।
तापसोऽपि चिरं दीक्षां, तापसीं पर्यपालयत् ।।३४।।

यदि शिवनगरयियासा, भवे जिहासा च वो भवेद् भव्याः ! ।
तदमी विषमा विषयाः, किम्पाकफलोपमास्त्याज्याः ।।३५।।

।। इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारे नवम उपदेशः ।।९।।

૨૭. તે એકલો દુઃખને સહન કરતો હતો. વળી તેઓ બે અત્યંત ભૂખી હતી. જ્યાં સુધી શિષ્યો વડે દ્વાર ઉઘાડાતું નથી (ત્યાં સુધી) દુઃખનો પાર શી રીતે થાય ? ૨૧૭૩.

૨૮. વળી બહાર રહેલા તે શિષ્યો વિચાર કરે છે કે ખરેખર કોઈ પણ દેવતા આ ગુરુને ઉપસર્ગ કરે છે. ૨૧૭૪.

૨૯. ઘણા કાળે દ્વાર ઉઘાડાતે છતે નીકળતા એવા રક્તની (લોહીની) ધારાથી સાક્ષાત્ લોહીના પર્વતની જેમ તે તેઓ બે (વાંદરીઓ) ની સાથે નીકળ્યા. ૨૧૭૫.

૩૦. હે ભગવન્ ! પૂજ્ય એવા આપને પણ આ શું થયું ? એ પ્રમાણે પૂછતે તે ગુરુએ તે વૃત્તાંતને તે પ્રમાણે જ કહ્યું. ૨૧૭૬.

૩૧. ઉપહાસપૂર્વક, કરૂણતાપૂર્વક, દીનતાપૂર્વક શિષ્યોએ કહ્યું. ગોર વડે ગુરુને અનુરૂપ ભક્તિ કરાઈ. ૨૧૭૭.

૩૨. પોતાના આચારને મૂકવાથી આ ગુરુને એ પ્રમાણે જ ઉચિત છે. ખરેખર મહાદેવની પૂજા ભસ્મ વડે જ થાય.પરંતુ ચંદન વડે નહીં. ૨૧૭૮.

૩૩. અમુક કાળે નિરોગી થયેલ ગુરુ ગોર વડે પણ બોધ પમાડાયો. હે ભગવન્ ! આવા પ્રકારનું કાર્ય તાપસજનને ઉચિત નથી. ૨૧૭૯.

૩૪. એ પ્રમાણે તેને શિક્ષા આપીને ગોર પોતાના ઘરે ગયો. તાપસે પણ ઘણા કાળ પર્યંત તાપસી દીક્ષાને પાળી. ૨૧૮૦.

૩૫. હે ભવ્ય પ્રાણીઓ ! જો તમારી મોક્ષનગરને મેળવવાની અને સંસારને ત્યાગ કરવાની ઈચ્છા હોય તો કિંપાકના ફલની ઉપમાવાળા વિષમ એવા આ વિષયો ત્યાગ કરવા જોઈએ. ૨૧૮૧.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પાંચમા અધિકારમાં નવમો ઉપદેશ છે. ॥

"उपदेशः-१०"

परिग्रहप्रौढशिलावलम्बिनः, पतन्ति संसारमहाम्बुधौ जनाः ।
सन्तोषवज्रेण विभिद्य तां पुन-स्तरन्ति विद्यापतिवत्सुमेधसः ।।१।।

पोतनाख्ये पुरे राजा, शूरः शूरपराक्रमैः ।
श्रेष्ठी विद्यापतिस्तस्य, भार्या शृङ्गारसुन्दरी ।।१।।

स्वप्ने तमेकदा लक्ष्मी-रुवाचदशमे दिने ।
अहं यास्यामि हे वत्स !, चिरात्त्वं मुत्कलाप्यसे ।।२।।

प्रबुद्धः सोऽपि भार्यायै, तं वृत्तान्तं न्यवेदयत् ।
लक्ष्मीनाशे कथं कार्य-मिति चिन्तातुरः पुनः ।।३।।

विशुद्धबुद्धिः साऽप्याह, यद्येवं सकलाऽपि सा ।
व्ययनीया सुपात्रादा-वन्य-थाऽपि हि यास्यति ।।४।।

अथ व्ययितुमारेभे, स श्रेष्ठी सकलं धनम् ।
तथाऽपि वर्द्धते किन्तु, कूपोदकमिवाऽन्वहम् ।।५।।

यथा यथा व्ययस्तस्य, गेहे वृद्धिस्तथा तथा ।
दीयमानोऽपि भारत्याः, कोशः किं नाम हीयते ? ।।६।।

जिनालये जिनेन्द्रस्य, पुरस्तात्तौ च दम्पती ।
परिग्रहव्रते मान-मेवं जगृहतुर्मिथः ।।७।।

त्रिः पूजा द्विः प्रतिक्रान्ति-र्भोजनं दानपूर्वकम् ।
वेषयोर्युग्ममेकैव, भार्या शृङ्गारसुन्दरी ।।८।।

"ઉપદેશ-૧૦"

૧. પરિગ્રહરૂપી વિશાલ શિલાનું આલંબન લેનારા લોકો સંસાર રૂપી મોટા સમુદ્રમાં પડે છે વળી વિદ્યાપતિની જેમ બુદ્ધિશાળીઓ સંતોષ રૂપી વજ્ર વડે તેને (પરિગ્રંહરૂપી વિશાળ શિલાને) ભેદીને તરે છે. ૨૧૮૨.

૧. પોતન નામના નગરમાં અત્યંત પરાક્રમવાળો શૂર નામે રાજા હતો. વિદ્યાપતિ શ્રેષ્ઠી (હતો). તેને શૃંગારસુંદરી નામે પત્ની હતી. ૨૧૮૩.

૨. એક વખત સ્વપ્નમાં લક્ષ્મીદેવીએ કહ્યું હે વત્સ ! હું દશમે દિવસે જઈશ. તું ઘણા કાળ સુધી (મારાથી) છૂટો કરાય છે. ૨૧૮૪.

૩. લક્ષ્મીના નાશમાં (નાશ હોતે છતે) શી રીતે કરશું એ પ્રમાણે ચિંતાતુર, જાગેલા તેણે પણ પત્નીને તે વત્તાંતને જણાવ્યો. ૨૧૮૫.

૪. વિશુદ્ધ બુદ્ધિવાળી તેણીએ પણ કહ્યું. જો એ પ્રમાણે (હોય તો) સઘળી પણ તે (લક્ષ્મી) સુપાત્રદાન વગેરેમાં વ્યય કરવી જોઈએ. નહિતર ખરેખર આમ પણ જવાની છે. ૨૧૮૬.

૫. હવે તે શ્રેષ્ઠીએ સઘળા ધનનો વ્યય કરવા માટે આરંભ કર્યો તો પણ કૂવાના પાણીની જેમ નિરંતર (ધન) વધે છે. ૨૧૮૭.

૬. જેમ-જેમ વ્યય કરે તેમ-તેમ તેના ઘરમાં વૃદ્ધિ થાય. આપવા છતાં પણ સરસ્વતીનો ભંડાર શું હીન થાય ? ૨૧૮૮.

૭. મંદિરમાં જિનેશ્વર પરમાત્માની સમક્ષ તે દંપતીએ પરસ્પર પરિગ્રહ વ્રતમાં એ પ્રમાણે પ્રમાણને ગ્રહણ કર્યો. ૨૧૮૯.

૮. ત્રિકાળપૂજા, બે ટંક પ્રતિક્રમણ અને દાન આપીને ભોજન કરવું. બે જોડ કપડા (વસ્ત્ર) અને એક શૃંગારસુંદરી (પત્ની એ પ્રમાણે ગ્રહણ કર્યું.) ૨૧૯૦.

मासे च विंशतिदिना-न्यावयोः शीलमुत्तमम् ।
कञ्चोलं भाजनं चैकं, सौवर्णे ते उभे परम् ।।९।।

वासरे चैकशो भुक्तिः, पौषधः पर्ववासरे ।
चतुष्प्रकाराहारस्य, त्यागो रात्रौ च सर्वथा ।।१०।।

एकं च टङ्ककशतं, जीर्णनाणकसम्भवम् ।
मासयोग्यं गृहे धान्यं, नियमो द्विपदादिषु ।।११।।

सच्चित्तमेकं मुक्त्वाऽन्य-सचित्तनियमोऽस्तु नः ।
पूजोपकरणं सर्वं, मुत्कलं परमावयोः ।।१२।।

एवं सम्यक्त्वमूलानि, व्रतानि द्वादशाऽप्यम् ।
प्रतिपद्य गृहं गत्वा, व्ययतः स्म समां श्रियम् ।।१३।।

स विश्राणितसर्वस्वो, निश्चिन्तो दशमे दिने ।
रात्रौ सुप्तः श्रिया प्रोक्तः, स्थिताऽहं वत्स ! ते गृहे ।।१४।।

त्वत्पुण्यदामभिर्बद्धा, क्वाऽप्यहं गन्तुमक्षमा ।
उपस्थितोऽपि विघ्नस्ते, क्षीणः पुण्याऽनुभावतः ।।१५।।

शृङ्खलासदृशं पुण्यं, मर्कटीसदृशा रमा ।
तया नियन्त्रिता सा हि, चञ्चलाऽपि क्व गच्छति ।।१६।।

अथाऽन्यदिवसे श्रेष्ठी, कृत्वा तामपि पात्रसात् ।
त्यक्त्वा गृहमपि ज्ञाति-वर्गीयान्मुत्कलाय्य च ।।१७।।

૯. આપણે એક માસમાં વીસ દિવસ ઉત્તમ શીલનું પાલન કરવું. એક થાળી અને એક કચોળું (વાટકી) એમ તે બંને શ્રેષ્ઠ સુવર્ણના રાખવા. (વધારે નહીં) ૨૧૯૧.

૧૦. એક દિવસમાં એક વાર ભોજન કરવું. પર્વના દિવસે પૌષધ અને રાત્રિમાં સર્વથા ચારે પ્રકારના આહારનો ત્યાગ. ૨૧૯૨.

૧૧. જૂના નાણાઓથી સંભવિત એકસો ટંક, એક માસ જેટલું ઘરમાં ધાન્ય અને દ્વિપદ વિગેરેમાં (પુત્ર વગેરેમાં) નિયમ - ૨૧૯૩.

૧૨. અમારે એક સચિત્તને છોડી બાકી બધા સચિત્તનો ત્યાગ હો. આપણા બંનેને શ્રેષ્ઠ એવા સર્વ પૂજાના ઉપકરણની છૂટ છે. ૨૧૯૪.

૧૩. એ પ્રમાણે સમ્યક્ત્વ મૂલ બાર વ્રતોને પણ સ્વીકારીને ઘરે જઈને સર્વ લક્ષ્મીનો વ્યય કરતો હતો. ૨૧૯૫.

૧૪. આપી દીધું છે સર્વસ્વ જેણે નિશ્ચિત દશમે દિવસે રાત્રિમાં સૂતેલો એવો તે લક્ષ્મીદેવી વડે કહેવાયો. હે વત્સ ! હું તારા ઘરમાં રહેલી છું. ૨૧૯૬.

૧૫. તારા પુણ્ય રૂપી દોરડા વડે બંધાયેલી હું ક્યાંય પણ જવા માટે સમર્થ નથી. ઉપસ્થિત થયેલા વિઘ્નો પણ તારા પુણ્યના અનુભાવથી ક્ષીણ થયા. ૨૧૯૭.

૧૬. સાંકળ સમાન પુણ્ય અને વાંદરી સમાન લક્ષ્મી તારા વડે નિયંત્રિત કરાઈ. ખરેખર ચંચળ એવી પણ તે ક્યાં જાય ? ૨૧૯૮.

૧૭. હવે બીજે દિવસે શ્રેષ્ઠીએ તેને પણ પાત્રસાત્ (સુપાત્રમાં વાપરીને) કરીને ઘરનો ત્યાગ કરીને, સ્વજન વર્ગોને પણ છોડી દઈને - ૨૧૯૯.

मौलौ करण्डिकां कृत्वा, जिनार्च्चायाः स धार्म्मिकः ।
नगरान्निर्ययौ पुण्य-समूहो मूर्त्तिमानिव ।।१८।।

प्रतोलीं यावदायात-स्तावत्तत्पुरवासिनः ।
अपुत्रस्य क्षितिपतेरासीदाकस्मिकी मृतिः ।।१९।।

इतश्च पञ्चदिव्यानि, सज्जितानि नियोगिभिः ।
साम्राज्यं च प्रदत्तं तै-स्तस्यैव श्रेष्ठिनस्तदा ।।२०।।

स प्राह नाहं राज्याऽर्हो-ऽभिषेकेन सृतं मम ।
तदा च दैवीवाग् जाता, तव भाग्यमहो ! महत् ।।२१।।

मा कार्षीः प्रतिषेधं त-न्नाऽन्यथा भवितव्यता ।
श्रेष्ठ्यपि प्राह यद्येवं, तदा शृणुत मद्वचः ।।२२।।

पूर्वं श्रीजिनबिम्बस्य, कुरुध्वमभिषेचनम् ।
पश्चान्ममेति तेऽप्येव-मकार्षुर्हर्षपूरिताः ।।२३।।

एवं च प्राप्तसाम्राज्यः, स श्रेष्ठी सपरिच्छदः ।
नृपसौधमलञ्चक्रे, पुरस्त्रीकृतमङ्गलः ।।२४।।

न्यस्य सिंहासने मुख्ये, जिनेन्द्रप्रतिमामसौ ।
स्वयं तत्पादपीठस्थो, राजकार्याण्यसाधयत् ।।२५।।

रत्नवृष्टिं तदा चक्रुः, सम्यग्दृष्टिसुरा वराः ।
एकछत्रं जिनस्यैव, स राज्यं समसूत्रयत् ।।२६।।

૧૮. જિનેશ્વર પરમાત્માની પૂજાની સામગ્રીની ટોપલીને મસ્તક પર મૂકીને ધાર્મિક એવો તે સાક્ષાત્ પુણ્યના સમૂહની જેમ નગરથી બહાર નીકળ્યો. ૨૨૦૦.

૧૯. જેટલામાં તે કિલ્લાના દ્વારમાં આવ્યો તેટલામાં તે નગરમાં રહેનાર પુત્ર રહિત રાજાનું અકસ્માત મૃત્યુ થયું. ૨૨૦૧.

૨૦. ત્યારે અહીં સેવકો વડે પાંચ દિવ્યો સર્જાયા અને તેઓ વડે તે જ શ્રેષ્ઠિને સામ્રાજ્ય અપાયું. ૨૨૦૨.

૨૧. તેણે કહ્યું. હું રાજ્યને યોગ્ય નથી. મારા અભિષેક વડે સર્યું. ત્યારે દૈવી વાણી થઈ. અહો ! તારું ભાગ્ય મહાન છે. ૨૨૦૩.

૨૨. તેથી પ્રતિષેધ ન કર. ભવિતવ્યતા અન્યથા થતી નથી. શ્રેષ્ઠીએ પણ કહ્યું. જો એ પ્રમાણે છે તો મારું વચન સાંભળો. ૨૨૦૪.

૨૩. પહેલા શ્રી જિનેશ્વરના બિંબને અભિષેક કરો પછી મારો. હર્ષથી પૂર્ણ એવા તેઓએ પણ એ પ્રમાણે કર્યું. ૨૨૦૫.

૨૪. એ પ્રમાણે સામ્રાજ્યને પ્રાપ્ત કરેલ તે શ્રેષ્ઠીએ પરિવાર સહિત રાજાના મહેલને અલંકૃત કર્યો. નગરની સ્ત્રીઓએ મંગલ કર્યું. ૨૨૦૬.

૨૫. એણે (રાજાએ) મુખ્ય સિંહાસન પર જિનેશ્વરની પ્રતિમાને સ્થાપન કરીને સ્વયં પાદપીઠ પર બેસીને રાજ્યના કાર્યોને સાધ્યા. ૨૨૦૭.

૨૬. ત્યારે શ્રેષ્ઠ સમ્યગ્દૃષ્ટિ દેવોએ રત્નની વૃષ્ટિ કરી. તેણે (રાજાએ) જિનેશ્વરના જ એક છત્ર સમાન રાજ્યને ચલાવ્યું. ૨૨૦૮.

अकरोदकरं लोकं, धर्म्मकर्म्मणि कर्म्मठम् ।
सर्वत्राऽपि जिनाज्ञाऽभूत्, यथा राजा तथा प्रजाः ।।२७।।

स पञ्चशतसंख्यानि, जिनचैत्यान्यचीकरत् ।
स्वर्णरत्नमयीस्तेषु, प्रतिमाश्च न्यवीविशत् ।।२८।।

अखण्डितस्वनियमो, जिनाज्ञामप्यखण्डयन् ।
अखण्डं स चिरं राज्यं, चकार जिननिश्रया ।।२९।।

इति नियम्य परिग्रहसागरं, स नृपतिः पदमव्ययमाप्तवान् ।
कुरुत तेन परिग्रहनिग्रहं, सपदि यूयमपीच्छथ चेत् सुखम् ।।३०।।

।। इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारे दशम उपदेशः ।।१०।।

૨૭. ધર્મકાર્યમાં દૃઢ લોકોને કરમુક્ત કર્યા. સર્વ ઠેકાણે પણ જિનેશ્વર પરમાત્માની આજ્ઞા થઈ. જેવો રાજા તેવી પ્રજા. ૨૨૦૯.

૨૮. તેણે પાંચસો મંદિરો કરાવ્યા અને તેઓમાં રત્નમય પ્રતિમા સ્થાપન કરાઈ. ૨૨૧૦.

૨૯. અખંડિત છે પોતાનો નિયમ જેને તથા જિનેશ્વરની આજ્ઞાને નહિ ખંડન કરતા એવા તેણે જિનેશ્વર પરમાત્માની નિશ્રા વડે લાંબા કાળ સુધી રાજ્યને અખંડ રીતે ચલાવ્યું. ૨૨૧૧.

૩૦. એ પ્રમાણે પરિગ્રહ રૂપી સાગરને કાબૂમાં લઈને તે રાજાએ મોક્ષ પદને પ્રાપ્ત કર્યું. તેથી જો તમે પણ સુખને ઈચ્છતા હો તો જલ્દીથી પરિગ્રહના નિયમને કરો. ૨૨૧૨.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના પાંચમા અધિકારમાં દસમો ઉપદેશ છે. ॥

"उपदेशः-११"

जिनमतानुगतैः प्रतिषिध्यते, रजनिभोजनमन्त्यजनोचितम् ।
स्वपरसामयिकोक्तिविवर्जितं, तनुगुणं बहुदोषविशेषितम् ।।१।।

योगशास्त्रोदितां रात्रे-र्भोजने दोषसन्ततिम् ।
श्रुत्वा कस्तत्त्वविज्जन्तु-स्तत्र भोजनमाचरेत् ? ।।२।।

रात्रिभुक्तेर्निश्चयस्या-ऽऽराधनेऽथ विराधने ।
मित्रत्रयस्य दृष्टान्तः, प्रोच्यमानो निशम्यताम् ।।३।।

क्वाऽपि ग्रामे पुराऽभूवन्, सुहृदो वणिजस्त्रयः ।
श्रावको भद्रको मिथ्या-दृष्टिश्चेति क्रमादमी ।।१।।

जैनाचार्यान्तिकेऽन्येद्युस्ते गता गुरुभिस्ततः ।
तत्पुरो देशना चक्रे, सुश्रावकजनोचिता ।।२।।

तेषु श्राद्धः कन्दमूल-रात्रिभुक्त्यादिनिश्चयान् ।
सुखेन जगृहे श्राद्ध-कुलोत्पन्नतया रयात् ।।३।।

भद्रकस्तु बहूक्तोऽपि, रात्रिभोजननिश्चयम् ।
विमृश्य जगृहे नान्यं, मिथ्यादृष्टिर्न किञ्चन ।।४।।

श्राद्धभद्रकयोर्जाते, कुटुम्बे अपि धार्म्मिके ।
गृहव्यवस्था सर्वा हि, स्याद्गृहेशानुसारिणी ।।५।।

क्रमात्प्रमादबाहुल्यात्, श्रावको निजनिश्चये ।
तत्तत्कार्यव्यापृतत्वा-त्सञ्जातः शिथिलादरः ।।६।।

"ઉપદેશ-૧૧"

૧. જિનેશ્વરના મતને અનુસરનારા લોકો વડે નીચ જાતિના લોકોને ઉચિત, સ્વ અને પરશાસ્ત્રમાં ઉક્તિપૂર્વક ત્યાગ કરાયેલ, થોડા ગુણવાળું અને ઘણા દોષોથી યુક્ત એવા રાત્રિ ભોજનનો નિષેધ કરાય છે. (ત્યાગ કરાય છે.) ૨૨૧૩.

૨. યોગશાસ્ત્રમાં કહેલ રાત્રિભોજનમાં દોષની સંતતિને સાંભળીને તત્ત્વને જાણનાર કોણ રાત્રિમાં ભોજનને કરે ? ૨૨૧૪.

૩. રાત્રિ ભોજનના નિયમની આરાધના અને વિરાધનામાં કહેવાતા ત્રણ મિત્રના દૃષ્ટાંતને તમે સાંભળો. ૨૨૧૫.

૧. પહેલા કોઈક નગરમાં ત્રણ વેપારી મિત્ર હતા. તેઓ અનુક્રમે શ્રાવક, ભદ્રક (સરળ પરિણામવાળો) અને મિથ્યાદૃષ્ટિ હતા. ૨૨૧૬.

૨. એક દિવસ તેઓ જૈનાચાર્ય પાસે ગયા. ત્યાર બાદ ગુરુ ભગવંત વડે તેમની આગળ સુશ્રાવક જનને ઉચિત એવી દેશના કરાઈ. ૨૨૧૭.

૩. તેઓમાં શ્રાવક કુલમાં ઉત્પન્ન થયેલ હોવાથી શ્રાવકે કંદમૂલ, રાત્રિભોજન ત્યાગ વિગેરે નિયમોને જલ્દીથી સુખપૂર્વક ગ્રહણ કર્યા. ૨૨૧૮.

૪. વળી ભદ્રકે ઘણું કહેતે છતે વિચારીને રાત્રિ ભોજનના નિયમને ગ્રહણ કર્યો. બીજા નિયમોને નહીં, મિથ્યાદૃષ્ટિએ કોઈ નિયમ ગ્રહણ ન કર્યો. ૨૨૧૯.

૫. શ્રાવક અને ભદ્રકની જાતિ-કુટુંબ ધાર્મિક હોવા છતાં પણ ઘરની સર્વ વ્યવસ્થા ખરેખર ઘરના સ્વામીને અનુસરનારી થાય. ૨૨૨૦.

૬. શ્રાવક પ્રમાદની બહુલતાથી, તે-તે કાર્યમાં વ્યાપૃત હોવાથી અનુક્રમે પોતાના નિયમમાં શિથિલ આદરવાળો થયો. ૨૨૨૧.

मध्ये त्याज्यघटीयुग्मं, भुङ्क्तेऽस्ते जातुचिद्रवौ ।
प्रातः सायमसौ जान-न्नप्यजाननिवाऽभवत् ।।७।।

सम्यगाराधयामास, निश्चयं स्वं तु भद्रकः ।
कुटुम्बमपि सञ्जातं, श्राद्धस्य शिथिलं पुनः ।।८।।

राजकार्यादिवैयग्र्या-दन्यदोत्सूरसम्भवे ।
भद्रकः श्रावकश्चाऽपि, चिरेण गृहमागतौ ।।९।।

उत्सूरभवनाद्भुक्तिं, भद्रको नैव निर्ममे ।
आस्तिकस्तु तदाऽभुङ्क्त, कुटुम्बप्रेरणावशात् ।।१०।।

तदा तस्योपासकस्य, भुञ्जानस्याऽशनादिकम् ।
मस्तकात्पतिता यूकाऽऽहारान्तस्तं च भुक्तवान् ।।११।।

ततो जलोदरव्याधि-बाधितोऽत्यन्तमाकुलः ।
विराध्य नियमं चैष, मृत्वा मार्जारकोऽभवत् ।।१२।।

कदर्थ्यमानो दुष्टेन, शुना तत्र भवेऽपि सः ।
विपद्य नरके प्राच्ये, प्राप्तो दुःखानि सोढवान् ।।१३।।

रात्रिभुक्तिप्रसक्तः स, मिथ्यात्व्यपि कदाचन ।
सविषाहारभुक्त्याभूत्, त्रुटदन्त्रः शनैः शनैः ।।१४।।

चिरान्मृतः पीड्यमान-स्तया निविडपीडया ।
मार्जारो नारकश्चाद्ये, नरकेऽजनि मित्रवत् ।।१५।।

૭. ક્યારેક સૂર્યાસ્ત થયે છતે બે ઘડીની (૪૮ મિનિટની) વચમાં (સૂર્યાસ્ત અંદર) ભોજન કરે છે. સવાર અને સંધ્યાકાળને આ જાણતો છતો પણ નહીં જાણતાની જેવો થયો. ૨૨૨૨.

૮. ભદ્રક પોતાના નિયમને સમ્યગ્ રીતે આરાધતો હતો. વળી શ્રાવકનું કુટુંબ પણ શિથિલ થયું. ૨૨૨૩.

૯. એક વખત ભદ્રક અને શ્રાવક રાજ્યકાર્યાદિમાં વ્યગ્ર હોવાથી સાંયકાળે મોડા ઘરે આવ્યા. ૨૨૨૪.

૧૦. ભદ્રકે સૂર્યાસ્ત થવાથી ભોજન નહીં જ કર્યું. વળી ત્યારે શ્રાવકે કુટુંબની પ્રેરણાના વશથી ભોજન કર્યું. ૨૨૨૫.

૧૧. ત્યારે અશનાદિનું ભોજન કરતાં તે શ્રાવકના ભોજનમાં માથામાંથી જૂ પડી અને (શ્રાવકે) તેવો આહાર વાપર્યો. ૨૨૨૬.

૧૨. ત્યાર બાદ ગાઢ જલોદરની વ્યાધિથી પીડાયો અને આ નિયમની વિરાધના કરીને એ મરીને બિલાડો થયો. ૨૨૨૭.

૧૩. તે ભવમાં પણ દુષ્ટ કુતરા વડે કદર્થના કરાતો તે (બિલાડો) મરીને પહેલી નરકમાં ગયો (ત્યાં પણ) ઘણા દુઃખો સહ્યા. ૨૨૨૮.

૧૪. રાત્રિ ભોજનમાં આસક્ત તે મિથ્યાત્વી પણ ક્યારેક વિષવાળા આહારને ભોગવવા વડે ધીરે-ધીરે તૂટેલા આંતરડાવાળો થયો. ૨૨૨૯.

૧૫. તે અત્યંત પીડા વડે પીડાતો ઘણા કાળે મરણ પામ્યો અને બિલાડો નારક પહેલી નરકમાં મિત્રની જેમ થયો. ૨૨૩૦.

भद्रकस्तु स्वनियमं, प्रतिपाल्य सुरोऽभवत् ।
सौधर्मे प्रौढिमांस्तेषां, भिन्नं भिन्नमहो ! फलम् ।।१६।।

श्राद्धजीवस्ततः क्काऽपि, निःस्वद्विजसुतोऽभवत् ।
श्रीपुञ्जनामा मिथ्यात्वि-जीवस्तल्लघुबान्धवः ।।१७।।

कुले तत्र प्रसक्तौ तौ, रात्रिभुक्त्यादिकर्म्मसु ।
न ज्ञातवन्तौ श्रीजैन-धर्म्मगन्धमपि क्वचित् ।।१८।।

भद्रकत्रिदशोऽन्येद्यु-रुपयुक्तो रहस्तयोः ।
स्वरूपप्राच्यभव-ज्ञापनादि वितेनिवान् ।।१९।।

प्रबुद्धाभ्यां ततस्ताभ्यां, रात्रिभोजननिश्चयः ।
तथैव प्रतिपन्नस्तौ, सुरेण च दृढीकृतौ ।।२०।।

यदुक्तम् -

पापान्निवारयति योजयते हिताय, गुह्यं निगूहति गुणान् प्रकटीकरोति ।
आपद्गतं च न जहाति ददाति काले, सन्मित्रलक्षणमिदं प्रवदन्ति धीराः ।।१।।

जनकादिबहूक्तेऽपि, स्वव्रते दृढयोस्तयोः ।
लङ्घनत्रितयं जातं, सर्वैर्भुक्तिनिषेधने ।।२१।।

तयोर्निश्चयमाहात्म्य-वृद्ध्यै तत्रत्यभूभुजः ।
विचक्रे तेन देवेन, महती जठरव्यथा ।।२२।।

यथा यथा प्रतीकारः, क्रियतेऽस्य तथा तथा ।
अधिकं वर्द्धते व्याधिर्वह्निज्वालेव सर्पिषा ।।२३।।

૧૬. વળી ભદ્રક પોતાના નિયમનું પાલન કરીને સૌધર્મ દેવલોકમાં વિશાલ સમૃદ્ધિવાળો દેવ થયો. અહો ! તેઓનું ભિન્ન-ભિન્ન ફલ થયું. ૨૨૩૧.

૧૭. ત્યાર બાદ શ્રાવકનો જીવ ક્યાંક નિર્ધન બ્રાહ્મણનો પુત્ર થયો. મિથ્યાત્વીનો જીવ શ્રીપુંજ નામે તેનો નાનો ભાઈ થયો. ૨૨૩૨.

૧૮. ત્યાં કુલમાં રાત્રિ ભોજન વગેરે કાર્યમાં આસક્ત એવા તે બંને ક્યારેય શ્રી જૈનધર્મની ગંધને પણ જાણતા નથી. ૨૨૩૩.

૧૯. એક દિવસ ઉપયોગ મૂકેલ ભદ્રક દેવે તે બંનેને એકાંતમાં પોતપોતાના પૂર્વભવને જણાવવા વિગેરેને કર્યું. ૨૨૩૪.

૨૦. ત્યાર બાદ બોધ પામેલા તે બંને વડે રાત્રિ ભોજનનો નિયમ તે પ્રમાણે જ સ્વીકારાયો અને દેવ વડે દૃઢ કરાયો. ૨૨૩૫.

જે કહ્યું છે -

૧. (જે) પાપથી અટકાવે છે, હિતમાં જોડે છે, ગુપ્તનું રક્ષણ કરે છે, ગુણોને પ્રગટ કરે છે, આપત્તિમાં પડેલાને છોડી દેતો નથી; અવસરે આપે છે. આ સારા મિત્રના લક્ષણ છે. (એ પ્રમાણે) ધીર પુરુષો કહે છે. ૨૨૩૬.

૨૧. પિતા વગેરે ઘણું કહેતે છતે પણ પોતાના નિયમમાં દૃઢ એવા તે બંનેને સર્વ ભોજનના ત્યાગમાં ત્રણ ઉપવાસ થયા. ૨૨૩૭.

૨૨. તે બંનેના નિયમના મહિમાની વૃદ્ધિને માટે તે દેવ વડે ત્યાંના રાજાને ઘણી જઠરની પીડા કરાઈ. ૨૨૩૮.

૨૩. જેમ-જેમ પ્રતિકાર કરાય છે તેમ-તેમ આની વ્યાધિ અગ્નિની જ્વાલા જેમ ઘી વડે વધે છે તેમ ઘણી વધે છે. ૨૨૩૯.

किं कर्त्तव्यतया मूढे, राजवर्गे तदाऽखिले ।
बभूव दिव्या वागेवं, भो भो लोकाः ! निशम्यताम् ।।२४।।

राज्ञोऽस्य निश्चयैकाग्र-श्रीपुञ्जस्य द्विजन्मनः ।
हस्तस्पर्शनमात्रेण, व्याधिर्यास्यति नान्यथा ।।२५।।

कः पुञ्ज इति सर्वेषू-त्कर्णेष्वेकस्तदाऽवदत् ।
अस्ति निःस्वद्विजसुतः, पुञ्ज एको दृढव्रतः ।।२६।।

कुटुम्बकलहाज्ञाते, लङ्घनत्रितयेऽपि यः ।
अक्षुब्धः सुव्रते पुञ्जः, स एव खलु सम्भवी ।।२७।।

इति सम्भावनामात्रे-ऽप्यमात्रबहुमानतः ।
आहूतः सचिवाद्यैः स, श्रीपुञ्जः सद्य आगतः ।।२८।।

सोऽब्रवीच्चेद् दृढो मेऽस्ति, रात्रिभोजननिश्चयः ।
तदेदानीमेव राज्ञः शाम्यतादुदरव्यथा ।।२९।।

इत्युक्तिपूर्वमुर्व्वीशं, स्वहस्तस्पर्शमात्रतः ।
क्षणादेव पटूचक्रे सर्वपूर्जनसाक्षिकम् ।।३०।।

श्रीपुञ्जाय तदा भूप-स्तुष्टः पञ्चशतीमितान् ।
ददौ ग्रामान् सोऽपि चक्रे, नृपादीन् जैनधार्मिकान् ।।३१।।

इत्थं श्रीपुञ्जविप्रः क्षितिपमुखजनार्च्यस्तदीयोऽनुजश्चाऽभूद्यो
मिथ्यात्विजीवो जिनमतनिरतौ तौ कृताऽनेकधर्म्मौ ।
च्युत्वा काले स देवोऽप्यनुपमसुकृतैस्ते त्रयः सिद्धिमापुः,
शर्वर्यां तेन भोज्यं परिहरत बुधाश्चेज्जिहासा भवस्य ।।३२।।

।। इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारे एकादश उपदेशः ।।११।।

૨૪. ત્યારે શું કરવું જોઈએ ? એમ મૂઢ એવા સંપૂર્ણ રાજ્યવર્ગમાં દિવ્ય વાણી થઈ. અરે ! અરે લોકો ! તમે સાંભળો. ૨૨૪૦.

૨૫. આ રાજાની વ્યાધિ નિયમમાં એકાગ્ર શ્રીપુંજ બ્રાહ્મણના હાથના સ્પર્શ માત્ર વડે જશે. અન્યથા નહીં. ૨૨૪૧.

૨૬. પુંજ કોણ છે ? એ પ્રમાણે સાંભળવાને ઉત્સુક કર્ણવાળા સર્વ લોકોને વિષે ત્યારે એકે કહ્યું. નિર્ધન બ્રાહ્મણનો પુંજ નામે એક પુત્ર દૃઢ વ્રતવાળો છે. ૨૨૪૨.

૨૭. કુટુંબમાં કલહ થવાથી ત્રણ દિવસના ઉપવાસ થયે છતે પણ જે સારા વ્રતને વિષે ક્ષોભ ન પામ્યો. ખરેખર તે જ પુંજ બ્રાહ્મણ સંભવે છે. ૨૨૪૩.

૨૮. એ પ્રમાણે સંભાવના માત્રમાં ઘણું બહુમાન હોવાથી પ્રધાન વગેરે વડે તે પુંજ બ્રાહ્મણ બોલાવાયો. શ્રીપુંજ જલ્દીથી આવ્યો. ૨૨૪૪.

૨૯. તેણે કહ્યું. જો રાત્રિ ભોજનમાં મારો દૃઢ નિશ્ચય હોય તો રાજાના ઉદરની પીડા હમણા જ શાંત થાય. ૨૨૪૫.

૩૦. એ પ્રમાણે ઉક્તિપૂર્વક રાજાને પોતાના હાથના સ્પર્શમાત્રથી નગરના સર્વ લોકોની સાક્ષીએ ક્ષણ માત્રમાં નિરોગી કર્યો. ૨૨૪૬.

૩૧. ત્યારે ખુશ થયેલ રાજાએ શ્રી પુંજને પાંચસો પ્રમાણ ગામો આપ્યા. તેણે પણ રાજા વગેરેને જૈન ધર્મવાળા કર્યા. ૨૨૪૭.

૩૨. શ્રી પુંજ બ્રાહ્મણ રાજાના મુખ્ય લોકોને પૂજ્ય બન્યો. તેનો નાનો ભાઈ જે મિથ્યાત્વીનો જીવ હતો તે બન્ને જિનધર્મમાં રક્ત, કર્યા છે અનેક પ્રકારના ધર્મ જેણે એવા તે બે અને તે દેવ કાળ કરીને ચ્યવીને અનુપમ સુકૃતો વડે (એમ) તે ત્રણે સિદ્ધિને પામ્યા. જો સંસારનો ત્યાગ કરવાની ઈચ્છા હોય તો પંડિતજનો રાત્રિમાં ભોજનનો ત્યાગ કરો. ૨૨૪૮.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પાંચમા અધિકારમાં અગ્યારમો ઉપદેશ છે. ॥

"उपदेशः-१२"

सामायिकं स्यात्समताविहीनं, निरर्थकं भव्यजनास्तदेतत् ।
आराध्यतां केसरिवद्धवद्धि-र्यथा समस्तानि सुखानि वः स्युः ।।१।।

सामाइयं कुणंतो, समभावं सावओवि घडियदुगं ।
आउं सुरेसु बंधइ, इत्तियमेत्ताइं पलिआइं ।।१।।

बाणवइकोडीओ, लक्खागुणसट्ठि सहसपणवीसं ।
नवसय पणवीसाए, सत्तिहा अडभाग पलिअस्स ।।२।।

सामायिकं समतया, वियुक्तं यः समाचरेत् ।
करोति परमान्ने स, क्षारक्षेपं विमूढधीः ।।३।।

श्रीनिवासपुरे राजा, रिपुमर्दन इत्यभूत् ।
श्रेष्ठी समरसिंहाख्य-स्तत्र धर्म्मैककर्म्मठः ।।१।।

तत्पुत्रः केसरीनामा, प्रकृत्येर्ष्यालुरुद्धतः ।
व्यसनी दुर्विनीतश्च, कुलाङ्गार इवाऽभवत् ।।२।।

अथ निष्काशितो गेहा-त्स पित्रा सर्वसाक्षिकम् ।
ततो निरङ्कुशश्चक्रे, स चौर्यं सर्वसद्मसु ।।३।।

इत्थं पुरान्तस्तन्वाने, स्तैन्ये तस्मिन्नृपोऽन्यदा ।
सभानिविष्टः प्रोवाच, कोऽयं ? कस्य सुतोऽथवा ? ।।४।।

तदा तत्र निविष्टस्त-त्तातः प्राह कृताञ्जलिः ।
दुष्पुत्रोऽयं मम स्वामिन् !, मया निर्वासितो गृहात् ।।५।।

"ઉપદેશ-૧૨"

૧. હે ભવ્યલોકો ! સમતાભાવ વિના સામાયિક થાય તો એ નિરર્થક છે. કેસરીની જેમ તમારા વડે તે આરાધાય. તમને સઘળા સુખો પ્રાપ્ત થાય. ૨૨૪૮.

૧. બે ઘડી પર્યંત સમતાભાવપૂર્વક સામાયિકને કરતો શ્રાવક પણ આટલા પ્રમાણવાળું દેવતાનું આયુષ્ય બાંધે છે. ૨૨૫૦.

૨. બાણું ક્રોડ, ઓગણસાઠ લાખ, પચીસ હજાર, નવસો પચીસ પલ્યોપમ અને સાતીયા આઠ ભાગ (૯૨,૫૯,૨૫,૯૨૫ ૭/૮ ભાગ) આટલું દેવતાનું આયુષ્ય બંધાય. ૨૨૫૧.

૩. જે સમતાભાવથી રહિત સામાયિક કરે છે. વિમૂઢ બુદ્ધિવાળો એવો તે ખીરમાં મીઠું નાંખે છે. ૨૨૫૨.

૧. શ્રી નિવાસપુરમાં રિપુમર્દન એ પ્રમાણે (નામે) રાજા હતો. ત્યાં એકમાત્ર ધર્મમાં કુશલ સમરસિંહ નામે શ્રેષ્ઠી હતો. ૨૨૫૩.

૨. કેસરી નામે તેનો પુત્ર ઈર્ષ્યાલુ સ્વભાવવાળો, ઉદ્ધત, વ્યસનને સેવનારો, દુષ્ટ આચરણવાળો કુલમાં અંગારાની જેવો હતો. ૨૨૫૪.

૩. હવે પિતા વડે સર્વ લોકોની સાક્ષીપૂર્વક તે ઘરથી બહાર કઢાયો. નિરંકુશ એવો તે સર્વ લોકોના ઘરોમાં ચોરી કરતો હતો. ૨૨૫૫.

૪. એ પ્રમાણે તે નગરમાં તે ચોરી ફેલાયે છતે સભામાં બેઠેલા તે રાજાએ કહ્યું. આ (ચોર) કોણ છે ? અથવા કોનો પુત્ર છે ? ૨૨૫૬.

૫. ત્યારે ત્યાં બેઠેલા તેના (ચોરના) પિતાએ હાથ જોડીને કહ્યું. હે સ્વામી ! આ મારો દુષ્ટ પુત્ર મારા વડે ઘરથી બહાર કઢાયેલો છે. ૨૨૫૭.

चौर्यं विना न भोक्तव्यं, मयेत्यस्याऽस्त्यभिग्रहः ।
एतद्विशेषसम्बन्धः, पुनरित्यवधार्यताम् ।।६।।

एकदाऽयं सरस्तीरे, स्थितो ध्यायति दुष्टधीः ।
यावत्तावन्नभोमार्गे, पादुके पदयोर्दधत् ।।७।।

योगी कोऽप्यागतस्तत्र, ते मुक्त्वा तत्र यावता ।
स्नानादि कुरुते ताव-त्ते लात्वैष खमुद्ययौ ।।८।।

तयोः प्रभावादेकोऽपि, नैकतस्करकार्यकृत् ।
दुष्टरोग इवाऽसाध्यो, पुरस्याऽयं विभोऽभवत् ।।९।।

पुराधिष्ठातृदेव्यग्रे, वक्ति चैवं स्तुतिं सृजन् ।
चौरिकार्द्धेन ते भोगं, करिष्येऽर्द्धं ममाऽस्तु च ।।१०।।

भाविनी सफला सा चे-त्प्रसादात्तव देवि ! मे ।
अनुज्ञातस्तयाऽप्येष, सिद्धचौरस्ततोऽभवत् ।।११।।

भूपोऽथ लब्धतन्मर्म्मा, सारैः परिवृतो भटैः ।
देवीभवनमागत्य, प्रच्छन्नं स्थितवान् क्वचित् ।।१२।।

तदा च तस्करोऽप्यागात्, तां देवीं जननीमिव ।
अर्चितुं पादुके पाणौ-कृत्य कस्याऽप्यविश्वसन् ।।१३।।

भूपतिः प्रकटीभूय, तमाक्रोशति यावता ।
पक्षिवत्तावदुड्डीनः, पादुके परिधाय सः ।।१४।।

૬. ચોરી કર્યા વિના મારા વડે ભોજન ન કરવું. એ પ્રમાણે આને અભિગ્રહ છે. આ વિશેષ સંબંધ ફરીથી તે પ્રમાણે તમે જાણો. ૨૨૫૮.

૭. એક વખત દુષ્ટ બુદ્ધિવાળો આ ચોર સરોવરના કિનારે રહેલો જેટલામાં વિચાર કરે છે તેટલામાં આકાશમાં બે પગમાં બે પાદુકાને ધારણ કરેલ. ૨૨૫૯.

૮. ત્યાં કોઈ એક યોગી આવ્યો. તે બે પાદુકાને મૂકીને જેટલામાં સ્નાન વગેરે કરે છે તેટલામાં આ (ચોર) તે બે પાદુકાને લઈને આકાશમાં ઉડ્યો. ૨૨૬૦.

૯. તે બે પાદુકાના પ્રભાવથી એકલો પણ (તે ચોર) અનેક ચોરોનું કાર્ય કરે છે. હે વિભુ ! આ (ચોર) નગરને દુષ્ટ રોગોની જેમ અસાધ્ય થયો. ૨૨૬૧.

૧૦. નગરની અધિષ્ઠાયિકા દેવીની આગળ સ્તુતિ કરતો એ પ્રમાણે કહે છે. હે દેવિ ! (ચોરીમાં જેટલું ધન મેળવીશ તેમાંથી) અડધા ધન વડે તારો ભોગ કરીશ અને અડધું ધન મારું થાઓ. ૨૨૬૨.

૧૧. હે દેવી ! જો તારી કૃપાથી મારી તે ચોરી સફળ થશે તો. તેણી વડે પણ અનુજ્ઞા અપાઈ. ત્યારબાદ આ સિદ્ધચોર (જ્યાં ચોરી કરે ત્યાં સિદ્ધિ મળે.) થયો. ૨૨૬૩.

૧૨. જાણ્યા છે તેના મર્મને એવો, સારભૂત સૈનિકોથી પરિવરેલો રાજા હવે ક્યારેક દેવીના ભવનમાં આવીને છૂપી રીતે રહ્યો. ૨૨૬૪.

૧૩. ત્યારે તે ચોર કોઈનો પણ વિશ્વાસ નહીં કરતો બંને પાદુકાને બે હાથમાં રાખીને માતાની જેમ તે દેવીની પૂજા કરવા માટે આવ્યો. ૨૨૬૫.

૧૪. રાજા જેટલામાં પ્રગટ થઈને તેના પર આક્રોશ કરે તેટલામાં તે (ચોર) બે પાદુકાને ધારણ કરીને પક્ષીની જેમ ઉડ્યો. ૨૨૬૬.

याति यात्येष भोश्चौरः, इति भूपतिभाषिताः ।
कृतकोलाहलाः सर्वे, भटास्तमनुधाविताः ।।१५।।

अभिग्रहस्य मे भङ्गो, नूनमद्य भविष्यति ।
यतो याति विना चौर्यं, दिनमद्यतनं मम ।।१६।।

इत्यादि चिन्तयंश्चौरो-ऽप्यग्रे गच्छन्नधो भुवि ।
अपश्यन् ज्ञानिनं कञ्चि-द्वदन्तमिति पर्षदि ।।१७।।

भो भोः प्राणिगणाः ! लब्ध्वा, मानुष्यं रत्नयोनिवत् ।
रत्नमेकं स्थिरीकार्यं, दुर्लभं द्रव्यकोटिभिः ।।१८।।

ईदृग् रत्नं मयाऽद्यापि, चोरितं नास्ति किं कृतम् ? ।
इत्युत्कर्णोऽभवद्यावत्तावन्मुनिरभाषत ।।१९।।

एकं सामायिकं रत्नं, दुष्प्रापममरैरपि ।
रागद्वेषादिदस्युभ्यो, रक्षणीयं प्रयत्नतः ।।२०।।

अन्तर्मुहूर्तं चित्तस्य, यत्साम्यं तन्निगद्यते ।
सामायिकं यत्र हेयाः, कषाया एव केवलम् ।।२१।।

न बाह्याऽऽडम्बरः कोऽपि, यस्य दानादिपुण्यवत् ।
तद्यथाऽवसरं कार्य-महोरात्रमुपासकैः ।।२२।।

श्रुत्वेति केसरी चौर-स्तत्र सस्पृहतां दधत् ।
मनःसाक्षिकमातेने, व्रतं सामायिकाऽभिधम् ।।२३।।

૧૫. અરે ! આ ચોર જાય છે, જાય છે. એ પ્રમાણે રાજાએ કહ્યું - કર્યો છે કોલાહલ જેણે એવા સર્વ સૈનિકો તેની પાછળ દોડ્યા. ૨૨૬૭.

૧૬. ખરેખર આજે મારા અભિગ્રહનો ભંગ થશે. જે કારણથી ચોરી કર્યા વિના આજે મારો દિવસ જાય છે. ૨૨૬૮.

૧૭. વગેરે વિચાર કરતા-કરતા આગળ જતા ચોરે પણ નીચે પૃથ્વી પર પર્ષદામાં કોઈક જ્ઞાની ભગવંતને એ પ્રમાણે બોલતા જોયા. ૨૨૬૯.

૧૮. હે પ્રાણીઓ ! રત્નની યોનિ સમાન મનુષ્યપણાને મેળવીને કરોડો દ્રવ્ય વડે પણ દુર્લભ એવા એક રત્નને સ્થિર કરવું જોઈએ. ૨૨૭૦.

૧૯. આવા પ્રકારનું (રત્ન) મારા વડે હજી પણ ચોરાયું નથી શું કરું ? એ પ્રમાણે ઉંચા કાનવાળો થયો. તેટલામાં મુનિ ભગવંતે કહ્યું. ૨૨૭૧.

૨૦. દેવો વડે પણ દુઃખે કરીને પ્રાપ્ત કરી શકાય એવા એક સામાયિક રૂપી રત્નનું રાગદ્વેષ વગેરે ચોરોથી પ્રયત્નપૂર્વક રક્ષણ કરવા યોગ્ય છે. ૨૨૭૨.

૨૧. અંતર્મુહૂર્ત પર્યંત ચિત્તનો (મનનો) જે સમતાભાવ તે જ સામાયિક કહેવાય છે. જ્યાં માત્ર કષાયો જ ત્યાગ કરવા યોગ્ય છે. ૨૨૭૩.

૨૨. જેનો દાન વગેરે પુણ્યકાર્યની જેમ કોઈ બાહ્ય આડંબર નથી. તે જ્યારે સમય મળે ત્યારે ઉપાસકો વડે દિવસ-રાત કરવા યોગ્ય છે. ૨૨૭૪.

૨૩. એ પ્રમાણે સાંભળીને સામાયિકમાં સ્પૃહાને ધારણ કરતા તે કેસરી ચોરે મનની સાક્ષિપૂર્વક સામાયિક નામના વ્રતને અંગીકાર કર્યું. ૨૨૭૫.

त्यक्तद्वेषो मनःशुद्ध-भावेन मुनिभाषितम् ।
अनुष्ठानमयं चक्रे, नृपादेरपि निर्भयः ।।२४।।

वावाराणं गुरुओ, मणवावारो जिणेहिं पन्नत्तो ।
जो नेइ सत्तमीए, अहवा मुक्खं पराणेइ ।।१।।

तदा च लघुकर्म्मत्वा-त्तस्य केवलमुज्ज्वलम् ।
बभूव महिमानं च, चक्रुस्तस्य सुरेश्वराः ।।२५।।

सहस्रपत्रसौवर्ण-कमले निषसाद सः ।
तदग्रे देशनां चक्रे, देवदत्तवेषभृत् ।।२६।।

अथ प्राप्तो नृपस्तत्र, तद्वृत्तं तादृशं पुनः ।
निरीक्ष्य विस्मितोऽत्यन्त-महो ! कर्म्मविचित्रता ।।२७।।

केवली प्राह राजेन्द्र !, पश्य सामायिकव्रतम् ।
यस्य जातं क्षणार्द्धेऽपि, फलं लोकोत्तरं मम ।।२८।।

एवं प्रबोध्य राजादीन्, लोप्त्रं सर्व निवेद्य च ।
लोकोपकृतये चक्रे, विहारं वसुधातले ।।२९।।

एवं स केसरिमुनिः प्रतिबोध्य भूरि-कालं जनान् विदलिताऽखिलकर्म्मजालः ।
प्राप्तो यदुच्चपदवीं तदिदं फलं हि, सामायिकव्रतभवं विमृशन्तु सन्तः ।।

।। इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारे द्वादश उपदेशः ।।१२।।

૨૪. દ્વેષનો ત્યાગ કરેલ મનના શુદ્ધ ભાવ વડે મુનિ ભગવંતે કહેલા અનુષ્ઠાનને રાજા વગેરેથી પણ નિર્ભય એવો આ (ચોર) કરતો હતો. ૨૨૭૬.

૧. સર્વ વ્યાપારોમાં મનનો વ્યાપાર મોટો છે (એ પ્રમાણે) જિનેશ્વર વડે કહેવાયેલું છે. જે મનનો વ્યાપાર સાતમી નારકીમાં લઈ જાય છે અથવા મોક્ષમાં લઈ જાય છે. ૨૨૭૭.

૨૫. લઘુકર્મી હોવાથી ત્યારે તેને ઉજ્જવલ એવું કેવલજ્ઞાન થયું અને દેવેન્દ્રોએ તેના કેવલજ્ઞાનના મહિમાને કર્યો. ૨૨૭૮.

૨૬. હજારો પાંદડાવાળા સુવર્ણકમળને વિષે દેવતાએ આપેલ વેષને ધારણ કરનારા તે બેઠા અને તેમની આગળ ધર્મદેશના કરી. ૨૨૭૯.

૨૭. હવે રાજા ત્યાં આવ્યો. વળી તેવા પ્રકારના દશ્યને જોઈને અત્યંત વિસ્મય પામ્યો. અહો ! કર્મની વિચિત્રતા છે. ૨૨૮૦.

૨૮. કેવલી ભગવંતે કહ્યું. હે રાજેન્દ્ર ! સામાયિક વ્રતને જો. જેની અડધી ક્ષણમાં પણ મને લોકોત્તર ફળ પ્રાપ્ત થયું. ૨૨૮૧.

૨૯. એ પ્રમાણે રાજા વગેરેને બોધ પમાડીને અને ચોરી કરેલ સર્વને જણાવીને લોકો પર ઉપકાર કરવા માટે પૃથ્વીતલ પર વિહાર કરતા હતા. ૨૨૮૨.

૩૦. એ પ્રમાણે દળી નાંખ્યા (નાશ કર્યા) છે સઘળા કર્મો જેણે એવા તે કેસરી મુનિ ભગવંત ઘણા કાળ પર્યંત લોકોને પ્રતિબોધ કરીને જે ઉચ્ચ પદવીને પામ્યા (મોક્ષને પામ્યા) ખરેખર તે આ સામાયિક વ્રતથી પ્રાપ્ત થયેલ ફળને સજ્જન પુરુષો વિચારો. ૨૨૮૩.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના પાંચમા અધિકારમાં બારમો ઉપદેશ છે. ॥

"उपदेशः-१३"

भव्यैः प्रतिक्रमणमादरणीयमेत-द्यत्पञ्चधा जिनवरैर्गदितं हितार्थम् ।
पापान्निवृत्तिरसकृत्सुकृते प्रवृत्ति-रित्थं बुधैर्यदभिधार्थ उदीरितश्च ।।१।।

यदुक्तम् -

मिच्छत्तपडिक्कमणं, तहेव अस्संजमे पडिक्कमणं ।
कसायाण पडिक्कमणं, जोगाण य अप्पसत्थाणं ।।१।।

संसारपडिक्कमणं, चउव्विहं होइ आणुपुव्वीए ।
तीए पच्चुप्पन्ने, अणागए चेव कालंमि ।।२।।

स्वस्थानाद्यत्परस्थानं, प्रमादस्य वशाद्गतः ।
तत्रैव क्रमणं भूयः, प्रतिक्रमणमुच्यते ।।३।।

एकस्मिन्नपि यद्येते, स्युः प्रकाराः प्रतिक्रमे ।
पापादीनां तदा भाव-प्रतिक्रमणमुच्यते ।।४।।

प्रतिक्रमणमीदृक्षं, ये कुर्वन्ति दिने दिने ।
तेषामिहाऽप्यमुत्राऽपि, सुखं सज्जनवद्भवेत् ।।५।।

बाणवह्न्यर्क १२३५ संख्येये, वर्षे श्रीपत्तने पुरे ।
ग्रथिलो भीमदेवोऽभूत्, भूपतिर्भाग्यभासुरः ।।१।।

वेश्या सहस्रकलाख्या, तेन स्वान्तःपुरी कृता ।
राज्यराष्ट्रादिचिन्तां तु, कुरुते सैव भूपवत् ।।२।।

"ઉપદેશ-૧૩"

૧. ભવ્ય પ્રાણીઓ વડે પ્રતિક્રમણ આદરવા યોગ્ય છે. એ પ્રતિક્રમણ જિનેશ્વર ભગવંતો વડે હિતને માટે પાંચ પ્રકારે કહેવાયેલું છે. પાપથી નિવૃત્તિ અને સુકૃતમાં વારંવાર પ્રવૃત્તિ કરવી એ પ્રમાણે પંડિત પુરુષો વડે જેના નામનો અર્થ કહેવાયેલો છે. ૨૨૮૪.

જેનો અર્થ કહેવાયો છે -

૧. મિથ્યાત્વનું પ્રતિક્રમણ તેમજ અસંયમ (અવિરતિ)નું પ્રતિક્રમણ, કષાયોનું પ્રતિક્રમણ અને અપ્રશસ્ત યોગનું પ્રતિક્રમણ. ૨૨૮૫.

૨. એમ અનુક્રમે વર્તમાન, ભૂત અને ભવિષ્યકાળને વિષે સંસારથી પ્રતિક્રમણ ચાર પ્રકારે છે. ૨૨૮૬..

૩. પ્રમાદના વશથી જે પોતાનાં સ્થાનથી (અધ્યાત્મભાવથી) બીજે સ્થાને (વિભાવદશામાં) ગયેલો જે ત્યાં જ (અધ્યાત્મ ભાવમાં) પાછો ફરે તે પ્રતિક્રમણ કહેવાય છે. ૨૨૮૭.

૪. પાપ આદિના એક પ્રતિક્રમણને વિષે પણ જો આ પ્રકારો થાય તો તે ભાવપ્રતિક્રમણ કહેવાય છે. ૨૨૮૮.

૫. આવા પ્રકારનું પ્રતિક્રમણ જેઓ પ્રતિદિન કરે છે તેઓને આલોક અને પરલોકમાં સજ્જનની જેમ સુખ પ્રાપ્ત થાય. ૨૨૮૯.

૧. બારસો પાંત્રીસમા વર્ષે શ્રી પાટણ નગરમાં ગાંડો, દેદીપ્યમાન ભાવવાળો ભીમદેવ નામે રાજા હતો. ૨૨૯૦.

૨. તેના વડે સહસ્ત્રકલા નામની વેશ્યા પોતાની પટરાણી કરાઈ. વળી તેણી જ રાજાની જેમ રાજ્ય-રાષ્ટ્ર વિગેરેની ચિંતા કરે છે. ૨૨૯૧.

श्रीमालज्ञातिवांस्तत्र, सज्जनो दण्डनायकः ।
राज्येऽधिकारी सम्यक्त्व-द्वादशव्रतभूषितः ।।३।।

स जिनं पूजयित्वैव, भुङ्क्ते शेते विधाय च ।
प्रतिक्रान्तिमिदं तस्य, निश्चयद्वितयं दृढम् ।।४।।

अन्येद्युः पत्तने प्राप्ता, यवनानामनीकिनी ।
सबालवृद्धः सर्वोऽपि, लोकोऽभूद्भयविह्वलः ।।५।।

सज्जनेन समं देवी, सैन्यमादाय सम्मुखम् ।
गता सज्जीकृता चाशु, रणक्षेत्रस्य भूमिका ।।६।।

अश्वानां मानवानां च, जिन २४ दन्त ३२ प्रमास्तदा ।
सहस्रा अभवन्नष्टा-दशहस्तिशतानि च ।।७।।

गजाऽश्वशस्त्रसंनाहान्, सुभटानां पृथक् पृथक् ।
देव्यार्प्यत्सज्जनं च, सेनानीत्वेऽध्यतिष्ठिपत् ।।८।।

ब्राह्मये मुहूर्तेऽध्यारूढः, सज्जनो द्विरदं स्वयम् ।
युद्धाय प्रगुणीचक्रे, समग्रानपि सैनिकान् ।।९।।

हस्तिकुम्भस्थ एवाऽसौ, स्थापयित्वाऽक्षमालिकाम् ।
प्रतिक्रमणमातेने-ऽवसरज्ञा हि तादृशाः ।।१०।।

पार्श्वस्थाश्चिन्तयन्त्येव-मेष किं योत्स्यति प्रभुः ।
धार्मिको ह्येष युद्धं तु, साध्यं निर्दयमानसैः ।।११।।

૩. ત્યાં શ્રીમાલજ્ઞાતિવાળો, રાજ્યને વિષે અધિકારી, સમ્યક્ત્વ મૂલ બાર વ્રતથી વિભૂષિત સજ્જન નામે મંત્રી હતો. ૨૨૯૨.

૪. તે જિનેશ્વર પરમાત્માની પૂજા કરીને જ ભોજન કરે છે અને પ્રતિક્રમણ કરીને સુએ છે. તેને દ્રઢ એવા આ બે નિયમ હતા. ૨૨૯૩.

૫. એક દિવસ પાટણમાં મ્લેચ્છોની સેના આવી. બાળકથી માંડીને વૃદ્ધ પર્યંત સર્વે લોકો ભયથી વિહ્વલ થયા. ૨૨૯૪.

૬. સજ્જનની સાથે પટરાણી સૈન્યને લઈને સન્મુખ ગઈ અને જલ્દી યુદ્ધની ભૂમિકા તૈયાર કરાઈ. ૨૨૯૫.

૭. ત્યારે જિનેશ્વર પ્રમાણ ઘોડાઓ અને દાંત પ્રમાણે મનુષ્યો (જિન ચોવીશ હોવાથી ઘોડાઓ) ચોવીશ હજાર (૨૪૦૦૦) અને (દાંત બત્રીસ હોવાથી મનુષ્યો) બત્રીસ હજાર (૩૨૦૦૦) અને અઢારસો હાથીઓ હતા. ૨૨૯૬.

૮. પટરાણીએ જુદા જુદા સુભટોને હાથી-ઘોડા-શસ્ત્ર અને બખ્તરોને અર્પણ કર્યા અને સજ્જનને સેનાપતિ તરીકે સ્થાપન કર્યો. ૨૨૯૭.

૯. બ્રાહ્મ મુહૂર્તમાં યુદ્ધ માટે સ્વયં હાથી ઉપર આરૂઢ થયેલા તેણે સઘળા સૈનિકોને પણ તૈયાર કર્યા. ૨૨૯૮.

૧૦. હાથીના કુંભસ્થલ પર રહેલ એણે (સજ્જને) નવકારવાળીને (સ્થાપના તરીકે) સ્થાપીને પ્રતિક્રમણ કર્યું. ખરેખર તેવા પ્રકારના પુરુષો અવસરને જાણનારા હોય છે. ૨૨૯૯.

૧૧. પાસે રહેલા એ પ્રમાણે ચિંતવે છે. ધાર્મિક એવો પ્રભુ શું યુદ્ધ કરશે ? વળી યુદ્ધ તો નિર્દય માણસો વડે જ સાધ્ય છે. ૨૩૦૦.

ततो द्विघटिके जाते, प्रतिक्रम्य समाधिना ।
सामायिकं पारयित्वा, सैन्यं सर्वमचालयत् ।।१२।।

हस्तिस्थेनापि यत्नेन, प्रतिक्रान्तिस्तदा कृता ।
तत्सैन्यमिलनायैवा-ऽन्यथा तत् शिथिलीभवेत् ।।१३।।

प्रतिक्रमणवेलायाः, व्यतिपातोऽपि सम्भवी ।
एषोऽपि हेतुः सर्वं हि, कार्यं काले कृतं शुभम् ।।१४।।

अथ युद्धं महज्जातं सैन्ययोरुभयोरपि ।
गजाऽश्वरथपत्त्याद्याः, यथा स्वं स्वं डुढौकिरे ।।१५।।

सज्जनेन तदा युद्धं, तथा चक्रे यथा क्षणात् ।
समस्तं यवनानीकं, काकनाशं ननाश तत् ।।१६।।

सज्जनस्य परं घाताः, दश लग्नास्तदा तनौ ।
उत्पाट्य नीतो देव्यग्रे, साऽप्येनं प्रत्यचीकरत् ।।१७।।

दुकूलाञ्चलवातेन, तस्य वातमवीजयत् ।
आह्वयञ्च महावैद्यान्, कृतास्तैश्च प्रतिक्रियाः ।।१८।।

देव्यग्रे सुभटैरुक्तं, स्वामिन्यस्य किमुच्यते ।
रात्रौ 'एगिंदिया बेइन्दिआ' इत्याद्यमूचिवान् ।।१९।।

प्रातर्युद्धं तथा चक्रे, यथा कोऽपि चकार न ।
देव्याह सज्जनं चक्रे, विरुद्धं किमिदं भवान् ? ।।२०।।

૧૨. ત્યારબાદ બે ઘડી થયે છતે સમાધિપૂર્વક પ્રતિક્રમણ કરીને સામાયિક પારીને સઘળા સૈન્યને ચલાવ્યું. ૨૩૦૧.

૧૩. હાથી ઉપર રહેલ પણ તેના વડે પ્રયત્નપૂર્વક ત્યારે પ્રતિક્રમણ કરાયું. અન્યથા (જો એમ ન કર્યું હોત તો) તે સૈન્યને મળવા માટે જ શિથિલ થાત. ૨૩૦૨.

૧૪. પ્રતિક્રમણ વેળાને વ્યતિપાત પણ સંભવી શકે (અર્થાત્ પ્રતિક્રમણ વહેલું મોડું પણ કરી શકત) પરંતુ ખરેખર સર્વ કાર્ય યથાયોગ્ય કાળે જ કરેલ શુભ છે. (શાસ્ત્રમાં કહેલ સમયે જ કાર્ય કરવું તે શુભ છે) આ પણ હેતુ હતો. ૨૩૦૩.

૧૫. હવે બંને પણ સૈન્યનું મોટું યુદ્ધ થયું. જેમ (સૈનિકોએ) પોત-પોતાના હાથી-ઘોડા-રથ પાયદલ વગેરે મૂક્યા. ૨૩૦૪.

૧૬. ત્યારે સજ્જન વડે તે પ્રમાણે યુદ્ધ કરાયું કે જે પ્રમાણે ક્ષણ માત્રમાં સમસ્ત મ્લેચ્છોની સેના કાગડો નાશે તેમ નાશી ગઈ. ૨૩૦૫.

૧૭. ત્યારે સજ્જનના શરીર પર મોટા દશ ઘા લાગ્યા. તેને ઉપાડીને દેવીની આગળ લઈ જવાયો. તેણીએ પણ આની ચિકિત્સા કરી. ૨૩૦૬.

૧૮. રેશમી વસ્ત્રના છેડાના પવન વડે તેને (સજ્જનને) પવન નાંખ્યો અને મોટા વૈદ્યોને બોલાવ્યા અને તેઓ વડે પ્રતિક્રિયા કરાઈ. ૨૩૦૭.

૧૯. દેવીની આગળ સુભટો વડે કહેવાયું. હે સ્વામિની ! આને શું કહેવાય છે ? રાત્રિમાં આ મંત્રી 'એગિંદિયા-બેઈંદિયા' વગેરે બોલતો હતો. ૨૩૦૮.

૨૦. સવારે તે પ્રમાણે યુદ્ધ કર્યું કે જે પ્રમાણે કોઈ સૈનિકોએ પણ ન કર્યું. પટરાણીએ સજ્જનને કહ્યું. તમે આ વિરૂદ્ધ કેમ કર્યું ? ૨૩૦૯.

सोऽप्याह स्वामिनि ! स्वीयं, रात्रौ कार्यं कृतं मया ।
प्रातस्त्वदीयं येनेदं, तवाऽऽयत्तं वपुर्मम ।।२१।।

ममायत्तं मनस्तेन, स्वकार्यं निर्मितं मया ।
श्रुत्वेति तं प्रशंसन्ति, धर्म्मे दार्ढ्यमहो ! कियद् ? ।।२२।।

जगाम पत्तनं देवी, सज्जनोऽपि पटू कृतः ।
वैद्यैः क्रमेण श्रीधर्म्मं, राजकार्यं च स व्यधात् ।।२३।।

सङ्कटे पतितेऽप्येवं, ये न मुञ्चन्ति निश्चयम् ।
तेषां हस्तगतैव स्यात्, निर्वाणसुखसन्ततिः ।।२४।।

अन्यथा वा प्रतिक्रान्तिं, पञ्चधा ब्रुवते बुधाः ।
दिवारात्रौ तथा पक्षे, चातुर्मास्यां च वत्सरे ।।२५।।

सपडिक्कमणो धम्मो, पुरिमस्स य पच्छिमस्स य जिणस्स ।
मज्झिमगाणं जिणाणं, कारणजाए पडिक्कमणं ।।१।।

समणेन सावएण य, अवस्सकायव्वं हवइ जम्हा ।
अंतो अहो निसस्सा, तम्हा आवस्सयं नाम ।।२।।

इत्थं प्रतिक्रमणमप्यनणुप्रमाद-मुत्सृज्य भव्यनिवहाः ! क्रियतां भवद्भिः ।
यस्मिन्कृतेऽथ भवभारवियुक्शरीरी, भारप्रमुक्त इव भारवहो लघुः स्यात् ।।२६।।

।। इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारे त्रयोदश उपदेशः ।।१३।।

૨૧. તેણે પણ કહ્યું. હે સ્વામિની ! મારા વડે રાત્રિમાં પોતાનું કાર્ય કરાયું. સવારે તમારું. કારણ કે આ મારું શરીર તમને આધીન છે. ૨૩૧૦.

૨૨. મારું મન મારે આધીન છે, તેથી મારા વડે પોતાનું કાર્ય (પ્રતિક્રમણ વગેરે) કરાયું. એ પ્રમાણે સાંભળીને તેઓ તેની પ્રશંસા કરે છે. અહો ! આની ધર્મમાં કેટલી દૃઢતા છે ! ૨૩૧૧.

૨૩. દેવી પાટણમાં ગઈ. વૈદ્યો વડે સજ્જન પણ સારો નિરોગી કરાયો અને તેણે (સજ્જને) અનુક્રમે શ્રીધર્મને અને રાજ્યકાર્યને કર્યું. ૨૩૧૨.

૨૪. જેઓ સંકટમાં પડતે છતે પણ એ પ્રમાણે નિયમને મૂકતા નથી. તેઓને મોક્ષના સુખની પરંપરા હાથમાં પ્રાપ્ત થયેલી જ હોય છે. ૨૩૧૩.

૨૫. અથવા પંડિતજનો બીજી રીતે પ્રતિક્રમણના પાંચ પ્રકાર કહે છે. (જણાવે છે) ૧. દેવસિઅ, ૨. રાઈઅ, ૩. પાક્ષિક, ૪. ચાતુર્માસિક અને ૫. સાંવત્સરિક ૨૩૧૪.

૧. પહેલા અને છેલ્લા જિનેશ્વર ભગવંતનો ધર્મ પ્રતિક્રમણ સહિત છે (અર્થાત્ રોજ બંને સમય પ્રતિક્રમણ કરવું અને મધ્યના બાવીસ જિનેશ્વર ભગવંતના શાસનમાં કારણ ઉત્પન્ન થયે (અર્થાત્ દોષ લાગે ત્યારે) પ્રતિક્રમણ કરવાનું વિધાન છે. ૨૩૧૫.

૨. જે કારણથી સાધુ ભગવંત વડે અને શ્રાવક વડે દિવસ અને રાત્રિના અંતે અવશ્ય કરવા યોગ્ય છે. તેથી આનું આવશ્યક એ પ્રમાણે નામ પડ્યું. ૨૩૧૬.

૩. હે ભવ્યજીવો ! તમારા વડે પ્રમાદનો સંપૂર્ણ ત્યાગ કરીને એ પ્રમાણે પ્રતિક્રમણને કરાય કે જેને કરતે છતે (તમે) સંસારના ભારથી રહિત શરીરવાળા થાઓ. જેમ ભારને વહન કરનારો, ભારને મૂકી દીધો હોય ત્યારે હલકો થાય (તેમ તમે પણ સંસારના ભારથી રહિત શરીરવાળા થાઓ). ૨૩૧૭.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પાંચમા અધિકારમાં તેરમો ઉપદેશ છે. ॥

"उपदेशः-१४"

दानादिधर्म्मस्य विशेषपोषं, धत्ते ततः पौषधमाहुरार्याः ।
तं केऽपि धन्याः प्रतिपालयन्ति, यथा सुदत्तव्यवहारिधुर्यः ।।१।।

सामाइयपोसहेसु-ट्ठियस्स जीवस्स जाइ जो कालो ।
सो सफलो बोधव्वो, सेसो संसारफलहेऊ ।।२।।

अभूत्सूर्ययशा राजा, पुरे कुसुमपूर्वके ।
मित्रानन्दस्तस्य मन्त्री, जिनधर्म्माऽधिवासितः ।।१।।

सभायामन्यदा जातो, विवादो नृपमन्त्रिणोः ।
प्रमाणं व्यवसायोऽत्र, किं पुण्यैरित्यवग् नृपः ।।२।।

व्यवसायवतः सर्वं, फलदायि प्रजायते ।
नहि सुप्तमुखे क्वाऽपि, निपतन्ति फलादयः ।।३।।

मन्त्री तु प्राह पुण्यानि, प्रमाणं किमुपक्रमैः ।
अन्धक्रियावदफलै-र्यतः शास्त्रेऽपि पठ्यते ।।४।।

नैवाकृतिः फलति नैव कुलं न शीलं, विद्यापि नैव च यत्नकृताऽपि सेवा ।
भाग्यानि पूर्वतपसा किल संचितानि, काले फलन्ति पुरुषस्य यथैव वृक्षाः ।।१।।

नृपतिः प्राह यद्येवं, व्यापारं त्वं तदा त्यज ।
अधुनैव व्रज क्वाऽपि, न गन्तव्यं गृहेऽपि च ।।५।।

पुण्यं प्रमाणयन्मन्त्री, मुक्तसर्वपरिच्छदः ।
तदैव तैरेव पदै-र्निर्गतो नगराद्बहिः ।।६।।

"ઉપદેશ-૧૪"

૧. જેમાં દાન વગેરે ધર્મનું વિશેષ પ્રકારે પોષણ થાય છે. તેથી તેને મહાપુરુષોએ પૌષધ એ પ્રમાણે કહ્યું છે - કેટલાક ધન્ય પુરુષો તેનું હંમેશાં પાલન કરે છે. જેમ વ્યવહારીઓમાં અગ્રેસર એવા સુદત્ત વ્યવહારીએ કર્યું. ૨૩૧૮.

૨. સામાયિક અને પૌષધને વિષે સ્થિર થયેલા જીવનો જે સમય જાય છે તે સફળ જાણવો. બાકીનો સમય સંસારના ફળનો હેતુ જાણવો. ૨૩૧૯.

૧. કુસુમ છે પૂર્વમાં જેને એવા (કુસુમપુર) નગરમાં સૂર્યયશા નામે રાજા હતો. તેને જિન ધર્મને માનનારો મિત્રાનંદ નામે મંત્રી હતો. ૨૩૨૦.

૨. એક વખત સભામાં રાજા અને મંત્રીનો વિવાદ થયો. રાજાએ કહ્યું. અહીં પુરુષાર્થ એ જ પ્રમાણ છે પુણ્ય વડે કરીને શું ? ૨૩૨૧.

૩. પુરુષાર્થ કરનારનું સર્વ કાર્ય ફળને આપનારું થાય છે. સુતેલી વ્યક્તિની મુખમાં ક્યાંય પણ ફળ વિગેરે આવીને પડતા નથી. ૨૩૨૨.

૪. મંત્રીએ કહ્યું - પુણ્ય એ પ્રમાણ છે, આંધળા વ્યક્તિની ક્રિયાની જેમ નિષ્ફળ એવા પુરુષાર્થ વડે કરીને શું ? - જે કારણથી શાસ્ત્રમાં પણ કહેવાય છે -૨૩૨૩.

૧. આકૃતિ ફળતી જ નથી. કુલ નહીં, શીલ નહીં, વિદ્યા પણ નહીં અને પ્રયત્નપૂર્વક કરાયેલી સેવા પણ ફળતી નથી. ખરેખર પૂર્વકાળમાં કરાયેલ તપ વડે એકઠું કરેલું ભાગ્ય (પુણ્ય) વૃક્ષની જેમ પુરુષને અવસરે ફળે છે. ૨૩૨૪.

૫. ત્યારે રાજાએ કહ્યું - જો એ પ્રમાણે હોય તો તું વ્યાપારનો ત્યાગ કર (પુરુષાર્થનો ત્યાગ કર) અને ક્યાંક પણ જા પરંતુ ઘરે જવું નહીં. ૨૩૨૫.

૬. પુણ્યને પ્રમાણ માનનાર, ત્યાગ કર્યો છે સર્વ પરિવારનો જેણે એવો તે મંત્રી ત્યારે જ તે પગલાઓ વડે જ નગરની બહાર નીકળ્યો. ૨૩૨૬.

गच्छंश्च सरसि क्वाऽपि, कृतस्नानस्तरोरधः ।
विश्रान्तः क्षणमैक्षिष्ट, तावदेकं वरं नरम् ।।७।।

नरः प्रोवाच हे मन्त्रिन् ! अमुं वाञ्छितसिद्धिदम् ।
चिन्तामणिं गृहाण त्वं, प्रसीदानुगृहाण माम् ।।८।।

इत्युक्त्वा तं मणिं तस्य, समर्प्य स तिरोदधे ।
स्वस्वरूपमनुक्त्वैव, हृष्टोऽमात्यो भृशं ततः ।।९।।

दर्शयामीशितुः पुण्य-प्रभावमिति चिन्तयत् ।
अभ्यर्च्य तं मणिं सैन्यं, चतुरङ्गमयाचत ।।१०।।

तत्प्रभावोपसम्पन्न-चतुरङ्गचमूयुतः ।
स्वपुरे प्राहिणोद्दूतं, लेखहस्तं नृपान्तिके ।।११।।

दूतोऽप्युवाच पुण्याप्त-सैन्यो मन्त्री समागतः ।
विक्रमी यद्यसि क्ष्माप !, तत्प्रहर्तुं बहिर्भव ।।१२।।

तं तादृशं चमूयोगं, श्रुत्वा दूतनिवेदितम् ।
भूपः समग्रसभ्यानां, पुरस्तादिदमब्रवीत् ।।१३।।

वरेण्यं पुण्यमेवात्र, भो भोः सभ्याः ! निभाल्यताम् ।
एकाकी निर्गतोऽप्येष, प्राप्तः साम्प्रतमीदृशम् ।।१४।।

नृपोऽथ सम्मुखं गत्वा, मानं मुक्त्वाऽभिषस्वजे ।
प्रमोदविस्मयोत्फुल्लः, पुरे प्रावेशयच्च तम् ।।१५।।

૭. જતા એવા તેણે ક્યાંક સરોવરમાં સ્નાન કર્યું, વૃક્ષની નીચે આરામ કર્યો, તેટલામાં એક ક્ષણમાં શ્રેષ્ઠ એવા એક માણસને જોયો. ૨૩૨૭.

૮. તે પુરુષે કહ્યું. હે મંત્રી ! આ વાંછિત સિદ્ધિને આપનાર ચિંતામણી રત્નને તું ગ્રહણ કર. કૃપા કરીને મારા પર અનુગ્રહ કર. ૨૩૨૮.

૯. એ પ્રમાણે કહીને તેને તે મણિને સમર્પણ કરીને તે પોતાના સ્વરૂપને કહ્યા વિના અદ્રશ્ય થયો, તેથી મંત્રી ઘણો ખુશ થયો. ૨૩૨૯.

૧૦. રાજાને પુણ્યના પ્રભાવને દેખાડું. એ પ્રમાણે ચિંતવન કરતાં તેણે મણિની પૂજા કરીને ચતુરંગી સૈન્યની યાચના કરી. ૨૩૩૦.

૧૧. તેના પ્રભાવથી પ્રાપ્ત કરેલ ચતુરંગી સેનાથી યુક્ત (મંત્રીએ) લેખ છે હાથમાં જેને એવા દૂતને પોતાના નગરમાં રાજાની પાસે મોકલ્યો. ૨૩૩૧.

૧૨. દૂતે પણ કહ્યું. પુણ્યથી પ્રાપ્ત કરેલ સૈન્ય સહિત મંત્રી આવ્યો છે. હે રાજા ! જો તમે પરાક્રમી હો તો તેની સાથે યુદ્ધ કરવા માટે બહાર આવો. ૨૩૩૨.

૧૩. દૂતે નિવેદન કરેલા (જણાવેલા) તેને તેવા પ્રકારના સૈન્યના યોગને સાંભળીને રાજાએ સઘળા સભાજનોની આગળ એમ કહ્યું. ૨૩૩૩.

૧૪. હે સભાજનો ! અહીં પુણ્યને જ નિહાળો, એકલો નીકળેલો પણ આ હમણાં આવા પ્રકારનું પામ્યો. ૨૩૩૪.

૧૫. હવે રાજા (મન્ત્રીની) સન્મુખ જઈને માનને મૂકીને ભેટ્યો. પ્રમોદ અને આશ્ચર્યયુક્ત રોમાંચવાળા (રાજાએ) તેને નગરમાં પ્રવેશ કરાવ્યો. ૨૩૩૫.

तावुभावपि लोकानां, धर्मस्थैर्य वितेनतुः ।
चतुर्ज्ञानिधरस्तत्र, सूरिरेकोऽन्यदाऽगमत् ।।१६।।

वन्दितुं तं नृपामात्यौ, जग्मतुः सपरिच्छदौ ।
श्रुता च सावधानाभ्यां, ताभ्यां तद्धर्म्मदेशना ।।१७।।

समये च नृपोऽप्राक्षीत्, भगवन्नस्य मन्त्रिणः ।
येन चिन्तामणिर्दत्तः, स कः ? इत्यभिधीयताम् ।।१८।।

गुरुः प्राह पुरा पुर्यां, पद्मायां श्रावकोत्तमः ।
श्रेष्ठी सुदत्तः सम्यक्त्व-द्वादशव्रतभूषितः ।।१९।।

अहो रात्रिकमन्येद्युः, सोऽग्रहीत्पौषधव्रतम् ।
सुष्वाप विधिना रात्रौ, निद्राणो योगनिद्रया ।।२०।।

तदा च तद्गृहे चौरः, प्रविष्टः कोऽपि निर्भयः ।
मुषित्वा गृहसर्वस्वं, निर्ययौ नीरपूरवत् ।।२१।।

श्रेष्ठी तु जाग्रदेवाऽभूत्, तं जानन्नपि नाऽनुदत् ।
अवद्यभीरुर्धर्मात्मा, व्रतातीचारशङ्कितः ।।२२।।

अथ पारणकं चक्रे, प्रातः पारितपौषधः ।
पुत्रादेरपि तं वृत्तं, स गभीरो न चाऽवदत् ।।२३।।

स एव तस्करोऽन्येद्यु-र्हारं विक्रेतुमागतः ।
हट्टे क्वाऽपि सुदत्तस्य, पुत्रेण ददृशे तदा ।।२४।।

૧૬. તે બંનેએ પણ લોકોને ધર્મમાં સ્થિર કર્યા. એક વખત ત્યાં ચાર જ્ઞાનને ધારણ કરનારા આચાર્ય ભગવંત પધાર્યા. ૨૩૩૬.

૧૭. રાજા અને મંત્રી પરિવાર સહિત તેમને વંદન કરવા માટે ગયા. અને તે બંને વડે એકાગ્રતાપૂર્વક ધર્મદેશના સંભળાઈ. ૨૩૩૭.

૧૮. અવસરે રાજાએ પૂછ્યું, હે ભગવન્ ! આ મંત્રીને જેના વડે ચિંતામણિ રત્ન અપાયું તે કોણ છે ? એ પ્રમાણે કહો (જણાવો). ૨૩૩૮.

૧૯. ગુરુ ભગવંતે કહ્યું. *પહેલા પદ્મા નગરીમાં સમ્યક્ત્વ મૂલ બાર વ્રતથી* વિભૂષિત ઉત્તમ શ્રાવક શ્રેષ્ઠી સુદત્ત હતો. ૨૩૩૯.

૨૦. એક દિવસ તેણે દિવસ અને રાત્રિના પૌષધ વ્રતને ગ્રહણ કર્યું. યોગનિદ્રા વડે નિદ્રાને કરતો વિધિપૂર્વક રાત્રિમાં સૂતો હતો. ૨૩૪૦.

૨૧. ત્યારે તેના ઘરમાં નિર્ભય એવો કોઈક પણ ચોર પ્રવેશ્યો. ઘરનું સર્વસ્વ ચોરી કરીને પાણીના પૂરની જેમ નીકળી ગયો. ૨૩૪૧.

૨૨. શ્રેષ્ઠી જાગતો જ હતો, વળી પાપથી ભીરૂ ધર્માત્મા, વ્રતમાં અતિચાર લાગે એ પ્રમાણે શંકાવાળો તેને જાણતો છતો પણ બોલ્યો નહીં. ૨૩૪૨.

૨૩. હવે સવારે પૌષધ પારેલ શ્રેષ્ઠીએ પારણું કર્યું અને ગંભીર એવા તેણે (શ્રેષ્ઠીએ) પુત્રાદિને પણ તે વૃત્તાંત ન કહ્યો. ૨૩૪૩.

૨૪. એક દિવસ તે જ ચોર હારને વેચવા માટે બજારમાં ક્યાંક આવ્યો. ત્યારે સુદત્તના પુત્ર વડે (તે હાર) જોવાયો. ૨૩૪૪.

उपलक्ष्य निजं हार-मारक्षेभ्यस्तमार्प्पयत् ।
तेऽपि वध्यभुवं निन्यु-स्तं चौरं सर्वसाक्षिकम् ।।२५।।

तं तथाऽवस्थितं श्रेष्ठी, दृष्ट्वा सदयमानसः ।
आरक्षानब्रवीदेनं, भो भोः ! मुञ्चत मुञ्चत ।।२६।।

मयैवाऽस्याऽर्पितो हारो, न विदन्ति सुतादयः ।
श्रेष्ठी नासत्यवक्तेति, विमुक्तस्तैः स तस्करः ।।२७।।

विजने श्रेष्ठिना शिक्षा, तस्य दत्तेति भोस्त्वया ।
नाऽकर्त्तव्ये मतिः कार्या, मानुष्यं दुर्लभं खलु ।।२८।।

तस्करस्तस्य सौजन्य-मुपकारं च संस्मरन् ।
प्रव्रज्याऽनशनं कृत्वा, सौधर्म्मे त्रिदशोऽभवत् ।।२९।।

सुचिरं निरतीचार-पौषधव्रतपालनात् ।
स श्रेष्ठी सचिवो जातो, धर्मवान् भाग्यभासुरः ।।३०।।

देवेनाऽवधिना ज्ञात्वा, प्राग्भवोपकृतं तव ।
सङ्कटे पतितस्याशु, दत्तश्चिन्तामणिस्तदा ।।३१।।

अत्राऽन्तरे स देवोऽपि, तत्रैत्योवाच मन्त्रिणम् ।
किं ते करोमि ? सोऽप्याह, यात्रां सर्वत्र कारय ।।३२।।

ततश्च तेन देवेन, सह नन्दीश्वरादिषु ।
यात्रां कृत्वा वलमानः, प्राप्तः स लवणोपरि ।।३३।।

૨૫. પોતાના હારને ઓળખીને તેને (ચોરને) કોટવાલને અર્પણ કર્યો. તેઓ પણ સર્વ લોકોની સાક્ષીપૂર્વક તે ચોરને વધને યોગ્ય (જ્યાં વધ કરાય તે) ભૂમિમાં લઈ ગયા. ૨૩૪૫.

૨૬. દયાથી યુક્ત મનવાળા શ્રેષ્ઠીએ તે પ્રમાણેની અવસ્થાવાળા તેને જોઈને કોટવાલોને કહ્યું. અરે ! અરે ! આને છોડી દો. છોડી દો. ૨૩૪૬.

૨૭. મારા વડે જ આને હાર અર્પણ કરાયો છે. પુત્ર વિગેરે (તે વાતને) જાણતા નથી. શ્રેષ્ઠી અસત્ય બોલનાર નથી. એમ તેઓ વડે તે ચોર મુક્ત કરાયો. ૨૩૪૭.

૨૮. શ્રેષ્ઠી વડે એકાંતમાં તેને (ચોરને) એ પ્રમાણે શિખામણ અપાઈ. હે ! તારા વડે અકર્તવ્યમાં બુદ્ધિ કરવા યોગ્ય નથી. ખરેખર મનુષ્યપણું દુર્લભ છે. ૨૩૪૮.

૨૯. ચોર તેના સજ્જનપણાના ઉપકારને સ્મરણ કરતો પ્રવ્રજ્યા ગ્રહણ કરીને અનશન સ્વીકારીને સૌધર્મ દેવલોકમાં દેવ થયો. ૨૩૪૯.

૩૦. તે શ્રેષ્ઠી ઘણા કાળ પર્યંત અતિચાર રહિત પૌષધ વ્રતનું પાલન કરવાથી દેદીપ્યમાન ભાગ્યવાળો પ્રધાન ધર્મવાળો થયો. ૨૩૫૦.

૩૧. તારા પૂર્વભવમાં કરેલા ઉપકારને દેવ વડે અવધિજ્ઞાનથી જાણીને ત્યારે સંકટમાં પડેલા તેને જલ્દીથી ચિંતામણિ રત્ન અપાયું. ૨૩૫૧.

૩૨. આ બાજુ તે દેવે પણ ત્યાં જઈને મંત્રીને કહ્યું. તારું હું શું કરું ? તેણે પણ કહ્યું. સર્વ ઠેકાણે યાત્રા કરાવ. ૨૩૫૨.

૩૩. ત્યાર બાદ તે દેવની સાથે નંદીશ્વર વગેરે તીર્થોમાં યાત્રા કરીને પાછો ફરતાં તે લવણ સમુદ્ર ઉપર આવ્યો. ૨૩૫૩.

तावद्विलीनकर्म्मत्वा-त्तस्य केवलमुज्ज्वलम् ।
आयुः क्षयाद्विमुक्तिश्च, युगपत्समपद्यत ।।३४।।

इति पौषधव्रतेऽपि हि, दृष्टान्तः स्पष्टितो मया प्रकटः ।
तद्धो भव्या लोकाः !, तत्र रतिः किमिति न क्रियते ।।३५।।

।। इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारे चतुर्दश उपदेशः ।।१४।।

૩૪. તેટલામાં ચાર ઘાતિકર્મ નાશ પામવાથી તેને ઉજ્જવલ એવું કેવલજ્ઞાન અને આયુષ્યકર્મનો (ચાર અઘાતી કર્મોનો) નાશ થવાથી મોક્ષ એકી સાથે પ્રાપ્ત થયા. ૨૩૫૪.

૩૫. એ પ્રમાણે પૌષધ વ્રતમાં પણ સ્પષ્ટ રીતે મારા વડે દૃષ્ટાંત પ્રગટ કરાયું. તેથી હે ભવ્યલોકો ! ત્યાં (પૌષધવ્રતમાં) એ પ્રમાણે શા માટે મતિ કરાતી નથી ? ૨૩૫૫.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશ સપ્તતિકાના પાંચમા અધિકારમાં ચૌદમો ઉપદેશ છે. ॥

"उपदेशः-१५"

वित्तानि पात्रेषु वपन्तु हे जनाः !, भवाभिलाषो यदि वो न विद्यते ।
तादृक्षमक्षूणमसारसम्पदां, फलं हि दानादपरं न विद्यते ।।१।।

पुराऽवनिपुरे नाम्ना, प्रकृत्यापि च भद्रकः ।
अभूच्छ्रेष्ठी राजमान्यो, जायाऽप्येतत्सदृग्गुणा ।।१।।

अन्यदा दम्पती तौ श्रीधर्म्मं श्रुत्वा गुरोर्मुखात् ।
तत्पार्श्वेऽभिग्रहान्कांश्चि-त्स्वीचक्रतुरकृतिमान् ।।२।।

त्रिः पूजां द्विः प्रतिक्रान्तिं, भुक्तिमेकान्तरां च सः ।
सुपात्रदानसच्चित्त-त्यागाद्यं प्रतिपन्नवान् ।।३।।

दयिताऽप्याददे सर्वं, तन्नमस्कृत्य तौ गुरून् ।
गृहे गतौ कियत्कालं, ताभ्यां धर्म्मश्च निर्म्ममे ।।४।।

अन्येद्युर्द्रविणं क्षीणं, तस्य प्राक्कर्म्मयोगतः ।
ततश्च वानरप्रायं, कोऽपि तं मन्यतेऽपि न ।।५।।

अथ भार्याऽऽह गच्छन्तु, भवन्तो मत्पितुर्गृहे ।
तत्र च द्रविणैराढ्याः, विद्यन्ते भ्रातरोऽपि मे ।।६।।

ते च तुभ्यं प्रदास्यन्ति, द्रव्यं कियदपि प्रभो ! ।
तेन त्वं व्यवसायादि, कारं कारं सुखीभव ।।७।।

इत्युक्तेऽप्यस्य नोत्साह-स्तत्र गन्तुं मनागपि ।
श्वशुरस्य गृहे यानं, सतां लज्जाकरं खलु ।।८।।

"ઉપદેશ–૧૫"

૧. હે લોકો ! જો તમને સંસારની અભિલાષા વિદ્યમાન ન હોય તો સુપાત્રમાં ધનને વાવો. (વાપરો). ખરેખર તેવા પ્રકારની સારરહિત સંપૂર્ણ સંપત્તિનું ફળ દાન સિવાય બીજું કોઈ વિદ્યમાન નથી. ૨૩૫૬.

૧. પહેલા અવનિપુરમાં નામ વડે અને સ્વભાવ વડે ભદ્રક શ્રેષ્ઠી રાજાને માન્ય હતો. (આની) પત્ની પણ તેના જેવા ગુણવાળી હતી. ૨૩૫૭.

૨. એક વાર તે દંપતીએ ગુરુ ભગવંતના મુખથી શ્રીધર્મને સાંભળીને તેમની પાસે પૂર્વે નહીં સ્વીકારેલા એવા કેટલાક અભિગ્રહોને સ્વીકાર્યા. ૨૩૫૮.

૩. તેણે ત્રણ કાળ પૂજા, બે ટંક પ્રતિક્રમણ, એકાંતરે ભોજન કરવું, સુપાત્રદાન, સચિત્ત ત્યાગ વગેરે નિયમોને સ્વીકાર્યા. ૨૩૫૯.

૪. તેની પત્નીએ પણ તે સર્વ નિયમોને ગ્રહણ કર્યા. તે બંને ગુરુભગવંતને નમસ્કાર કરીને ઘરે ગયા અને કેટલોક કાળ તે બંને વડે ધર્મ કરાયો. ૨૩૬૦.

૫. એક દિવસ પૂર્વે કરેલ કર્મના યોગથી તેનું ધન ક્ષીણ થયું. ત્યારબાદ વાનર પ્રાયઃ એવા તેને કોઈ પણ માનતું નથી. ૨૩૬૧.

૬. હવે પત્નીએ કહ્યું, તમે મારા પિતાના ઘરે જાઓ અને ત્યાં મારા ભાઈઓ પણ ધન વડે સમૃદ્ધ વિદ્યમાન છે. ૨૩૬૨.

૭. હે પ્રભો ! તેઓ તમને કેટલુંક ધન આપશે. તેનાથી વ્યાપારાદિ કરતાં-કરતાં સુખી થાઓ. ૨૩૬૩.

૮. એ પ્રમાણે કહેતે છતે આને ત્યાં (સસરાના ઘરે) જવા માટે થોડો પણ ઉત્સાહ નથી. ખરેખર સસરાના ઘરે જવું સત્પુરુષોને લજ્જા કરનારું હોય છે. ૨૩૬૪.

अतिप्रेरणया तस्याः, उपवासदिनेऽपि सः ।
चलितः सार्द्धमादाय, सक्तूनामेव शम्बलम् ।।९।।

द्वितीयदिवसे क्काऽपि, प्रदेशे पारणेच्छया ।
प्रस्वेद्य पयसा सक्तू-श्चक्रे श्रीजिनपूजनम् ।।१०।।

तदा तद्भाग्ययोगेन, प्रेरितः कोऽपि संयतः ।
आगाद्दत्त्वा च तस्मै त-च्छेषं च बुभुजे स्वयम् ।।११।।

स तेन पात्रदानेन, प्रमोदं परमं वहन् ।
चतुर्थदिवसे हीतः, इव तन्मन्दिरे ययौ ।।१२।।

अथ सत्यापयन्ति स्म, स्वागतादि परं न ते ।
अत्यादरं तस्य चक्रुः, पश्यन्तस्तं धनोज्झितम् ।।१३।।

तथापि स्वस्य निर्वाह-योग्यं याचितवान् कियत् ।
श्वशुराद्या अपि प्रोचु-स्तदा तस्येदृशं वचः ।।१४।।

श्रेष्ठिन साम्प्रतं व्याजो, न वाणिज्यं च तादृशम् ।
भवादृशामदेयं किं, परं युक्तिर्न तादृशी ।।१५।।

तथापि कुलदेवी चे-त्कथयिष्यति तद्धनम् ।
कियत्तवाऽर्पयिष्यामः, सा हि नः कामधेनुवत् ।।१६।।

तैः पृष्टा साऽप्यवादीत्तान्, यदेष पथि साम्प्रतम् ।
दानपुण्यं व्यधात्तस्य, षष्ठांशं चेद्ददाति वः ।।१७।।

૯. તેની અત્યંત પ્રેરણાથી ઉપવાસને દિવસે પણ તે સાથવાનું જ ભાથું સાથે લઈને ચાલ્યો. ૨૩૬૫.

૧૦. બીજે દિવસે કોઈક પ્રદેશમાં પારણાની ઈચ્છા વડે દૂધની સાથે સાથવાને મેળવીને શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજા કરી. ૨૩૬૬.

૧૧. ત્યારે ભાગ્યના યોગથી પ્રેરાયેલ કોઈક - મુનિ ભગવંત આવ્યા. તેમને વહોરાવીને શેષ વધેલું પોતે વાપર્યું. ૨૩૬૭.

૧૨. તે (શ્રેષ્ઠી) તે સુપાત્રદાનથી ઘણા પ્રમોદને ધારણ કરતો ચોથા દિવસે લજ્જાળુની જેમ તેના (સસરાના) ઘરે ગયો. ૨૩૬૮.

૧૩. તેઓ સસરા વગેરે સ્વાગતાદિ પ્રગટ કરતા હતા. પરંતુ ધનથી રહિત તેને જોતા તેઓએ હવે તેનો અતિઆદર ન કર્યો. ૨૩૬૯.

૧૪. તો પણ તેણે પોતાના નિર્વાહને યોગ્ય કેટલુંક ધન માગ્યું, ત્યારે સસરા વિગેરે પણ તેને આવા પ્રકારનું વચન કહ્યું. ૨૩૭૦.

૧૫. હે શ્રેષ્ઠિન્ ! હમણાં વ્યાજ નથી અને તેવા પ્રકારનો વ્યાપાર પણ નથી. તમારા જેવાને ન આપવા યોગ્ય શું હોય ? પરંતુ તેવા પ્રકારની યોજના નથી. ૨૩૭૧.

૧૬. તો પણ જો કુલદેવી કહેશે તો અમે કેટલુંક ધન તમને અર્પણ કરીશું. ખરેખર તે અમારે કામધેનુની જેવી છે. ૨૩૭૨.

૧૭. તેઓ વડે પૂછાયેલી તેણીએ પણ કહ્યું. એણે માર્ગમાં હમણાં જે દાન પુણ્ય કર્યું તેનો છઠ્ઠો ભાગ જો તમને આપે. ૨૩૭૩.

सौवर्णिकानां षड्लक्षी, तदानीमस्य दीयताम् ।
श्रुत्वेति देवीवाक्यं तैः, तस्याग्रे तन्निवेदितम् ।।१८।।

सोऽप्याह निजपुण्यस्य, न लेशमपि वो ददे ।
कोट्यंशेऽपि भवद्द्रव्यं, मम दानस्य नार्घति ।।१९।।

ततः स सत्त्वमालम्ब्य, चचाल स्वपुरं प्रति ।
स्वपुराऽऽसन्ननद्यां च, क्रमादेत्य व्यचिन्तयत् ।।२०।।

अहो ! मे जैनधर्म्माप्त्या, नित्यं तुष्टस्य किं धनैः ।
परं मदीया गृहिणी, करोत्यार्त्तिं करोमि किम् ? ।।२१।।

तत्र मां प्रेषितवती, या महद्भिर्मनोरथैः ।
सा दृष्ट्वेदृगवस्थं मां, मृतकल्पा भविष्यति ।।२२।।

तदेतानुज्ज्वलान्वृत्तान्, गृहीत्वा कर्क्करानपि ।
ग्रन्थौ निबध्य गच्छामि, गृहे सा प्रीयते यथा ।।२३।।

विमृश्येति महान्तं तत्, पोट्टलं न्यस्य मस्तके ।
आगतो मन्दिरे श्रेष्ठी, साऽपि संमुखमागमत् ।।२४।।

वित्तेन पूरितो भर्त्ता, प्राप्त इत्युल्लसन्मुखी ।
उत्तार्य मस्तकाद् ग्रन्थिं, मुमोच क्काऽपि कोणके ।।२५।।

पूजासत्पात्रदानादि-धर्म्ममाहात्म्ययोगतः ।
अथ ते कर्क्कराः सर्व्वे, जात्यरत्नानि जज्ञिरे ।।२६।।

૧૮. તો (ત્યારે) છ લાખ સુવર્ણ આને આપવા. એ પ્રમાણે દેવીનું વચન સાંભળીને સસરા વગેરે વડે તેની સમક્ષ તે જણાવાયું. ૨૩૭૪.

૧૯. તેણે પણ કહ્યું. પોતાના પુણ્યનું લેશમાત્ર પણ હું તમને નહીં આપું, મારા ધનની કિંમતમાં તમારું ધન કરોડમા અંશે પણ નથી. ૨૩૭૫.

૨૦. ત્યાર બાદ સત્ત્વનું આલંબન લઈને તે પોતાના નગર તરફ ચાલ્યો. પોતાના નગરની નજીક રહેલ નદીની પાસે જઈને અનુક્રમે વિચાર્યું. ૨૩૭૬.

૨૧. અહો ! જૈનધર્મની પ્રાપ્તિ વડે હંમેશાં ખુશ એવા મારે ધન વડે કરીને શું ? પરંતુ મારી પત્ની આર્ત્તધ્યાનને કરશે હું શું કરું ? ૨૩૭૭.

૨૨. જે મોટા મનોરથો વડે મને ત્યાં મોકલનારી હતી. તે આવા પ્રકારની મારી અવસ્થાને જોઈને મરેલા માણસની જેવી થશે. ૨૩૭૮.

૨૩. તેથી સફેદ ગોળ કાંકરાઓને પણ ગ્રહણ કરીને ગાંઠડીમાં બાંધીને હું જાઉં: જેથી તેણી ખુશ થાય. ૨૩૭૯.'

૨૪. શ્રેષ્ઠી એ પ્રમાણે વિચારીને તે મોટા પોટલાને મસ્તક પર મૂકીને ઘરે આવ્યો. પત્ની પણ સન્મુખ આવી. ૨૩૮૦.

૨૫. ધન વડે પૂર્ણ થયેલ સ્વામી આવ્યા, એ પ્રમાણે ઉલ્લસિત મુખવાળી પત્નીએ મસ્તક પરથી ગાંઠડી ઉતારીને ક્યાંક ખૂણામાં મૂકી. ૨૩૮૧.

૨૬. પૂજા, સુપાત્રદાન વગેરે ધર્મના મહિમાના યોગથી હવે તે સર્વ કાંકરાઓ જાત્યવંત રત્નો થયા. ૨૩૮૨.

तन्मध्यादेकरत्नेन, स्वभर्त्तुरपरेऽहनि ।
सम्मील्य शस्यवस्तूनि, प्राज्यं भोज्यं व्यधत्त सा ।।२७।।

रत्नस्वरूपमप्राक्षीद्भोजनावसरे पतिम् ।
किमेतदिति सम्भ्रान्तः, स्ववृत्तं सोऽप्यभाषत ।।२८।।

श्रीधर्म्मस्यैव माहात्म्यं, तन्नूनमिदमावयोः ।
इति तौ दम्पती धर्म्मे, चक्रतुर्निश्चलं मनः ।।२९।।

इत्थमेष पुनरद्भुतसम्प-त्प्राप्तितोऽजनि नृपादिषु मान्यः ।
पात्रदानजिनपूजनमुख्यं, पुण्यमेव भविकाः ! क्रियतां तत् ।।३०।।

।। इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारे पञ्चदश उपदेशः ।।१५।।

૨૭. તેમાંથી એક રત્ન વડે પત્નીએ બીજે દિવસે શ્રેષ્ઠ વસ્તુઓ લાવીને શ્રેષ્ઠ ભોજન બનાવીને પોતાના પતિને ભોજન કરાવ્યું. ૨૩૮૩.

૨૮. ભોજન સમયે તેણીએ પતિને રત્નના સ્વરૂપને પૂછ્યું ? આ શું ? એ પ્રમાણે ભ્રાંતિવાળા તેણે પણ પોતાના વૃત્તાંતને કહ્યો. ૨૩૮૪.

૨૯. ખરેખર તે આ આપણા બંનેના શ્રી ધર્મનો જ મહિમા છે. એ પ્રમાણે તે દંપતીએ ધર્મમાં મનને નિશ્ચલ કર્યું. ૨૩૮૫.

૩૦. એ પ્રમાણે આ (શ્રેષ્ઠી) ફરીથી અદ્‌ભુત સંપત્તિની પ્રાપ્તિથી રાજા વગેરેમાં માન્ય થયો. તેથી હે ભવ્યજનો ! તે સુપાત્રદાન - જિનપૂજા વિગેરે પુણ્યને જ કરો. ૨૩૮૬.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના પાંચમા અધિકારમાં પંદરમો ઉપદેશ છે. ॥

"उपदेशः-१६"

गुणानुरागं गुणवज्जनेषु, साधर्म्मिकाणां सृजतां विधेयम् ।
वात्सल्यमुत्फुल्लधियाऽऽस्तिकौघैः, श्रीदण्डवीर्येण यथा कृतं तत् ।।१।।

वंशे श्रीभरतस्यासीत्, अयोध्यायां महीपतिः ।
अष्टमो दण्डवीर्याख्य-स्तेजसां यशसां निधिः ।।१।।

आचारं भरतेशस्य, श्राद्धभोजनलक्षणम् ।
स सत्यापयति प्रोच्चै-स्त्रिखण्डावनिमण्डनम् ।।२।।

स षोडशसहस्रेषु, राजसु स्फीतभक्तिषु ।
निषण्णेष्वन्यदाऽऽस्थान्या-मलञ्चक्रे वरासनम् ।।३।।

गतेष्वथ च षट्कोटि-पूर्वेषु भरतादनु ।
सौधर्म्मेन्द्रः सभासीनः, सस्मार भगवद्गुणान् ।।४।।

तुष्टाव च स तं तादृक्, पुंरत्नश्रेयमीशितुः ।
वंशं शाखाशतैर्युक्तं, जगदाऽऽलम्बनक्षमम् ।।५।।

वर्यवीर्यं दण्डवीर्यं, गृणन्तं धर्म्ममार्हतम् ।
सौधर्मेन्द्रः सभासीनो, ददर्श ज्ञानचक्षुषा ।।६।।

श्राद्धवेषं सुरेशोऽथ, कृत्वाऽयोध्यामुपागमत् ।
उदस्य पाणिं भूपाय, स आशीर्वचनं जगौ ।।७।।

गृणन्तं चतुरो वेदान्, भरतेशेन निर्मितान् ।
दृष्टिपूते पथि न्यस्त-चरणं ब्रह्मधारिणम् ।।८।।

"ઉપદેશ-૧૬"

૧. ગુણીજનોને વિષે ગુણાનુરાગને કરતાં સાધર્મિકોનું વાત્સલ્ય પ્રફુલ્લિત બુદ્ધિ દ્વારા આસ્તિક લોકો વડે કરવા યોગ્ય છે. જે પ્રમાણે સાધર્મિક વાત્સલ્ય શ્રી દંડવીર્ય વડે કરાયું. ૨૩૮૭.

૧. અયોધ્યાનગરીમાં શ્રી ભરત રાજાના વંશમાં આઠમો તેજ અને યશનો ભંડાર દંડવીર્ય નામે રાજા હતો. ૨૩૮૮.

૨. ત્રણ ખંડ પૃથ્વીની શોભા રૂપ એવા શ્રાવકોને ભોજન કરાવવા રૂપ ભરત મહારાજાના આચારને તે સારી રીતે સાચવતો હતો. ૨૩૮૯.

૩. એક વખત વિશાળ ભક્તિવાળા સોળ હજાર રાજાઓ બેઠેલા હોતે છતે સભામાં તેણે શ્રેષ્ઠ આસનને અલંકૃત કર્યું. ૨૩૯૦.

૪. હવે ભરત પછી છ કરોડ પૂર્વ ગયે છતે સભામાં બેઠેલા સૌધર્મેન્દ્રે ભગવાનના ગુણોનું સ્મરણ કર્યું. ૨૩૯૧.

૫. જગતને આલંબનભૂત સેંકડો શાખાઓથી યુક્ત, પુરુષરત્નને કલ્યાણકારી એવા સ્વામીના વંશને જોઈને સૌધર્મેન્દ્ર સ્તુતિ કરવા લાગ્યા. ૨૩૯૨.

૬. સભામાં બેઠેલા સૌધર્મેન્દ્રે અરિહંત પરમાત્માના ધર્મને ભણતા, સુંદર વીર્યવાળા દંડવીર્યને જ્ઞાન રૂપી ચક્ષુ વડે જોયા. ૨૩૯૩.

૭. હવે ઈન્દ્ર મહારાજા શ્રાવકનો વેષ કરીને અયોધ્યામાં આવ્યા. તેમણે ઉંચો હાથ કરીને રાજાને આશીર્વાદ વચન આપ્યું. ૨૩૯૪.

૮. ભરત રાજા વડે નિર્માણ કરાયેલા ચાર વેદોને ભણતા, દષ્ટિથી પવિત્ર કરાયેલ રસ્તામાં ચરણને સ્થાપન કરનાર, બ્રહ્મચર્ય ધારણ કરનાર - ૨૩૯૫.

द्वादशव्रतधरित्वात्, तावन्ति तिलकान्यपि ।
बिभ्राणं हृदये हेम-सूत्रत्रयविराजितम् ।।९।।

तं वीक्ष्य दण्डवीर्योऽभू-त्तस्मिन् सादरमानसः ।
क्रियाया डम्बरो यावां-स्तावांल्लोकादरोऽपि यत् ।।१०।।

कुतः समागतोऽसि त्वं ?, यियासा कुत्र वा तव ? ।
इति भाषिणि भूपाले, मायया सोऽप्युवाच तम् ।।११।।

अहं श्रीअमरावत्या, पुरीतः श्राद्धवेषभृत् ।
तीर्थेषु यात्राः कुर्वाणः, प्राप्तोऽद्याऽत्र नराधिप ! ।।१२।।

अत्र शक्रावताराख्ये, चैत्ये श्रीऋषभप्रभुम् ।
स्तुत्वा भवन्तं दृष्ट्वा च, मयात्माऽयं पवित्रितः ।।१३।।

आज्ञापयदथो सूदां-स्तद्भोजनकृते नृपः ।
अद्य तीर्थोपवासस्य, चिकीर्षास्तीति सोऽप्यवक् ।।१४।।

क्षपणस्य निर्षेधे तु, भूपालाद्यैः कृते सति ।
स प्राप्तो दानशालासु, दृष्टिपूतं चरन् पथि ।।१५।।

पठतस्तत्र शास्त्राणि, वेदादीनि कृतोद्यमम् ।
कांश्चिद्ध्यानपरान्कांश्चि-त्कांश्चिदाचारशिक्षकान् ।।१६।।

त्रिकालदेवपूजायै, त्रिशुद्ध्या स्नानिनः परान् ।
क्रमात्संक्रन्दनः श्राद्धान्, वीक्ष्याऽऽप परमां मुदम् ।।१७।।

૯. બાર વ્રતોને ધારણ કરનાર હોવાથી તેટલા=બાર તિલકોને પણ ધારણ કરતા અને હૃદયમાં સુવર્ણની અને સૂતરની જનોઈથી શોભતા એવા તેને - ૨૩૯૬.

૧૦. તેને (શ્રાવકને) જોઈને દંડવીર્ય રાજા તેને વિષે આદર સહિત મનવાળો થયો. જેવો ક્રિયાનો આડંબર હોય તેવો લોકોનો પણ આદર મળે. ૨૩૯૭.

૧૧. તમે ક્યાંથી આવ્યા છો ? અથવા તમારી ઈચ્છા ક્યાં જવાની છે ? એ પ્રમાણે રાજા કહેતે છતે માયા વડે તેણે પણ તેને કહ્યું. ૨૩૯૮.

૧૨. હે રાજા ! હું અમરાવતી નગરીથી શ્રાવકના વેષને ધારણ કરનાર તીર્થોને વિષે યાત્રા કરતો આજે અહીં આવ્યો છું. ૨૩૯૯.

૧૩. અહીં શક્રાવતાર નામના ચૈત્યમાં શ્રી ઋષભદેવની સ્તુતિ કરીને અને તમને જોઈને મારો આત્મા પવિત્ર થયો. ૨૪૦૦.

૧૪. હવે રાજાએ તેના ભોજન માટે રસોઈયાઓને આજ્ઞા આપી તેણે (શ્રાવકે) પણ કહ્યું કે આજે તીર્થમાં ઉપવાસ કરવાની ઈચ્છા છે. ૨૪૦૧.

૧૫. રાજા વગેરે વડે ઉપવાસનો નિષેધ કરાયે છતે તે માર્ગમાં પવિત્ર દૃષ્ટિપૂર્વક ચાલતો દાનશાલાઓમાં ગયો. ૨૪૦૨.

૧૬. ત્યાં કેટલાક શાસ્ત્રો ભણતાં કેટલાક વેદ વિગેરેમાં ઉદ્યમ કરતાં, કેટલાક ધ્યાનમાં પરાયણ, કેટલાક આચાર શીખવનારા શિક્ષકોને - ૨૪૦૩.

૧૭. ત્રિકાળ દેવની પૂજાને માટે ત્રણ (મન-વચન-કાયાની) શુદ્ધિ વડે સ્નાન કરવામાં તત્પર એવા શ્રાવકોને જોઈને અનુક્રમે ઈન્દ્ર મહારાજા અત્યંત આનંદ પામ્યા. ૨૪૦૪.

श्राद्धाभिवादये तुभ्य-मिति वादिभिरुत्थितैः ।
आचम्य शुचिभिस्तोयै-स्तैः समं सोऽविशद् गृहम् ।।१८।।

कोटिश्राद्धकृते जात-मन्नपाकं क्षणादपि ।
दिव्यप्रभावादेकोऽपि, सोऽभुङ्क्त कपटाऽऽस्तिकः ।।१९।।

परिवेषयतान्नं रे !, बुभुक्षा व्याकुलस्य मे ।
कथं सूदाः ! दण्डवीर्यो, व्रीडापात्रं विधीयते ? ।।२०।।

तत्स्वरूपे चरै राज्ञे, ज्ञापिते स्वयमेत्य सः ।
अपश्यत् क्षामकुक्षिं त-मिव मासोपवासिनम् ।।२१।।

मायाश्राद्धोऽपि राजेन्द्रं, दृष्ट्वा श्रद्धासमन्वितम् ।
जगाद कठिनां वाचं, दीनभावं प्रकाशयन् ।।२२।।

राजन्नमी त्वया सूदाः, नियुक्ताः श्राद्धवञ्चने ।
मामप्येकं क्षुधाक्षामं, यदमी प्रीणयन्ति न ।।२३।।

तच्छ्रुत्वा कुपितः किञ्चि-दपाचयदिलापतिः ।
शतमूढकमानेन, सूदैरन्नं स्वदृक्पुरः ।।२४।।

मायया स क्षणादेव, पश्यतो नृपतेस्तदा ।
जग्रसेऽन्नं यथा वह्निः, सर्वमिन्धनसञ्चयम् ।।२५।।

मायाश्राद्धः पुनः प्राह, जातेन भवताऽपि किम् ? ।
पूर्वेषां यः कुलं कीर्त्तिं, पुण्यं नाऽधिकतां नयेत् ।।२६।।

૧૮. હે શ્રાવક ! હું તમને અભિવાદન કરું છું. એ પ્રમાણે ઉભા થઈને બોલતા પવિત્ર પાણી વડે આચમન કરીને (પીને) તેણે (શ્રાવકે) ઘરમાં પ્રવેશ કર્યો. ૨૪૦૫.

૧૯. કપટથી આસ્તિક થયેલ તેણે કરોડો શ્રાવકો માટે તૈયાર થયેલ ભોજનને ક્ષણ માત્રમાં જ દિવ્ય પ્રભાવથી એકલાએ ખાધું. ૨૪૦૬.

૨૦. અરે ! ભૂખ વડે વ્યાકુલ એવા મને અન્નને પીરસ (આપ). હે રસોઈયાઓ ! દંડવીર્ય રાજા શા માટે લજ્જાપાત્ર કરાય છે ? ૨૪૦૭.

૨૧. ગુપ્તચરો વડે રાજાને તે સ્વરૂપને વિષે જણાવાતે છતે સ્વયં તેણે આવીને એક માસના ઉપવાસીની જેમ ઈન્દ્ર મહારાજાને જોયા. ૨૪૦૮.

૨૨. માયા વડે થયેલ શ્રાવકે પણ રાજેન્દ્રને શ્રદ્ધાથી યુક્ત જોઈને દીનભાવને બતાવતા કઠોર વચનો કહ્યા. ૨૪૦૯.

૨૩. હે રાજન્ ! તારા વડે આ રસોઈયાઓ શ્રાવકને ઠગવા માટે રખાયા છે ? અત્યંત ભૂખ્યા એવા એકલા મને પણ જેઓ સંતુષ્ટ કરતાં નથી. ૨૪૧૦.

૨૪. તે સાંભળીને કાંઈક કુપિત થયેલ રાજાએ પોતાની નજર (દૃષ્ટિ) સામે રસોઈઆઓ વડે સેંકડો મૂઢક પ્રમાણ અનાજ રસોઈઆઓ પાસે રંધાવ્યું. ૨૪૧૧.

૨૫. જેમ અગ્નિ સર્વ લાકડાના સમૂહને કોળીયા કરે તેવી રીતે ત્યારે તેણે માયા વડે ક્ષણ માત્રમાં જ રાજાની સમક્ષ (અન્નને તે પ્રમાણે ખાધું.) ૨૪૧૨.

૨૬. માયાળુ શ્રાવકે ફરીથી કહ્યું, જે પહેલાના કુલ, કીર્તિ અને પુણ્યને વૃદ્ધિપણામાં ન લઈ જાય. તેવા જન્મેલા તમારા વડે કરીને શું ? ૨૪૧૩.

श्राद्धभोजनरूपां त्वं, मायां मुञ्च त्रपां त्यज ।
प्रतार्यन्ते कथं मर्त्त्याः, सत्राडम्बरधारिणा ? ।।२७।।

तस्येति निष्ठुरां वाचं, श्रुत्वाऽपि न चुकोप सः ।
स्वपुण्याऽपूर्णतां जानन्, प्रत्युत स्वं निनिन्द सः ।।२८।।

ज्ञात्वाऽथ नृपतेर्भावं, जगौ मन्त्री पवित्रवाक् ।
स्वामिन्नयं श्राद्धरूप-च्छलकृत्कोऽपि निर्जरः ।।२९।।

श्राद्धवेषेऽस्ति ते भक्ति-र्यदि तत्तां समाचर ।
चन्दनागुरुकर्पूर-कस्तूरीप्रमुखां नृप ! ।।३०।।

श्रुत्वेति भूपतिर्धूपं, चन्दनागुरुमिश्रितम् ।
ददाह तत्पुरो भक्त्या, पुण्यं वाक्यं जगाद च ।।३१।।

कस्त्वं श्रावकवेषेणे-हागान्मां पावितुं वद ।
कुर्वन्मयि कृपां देव !, प्रसीद प्रकटीभव ।।३२।।

पुरुहूतस्ततो रूपं, प्रकटीकृत्य तं जगौ ।
धन्यस्त्वमेव यस्येदृग्, भक्तिः साधर्म्मिके जने ।।३३।।

दृश्यन्ते कोटिशो विश्वे, स्वोदरंभरयो नराः ।
साधर्म्मिकस्यैकस्याऽपि, न तु वात्सल्यकारकः ।।३४।।

निर्म्माय निर्म्मायतया प्रशंसां, शक्रस्तदीयामिति रत्नकोटिः ।
प्रवृष्य दिव्यं च धनुः प्रदाय, स्वां राजधानीं समलञ्चकार ।।३५।।

श्रीदण्डवीर्योऽपि विधाय यात्रां, शत्रुञ्जये सङ्घपतेः पदं च ।
प्राप्यात्मदर्शोदितकेवलश्रीः, क्रमाच्च निर्व्वाणपुरे जगाम ।।३६।।

।। इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारे षोडश उपदेशः ।।१६।।

૨૭. તું સાધર્મિક વાત્સલ્ય સ્વરૂપ માયાને છોડી દે, લજ્જાનો ત્યાગ કર. તારા વડે દાનશાલાના આડંબરને ધારણ કરવા પૂર્વક લોકો શા માટે છેતરાય છે ? ૨૪૧૪.

૨૮. તેના એ પ્રમાણેના નિષ્ઠુર વચનોને સાંભળીને પણ તેણે કોપ ન કર્યો, પરંતુ પોતાના પુણ્યની અપૂર્ણતાને જાણતા એવા તેણે પોતાની નિંદા કરી. ૨૪૧૭.

૨૯. હવે રાજાના ભાવને જાણીને પવિત્ર વચનવાળા મંત્રીએ કહ્યું, હે સ્વામિન્ ! આ શ્રાવકના રૂપને ધારણ કરવા પૂર્વક છલને કરનાર કોઈ પણ દેવ છે. ૨૪૧૭.

૩૦. હે રાજન્ ! જો શ્રાવકના વેષને વિષે તારી ભક્તિ છે તો ચંદન-અગરૂ-કર્પૂર-કસ્તૂરી વિગેરેને આચર. ૨૪૧૭.

૩૧. એ પ્રમાણે સાંભળીને રાજાએ ચન્દન-અગરૂમિશ્રિત ધૂપને સળગાવ્યો અને તેમની આગળ ભક્તિપૂર્વક સુંદર વાક્યો બોલ્યો. ૨૪૧૮.

૩૨. 'તમે કોણ છો ? મને પાવન કરવા માટે શ્રાવકના વેષને ધારણ કરીને અહીં આવ્યા છો ? મારા પર કૃપાને કરતા એવા તમે મહેરબાની કરો. હે દેવ ! પ્રગટ થાઓ." ૨૪૧૯.

૩૩. ત્યારબાદ ઈન્દ્રે રૂપને પ્રગટ કરીને તેને કહ્યું, તમે ધન્ય છો, જેની સાધર્મિકજનને વિષે આવા પ્રકારની ભક્તિ છે. ૨૪૨૦.

૩૪. જગતમાં પોતાના પેટને ભરનારા, કરોડો માણસો દેખાય છે, પરંતુ એક સાધર્મિકનું પણ વાત્સલ્ય કરનાર કોઈ નથી. ૨૪૨૧.

૩૫. માયારહિતપણા વડે ઈન્દ્ર મહારાજાએ તેની પ્રશંસા કરીને, કરોડો રત્નની વૃષ્ટિ કરીને અને દિવ્ય ધનુષને ગ્રહણ કરીને પોતાની રાજધાનીને અલંકૃત કરી. ૨૪૨૨.

૩૬. શ્રી દંડવીર્ય રાજા પણ શત્રુંજયની યાત્રા કરીને અને સંઘપતિ પદને પ્રાપ્ત કરીને આત્માના દર્શનનો ઉદય કરનારી કેવળજ્ઞાન રૂપી લક્ષ્મીવાળા અનુક્રમે નિર્વાણ નગરમાં ગયા. ૨૪૨૩.

॥ એ પ્રમાણે શ્રી ઉપદેશસપ્તતિકાના પાંચમા અધિકારમાં સોળમો ઉપદેશ છે. ॥

"उपदेशः-१७"

श्रीज्ञानसाधारणवित्तमास्तिकैः, सङ्घानुमत्या न पुनर्निजेच्छया ।
व्यापार्यमत्राऽपि जिनागमोदितं, श्राद्धद्वयोदाहरणं निगद्यते ।।१।।

भोगपुरे नगरे २४ कनककोटिस्वामी धनावहश्रेष्ठी ।

तस्य पत्नी धनवती तयोर्युग्मजातौ सुतौ कर्म्मसारपुण्यसारौ,

पित्राऽन्यदा कीदृशावेतौ भाविनाविति नैमित्तिकः पृष्टः, स प्राह, कर्म्मसारो जडप्रकृतिरतिनिष्प्रज्ञो विपरीतबुद्धितया सुबहूपक्रमेऽपि प्राच्यद्रव्यनिर्गमननव्य-द्रव्योपार्ज्जनाभावादिना बहुकालं दारिद्र्यादिदुःखवान् भावी ।

पुण्यसारोऽपि प्राच्यद्रव्यस्य नवोपार्ज्जितस्य च पुनः पुनर्हान्या तथैव दुःखी भावी, परं वाणिज्यादिकलाकुशलौ द्वावपि भाविनौ, द्वयोश्च वार्द्धके धनसौख्य-सन्तत्यादि भावि । क्रमेणोपाध्यायस्य पाठनीयार्पितौ । पुण्यसारः सुखेन सर्वा विद्या अधीतवान् । कर्म्मसारस्य तु अक्षरमपि नायाति । वाचनलिखनाद्यपि कर्त्तुं न शक्नोति पशुप्रायः । पाठकेनाऽपि पाठनं मुक्तम् । यौवनस्थौ च तौ पितृभ्यां महेभ्यकन्ये परिणायितौ सोत्सवम् । मा मिथः कलहो भावीति द्वावपि १२।१२ कनककोटीर्दत्वा पृथक्कृतौ । पितरौ तु प्रव्रज्य स्वर्गतौ । अथ कर्म्मसारस्य निजतत्तत्कुबुद्ध्या स्वजनादिनिषेधनेऽपि वाणिज्यादिविदधतो यत्र तत्र विनाश-स्यैव सम्भवात् द्वादशाऽपि स्वर्णकोटयो गताः । पुण्यसारस्यापि राजदायादत-स्करवह्न्याद्युपद्रवैः स्तोकेनापि कालेन सर्वा अपि स्वर्ण्णकोटयो गताः । जातौ द्वावपि दरिद्रौ । त्यक्तौ स्वजनादिभिः । भार्ये अपि क्षुधार्दिते गते पितृगृहे । यतः -

अलियंपि जणो धणवं-तयस्स सयणत्तणं पयासेइ ।
आसन्नबंधवेणवि, लज्जिज्जइ हीणविहवेण ।।१।।

गुणवंपि निग्गुणच्चिय, गणिज्जए परियणेण गयविहवो ।
दक्खत्ताइगुणेहिं, अलिएहिवि गिज्जए सधणो ।।२।।

"ઉપદેશ-૧૭"

૧. આસ્તિક લોકોએ શ્રી જ્ઞાનદ્રવ્ય અને સાધારણદ્રવ્ય સંઘની અનુમતિપૂર્વક વાપરવું જોઈએ, પરંતુ ઈચ્છાપૂર્વક નહીં. અહીં પણ જિનાગમમાં કહેલું બે શ્રાવકનું દૃષ્ટાંત કહેવાય છે. ૨૪૨૪.

૨. *ભોગપુર નગરમાં ચોવીસ કરોડ સુવર્ણના સ્વામી ધનાવહ નામે શ્રેષ્ઠી હતા.* તેની ધનવતી નામે પત્ની હતી. તેમને કર્મસાર અને પુણ્યસાર નામે બે પુત્ર એકી સાથે ઉત્પન્ન થયા. એક વખત 'આ બંને પુત્રો કેવા પ્રકારના થશે ?' એ પ્રમાણે પિતા વડે નિમિત્તજ્ઞ પૂછાયો. તેણે કહ્યું, કર્મસાર જડ સ્વભાવવાળો અત્યંત અજ્ઞાની, વિપરીત બુદ્ધિ વડે ઘણા ઉપાય કર્યે છતે પણ પૂર્વના ધનનું જવું અને નવું દ્રવ્ય ઉપાર્જન ન થવાથી ઘણા કાળ પર્યંત દારિદ્ર વગેરે દુઃખોવાળો થશે. પુણ્યસાર પણ પૂર્વે ઉપાર્જન કરેલા દ્રવ્યનું અને નવા દ્રવ્યની ફરી-ફરીથી હાનિ થવાથી તે પ્રમાણે જ (કર્મસારની જેમ) દુઃખી થશે, પરંતુ બંને પણ વ્યાપાર વિગેરે કળામાં કુશળ થશે. પરંતુ બંનેના વૃદ્ધપણામાં ધનના સુખની સંતતિ વિગેરે થશે. અનુક્રમે ભણવા માટે ઉપાધ્યાયને અર્પણ કરાયા. પુણ્યસાર સુખપૂર્વક (સર્વ વિદ્યા શીખ્યો. વળી કર્મસારને અક્ષર પણ આવડતું નથી. પ્રાયઃ પશુ જેવો તે (કર્મ્મસાર) વાંચન - લેખન વગેરે પણ કરવા માટે સમર્થ નથી. શિક્ષક વડે પણ આને ભણાવવાનું બંધ કરાયું અને પિતાવડે યૌવન અવસ્થામાં તે બંને (પુણ્યસાર અને કર્મ્મસાર) ધનવાનની બે કન્યા સાથે ઉત્સવપૂર્વક પરણાવાયા. પરસ્પર કલહ ન થાય માટે બાર-બાર કરોડ એ પ્રમાણે આપીને બંનેને જુદા કર્યા. વળી માતા-પિતા દીક્ષા ગ્રહણ કરીને સ્વર્ગમાં ગયા. કર્મ્મસારને સ્વજન વિગેરે નિષેધ કરતે છતે પણ પોતાની તે-તે વિપરીત બુદ્ધિ વડે વ્યાપારાદિ કરતાં જ્યાં-ત્યાં ધનનો વિનાશ જ સંભવતો (થતો) હોવાથી બારે કરોડ સુવર્ણ દ્રવ્ય વિનાશ પામ્યું. પુણ્યસારને પણ રાજા-ભાગીદાર-ચોર-અગ્નિ વિગેરેના ઉપદ્રવ વડે થોડા કાળમાં જ સર્વ કરોડ સુવર્ણ ધન્ય વિનાશ પામ્યું. બંને પણ દરિદ્રી થયા. સ્વજનાદિ વડે ત્યાગ કરાયા. ભૂખ વડે પીડાતી તે બંને પત્નીઓ પણ પિતાના ઘરે ગઈ. જે કારણથી - ૨૪૨૫.

૧. લોકો ધનવાન માણસનું ખોટું પણ સજ્જનપણું પ્રકાશે છે, અને હીન વૈભવવાળા નજીકના ભાઈની સાથે પણ લજ્જા પામે છે. ૨૪૨૬.

૨. ગુણવાન એવો પણ નિર્ધન (નાશ પામી ગયું છે ધન જેનું તે) ખરેખર સગા-વ્હાલાઓ વડે નિર્ગુણીની જેમ ગણાય છે. ધનવાન, ખોટા પણ દક્ષજ્ઞાદિ ગુણો વડે કરીને ગવાય છે. ૨૪૨૭.

ततो निर्बुद्धिनिर्भाग्याविति लोकैर्दत्ताभिधानौ पदे पदे प्राप्ताऽपमानौ लज्जितौ गतौ देशान्तरम् । स्थितौ च पृथक् पृथक् क्वाऽपि महेभ्यगृहे अन्योपायाभावाद्भृत्यवृत्त्या । यस्य च गृहे कर्म्मसारः स्थितः सोऽलीकव्यवहारी कृपणश्चेति उक्तमपि वेतनं न दत्ते अमुकदिने दास्यामीति वचसैव तं विप्रतारयति । ततो बहुभिरपि दिनैस्तेन किमपि नार्ज्जितम् । द्वितीयेन तु कियदर्ज्जितमपि प्रयत्नगोपितमपि धूर्त्तेनापहृतम् । एवमन्यान्यस्थानेषु भृत्यवृत्त्या धातुवादसत्यवादसिद्धपुरुषरसायनरोहणाद्रिगमनमन्त्रसाधनरूदन्त्याद्यौषधिग्रहणादिना एकादशकृत्वोऽर्जितमपि धनं कुबुद्धिप्रमादादिकं निर्भाग्यतया च निर्गमितम् । ततोऽत्युद्विग्नौपोतमारुह्य रत्नद्वीपं गतौ, द्वीपाधिष्ठायिकदेव्यग्रे मृत्युमप्यङ्गीकृत्य निविष्टौ । अष्टमे उपवासे नास्ति भाग्यं युवयोरिति कथने कर्म्मसार उत्थितः । पुण्यसारस्य त्वेकविंशत्युपवासैर्दत्तं तया चिन्तारत्नम् । कर्म्मसारः पश्चात्तापं कुर्वन् पुण्यसारेणोक्तः । बन्धो ! मा विषीद, अनेन चिन्तारत्नेन आवां द्वावपि सुखिनौ भाविनाविति विमृश्य हृष्टौ निवर्तमानौ पोतमारूढौ । रात्रौ च राकाशशाङ्कोदये वृद्धेनोक्तम्, भ्रातः ! स्फुटीकुरु चिन्तारत्नं विलोक्यते, तस्य चन्द्रस्य वाऽधिकं तेजस्ततो लघुनाऽपि पोततटस्थेन दुर्दैवप्रेरितेन हस्ते नीत्वा क्षणं रत्ने क्षणं चन्द्रे दृष्टिं निदधता कल्लोलादिषु व्यग्रचित्तत्वात्पा पातितं रत्नं रत्नाकरान्तः । ततो द्वावपि समदुःखौ स्वपुरं च प्राप्तौ दुःखेन कालं गमयतः ।

अथान्यदा पुरे तत्र, केवली कश्चिदाययौ ।
आगत्य तं मुनिं नत्वा, ताभ्यां पृष्टं च तत्पुरः ।।१।।

भगवन् ! कर्म्मणा केना-ऽस्माकं दुःखावलीदृशी ।
अपि वर्षशतैर्यस्याः, पारो नायाति वर्णने ।।२।।

૩. ત્યારબાદ લોકો વડે નિર્બુદ્ધિ અને નિર્ભાગી એ પ્રમાણે અપાયેલ નામવાળા પગલે-પગલે અપમાન પામેલા લજ્જિત એવા તે બંને અન્ય દેશમાં ગયા અને ક્યાંય પણ જુદા જુદા શ્રેષ્ઠીના ઘરે અન્ય કોઈ ઉપાય ન હોવાથી નોકરની વૃત્તિ વડે (નોકરની જેમ) રહ્યા. અને જેના ઘરે કર્મ્મસાર રહેલો છે તે જૂઠ બોલનાર અને કૃપણ એવો તે વ્યાપારી, કહેલું પણ વેતન આપતો નથી. અમુક દિવસે આપીશ, એ પ્રમાણેના વચનો વડે તેને ઠગે છે. તેથી ઘણા દિવસો વડે પણ તેનાથી કાંઈ પણ (ધન) મેળવાયું નહીં. વળી બીજા વડે કેટલુંક મેળવેલું પણ પ્રયત્નપૂર્વક રક્ષણ કરાયેલું પણ દ્રવ્ય ધૂતારા વડે અપહરણ કરાયું. એ પ્રમાણે બીજા બીજા સ્થાનોમાં નોકરપણા વડે ધાતુવાદ, સત્યવાદ, સિદ્ધપુરુષ, રસાયન, રોહણાચલમાં ગમન, મન્ત્રસાધના, રૂદન્તી વગેરે ઔષધિઓના ગ્રહણ વડે અગ્યારવાર મેળવાયેલું પણ ધન વિપરીત બુદ્ધિ પ્રમાદાદિ વડે અને નિર્ભાગીપણા વડે કરીને ગયું. તેથી અત્યંત ઉદ્વિગ્ન થયેલ તે બંને નૌકામાં બેસીને રત્નદ્વીપમાં ગયા. દ્વીપની અધિષ્ઠાયિકા દેવીની આગળ મૃત્યુને પણ અંગીકાર કરીને તે બંનેએ પ્રવેશ કર્યો. આઠમો ઉપવાસ થયે છતે તમારા બંનેનું ભાગ્ય નથી એ પ્રમાણે કહેતે છતે કર્મ્મસાર ઉઠ્યો. વળી પુણ્યસારને એકવીસ ઉપવાસ થવાથી તેણી વડે (દેવી વડે) ચિન્તામણિ રત્ન અપાયું. પશ્ચાત્તાપ કરતો કર્મ્મસાર પુણ્યસાર વડે કહેવાયો. હે ભાઈ ! ખેદ ન કર. આ ચિન્તામણિ રત્ન વડે આપણે બંને સુખી થઈશું. એ પ્રમાણે વિચારીને ખુશ થયેલા નૌકામાં આરૂઢ થયેલા તે બંને નીકળ્યા અને રાત્રિમાં પૂર્ણિમાના ચંદ્રમાના ઉદયમાં મોટા ભાઈ વડે કહેવાયું, હે ભાઈ ! ચિંતામણિ રત્નને બતાવ. તેને જોઈએ. તેનું તેજ અધિક છે કે ચંદ્રમાંનું તેજ અધિક છે. ત્યારબાદ દુર્ભાગ્યથી પ્રેરાયેલ વહાણના કિનારે રહેલા તે નાનાભાઈ વડે પણ હાથમાં ચિંતામણિ રત્ન લઈને એક ક્ષણ રત્નને વિષે અને એક ક્ષણ ચંદ્રમાને વિષે દૃષ્ટિને ધારણ કરતા મોઝાઓને વિષે વ્યગ્ર ચિત્ત હોવાથી ચિન્તામણિ રત્ન સમુદ્રમાં પડ્યો. તેથી તે બંને પણ સમાન ઘણા દુઃખી એવા પોતાના નગરમાં આવ્યા અને દુઃખપૂર્વક કાળને પસાર કરતા હતા. ૨૪૨૮.

૧. હવે એક વખત તે નગરમાં કોઈક કેવળી ભગવંત પધાર્યા. આવીને તે મુનિ ભગવંતને નમસ્કાર કરીને તેમની આગળ તે બંને વડે પૂછાયું. ૨૪૨૯.

૨. હે ભગવન્ ! કયા કર્મ વડે અમારે આવા પ્રકારના દુઃખની શ્રેણીઓ છે ? સેંકડો વર્ષો વડે પણ જેનું વર્ણન કરવામાં પાર આવતો નથી. ૨૪૩૦.

ज्ञानी प्राह पुरा चन्द्र-पुरेऽभूतां महर्द्धिकौ ।
जिनदत्तो जिनदासः, श्रावकौ परमार्हतौ ।।३।।

ज्ञानसाधारणद्रव्यं, मीलयित्वाऽन्यदाऽऽस्तिकैः ।
सुस्थानत्वेन रक्षायै, तयोरेवाऽर्पितं क्रमात् ।।४।।

आत्मजीविततवत्ताभ्यां, विज्ञाभ्यां जिनशासने ।
तद्द्रव्यरक्षाचिन्तादि, चिरकालं व्यधीयत ।।५।।

जिनदत्तोऽन्यदाऽऽत्मीय-पुस्तिकायामलेखयत् ।
विलोक्यमानमाकुट्या, किञ्चिल्लेखकपार्श्वतः ।।६।।

इदमप्यस्ति हि ज्ञान-स्थानमेवं विचारयन् ।
स्वपार्श्वे चाऽपरद्रव्या-ऽभावाल्लेखयितस्ततदा ।।७।।

अर्प्पयामासिवानेष, निर्विचारो निजेच्छया ।
सहसा द्वादशद्रम्मा-नादाय ज्ञानवित्ततः ।।८।। युग्मम् ।।

द्रव्यं साधारणं सङ्घ-योग्यमेवं विदन्नपि ।
अहमप्यस्मि तन्मध्ये, मनसीति विभावयन् ।।९।।

जिनदासोऽपि मौग्ध्येन, तत्सत्कानेव तन्मितान् ।
द्रम्मान् व्यापारयामास, क्वचिदात्मप्रयोजने ।।१०।। युग्मम् ।।

शास्त्रज्ञावपि तावेवं, विवेकविधिवर्जितौ ।
अनालोचिततत्पापौ, प्रथमं नरकं गतौ ।।११।।

૩. કેવળજ્ઞાની ભગવંતે કહ્યું, પહેલા ચન્દ્રપુરમાં ઘણી ઋદ્ધિવાળા અરિહંત પરમાત્માના શ્રેષ્ઠ શ્રાવક જિનદત્ત અને જિનદાસ હતા. ૨૪૩૧.

૪. ક્રમે કરીને એક વખત આસ્તિક લોકો વડે મળીને જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યને રક્ષણ કરવા માટે તે બંનેને જ અર્પણ કરાયું. ૨૪૩૨.

૫. પોતાના જીવિતની જેમ જિનશાસનના જાણકાર એવા તે બંને વડે તે દ્રવ્ય (જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્ય) ની રક્ષા, ચિંતા વગેરે ઘણા કાળ પર્યંત કરાઈ. ૨૪૩૩.

૬. એક વખત જિનદત્ત કોઈક લેખક પાસે પોતાની પુસ્તિકાને લખાવતો હતો. લેખક પાસે શાહી (લખવાનું કંઈક સાધન) ખૂટેલી જોતા - ૨૪૩૪.

૭. ત્યારે જિનદત્તે પોતાની પાસે બીજા દ્રવ્યનો અભાવ હોવાથી આ પણ (પોતાની પુસ્તિકાપણ) જ્ઞાનનું સ્થાન જ છે એ પ્રમાણે વિચારતા - ૨૪૩૫.

૮. એણે (જિનદત્તે) વિચાર્યા વિના પોતાની ઈચ્છા વડે જ્ઞાનદ્રવ્યમાંથી એકાએક બાર દ્રમ્મો (તે કાળમાં તાંબા-પીત્તળ-સોના અથવા ચાંદીનું ચલણી નાણું લઈને અર્પણ કર્યા (યુગ્મમ્) ૨૪૩૬.

૯. સાધારણ દ્રવ્ય સંઘને યોગ્ય જ હોય, એ પ્રમાણે જાણતો છતો પણ હું પણ તે સંઘમાં છું એ પ્રમાણે મનમાં વિચારતા - ૨૪૩૭.

૧૦. જિનદાસે પણ ભોળપણા વડે તે સંબંધી જ તેટલા પ્રમાણ (બાર દ્રમ્મોને) દ્રમ્મોને ક્યારેક પોતાના કાર્યમાં વાપર્યા. ૨૪૩૮.

૧૧. શાસ્ત્રને જાણનાર એવા તે બંને વિવેક અને વિધિરહિત તે પાપની આલોચના કર્યા વિના પ્રથમ નરકમાં ગયા. ૨૪૩૯.

यदुक्तं वेदान्तिनापि –

प्रभास्वे मा मतिं कुर्यात्, प्राणैः कण्ठगतैरपि ।
अग्निदग्धाः प्ररोहन्ति, प्रभादग्धाः पुनर्नहि ।।१।।

प्रभास्वं ब्रह्महत्या च, दरिद्रस्य च यद्धनम् ।
गुरुपत्नी देवद्रव्यं, स्वर्गस्थमपि पातयेत् ।।२।।

ततस्तौ पन्नगौ तस्मा-न्नरकेष्वखिलेष्वपि ।
उत्पन्नौ पूरयित्वान्त-र्भवान्मत्स्यादियोनिषु ।।१२।।

तिर्यग्जातिषु सर्वासु, तौ भ्रान्तौ तेन कर्म्मणा ।
अङ्गच्छेदादिकां प्रायः, सहमानौ कदर्थनाम् ।।१३।।

चतुस्त्रिकसहस्राणि, भवानेवं प्रपूर्य तौ ।
यथाप्रवृत्तकरणा-च्छुभकर्म्मोदयोन्मुखौ ।।१४।।

व्यवहारिकुलेऽमुष्मिन्, युवां जातौ सहोदरौ ।
विडम्बयति कं नैषा, दुर्लङ्घ्या भवितव्यता ? ।।१५।।

स्वेच्छातः षण्मितद्रम्म-व्यापारार्जितकर्म्मणा ।
द्विःषड्भवसहस्राणि, दुःखाली युवयोरियम् ।।१६।।

चतुस्त्रिकस्वर्णकोट्योः, प्रत्येकं पितृदत्तयोः ।
भवेऽत्र यदभून्नाशो-ऽपमानश्च पदे पदे ।।१७।।

જે વેદાંતી વડે પણ કહેવાયું છે કે -

૧. પ્રાણો કંઠ પર્યંત (મરણ) આવતે છતે પણ દેવદ્રવ્યમાં બુદ્ધિ (ઈચ્છા) ન કરવી જોઈએ. કારણ કે અગ્નિ વડે બળેલા (વૃક્ષો ફરીથી) ઉગે છે પરંતુ ધાર્મિક દ્રવ્યથી બળેલા નહીં. (દેવદ્રવ્યનું ભક્ષણ કરનારનો નિસ્તાર જલ્દી થતો નથી. ઘણા ભવો પર્યંત એને દુર્ગતિમાં ભટકવું પડે છે.) ૨૪૪૦.

૨. ધાર્મિક દ્રવ્ય, બ્રહ્મહત્યા, દરિદ્રનું ધન, ગુરુની પત્ની એ સ્વર્ગમાંથી પણ પાડે છે. ૨૪૪૧.

૧૨. ત્યાર બાદ તે બંને સર્પ થયા. ત્યાંથી વચ્ચેના ભવો મત્સ્ય વિગેરે યોનિઓમાં પૂર્ણ કરીને સઘળી નરકમાં ઉત્પન્ન થયા. ૨૪૪૨.

૧૩. તે કર્મ વડે પ્રાયઃ અંગોનું છેદાવું વગેરે કદર્થના સહન કરતાં સર્વ તિર્યંચ યોનિમાં ભમ્યા. ૨૪૪૩.

૧૪. ચાર x ત્રણ=બાર=બાર હજાર ભવોને એ પ્રમાણે પૂર્ણ કરીને તે બંને યથાપ્રવૃત્તિકરણ કરવાથી શુભ કર્મના ઉદયને સન્મુખ થયા. ૨૪૪૪.

૧૫. આ ભવમાં વ્યવહારીના કુલમાં તમે બંને ભાઈઓ થયા. દુઃખે કરીને ઓળંગાય એવી આ ભવિતવ્યતા કોને વિડંબના પમાડતી નથી ? ૨૪૪૫.

૧૬. પોતાની ઈચ્છાથી બાર દ્રમ્મના (આ પ્રમાણેના) વ્યાપારથી મેળવેલા કર્મ વડે બાર હજાર ભવ પર્યંત તમોને આ દુઃખની શ્રેણી થઈ. ૨૪૪૬.

૧૭. આ ભવમાં પ્રત્યેકને (બંને) પિતા વડે અપાયેલ બાર કરોડ સુવર્ણનો જે નાશ અને પગલે પગલે અપમાન થયું. ૨૪૪૭.

यश्च नव्यधनालाभः, प्राप्तार्थस्यापि न स्थितिः ।
फलं तस्यैव दुष्कर्म्म-विषद्रोः, कटुकं ह्यदः ।।१८।।

यत्पुनः कर्म्मसारस्य, जडताद्यत्र जन्मनि ।
तत्प्राग्भवकृतज्ञान-द्रव्यव्यापारजं फलम् ।।१९।।

ज्ञानद्रव्यं यतोऽकल्प्यं, देवद्रव्यवदुच्यते ।
साधारणमपि द्रव्यं, कल्पते सङ्घसम्मतम् ।।२०।।

श्रीसङ्घेनापि तद्द्रव्यं, सप्तक्षेत्र्यां जिनाज्ञया ।
व्ययनीयं न देयं तु, मार्गणादौ यथा तथा ।।२१।।

यतः -

एकत्रैव स्थानके देववित्तं, क्षेत्रद्वय्यामेव तु ज्ञानरिक्थम् ।
सप्तक्षेत्र्यां स्थापनीयं तृतीयं, श्रीसिद्धान्ते जैन एवं ब्रवीति ।।१।।

जातु ज्ञानादिसम्बन्धि-द्रव्यभोगो भवेत्तदा ।
तत्पदे निजवित्तानि, देयानि द्विगुणान्यपि ।।२२।।

इति श्रुत्वा श्राद्धधर्म्मप्रतिपत्तिपुरस्सरम् ।
प्रायश्चित्तपदे ताभ्या-मेवं चाऽग्राहि निश्चयः ।।२३।।

वाणिज्यमध्ये यो लाभो, भावी स्तोकोऽथवा बहुः ।
ज्ञानसाधारणद्रव्य-पदेऽस्तु निखिलोऽपि सः ।।२४।।

૧૮. જે નવીન ધનનો અલાભ અને પ્રાપ્ત કરેલ ધનનું પણ ન ટકવું, તેનું (પૂર્વોપાર્જિત કર્મનું) જ ફળ છે. દુષ્કર્મ રૂપી વિષવૃક્ષનું આ ફળ કડવું છે. ૨૪૪૮.

૧૯. વળી જે આ જન્મમાં (ભવમાં) કર્મ્મસારને જડતા વગેરે પ્રાપ્ત થઈ. તે પૂર્વભવમાં જ્ઞાનદ્રવ્ય વડે કરેલ વ્યાપારથી ઉત્પન્ન થયેલ ફળ છે. ૨૪૪૯.

૨૦. જે કારણથી દેવદ્રવ્યની જેમ જ્ઞાનદ્રવ્ય પણ અકલ્પ્ય કહેવાય છે, સાધારણ દ્રવ્ય પણ સંઘની સંમતિપૂર્વક કલ્પે છે. ૨૪૫૦.

૨૧. શ્રીસંઘ વડે પણ તે દ્રવ્ય શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા વડે સાતે ક્ષેત્રમાં વ્યય કરવા (વાપરવા) યોગ્ય છે પરંતુ જેમ-તેમ યાચક વિગેરેમાં આપવા યોગ્ય નથી. ૨૪૫૧.

જે કારણથી -

૧. દેવદ્રવ્ય એક જ સ્થાનમાં (દેવદ્રવ્યમાં જ), વળી જ્ઞાનદ્રવ્ય બે ક્ષેત્રમાં જ (દેવદ્રવ્ય અને જ્ઞાનદ્રવ્ય), ત્રીજું (સાધારણ) દ્રવ્ય સાતે ક્ષેત્રમાં વ્યય કરવા યોગ્ય છે. ૨૪૫૧.

એ પ્રમાણે શ્રી જિનેશ્વર પરમાત્મા શ્રી સિદ્ધાંતમાં કહે છે.

૨૨. કદાચિત્ જ્ઞાનદ્રવ્ય વગેરે દ્રવ્યનો ભોગ થાય તો તે સ્થાનમાં પોતાનું દ્રવ્ય પણ બમણું આપવું જોઈએ. ૨૪૫૨.

૨૩. એ પ્રમાણે સાંભળીને શ્રાવક ધર્મને સ્વીકારવાપૂર્વક પ્રાયશ્ચિતના સ્થાનમાં (પ્રાયશ્ચિત્તમાં) તે બંને વડે એ પ્રમાણે નિયમ ગ્રહણ કરાયા. ૨૪૫૩.

૨૪. વ્યાપારમાં થોડો અથવા ઘણો જે લાભ થશે તે સઘળો પણ જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યના સ્થાનમાં થાઓ. ૨૪૫૪.

स्युः सहस्रगुणा याव-द्द्रम्मा द्वादश ते मुने ! ।
प्रतिपद्येति नत्वा च, तं स्वमन्दिरमागतौ ।।२५।।

कियत्यपि गते काले, क्षीणे चाऽशुभकर्म्मणि ।
प्रायश्चित्तपदप्रोक्त-समस्तद्रविणार्प्पणे ।।२६।।

प्राग्वत्तयोरजायन्त, द्वादशस्वर्ण्णकोटयः ।
ततो मूर्द्धन्यतां प्राप्तौ, समग्रव्यवहारिषु ।।२७।।

ज्ञानसाधारणद्रव्यो-त्सर्प्पणैकपरायणौ ।
तौ जन्माऽवधि जैनाज्ञा-मखण्डामारराधतुः ।।२८।।

प्रान्ते तपस्यामादाय, प्रौढोत्सवपुरस्सरम् ।
चिरं चारित्रमाराध्य, क्रमाच्च सुगतिं गतौ ।।२९।।

एवं देवज्ञानसाधारणादि-द्रव्यं व्यक्त्या स्थापनीयं सुयुक्त्या ।
व्यापार्यं च श्रावकैस्तत्त्वविज्ञैः, निर्लेपत्वं स्यात्तथा चिन्तनीयम् ।।३०।।

।। इति श्रीउपदेशसप्ततिकायां पञ्चमेऽधिकारे सप्तदश उपदेशः ।।१७।।

।। अथ प्रशस्तिः ।।

૨૫. જ્યાં સુધી બાર હજાર ગુણા દ્રવ્ય થાય ત્યાં સુધી સઘળું દ્રવ્ય જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યના સ્થાનમાં વાપરીશ. હે મુનિ ભગવંત ! તમારી પાસે આ વાતનો સ્વીકાર કરીએ છીએ. એમ સ્વીકારીને અને તેમને (મુનિને) પ્રણામ કરીને બંને પોતાના ઘરે આવ્યા. ૨૪૫૫.

૨૬. કેટલોક કાળ ગયે છતે અને અશુભ કર્મ ક્ષીણ થયે છતે પ્રાયશ્ચિતના સ્થાનમાં (પ્રાયશ્ચિત્તમાં) કહેવાયેલું સઘળું ધન અર્પણ કરતે છતે - ૨૪૫૬.

૨૭. પહેલાની જેમ તે બંનેને બાર કરોડ સુવર્ણ થયા. તેથી તે બંને સર્વ વ્યાપારીઓમાં અગ્રપણાને પામ્યા. ૨૪૫૭.

૨૮. જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યની વૃદ્ધિમાં જ એક પરાયણ એવા તે બંને આજીવન જિનેશ્વર પરમાત્માની આજ્ઞાને અખંડ રીતે આરાધી (પાલન કર્યું). ૨૪૫૮.

૨૯. અંતે મોટા ઉત્સવપૂર્વક તપસ્યા કરીને ઘણા કાળ પર્યંત ચારિત્રની આરાધના કરીને તે બંને અનુક્રમે સદ્ગતિમાં ગયા. ૨૪૫૯.

૩૦. એ પ્રમાણે દેવદ્રવ્ય - જ્ઞાનદ્રવ્ય - સાધારણદ્રવ્ય વિગેરે દ્રવ્યને સારી (રીતે) યુક્તિપૂર્વક વ્યક્તિ વડે થાપણ રાખવી જોઈએ (- થાપણ કરવી જોઈએ) અને તત્ત્વને જાણનાર એવા શ્રાવકોએ વ્યવસ્થિત રીતે વાપરીને નિર્લેપ થવાય તે પ્રમાણે વિચારવું. ૨૪૬૦.

॥ એ પ્રમાણે શ્રી પરમ ગુરુ તપાગચ્છના નાયક શ્રી સોમસુન્દરસૂરીશ્વરજી મહારાજના ચરણ કમળમાં હંસસમાન મહોપાધ્યાય શ્રી ચારિત્રરત્ન ગણિવર્ય, તેમના શિષ્ય પંડિત શ્રી સોમધર્મગણિ વડે રચાયેલી શ્રી ઉપદેશની સપ્તતિમાં ગૃહસ્થ ધર્મ સ્વરૂપ પાંચમો અધિકાર છે અને આ ઉપદેશસપ્તતિકા સમાપ્ત થઈ. ॥

जाग्रद्भाग्यजुषां क्षमारसपुषां संविग्नचारित्रिणां,
चातुर्विद्यविनोदिनां च समभूत् पङ्क्तिर्यदीया धुरि ।
यैश्चाऽर्हन्मतकानने कलियुगेऽप्युन्मादवादिद्विपा-
ऽहङ्कारप्रसरं निरस्य विदधे पञ्चाननस्फूर्जितम् ।।१।।

तपागच्छाधिराजाः श्रीसोमसुन्दरसूरयः ।
श्रीचन्द्रकुलश्रृङ्गारा, न केषां ते प्रमोददाः ।।२।। युग्मम् ।।

कृतशान्तिकरस्तोत्रा, नृपादिप्रतिबोधकाः ।
जितप्रवादा भान्ति श्री-मुनिसुन्दरसूरयः ।।३।।

सम्प्रतिप्रमुखाऽनेक-विषमग्रन्थभाणकाः ।
श्रेयो दिशन्तु सङ्घाय, जयचन्द्रगुरूत्तमाः ।।४।।

दक्षिणदेशविहारे, निर्दलितोद्धतकुवादिवृन्दमदाः ।
श्रीभुवनसुन्दराह्वाः, सूरिवरास्ते मुदं ददतु ।।५।।

एकादशाङ्गीसूत्रार्थो-दधिमन्दरभूधराः ।
जिनसुन्दरसूरीन्द्राः, न केषां हर्षहेतवः ।।६।।

जिनकीर्त्तिसूरिराजाः, गुरुगच्छहितोद्यता रताः सुकृते ।
संविग्नसाधुधुर्याः, जयन्तु सूत्रार्थसार्थभृतः ।।७।।

जगदाह्लादकवचसो, विशालराजा जयन्तु सूरिवराः ।
दग्धेऽपि वपुषि येषां, न भस्मसाञ्चोलपट्टोऽभूत् ।।८।।

૧. જાગ્રત ભાગ્યથી યુક્ત, ક્ષમા રૂપી રસથી પુષ્ટ (રસને ધારણ કરનારા), સંવિગ્ન (શુદ્ધ) ચારિત્રી અને ચાર વિદ્યાઓમાં વિનોદ (રમણ) કરનારાઓની જે પંક્તિ આગળ છે. જેમના વડે (જેઓએ) અરિહંત પરમાત્માના મતરૂપી બગીચામાં કળિયુગમાં પણ ઉન્માદવાદી રૂપી હાથીઓના અહંકારના વિસ્તારને દૂર કરીને સિંહના પરાક્રમને ધારણ કરાયું છે. ૨૪૬૧.

૨. (એવા) તપાગચ્છના અધિરાજા શ્રી સોમસુંદરસૂરીશ્વરજી મ. શ્રી ચંદ્રકુલમાં શૃંગાર સમાન (શોભાવનારા) તેઓ કોને પ્રમોદને (આનંદને) આપનારા ન થાય ? ૨૪૬૨.

૩. સંતિકરં સ્તોત્રને રચનારા, રાજા વગેરેને પ્રતિબોધ કરનારા, પ્રવાદીઓને જીતનારા શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મ. શોભે છે. ૨૪૬૩.

૪. સમ્મતિ તર્ક વિગેરે અનેક વિષમ ગ્રંથોને ભણાવનારા ઉત્તમ એવા શ્રી જયચન્દ્રગુરુ સંઘને માટે કલ્યાણને દેખાડો (કરો). ૨૪૬૪.

૫. દક્ષિણ દેશના વિહારમાં, દળી નાંખ્યા છે ઉદ્ધત એવા કુવાદીઓના સમૂહોના મદો જેણે એવા શ્રી ભુવનસુંદર નામના શ્રેષ્ઠ આચાર્ય ભગવંત તમને આનંદને આપનારા થાઓ. ૨૪૬૫.

૬. અગ્યાર અંગના સૂત્રાર્થ રૂપી સમુદ્ર અને મંદર=મેરૂપર્વત જેવા, આચાર્યોમાં ઈન્દ્ર સમાન એવા શ્રી જિનસુંદરસૂરીન્દ્ર કોના હર્ષનું કારણ નથી ? ૨૪૬૬.

૭. મોટા ગચ્છનું હિત કરવામાં ઉદ્યત, સુકૃત કરવામાં રત, સંવિગ્ન સાધુઓમાં અગ્રણી, સૂત્ર અને અર્થના સમૂહથી યુક્ત એવા શ્રી જિનકીર્તિસૂરીરાજ જય પામો. ૨૪૬૭.

૮. જેઓનું શરીર બળતે છતે પણ ચોલપટ્ટો ભસ્મસાત્ ન થયો એવા અને જગતને આલ્હાદ કરનાર વચનવાળા શ્રી વિશાળસૂરી નામના આચાર્ય ભગવંત જય પામો. ૨૪૬૮.

नव्यानेकसदुक्तियुक्तिसरसैर्ग्रन्थैर्गरीयस्तरैः,
स्वोपज्ञैरमृतह्रदैरिव जगत्तापाऽपहारक्षमाः ।
धौरेया उपकारकर्मणि सदा जाग्रत्प्रदापोदयाः,
येऽम्भोदा इव जैनशासनवनं प्रोत्फुल्लमातन्वते ।।९।।

गच्छाधिपत्यपदवीमुपभुञ्जते ते, श्रीरत्नशेखरगुरुप्रवरा इदानीम् ।
शास्त्रोक्तसूरिगुणसम्पदमादधानाः, सम्यक् स्वशिष्यगणशिक्षणसावधानाः
।।१०।।

श्रीउदयनन्दिपादाः, सदा प्रसन्ना भवन्तु सङ्घाय ।
लोकोत्तरा यदीया, निरीहता दृश्यतेऽद्याऽपि ।।११।।

उल्लङ्घ्याऽन्यसतीर्थ्यान्, गुरुप्रसादोऽधिकोऽभवद्येषु ।
ते श्रीलक्ष्मीसागर-सूरिवराः सन्तु वः सिद्ध्यै ।।१२।।

तुर्येऽपि युगे येषां, श्रीवज्रस्वामिवत्सुसौभाग्यम् ।
श्रीसोमदेवसूरि-प्रवरास्ते सन्तु वो जयदाः ।।१३।।

अन्येऽपि सूरिवाचक-विबुधाः स्थविरा जयन्तु साधुगणाः ।
जीवप्रदेशसंख्याः, गुणा यदीया विनयमुख्याः ।।१४।।

येषां बुद्धिरनुत्तराऽतिविषमग्रन्थार्थसाक्षात्कृतिम्,
चेतःसद्मनि दीपिकेव सृजती प्रोज्जागरा सर्व्वदा ।
सर्वेषामुपयोगिनी समभवद्दानप्रदीपस्तथा,
ग्रन्थो यद्विहितश्छिनत्ति कृतिनामद्याऽपि दुष्टं तमः ।।१५।।

૯. નવીન અનેક સારી યુક્તિથી યુક્ત એવા ઘણા રસવાળા પોતે બનાવેલ (રચેલા) ગ્રંથો વડે અમૃત રૂપી સરોવરની જેમ જગતના જીવોના તાપનું (કર્મ રૂપી તાપનું) અપહરણ કરવામાં સમર્થ, ઉપકાર કરવામાં અગ્રેસર, હંમેશા જાગ્રત એવા પ્રતાપના ઉદયવાળા જેઓ મેઘની જેમ જૈનશાસન રૂપી વનને વિકસ્વર કરે છે. ૨૪૬૯.

૧૦. શાસ્ત્રોમાં કહેલા આચાર્યના ગુણોની સંપત્તિને ધારણ કરનારા, સમ્યગ્ પ્રકારે પોતાના શિષ્ય સમુદાયને શિક્ષણ આપવામાં સાવધાન (એકાગ્રતાવાળા) શ્રેષ્ઠ ગુરુ શ્રી રત્નશેખર ગુરુ ભગવંત, હમણાં તેઓ ગચ્છાધિપતિની પદવીને ભોગવે છે. ૨૪૭૦.

૧૧. જેમની લોકોત્તર એવી નિઃસ્પૃહતા આજે પણ દેખાય છે એવા શ્રી ઉદયમુનિ ગુરુ ભગવંત સંઘને માટે હંમેશાં પ્રસન્ન થાઓ. ૨૪૭૧.

૧૨. ઉલ્લંઘી નાખ્યા છે બીજા વાદીઓને જેણે, જેમને વિષે ગુરુની કૃપા અધિક હતી એવા તે શ્રેષ્ઠ શ્રી લક્ષ્મીસાગરસૂરીશ્વરજી મ. તમારી સિદ્ધિને માટે થાઓ. ૨૪૭૨.

૧૩. ચોથા યુગમાં પણ જેઓનું શ્રી વજસ્વામીની જેમ સારું સૌભાગ્ય છે, શ્રેષ્ઠ એવા તે શ્રી સોમદેવસૂરીશ્વરજી મહારાજા તમને જયને આપનાર થાઓ. ૨૪૭૩.

૧૪. જીવના પ્રદેશોની સંખ્યા પ્રમાણ (= અસંખ્ય) જેમના વિનય વગેરે ગુણો છે એવા બીજા પણ આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત, પંડિતો, સ્થવિરો અને સાધુ સમુદાય જય પામો. ૨૪૭૪.

૧૫. જેઓની અનુત્તર એવી બુદ્ધિ અત્યંત ગહન ગ્રંથોના અર્થને સાક્ષાત્ કરનારી છે, ચિત્ત રૂપી ઘરમાં હંમેશાં દીપિકાની જેમ પ્રકાશ ફેલાવતી, દાન પ્રદીપ ગ્રંથ જેમ સર્વપ્રાણીઓને ઉપયોગી થયો, તેમ જેમના રચેલા ગ્રંથો આજે પણ પુણ્યશાળીઓના દુષ્ટ અંધકારને (= અજ્ઞાનને) છેદે છે. ૨૪૭૫.

जयन्तु ते वाचकपुङ्गवाः श्री-चारित्ररत्ना गुरवो मदीयाः ।
यद्भाणिता वर्यविनेयवाराः, कुर्वन्त्यनेका उपकारकोटीः ।।१६।।

तद्भ्रातरः सकलकोविदमाननीयाः, पूज्या जयन्त्युदयशेखरपण्डितेन्द्राः ।
जहे ममाऽपि जडिमा हृदयप्ररूढा, भास्वद्भिरात्मशुचिगोभिरनुत्तरा यैः ।।१७।।

तयोः पदाम्भोरुहचञ्चरीकः, शिष्योऽभवत् पण्डितसोमधर्म्मः ।
शास्त्राणि भूयांस्यपि यो बभाण, मर्म्माणि तेषां न विवेक किन्तु ।।१८।।

उपदेशसप्ततिरियं, रुचिरा गुणबिन्दुबाणचन्द्रमिते १५०३ ।
वर्षे तेन ग्रथिता, कृतार्थनीयाऽपि बुद्धधुर्यैः ।।१९।।

एषाऽल्पिकाऽपि निजहस्तपुस्तिकान्तः,
स्थाप्याऽन्यपुस्तकगता न कदाऽपि कार्या ।
सैव प्रपा नगरमध्यगता वरेण्या,
यस्यां जनः पिबति वारि यथा निजेच्छम् ।।२०।।

विशुद्धबुद्धिर्जिनसोमसंयतः, कलिन्दिकायां कुशलो विनिर्ममे ।
सदोषपोषामपि मुक्तदूषणां, सतीमिवैतामुपदेशसप्ततिम् ।।२१।।

यावद्वीरजिनेन्द्रशासनमिदं दुर्वादिनिर्नाशनं,
यावन्मेरुमहीधरप्रभृतयो भावा अमी शाश्वताः ।
श्रीसङ्घश्च चतुर्विधोऽपि कुरुते यावञ्च पुण्योद्यमम्,
तावत् श्रीउपदेशसप्ततिरियं श्रेयस्करी स्तात्सताम् ।।२२।।

।। इति श्रीउपदेशसप्ततिः पण्डितश्रीसोमधर्म्मगणिकृता
अष्टमासीयथावसरव्याख्यानार्हाः ।।

૧૬. જેમના વડે શ્રેષ્ઠ શિષ્યોના સમૂહને ભણાવાયા અને અનેકને વિષે કરોડો ઉપકારને કરે છે એવા મારા વાચકપુઙ્ગવ=શ્રેષ્ઠ ઉપાધ્યાય ભગવંત શ્રી ચારિત્રરત્ન ગુરુ જય પામો. ૨૪૭૬.

૧૭. દેદીપ્યમાન આત્માની વાણીના પવિત્ર કિરણો વડે મારા હૃદયમાં ઉગેલી વૃદ્ધિ પામેલી જડતા પણ જેઓ વડે હરણ કરાયી. પૂજ્ય એવા તેમના ગુરુ ભાઈ શ્રી ઉદયશેખર પંડિતોમાં ઈન્દ્રસમાન સઘળા જ્ઞાનીઓને માન્ય હતા. ૨૪૭૭.

૧૮. તેમના ચરણકમળમાં ભ્રમણ કરનાર સેવકસમાન શિષ્ય પણ્ડિત શ્રી સોમધર્મ વિ. મ. હતા. જેમણે ઘણા શાસ્ત્રો ભણ્યા પરંતુ તેઓના મર્મોને ન જાણ્યા. ૨૪૭૮.

૧૯. ગુણ = ૩, બિંદુ = ૦, બાણ = ૫, ચંદ્ર = ૧ - એ પ્રમાણે પંદરસોને ત્રણ વરસે તેમના વડે મનોહર એવી આ ઉપદેશની સપ્તતિ રચાઈ. પંડિતોમાં અગ્રેસર જીવો વડે પણ તે કૃતાર્થ કરવા (માન્ય રાખવા) યોગ્ય છે. ૨૪૮૭૯.

૨૦. આ નાની એવી પણ ઉપદેશસપ્તતિકા પોતાના હાથમાં રહેલું જે પુસ્તક તેની અંદર સ્થાપી, અન્ય પુસ્તકમાં રહેલી તે કદી પણ કામ ન લાગે જેમ નગરની મધ્યમાં રહેલી જે શ્રેષ્ઠ પરબ, જેનું પાણી લોકો ઈચ્છા મુજબ પીએ છે. તેવી રીતે પોતાના હાથમાં રહેલી આ નાની પણ ઉપદેશ સપ્તતિ બીજા પુસ્તકની ભેગી (કરીને) થપ્પી કરીને ન મૂકવી પણ વારંવાર એનું પરિશીલન કરવું. ૨૪૮૦.

૨૧. વિશુદ્ધ બુદ્ધિવાળા શ્રી જિનસોમસૂરિએ કાલંદ્રીમાં દોષ રહિત દોષ સહિત પોષાયેલી પણ સતી જેમ દૂષણને મૂકે તેમ ઉપદેશસપ્તતિકાને કુશલ રીતે રચી. ૨૪૮૧.

૨૨. જ્યાં સુધી દુર્વાદીઓનું મૂળથી નાશ કરનારું વીર પરમાત્માનું શાસન રહેશે. જ્યાં સુધી અનેક મેરૂપર્વત વિગેરે આ શાશ્વત પદાર્થો છે, જ્યાં સુધી શ્રી ચતુર્વિધ સંઘ પુણ્યના ઉદ્યમવાળો છે, ત્યાં સુધી આ ઉપદેશ સપ્તતિ સત્પુરુષોને કલ્યાણ કરનારી થાઓ. ૨૪૮૨.

॥ એ પ્રમાણે પંડિત શ્રી સોમધર્મગણિ વડે રચાયેલ આ ઉપદેશસપ્તતિ આઠ માસમાં યથાવસરે વ્યાખ્યાન કરવા યોગ્ય છે. ॥

સન્માર્ગ પ્રકાશન